G24730

PK 1926 .A6

# Anupam Kumari

---

---

354p

Rs.4=50

---

---

G.M.K.
PURCHASED
Date 2-8-91.
Initial
G. 24730.
Rs 4 = 2 [illegible]
7 PK
1926
·A6
SMT HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. 7 PK
1926
·A6
G. 24730

# अनुपकुमारी.

## પ્રકરણ ૧ લું.

### દેશવટો.

પાઠક ગણ ! આ વાર્તાનો જન્મ ઇ. સ. ૧૮૦૫ની ગ્રીષ્મ ઋતુમાં છે. મહાન પ્રતાપી સૂર્યકુળ ભૂષણ ચક્ર ચુડામણિ મહારાજા-
ધિરાજ શ્રીરામચંદ્રજીના વખતમાં લવકોટ નામે પ્રસિદ્ધિને પામેલું, પણ
તેમના વિયોગ દુઃખથી દુઃખી થઇ, માનભંગ થઇ, વારંવાર યવનોના
પાદ પ્રહાર થવાથી કચડાતું-ગુંદાતું, જીર્ણ શીર્ણ થઇ ગયેલું એક વખ-
તનું ભવ્ય નામ છોડી ક્ષુદ્ર નામથી નિર્વાહ ચલાવતું લાહોર જેમ
મહાન પ્રતાપી દશરથ કુળભૂષણ શ્રીરામના ચરણસ્પર્શથી, શલ્યા નામ ધારણ
કરી પડી રહેલી અહલ્યા સૌભાગ્ય અને સુંદરતાને પ્રાપ્ત થઇ, તેમ વીર
શિરોમણી પંજાબપતિ મહારાજા રણજીતસિંહના પવિત્ર પાદસ્પર્શથી ઉદ્ધાર
પામી અપૂર્વ શોભાથી શોભતું હતું. આ શહેર ભારતવર્ષના પંજાબ દેશને
ફળદ્રુપપણાના અખંડ સૌભાગ્યને અર્પતી, પંચનદ મધ્યેની રાવી નદીના
તટ ઉપર આવેલું છે. શહેરનો રાજમાર્ગ કાળા પહાણથી પાકો બાંધેલો
હતો, તેમજ ઠામે ઠામ સુશોભિત કારંજાઓ તૃષા નિવારણાર્થે બાંધેલા હતા,
રસ્તાની બન્ને બાજુ પર બકુલ, ગુલમોર, આસોપાલવ, અશોક અને
આમ્રનાં વૃક્ષોની ઘટા હોવાથી રાજમાર્ગ શોભાયમાન થઇ તેમના ફુલથી
સુગંધિત થઇ રહ્યો હતો. ગ્રીષ્મ ઋતુના ખરા મધ્યાહ્ને જ્યારે પ્રચંડ

માર્ત્તંડ મસ્તક ઉપર આવી પૃથ્વીને તપાવતો અને ઉષ્ણ પવન અગ્નિ રૂપે વહેતો ત્યારે એ દ્રુમોની ડાળ ડાળીઓવાળી ઘટામાં પોપટ, હોડા, ચક્રવાક, દેવદુર્ગા, કાબર, કોયલ વિગેરે ગ્રામ્ય પક્ષીઓ વિશ્રામ કરી સુમધુર રાગ રાગણી આલાપી ભગવાન સૂર્ય નારાયણની પ્રાર્થના કરતાં હતાં. એકમેકની હરીફાઇ કરતાં દેવદેવળ, મસજીદો અને શ્રીમાન લોકોના અવાસોનાં શિખરો આકાશ માર્ગમાં ઉંચા નીચી ડોકીઆં કરતાં હતાં અને વ્યાયામભૂમિ, આયુદ્ધાભ્યાસસ્થાન, આયુદ્ધાગાર અને રાજકોષનાં મકાનો પોતપોતાનો વૈભવ બતાવી રહ્યાં હતાં. તેની આસપાસ અસ્ત્ર શસ્ત્રધારી વીર રક્ષકો પહેરો ભરતા હતા. આ મકાનોની પાડોશમાં, ગગન માર્ગમાં ઉડતાં પક્ષીઓના ગમન પંથને રોકતા શિખરોવાળું સુશોભિત રાજભવન, સુરભવનના જેવું દેદીપ્યમાન હોવાથી જોવા લાયક હતું. રાજભવનની આજુબાજુનો બગીચો ઘણો રમણીય હતો. તેની અંદર આવેલાં ઘટાદાર બકુલ, અશોક વિગેરે વૃક્ષ, નીચેના ન્હાના મ્હોટા ક્યારાઓની અંદર રોપેલા ગુલાબના છોડની નાજુક ડાળી પરની કળીઓ અને ખીલેલાં પુષ્પ, કાશ્મીરના ગુલાબ પુષ્પ સાથે સરખામણી કરતાં પાછાં હઠે તેવાં નહોતાં. વળી એક બાજુએ જાઈ, જુઇ, મોગરો, મધુમાલતી વિગેરે વેલડીઓએ અશોક વગેરે વૃક્ષને, જેમ પતિપ્રાણા પત્ની પોતાના પતિને વિંટળાઇ વળે તેમ સજ્જડ વળગી રહી પોતાના પુષ્પ રૂપ મુખને વિકસાવી દશે દિશાઓને સુગંધિત કરી રહી હતી. વળી રાજભવનના વાયવ્ય ખૂણા તરફ એક લતામંડપ હતો. તેના ઉપર જેવી રીતે ઘણા કાળથી વિખુટી પડેલી સહીઅરો અકસ્માત સમાગમ થવાથી એકદમ ભેટી પડે તેવીજ રીતે માધવીલતા અને મદનપુષ્પલતા એકમેકને સજ્જડ વિંટળાઇ વળ્યાં હતાં એટલુંજ નહિ પણ તેમનાં સંતાનરૂપ પુષ્પ પરમાનંદથી મુખ વિકાસી પરસ્પર ચુંબન કરતાં હતાં! ગ્રીષ્મનો તાપ સહન ન થવાથી મંડપમાં ભરાઇ રહેલાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં, તેમાં પલી કુહુકંઠી કોયલ પ્રેમીલા જોડાના હૃદયની આરપાર નિકળી જાય એવા ટૌકા મારી રહી હતી. સમય બડો આકરો હતો. રાજભવનની બહારનો પ્રદેશ પ્રચંડ સૂર્ય મયૂખમાળાના વિસ્તારથી બળી રહ્યો હતો. ચારે દિશાઓ ધૂ ધૂ કરી રહી હતી. માયાવી મૃગજળ



પોતાની માયાજાળ વિસ્તારી તૃષાતુર હરિણીઓના પ્રાણ હરતું હતું, વચ્ચે વચ્ચે કુહુકંઠીના સ્વરથી દિશાઓ ગાજી રહેતી હતી. વાટે ચાલતા વટેમાર્ગુઓના કંઠ, જળ વિના સુકાતા હતા. પગેપાળાના પગ જોડા વિના બળતા હતા. રસ્તે ચાલતાં ગ્રામ્ય અને અરણ્યપશુઓ, દુઃસહ્ય તપન તાપથી દાઝતાં, પગની ખરીઓ ખરી જવાની ધાસ્તીને લીધે ત્વરાથી ચાલતાં હતાં ને શરીરે પરસેવાના રેબઝેબ છુટી જતા હતા.

આ સમયે પંજાબપતિ મહારાજ રણજીતસિંહ, અંતઃપુરના એક વિશાળ ખંડમાં ચંદન કાષ્ટના રત્ન જડિત પલંગ પર, જુદા જુદા પ્રકારની વાનીઓવાળું ભાવતું ભોજન લીધેલું હોવાથી, જાગૃતાવસ્થામાં વૈદિક નિયમ પ્રમાણે વામકુક્ષ થઇ લોટતા હતા. વાંચક! જુઓ એનું સ્વરૂપ. તેની લંબાઇ અઢી હાથની છે. મુખ ઉપરથી હલકો જણાય છે. જુઓ, જુઓ, તમે અમુઝાશો, ગભરાશો, કંટાળશો, ડરશો, ત્રાસશો, પણ મ્હારે તેનું સ્વરૂપ તમને બતાવ્યા વિના છુટકો નથી, તેનું મુખ સુંદર નથી પણ તેનું હૃદય સુંદર અને કોમળ છે, કારણ કે હારેલા દુશ્મનોને તેણે કદી સંતાપ્યા નથી. તેની ડાબી આંખ તદ્દન દેખતી નથી, પણ તેની જમણી આંખ, શત્રુઓને ત્રાસ આપવા માટે, વસંતઋતુમાં નવ પલ્લવ થતાં વૃક્ષની ટીશીઓના જેવી લાલ લોહીની તસરો ફુટવાથી ફાટીને ફાટી દેખાય છે! બદામી રંગના તેના મુખ ઉપર, ચંપક પુષ્પ પર અતિશય તાપ પડવાને લીધે પડેલા ડાઘા જેવા, કાકા બળીઆની વ્યાધીનાં ચકામાં પડેલાં નજરે પડે છે. તેનું નાક સિધું હોવા છતાં ટુંકું છે, પણ તેનું ટેરવું કનક પુષ્પની પેઠે ફુલેલું દૃષ્ટિગોચર થાય છે. વાહ! તેના બસરી મોતીના દાણા જેવા દાંત, સ્વભાવિક રીતે ફાટેલા ચીરામાંથી દેખાતાં દાડમના બીજ જેવા સુશોભિત દેખાય છે. તેની રંગ બેરંગી દાઢી હડપચી નીચેના ભાગમાં હિમાલયમાં વસતા મહાત્માઓની દાઢી જેવી લાંબી વધી જવાથી ગુંચાયલી છે, પણ તેના ચંપકવર્ણા ગાલ અને તાંબુલ રંગથી રંગીત થયેલા અધરોષ્ટ ઉપરની આછી આછી વાંકડી મૂછો સાથે મળી ગયેલી જણાય છે. તેનું મસ્તક રાજ્યભાર વહન કરવાથી ખભામાં પેશી ગયેલું છે, પણ ગરદન વનકેસરીની

માફક જાડી અને ભરાવાદાર છે. તેના પગ નાજુક હોવા છતાં કસરતી પહેલવાન જેવા છે. તેના ઢીંચણ સુધી પહોંચતા લાંબા ઘાટદાર હાથ હાથીની સુંડ જેવા દેખાય છે. તેનું વક્ષઃસ્થળ હાથીના કુંભ સ્થળને હઠાવે તેવું વિશાળ અને મજબૂત છે. શરીર પર પહેરેલા ઢાકાઇ મલમલના કુર્તામાંથી કંઠમાં પહેરેલો મોતીનો કંઠો દેખાય છે. ઉંઘતા માનવીની માફક આંખ મીચાએલી હોવા છતાં ચહેરા પરથી તેનું હૃદય જાગ્રત હોય એમ જણાય છે. આમ તેમ પાસું ફેરવે છે અને ગુરૂ ગોવિંદસિંહનું પવિત્ર નામ લે છે. શાન્તિ અવલંબન કરી પહોડેલા મહારાજા, મીચાએલી આંખ ઉઘાડી હાસ્ય વદનથી બોલ્યાઃ " હરામખોરોએ હેરાન તો કર્યો, પણ આખરે મુલતાન લીધું. લીધું તો લીધું પણ મોજમઝા કરવા માટે વીશ લાખ રૂપીઆ પણ લૂંટમાંથી મળ્યા. "

આટલું બોલી રહ્યા પછી એકદમ હાસ્ય વદન કરમાયું, અને " હાઃ હાઃ " એમ કહી આંખ મીચી દીધી. સરળ વૃત્તિમાં થતો એકદમ ફેરફાર શંકા ઉપજાવે છે, તેજ પ્રમાણે આ બન્યું. જેમ જેમ વખત જશે તેમ તેમ સમજાશે. આવો પ્રસંગ ચાલે છે, તે દરમિયાન આ ખંડમાં પડતું દક્ષિણ દિશાનું બારણું ફટાક દેતું ઉઘાડયું, અને જેમ ઘનઘોર ચઢી આવેલાં વાદળાંમાં એકદમ વિદ્યુત ચમકારો દે તેમ એ ઉઘડેલા બારણામાં રૂપનો ચમકારો થયો ! એ ચમકારાની સાથેજ મહારાજા બગાસું ખાઈ બેઠા થયા. પલંગની સામે પડેલા હીમ જડિત બાજઠપર, એક સ્ત્રી વિવિધ તરંગથી ભરેલા વિકારી નયનથી કટાક્ષ મારી બેઠી. અત્તરની સૌગંધથી મસમસતા, માથે ઓઢેલા જરી કસબ ભરેલા પાલવવાળા ઝીણા પોતના ઓઢણાના પાલવથી, તે મૃગનયની પાસે પંખો પડેલો છતાં પવન ખાવા લાગી. તે નિમિત્તે પાલવ ઉંચો નીચો કરી ઉદરોપરી ભાગ દેખાડવા લાગી, અને વારંવાર પાલવનો છેડો ખભા પર નાંખી કામી જનને મોહ પમાડે એવો ઉન્નત સ્તન વિભાગ બતાવવા લાગી. તેની શી સુંદરતા ! શી કોમળતા ! શી લાવણ્યતા ! વાહ ! ઘટાઘોર મેઘમાળા જેવા, નાગ પાસને ભુલાવે એવા કેશને જરીના નાડાથી બાંધી સુવર્ણ રત્ન જડિત શીષ ફુલ બાંધ્યું હતું.



સેંથામાં પુરેલી સિંદુર–રેષા ઘનઘોર વાદળની વચમાં થતી વિદ્યુતને લજાવે એવી સુંદર દેખાતી હતી. સુગોળ કપાળ પર કરેલો સિંદુરનો ચાંદલો, સંધ્યા સમયના સૂર્ય જેવો દેખાતો હતો. વળી કર્ણ સુધી લાંબાં કાજળયુક્ત નયન, નવા ખીલતા કમળ મધ્યે રહેલા ભ્રમરને ભરમાવે એવાં કટાક્ષ સરસંધાન કરી રહ્યાં હતાં. નાકે પહેરેલી નથની, લાલ અધરોષ્ટ પર મોતીની હાર જેવી દંતપંક્તિ પર પ્રતીબિંબ નાંખી તેની શોભામાં ઓર વધારો કરતી હતી. વળી બીડેલા કમળનો તિરસ્કાર કરતાં ઘન કઠિન ઉન્નત પયોધર, કસબી બુટ્ટાદાર ઝીણા બનારસી લુગડાની કાંચળીથી ઢાંકી દીધાં હતાં, તેના પર ઝળહળ કરતી, નંગ જડિત ચકતાવાળી મુક્તામાળા, વારંવાર લેવાતા શ્વાસોશ્વાસથી છાતી ઉપર ઉંચી નીચી થયાં કરતી હતી. ગોળ કમળના દાંડા જેવા સુકોમળ બંને હાથ પર રત્ન જડિત કંકણ પહેરેલાં હતાં. પ્રવાળ જેવા લાલ અધરોષ્ટ તાંબુલ રંગથી વિશેષ લાલચોળ થઈ રહ્યા હતા.

આવી મનોહર વેશયુક્તા, અલંકારથી અલંકૃતા, પૂર્ણ યૌવના, દેખાવમાં સુંદર, ચપળતામાં સર્પના જેવી, લટકા મટકા કરી મોહપાશમાં નાખનારી, લોહચુંબકની પેઠે આકર્ષણ કરનારી, અઢાર રાણીઓ મધ્યેની એક વસંતકુમારીને જોઈ પંજાબનો સિંહ, બહુ મૂલ્ય કોહિનુર રત્નનો માલિક મહારાજા રણજીતસિંહ, પારધીની બંસીથી ફસાયલા હરિણ અને નાગની પેઠે, ભવસાગરના કાંઠા જેવા મોહમાયા રૂપી ઉપસાગરના પહોળા મુખમાં પડયો અને હર્ષિત મુખે બોલ્યોઃ " અયે પ્યારી ! અનુચિત સમયે કયાંથી આવ્યાં ? તમને જોઈને હું ઘણો ખુશી થાઉં છું. તબિયત સારી છે ? "

વસંતઃ " આપ જેવા શિરોમણી, છત્રપતિ શિરે બિરાજે છે, ત્યાં મારી તબિયત સદૈવ આનંદમાં જ છે. "

રણજીતઃ " આજે બહુ ગરમી પડે છે. "

વસંતઃ " હા, પ્રાણનાથ. "

રણજીતઃ " આજે તમે કંઈ કહેવા આવ્યાં હો એમ તમારી મુખ મુદ્રાપરથી જણાય છે. "

વસંતઃ " પ્રાણેશ્વર ! વખત બહુ બારીક છે, તેની ગતિ બહુ ગહન છે, માટે સંભાળી ચાલવા જેવું છે. "

રણજીતઃ “ તમારા બોલવામાં કંઈક માર્મિક અર્થ જણાય છે. ”
વસંતઃ “ હશે કે નહિ તેનું કંઈ કામ નથી. હું તો સહજ બોલી. ”
રણજીતઃ “ નહિ મ્હારી આજ્ઞા છે, જે હોય તે મ્હને કહો. ”
વસંતઃ “ આપનો હુકમ શિરોધાર્ય, પણ તેમ કરવામાં સારૂં નથી.”
રણજીતઃ “ ભલે ગમે તેમ હોય, હું જાણવા ચ્હાઉં છું. ”
વસંતઃ “ આપ સમર્થ છો. કર્તા હર્તા તો ગુરૂ સમર્થ છે, પણ કહેવામાં ફળ સારૂં નથી. ”

રણજીતઃ “ ફળ સારૂં છે કે નહિ એ સમજવાનું કામ મ્હારૂં છે. તમે મ્હને નિડરપણે કહો. તમારી હકીકતનો મ્હેં કોઈ વખત અનાદર કર્યો નથી, અને ખાત્રી રાખજો કે ગુરૂ ગોવિંદની કૃપાથી તેમ કરવા રાજી નથી.”

વસંતઃ “ આપ કૃપાનાથનો આટલો બધો આગ્રહ છે તો કહું છું, પણ કહેતાં મ્હારૂં મુખ સુકાય છે, શરીરે કંપારી વછુટે છે અને રૂંવાટી ઉભી થઇ જાય છે. ના, મ્હારા પ્રાણેશ્વર હું નહિજ કહું. ”

રણજીતઃ “ હૃદયેશ્વરી ! મ્હારી આજ્ઞાનું ઉલ્લંઘનજ કરનાર કોણ છે ? હું ખાલસાનો ખાવિંદ, બેશક તેને ઝબેહ કરૂં. ”

વસંતઃ “ મહારાજ કૃપા કરો. આપની પ્રેમપાત્ર દિલોજાન અને માનીતી રાણી હિંગનકુમારી– ! આપ હજારો વર્ષ જીવો પણ– ! વાત કહેતાં મારી જીભ ઉપડતી નથી. આ નઠોર અસ્થિ વિનાની જીભ છેવટે હલાવવી પડે છે– ! તેણે આપનો પ્રાણ હરવાની યુક્તિઓ રચવા માંડી છે ! ” આ વાત સાંભળતાંજ સાહસિક, શૂરો રણજીતસિંહ એકદમ પલંગ પર એક હાથ ઉંચો થઇ જઈ બોલી ઉઠયોઃ “ હેં ! હેં ! એ દુષ્ટ પિશાચિણી સ્ત્રી આવા દુષ્ટ સ્વભાવની છે ! રે અધમ ! ત્હને આટલું સુખ દીધું, સર્વ રાણીઓમાં પટરાણી બનાવી, છતાં શું તું ખરેખર કાળી સર્પિણી બની ? હા ! હા ! મ્હને યાદ આવે છે. થોડા દિવસ પર રાણીએ મ્હારા કર્ણમાં એકાદ મંત્ર મૂક્યો હતો, પણ તેની દરકાર ન કરતાં હસી કહાડી મ્હેં તે મંત્ર પેટમાં રાખ્યો હતો. ખરેખર ! હું પંજાબનો સિંહ, તેના મોહ પાશમાં ફસાયો. હજી પણ વખત છે. તું મ્હારૂં અન્ન ખાઇ, મ્હારૂં સાલ કહાડવા



મથે છે ? પણ યાદ રાખ. તે પ્હેલાંજ ત્હને ઠેકાણે કરી દઉં. એક દિવસ ગુરૂ કહેતા હતા કે, નારીનો વિશ્વાસ ન કરવો, તે વખતે મ્હેં વાત હસી કહાડી કહ્યું હતું કે નારી માત્ર કાંઇ એવી હશે ? પણ નહિ. ગુરૂનું વાક્ય સિદ્ધ થયું અને મ્હારૂં બોલેલું મ્હારા મુખમાં પેઠું ! ”

રણજીતસિંહ રમણીના સ્હામું જોઈ બોલ્યોઃ “ પ્રાણેશ્વરી ! એની સાથે અંતઃપુરની બીજી કોઇ રાણીઓ સામેલ છે ? ”

વસંતઃ “ હૃદયેશ્વર ! નહિ, નહિ. ” થોડીક વાર વિચારી વળી બોલીઃ “ પ્રાણ વલ્લભ, બેશક નહિ. પટરાણી મહેતાબકુંવર ખરેખરાં ધર્મિષ્ઠ અને પવિત્ર હૃદયનાં છે. તે તો આપને સાક્ષાત ઇશ્વર માને છે. જેમ રાધિકા શ્રીકૃષ્ણને અને સિતા શ્રીરામને અપૂર્વ ભક્તિથી ભજતાં, તેમની સેવામાં તત્પર રહેતાં, તેમ તે આપને પોતાનું સર્વસ્વ માને છે. એ પટરાણી આપને સદાના સુખદાતા, પ્રાણના આધાર, સૌભાગ્યના સ્વામી, સુખના સાગર, સંસારના સાચા સંબંધી, જીવનનું જીવન, દરિદ્રનું ધન માની ચરણ સેવામાં તત્પર રહેનારી છે. વળી તેનું કુળ જુઓ, તે કોની પુત્રી ! કન્હૈયા મિસલના સરદાર જયસિંહની પૌત્રી. એનું અધમાચરણ હોય ? જો પૂર્વનો સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પામે તોપણ તે પોતાનો સતી ધર્મ ચુકે નહિ. વળી રાણી રાજકુંવર ગુલાબનું પાણી, પ્રભાતનું નામ, યુવરાજ ખડ્ગસિંહની મહા મમતાળુ માતા, એતો **न भूतो न भविष्यति** ! એવી કોઈ થઇ નથી, થવાની નથી, અને થશે પણ નહિ. એ તો જેમ પાર્વતી કૈલાસપતિ મહાદેવને જરા પણ અળગા થવા દેતી નથી, તેમ તે આપને હમેશાં પોતાના હૃદયમાં રાખે છે. વાહ ! નાકાઈ મિસલના રામસિંહની જાયા ! એ તો એ પણ પેલી આપની માનીતી ચંદાકુંવર પણ વારંવાર કહે છે કે આવા સ્વામી સ્વર્ગમાં પણ મળવા મુશ્કેલ છે. દૈવ જાણે આ બાઇના પેટમાં શું દુઃખી આવ્યું કે તેણેજ આવો વિચાર આદર્યો. ”

રણજીતઃ “ ખરખર ! વિશ્વમાં એવો કોઇ પુરૂષ પાક્યો નથી કે નારીજાતિનું હૃદય જાણે. હા ! પુરૂષો તો તેની રમતના ઢીંગલા ! જે કાર્યમાં યોજે તે કાર્ય કરે. તેની શું તાકાત કે તે ન કરે ? ધરા તલ પર લોહીની

સરીતાઓ તેમણે જ પ્રવાહિત કરી છે. જરૂર પડે તો પતિ, પુત્રનો વધ કરતાં પણ તે પાછી હઠતી નથી! પોતાની મનોવાંચ્છના પૂર્ણ કરવા જે કંઇ કરવું પડે તે કરવા સ્ત્રીઓ પાછો પગ ધરે નહિ. પુરૂષની આંખમાં મુઠ્ઠી ધૂળ નાંખવી એ તો તેને મન રમત! સત્યનું મિથ્યા ને મિથ્યાનું સત્ય કરી દેખાડવામાં બહાદુર! નારી કોઇ કાળે વશીભૂત થઇ નથી ને થવાની નથી."

પંઝાથી છટકેલા શિકારથી ક્રોધાન્ધ બનેલો, આંખમાંથી અગ્નિ ખરતા દેખાવવાળો સિંહ જેમ બરાડા મારે તેમ પંજાબનો નર–સિંહ, લાલચોળ આંખ કરી પલંગ પર હાથ પછાડી બોલ્યોઃ "અરે કોઇ છે? જાઓ, એ દુષ્ટા હિંગનને પકડી લાવો." આ વખતે ધર્મસિંહ નામનો એક નોકર મહેલની રવેશીને ક્હેરે અઢેલી કપાળે હાથ રાખી ઉભો રહ્યો હતો. તે બોલી ઉઠ્યોઃ "જી, હા. હજુર! હાજર છું. હુકમ?"

રણજીતઃ "એકદમ હિંગનને મ્હારી પાસે લાવ. તેના કેશ પકડીને ખેંચી લાવ."

આ તરફ નિરાપરાધિની, સ્વામીસેવાપરાયણા, સરલા હિંગનકુમારી પોતાની, બાળ પુત્રીને મિનાકારી કરેલા રૂપેરી પારણામાં સુવાડી, કપાળે હાથ દઇ, જરીની દોરી ખેંચતી હતી. પારણામાં સુતેલી, પૂર્ણિમાના ચંદ્ર જેવા સુંદર મુખવાળી, ઇશ્વરના આદરની સૃષ્ટિ જેવી, કમળ લોચની, ન્હાના વાંકડીયા કેશવાળી, ન્હાના કર્ણવાળી, સર્વાંગ સુડોળ અવયવવાળી, કમળનાળ જેવા બંને હાથવાળી, વસંતમાં ખિલેલા કમળના જેવા હસતા વદનવાળી, પુત્રીના સ્હામે હિંગનકુમારી પોતાની પ્રેમાળ દ્રષ્ટિ નાંખી, વારંવાર તેનું મનોહર મુખ નિહાળતી હતી. તે વખતે તેનું જમણું નેત્ર ફરક્યું. નેત્ર ફરકવાથી અનિષ્ટ થવાના વિચારમાં પડેલી રાણી એકદમ બોલી ઉઠીઃ "હા! કાળ! ત્હારો ઘડી પણ વિશ્વાસ નહિ. તું એકી વખતે અસંખ્ય લોકોને જુદા જુદા પ્રકારની અવસ્થામાં સ્થાપિત કરે છે. ધન, માન, પદ, રાજ્ય, ઐશ્વર્ય, સુખ અને દુઃખ એ સર્વે ત્હનેજ અનુસરે છે, અને આધિ, વ્યાધિ, ઉપાધિ, ઉત્પતિ, વૃદ્ધિ અને ક્ષય એ ત્હારામાં જ રહેલા છે. હશે! ગુરૂ ગોવિંદે જે ધાર્યું હશે તે થશે. મ્હેં તો મન, કર્મ અને વચનથી કોઇનું અનિષ્ટ કર્યું નથી." આવા વિચાર કરે છે એટલામાં પુરૂષ–પગના ધબકારા તેને કાને પડયા. પળવારમાં તો કમાનમાંથી છૂટેલા બાણની પેઠે રાજભક્તિ પરાયણ નિમકહલાલ, સર્વે કાર્યે પ્રવિણ ધર્મસિંહ ત્યાં આવી ઉભો અને હાથ જોડી, મસ્તક નમાવી ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યોઃ "મહારાજ આપને ત્વરાથી તેડે છે."



હિંગનઃ "હા, ભાઇ ચાલો."

સંધ્યા સમય થવા આવ્યો હતો. જોતજોતામાં ભગવાન સૂર્ય કોહ્‌ હુ પહાડની પાછળ ભરાવા લાગ્યા. તેની રક્તવર્ણની કિરણમાળાથી પર્વતનાં શિખરો, દેવાલયો, મસ્જીદો, કીર્તિ સ્થંભો અને મિનારાઓનાં શિખર તેમજ વિશાળ ગગન માર્ગમાં ડોકીઆં કરી રહેલાં વૃક્ષોનાં મસ્તક લાલ રંગથી સુશોભિત થવા લાગ્યાં. ગાય, બકરાં, ઉંટ અને મહિષાદિ ગ્રામ્યપશુઓ ધીમે ધીમે શહેરમાં આવવા લાગ્યાં. પક્ષીઓ પોતપોતાના માળાઓમાં ભરાઇ જવા લાગ્યાં. તે વખતે પવિત્ર હૃદયા, નિરાપરાધિની, સરલા હિંગનકુમારી, મહારાજ રણજીતસિંહના પલંગ આગળ આવી ઉભી. ધર્મસિંહ પણ એક બાજુ ઉભો.

હિંગનકુમારીને જોઇ મહારાજ રણજીત સાક્ષાત યમ સદ્દશ, વિકાળ રાક્ષસના જેવો દેખાવ કરી બોલ્યોઃ "ઘોર દુષ્ટા! ત્હેં મ્હારો પ્રાણ હરવા યુક્તિ રચી. મ્હેં પાપીએ સર્પિણીને દૂધ પાઇ ઉછેરી. ધિઃક્કાર હજો ત્હારી જાતને! ધિઃક્કાર ત્હારી માતને અને ધિઃક્કાર ત્હારા કુળને! કુળાંગાર, તેં આ સિંહને ના ઓળખ્યો? હું કાળનો પણ કાળ છું." એમ બોલી રણજીતસિંહ તેના કેશ પકડવા જતા હતા, એટલામાં ધર્મસિંહ બોલી ઉઠ્યોઃ "મહારાજ, ક્ષમા કરો, ક્ષમા કરો. સહધર્મિણી પર કૃપા કરો."

રણજીતઃ "મ્હેં સારી પેઠે, મક્કમપણે, પ્રમાણિકપણે મ્હારા અંતઃકરણથી ખાત્રી કરી છે કે એ વાત નિઃસંશય સત્ય છે. ધર્મસિંહ, વચ્ચે પડવાનું ત્હારૂં કામ નથી. દૂર થા." એમ કહી રાણી તરફ જોઈ કહ્યુંઃ "અભાગિણી! ત્હને દેશપાર કરૂં છું. ચાલી જા અહિંથી. ત્હારૂં કાળું મુખ દેખાડતી ના. જા, દૂર થા."

મૃણાલના દંડ જેવા હસ્ત જોડી, મસ્તક નિચું નમાવી ચપળ નેત્રમાંથી ચોધાર આંસુ ગરગર ટપકાવતાં હિંગન બોલીઃ “ નાથ, મ્હેં આપનો કશો અપરાધ કર્યો નથી. મ્હને સ્વપ્નમાં પણ આપનું અનિષ્ટ કરવા વિચાર થયો નથી. આપનું અનિષ્ટ એજ મ્હારૂં અનિષ્ટ. મ્હારે કોનું અનિષ્ટ કરવાનું ? આપ મ્હારા શિરતાજ ! હું આપની અજ્ઞાન સ્ત્રી. મ્હને અપાર દુઃખ દરિયામાં હોમવી આપને ઉચિત નથી. હું ઇશ્વરની પતિજ્ઞા લઈ કહું છું કે હું કંઈ જાણતી નથી, મ્હેં આપનું અહિત કર્યું નથી. નાથ ! આ અબળાને આપના સિવાય અન્ય ગતિ નથી. હું શરણાંગત અબળા. આપ શરણાંગત પ્રતિપાળક. મ્હારો પરિત્યાગ કરવો આપને છાજે નહિ. હું ક્યાં જઇશ ? કોની પાસે જઇશ ? મ્હારા મનનું દુઃખ કોને જણાવીશ ? આ સંસારમાં પતિ એજ પતિવ્રતા નારીનું સર્વસ્વ છે. આપના સિવાય મ્હારે બીજું કોઈ નથી. હા ! સૂર્યના અદર્શનથી જેવી કમળની કાંતિ, તેવીજ મ્હારી ! લત્તાનો તરૂવર માત્ર આધાર. મ્હારા મસ્તકમણિ મહારાજ ! મ્હારો પરિત્યાગ ! આવું વિષ આપના કર્ણમાં કોણે નાંખ્યું ? કોણ પાપીએ આપને શ્રીમુખે આ બોલાવ્યું ? કૃપાનાથ, મ્હેં કંઈ અપરાધ કર્યો નથી, છતાં આપ ક્ષમા કરવા યોગ્ય છો. મ્હારે માથે આળ ગાળ હા ! પાપી પ્રાણ ! શરીરમાંથી કેમ નિકળી જતો નથી ? ” એમ બોલી છાતી કુટતી કુટતી મૂર્ચ્છિત થઇ રડી પડી !

રણજીતઃ “ ત્હારાં કોમળ પણ કપટી વાક્યથી મ્હને સંતોષ થતો નથી. નારીજાતિના ગુણ હું સારી પેઠે જાણું છું. હવે ત્હારા મોહના ફંદમાં હું ફસાવા માગતો નથી. જા, પાપિણી સર્પિણી ! દેશપારની શિક્ષાથી મુક્ત કરી ત્હને ત્હારે પીએર જવાની રજા આપું છું. ઉઠ, ફંદ છોડી મહેલમાંથી નિકળી જા. કોઈ હાજર ? ”

ધર્મસિંહઃ “ જી હા. ખાલસાના ખાવિંદ, સેવક હાજર છે. ”

રણજીતઃ “ ધર્મસિંહ ! આને ઉઠાડી લઇ જા, અને એને પિયેર પહોંચાડી દે. એનું કાળું મુખ મ્હને જોવું ગમતું નથી. ”

આ આજ્ઞા સાંભળી ધર્મસિંહ હિંગનકુમારીને ઉઠાડી તેના આવાસ



તરફ લઇ ચાલ્યો. હિંગન લથડતે પગે, આંખમાંથી ચોધાર આંસુ સાથે પોતાના આવાસમાં પહોંચી કે તરતજ કમળ પુષ્પની મંજરી જેવી કોમળ બે વર્ષની બાળા ઓ–મા–ઓ–મા–કહી રોતી સાંભળી. દડ્ દડ્ વહેતા આંસુથી ભીંજાયલી, દુઃખાનળમાં ચર્‌ચર્ બળતી હિંગન ગદ્ ગદ્ સ્વરે બોલીઃ “ બેટા, છાની, છાની. હવે તું છત્રપતિની પુત્રી મટી એક ભીખારિણીની છોકરી થઈ છે. હા ! દૈવને આમ કરવું હતું તો ત્હને જન્મ શું કરવા આપ્યો હશે !

“ ઓ–મા–રોટી આપ. નહિ આપે તો ત્હારી પાસે નહિ આવું. ” એમ બોલી અમૃતમય ક્રોધ સહિત લાલ અધરથી મધુર દેખાતી બાલિકા ધીમે ધીમે હસવા લાગી. આ વખતે હિંગનકુમારીને રણજીતસિંહ ઉપર ભારે ક્રોધ ઉત્પન્ન થયો. તે બોલીઃ “ રે નિર્દય ! પુરૂષ જાત થઇ આ શરણાંગતા અબળા–આ હતભાગિનીનો પરિત્યાગ ! ભલે ! મ્હારા નશીબમાં જે લખ્યું હતું તે થયું. હવે હું તેનો શોચ કરતી નથી. ભાઇ ! ધર્મસિંહ ! સુઇ જાઓ. રાત્રી ગઈ છે. પ્રભાતમાં વહેલાં ઉઠી રવાને થઇ જઈશું. ”

આ હુકમ સાંભળી ધર્મસિંહ પાસેના ઓરડામાં ગયો, એટલે આનંદના પ્રસંગમાં મહારાજાએ આપેલી વસ્તુઓ એકઠી કરી પોટલામાં બાંધી, પ્રાતઃકાળની તૈયારી કરી. વળી બાલિકાએ રડવા માંડ્યું. હિંગને કહ્યું: “શા માટે રૂવે છે ? છાની, હવે રોવામાં શું બાકી રહ્યું છે ? મ્હારા અને ત્હારા કર્મમાં રોવાનુંજ રહ્યું છે. બેટા ! આવ.” એમ કહી તેને પોતાના હાથમાં લઈ પવનમાં ઉભી રહી. વળી બોલવા લાગીઃ “ બેટા ! એક દિવસ એવો પણ હતો કે મહારાજા પોતે ત્હને રમાડતા, ગેલ કરાવતા અને વળી ત્હને અનુપ, બેટી હોવા છતાં, બેટા અનુપ કહી બોલાવતા ! ત્હારા કોમળ કંઠમાંથી નિકળતા કાલાકાલા બોલ સાંભળી ત્હને વારંવાર ચુંબન કરતા. તે દિવસ અને આજનો પણ દિવસ ! બેટા, ત્હારી માતાને આજે દેશવટો ! અને તે પણ ત્હારી ન્હાની વયમાં !

## પ્રકરણ ૨ જું.

### પશ્ચાતાપ.

દેવમંદીરોમાં અને રાજભવનમાં દીપમાળાઓ પ્રદિપ્ત થતાં દેવાલયોમાં થતી દેવ આરતીની ધામધૂમ, ખાખીઓના અખાડામાં થતા શંખનાદ અને શૃંગીની ધ્વનિ, મસ્જીદોમાં પોકારાતી બાંગ, લોકાલયમાં થતી બાળકોની કાલી કાલી કોલાહલ ધ્વનિ અને રાજભવનમાં વાગતા સુમધુર ટકોરખાનાનાં આલ્હાદકારક અવાજ બંધ થતાં જ; વસતી ગૃહોમાં ખાતર પાડવા માટે તત્પર થતા ચોર લોકોની અને વનમાં વસતા ઘુવડ વગેરે રજનીચર પ્રાણીઓની વ્હાલી આસુરી રજનીદેવી, ધીમે ધીમે પ્હાડ પર્વત, ગુહાઓ અને ઘટ ઝાડીના કોતરોમાંથી નિકળી સ્થાવર જંગમ માત્રને પોતાનો અંધાર પછેડો ઓરાડવા લાગી! કોટ બ્હારનુ અરણ્ય તમરાં અને ચીબરીના સ્વથી પૂર્ણ થઈ રહ્યું. નિશાદેવીએ પરિધાન કરેલા શ્યામ વસ્ત્રમાં ઝળહળ ઝળહળ થતા હીરાઓની માફક ગગનતળ, દેવગણ, અશ્વિની, મૃગશીર્ષ વિગેરે મનુષ્યગણથી, ભરણી, રોહિણી વગેરે રાક્ષસગણથી, કૃતિકા, અશ્વિની વગેરે સત્તાવીશ નક્ષત્રોથી અને મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિશ્ચર અને ધૂમકેતુ નામના ગૃહોની પ્રભાથી ચમક ચમક થઈ ગયું. ચારે દિશાઓ શૂન્ય થતાં રાજ ઉદ્યાનના સિંહ અને વાઘ મ્હોટા બરાડા મારવા લાગ્યા. તે સાંભળી વનમાં રહેનાર સિંહ અને વાઘે ગગન ગજાવી દીધું, એટલે વનમાં વસનાર હરિણ વિગેરે અહિંસક પ્રાણીઓ ઉંઘતાં જાગી ઉઠયાં અને પોલાણવાળી ગુહાઓમાં ભરાઇ ગયાં. રાવી સરિતાનો ડાબો કિનારો, બરૂ, સરખટ, છીણી, અને ન્હાનાં મ્હોટાં રૂખડાંને વિંટાઈ વળેલી પોપટવેલ, કુદણવેલ, લક્ષ્મણવેલ, જાુઇ અને ચંબેલીની રંગ બેરંગી ન્હાની મ્હોટી



સુવાસિત કળીઓથી રળિયામણો દેખાતો હતો. છતાં તેની શોભામાં વૃદ્ધિ કરતાં, સરિતાના વક્ષઃસ્થળપર સંસારમાં નિર્વાહ કરતા મહાત્માની પેઠે, જળ કમળવત્ દૃષ્ટાંતનું પ્રતિપાદન કરતાં રક્ત કમળ, શ્વેત કમળ, નીલ કમળ, પોયણુ અને નલિનીનાં પુષ્પની કળીઓ પોતપોતાનાં ડોકાં ભગવાન ભાષ્કરનાં દર્શન કરવા ઉચાં કરી રહ્યાં હતાં. ઉજ્વળ ગુણવાળી આ સરિતા કલ્ કલ્ શબ્દ નાદ કરતી પોતાની ભાગ્યવાન મ્હોટી બ્હેન સિંધુદેવીને મળવા પ્રયાણ કરી રહી હતી. તેના પર ન્હાનાં મ્હોટાં ગગન પ્રવાસી નક્ષત્રો અને ગૃહોનું પડતું પ્રતિબિંબ જાણે પતિને મળવા ન્હાતી પત્નીએ વાદળી પોતની જરી બુટ્ટાવાળી ઝમક ઝમક કરતી રેશમી ચુંદડી પહેરી હોય તેમ દૃષ્ટિ ગોચર થતું હતું. આકાશ માર્ગમાં દેખાતી આકાશ ગંગાનું પ્રતિબિંબ ચુંદડીના કસબી પાલવની પેઠે જળમાં ચળકી રહ્યું હતું. આ સર્વ વ્યાપાર, કૈલાસ-વાસી શશિશેખરના મહાન વિશાળ કપોળ પ્રદેશમાં વિરાજતા મૃગલાંચ્છન-વાળા શશધરના તેજની સ્પર્ધા કરવામાં મહત્તા માનતા શુક્રાદિ સપ્ત ઋષિના તારાઓથી સવિશેષ તેજસ્વી દૃષ્યમાન થતો હતો. સરિતાનો સામો કિનારો શીખરાજના સૈન્યની હાર પેઠે ખડી રહેલી સોટીઆ વાં-સની ઘીચ ઝાડીમાં બોલતાં, તીણા સ્વરવાળાં તમરાંના નાદથી, જળ કુકડીઓના ન્હાન્હાં બચ્ચાંના સ્વરથી, કાશ્મીરી સ્ત્રીઓના ચોટલા જેવા કાળા ભમર, ઝાડીમાં ભરાઈ રહેલા અને વિવરોમાંથી બહાર નિકળતા સર્પોના ફુત્કારથી ગાજી રહ્યો હતો. એ કિનારાની સામે આકાશ માર્ગમાં ડોકીઆં કરી રહેલા, હિમગિરિના ધવળ શિખર જેવા ઉજવળ પથ્થરના બાંધેલા મહેલના ત્રીજા મજલાની અગાશીમાં, શીખરાજ, ગ્રીષ્મઋતુના દિવસો હોવાથી, સંગેમરમરની વિશાળ પાટ પર જાઈ, જુઈ, ચંબેલી અને ગુલાબના ગુચ્છાવાળો ઓછાડ નાંખી પહોડયો હતો. તેનો ચહેરો જાગ્રત દશા તજી સ્વપ્નાવસ્થાના તરંગોમાં હિલોળે ચ્હડેલો હોય તેમ ભાસતો હતો, પછી તે ઉંડા ઉંડા નિશ્વાસ નાંખતો જણાતો હતો અને ત્રુટક ત્રુટક વાક્ય બોલતો હતો. તે બોલતો હતો કે: "અરે! મ્હેં નારીને તાબે થઇ, તેનું કહેણ સાંભળી, શું ગર્વ, શૌર્ય, બુદ્ધિ અને કીર્તિ ગુમાવી નથી? લોકો કહે છે કે સ્ત્રી જાતિ અબળા છે અને પુરુષો તેની મોજનું

એક રમકડું છે. પરપુરૂષ પર આસક્ત થયેલી કઈ સ્ત્રીએ ઈર્ષા ઉત્પન્ન થવાથી પોતાના પતિને કાળનો મહેમાન નથી કર્યો? ઘણી સ્ત્રીઓએ પતિના રૂપનો, બળનો, બુદ્ધિનો અને યશનો નાશ કર્યો છે. વા વાઝોડાં સાથે વર્ષતા અગાધ જળથી ઉન્નતપણાને પામેલી સરિતાઓ અનેક પથ્થરોને તાણી લાવી સપાટ પ્રદેશ પર નાંખી ફળદ્રુપતાનો નાશ કરે છે, તેજ પ્રમાણે મૂર્ખ સ્ત્રીઓ, પરપુરૂષ સાથે વ્યભિચાર કરી પોતાના પતિના શુદ્ધ વંશનો ધ્વંશ કરે છે! હા! વસંત! ત્હારી દુષ્ટ ઇચ્છા પરિપૂર્ણ કરતાં ત્હેણે ત્હને અટકાવી તેથી તેનું ફળ તે નિર્દોષને મ્હારે હસ્તે અપાવી, મ્હને હમેશને માટે નિષ્ઠુર હૃદયનો બનાવી, મ્હારી કીકી–આંખોની કીકી, વહાલી પુત્રી અનુપ સહિત દેશવટો દેવડાવ્યો! હવે મ્હારૂં શરીર અસહ્ય વેદનાથી, અગ્નિમાં પડતા ઘૃતની પેઠે ચર ચર બળે છે. ચંડાલિની, કાળમુખી, ત્હેં ત્હારૂં કલંક છુપાવવા મ્હારે મુખે કાજળરૂપ કલંક ચઢાવ્યું, પણ વિષમુખી! ત્હારૂં નાક અને કાન કપાવી કાજળનો ચાંલ્લો કરાવી ત્હને હમેશને માટે દેશ બહાર કરૂં તોજ હું પંજાબનો પતિ. સમય આવવા દે. વખતે પતિતપાવની ગંગાના જળ જેવી નિર્મળ, પવિત્ર, હિંગનનો પત્તો લાગશે તો ત્હેને હાથેજ ત્હારાં નાક અને કાન કપાવીશ. હિંગન! મ્હેં ત્હને દેશવટો દીધો છે. એ સમયે મ્હારા જેવા કામાંધનું જ્ઞાન નાશ પામેલું હોવાથી અજ્ઞાનને વશ થઇ, સ્ત્રી ચરિત્ર નહિ સમજતાં તેના વચન પર વિશ્વાસ કર્યો. પ્રિયે! તું આ પામરની જીભથી, અમૂલ્ય જીવન રત્ન પુત્રી લઇ આ સ્નેહમયી, લીલીછમ દીસતી પંજાબની પૃથ્વીનો ત્યાગ કરી દ્રષ્ટિ બહાર થઇ! પ્રાણેશ્વરી, ત્હારા વિરહની વેદના હવે સહન થઇ શકતી નથી."

સ્વપ્નમાં લવારો કરતો રાજા રણજીતસિંહ બેઠો થવા જતો હતો એટલામાં રાવી સરિતાને સામે કાંઠે વસતા શૃગાળનો હો–કા–હુ–આ, હો–કા–હુ–આ–એવો ગંભીર અવાજ સંભળાયાથી જાગૃત થઇ, એ બાકળો બની એકદમ બોલી ઉઠ્યો: "ખુશાલસિંહ! અરે કોઇ છે? જમાદાર! ખુશાલસિંહને બોલાવો."

આજ્ઞા સાંભળી, અગાશીની નીચેના માળમાં, હીરા માણેક જડિત



પલંગમાં નિદ્રા લેતી, વિવિધ જાતના સુગંધિત પુષ્પોથી ઢંકાયેલી, અગર, તગર, ચંદન, ધઉંલા, નખલા, વિરણવાળા, કેસર, કસ્તુરી, અને કપુરના અષ્ટ ગંધથી ચર્ચાયેલી રાજકુંવરી હાંફળી હાંફળી ઉઠીને પોતાની દાસી વિરૂ પાસે, ભાનુની ઉજ્વળ જ્યોતિને ઝંખાવી નાંખે એવો પ્રદિપ્ત સુવર્ણ દીપક લેવડાવી, ગાંધર્વિ અને કિન્નરીઓના ઝાંઝરના નાદને દબાવી નાંખે એવા રમઝમ રમઝમ કરતા ઝાંઝરવાળા ઉતાવળે પગલે, ઉદા, લાલ, ધોળાં અને પીળાં ટપકાંવાળા નીલ આરસપહાણની સીડી પર ચઢી, સ્ફટિક મણીના જેવા ધવળ અગાશીના ધાબામાં આવી, મહારાજને શીર નમાવી પૂછ્યું: "મહારાજ શી આજ્ઞા છે?" એમ બોલતી, શૂન્ય થઇ ગયેલા રાજદેહને, પાટની બાજુએ પડેલો રત્ન જડિત હાથાવાળો પંખો લઇ પવન નાંખતાં ગદ્દગદ્દ કંઠે બોલી: "વિરૂ! જા, હવે જમાદારને બોલાવી લાવ."

વિરૂએ "જેવી આજ્ઞા" કહી મેહેલને પહેલે મજલે સરદારોને બેસવાના ખંડમાં સૂતેલા ખુશાલસિંહને પગનો અંગુઠો તાણી જાગૃત કરી કહ્યું "મહારાજ આપને બોલાવે છે."

જમાદાર: "વિરૂ, આવી મોડી નિશાએ મહારાજ બોલાવે એ વાત માન્ય કરવા જેવી નથી."

વિરૂ: "ખરી વાત છે, રાજ, ઢીલ ન કરો." આવો આગ્રહ જોઇ વિચાર વમળમાં ગોથાં ખાતો ખુશાલસિંહ, એકદમ ઉભો થઈ માથે ફેંટો બાંધી મહારાજના તરફ જવા તૈયાર થયેલી વિરૂ સાથે અગાશી પર ગયો. "અરે! આ શું? આશ્ચર્ય! મહારાજ આવી અવસ્થામાં કેમ?"

"એમણે તમને બૂમ પાડી તેજ વખત હું ઉપર આવી છું અને ત્યારના આવી દશામાં છે." ગળતે આંસુડે રાજકુંવરીએ કહ્યું.

જમાદાર: "મહારાજ! ખાલસાના ખાવિંદ, શી આજ્ઞા છે?"

શૂન્યવત્ થયલા કાનમાં અવાજ પડતાં મહારાજે સહજ સાવધ થઈ, દુઃખાનળથી બળતા અવાજે ઉત્તર દીધો: "કોણ જમાદાર?"

જમાદાર: "આજ્ઞા, મહારાજ."

રણજીતઃ "પેલી-પેલી-દુષ્ટા ગુલાબડી વસંત! નિષ્ઠુર હૃદયા વસંત! વિષ સ્વરૂપા વસંત! કાળ દુતિ વસંત! ઘોર પાપિણી વસંત! જોયું તેણે મ્હારા પવિત્ર હૃદયમાં હળાહળ વિષ રેડયું! પોતાની દુષ્ટ ઇચ્છા પાર પાડવા માટે પવિત્ર હૃદયા, સદ્‌ગુણ શિરોમણી, રાણી હિંગનકુમારી દેવીનું, અજ્ઞાન દુહિતા સાથે દેશવટો દેવડાવ્યો. જુલ્મ! જુલ્મ! જમાદાર! મ્હારાથી હવે એ કષ્ટ સહન થતું નથી. મ્હારાં ગાત્ર શિથિલ થઇ જાય છે. કંઠ સુકાય છે. જમાદાર! જાઓ, ત્વરાથી જાઓ, એ દુષ્ટાના કેશ પકડી તાણી લાવી રાવી નદીને કિનારે આવેલા કારાગારમાં કેદ કરી, મ્હારા મન સંતાપને શાન્તિ સલિલ છાંટો."

જમાદારઃ "જેવી આજ્ઞા, મહારાજ!"

ધીરે સાદે રાણી રાજકુંવર હસ્ત જોડી શીર નમાવી કાલાવાલા કરવા લાગીઃ "કૃપાસિંધુ! હું આપને અરજ કરવા યોગ્ય નથી, છતાં મુજ ગરીબના ગરીબ પરવર, દયા કરી એ બોલ સાંભળો. આપ જરા શાન્ત થાઓ, તેને હુકમાનુસાર શિક્ષા થશે, પણ આપ બહુ આક્રંદ કરશો તો આપની તબિયત બગડશે. આ ગુલાબ જળથી આપનું મુખ ધુવો. આ મલીઆગરૂ ચંદન આપને કપાળે ચોપડી વિવિધ પુષ્પથી ભરેલા પંખા વડે પવન નાંખુ તેથી આપ મહારાજને વિશ્રાંતિ મળશે."

રણજીતઃ "શાણી રાણી! તું ગમે તેમ કર, પણ ફાલ્ગુન માસની હુતાશની પેઠે બળતું મ્હારૂં મન, જ્યાં સુધી જાન્હવીના જળ જેવી નિર્મળ હિંગનને નહિ જુએ, કારાગારમાં પીડાતી, પોતાના પાપનો પસ્તાવો કરતી અધમાચારિણી, ઘોર પાતકી વસંતને મુવેલી નહિ દેખે ત્યાં સુધી કદિ શાન્ત થવાનું નથી. એણે શું ઓછું કર્યું છે! પોતાનું કલંક છુપાવવા પરમ પવિત્ર હિંગનને મુખે કાજળ! એનું તો શું પણ એ રાક્ષસીની વ્હારે જે કોઈ ચડશે તેનું પણ નિકંદન કહાડીશ. શું ઓછો જુલમ થયો છે? પંજાબના સિંહની થતી રાણીએ એક અધમ યવન જાતિના ધૂતારા ફકીર સાથે યારી બાંધી જારી કરી! હા! હા! મ્હારૂં કલેજું ફાટી જાય છે! એને મ્હારા પંજાથી ચીરી નાંખીશ. એના કટકા કરી કુતરાંની ક્ષુધા તૃપ્ત કરીશ."



રાણીઃ "આપ મુલ્કના માલિક છો. ચ્હાઓ તેમ કરો, પણ જરા આરામ કરો."

કાલાવાલાથી રિઝવતી રાણીના કોમળ કંઠથી નિકળતા મધુર શબ્દથી સિંહ હોવા છતાં શૃગાલ બની ગયેલા રણજીતસિંહની ચરચર બળતી છાતીમાં કંઇક ઠંડક વળતાં પોતે નિદ્રાધીન થયો.

આ તરફ જમાદાર ખુશાલસિંહ, પોતાના આવાસમાં જઈ ઢાલ, તરવાર બાંધી, કમાન બાણ સ્કંધે ચઢાવી, બંદુકમાં ગોળી ભરી, પોતાના ખરા વિશ્વાસુ સિપાહીઓને સાથે લઇ, રાજભવનના દરવાજા બહાર નિકળ્યો. તે વખતે પાછલી પહોર રાત્રિનો વખત જણાવતી શૃગાલી વૃંદે હુ-આ-હું-બી, હા-હા-હી-કો-હુ-કો-એ પ્રમાણે ભીષણ સાદ કરી સર્વ દિશાઓને ગજાવી મૂકી! શૃગાલીનો નાદ સાંભળી જુલમસિંહ બોલ્યોઃ "સરદાર! આપ સમજ્યા? આ જમણી પાસે બોલતી શૃગાલી શકુન આપે છે કે તમારૂં કાર્ય નિર્વિઘ્ને પાર પડશે." એટલામાં સામે દેખાતા બકુલવૃક્ષ ઉપર બેઠેલું પેચક પક્ષી (ચિબરી) ચિલિ-ચિલિ-લિ એમ લાંબે સ્વરે બોલ્યુંઃ "જુઓ પેચકે તેની સાબિતી આપી. આપણું કામ ખાત્રિપૂર્વક થવાનું એમ સમજજો."

જમાદારઃ "અલ્યા! જુલમ! તું આ વિદ્યા ક્યાંથી શીખ્યો?"

જુલમઃ "હું કોલ્હુ પહાડની તળેટીમાં વસ્તો હતો, તે વખતે એક સાધુએ મ્હને કેટલાંક પ્રાણીની વાણીની સમજણ પાડી હતી, તેથી હું કહું છું કે આપણું કામ થવાનું."

આ પ્રમાણે વાતચિત કરતા ચાલ્યા જાય છે, એટલામાં ખાલસા છાવણીના પેહેરેગીરોની ઘડીઆળમાં ચાર ટકોરા થયા. સામે રાણી વસંતના મહેલનો સૃષ્ટિ સૌંદર્ય વિલોકતો ઘૂમટ દેખાયો. જેમ બને તેમ ત્વરાથી કામ કરવાનું ફરમાન થયેલું હોવાથી ખુશાલસિંહ સાથી સહિત ઉતાવળે પગલે ચાલવા લાગ્યો.

પાઠક! જુઓ, સમયનો વિશ્વાસ રાખવા જેવું છે? ના, તેમ કરશો નહિ. સમયનો વિશ્વાસ નથી. સમયે ના બને તેવું કંઇ સમજવું નહિ. આજે જે રાજા સિંહાસને શોભે છે તેને કાલે રસ્તાનો ભિખારી જોશો.

આજે જેને ભિખારી જુઓ છો તેને આવતી કાલે રાજ રાજેશ્વર જોશો. જે સ્થાનને તમે જન–પ્રાણી–શૂન્ય જુઓ છો તેને સમયે મનોહારિણી મહા નગરી જોશો. જે સ્થાન ધન અને જનથી પરિપૂર્ણ છે તેને વખતે મરૂભૂમિ જેવી અથવા પ્રકૃત મરૂભૂમિ જોશો. સમયે ના બને એવું કંઈ નથી. એકી વખતે ભિન્ન ભિન્ન જીવ, ભિન્ન ભિન્ન ફળ ભાગી થાય છે. પ્રિય પાઠક ! આપ અદૃષ્યને માનો છો ? આત્મકૃત કર્માકર્મના લાભાલાભ ભોગ એજ અદૃષ્યનો લેખ; માટે અદૃષ્યને તમારે માનવુંજ પડશે. આપણે જે જે કર્મ કર્યાં છે, કરીએ છીએ અને કરીશું તે અદૃષ્યમાં લખાયાં છે, લખાય છે અને લખાશેજ ! માટેજ કહેવું પડે છે કે સમયે સાવધાન રહેવું, નહિ તો વિપત્તિના વમળમાં પડ્યાજ જાણો ! અહા ! પાપનાં ફળ કેવાં ઉગ્યાં ? ખાલસાના પતિની ખાસ પત્ની, હૃદયનું હારદ રાણી વસંત, મહારાજાની કૃપાથી વસવા આપેલા લાલ પથ્થરના કિલ્લાવાળા મેહેલમાં બીજે માળે ચાંદીના પલંગમાં પોઢી, ગ્રીષ્મ ઋતુની પાછલી રાત્રિની ગુલાબી ઉંઘ લેતી હતી. પથારીમાં વિવિધ જાતના પુષ્પના ઓછાડ પાથરેલા હતા. ભીંતો પર વિવિધ જાતની રંગ પૂરેલી યક્ષિણીઓ, કિન્નરીઓ, અપ્સરાઓ અને દેવીઓની છબીઓ રેશમી દોરીથી ટાંગી દીધેલી હતી. ખૂણા પર મૂકેલા ત્રિકોણી મેજ પર વિવિધ જાતનાં ફળ ફુલથી શોભિત ન્હાનાં ન્હાનાં વૃક્ષ, સોનેરી રૂપેરી કુંડાંમાં રોપેલાં હતાં. તેના પર ભીંત પરથી અદ્ધર નાખેલી જરી કસબની ઝાલરનાં મ્હોટાં જરી–ફુમતાં લટકી રહ્યાં હતાં. એક બાજુએ ગોઠવેલા શુદ્ધ સ્ફટિક મણીના મેજ પર મૂકેલી દીપકની જ્યોતિ, ભગવાન ભાષ્કરનો ઉદય થવાની તત્પરતાને લીધે મંદ મંદ તેજ નાંખી રહી હતી. ઝીણી ગુંથણીથી ગુંથેલી જાળીવાળી મચ્છરદાની પલંગ ઉપર નાંખેલી હોવાથી જેમ નવીન વાદળીમાં છુપાતી વિદ્યુત ઝબકારો, લલકારો મારે છે તેમ વસંતનું મુખ, શીર પરનું હિરા માણેકથી જડેલું શીષફુલ, કંઠમાં પહેરેલો વક્ષઃ સ્થળ પરથી લચી પડેલો સુવર્ણમય જડાઉ ચકતાવાળો ચંદનહાર, અર્ધ દેહ પર વિંટાઇ વળેલું ઝીણા પોતનું કસબી બુટાદાર ઓઢણું, તેમાં છુપાઈ રહેલી સુવર્ણ કટિમેખલા, હસ્તમાં પહેરેલાં રત્નકંકણ, પગે પહેરેલાં નેપુર એ સર્વ ઝળ-



હળી રહ્યાં હતાં. રાણી નિદ્રામાં સ્વપ્ન જોઇ રહી હતી. એક ભયંકર દેખાવ જોતાંજ રાણી એકદમ બુમ મારી ઉઠી. “મ્હને ખાધી–ખાધી–પકડો, વાઘને પકડો–” તેની કારમી ચીસ સાંભળી ફટોફટ દ્વાર ઉઘાડી પહેરેગીર અને દાસીઓ અંદર ધસી આવ્યાં. તેની પછવાડે જમાદાર ખુશાલસિંહ અને સિપાહીઓ “ અએ ક્યા હુવા ? ક્યા હુવા ? ” એમ બોલતા દાખલ થયા. જ્યાં ખમા, ખમા, રાજ રાજેશ્વરીને ખમા, આપને એકદમ શું થયું ? હે ગુરૂ નાનક રક્ષણ કરો.”

વસંતઃ “જયા ! મ્હને એમ લાગ્યું કે જાણે હું વનમાં ફરૂં છું, એટલામાં મ્હને વાઘે પકડી પંજાની ઝડપ મારી તેથી બુમ પાડી ઉઠી અને મ્હારી આંખ ઉઘડી ગઈ. અત્યારે જમાદાર કેમ આવ્યા છે.”

જયાઃ “ આપને મહારાજા ઇચ્છે છે. ”

વસંતઃ “ શું મ્હને પ્રાણેશ્વર અરૂણોદય વખતે ઇચ્છે છે ? જમાદાર મ્હારા પર તેમની અગાધ કૃપા છે. જયા, પોશાક લાવ. ઝટ લાવ. જમાદાર, તમે ચાલતા થાઓ. હું આવું છું. ”

જમાદારઃ “ મહારાજનો હુકમ સાથે લઇ આવવાનો છે. ”

કુકડાં કુકડેકૂક કરવા લાગ્યા. કાગડાઓ કા–કા–કવા–કો બોલી માળાઓમાંથી બહાર નિકળી દિશાઓ તરફ ઉડવા લાગ્યા. વટેમાર્ગુઓ તાપના ભયથી યથોચિત ગમન પંથ કાપવા લાગ્યા. ઘુવડ, ચિબરી વગેરે નિશાચર પક્ષીઓ, સિંહાદિ હિંસક પ્રાણીઓ અને ચોર લોકો પોતપોતાના રહેઠાણમાં ત્વરાથી ભરાવા લાગ્યાં. દેવમંદિરનાં અને રાજમંદિરનાં ચોઘડીઆં કે ટકોરખાનાંના સુમધુર અવાજ, જન પ્રાણીના કાનને આનંદ આપવા લાગ્યા. ભક્ત લોકના પ્રભાતી રાગના આલાપ માનવી જાતિના હૃદયને પ્રફુલ્લિત કરવા લાગ્યા. મસ્જીદોમાં મુલ્લાંઓ નિમાજ પઢનારને જાગૃત કરવા માટે બાંગ પોકારવા લાગ્યા. એ વખતે હર્ષથી હરખાતી રાણી વસંતે ગુલાબ જળથી મુખ ધોઈ, મસ્તકના નાગણ જેવા લાંબા અને કાળા કેશને પરભોગી ચંપક તેલ લગાવી, પોખરાજ જડિત હાથીદાંતની કાંસકીથી હોળી, નક્ષત્રના તેજને મંદ કરતું જડાઉ શિષ–ફુલ ખોસી, કસબી નાડાથી

અંબોડો વાળી, સેંથામાં સિંદુર રેખા કરી, વિશાળ કપાળમાં બાળ સૂર્યના બિંબને ઝાંખો પાડે તેવો લાલ ચોળ ચાંલ્લો કર્યો. કાનમાં સસલાના રક્તને લજાવે એવા વર્ણનાં માણેક જડિત કર્ણફુલ પહેર્યાં. કંઠમાં બસરી મોતીના મ્હોટા મ્હોટા દાણાનો, બીજના ચંદ્ર જેવા આકારનાં જડાઉ ચકતાવાળો એકાવળ હાર, વાદળી રંગની કસબી ફુદડીવાળી ચોળી પર ઝુલતો પહેરી લીધો. પ્રિય દર્શનની ઇચ્છાતુરા રાણીએ, લીલાછમ રંગના રેશમી આછા પોતના ઘુઘરીઆળા ચણિયાનું નાડું, કટિમેખલાની અપેક્ષા નહિ રાખતાં, તાણી બાંધ્યું. પગમાં ન્હાની સતારીના જેવા ઝણકારા મારતાં ઝાંઝર પહેરી પાન બીડીની સ્પૃહા ન કરતાં પીળા રંગની બારિક પોતની કસબી વેલ પાંદડીવાળી બુરાનપુરી સાડી પહેરી, પગમાં મોજડીઓ ધારણ કરી ધબક્ ધબક્ કરતી જીનો ઉતરી. જમાદાર ખુશાલસિંહની આજ્ઞાથી જયાએ તૈયાર રાખેલા મ્યાનામાં બેસવા જતાં બિલાડી આડે ઉતરી! બિલાડી આડે ઉતરવાથી તેના મનમાં ધાસ્કો પડ્યો, પણ ગયા વગર ચાલે તેવું નહિ હોવાથી મ્યાનામાં બેસી ચાલી.

શાન્તિ ધારણ કરેલી રાવી સરિતાનાં નિર્મળ નીર ભગવાન સૂર્ય નારાયણના ઉત્થાપનથી ખર્ ખર્ વહેવા લાગ્યાં. જળની અંદર પવનની લહેરોથી ડોલતાં કમળ અને નલિની વિગેરેનાં પુષ્પો વિકસ્યાં. જળચર વગેરે કિનારાની ઝાડીમાં વસતાં પક્ષીઓ કલ્લોલ કરવા લાગ્યાં. રાજભવન અને મંદિરોમાં ઉત્થાપનનાં વાજીંત્ર વાગવા લાગ્યાં. હયશાળાઓના ઘોડાઓ ઘાસ દાણા માટે ખોંખારવા લાગ્યાં. રાજ રસ્તાઓ પર ધીમે ધીમે લોકોનો અવર જવર વધવા લાગ્યો. એ સમયે રાજભવનના અંદરના દરવાજા આગળ મ્યાનો ઉતાર્યો.

સહજ શાન્ત થયેલા મહારાજા રાજગીત અને ટકોરખાનાના નાદથી ઝબકી ઉઠયા, કે રાણી રાજકુંવરે મુખ પ્રક્ષાલન માટે સુવર્ણના લોટામાં ભરેલું સુગંધીમય જળ આગળ ધર્યું. મુખ ધોતાં ગુરૂ નાનકનું નામ લેતાં મહારાજા એકદમ બોલી ઉઠયાઃ “ જમાદાર. ”

જમાદારઃ “ખાલસાના ખાવિંદ હાજર છું. રાણી વસંતકુંવર આપની પાછળ ઉભાં છે.”



વસંતનું નામ સાંભળી તેના સામે પોતાની નજર મળતાંજ રૂંવાટાં ખડાં થઈ ગયાં! આખું શરીર લાલઘુમ થઈ ગયું. હૃદયમાં ઉત્પન્ન થયેલા ક્રોધાગ્નિની જ્વાળા મુખ વાટે નિકળવા લાગી. “અય! ઘાતકી ગુલામડી! તેં વનપતિના જેવા નરપતિને છેતર્યો!” એમ બોલી ભૂમિ પર પડેલી તરવાર મ્યાન બહાર કરતાં જેમ સિંહ હરિણ પર તલપ મારે તેમ રણજીતસિંહ એકદમ વસંત પર થેક્યો. થેક્યો કે તરતજ જમાદાર ખુશાલસિંહ વચ્ચે પડ્યો, અને હાથ જોડી અરજ કરવા લાગ્યો કેઃ “મહારાજ, કૃપા કરો, ક્ષમા કરો, આપના કુળને, આપના નામને, આપની કીર્તિને કલંક લાગે એવું કૃત્ય કરો માં. ગુરૂ નાનકની આજ્ઞા છે કે સ્ત્રીહત્યા એ મહા પાપ છે. આપ તેનો ઘાત ન કરો.”

આ દેખાવ જોઈ રાણી વસંત પાનખર ઋતુના વૃક્ષ જેવી બની ગઇ! આશા રૂપ પુષ્પ ખરી પડયાં! મુખનું પાણી ઉતરી જતાં રાહુએ ગ્રસેલા ચંદ્રની માફક તેનું મુખ નિસ્તેજ બની ગયું. આંખોમાંથી પડતાં ચોધાર આંસુ વડે છાતી ભીંજાઇ ગઈ. કપાળ પરથી પરસેવાનાં બિંદુ ટપકવા લાગ્યાં. કંપ વા થયેલા માનવીની પેઠે તેનું આખું શરીર થરથરવા લાગ્યું.

રણજીતસિંહઃ “ જમાદાર! તમારે બચાવ કરવાનું કામ નથી. એ દુષ્ટાએ ન કરવાનું કામ કરાવ્યું છે. વ્યભિચારિણી સ્ત્રીને મારવામાં પાપ નથી. એક ઝટકે બે કડકા. હા! વિના કારણ રાણી હિંગનને પ્યારી પુત્રી સાથે દેશવટે કઢાવી; તે પણ વળી પોતાનું કલંક છુપાવવા! જમાદાર, ગુરૂ નાનકની આજ્ઞા આડે આવે છે. શું કરૂં? હવે મ્હારો ઉપાય નથી. જાઓ, એ કાળમુખીને રાવી તટસ્થ કારાગારમાં કેદ કરો. ”

ટપક્ ટપક્ ગળતે આંસુડે વસંત, કંપતું મસ્તક નીચું નમાવી હાથ જોડી બોલીઃ “મહારાજ! મ્હારો અપરાધ ક્ષમા કરો.”

“જા, જા, નફ્ટ, ત્હારૂં મુખ મ્હને બતાવ નહિ. જમાદાર એને કેદ કરી પહેરેગીરોને હુકમ આપો કે સાવધ રહે.” એમ બોલી રણજીતસિંહ, ઝીકથી ભરેલા મુલતાની જોડા પગે પહેરી, નીચે ઉતરી દરબાર તરફ ગયા.

દરબારભુવન જુના વખતના રિવાજ પ્રમાણે જુદા જુદા દેશની

કારીગરીથી શણગારેલું હતું. આ ભવન મોગલ બાદશાહના વખતમાં આવી વસેલા કારીગરો અને તેઓનાં ફરજંદોએ નરદમ પથ્થરથી બાંધેલું હતું. તે ભવન મુસલમાન કારીગરોએ બાંધેલું હોવાથી ઘણેભાગે મુસલમાની મકાનને મળતું ભળતું દેખાતું હતું. દરબારના દરવાજામાં દાખલ થતાં પગથીઆંની બંને બાજુએ બે સિંહ બેસાડેલા હતા. પગથીઆં પર એક મ્હોટી પથ્થરની કમાન ચણેલી હતી. તેની અંદરના ભાગમાં, દૂર મધ્યમાં એક મ્હોટી અને આજુબાજુએ બે ન્હાની એવી ત્રણ સંગેમરમરના પથ્થરની કમાનો દેખાતી હતી. તેના નકસીના વેલાથી વિંટાયેલા અષ્ટકોણ સ્તંભ નીચેનાં બેસણાં અને મથાળાનાં સરાં પર બહુજ બારીકાઈ વાળી પુષ્પ પાંખડી સહિત લતાઓ ઉપસાવી કોતરકામ કરેલું હતું. તેની અંદર મહારાજાને બેસવાનું, ઉત્તમ કારીગરીથી ભરેલું સુવર્ણ સિંહાસન હતું. તેના પર મોતીની ઝુલવાળી મખમલની ગાદી પડેલી હતી. તેની બંને બાજુએ રાજ્યના સરદારો, અમલદારો અને વતનદારોને બેસવા માટે હારબંધ આપણા દેશી બાજઠના જેવા આકારનાં સુવર્ણ રંગથી રંગિત આસન નાંખેલાં હતાં. ભોંય તળીએ ધોળા, લીલા, પીળા અને કાળા આરસપહાણના કડકા ગોઠવી, તેની કિનારી પણ એજ પત્થરના રંગબેરંગી કડકાથી બાંધી, ગાલીચા માફક બનાવી દીધું હતું. ભીંતો પર વિવિધ જાતના રંગથી ચિતરેલા, જુદી જુદી જાતના વેલાઓ, ઉપર બેસતાં, ઉડતાં, સામ સામી ચંચુ પ્રહાર કરતાં, પુછડીઓ પટપટાવતાં, મુખમાં ફળ ફુલ પકડતાં, સૃષ્ટિની સૌન્દર્યતા રૂપ રંગ અને રૂપથી સુશોભિત પક્ષીઓ મહા વનની લતાઓમાં કલ્લોલ કરતાં પક્ષીઓની માફક દેખાતાં હતાં. વળી તેની ઉપર ઝુલતી જરી કસબની ઝાલરના મ્હોટા મ્હોટા ગુચ્છાઓ લટકી રહ્યા હતા. તેની છતની મધ્યમાં એક મ્હોટું બિલોરી કાચનું છ માળનું ઝુમ્મર, અંગદના પારણે લટકાવેલા દશાનની રાવણના મહા મૂલ્ય રત્નથી જડેલા મુકૂટની પેઠે ઝળકારા મારતું હતું.

સ્હવારના આઠ વાગતાં તુરઈ વાગી કે એક પછી એક સરદારો અને અમલદારો વિવિધ જાતના પોશાકમાં સજ્જ થઇ, કમ્મરે લટકતી તરવારો બાંધી હાથમાં ચક્ર પકડી દરબારમાં આવવા લાગ્યા. એક બાજુએ રાજા તેજસિંહ,



રાજા સાહેબ દયાળ, રાજા રળીઆરામ, સરદાર શિરોમણી હરિસિંહ નળવો અને પંડિત શંકરનાથ બેઠા. બીજી બાજુએ ખાલસાનો સ્તંભ છત્તરસિંહ, દિવાન અજોધ્યાપ્રસાદ, પ્રધાન ફકીર અજીજુદ્દીન, ખલીફા નુરૂદ્દીન, હકીમ મોહીયુદ્દીન, ઇમામુદ્દીન અને ખુબસુરતીનો ઝરો ખુદાયારખાન અને તિવાણ ઘોડેસ્વારોનો સરદાર દરબારી ઠાઠના નિયમ પ્રમાણે હથીઆર સજી બેઠા. રાજ સિંહાસનની બંને બાજુએ હજુર રક્ષક ધોકળસિંહ અને રાજ્ય ગૃહ રક્ષક રાજા ધ્યાનસિંહ ખુલ્લી તરવારે ઉભા રહ્યા.

અલ્પ સમય વ્યતીત થતાં "ઘણી ખમા! ઘણી ખમા, આસ્તે કદમ, મહારાજાધિરાજ પંજાબ પતિને ઘણી ખમ્મા!" એ પ્રમાણે નેકીદારે હાંકલ મારી કે તરતજ સર્વ દરબારીઓએ એકદમ ઉભા થઇ જઇ કુર્નિસ બજાવી એટલે મહારાણા રણજીતસિંહ સિંહાસનારૂઢ થયા. પ્રધાન અજીજુદ્દીને રાજ્યની જમાબંધી સંબંધી સર્વ હકિકત જાહેર કરી. સેનાપતિ હરિસિંહે ખાલસાના સૈન્યની કુશળતા નિવેદન કરતાં મી. વેન્ચુરા સૈન્ય સુધારવા પાછળ ઉત્સાહથી રાજ્ય સેવા બજાવે છે તે પણ જાહેર કર્યું. તોપખાનાના ઉપરી ઇલાહીબક્ષે નવીન તોપોનો વધારો કરવાની અરજ રજુ કરી.

આ પ્રમાણે દરબારીઓ રાજ્યની હકિકત નિવેદન કરતા હતા પણ મહારાજાનું મન તો માત્ર વસંતકુમારીના દુષ્ટાચરણમાં અને હિંગનકુમારીના પવિત્રપણામાં તલ્લીન થયેલું હતું; છતાં "બ્હોત ખૂબ, બ્હોત ખૂબ" કહેતા હતા. આ સમયે રાણી વસંતને કારાગારમાં નાંખી જમાદાર ખુશાલસિંહે દરબારમાં હાજર થઇ આજ્ઞા અમલમાં મૂક્યાની બિના મહારાજાને નિવેદન કરી. તે સાંભળી સહજ હસ્તે વદને મહારાજે કહ્યું: "મ્હારા વિશ્વાસુ જમાદાર! હું ત્હારો આભાર કદી નહિ ભૂલું." એમ બોલી તેમણે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો.

આ માર્મિક વૃત્તાન્ત સાંભળી સર્વે સરદારો અને અમલદારો ચકિત થઈ એક બીજાના મુખ સ્હામું ટગર ટગર જોઇ રહ્યા, પણ હકિકત પુછવા કોઇની હિમ્મત ચાલી નહિ.

દરબાર બંધ કરવાની આજ્ઞા ફરમાવતાં મહારાજા પોતે ઉભા થયા એટલે દરબારીઓએ નમન કર્યું. તે ઝીલતાં ઝીલતાં "આસ્તે કદમ, ઘણી

ખમ્મા," એવા નેકીદારના અવાજ સાંભળતાં તેઓ પોતાના રણવાસ તરફ ગયા. દરબારીઓ ગુપચુપ રવાના થયા.

આખી રાત્રિમાં જેણે એ ઘડી પણ સુખશાન્તિથી નિદ્રા લીધી નથી, હસ્તે મુખે જે વાત કરી શકતા નથી, ભોજનનો સમય થયા છતાં તે તરફ જેનું લક્ષ્ય નથી, જેને કોઇની સાથે વાતચિત કરવી રૂચતી નથી, જેના હાથ પગ શિથિલ અને ઠંડા થઇ ગયા છે, જેના કપાળ પર પસિનાના મોતીયા જામી ગયા છે, જેના અધર ફીકા પડી ગયા છે; તેવી અવસ્થામાં હિંગનકુમારીના પ્રેમપાશમાં ઘેરાયલા મહારાજા રણજીતસિંહ એકદમ પોતાના પલંગ પર જઇ ચત્તાપાટ પડયા.

પાઠક, આવો! ત્હમને પ્રેમી માનવીના પ્રેમનું ભાન કરાવીએ. સદ્‌ગુણાલંકૃતા, સ્વામી પરાયણા, ગૃહિણીના વિયોગની વેદના જેના હૃદયને થતી નથી તેને નિષ્ઠુર હૃદયી માનવો, એ કંઈ અવિવેકની વાત નથી. જુઓ, મહાન પ્રતાપી શ્રીરામને સીતાનો વિયોગ. એ વિયોગ પ્રત્યે કોઇ મશ્કરી કરે તો તેને હૃદયશૂન્ય પ્રેમી કહેવો, ને તેવા માનવીનો વિશ્વાસ કરશો નહિ. ધીમેથી આવો અને આ જાળીમાં નજર નાંખો. જુવો, ત્યાં માત્ર એકલાજ પંજાબ પતિ છે. તેમની પાસે રક્ષક વગેરે કોઈ માનવી નથી. તેઓ પ્રગાઢ ચિંતામાં નિમગ્ન થઈ વિરહાલાપ કરે છે. ચિન્તાથી તેમનો દેહ અવસન્ન થઇ ગયો છે. અસહ્ય વેદના ઉત્પન્ન થવાથી મુખ વાટે નિઃસ્વાસ સાથે વિરહાનળની જ્વાળા નિકળે છે. આ સમયે એ બડબડે છે કેઃ "પ્રિયે હિંગન! મ્હેં શું ત્હને ગુમાવી છે? સાંસારિક કપટ પાશથી બંધાઇ અધીરો થઈ, એક નીચ નિર્લજ દગાખોર વસંતના કહેણથી, એકદમ સાહસિક બની તેને ખુશી કરવા ત્હને દેશવટે કહાડી? હાય! મ્હારૂં જ્ઞાન નાશ પામ્યું! ત્હને દેહાંતદંડની શિક્ષા કરવા તત્પર થયો! પ્રિયે! ત્હેં શું આ પામરને હસ્તે ત્હારૂં અમૂલ્ય જીવન રત્ન હરાવાની ધાસ્તીને લીધે, આ પાપી પૃથ્વીનો પરિત્યાગ કરવો યોગ્ય ધારી, પરપૃથ્વીનો સ્વીકાર કર્યો? પ્રિયે! માત્ર એક તુંજ મ્હારી હતી. હવે આ પાપ પૃથ્વીમાં મ્હારૂં કોઇ નથી. તેં ઘણી વખત સ્ત્રી ચરિત્રની કપટજાળથી મ્હને બચાવ્યો હતો, પણ હું કામાંધ



ત્હને બચાવી શક્યો નહિ. હાય! ઉઃ હાઃ! મ્હારૂં હૃદય ફાટી જાઓ. હવે મ્હારાથી વેદના સહન થઇ શકતી નથી. જ્યારે પાસે હિંગન નથી ત્યારે મ્હારે જીવવાનું કારણ નથી. ત્હારી આંખેથી વહેતાં ચોધાર આંસુડાંથી મ્હારૂં કાળા પથ્થર જેવું નિષ્ઠુર હૃદય પલળી પિગળ્યું નહિ! પ્રિયે! ત્હને શોધવા માટે તો રાજપાટ મુકી ત્હારી પાછળ સંન્યાસી થઈ, રાને રાન, વને વન, નગરે નગર, ગામે ગામ, પ્હાડે પ્હાડ અને નદી નાળાંમાં ભટકું પણ શું કરૂં? હાય! શું કહું! આ રાજ્યની જાળ પાશમાં ફસાયો છું! કુમાર ખડગસિંહ રાજતંત્રથી અજ્ઞાત છે, કુમાર શેરસિંહ નાદાન વયનો છે અને શત્રુ વારંવાર કિલ્લા પર ડોકિયાં કર્યાં કરે છે. એની દરકાર ન રાખતાં મ્હારા મનનું ધાર્યું કરૂં, પણ મ્હારી સંતતિ, મ્હારી ગરીબડી પ્રજા, અને મ્હારા સરદારો અંતે કોઇ દુષ્ટ રાજાના પાદ તળથી કચડાઇ ખાખા વીખી થઇ જાય! તે જોઇ શત્રુ હસે. હાઃ મહા દુઃખની વાત! હવે હું ચારે બાજુથી ખગ્રાસ ગ્રહણની પેઠે ઘેરાઈ ગયો છું. હે ગુરૂ ગોવિંદ! હે પ્રભુ! મ્હને બચાવો. પ્રિય વાદિની! ત્હારા જીવિત દેહનું તો નહિ પણ મૃત દેહનું એ દર્શન થવું મુશ્કેલ છે. ત્હારો વિયોગજ સહન થતો નથી, તો કોઇ વખત ત્હારા મૃત્યુનો સંવાદ સાંભળીશ તે મ્હારાથી કેમ સહન કર્યું જશે? ત્હારી ભીડ શું મેહેતાબ કુંવર, રાણી રાજકુંવર વગેરે અન્ય રાણીઓથી ભાંગશે? મ્હારી તબિયત સારી ન હોવાના પ્રસંગે ત્હારી માવજત, ઔષધોપચાર કરવાની ખંત મ્હને યાદ આવે છે. વળી સમરક્ષેત્રમાંથી થાકીને અથવા હાર ખાઇને આવતો ત્યારે ત્હારો સુખ ભર્યો દિલાસો અને વિજય વખતની ત્હારી ખુશાલી મ્હારાથી વિસ્મૃત થતાં નથી. પૂર્વ જન્મનાં મ્હારાં કયાં પાપે મ્હને આ દુઃખ દરીઆમાં ફેંક્યો? તું મ્હને કેમે કરી ભૂલાવાની નથી. ત્હારા વિરહથી આ ક્ષણે મ્હને જે વેદના થાય છે, તેના આગળ શત્રુઓના તરવારના ઝટકા, તીરના ઘોંચારા અને બંદુકની ગોળીઓની વેદના હું તુચ્છ માનું છું! ક્યાં જાઉં? ક્યાં જવાથી ત્હારૂં પ્રેમપૂર્ણ હાસ્ય મુખ નિહાળું? હાય! હવે શું હું ત્હને નહિ જોઉં? મ્હારા પાષાણ હૃદયમાં ત્હારી આનંદદાયી મૂર્તિ ચિરકાળ માટે અંકિત રહી છે. તે જળથી, પવનથી, અગ્નિથી, તરવારોના ઝટકાથી, બરછી ભાલાના ભોંકાટથી કે કોઇ રીતે વિલય થવાની

નથી. મ્હારો દેહ મરણાન્તે ભષ્મવત્ થઈ જશે, છતાં ત્હારી મૂર્તિ તો મ્હારા આત્મામાં અંકિતજ રહેશે. ત્હારાં જે જે કાર્ય, પ્રકાશિત કિંવા અપ્રકાશિત, માનવ જનમાં કે નિર્જનમાં, રોશમાં કે પ્રેમમાં યાદ આવે છે, મુખ આગળ તાદ્દશ થાય છે, તે તે દુઃખસાગરમાં ડોલતાં છતાં મન પ્રફુલ્લિત થઇ પળમાં સુખસાગરમાં ડોલાવે છે. જે જે સંકટ સમયનો ત્હારો પ્રેમભર્યો દિલાસો, નિર્જનનો હિતોપદેશ, માનવ રાજહંસી ! ત્હારી મનોમોહિની મદદ, શિખામણ, નયનમાં હાસ્ય કટાક્ષ, આવેશભર્યો ભાવ, એમાંથી એકેય મ્હારાથી દૂર કર્યું જતું નથી ! વળી તે આ પાપ સંસારમાં અન્યત્ર પ્રાપ્ત થવાનું નથી. જ્ઞાની લોકો એનેજ સ્વર્ગ સુખ કહે છે. એ સુખ કેમ કરી ભૂલીશ ? પ્રિયે ! ત્હારૂં મુખ કેમ ભૂલીશ ? જે મ્હારૂં ધ્યાન, જે મ્હારૂં ધ્યેય, તે મુખચંદ્ર કેમ કરી વિસરીશ ? જ્યાં જ્યાં હું નજર નાંખું છું ત્યાં ત્યાં ત્હારૂં સુખપ્રદ શાન્તમુખ નજરે પડે છે. હાય ! મ્હારૂં તે ચિર પરિચિત, આસ્વાદિત, અમૃતપૂરિત, મુખ કેમ ભૂલીશ ? પાણી પીવાથી તૃષા છિપે છે, પણ ત્હારા અધરામૃતના સુખ–પાને મ્હારી તૃષા ન છિપતાં એવડી વૃદ્ધિ પામે છે. હાઃ તે પુનઃ પુનઃ આશ્વાદિત, પ્રેમથી પુનઃ પુનઃ આશ્વાદિત, ત્હારૂં મુખ કેમ ચુકીશ ? તું મ્હારી ચંદ્રિકામયી સરિતા, દેહનો ચંદન રસ, આંખોનું રસાંજન, હૃદયનું હૃદય, પ્રાણનો પ્રાણ, તેના મુખને હાઃ કેમ કરી ભૂલું ! તું મ્હારા હૃદય સરોવરનું સુવર્ણ–કમળ, હું ત્હને કેમ કરી ભૂલીશ ? આ જગતમાં ત્હારા મુખની તુલના કહીંએ ખોળી જડે તેમ નથી. ભૂલવાને યત્ન કરૂં છું તો ત્હારૂં મુખ નજરે પડે છે. મેહેતાબકુંવર, રાજકુંવર અને મોરાનથી ત્હારી ખોટ પૂરી પડે તેમ નથી. કોઇ દુષ્ટ ગ્રહે મ્હારા હૃદય ગૃહમાંથી ત્હારૂં અપહરણ કર્યું. મ્હારૂં સુખ વિદ્યુતના ઝબકારાની માફક ચાલ્યું ગયું ! પૂર્ણ યૌવના, સર્વાંગ સુંદરીનું હસતું મુખ, તાંબુલના રંગથી રંગિત, લાંબા કેશવાળું મુખ ક્યાં ગયું ! સ્ત્રી વિયોગ આવો ભયંકર વ્યાપાર છે, એમ માનતાં મન પાછું હઠતું હતું; .પણ આજે માનવામાં આવ્યું કે પતિને માટે આવો બીજો ભારે દંડ જગતમાં નહિ હશે ! હું કાય, મનોવાક્યથી ગુરૂ નાનકને સન્મુખ જાણી કહું છું કે કોઇની પત્ની મરશો નહિ !



પત્નિ એ સંસારમાં અમૃત રૂપ છે. તેના અભાવે તમામ વિષમય છે. આજે મ્હને તમામ દિશાઓ ભયંકર રાક્ષસી થઇ ગળવા આવે છે ! વેદનાથી દેહ જર જર બળે છે ! કંઇ સુખ પડતું નથી. ધૈર્ય વગેરે સદ્દગુણો મ્હારો ત્યાગ કરી ગયા છે. હાઃ હાઃ તું ખિલતા કમળ પુષ્પની પેઠે, મુખ–કમળ ખિલાવી પ્રાણેશ્વર પ્રાણેશ્વર ઝંખતી આવ. એક વાર ત્હને આલિંગન દઇ ત્હારા વદન સુધાકરનું સુખ લઉં, અને મીઠી મીઠી વાતો સાંભળું–સંભળાવું. પ્રાણેશ્વરી ! આવ એક વાર પ્રેમાલાપથી સંતુષ્ટ કર. મ્હારો અપરાધ ક્ષમા કર–સ્વામી જાણી ક્ષમા કર. હું ત્હારા ચરણ ઝાલી ક્ષમા, પ્રાર્થના કરૂં છું કે મ્હારા પર પ્રસન્ન થા. મ્હારાથી દૂર થઇ નિર્દય થા નહિ. આજે ત્હારા પ્રેમે, હાવે, ભાવે, સેવાએ, મ્હને સાત પાતાળ તળમાં ફેંકી દીધો છે." આ પ્રમાણે પશ્ચાતાપ કરતો પંજાબપતિ રાજા રણજીતસિંહ, આંખો પર હાથ દઇ મૂર્છિત થયો !

---

## પ્રકરણ ૩ જું.

### વાટ. ( સિયાલકોટમાં હિંગનકુમારી ).

ગ્રીષ્મ ઋતુનું પાછલું પખવાડિયું ચાલે છે. જેષ્ટ કૃષ્ણ પક્ષની નવમીની પાછલી પ્હોર રાત્રિ બાકી રહેતાં, જાગતી ઉંઘતી, પોતાને માથે અણધાર્યું આવી પડેલું આળકષ્ટ સ્વપ્નાવસ્થામાં વિલોકતી, પંજાબપતિની રાણી હિંગનકુમારી સફાળી ઉઠી, ઉભી થવા જતી હતી, પણ દુઃખથી ગાત્ર શિથિલ થઇ જવાને લીધે પાછી લથડી પડી. તેના ધબકારાથી જોડેના ખંડમાં સુતેલો ધર્મસિંહ જાગી ઉઠયો. ધબકારાથી ધાસ્તીમાં પડેલો ધર્મસિંહ જેવો પોતાના ખંડમાંથી બહાર નિકળી મહેલની રોનકદાર કમાનવાળી રવેશ ઓળંગી રાણી તરફ જતો હતો, તેવોજ તેના લમણામાં કમાનનો સ્થંભ ટીચાયો. તેથી તમ્મર ચઢી જવાથી હાઃ ગુરૂગોવિંદ બોલી ભૂમિ પર બેસી પડયો. ભાન આવ્યા પછી બોલ્યોઃ " હે હરિ!

ત્હારી ગતિ ગહન છે, ત્હારી કળાને, ત્હારી માયાને, ત્હારી કૃતિને કોઇ જાણી શક્યું નથી, અને જાણી શકવાનું પણ નથી. તું દયાળુ હોવા છતાં નિર્દયની પેઠે પડતા પર પાટુ મારે છે. દુઃખાગ્નિમાં ઘી હોમે છે. તું વખતે એવો નિષ્ઠુર અને નિર્દય બની જાય છે કે મ્હોટા મહાત્મા પણ ત્હારા તરફ તિરસ્કાર બતાવ્યા વિના રહેશે નહિ. તું ઘણી વખત એવાં આચરણ આચરે છે કે શ્રદ્ધાળુને ત્હારા તરફની શ્રદ્ધા ઓછી થયા વગર રહેતી નથી. જ્ઞાની લોકો ત્હારો વાંક નહિ કહાડતાં પ્રારબ્ધનો દોષ કહાડશે, પણ માયાપાશથી બંધાયેલા સંસારી જીવો ત્હારો વાંક કહાડયા વિના રહેનાર નથી. હશે, ત્હને ગમ્યું તે ખરૂં. હમણાં તો રાણી પાસે જઇશ, પછી જેમ જેમ વખત આવશે તેમ તેમ ત્હારા ગુણાવગુણનું ગાન કરીશ." શયનગૃહના દ્વાર પાસે આવી દાસીને ઉઠાડી દ્વાર ખોલવા કહ્યું. આ બંનેની વાતચિત સાંભળી સહજ કળ વળ્યાથી જવાને તૈયાર થતી રાણીએ અનુપના પારણા પાસે જતાં દ્વાર ખોલ્યું, એટલે ધર્મસિંહે પ્રણામ કર્યો.

હિંગનઃ "બાબા ! ધર્મસિંહ ! પરોઢિયું થવા આવ્યું છે. હું તૈયાર છું. માત્ર અનુપને જાગ્રત કરી તેડી લઉં એટલીજ વાર છે."

ધર્મઃ માઇ ! આપનો સેવક હાજર છે, પણ તૈયાર થયા વગર આવ્યો છું. આપના ખંડમાં થયેલો ધબકારો સાંભળી એકદમ આવ્યો. આપ અનુપ માઇને જાગ્રત કરો. હું મ્હારાં એ કપડાં લઇ આ આવ્યો."

રાણીએ અનુપને જગાડવા ઘણી મહેનત કરી, પણ ગ્રીષ્મ ઋતુની પાછલી રાત્રિની ગુલાબી ઉંઘે તેને જાગૃત થવા દીધી નહિ; તેથી તેને ઉંઘતી જ તેડી લેવાના વિચાર કરતી રાણીએ રણવાસનાં કપડાં તજી વનવાસનાં કપડાં પહેર્યાં, અને સાથે લઇ જવા માટે તૈયાર કરેલી ન્હાની પોટલી; જે સ્કંધ, હીરા, મોતી અને સુવર્ણના હાર મહા મુશીબતે ધારણ કરતા, તે સ્કંધ પર ભેરવી. તે વખતે હીમગિરિનાં હરિણની આંખોને લજાવે એવી, વિશાળ કર્ણ સુધી પહોંચતી, બંને આંખોમાંથી, બળતી છાતીને બાળે એવાં ગરમ આંસુ ગળક્ ગળક્ ગળવા લાગ્યાં. તેણે ગળતે આંસુડે પારણામાંથી ઉંઘતી અજ્ઞાન પુત્રીને લીધી, અને જે કટિ સુવર્ણકટિ મેખલાનો ભાર ઉંચ-



કવા અશક્ત રહેતી, તેજ કેડ પર તેને બેસાડી બોલીઃ "દક્ષજા ! તેં મ્હારી ઘણી સેવા બજાવી છે, લે, આ હાર. ત્હારા રાજાને કહેજે કે આપની આજ્ઞાને માથે ચઢાવી આપની અભાગિણી રાણીએ પુત્રી અનુપ સહિત પંજાબની પૃથ્વીને પાયે પડી, પાપી પિંડમાં રહેલો પ્રાણ લઈ, આખરે રાજ્ય વૈભવથી પ્રાપ્ત થતા સુખને હમેશને માટે તિલાંજલી દઇ વેરાગણના વેશે પરદેશની વાટ લીધી છે." એ પ્રમાણે કહી મહેલના દરવાજા બહાર નિકળતાંજ, કમ્મરે ટુંકી તરવાર લટકાવી, સ્કંધે કમાન બાણ ભેરવી, આગળ ચક્કર લટકતું રાખી ઉતાવળે પગે ચાલતો ધર્મસિંહ મળ્યો.

ધર્મસિંહઃ " માઇ ! લાવો અનુપ માઇને હું લઉં."

હિંગનઃ " બાબા ! હવે માત્ર આધાર એક ઇશ્વરનો કે ત્હારો. લે આ પુત્રી."

બંને જણ ચુપ ચુપ શહેરનો રાજ માર્ગ વિતાવી દરવાજા આગળ આવ્યાં. દરવાને પુછ્યુંઃ " કોણ ?"

ધર્મસિંહઃ " વટેમાર્ગુ."

આવો ઉત્તર દઇ કાશ્મીરી દહોડીનો દરવાજો વિતાવી બન્ને મેદાનમાં આવ્યાં. આ સમયે ભરભાખળું થયું હતું. વેરાગણના વેશમાં છુપાયલી રાણી હિંગન લથડતે પગે ચાલતી હતી. અરે દૈવ ! ત્હારી કળા અકળિત છે. પંજાબના સિંહની રાણી, તેના મુખનું પાન, તેના હૃદયનું હારદ, રાણી હિંગન વેરાગણ ! દૈવ ! તું સદ્‌ગુણીને કનડી બહુ રમુજ મેળવ ના. અતિશય કંઈ સારૂં નહિ. આખરે ત્હને કોઇ નિષ્ઠુર–નિર્દય કહેશે, અથવા તો કોઇ સતી સાધ્વી શાપ દેશે તો દેવતાના રાજા ઇંદ્રની પેઠે દેહ પર હજારો ભગ પડી જશે ! દુઃખી પર દયા રાખી મોટમ મેળવતાં શીખ."

વાંચક ! જુઓ, એક કાળે જેના મુખનું દર્શન સૂર્યનારાયણને થવું મુશ્કેલ હતું, તેને આજે માર્ગમાંથી જતાં ભિન્ન ભિન્ન જાતના હજારો લોકો જુએ છે ! જેને મ્યાનામાં બેસાડી કહાર લોકો જળના રેલાની પેઠે ચાલતા, તેને આજે પોતાને પગે ટગર મગર ચાલવું પડે છે ! જેની મુસાફરીનો બોજો સેંકડો ગાડાંમાં ભરવામાં આવતો તેની પાસે સામાનમાં આજે માત્ર એક

ગાંસડી ! જે શરીર પર સવા લાખની જરી કસબની સાડી પહેરવામાં આવતી તે શરીર પર આજે ધોળા મલમલનો સાળુ પહેર્યો છે! જે મસ્તક પર શીષ ફુલ–મધુર કલાપ મુકવામાં આવતો તે મસ્તક પર આજે ભારે ગાંસડી છે ! નિતંબ પ્રદેશ વિતાવી જાન્હુ દેશને સ્પર્શ કરતા લાંબા કેશને વિવિધ જાતનું સુગંધિત તેલ ઘસી, નાગની ફણા જેવો અંબોડો વાળી, જરીના નાડાથી બાંધી, સેંથામાં સિંદુર રેખા પુરવામાં આવતી તે આજે છુટો વિખરાયલો છે! જે કપાળ પર બાળ સૂર્યના રંગને ઝાંખો પાડે તેવો ચાંલ્લો થતો તે જગ્યાએ આજે ગોપીચંદનનો ટીકો કર્યો છે ! જે બાળકી સુવર્ણ પારણામાં ઝુલતી તે આજે ધર્મસિંહના વાંસા પર કટકા લુગડાની ઝોળીમાં પડી પડી ઓ માઇ ! ઓ માઇ ! કહી ઝંખે છે ! મહારાજા દાતણ પાણી કરી જેનું મુખ જોતો તેના મુખ પર, ચાલવાથી રસ્તાની ઉડતી ઝીણી ધૂળ ભરાય છે ! સહજ રડતાં જે અનુપને સેંકડો દાસ દાસીઓ ખમ્મા ખમ્મા કહેતાં તેને આજે "છાની મર ! છાની મર !" એમ કહેવાય છે ! શી દૈવની લીલા ?

આવી દશામાં ધર્મસિંહ આગળ અને પાછળ રાણી હિંગનકુમારી ચાલતાં ચાલતાં શહેરની હદ બહાર થવા આવ્યાં. ધર્મસિંહ બોલ્યો: "માઇ ! આ તરફ રાયગઢ જવાનો માર્ગ છે માટે એમ ચાલો."

હિંગનકુમારી: "બાબા ! હવે મ્હારે રાયગઢ જવાનું ? મ્હારા પૂજ્ય પિતા અજોધ્યાસિંધની, જેલમ સરિતાના જેવી નિર્મળ કીર્તિને કલંક લગાડવા ? ધર્મસિંહ મ્હારો વેશ જો ! હવે હું રાજપત્ની નથી પણ એક સામાન્ય વેરાગણ છું. હવે તો ભારતના ભૂષણરૂપ કાશ્મીર દેશમાં બિરાજતા શ્રી શંકરના દેવળમાં વસી ફળ ફુલ ખાઈ હું મ્હારી જીંદગી ગાળવા ઇચ્છું છું."

ધર્મસિંહ: "મહારાજાની આજ્ઞા આપને પિયેરમાં પ્હોંચડવાની છે, તે આપે સાંભળ્યું છે, છતાં આ પ્રમાણે કહો તે સારૂં નહિ."

હિંગન: "બાબા ! ત્હારી વાત સત્ય છે. તેમની આજ્ઞા મ્હારે શિરોધાર્ય, પણ હું રાજ વૈભવી રાજરાણી નથી, વેરાગણ છું. હું ત્હને કરગરી કહું છું કે જો તું મ્હારૂં કુશળ ચ્હાતો હોય તો મ્હને હું કહું છું ત્યાં લઇ ચાલ."



આ પ્રમાણે ચાલતાં ચાલતાં, બંને જણ વાદવિવાદ કરતાં, રાવી નદીના કિનારા પર આવ્યાં. ભગવાન પદ્મિની પતિએ ધર્મસિંહે પોતાની પીઠે લટકાવેલી ઝોળીમાં ડોકિયું કરવાથી અનુપ ઝબકી જાગી: "ઓ–માઈ–ઓ માઇ–મ્હને ખાવું છે. મ્હને દુધ પા." એમ બોલતી રડવા લાગી, તેથી તેને ધર્મસિંહ પાસેથી લઇ, સુવર્ણમય સિંહાસન પર બેસનારી રાણીએ, રાવીને કિનારે, મધ્યાહ્નને વખતે, સૂર્યના પ્રતાપી કિરણોથી મરકત મણી પેઠે ચળકતી રેતી પર આસન કર્યું, અને અનુપને ખોળે લઈ બોલી: "મ્હારી આંખની કીકી–દુઃખનું વિસરામણ, મહારાજાના પ્યારનું મોતી, બેટા છાની–છાની, ત્હને ભાખરી આપું છું, હોં." એમ કહી છાતી સરસી દાબી, મુખચુંબન કરી, દુઃખાશ્રુથી તેનું સર્વાંગ ભિંજવ્યું. "બાબા, ધર્મસિંહ ! આ પાત્રમાં જળ લાવો." રાણીએ જળથી તેનું મુખ ધોઈ ભાખરી ખાવા આપી. ત્યાર પછી સામે કાંઠે જવા સારૂ ધર્મસિંહે અનુપને કેડે લઇ જળમાં પ્રવેશ કર્યો. તેની પાછળ હિંગનકુમારી પણ મસ્તકપર ગાંસડી મૂકી ચાલવા લાગી. જળ છાતી બરોબર આવ્યું. જેણે કદી જળમાં કે માર્ગમાં પગ મુક્યો નથી તે છાતી સમાણી જળમાં ગયાથી ગભરાવા લાગી પણ ધર્મસિંહે પોતાની લાકડી તેના હાથમાં પકડાવી. તે આધારે રાણી ધીમે ધીમે પાર ઉતરી અને કપડાં બદલ્યાં. જળથી ભીંજાયલું લુગડું રેતી પર સુકવ્યું. સ્હામી બાજુએ નજર નાંખી જોયું તો મરૂભૂમિના જેવું વિશાળ મેદાન. તેમાં ખરા બપોરનો વખત. તાપ તો કહે મ્હારૂં કામ. આવો સમય જોઇ ધર્મસિંહ બોલ્યો: "માઈ, બીનું કપડું માથે નાંખી લ્યો, નહિ તો ગરમી લાગશે. હવે બેસી રહેવાનું કામ નથી. જેમ બને તેમ સંધ્યાકાળ પહેલાં કંઇક આશ્રમ કરવો પડશે."

"ચાલો, બાબા, ચાલો." હે પ્રભુ ! મ્હેં મ્હારા સ્વપ્નમાં પણ એમ ધાર્યું નહોતું કે, મ્હારે આવો વખત આવશે. હજી દૈવે શું ધાર્યું હશે ! હું અભાગિણીના દુઃખમાં ત્હારો પણ ભાગ હશે. બાબા ! દૈવ જાણે પૂર્વજન્મે શું પાપ કર્યાં હશે ! આ કઈ ભૂમિ ?" એમ પૂછતી રાણી ધર્મસિંહની પાછળ ચાલવા લાગી.

ધર્મસિંહઃ "આ કાસ્મીર જવાનો માર્ગ. આ ભૂમિ પર હજારો વખત રણસંગ્રામ થયાં હતાં. લાખો લોક આ સમરક્ષેત્રમાં સામસામી તરવારથી કપાઇ ગયા હતા. મહારાજા પણ આ સમરક્ષેત્રમાં ઘણી વખત ઉતર્યા હતા. આ ભૂમિએ હિંદુ અને મુસલમાન બંનેનું લોહી ચાખ્યું છે. એક વખત એવો પણ હતો કે આ સ્થાનમાં લોહીનાં વહેળકાં વહેતાં હતાં. માર્ફ! હજી હરિ જાણે. આ પરાધીનપણાની બેડીથી બંધાતી ભૂમિના ભાગ્યમાં શુંયે લખ્યું હશે! આ પવિત્ર પૃથ્વી, પૃથુરાજના વખતથી વિદેશી લોકના પાદ પ્રહારથી કચડાઇ જઇ નિસ્તેજ, નાકૌવત બની મૌન્યવ્રત ધારણ કરી બેઠી છે! હમણાં ભારતભૂમિનો સૂર્ય દિનપ્રતિદિન અસ્તાચળમાં અંતર્ધાન થતો જાય છે!"

હિંગનઃ "ભારત માતને જે ગમ્યું તે ખરૂં! મ્હારાથી હવે તાપ સહન થતો નથી, વળી ત્હારી કમ્મરે લીધેલી બેટીના મસ્તક પર કપડું નાંખ્યા છતાં, જો, જો, તેનું મુખ લાલ થઇ ગયું છે. અસહ્ય તાપ સહન કેમ થાય?"

આ સમયે પ્રચંડ માર્તંડ મસ્તકોપરી થઇ બાજુએ જતો હતો, છતાં પૃથ્વી ધગ્ ધગતી હતી. પાંશુરાશિ સૂર્યકિરણ સ્પર્શથી બળતો હતો. કાંકરી અને રેતી, અગ્નિના અંગારા જેવાં બની ગયાં હતાં. કોની તાકાત કે ભૂમિ પર ઉઘાડો પગ મૂકી શકે! અડવણ પગે ચાલનાર અરણ્યવાસીને પગે પણ ફંફોલા ઉઠે! ચારે દિશાઓ ઝોં ઝોં સોં સોં કરી રહી હતી. ઉન્હો પવન અગ્નિના પ્રવાહ પેઠે વહેતો હતો. ચારે તરફ નજર ફેરવતાંજ જણાય છે કે જાણે આખી પૃથ્વી પર અગ્નિ લાગી ઉઠ્યો છે! માયાવી મૃગજળ, સ્થાને સ્થાને માયા જાળ વિસ્તારી, આજુબાજુ વનમાં વસતાં તૃષાર્ત હરિણ દંપતીના પ્રાણ હરે એવું દેખાતું હતું. મેદાનમાં છાયા, જળ, તૃણ, વૃક્ષ કંઈ નહોતું. ઘર કે ખેતર કંઇ નહોતું. તેમજ તેમાં વસનાર પણ કોઇ નજરે પડતું નહોતું. વટેમાર્ગુ તેમજ અન્ય આશ્રમ પણ નહોતો, તેમજ રાણી હિંગનને ચાલવાની શક્તિ પણ નહોતી. વાયુ ઉષ્ણ, દેહ ઉષ્ણ, અને નિઃશ્વાસ ઉષ્ણ થઇ ગયો હતો, તેથી તે છેક થાકી ગઇ હતી. આવા



સમયમાં આવા પ્રદેશમાં કોણ તેને મદદ કરે! આ વખતે તેને ભારે ખેદ થયો. આંખોમાંથી આંસુ ખરખર પડવા લાગ્યાં. સંધ્યા સમયે તેઓ એક ન્હાના ગામમાં આવી પહોંચ્યા. રાત્રિનો વખત એક ગરીબ કૃષીકારની વાડીમાં ગાળ્યો. પ્રભાતમાં ઉઠી ચાલવા માંડ્યું. એ પ્રમાણે દિન પ્રતિદિન અસહ્ય નૂતન યાતના ભોગવતાં ભોગવતાં માસેકે કા-મોક આવ્યાં. કામોક એ પુરાતન વખતમાં એક નાનું સરખું શહેર હતું. આ શહેરની સરાઇમાં* નિવાસ કરી ધર્મસિંહ બજારમાંથી ભાતું લઇ આવ્યો. કુંવરી અનુપને ખવરાવી બંને જણે ખાધું. અતિશય તાપ લાગવાથી તેઓ થાકી ગયાં હતાં, તેમાં વળી ધર્મસિંહને લુનો આંચકો લાગવાથી આ જગાએ વધારે રહેવાની જરૂર પડી. ત્યાં રાતવાસો રહેવાના નિયમથી વધારે દિવસ થવાને લીધે તેના રખવાળે કહ્યું: "તુમકું માસ દેઢ માસ હુવા, અબ સરાઈમેંસે નિકલ જાઓ."

આ વાત સાંભળી ગભરાઇ ગયેલી રાણી હિંગને ધર્મસિંહને કહ્યું: "બાબા! ત્હારી તબિયત નરમ છે, અને આ રખવાળ આપણને સરાઇમાંથી નિકળવાનું કહે છે."

ધર્મસિંહે રખવાળને કહ્યું: "બાબા! હમ પરદેશી આદમી હેં. કાશ્મીર દેશમેં યાત્રાકે લીયે જાતે હય. સખ્ત તાપસેં મેરી તબિયત બ્હોત ના-દુરસ્ત હો ગઈ હય. જરા અચ્છા હોગા જબ જાઉંગા."

રખવાળઃ "ઐસા નહિ ચલે. તુમકું કિરાયા પડેગા. રોજકે દો આને."

ધર્મસિંહઃ "અચ્છા બાબા, બ્હોત ખુશીસેં દઉંગા. ઓર તુમ હમારી બરદાસ્ત રખોગે તો કુચ્છ નજરાણાભી કરૂંગા."

રખવાળ સાથે આ પ્રમાણે ગોઠવણ થવાથી બંને વચ્ચે દોસ્તી બંધાઈ. પછીથી તો બજારમાંથી જે જોઈએ તે સરસામાન રખવાળ લાવી આપતો. તેણે એક વખત ધર્મસિંહને પુછ્યું: "યાર, યહ ઓરત કૌન હય? કોઇ બડે આદમી જૈસી ઇસકી સિકલ માલૂમ હોતી હય."

ધર્મસિંહઃ "યહ હમારે માલિકકી ઓરત હય. ઔર હમારી અમ્મા

---

* સરાઇ-સરાહ-એટલે-ધર્મશાળા.

જૈસી હય. વહ જાત્રાકે લિયે કાશ્મીર જાતી હય. ઔર મેં ઉસકી સાથ નોકરી કરનેકે લીયે જાતા હું."

રખવાળઃ "ઐસી છોટી લડકીકું સાથ લેકે ઇતને બડે દૂર દેશ જાત્રા જાના બડા મુશ્કીલ હય! અબ ચોમાસા આતા હય. સબ નદી નાલેમેં પાની ભર જાયગા. બ્હોત હૈરાન હોના પડેગા."

ધર્મસિંહ "મૈંય ઇધરસેં એક વાહન ઔર છોટા ટટ્ટુ કિરાયે પર લઉંગા. ઉસકે પર બિઠાકે જલ્દી સિયાલકોટ તક જાઉંગા. પીછે વર્ષાદ હોગા તો કુછ હરકત નહિ. વહાં રહુંગા."

રખવાળઃ "જૈસી આપકી મરજી."

"ઓ–માઇ–માઇ–મારે સુવાનું પાલણું લાવ. ભોંયપર નહિ સુવું."

"બેટા આગળ ત્હને લાવી આપીશ. હમણાં નથી." હિંગનકુમારીએ અનુપને આશ્વાસન આપવા છતાં બાળહઠ કરી તે રોવા લાગી, ત્યારે રખવાળ પાસેથી દોરડું માગી લઇ લુગડાની ઝોળી બાંધી તેમાં સુવાડી હિંડોળો નાંખવા લાગી. હૈયું ભરાઇ આવ્યું. શરીર ગરમ થયું, કંપારી વછુટી. આંખમાંથી આંસુ પડવાનો વખત થયો, પણ મન પાછું મારી મનનો ભાવ મનમાં સમાવી, પોતાની પૅર કોઇ જાણી જાય તેથી શાન્ત થઇ, છતાં ઉંડા ઉંડા નિશ્વાસ નાખવા લાગી. કોઇનું દુઃખ દાબ્યું રહ્યું છે કે રાણીનું દુઃખ દાબ્યું રહે! કંગાલ માનવી મન મારી ન શકે, તો રાજ્ય લક્ષ્મીના તરંગોમાં ઉછાળા મારતી રાણી, જેને જાગૃત અથવા સ્વપ્નાવસ્થામાં પણ દુઃખાભાસ થયો નથી, તેના પર એકદમ દુઃખરૂપ આભલું તુટી પડે, તેનું મન માર્યું કેમ જાય? પણ કષ્ટની મારી પોતાની જાત જાહેર પડી જવાની બીકથી તેનામાં મન સંયમન કરવાનો ગુણ સુખાભાવે દાખલ થયો.

કેટલાક દિવસ પછી ધર્મસિંહ સારો થયો એટલે તેણે રખવાળને એક વાહન ભાડે કરી લાવવા કહ્યું. રખવાળે શહેરમાં તજવીજ કરી એક મુસલમાનનું વાહન સાડાછ મહોર આપવાની કરી ભાડે કર્યું.

આકાશ ઝીણી ઝીણી તેતરવર્ણી વાદળીથી ઘેરાવા લાગ્યું. પવન બંધ થવાથી ભારે ઉકળાટ થવા લાગ્યો. કંઠમાંથી પસીનો ટપકવા લાગ્યો.



રાફડામાં વસતા સર્પ ડાખલી વગાડી ફુતકાર કરવા લાગ્યા. ભોંય દેડકીઓ ડર–હું ડર–હું બોલવા લાગી. વિજળીએ દર્શન દેવા માંડયું. આ દેખાવ જોઇ જેમ બને તેમ શિયાલકોટ વહેલું પહોંચાય તો સારૂં, એવા નિર્ણય પર આવી, આજ રાત્રિએ ચંદ્રોદય થાય તે વખતે વાહન લાવવા રખવાળને કહી, પોતાનું નિત્ય કામ આટોપી, રખવાળને પૈસા ચુકવી આપ્યા. તે ઉપરાંત તેને બે રૂપીઆ ઇનામ આપ્યું, એથી રાજી થયેલા રખવાળે વાહકને તેમના મુખ આગળ હાજર કર્યો.

રખવાળઃ "દેખ યાકુબ, યે બડે લોક હય, અચ્છે આદમી હય, ઉસકી પરવશી અચ્છી તરાંહસેં કરના. ઇસમેં કુછ ગફલત હોગા તો હમ તેરેકું ખરાબ કરેગા. દેખ, તેરેકું તુને જો માંગા વ્હો કિરાયા દિયા હય. સમાલકે લે જાના."

યાકુબઃ "બ્હોત ખુબ. મેં પિછલી રાતકું આઉંગા." એમ કહી તે ચાલ્યો ગયો.

બંને જણ સ્હેજસાજ નિદ્રાધીન થયાં ન થયાંને જાગી ઉઠયાં. એટલામાં વાહક વાહન લઇ આવ્યો. વાહ! જેને બેસવા માટે રંગબેરંગી મ્યાના, જરીના લટકતા ફુમતાવાળી સુખપાલો અને રત્નજડીત રથની ખોટ નહતી, તેને બેસવા માટે ગુજરાતના કૃષીકારોના જેવું એક ગાડું! ફક્ત વધારેમાં તેનાપર વાંસની ગુંથેલી છત્રિ. બીજો ઉપાય શું? વખતે જે બને અને મળે તેમાં સંતોષ માનવો એ સિવાય અન્ય ઉપાય નહતો. પુત્રી અનુપ સાથે બંને જણ ગાડામાં બેઠાં, અને યાકુબે ગોળ વળી ગયેલા શિંગડાવાળા પોતાના ન્હાના ન્હાના, ધોરીને જીભનો ડચકારો મારી હંકાર્યા.

આ પ્રમાણે સ્થાને સ્થાને રાત્રિ ગાળીને આખરે મહા મહેનતે ખાડા ટેકરાવાળી જમીનથી હેરાન થતાં થતાં છેવટે વજીરાબાદના કિલ્લા આગળ આવી એક શીખ પહેરેગીરને પુછ્યું: "મુસાફરખાના કિધર હય?"

પહેરેગીરઃ "કિલ્લેકે અંદર, ડાબી બાજુ તરફ જાના."

ગાડામાંથી ઉતરી અનુપને કમ્મરે બેસાડી મુસાફરખાનામાં દાખલ થતાં, તેમાં કોઇ શીખ અમલદારનો મુકામ હોવાથી બારગીરે તેમને અટ-

કાવ્યાં, એટલે ધર્મસિંહે કહ્યું: " અમને આ બાજુની સરાઇમાં મુકામ કરવા દ્યો. અમે દૂર દેશથી આવીએ છીએ. આ પ્રદેશના અજાણ્યા છીએ, માટે મહેરબાની કરી અમો ગરીબ વટેમાર્ગુને થાક નિવૃત્ત થતા સુધી રહેવાની પરવાનગી આપો. "

બારગીર: " એક બાજુ પર મુકામ કરો. "

એટલામાં આ શીખ અમલદારના તરફ એક ઘોડેસ્વાર કાગળ લઇ આવ્યો. તે કાગળ વાંચી રાત્રિ હોવા છતાં પોતાનો મુકામ ઉઠાવી ચાલતો થયો.

અકસ્માત નિરાપદ થયેલી રાણી સુખ શાન્તિથી મુસાફરખાનામાં રહી, અને થોડી વારે ઘોરીને શ્વાસ નાંખી યાકુબ પણ પાસે આવી બેઠો. ધર્મસિંહ બજારમાંથી ખીચડી લઈ આવ્યો. તે ખાધા પછી સર્વે સુઇ ગયાં. એકી ઉંઘે વ્હાણું વાયું, પણ વાદળ ઘમઘોર ચઢી આવવાને લીધે ભગવાન સૂર્યનારાયણનાં દર્શન થયાં નહિ. મસ્જિદોમાં નિમાજનો ઘોંઘાટ મચી રહ્યો. મુસાફરખાનાની વચમાંના ચૉકના અશોક વૃક્ષ પર રાત્રિએ વિશ્રામ કરી રહેલાં પક્ષીઓ સામટાં બોલી ઉઠ્યાં અને ચારે દિશાઓ તરફ યથારૂચિ ઉડી ગયાં. આ વખતે રાણી હિંગનનું હૈયું વિશેષ ભરાઈ આવ્યાથી ઝાલ્યું રહ્યું નહિ, તેથી એકદમ કલ્પાંત કરી ઉઠી: " અરે હા ! દૈવ ! તું પવિત્ર અને સત્યવાદીનેજ સતાવે છે. નિષ્કલંકિતને કલંકિત બનાવે છે. હા ! નિષ્ઠુર હૃદયના વિધિ ! ત્હારે આમજ કરવું હતું તો મ્હને જન્મ શા માટે આપ્યો ? સદ્‌ગુણીને તું આવા કષ્ટમાં નાંખશે તો પછી ત્હારાં યશોગાન કોણ ગાશે ? ઉલટા લોકો ત્હને નિંદશે અને ગાળો દેશે ! જ્યારે મ્હેં એટલી રાણીઓમાં પવિત્ર અને પ્રમાણિકપણે વર્તી મહારાજાની સેવા ખરા દિલથી કરી, ત્યારે તેમની તરફથી મ્હને આવો બદલો અપાવ્યો ! ખરેખર, લોકો કહે છે કે તું વિવેકી, વિચારશીળ અને સદ્‌ગુણી નથી તે ખરૂં છે. ત્હારાં કૃત્ય હું જાણું છું. ત્હારા જેવી વર્તણુકના બીજા થાય એમ તું ઇચ્છે છે, પણ ત્હારા જેવું પોતાની પુત્રીની પૂંઠ લેઇ તેને કરવાનું કલંક કોઈ માનવી માથે વ્હોરી નહિ લે ! નિર્દય ! તું શું મદદે ચઢનાર છે ? હું સતી પતિવ્રતા, ત્હારા જેવા યશ ગુમાવેલા, ભ્રષ્ટ, લંપટ વર્તનવાળા દેવની કલ્પાંતે પણ આરાધના કરૂં ? કદિ



નહિ. થનાર હો તેમ થાઓ, ત્હારે મ્હને જેમ દમવી હોય તેમ દમ. ભલે ! કામાભિલાષી મહારાજે કામાંધ બની એ પાપિણીની વાતને કાને ધરી ખરી માની. ખેર, ખરી માની તો ભલે પણ મ્હારા તરફની વાત સાંભળ્યા વગર એકદમ મ્હને દેશવટો દઇ, કેવળ નિરાધાર, અભાગિયણ બનાવી તેની મ્હને કંઇ બળતરા થતી નથી; પણ તમને આ બાળક અનુપની દયા ન આવી ? દૈવ ! ત્હમે આવા ઘાતકી અને પાષાણ હૃદયના છો એમ હું જાણતી નહોતી. બેશક, પુરુષ પિશાચ, ભોજન અને ભોગનાજ સગા છે. જો તેમ હતું તો હું ક્યાં અલગી હતી ? ક્યાં સેવા ઉઠાવતી નહોતી ? હું ક્યાં તમારો અનાદર કરતી હતી ? હું કયાં તમારાથી ગુપ્ત ભાવે દુષ્ટાચારણ આચરતી હતી ? એક દુષ્ટાચારિણીએ પોતાનું દુષ્ટ કૃત્ય છુપાવવા તમનેજ વજ્ર બનાવ્યા ! હા ! ઉં: તમારા વિયોગથી ક્ષણિક છતાંયે તે અલૌકિક રાજ-વૈભવ–સુખનો નાશ થયો છે. આજે હું વેરાગણ બની છું તે માત્ર એક તમારાજ અભાવે. હવે આ જગતમાં મ્હારૂં બીજું કોઇ નથી. મ્હને હવે શયનમાં, ભોજનમાં અને બેસવામાં કંઇ સુખ પડતું નથી. વારંવાર તમારી મુખાકૃતિ મુખ આગળ ખડી થાય છે. મ્હને પેલી શયનગૃહની વાત યાદ આવે છે. તમારાથી તે વિસ્મૃત થતી હશે પણ મ્હારાથી વિસ્મૃત થતી નથી. જુઓ, આપે મ્હારાં લગ્ન પછી બીજે દિવસે મોજની ખાતર રણવાસમાં રાત્રિકાળે મ્હારા કેશ બાંધી જુદી જુદી જાતના અલંકાર શરીર પર પહેરાવ્યા હતા. ખાસ તૈયાર કરી મંગાવેલી સાડી મનોમત્ત મ્હારા દેહ પર સજાવી હતી. નિતંબ પછવાડે શી રીતે સાડીનો ફેર દેવો તે મ્હને શીખવતા હતા. વળી મ્હારી કામોદ્દીપન છાતી પર મનોહર કારૂકાર્ય કાંચળી પહેરાવી હતી. પોતાના મનોમત્ત વસ્ત્ર પરિધાન કરાવી આ દુષ્ટ નિતંબ પર રસના કલાપ ઝુલાવ્યો હતો. મ્હારા અંબોડામાં વિવિધ કુસુમમાળા બાંધી હતી. પછી સાદરથી પાસે બેસાડી મ્હારા મનોહર રૂપ તરફ જોતાં આનંદ પામતા હતા. પ્રેમના ઉમળકાથી અને મનના આવેગથી, દક્ષિણ કરાંગુલીથી મ્હારી ચિબુક પકડી, પ્રેમના આવેશમાં, તાંબુલ રંગથી રંગીત મ્હારા અધરોષ્ટ, પોતાના રસાળ કોમળ અધરોષ્ટે મેળવ્યા હતા. તે પણ એક દિવસ અને

આજનો પણ એક દિવસ ! હવે મ્હારો તે દેહ સ્મશાનભૂમિમાં પડ્યો છે; મ્હારા આત્માને સકુલ સમુદ્રમાં હોમ્યો છે !”

પ્રેમાલાપમાં પડેલી ધ્રુસકે રોતી રાણીને જોઈ ધર્મસિંહની આંખોમાં જળજળીઆં આવી ગયાં અને તેનાથી પણ રોવાઇ જવાયું. આવા વજ્રપાતથી અધીર બનેલો ધર્મસિંહ બોલી ઉઠ્યો: “માઇ ! આવું આક્રંદ હવે શા માટે કરો છો ? એથી શરીર બગડશે. ગઈ વસ્તુ હવે હાથ આવવાની નથી. પરમેશ્વર પર ભરોંસો રાખો અને આ બાળાનું રક્ષણ કરો.”

હિંગન: “બાબા ! મ્હારાથી જ્યારે સહન ન થયું ત્યારે રોઇ જવાયું. જો, આટલા દિવસ મ્હેં કંઈ કલ્પાંત કર્યું હતું ? હું ક્યાં સમજતી નથી ? પણ મ્હારૂં મન ઝાલ્યું ન રહ્યું. બાબા, મ્હારે અત્રે બહુ રહેવા વિચાર હતો, પણ તે વિચાર બદલાયો છે. હવે જેમ બને તેમ શિયાલકોટ વહેલું જવું.”

વજીરાબાદથી પાંચ છ કોસ પહોંચ્યા ને તરતજ એક ધોરી* ચકરી ખાઈ ઉભેથી ભૂમિ પર પડ્યો. એ જોઈ વાહક યાકુબ એકદમ બોલી ઉઠ્યો: “યા ખુદા ! પરવર દિગાર ! માલિક ! તુંને યહે ક્યા કિયા ? મેરે પર ઐસા સિતમ ક્યું ગુજારા ?” ગાડામાંથી રાણી સાથે નીચે ઉતરી પડી. સર્વે ભૂમિપર બેઠાં. “હે દુર્દૈવ ! તેં હજી શું કરવું ધાર્યું છે ? આટલુંયે સુખ જોઇને ત્હને ઈર્ષા આવી ? હશે વળી પડ્યા પર પાટું માર. બાબા ધર્મસિંહ ! વાહકને ભાડું આપી દો.” ઠરાવ પ્રમાણે તેને ભાડું આપી આગળ ચાલવા માંડ્યું. હવે માત્ર એટલુંજ સુખ રહ્યું કે આકાશ વાદળથી છવાયલું હતું, એટલે જેમ તેમ કરી આગળ ચાલવામાં બહુ કષ્ટ પડતું નહોતું.

પાઠક ! જુઓ, રાણી હિંગનકુમારીની દશા ! તેના મનને સ્થિરતા જણાતી નથી. હૃદયશૂન્ય, મનશૂન્ય, સંસારશૂન્ય. એક પંજાબ પતિને અભાવે જગત્ શૂન્ય થઇ ગયું છે. કયે રસ્તે જાય છે, કઇ દિશાએ ચાલે છે, તેની પણ એને ખબર નથી. માત્ર અંધની લાકડી પેઠે ધર્મસિંહ જ્યાં દોરે છે ત્યાં દોરાય છે. દેહમાં બળ નથી, મનમાં ઉત્સાહ નથી, આહારમાં વાસના

* ધોરી એટલે બળદ.



નથી, વિશ્રામની અભિલાષા નથી. તેના દેહની તે કાન્તિ, તે પ્રફુલ્લતા, દૈવ જાણે ક્યાંયે પલાયન કરી ગયાં છે ! સરસ મુખ નિરસ બની ગયું છે. પહેરેલાં વસ્ત્ર સ્થાન ભ્રષ્ટ થયાં છે. અવિરત ગમન, અવિરત ચિન્તા, પોતાની અવસ્થા, રાજાની અવસ્થા, સંસારની અસારતા, કાળની કુટિલતા, વિષયનો વિષમય ભાવ, અવસ્થાનું અસ્થાઇત્વ, ધર્મની દુર્બળતા, અધર્મની પ્રબળતા વગેરે ચિન્તામાં નિતાન્ત મન વ્યથિત હોવાથી ચાલવાનું પણ તેને ભાન નથી.

આ પ્રમાણે એક દિવસ, બે દિવસ, એમ અનેક દિવસ સહેજસાજ વિશ્રાંતિ લેતાં ન લેતાં ગ્રામ, નગર, નદી ઓળંગી છેવટે ચિનાબ નદીને કાંઠે આવ્યાં. શીતળ સમીર વાવા લાગ્યો. ચિનાબના કાંઠાની ઘીચ વૃક્ષરાજી જોઇ હવે શિયાલકોટ આવ્યું એમ જાણી ખુશી થયાં, પણ જે રસ્તે થઈ શિયાલકોટ જવાનું સુલભ હતું, તે રસ્તો ચુકી વનમાં દાખલ થઇ ગયાં, અને વનની મધ્યે એક માર્ગ જણાતો હતો તે માર્ગે ચાલવા માંડ્યું. રસ્તાની બંને બાજુએ મ્હોટાં મ્હોટાં વૃક્ષ ગગન માર્ગમાં ડોકિયાં કરી રહ્યાં હતાં. એક એકની શાખાઓ સંલગ્ન થઇ જવાથી સૂર્યનાં દર્શન પણ થતાં નહોતાં. કેવળ અંધકાર ! બંને બાજુએ દૃષ્ટિપાત કરીએ તો અસંખ્ય વૃક્ષસ્તંભ વગર અન્ય કંઇ નજરે આવતું નહોતું. કેવળ હિંસક પ્રાણીઓની સ્હેજ ગર્જના કર્ણગોચર થતી હતી. જોતજોતામાં દિવસ જતો રહેવા આવ્યો. હવે ક્યાં મુકામ કરવો એની ચિન્તામાં બંને જણ પડ્યાં. આમતેમ વારંવાર જોવા લાગ્યાં, એવામાં દક્ષિણ તરફ એક રસ્તો દીઠામાં આવ્યો એટલે તેમના મનમાં આશાનો સંચાર થયો કે કોઇ ઋષિ મુનિનો આશ્રમ હશે, એમ ધારી તે તરફ ચાલવા માંડ્યું. ભાગ્યવશાત્ તે અનુમાન ખરૂં પડ્યું. ત્યાં જઇ જોયું તો એક દેવી મંદિર જણાયું. તેમાં દેવી બિરાજમાન હતી. મંદિર મનોહર હતું. તેની આજુબાજુએ પુષ્પકાનન હતું. આ મંદિરની સન્મુખ એક મ્હોટી ઇમારત હતી, અને તેની બાજુએ ચિનાબ નદીની નહેર હતી. તેમાં સરોવર પેઠે પાણી ભરાઇ રહેલું હતું. આ સ્થળ કાસ્મીરમાં વસતી વસંત રાજ—દેવીએ શાન્તિ અર્થે નિર્માણ કર્યું હોય તેવું દીસતું હતું. નહેર રૂપી સરોવરમાં અસંખ્ય કમળ વિકસિત થઈ નીલ જળમાં વાયુ વેગથી

નૃત્ય કરી રહ્યાં હતાં. મધુકર મનમાનતી રીતે ગુન ગુન કરી લંપટ માનવીની પેઠે એક પુષ્પ પરથી ઉડી બીજા પર બેસતા હતા. જુદી જુદી જાતનાં જળચર પક્ષી આનંદપૂર્વક મન ગમતી ક્રીડા કરતાં હતાં. ત્રણે બાજુએ ન્હાની ન્હાની વનસ્પતિઓએ પુષ્પ, ફળથી સુશોભિત થઈ નહેરને મનોહારિણી બનાવી મૂકી હતી. પુષ્પગંધમિશ્ર શીતળ પવન, મૃદુમંદ હિલ્લોળે વહી, રાણી હિંગનકુમારી, અનુપ અને ધર્મસિંહનો પંથ પરિશ્રમ દૂર કરતો હતો.

રાણી હિંગનકુમારી, આ મનોહર સ્થાનનું મનોહારિત્વ જોઇ ભક્તિ ભાવથી જગજ્જનનીને પ્રણામ કરી અનુપને શ્રી ચરણ આગળ ધરી સ્તુતિ કરવા લાગી: “મા ! આપના શ્રી ચરણમાં આ ગરીબ દાસી પ્રણામ કરે છે. મા શૈલજા ! સતી શિરોમણી ! આ અવાક બાળક આપના જગદ્ વંદનિય ચરણકમળમાં નમસ્કાર કરે છે ! મા કાત્યાયિનિ ! લોલ રસને ! આ અનાથ અબળા કિંકરીના મનનું દુઃખ નિવારણ કર. જનનિ ! વિપદનાશિની ! જગદંબે ! મ્હેં કંઇ ગુન્હો કર્યો નથી, છતાં થયો હોય તો અજ્ઞાત દાસી જાણી ક્ષમા કર. મા અંબાલિકે ! આપના ચાચરમાં આવનાર સર્વ કોઇ દુઃખી સુખી થઈ જાય છે. મા પાપ મોચની ! હું પણ આપના ચાચરમાં આવી છું. કરગરી વિનવું છું કે મ્હારૂં પાપ ટાળો. મા અભયે ! મ્હને અભયદાન આપો. હવે બહુ થયું મા ! મ્હારાથી સહન કર્યું જતું નથી.” આ પ્રમાણે સ્તુતિ કરી રહ્યા પછી ધર્મસિંહે ફળાદિ લાવી આપ્યાં તેનો આહાર કરી માતાના ચાચરમાં રાત્રિ વ્યતીત કરી.

ક્રમે ભગવાન હિમવાન રાણીના દુઃખે દુઃખી થઈ ફિકે મુખે અંતર્ધાન થયા. રાણીનું કષ્ટ સહન ન કરી શક્યાથી, આકાશ, તારારૂપ આંખો મીંચવા લાગ્યું. વૃક્ષો પંખી મુખે રોવા લાગ્યાં, અને પત્રરૂપ આંખથી શિશિર બિન્દુરૂપ અશ્રુજળ ટપકવા લાગ્યું. ત્યાર પછી કેટલીક ઘટિકાએ હિંસક પ્રાણીઓને ત્રાસ આપવા માટે સૂર્ય રક્તવર્ણું અંતરીઆળ ડોકીઆં કરવા લાગ્યો. આ અરસામાં પંચકેશ સહિત સ્કંધપર યજ્ઞોપવિત ધારણ કરેલા, પગમાં પાવડીઓ પહેરેલા એક બ્રહ્મચારીને એક હાથમાં તામ્રકળશ, અને બીજા હાથમાં પુષ્પ પાત્ર લઇ સ્હામેથી આવતો જોઇ રાણી હિંગનકુમારી બેહદ ખુશી થઇ.



હવે પોતાને કંઇક માર્ગ સુજશે એવા વિચારથી દેવળમાં ચઢવાનાં પગથીઆં આગળ હાથ જોડી ઉભી. બ્રહ્મચારી આ દેવળમાં વસતી વનદેવીનો પુજારી હતો. તેણે પુછ્યું: “બાઇ ! તું કોણ છે ?”

હિંગન: “મહારાજ ! હું વેરાગણ છું.”

બ્રહ્મ: “અત્રે કેમ આવી છે ?”

હિંગન: “મહાત્મા ! અમે શિયાલકોટ જતાં હતાં ત્યાંથી રસ્તો ચુકી જવાને લીધે આ વનમાં આવી ચઢયાં છીએ.”

બ્રહ્મ: “આ માણસ કોણ છે ?”

ધર્મ: “મહારાજ ! હું એ બાઇનો દાસ છું.”

બ્રહ્મ: “આ દેવળ પાછળ સીધો માર્ગ દેખાય છે તે રસ્તે ચાલ્યા જાઓ. અહીંથી શિયાલકોટ છ કોસ દૂર છે.”

બ્રહ્મચારી, આનંદમયી મહામૂર્તિની પુજા કરવા બેઠો. અનેક જાતનાં પુષ્પ સહિત પ્રફુલ્લ પાંખડીવાળાં પદ્મ પાદમાં અર્પવા લાગ્યો. પુષ્પ અને ધુપની ગંધથી દેવળનું અભ્યંતર સુવાસિત થઈ ગયું. લાંબે સાદે સ્તવનનો આરંભ કરી આરતિ ઉતારી એટલે રાણી, અનુપ અને ધર્મસિંહે નમસ્કાર કરી બતાવેલે માર્ગે ચાલવા માંડયું.

વનની હદ બહાર નિકળી ચારે તરફ નજર નાંખતાં તેઓને એક મોટો વિસ્તૃત પ્રદેશ દેખાયો. તેમાં ન્હાનાં મ્હોટાં વૃક્ષો થોડે થોડે છેટે દેખાતાં હતાં. અક્ષય તૃતીયા વિત્યાથી પૃથ્વી તલ પર તૃણના આછા આછા અંકુરો ફુટયા હતા. આસપાસનાં ખેતરોમાં ખેડુતોએ કાપણી કર્યા પછી અનાજના રહેલા છોડનાં થડીઆં સહજ સહજ ફુટતાં માલમ પડતાં હતાં. આવો વ્યાપાર નિરખતાં નિરખતાં તેઓ ત્રીજે પહોરે શિયાલકોટના પાદરમાં આવી પહોંચ્યાં. શિયાલકોટનો કિલ્લો ઉંચી ટેકરી પર હોવાથી ઘણો રળિયામણો દેખાતો હતો. તેના દરવાજા આગળનું રણાંગણ વિશાળ હતું. તેની એક બાજુનો ચિનાબ નદીનો તીર પ્રદેશ જુદી જુદી વૃક્ષ રાજીથી સુંદર દેખાતો હતો. દરવાજાની અંદર ધર્મસિંહ અને રાણી હિંગન દાખલ થયાં. કિલ્લાની અંદર પશ્ચિમ બાજુએ એક મુસાફરખાનું હતું. તેમાં મુકામ કર્યો. આ

સ્થળ પથ્થરથી બાંધેલું હતું; તેના પર છાપરાની જગ્યાએ ચુનાગચ્ચીનુ ધાબું નાંખેલું હતું.

એ દિવસ ક્ષુધા પિપાસા વેઠી અંતે ઇચ્છિત સ્થળે આવી પહોંચ્યાથી તેઓએ ગુરૂ ગોવિંદનો પાડ માની ખાવા પીવાની તૌરી કરવા માંડી. ભોજન કર્યા પછી કુંવરી અનુપને પોતાની સૉડમાં સુવાડી વેરાગણના વેશમાં રહેલી રાણીએ પણ જરા વિશ્રામ લીધો.

સંધ્યાનો સમય વિત્યા બાદ ઇશાન ખૂણામાં અને પશ્ચિમ દિશામાં એકદમ વિજળીના ચમકારા થવા લાગ્યા. ચારે દિશાના વાયરા સામટા વા વા લાગ્યા. વાદળ એકદમ ચ્હડી આવી આકાશ ઘનઘોર બની ગયું. વિદ્યુત ઉપરાઉપરી પળમાં અજવાળું અને પળમાં અંધારૂં કરવા લાગી. એટલામાં ઉત્તર દિશાનો પ્રબળ વાયુ વાયો તેની સાથે ભારે ગર્જના થતાં અનુપ ચમકી ઉઠીઃ "ઓ માઇ—ઓ માઇ—મ્હને વાગ્યું. કોઇએ મારી, એ વાઘ આવ્યો!" એમ કહી રડવા લાગી.

હિંગનઃ "બેટા! એ તો વર્ષાદ પડવાની તૈયારી થાય છે."

અનુપઃ "માઇ! વરસાદ શું કરવા પડે છે?"

હિંગનઃ "બેટા! આપણા જેવા ગરીબ જીવોના પોષણ માટે."

અનુપઃ "શું કરવાને? પોષણ માટે?"

હિંગનઃ "ધાન્ય પાકવા માટે."

અનુપઃ "મા! તું અગીઆ પર રોજ પકવે છેને."

હિંગનઃ "બેટા! એ તો રાંધવાનું, પણ ધાન્ય વર્ષાદ પડે તો પાકે."

અનુપઃ "ધાન્ય શું કરવાનું જે?"

હિંગનઃ "ખાવાનું. આપણે ખાઈએ છીએ તે—દાણા."

અનુપઃ "દાણા પડશે."

હિંગનઃ "બેટા! આડું આડું માં બોલ. વર્ષાદ વર્ષે તેથી ધાન્ય પાકે તે ખવાય."

આ પ્રમાણે બાળકચ્ય પુરી પાડતી રાણીએ ભોંય પર પાસું તપવાથી પાસું ફેરવ્યું. અનુપ ઝંપી ગઇ. પાછો ચોગરદમ વાયુ વાયો, તેની સાથે



મ્હોટે મ્હોટે ફોરે વર્ષાદ પડવા લાગ્યો. વચમાં વચમાં વિજળી ચમકારા, લપકારા કરવા લાગી. ભયંકર ગર્જના થવા લાગી. સર્વ સ્થળે પાણી પાણી થઇ ગયું. "ઇશ્વરે આપણ દુઃખીઆરાંને માર્ગમાં પજવ્યાં નહિ એ એનો મોટો ઉપકાર." એમ વિચાર કરતાં કરતાં બંને જણ થાકને લીધે નિદ્રાધિન થઈ ગયાં.

કેટલાક દિવસ સુખ શાન્તિમાં કહાડ્યા બાદ વર્ષાદને લીધે હિંગનકુમારીને શરદી લાગી ગઈ. નાજુક શરીરનો બાંધો, પથારી કરવાનું તેમજ ઓઢવાનું કંઇ મળે નહિ, રોજ હિમાળો ઠંડોગાર પવન વાય, તેમાં વળી વર્ષાઋતુ એટલે કહેવાનું શું! દિન પ્રતિદિન તેના શરીરને શરદીએ વધારે અસર કરી તેથી જ્વર પણ લાગુ થઈ પડ્યો. માર્ગનો થાક, રસ્તામાં કરવા પડેલા લાંઘા અને શોકથી નિર્બળ થયેલા શરીર પર ઉત્તરોત્તર જ્વરે સખ્ત હુમલો કર્યો. આથી ધર્મસિંહ ગભરાયો. ઔષધ કરવા માંડ્યું. પોતે જે જે દેશી ઔષધ જાણતો હતો તે સર્વ અજમાવી જોયાં, પણ પરિણામે સર્વ નિષ્ફળ ગયાં. આમ દિવસ માસ ગણતાં આખરે તેનો અવસાન કાળ નજીક આવ્યો હોય તેમ જણાયું. ધર્મસિંહના પરિતાપની સીમા આવી રહી નહોતી. તે મંદવાડમાં રાણીની તબિયત જાળવીને, તેમજ બાળા અનુપનું રક્ષણ કરીને છેકજ કંટાળી ગયો હતો, છતાં આખરે બોલવા લાગ્યોઃ "હે ઇશ્વર! તેં મ્હને આ દુઃખમાં ક્યાં સપડાવ્યો! મહારાજાની પાસે બીજા ઘણાય મ્હોટા દરજ્જાના નોકર હતા, છતાં તેમણે મ્હને ક્યાં આજ્ઞા કરી! માર્ગમાં આટઆટલું કષ્ટ વેઠી જેમ તેમ કરી અહીં સુધી આવ્યો, અને જરાક મનને સુખનો પ્રસાદ મળ્યો એટલામાં પાછું કયા દેશમાંથી દુઃખ લાવી નાંખ્યું! હશે! હવે ધીરજ રાખ્યા વગર છુટકો નથી. ગમે તેવું કષ્ટ પડે તોપણ કાસ્મીરમાં વસતા મ્હારા મિત્ર શિવદયાળને ત્યાં અનુપને લઈ ગયા વગર છુટકો નથી."

એક દિવસ રાત્રિયે વર્ષાદે ભારે ઝડી મારી. કાને કાંઈ સંભળાય નહિ, તે વખતે રાણી એકાએક લવી ઉઠીઃ "દક્ષજા! જલદી જા, મહારાજને મ્હારા આવવાની વરદી આપ. મ્યાનાવાળા કહારોને દહોડી પર તૈયાર રહેવા હુકમ કરતી જા."

ધર્મસિંહઃ "માઈ! દક્ષજા નથી, હું ધર્મસિંહ છું. આપણે લાહોરમાં

નથી, શિયાલકોટના મુસાફરખાનામાં છીએ. આપ આમ ગભરાવ નહિ. ગુરૂ ગોવિંદને યાદ કરો. તેઓ દુઃખ દૂર કરશે."

અસાવધ દશામાં હિંગન બોલી: "અય કહારો, જલદી કરો. મહારાજાની સ્વારી ખુસાયત ખુરજ આગળ ના જાય એટલામાં મ્હને તેમની પાસે લઈ ચાલો. તમને બક્ષીસ આપીશ. મ્હારે જાતે મહારાજની સાથે યુદ્ધમાં જવું છે. હવે જોઉં છું કે દુશ્મનો શું કરે છે? દક્ષજા! મ્હારી પેલી કંદહારી તરવાર અને ચક્કર લાવ. જોઇ લે પછી રમુજ. એ યવનોના શા ભાર! તેમને રણ સંગ્રામમાં હરાવી હુંજ મહારાજને કાશ્મીર જીતી આપીશ. મ્હારા છતાં તેમને સમરક્ષેત્ર! શું સિંહની રાણી સિંહણ નહિ? જેમ સિંહારૂઢ મહા માયાઓએ રાક્ષસોના અધિપતિ શુંભનિશુંભ પર તૂટી પડી સૈન્યસહ દુષ્ટોનું કાસલ કહાડી નાંખ્યું હતું, તેજ પ્રમાણે હું સતી, સાક્ષાત દેવી સ્વરૂપા યવનોનું નિકંદન કહાડીશ."

વ્યગ્ર ચિતે ધર્મસિંહ બોલ્યો: "માઇ! ગોવિંદ ગોવિંદ બોલો." એટલામાં અનુપ સહજ જાગી રડવા લાગી. તેને છાની રાખવા ધર્મસિંહ સમજાવવા-પટાવવા લાગ્યો, છતાં છાની રહી નહિ. છેવટે તેણે રડી રડીને આંખો ફુલાવી દીધી. કંઠ ખોખરો થઈ ગયો એટલે ઝંપી. પાછલી પ્હોર રાત્રિયે અકસ્માત રાણીને ઝોલો આવ્યો. આંખોના ડોળા ફરવા લાગ્યા, તે જોઇ ધર્મસિંહ સમજ્યો કે હવે તેનો અવસાન કાળ ઘડી બે ઘડીમાં છે. અનુપ તેની પથારી પાસે જઈ બોલવા લાગી: "માઈ-માઈ" તે જ્યારે બોલી નહિ ત્યારે તેના મુખ સામું જોઇ રડવા લાગી. આખરે તે તીણા સ્વરે બોલી: "બે-ટા અનુ-પ બેસ, મા બેસ. હું-જા-ઉં છું. તું આ-ધર્મ સાથે જજે, તા-રા અ-દૃષ્ટમાં જે-લખ્યું-હશે-તે-થશે, ધર્મ, આ-ગાં-સડીમાં સુવર્ણ મુદ્રિ-કા છે, તે મ્હારી બે-ટી-ની નિશા-ની-માં આપજે. બીજું તું વા-પ-ર-જે."

આટલું બોલી ગોવિંદ ગોવિંદ બોલતાં તેનુ મુખ બંધ થઇ ગયું. તેનો પવિત્ર આત્મા સ્થુલ દેહથી મુક્ત થઇ મહદાત્મામાં મળી ગયો.

આ સમયે ધર્મસિંહની આંખોમાંથી અઢળક આંસુ નિકળી ગયાં.



તે બોલ્યો: "અરે ગુરૂ નાનક! આખરે પરદેશમાં મ્હારી આ દશા કરી! હવે હું શું કરીશ? આ બાળકીને શું કરીશ? અરે દૈવ! મુજ પામર પર ત્હને દયા કાં ન આવી?" તે ખુલ્લે મુખે રડી ઉઠ્યો. તેના રડવાથી બાળકી અનુપ પણ રડવા લાગી. તેથી મુસાફરખાનાનો રખવાળ ચોંકી ઉઠ્યો: "અબે ક્યા હુઆ? પ્રાતઃકાળમેં કાયકી ગડબડ હુઈ?" એમ બોલતો, આંખો ચોળતો ત્યાં આવી પુછવા લાગ્યો: "બેરાગન બાઇકું કયા હુવા?"

કરમાઈ ગયેલે બ્હીક્ષે મુખે ધર્મસિંહ બોલ્યો: "મેરા તગદીર ફુટ ગયા! માઈ પરલોકવાસી હુઇ. અબ ઉસ્કું અગ્નિદાહ કરના ચાહીએ, હમ હિન્દુ જાત હય. ચાર આદમી ઉસ્કી ઠાઠડી લેનેકું ઔર ચાહીએ."

રખવાળ ચાર હિન્દુને લઇ આવ્યો. તેની પાસે ઠાઠડી માટે વાંસ મંગાવી રાણીના શબને દાહ દેવા ચિનાબને કાંઠે લીધું. ધર્મસિંહ, અનુપને તેડી પાછળ ચાલતો હતો.

જેના મરણ પ્રસંગે હજારો રૂપીઆનું પુણ્યદાન કરવામાં આવે, સુંદર કિમતી સુખપાલમાં શયન કરાવવામાં આવે, હજારો લોક તેની દહન ક્રિયામાં ભાગ લેવા એકઠા મળે, આખા દેશમાં જેના શોકની હડતાળ પડે તેજ રાણીને આજે ભાડાના માણસોથી શ્મશાન ભૂમિપર લઈ જવામાં આવી! જેને માટે ચંદન કાષ્ટની ચિતા કરવામાં આવે તેને માટે આજે ઝાંખરાની ચિતા તૈયાર કરી! તેના પર તેને સુવાડી અનુપના કોમળ હસ્તે તેના મુખ પર અગ્નિ મુકાવ્યો. પણ જો અનુપ સજ્ઞાન હોત તો; રાણી જે મુખથી અમૃત જેવાં વાક્ય બોલી તેને રમાડત, જે મુખથી ક્રોધને સમાવવા મીઠી મીઠી વાતો કહી અનુપના મનનું સાન્ત્વન કરત, ક્ષુધા લાગે ત્યારે સાદરથી લે-ખા એમ કહી તેને મીઠા ખોરાક ખાવા આપત, વખતો વખત ધર્મોપદેશ કરત, કેટલી કેટલી વાતોનું ઉપાખ્યાન સંભળાવત, વિવાહની અમ્રત જેવી વાત કરત, તેને વિવાહિતા જોઇ મૃદુ મૃદુ હાસ્ય કરત, મુખેથી બોલીને યાચકોને દાન આપત, જગતને મધુર વાક્યથી વિમોહિત કરત, વિવિધ પ્રાર્થનાયુક્ત વાત બોલી દેવને પ્રસન્ન કરત, તેજ રાણીના મુખને અનુપ અગ્નિદાહ કેમ દેત? વખતે શાસ્ત્રના બંધનથી દેત, તોપણ આંસુડાંથી તેની પવિત્ર છાતી પલા-

બ્યા વગર તો રહેતજ નહિ, અને કહેત કે: "હે અગ્નિ દેવતા! તમારા ચરણકમળમાં મ્હારી પ્રાર્થના છે કે મ્હારી માતાનું પવિત્ર અંગ ભક્ષણ કરી તેને વૈકુન્ઠ ધામ મોકલો." એમ બોલી બહુ કષ્ટે અગ્નિ મૂકત, પણ આ અજ્ઞાત બાળાએ વગર બોલે માતાને અગ્નિદાહ દઇ તેના પવિત્ર આત્માને વૈકુન્ઠમાં મોકલ્યો.

ચિતા ચડ ચડ-ચર-ચર ભડ-ભડ બળવા લાગી. તેની પ્રચંડ લાલ, પીળા રંગની જ્વાળા આકાશ માર્ગમાં ફટક ફટક થવા લાગી. આખરે સર્વ ભક્ષી અનળ, જ્વાળા વિકિરણ કરી સતી રાણીના પવિત્ર અંગને ભક્ષણ કરી ગયો. અલ્પ સમયમાં આનન્દમયી મૂર્ત્તિ ક્યાંય ચાલી ગઇ!

ધર્મસિંહ અજ્ઞાત અનુપકુમારી સાથે ચિનાબ સરિતાના જળમાં સ્નાન કરી, મુસાફરખાનામાં આવી, ભોજન તૈયાર કરી અનુપકુમારીને ખવડાવ્યું અને પોતે પણ ખાધું. ધર્મસિંહને વારંવાર દુઃખના ઉકાંટા આવવા લાગ્યા પણ ધીરજ રાખી કપાળે હાથ દઇ વિચારમાં પડ્યો કે: હવે કેમ કરવું? તેણે નિર્ણય કર્યો કે: હાલ વર્ષા ઋતુ છે, કાશ્મીરનો માર્ગ ઘણો વિકટ છે, પ્હાડોની ખીણમાં ન્હાના ન્હાના રસ્તા પર ચાલવાનું છે તેથી વર્ષા નિવૃત થતાં જવું. તે દરમ્યાન કોઈ સોબતી પણ આવી મળશે. હે ગુરૂ ગોવિંદ! ત્હારા આશ્રયથી આ મુસાફરખાનામાં કુંવરીનું લાલન પાલન કરી દિવસ કહાડવાના છે. તું અમારૂં રક્ષણ કરજે."

## પ્રકરણ ૪ થું.

### કોલ્હુ પર્વત.

ક્રમે કરીને વર્ષાઋતુની ભર યૌવનાવસ્થા જવા લાગી, તથાપિ લોલાબની ખીણમાં વસનારી અપ્સરીઓની આંખના અંજન સદૃશ ઘોરઘટ મેઘમાળાથી આકાશ મંડળ નિરંતર છવાયલું રહેતું હતું. વાદળી, હિમાચળના બાળકોના શિર પર ઘસાઈ વિભાગે વહેંચાઈ જઈ પૂર જોરમાં



ખર્ ખર્ ચાલી જતી હતી. વચમાં વચમાં ભારે ગર્જના થવાથી ગિરિ ગુહાઓમાં વસતા સિંહ અને વાઘ પોતાનો કોઈ ભારે શત્રુ પેદા થયો હોય એમ માની છુપાઇ જતા હતા. દિશાઓ, ઝરમર ઝરમર વર્ષાદ પડવાથી અંધકારમય થઇ ગઇ હતી. છતાં પીતવર્ણી ચપળાના ઉજ્વળ, પણ પીત પલકારાથી ઘડિકમાં અજવાળુને પરિણામે અંધારૂં થઇ જતું હતું. પર્વતોના શિખરોમાં અફળાવાથી ઘોરતર ગંભીર સુસવાટ કરતો, શાખાશાખીવાળાં ગગનમાર્ગી વિશાળ તરૂવરોની ટોચોમાં ટીચાઇ અરસપરસ મેળાપ કરાવતો પ્રબળ વાયુ પંજાબની વિસ્તીર્ણ ભૂમિ પર ચાલ્યો જતો હતો. ન્હાનાં ન્હાનાં ઝરણાં અને વહેળાઓથી પરિપુરિત થતી તરંગિણીઓ, નવ યૌવન પ્રાપ્ત થવાથી કિનારા ભાગતી, ન્હાનાં મ્હોટાં વૃક્ષો અને લત્તાઓને તાણતી, ખળ્‌ખળ્ ફળ્ ફળ્ અવાજ કરતી મહા આનંદે પ્રિય મેહેરામણને ભેટવાની સુખ રૂપ વાસનાથી, જેમ યોગી લોકોને દેહના સર્વ પંચવાયુ સુષૂમ્ણામાં એકત્ર થઈ મહા નાદ કરતાં સહસ્ત્ર દલ કમલમાં વિરાજતા હંસ સ્વરૂપમાં—આત્મા-જ્યોતિમાં તલ્લીન થઈ અખંડાનંદ ભોગવવા ત્વરાથી ગમન કરે છે, તેજ પ્રમાણે તે હડહડ ગમન કરતી હતી. એમ થવાથી જીવગણોનો સ્થાનાન્તર ગમનાગમનનો માર્ગ બંધ થઈ ગયો હતો.

આજકાલ કરતાં અઠવાડીઉ વીતી ગયું, છતાં આકાશ ખુલ્લુ થયું નહિ. આખા અઠવાડીઆમાં વર્ષાદની હેલી ચાલી રહી, તેથી પૃથ્વી તમામ જળમય થઇ ગઈ હતી. વિવિધ જાતની ઔષધી અને ખડ ઉગી નિકળવાથી પૃથ્વી હરીઆળી બની રહી હતી. તેનાં પાંદડાં પર મોતીના દાણા જેવાં ઉજ્જવળ જળ બિન્દુ બાઝી રહ્યાં હતાં. પાંદડાંપર વધારે બિન્દુ બાઝી રહેવાથી થયેલા વજનને લીધે પાનની અણીએથી પૃથ્વી પર જળકણ ગરતાં હતાં. વિદ્યુતના ચમકારા સાથે વારંવાર ગર્જના થતી હતી, પરંતુ આ પ્રસંગે ડેપસેન્ગ અને કારા-કોરમના પર્વતોના અટલ શિખરોને ચલાયમાન કરતો એક ભયાનક કાટકો થયો. આ કાટકાના ગડગડાટથી દિશાઓ કંપી ઉઠી, પર્વતની ખીણોની આજુબાજુની કદાઓ એક-મેકને ભેટવા તૈયાર થવા લાગી. વિષાળાં જીવજંતુઓનાં જડબાં બંધ થઇ ગયાં. આ ગડગડાટથી મુસાફરખાનાની

ભૂમિ પર એક લુગડાભેર આળોટતી ગાઢ નિદ્રાથી દુઃખ યુક્ત થયેલી કુંવરી એકદમ, "ઓ માઇ–ઓ હિંગુ–ક્યાં ગઇ ?" એમ બોલી શોરબકોર કરી ઉઠી. તેના શોરબકોરથી અર્ધ નિંદ્રાવશ ધર્મસિંહ બોલ્યોઃ "માઇ છાની રહો. ગભરાઓ નહિ, એ તો વર્ષાદ ગાજ્યો." એમ કહી સમજાવી તેના સુવર્ણરૂપ કોમળ દેહ પર હાથ ફેરવવા લાગ્યો, એથી અનુપ સહજ વિરામ પામી, છતાં ઉત્તર દિશાના ભારે વા વાઝોડાવાળા વર્ષાદે ભારે ઝડી નાંખી તેથી મુસાફરખાનાની અંદરના ચૉકનું પુષ્પથી સુશોભિત અને સુગંધિત પારિજાતક વૃક્ષ કડડધૂમ કરી ભૂમિ પર પડયું, કે તરતજ કુંવરી અનુપ જાગૃત થઈ રડવા લાગી.

ધર્મઃ "માઇ, પ્રભાત થયું છે. દાતણ કરી લ્યો, તમને રોટી આપું."

અનુપઃ "ઉ. ઉ. મ્હારે ખાવું નથી. હિંગુ આવે તો ખાઇશ. હિંગુ."

ધર્મઃ "એ તો મરી ગયાં છે."

અનુપઃ "મ્હને મરી લઇ જા. મ્હારે તેની પાસે જવું છે."

આ પ્રમાણે ઉપાધિમાં ગુંચાયલો ધર્મસિંહ, જેના રડવાથી જગત રડે, જેના રડવાથી ભૂગોળ કંપી ઉઠે અને ગમે તેવું નિષ્ઠુર હૃદય પિગળી શરીરનાં રોમ ખડાં થઇ જાય, એવી અનુપા અનુપને પેરે પેરે સમજાવી વર્ષાઋતુ નિવૃત્ત થવાની રાહ જોતો, મુસાફરખાનામાં દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

ક્રમે કરીને દોઢેક માસે વર્ષાઋતુ નિવૃત્ત થએ ધર્મસિંહે ત્યાંથી જવાનો વિચાર કરી લુગડાંની ગાંસડી બાંધી. પણ રાણી હિંગને આપેલી ગાંસડી સારી રીતે બાંધવા માટે છોડી. તેમાંની એક દાબડી ઉઘાડી જોઈ તો એકદમ આંખો અંજાઇ ગઇ. દાબડીની અંદર વાટખર્ચીને માટે ઉત્તમ ઉત્તમ પ્રતિનાં જવાહીર સાથે લીધાં હતાં. જવાહીર જોઈ ધર્મસિંહના પગમાં જુદા પ્રકારનું જોર આવ્યું તે બોલ્યોઃ "હવે માઈ અનુપને કાશ્મીર સુખેથી લઈ જવાશે."

પાઠક ! ધર્મસિંહ, આલુવાલીઆ મીસલનો એક ગરીબ સ્થિતિનો ભાયાત હતો. તે મહારાજાના પિતા મહાસિંહના વખતથી રાજમહેલની ખાનગી નોકરી કરતો હતો. જાતે ઉમદા સ્વભાવનો અને ઘણોજ પ્રમાણિક માણસ હતો. તેમજ સ્વામી ભક્તિમાં એટલો પરાયણ હતો કે પોતાનો જીવ આપવા લગી



પાછો હઠે નહિ. દરેક જાતના ખાનગી કામમાં તેનોજ વિશ્વાસ રખવામાં આવતો હતો. તે પંજાબી અને હિન્દુસ્તાની ભાષા જાણતો હતો. તેની વય ઓગણપચાશ વર્ષની હતી. જાતે પંજાબી મજબૂત બાંધાનો, ગમે તેવા દુષ્કર કામમાં હાથ ઘાલે એવો સાહસિક, ખંતીલો, પ્રેમાળ, ઉત્સાહી, નિડર, દ્વંદ્વ યુદ્ધમાં કુશળ અને ટેકીલો પહેલવાન હતો.

જ્યારે આકાશતલ વાદળ રહિત થઈ ગયું, પણ કોઇ કોઇ આછાં આછાં જળ વિનાનાં ખાલી વાદળાં દક્ષિણ તરફથી મંદ ગતિએ ચઢતાં હતાં, ભગવાન ભાષ્કરે પોતાની કિરણ જાળ પ્રસારી વૃક્ષ, રાજભવન, હવેલીઓ, મિનારાઓ, કીર્તિસ્થંભો અને પર્વતના શિખરોને સુશોભિત સુવર્ણ રંગ સમાન કરી દેવા યત્ન કર્યો. ખીણો, ઑાડો અને ગુફાઓનું અંધારૂ કંઇક ભાગે નાશ પામ્યું, શરદ ઋતુએ ધીમે ધીમે પગ પસાર કરવા માંડયો, જુવાર બાજરીનાં કણુસલાંમાં દાણા ભરાઈ પરિપક્વ થવા લાગ્યાં, મસમસાટ કરતા ડાંગરના છોડનાં લોળીઓં દાણાથી ભરાઇ ગંભીર ભાવ ધારણ કરી પૃથ્વી માતાને નમન કરવા લાગ્યાં, ત્યારે ધર્મસિંહ, કુંવરી અનુપને લઈ જમ્મુ તરફ જવા નિકળ્યો. એક ખભા પર કુંવરીને બેસાડી માથા પર ન્હાનું લુગડું નાંખી તેનો હાથ પકડી રાખ્યો, અને બીજે ખભે ગાંસડી ભેરવી.

થાકથી નિવૃત્ત થયેલો ધર્મસિંહ એવી ઝડપથી ચાલ્યો કેઃ સાંજના પ્હોરનો જમ્મુ આવી પ્હોંચ્યો. રાત્રિ સરાઇમાં ગુજારી. પરોઢીયે શ્રીનગર ભણી જવા સારૂ નિકળ્યો. આ માર્ગનો તે પાકો ભોમિયો હતો, કારણ કે પ્રથમ જે વખતે મહારાજાએ સ્વારી કરી તે વખતે તે સાથે હતો. દડમજલ કાપતાં આગળ ચાલ્યો જતો હતો, એટલામાં એક પહેરેગીરે "ખડા રહો" કહ્યું. તે સાંભળી તાજુબી સાથે પુછ્યુંઃ "ક્યું ભૈયા ?"

પહેરેગીરઃ "ક્યું ક્યું કયા કરતા હય ? યહ રાસ્તેસેં જાનેકા હુકુમ નહિં હય."

ધર્મઃ "કિસ્મત હમારા. અચ્છા, અબ કહાંસે જાઉં ?"

પહેરેગીરઃ "ભીમબરકે રસ્તેસેં જાઓ. વહ રસ્તા ફક્ત રાજા લોગકે લીએ હય."

“અચ્છા ભૈયા, અચ્છા, યહે બી દિન હય.” એમ બોલી તેણે ભીમબરનો રસ્તો લીધો.

ભીમબર એ કાસ્મીરના તાબાનું છેલ્લું ગામ છે. અહીંથીજ દેવ, દાનવ, યક્ષ, કિન્નર, ગાંધર્વ, અપ્સરાઓ અને વિદ્યાધરીઓનું ભવન, અને વસંતદેવીનું જે સદન, તે હિમગિરિનાં ધવલ શિખરોનાં દર્શન થવા લાગ્યાં. શ્રી નગરની વાટ અહીંથી પંદર વિશ દિવસની છે. માર્ગ ઘણો વિકટ છે, પણ જેટલો તે વિકટ છે તેટલોજ દરજ્જે સુંદર અને રળિયામણો છે. પર્વતની કઢણો પર ફક્ત ૪–૫ ફીટ પહોળો રસ્તો છે, તે પર થઈને ટટ્ટુ, ઉંટ વગેરે પ્રાણી અને વટેમાર્ગુઓ જાય છે. જો ચુક્યા તો બારસો પંદરસો ફીટ ઉંડી ખાઇમાં પડ્યા અને બલિ રાજાના દરબારમાંજ ગયા એમ સમજવું !

રાત્રિ અજવાળી હોવાથી ધર્મસિંહને ચાલવાનું ઠીક પડ્યું. આખરે ઉંચા ચઢણવાળા એક ડુંગર પર વસેલા ભીમબરમાં આવી પહોંચ્યો. ભીમબરમાં હિંદુસ્તાનનાં બીજાં શેહેરો જેવું મુસાફરખાનું નહોતું, પણ વટેમાર્ગુઓને વિશ્રામ કરવા સારૂ એક છાપરૂં હતું. ત્યાં મુકામ કરી અનુપને ખવડાવી પોતે ખાઇ તેને સૉડમાં લઇ સુઈ ગયો. બીજે દિવસે પ્રભાતમાં ઉઠી મીરપુર તરફ રવાના થયો. એ પ્રમાણે ચાલતાં ચાલતાં રાત્રિએ વિસામો કરતો કરતો, પ્રદેશની સુંદરતા નિરખતો, અને બાળા અનુપનું લાલન પાલન કરતો આખરે કોલ્હુ પ્હાડમાં આવ્યો. તે વખતે સંધ્યાકાળ થયો હતો. પવનની શીતળ લહરીઓ થાકેલા શરીરને સુખ આપતી હતી. વિવિધ જાતનાં પક્ષીઓ મધુર વાણીથી પરમેશ્વરના ગુણગાન ગાતાં, કોઈ રાફમાં, કોઈ વિવરમાં, કોઈ ખીણની પોલમાં, તો કોઈ ઝાડ પર બાંધેલા માળામાં વિશ્રામ કરવા જતાં હતાં. ત્યારે હિંસક પ્રાણીઓ મ્હોટા મ્હોટા બરાડા મારી પોતાના જાતિ બંધુને જગાડી પર્વતની ખીણોમાંથી બહાર શિકાર શોધવા જવાની તૈયારી કરતાં હતાં. ખીણોની અંદર ઉંડાણમાં વાંકીચુકી વહેતી જેમલ ભૂખ્યા વાઘની માફક ક્ષુધવ્યંજ કરતી હતી. સંધ્યા દેવીએ રાત્રિનો યોગ કર્યો. ગગનતલમાં ચળકતાં ન્હાનાં મ્હોટાં નક્ષત્રોવાળી રાત્રિ વીતી ગઇ. પક્ષીઓ કોલાહલ કરી દિશાઓ તરફ ઉડવા લાગ્યાં. આખી રાત વિરહ વેદના વેઠી



રહેલાં ચક્રવાક પક્ષી, પોતાના સાથીઓનો મેળાપ કરવા ઉડવા લાગ્યાં. કુસુદનાથ, કુમુદિનીના વિયોગથી મ્લાન વદન કરી પશ્ચિમાચળ તરફ જવા લાગ્યો. મલિન કમલિની, દિનમણીના દર્શનથી આનંદ પામી પતિને રાત્રિનું વિયોગ દુઃખ કહેવા તત્પર થઇ. દિનમણી રક્તવર્ણું મુખ કરી ઉદય પામ્યો. હંસ, સારસ વગેરે જળચર પક્ષીઓ જેલમમાં ઉંચાં મુખ કરી રહેલાં પદ્મને ભેટવા લાગ્યાં. કોકિલ કુહુરવ કરવા લાગી. નાનાવિધ ખિલેલાં પુષ્પની સુવાસથી દિશાઓ આમોદિત થઇ. લીલા કુમળા ઘાસ પર પડેલાં ઝાકળ બિન્દુ મોતીની માળા પેઠે શોભવા લાગ્યાં, ધીમે ધીમે પૃથ્વી કલરવથી ભરાઈ જતાં સૂર્ય પ્રકાશવા લાગ્યો.

આ સમયે ધર્મસિંહે દાતણ પાણી કરી સુકી લુખી રોટલી કુંવરી અનુપના હાથમાં આપી મરી ગામનો માર્ગ લીધો. આગળ જતાં એક રળિયામણું કુંજવન રસ્તાની બાજુએ દીઠામાં આવ્યું, તે તરફ તેનું મન ખેંચાયું. તેથી તે ગહન વનમાં પેઠો. આ સ્થળથી જમણી બાજુએ જેલમ સરિતા વહેતી હતી, તેના વિશાળ પટમાં ન્હાના મ્હોટા ઘણા બેટ દેખાતા હતા. તે જુદી જુદી જાતનાં વૃક્ષથી અલંકારિક હોવાથી સ્વર્ગ નિવાસી દેવગણોની વિહાર ભૂમિ જેવા દીસતા હતા. ડાબી બાજુએ એક સપાટ પ્રદેશ પર ડાળ ડાળીઓનાં વિસ્તારવાળાં, વયોવૃદ્ધ થયેલાં અત્યુચ્ચ પણ દેખાવમાં ગંભીર આમ્ર, સાગ, સાદડ, હળદીઓ, ગુલર, જાંબુ, અશોક, કદળી, કદંબ, પારિજાતક, શ્રીફળી, ખજુરી, સોપારી, સેતુરી, માઢ, નેવડી, દાડમી અને તાડ તમાલનાં વૃક્ષ ફળફુલથી લચકાઇ રહ્યાં હતાં. આ દેવ ભૂમિને નમસ્કાર કરી ધર્મસિંહ અંદર દાખલ થયો; તે વખતે તેને ઉપજેલા આનંદથી આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. એટલામાં એક જટાજુટ દેહ પર ભષ્મચર્ચિત નગ્ન સાધુ મળ્યો, તેને પ્રણામ કરી પુછ્યું: “ગુરૂ ! યહ બનમેં દેવલોક બસ્તે હંય ક્યા ?”

સાધુ: “બચ્ચા ! દેવકે સમાનહી મહાત્મા લોગનકા યહ નિવાસ હય. ઇધિર કહાં જાતા હય ?”

ધર્મ: “મંય શ્રી નગર જાતા હું, લેકિન ઇસ તરફ મંય આ ચઢા. અબતો સિદ્ધ લોગનકા દર્શન કરકેહી જાઉંગા.”

સાધુ: "અચ્છા બાબા, જાઓ."

ઘસારાથી ચળકાટ મારતા કાળા પણ સહજ નીલ રંગના પથ્થરના ચોરસાની કુદરતથી બંધાયલી વાટપર, સ્થળનું મનોહારિત્વ નિહાળતો ધર્મસિંહ ચાલ્યો જતો હતો. આ વાટ ઉપર બંને બાજુએ જુદી જુદી જાતનાં વૃક્ષોની ન્હાની મ્હોટી ફુલવાળી શાખાઓ ગુંચાઇ એક કુદરતી મંડપ બની રહ્યો હતો. આ વાટની બંને બાજુએ હરિણ હરિણીઓ અને તેનાં થનિંગ્ થનિંગ્ કુદકા મારતાં ન્હાનાં બચ્ચાં લીલીકચ્ચ દુર્વા ચરતાં હતાં. આગળ ચાલતાં એક મ્હોટો ચૉક આવ્યો. તેની ત્રણેય બાજુએ પર્વતની કઢણોનો કુદરતી કિલ્લો હતો. તેની અંદર પેસતા સામેથી એક બળતો અગ્નિકુંડ જણાતો હતો. તેની આસપાસ દશ સિદ્ધ મહાત્માઓ નાભીએ અડકેલી રૂપેરી ચળકતી લાંબી દાઢીવાળા, માથા પર ગુંચળાં વાળી બાંધેલી જટાવાળા, શરીરે ભષ્મ ધારણ કરીને, અને કંઠમાં રૂદ્રાક્ષના મ્હોટા હાર પહેરીને મૃગચર્મ પર વજ્રાસન મારી બેઠા હતા. તેઓ હોઠ ફફડાવી કુન્ડમાં યવ અને ખીરની આહૂતિ આપતા હતા. કુન્ડની સામી બાજુએ હારબંધ પર્વત વચ્ચે પથ્થરથી છવાએલી શીલાતલ રવેશમાં કેટલાક વ્યાઘ્ર અને સિંહ મૃગ–ચર્મ અને કુશ સાદડી પર બેસી, કોઈ સિદ્ધાસન, કોઈ પદ્માસન, કોઈ વીરાસન, કોઇ પવન મુક્તાસન, કોઈ ધીરાસન, કોઇ પશ્ચિમતાનાસન, કોઈ મત્સ્યેન્દ્રાસન, કોઈ ગોરખાસન, કોઈ અર્ધપદ્માસન, કોઈ સ્થિરાસન, કોઈ ધનુષાસન, કોઈ સિંહાસન, કોઈ સ્વસ્તિકાસન, કોઈ ગરૂડાસન, કોઈ પ્રાર્થનાસન, કોઈ ગોમુખાસન અને કોઈ કૂર્માસન વાળતા હતા. એક તરફ દશબાર સાધુઓ ત્રિબંધ સહિત આઠ પ્રકારનાં કુંભક પ્રાણાયામ કરતા હતા. તેમની પાછળના ભાગમાં મુદ્રાના અભ્યાસી, મહામુદ્રા, મહાબંધ, મહાવેધ, ખેચરી, વિપરિતકરણી, અને શક્તિચાલિની વગેરે મુદ્રાઓનું શોધન કરવામાં નિમગ્ન થયેલા હતા. વળી એક બાજુએ દશબાર સૂર્યના જેવા પ્રકાશવાળા, લાંબી રૂપેરી દાઢીવાળા, કોઈ માથા પર ફગફગતી બાબરીવાળા અને કોઈ બાંધેલી જટાવાળા સિદ્ધપુરુષો દર્ભાસન પર વ્યાઘ્રચર્મ બિછાવી દૃઢ વજ્રાસન અને સિદ્ધાસન મારી આંખો મીચી કોઈ આધારમાં, કોઈ સ્વાધિષ્ઠાનમાં, કોઈ મણિપુરકમાં, કોઈ



અનાહતમાં, કોઈ વિશુદ્ધમાં, કોઈ આજ્ઞામાં તો કોઈ સહસ્ત્રદલ કમળમાં સંયમ કરી બેઠેલા દેખાતા હતા. તેમના આસન આગળ કુબ્જા અને આશાઓ પડેલી હતી. આ સ્થળથી થોડેક દૂર એક જળકુંડની પાળ પર કોઈ નેતિ, કોઈ બ્રહ્મદાતણ, કોઈ ધૌતી, કોઈ જળબસ્તિ, કોઈ નૌળી, કોઈ કપાળભાતિ, કોઈ ગજકરણી અને કોઈ ત્રાટક નામની પ્રાણાયામને સહાયભૂત થનારી ક્રિયાઓ કરતા હતા. કોઈ ગીતા, ભાગવત, વિષ્ણુ સહસ્ત્ર અને દેવી સહસ્ત્ર નામાવલીનો પાઠ કરતા હતા. કોઈ શિવ પંચાક્ષર મંત્રનો જાપ જપતા બેઠા હતા. એક કદંબના વૃક્ષ નીચે વ્યાઘ્રચર્મ પાથરી એક વયોવૃદ્ધ, લાંબી ગુંચળા વળી ગયેલી દાઢી અને શંખાકૃતિએ બાંધેલી જટાવાળો મહાત્મા બગલમાં કુબ્જા રાખી બેઠો હતો. તેણે કંઠમાં રૂદ્રાક્ષની માળા ધારણ કરેલી હતી, તેની દૃષ્ટિ નાકના અગ્ર ભાગ તરફ રહેલી હતી. કેડની નીચેના ભાગપર કાષાય વસ્ત્ર વિટાળ્યું હતું. કપાળ પર ભષ્મ લગાવી હતી, અને વારંવાર **ॐ शिवहर ॐ शिवहर** બોલતો હતો. આ મહાત્માના મુખ આગળ થોડીક વાર પછી બે ત્રણ સાધુ દંડવત કરી બેઠા. એટલે મહાત્મા મુક્ત કંઠે બોલ્યા: "કલકી યોગ ક્રિયાકી બાત તુમ્હારે લક્ષ્યમેં હોગી. બરોબર યાદ રખના. ઉસ્કા મનન કરના. અબ મંય કહતા હું ઉસ્કા શ્રવણ કરકે સમજ લો. આગે ગુરૂ ગોરક્ષનાથને એક ઉત્તમ ક્રિયા પ્રદર્શિત કી હય.

**"हकारेण बहिर्याति, सकारेण विशेत्पुनः**
**हंस हंसे त्यमुंमन्त्रं, जीवो जपती सर्वदा,**
**षट शतानि त्वहोरात्रे, सहस्त्रण्येकविंशतिः**
**एतेत्संख्यान्वितं मन्त्रं जीवो जपती सर्वदा."**

"પ્રાણ વાયુ સારૂપ્યકો પ્રાપ્ત હોકે ચિદાભાસ જીવ હોતા હય. ઔર વહ જીવ હકાર કરકે સ્વાધિષ્ઠાન ચક્રસે ઉત્પન્ન હોતા હય. ઔર સકાર કરકે મુલાધારાદિ ચક્રમેં પ્રવેશ કરતા હય. એવં પ્રકાર જીવ "હંસ" મંત્રકા જપ કરતા હી રહતા હૈ. અર્થાત્ શ્વાસ બહાર નિકલનેમેં હકાર ઔર ભીતર પ્રવેશ હોનેમેં સકાર ઉચ્ચાર હોતા હય. સૂર્યોદયસેં અસ્ત પર્યંત એકબીશ

હજાર છસો મંત્રકી જપ સંખ્યા હોતી હય. યહ જપ જીવ સ્વતઃ કરતા હય વહ નિશ્ચિંત બૈઠકે નાસાગ્રે દેખના.”

શિષ્યઃ “ગુરૂ કૃપાળુ સુન લિયા.”

પછી મહાત્માએ બોલવું શરૂ કર્યુંઃ–

“ अजपा नाम गायत्री योगीनां मोक्ष दायिनी,
अस्याः संकल्प मात्रेण सर्वपापैः प्रमुच्यते. ”

“સાધુ ! ઐસે યોગિયોંકો મોક્ષ દેનેવાલી યહી અજપા ગાયત્રિ હય. ઉસ્કે સંકલ્પ માત્રસેં યોગી સમસ્ત પાપોસેં છુટ જાતા હય, ઔર જીવન્મુક્ત હોતા હય. અબ દેખો, યહ જપકી શરૂવાત કરનેકે પહલે એક સંકલ્પ કરના. સંકલ્પકી બિધિ કલ અપને ગુરૂ મહારાજ ભાષ્કરાનંદ સ્વામીકી આજ્ઞા લેકે ઉપદેશ કરૂંગા.”

“ अनया सद्दशं विद्या अनया सद्दशो जपः
अनया सद्दशं ज्ञानं न भूतं न भविष्यतिः ”

“સુનો મેરે સાધુ ! ઉસ્કે સમાન અન્ય કોઇ જ્ઞાનશાસ્ત્ર પહિલે નહિ થા ઔર પીછે હોનેવાલાભી નહિ હય.”

આ પ્રકારે જ્ઞાનોપદેશ ચાલી રહ્યો છે એટલામાં શંખનાદ થયો કે તરતજ ઘણા ખરા સાધુઓ હાથમાં તુંબી કે કમંડળ લઇ જળના કુન્ડ આગળ જવા લાગ્યા. તે મધ્યેના એકે ધર્મસિંહને પૂછયુંઃ “હે મનુષ્ય, તું ઔર યહ બચ્ચા કૌન હય ?”

ધર્મસિંહઃ “મહારાજ, આપકે ચરણોમેં પ્રણામ કરતા હું. હમ દોનો પંજાબકે રહેનેવાલે હૈં. શ્રીનગર જાતે જાતે ઇધર આપ સિદ્ધ પુરૂષકે દર્શન નિમિત્ત આયા હું. મેરે પર કૃપા કીજીયે.”

સાધુઃ “અચ્છા, ચલો, રોટી પા લો.”

આજ્ઞા સાંભળી ધર્મસિંહે મસ્તક નમાવ્યું અને સાધુઓની પાછળ પાછળ ભંડાર ભણી ગયો. તેને તેમણે બંને જણાની ક્ષુધા મટે એટલું દૂધ અને રોટલીઓ આપી. મહાત્માઓનું આવું સદ્‌વર્તન અને દયા જોઈ ધર્મ-



સિંહ ઘણો રાજી થયો અને સાધુને કહ્યું કેઃ “મ્હને ગુરૂ મહારાજનાં દર્શન કરાવો.”

સાધુઃ “તિસરે પ્રહર દર્શન હોગા. વહાં હાજર રહેના. ગુરૂ મહારાજ સમાધિસેં મુક્ત હોકે શિષ્યોકું દર્શન દેનેકે લીયે ગુફામેંસેં બહાર પધારતે હંય.”

ધર્મસિંહઃ “અચ્છા, મહારાજ.”

કુંવરી અનુપ એવી ડાહી થઇ હતી કે આ આશ્રમમાં આવ્યા પછી તેણે બિલકુલ ગડબડ કરી નથી કે રોઇ નથી. ફક્ત ટગર ટગર જો જો કરતી હતી, તેથી ધર્મસિંહને અવલોકન કરવાને સારી તક મળી. અનુપની આંખો ઉંઘથી ડેંરાયલી જોઇ ધર્મસિંહે એક પારિજાતક વૃક્ષની ડાળીએ કપડું બાંધી તેને સૂવાડી બે ત્રણ હિંડોળા નાંખ્યા કે તરતજ તે ઉંઘી ગઈ. આ અસાર સંસાર સાગરની દુઃસહ્ય યંત્રણામાંથી મુક્ત થવાના ઉદ્દેશે ધર્મસિંહના હૃદય પર એવી છાપ મારી કે તેને એકાએક વૈરાગ્ય થઇ ગયો અને એવા નિશ્ચય પર આવ્યો કે, આ સાધુઓ રહેવાને આજ્ઞા આપે તો અત્રેજ રહી, આત્મપરાયણ થઇ, ગુરૂ કૃપાએ જીવન મુક્તિનો લાભ મેળવવો. આવા વિચારમાં તલ્લીન થઈ છેક ઉંડો ઉતરી ગયો અને બાહ્ય દૃષ્ટિ ફીટી અંતર દૃષ્ટિ થતાંજ સાક્ષાત્ શિવ મૂર્તિ હૃદય કમળમાં પ્રકટ થઈ. આવું અખંડઆનંદ સુખ બે ઘડી રહ્યું ન રહ્યું એટલામાં જાગૃત થઇ જતાં મનમાં બબડવા લાગ્યોઃ “વાહ ! સહજ સત્સંગ–સંસર્ગથી પણ આવી નિર્મળ વૃત્તિ થતાં સાક્ષાત્ શિવ દર્શન થયું તો, હમેશાં આ સદ્દકાર્યમાં તત્પર રહેવાથી કેટલો લાભ થાય ? જન્મ મરણનું આવાગમન મટે. એક વખત ભાઇ ગુરૂમુખસિંઘ બોલ્યા હતા કેઃ—

“ पुनरपि मरणं पुनरपि जननं पुनरपि जननी जठरे शयनं. ”

સમજુ મનુષ્યને આ ઓછું દુઃખ છે ? હરિ હરિ ! પૂર્વજન્મે આ લોકોએ શું પુણ્ય કર્યાં હશે કે એમને આ અલભ્ય સ્થાન અને જ્ઞાન મળ્યું ? પેલા વૃદ્ધ સાધુ પોતાના શિષ્યોને કેવું જ્ઞાન આપતા હતા. માત્ર એક અજપા ગાયત્રિથીજ જીવન્મુક્તિ મળે ? કેવો યોગનો ચમત્કાર ! યોગની સર્વ ક્રિયા

પ્રક્રિયા સાધી હોય તેજ મ્હોટો સિદ્ધ. તેની સિદ્ધિનો તો પારજ નહિ!"

આ પ્રમાણે વિચાર વમળમાં ગોથાં ખાતા ધર્મસિંહના મન ચક્રનો આરો બદલાતાં મુખ આગળ અનુપ, શ્રીનગર અને શિવદયાળ તાદૃશ થઈ ગયાં પણ તુર્તજ તે વિચાર કાઢી નાંખી સિદ્ધ ગુરૂમહારાજનાં દર્શનની રાહ જોતો યજ્ઞકુન્ડ આગળ ઉભો. તરતજ એક ગુહાનું દ્વાર ઉઘડતાં તમામ સાધુઓ યજ્ઞ ભૂમિ આગળ ઉભા થઈ ગયા, તત્ક્ષણાત્ સૂર્યની પ્રભા જેવી દેદીપ્યમાન કાન્તિવાળા, ગુલાબી રંગના ચહેરાવાળા, સફેદ ચાંદીના જેવી ચમકતી લાંબી દાઢીવાળા, માથાપર સોનેરી રંગની શંખાકૃતિ જટાવાળા, ભષ્મ ચર્ચિત કોમળ કૃશ કાયવાળા, કમ્મરે વિંટાળેલા ભગવાં વસ્ત્રવાળા, પ્રસન્ન વદનવાળા, જમણા હાથમાં એક લાંબી વાંસની લાકડી પકડી ૐ હર બોલતા આવી ઉભા, એટલે સર્વ સાધુઓએ તેમને દંડવત પ્રણામ કર્યા પછી ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યાઃ–

गुरुर्ब्रह्मा गुरुविष्णु गुरुर्देव महेश्वरा ।
गुरुरेव परब्रह्म तस्मै श्री गुरवेनमः ॥ १ ॥
अज्ञान तिमिरान्धस्य ज्ञानांजन शलाकया ।
चक्षुरुन्मिलितं येन तस्मै श्री गुरवेनमः ॥ २ ॥
अनेकजन्म संप्राप्ति कर्मबंध विदाहिते ।
स्वात्मज्ञान प्रभावेन तस्मै श्री गुरवेनमः ॥ ३ ॥
शोषणं भवसिन्धोश्च दीपतं ज्ञान संपदां,
गुरुपादोदकं सम्यक तस्मै श्री गुरवेनमः ॥ ४ ॥
नगुरोरधिकंतत्वं नगुरोरधिकं तपः ।
गुरुज्ञानात्परंतत्वं तस्मै श्री गुरवेनमः ॥ ५ ॥
ध्यानमूलं गुरोमूर्ति पुजामूलं गुरोपदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यं मोक्षमूलं गुरोकृपा ॥ ६ ॥



गृरुरेव जगत्सर्वं ब्रह्माविष्णुमहेश्वरं ।
गुरो परतरं नास्ति तस्मात्सं पूज्येदगुरुम् ॥ ७ ॥
नित्यं शुद्धं निरायासं निराकारं निरंजनं ।
नित्यबोधं चिदानंदं गुरुंब्रह्मनमाम्यहम् ॥ ८ ॥
त्वमेव माता च पिता त्वमेव ।
त्वमेव बंधुश्च सखा त्वमेव ॥ ९ ॥
त्वमेव विद्या द्रविणं त्वमेव ।
त्वमेव सर्वं ममदेव देवः ॥ १० ॥

પ્રાર્થના થઇ રહ્યા પછી ગુરૂદેવ બંને હાથ ઉંચા કરી સાધુઓને આશિર્વાદ દેતા હતા, એવામાં ધર્મસિંહના તરફ નજર પડવાથી બોલી ઉઠયાઃ "ધર્મ! રણજીત કુશળ હય."

ધર્મઃ "કૃપાનાથ! આપકી કૃપાસેં કુશળ હય." એમ કહેતાં આંખોમાં પાણી ભરાઇ આવ્યું. તે જોઈ ગુરૂ બોલ્યાઃ "દેખ ભાઈ! ભાવિ મિટતા નહિ હય. સોચ મત કરના. લડકીકા રક્ષણ કરના. આગે ભલા હોગા." એ પ્રમાણે વરદાન આપી શિવહર શિવહર બોલતા ગુરૂદેવ અંદર બિરાજ્યા.

## પ્રકરણ ૫ મું.

### પર્ણકુટી.

આશ્ચર્ય પામેલા સાધુઓ ધર્મસિંહની આસપાસ વિંટળાઈ વળી કહેવા લાગ્યાઃ "તેરા ધન્યભાગ્ય, ગુરૂ મહારાજને જો નામ દિયા વહ રણજીત કૌન હય?"

ધર્મઃ "રણજીતસિંહ, પંજાબ દેશકે રાજાધિરાજ હય."

સાધુઃ "ઐસા? ઠીક, ઠીક, ગુરૂ મહારાજ સર્વજ્ઞ હય. સબ કુચ્છ જાન

લેતે હંય. તેરેકું ભી પિછાન લિયા. તુંભી બડા ભાગ્યશાલી જીવ હય. યહ લડકી કૌન હય ?"

ધર્મઃ "યહ બાત કહનેમેં સાર નહિ હય, ઔર કહેનેકી મનાઈ ભી હય. ગુરૂ મહારાજકું સબ કુચ્છ માલુમ હય." ધર્મસિંહે વાતનો ભેદ બતાવ્યો નહિ, છતાં સાધુઓ સ્વાભાવિકપણે પ્રસન્ન થઈ તેને ખીણોની અંદરથી શ્રી નગર જવાનો ગુપ્ત માર્ગ બતાવી પોતપોતાના આસન પર જઈ બેઠા. ધર્મસિંહ પારિજાતક વૃક્ષ નિચે આવી ઝોળીમાંથી કુંવરી અનુપને બહાર કહાડી પાણી પાઈ ખોળામાં લઈ બેઠો. વળી પાછી ચિન્તાદેવીએ અકસ્માત તેના હૃદયમાં પ્રવેશ કરી તેને ઘોર ચિન્તામાં નિમગ્ન કર્યો. તે બોલવા લાગ્યોઃ—

"હે ભગવાન ! સર્વાશ્રય ! સર્વ શક્તિમાન ! આપજ જીવની ગતિ અને મુક્તિરૂપ છો. આપ સર્વજ્ઞ, સર્વવ્યાપી વિરાટ પુરુષ છો. મ્હેં ભાઈ ગુરૂમુખસિંઘને મુખે આપનું મહાત્મ્ય અને કૃત્યનું વર્ણન થોડું થોડું સાંભળ્યું હતું. આપ વિરાટ પુરુષ છો. હું આપને નમસ્કાર કરૂં છું. આ ઝરા, નદ, નદી, સિન્ધુ, પર્વત, વન, ઉપવન, પ્રાન્ત અને નગર એ સમસ્ત વસ્તીવાળી અને ઉજડ પૃથ્વી એ આપનીજ મૂર્તિ છે, તેથી હું આપને નમસ્કાર કરૂં છું. આપજ ધર્માધર્મ, કર્માકર્મ, યાગયજ્ઞ, જપતપ, દાનધ્યાન વગેરેની ઇચ્છાદાતા છો, તેથી હું આપને નમસ્કાર કરૂં છું. આપ પ્રાણી માત્રના હૃદયભૂત છો તેથી હું આપને નમસ્કાર કરૂં છું. આ અનંત જગત આપનાથી ઉત્પન્ન થયું છે ને થાય છે, તે કાળે કરીને આપનામાંજ લય પામશે, તેથી હું આપને નમસ્કાર કરૂં છું. આંખો નહિ હોવા છતાં આપ સર્વદર્શી છો. કર્ણ નહિ હોવા છતાં આપ સર્વ શ્રાવી છો. પગ નહિ હોવા છતાં આપ સર્વગામી છો. હસ્ત નહિ હોવા છતાં આપ જગદાધારી છો, તેથી હું આપને પ્રણામ કરૂં છું. આપ ઇચ્છામય છો. જગતના પરિત્રાતા છો. દુષ્ટના શાસનકર્તા છો. અધર્મિના સાક્ષાત યમ છો. ધાર્મિકના પરમ બંધુ છો. સત્યનું જીવન છો. પવિત્રનું સર્વસ્થ ધન છો, તેથી હું આપને નમસ્કાર કરૂં છું. આપ વિષ્ણુ છો. આપ બ્રહ્મા છો, આપ શિવ છો, આપ પુરુષ છે, આપ પ્રકૃતિ છો, આપ સ્થુલ છો. આપ સુક્ષ્મ છો. તેથી હું આપને નમસ્કાર કરૂં છું. આપ અન્નદાતા, અન્નપુર્ણા છો તેથી હું આપને નમસ્કાર કરૂં છું. હે નાથ ! હે અનાથ બંધુ ! આ દૃષ્ટિગોચર થતા વિશાળ જગતમાં અનંત ઉદ્‌ભિજ, પશુ, પક્ષી, કીટ, પતંગીઆં વગેરે અનંત જીવ પરમ સુખથી વિચરે છે તે આપની અપાર દયાનું ફળ છે. આપ સર્વ વસ્તુના મુળાધાર છો. આપને દૂર રાખી કોઇ પ્રાણી કંઇપણ કાર્ય કરી શકતું નથી. હે દયામય ! હું અનાથ ધર્મસિંહ આપની પાસે યાચું છું કે આ અજ્ઞાત કુંવરી આપની સૃષ્ટિમાં જન્મેલી છે તેનું રક્ષણ કરજો. મ્હારાથી કે એનાથી આપનાં શ્રીચરણનો કંઈ અપરાધ થયો હોય તો બાળ જાણી આપ ક્ષમા કરવા યોગ્ય છો." આ પ્રમાણે ઇશ્વરની મદદ માગતો ધર્મસિંહ, થાકથી થાકેલો, લાંબા પંથની મુસાફરીથી કંટાળી ગયેલો જે વૃક્ષ નીચે બેઠો હતો ત્યાંનો ત્યાંજ શીલાતલ પર નિદ્રાધીન થઈ ગયો. આખી રાત્રિ શું થયું તે તેણે બિલકુલ જાણ્યુંજ નહિ. પ્રભાતમાં ઉઠી ઇશ્વર સ્તવન કરી બાજુના કુન્ડપર જઇ ન્હાયો તે વખતે તેના મનમાં વિચાર ઉત્પન્ન થયો કેઃ "હવે ગમે તેમ કરી શિવદયાળ પાસે જાઉં તો આ જંજાળમાંથી છુટાય."



ધર્મસિંહની પાસે ભાથું થઈ રહ્યું હતું, તેથી મઠના ભંડારી પાસેથી રોટલીઓ લઇ યજ્ઞ કુન્ડ આગળ ગયો. ત્યાં ગુરૂ મહારાજની પ્રાર્થના કરી કંઇક ભેટ મૂકી. કુંવરી અનુપને ખભે બેસારી સાધુઓએ બતાવેલો ચિકોટીનો માર્ગ લીધો.

આ રસ્તો પર્વતોની કદણોમાં થઇને છે. તે જેટલો વિકટ અને ભયંકર છે તેટલોજ સુંદર, રળિયામણો અને મનોહર છે. આહા ! આખો રસ્તો દાડમ વૃક્ષની ઝાડીથી ભરપુર છે. દાડમનાં વૃક્ષો પર પાકી રહેલાં લાલચોળ દાડમ સ્વતઃ ફાટી ગયેલાં હોવાથી તેની અંદરના દાણા દેખાતા હતા. આવાં ફળ અને લાલ ફુલથી સુશોભિત દાડમ વૃક્ષ પર કોઇ લાલ માથાનાં, કોઈ પીળા માથાનાં, તો કોઇ પચરંગી માથાનાં કલગીવાળાં લીલાં પીછાંથી શોભતાં, તો કોઇ ગળે લાલ કાંઠલાવાળાં, લાલ ચાંચ અને પીળાં, લીલાં, લાલ પીછાંવાળાં એવાં અગણિત પક્ષીઓ, ફાટેલા દાડમમાં ચાંચો મારી, સરસ મોતીના દાણા જેવાં પારદર્શક બીજ ખાઈ કલ્લોલ કરતાં હતાં. વળી મધમાખીઓ

ફુલપર વારંવાર બેસતી અને ઉડતી હતી. આ દાડમની ઝાડી પ્હાડની ખીણોમાં અને રસ્તાની બાજુએ આવેલી હતી, તેથી પર્વત બહુજ સુંદર દેખાતો હતો. વળી આ દાડમની ઝાડીમાં વાંદરો એવો તો આનંદ ભોગવતા હતા કે તેમણે લંકા લૂંટી તે વખતે ભાગ્યેજ આવો આનંદ ભોગવ્યો હશે! આ માર્ગપર આવેલા પ્હાડોની રચના ઘણીજ ખુબસૂરત હતી. હારબંધ દાડમનાં વૃક્ષની ઘટા, તેનો છાંયો–તડકો, પ્હાડો પરનો બરફ અને પથ્થર પરની લીલોતરી ઘણીજ ચિત્તાકર્ષક હતી. વળી ગમે તેવા ભયંકર સાંકડા અને પહોળા રસ્તામાં વહેતી વિતસ્તા ઉછાળા મારતી મોજાં ફેંકતી ભારે ઘોંઘાટ કરતી ચાલી જતી હતી. આ રસ્તામાં ધોળાં રીંછ વટેમાર્ગુને બહુ પજવતાં હતાં તેથી સાવધ રહેવું પડતું. આગળ ચાલતાં નરદમ કાળા પથ્થરનો પર્વત આવે છે. તેનાપર ઝાડી નહિ હોવાથી તે રણ જેવો દેખાતો હતો, છતાં તેમાંથી પાણીના ન્હાના મ્હોટા ઝરા ખળખળ વહેતા હતા. આગળ જતાં ઉરીના પ્હાડ આવે છે. તે પ્હાડના રસ્તાની બાજુએ એવડી ઉંડી ખીણ છે કે તે પાતાળ ફોડી તળાતળ સુધી પહોંચી હશે. તેમાં નજર નાંખી શકાતી નથી. તેના પર ચારોલી, બદામ વગેરેની આછી આછી ઝાડી હતી. તેની સ્હામે એક પ્હાડનું શિખર દેખાય છે. તેના પરનો બરફ, જાણે બિલોર કાચ માંથે ઢાંકી મુક્યો હોય તેવો દૃષ્ટિમાન થતો હતો. તડકાને લીધે તેનો રંગ બહુજ જુદી જુદી તરેહનો જણાતો હતો. આ બરફના પ્હાડની હાર ચિકોટાના આખા માર્ગ પર છે અને તે પર ચાલતાં ધોળા બિલોરી કાચના પર્વતજ જાણે ન હોય એમ ભ્રાન્તિ પેદા કરે છે. તેઓના પર જે વખતે સૂર્યનાં કિરણો વિસ્તરેલાં હોય છે તે વખતનો દેખાવ, તેમાંથી દૃષ્ટિએ પડતા પચરંગી રંગ, ખરેખર અજ્ઞાન માણસને તો શું પણ જ્ઞાનીને પણ તાજુબી પેદા કરે છે, વળી એકદમ વાદળના ધુંવાળા ચઢી આવવાથી સૂર્યનાં કિરણ અદૃશ્ય થતાં તે વખતે આખો પર્વત દુધના ફીણ જેવો સફેદ આશમાની રંગનો બની ગયો. આવો ફેરફાર થવાથી ઉત્પન્ન થતો નવો દેખાવ ખરેખર માનવીને તાજુબી પેદા કરે છે. આ પર્વતની ખોમાં પાણી શાન્ત ભાવ ધારણ કરી રહેલું દેખાય છે. આંખોની આસપાસ ધોળાં, પીળાં, લાલ પુષ્પ-



વાળાં વૃક્ષ આછાં આછાં નજરે પડે છે. આવા સુંદર રસ્તા પર ચાલતાં ચાલતાં ચિકોટી નજીક આવ્યો ત્યારે કુંવરી અનુપે પીવાનું પાણી માગ્યું તેથી પાણીની શોધ કરવામાં તેનું મન રોકાયું. પણ ફક્ત રસ્તોજ એક. એક બાજુએ પર્વતની કદણ, ને બીજી બાજુએ હજારો ફીટ ઉંડી ખાઇ. આગળ ચાલતાં સુભાગ્યે એક ઝરણું નજરે પડ્યું, ત્યાં આગળ બેસી કુંવરીને રોટલી ખવરાવી પાણી પાયું, અને પોતે પણ થોડું ખાઇ લીધું. સંધ્યાકાળ થવા આવ્યો હતો, તેથી વધારે વાર ન કરતાં તરતજ કુંવરીને કેડે બેસાડી ચાલવા માંડ્યું. એટલામાં ત્યાંનો એક રહીશ મળ્યો. તેને કહ્યું કે: "અમારે આ ગામમાં રાતવાસો રહેવું છે." એ ઉપરથી ભીલ જેવા દેખાતા પણ શરીરે ગોરાવર્ણના માણસે ઇસારત કરી પોતાની પાછળ આવવા કહ્યું, તેથી તે તેની પાછળ ગયો, અને પોતાનું એક ઘાસથી છાયેલું છાપરૂં હતું ત્યાં બેસાડી ચાલ્યો ગયો. આ વખતે આવા વિકટ પ્રદેશમાં માત્ર એક ધર્મસિંહ અને અનુપ સિવાય અન્ય કોઇ નહોતું. સંધ્યા વખત થયેલો હોવાથી આકાશ માર્ગમાં બોલતાં ઉડતાં પક્ષીઓ પોતપોતાના પ્હાડની ખીણોના કોતરમાં ભરાવા લાગ્યાં. આકાશ સહજ લાલ થયા પછી તરતજ તદ્દન આસમાની બની ગયું, અને ન્હાના મ્હોટા તારાઓ ઝળકવા લાગ્યા. રીંછ વિગેરે હિંસક પશુઓ ચરાડા પાડવા લાગ્યાં. ઘુવડ ઘુ–ઘુ–ઘુ કરવા લાગ્યો. એટલામાં ચંદ્રનો ઉદય થયો. તેથી પૃથ્વી પરના અંધારાનો અને ધર્મસિંહના મનમાં પેદા થતી ધાસ્તીનો નાશ થયો. ધર્મસિંહે છાપરીની એક બાજુએ પડેલું ઘાસ લઇ તેનો સાથરો બનાવી લુગડું પાથરી કુંવરીને સુવાડી, પોતે બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો. "ભલા ઇશ્વર! અદૃશ્ય દેવ! તું પુરાતન કાળથી સુખી માનવીઓને દુઃખ દઇ સુખ માનતો જણાય છે. હરિશ્ચંદ્રને તેં શું ઓછું દુઃખ દીધું છે? નળ અને દમયંતીને તેં ઓછાં વન વગડે રખડાવી રંજાડ્યાં છે? રામ સીતાને તેં શું ઓછું વિયોગ દુઃખ દીધું છે? પાંડવોને પર ઘેર પેટ ભરતા જોઇ તેં શું ઓછો વૈભવ ભોગવ્યો છે? કોણ જાણે લોકો ત્હને શું સમજીને દયાળુ કહે છે! ત્હને દયાનાથને બદલે નિર્દયનાથ કહેવામાં શું બાધ છે? ત્હારાં કૃત્ય ત્હારી પોતાની નિંદા કરાવે એવાં

છે ! વારૂં કહે જોઇએ, મેં તો પાપ કર્યું હશે એમ માન, પણ આ અજ્ઞાત, કેવળ અજ્ઞાત, અવાક, શુદ્ધ હૃદયા કુંવરી અનુપે શું પાપ કર્યું છે ?" થાકથી કંટાળેલો ધર્મસિંહ આવા દુઃખાલાપ કરતો આડો થવા જતો હતો, એટલામાં :છાપરીનો માલિક રોટલી અને દુધ લઈ આવ્યો. તે ભૂમિ પર મૂકી બોલ્યોઃ "લો રોટલી ખાઓ."

ધર્મઃ "મેનેં અભી રોટી ખાયા. તુમ ખા લો. તુમારા નામ ક્યા ?"

છાપરીનો માલિક બોલ્યોઃ "મેરા નામ દિલદાર હય."

ધર્મઃ "તબ તો તુમ મુસલમીન હોગે ?"

દિલઃ "તુમ કોન હો ?"

ધર્મઃ "મૈં હિન્દુ. પંજાબકા રહેનેવાલા હું. શ્રીનગર જાનેકા ઇરાદા હય ભૈયા."

દિલઃ "અચ્છા જાઓ. લેકિન રસ્તા બડા મુશ્કિલ હય."

ધર્મઃ "તુમ યહાં ક્યોં રહતે હો ?"

દિલઃ "મૈં રાસ્તાકા ચોકીદાર હું. કાશ્મીરકા ખુદ હાકિમ. ઇન્સાંઅલ્લા, મહમદ આઝમખાનકી તરફસેં ચોકી કરતા હું."

સમય થતાં બન્નેને ઉપરાઉપરી બગાસાં આવવા લાગ્યાં. શીતળ પવનની લહેરો શરીર પર પડવા લાગી, અને નિદ્રા દેવીએ તેમનાપર ધારણ નાંખ્યું એટલે બન્ને વાતચિત કરતા ઉંઘી ગયા. પાછલી રાત્રે દિલદાર બોલ્યોઃ "ઉઠો, ભાઇ, જાના હય કે રહેના હય ?"

ધર્મસિંહઃ "જાના હય. અબ રાસ્તા દિખા દો."

દિલઃ "દેખ, વહ સામને પ્હાડકી ખો દિખ પડતી હય, ઉસ્કે નીચે એક ડાબી બાજુ છોટા રાસ્તા હૈ. વહ રાસ્તે સેં અગાડી જાના. અગાડી જાતે જાતે કાલે પથ્થર આતે હંય. એક બાજુપેં બરફકે પર્વત હય. ઔર નદી બડે જોરસેં જાતી હય. આગે દેવદારકે બડે બડે ઝાડ આતે હય. પીછે નદી ઉતરકે રામપુર જાના."

રસ્તાની સર્વ હકિકત સાંભળી કુંવરી અનુપને રોટલી ખવરાવી, ખભે લઈ ગુરૂનું નામ દઇ ધર્મસિંહે ચાલવા માંડયું. આગળ ચાલતાં એક પાણીનો



ધોધ નજરે પડયો. ધોધ બહુ જોરબંધ પડતો હતો. તેનું પાણી એટલું બધું ઠંડું હતું કે ચાલવાના પથ્થર સુદ્ધાં ઠંડા થઈ ગયા હતા. વળી એક બાજુએ હિમાલયનાં ઉંચાં નિચાં ધોળાં ધોળાં શિખરો દેખાતાં હતાં. તેનો દેખાવ જાણે જાઇ જુઇના પુષ્પોની ચાદર કોઇએ ઓરાઢી હોય તેવો લાગતો હતો. કલાક પછી તેને તેજ શિખરો ધોળા મલમલના કપડા જેવાં દેખાવા લાગ્યાં. વળી આગળ જતાં તદન ગુલાબી રંગનાં બની ગયાં, અને જ્યારે સૂર્યનારાયણ મસ્તકોપરી થયા તે વખતે બિલોરના લોલકવાળા, ઝુમ્મરના જેવા ચમકાટવાળાં અને રંગબેરંગી દેખાવા લાગ્યાં. એ જોતાં જોતાં આગળ કાળા પથ્થરનો પ્હાડ આવ્યો. આ પ્હાડની ખોની વાટ ફક્ત બે હાથ પહોળી હતી. વાટનો ચઢાવ છાતીપુર હતો. જેવો તેવો માણસ તો ચઢી શકેજ નહિ, પણ ધર્મસિંહ કમ્મરે હાથ દઇ જોરજુલમથી ચઢવા લાગ્યો. આ જગ્યાએ સાંકડો પટ અને ઉંચેથી ઉતરતું નદીનું પાણી એટલું જોરમાં વહેતું હતું કે તેના પર ફીણના ફિસોટા બાઝી ગયા હતા. તેનો અવાજ એટલો ગંભીર થતો હતો કે કાન બ્હેરા થઈ જતા. આથી કુંવરી વારંવાર રોવા લાગી, પણ મીઠી મીઠી વાતો કહી સમજાવતો, અને પગલાં સંભાળતો ધર્મસિંહ મહા સંકટે ઝડપથી ચાલવા લાગ્યો. ભગવાન દીનાનાથ માથેથી પશ્ચિમાચળ ભણી જતા હતા. પવનની ઠંડી લહેરો આવતી હતી છતાં તેના શરીર પર પસીનાના વળી ગયેલા મોતીઓને હાથથી લૂછતો જતો આગળ ચાલતો હતો. એવામાં દૂરથી તેના દીઠામાં દેવદારનાં ઝાડ આવ્યાં, તેથી ઘણો ખુશી થયો. આ ઘટાદાર ઝાડીમાં થોડોક વિસામો કરી પોતે ભાતુ ખાધું અને કુંવરીને ખવરાવી ટટાર થઇ વળી ચાલવા લાગ્યો. આખરે ભલ ભલા હિમ્મતવાન અને સાહસિક પુરૂષને પાછો હઠાવે એવો વિતસ્તાનો સાંકડો પટ આવ્યો. આ જગાએ વિતસ્તા મહા તોફાન મચાવી રહી હતી. તે ખૂબ ઉછાળા મારતી પ્હાડની ખીણોમાં અફળાતી, ઉપરા ઉપરી ફીણના ફિસોટા અને જળકણો ઉડાવતી વહેતી હતી. તેની બંને બાજુની ભેખડો પર એક મ્હોટું લાકડું નાંખેલું હતું તેના પર થઇને સામે કિનારે જવાનું હતું. અન્ય ઉપાય નહિ હોવાથી વાંદરાના જેવું કાળજું કરી, ગુરૂ નાનકનું નામ દઈ,

ભારતવર્ષમાંથી લંકામાં જવાના સેતુ કરતાં ભારે થઈ પડેલ કષ્ટ સેતુપર થઇને તે સામે કિનારે ઉતર્યો ત્યારે તેના ખોળીઆમાં જીવ આવ્યો. આ કિનારા-પર છત્રિના જેવા દેખાવનાં હજારો ઝાડ કિનારા પર છત્ર ધારણ કરી રહ્યાં હતાં. આકાશમાં પૂર્વ દિશા તરફ તેતરવર્ણી વાદળી છવાઈ રહી હતી, તેથી વર્ષાદની ધાસ્તી લાગતી હતી, પણ ભગવાન ભાષ્કર પશ્ચિમાચળમાં વિશ્રાન્તિ અર્થે સિધાવતા હતા, તેથી તેતરવર્ણી વાદળી તેમને વધાવી લેવા માટે સિંદુર અને ગુલાલરૂપ બની ગઈ. ધર્મસિંહને આજની વાટ હમેશાં યાદ રહે તેવી હતી. અગોચર બાટે ચાલવાથી પથ્થરની ફાંસો વાગીને તેના પગનાં તળીઆંમાં લોહીની તસરો ફુટી હતી, તેમજ તળીઆંની ચામડી પર સહજ સહજ ઘસારો લાગ્યો હતો. છાતીભર પ્હાડના ચઢાવ ચઢવા ઉતરવાથી થાકને લીધે તેની જાંગો ભરાઈ ગઈ હતી. કમ્મર પણ ફાડુ ફાડુ થઇ રહી હતી. આવી સ્થિતિમાં રાતવાસો ક્યાં કરવો તેના વિચારમાં પડ્યો હતો, એટલામાં સામી બાજુએ એક ટેકરી પર ધુણીનો ગોટો નિકળી આકાશમાં જતો જણાયો, તેથી હિમ્મત રાખી ધુણી તરફ જવા લાગ્યો. આ ધુણી વિતસ્તાના કિનારા પર એક ઉંચી ટેકરી પરથી નિકળતી હતી. ધુણીના ખાડા આગળ એક સુકો પીવાની ધંતુરીઆ ચલમ અને સાફી પડેલી હતી, અને તે ધુણીના ખાડાની પશ્ચિમ તરફ એક ન્હાની ઘાસના છાયણની ફક્ત બે માણસ પરાણે સુઇ રહે એવડી પર્ણકુટી હતી. પર્ણકુટી આગળ ધર્મસિંહ, માન-કુંવરી અનુપને ભૂમિ પર ઉતારી બેઠો. ચારે બાજુએ નજર કરતાં માન-વીનું નામ નિશાન જણાતું નહોતું, ફક્ત પક્ષીઓનો કલરવ અને વિતસ્તાનો ઘોંઘાટ, એ સિવાય અન્ય શબ્દ કાને આવતો નહોતો. પર્ણકુટી આગળ સેતુરીના ઝાડની ઘટા ઠીક હતી, તેમજ તે ઝાડોની અંદર ગુલાબના છોડ ઉગેલા હતા; ત્યાં આગળ એક પાણીનું ઝરણું વહેતું હતું. સંધ્યાકાળ વિત્યા પછી ધર્મસિંહે રોટલી ખાધી અને કુંવરીને ખવરાવી કપડું પાથરી સુવાડી.

પર્ણકુટીના માલિકની રાહ જોતો ધર્મસિંહ બેસી રહ્યો હતો. બે ઘટિકા રાત્રિ વીતતાંજ માલિક આવ્યો. તેનો દેખાવ જેટલો સુંદર હતો તેટલો બીઆમણો હતો. તેની લાંબી ભુખરી દાઢી અને મૂછ છાતી પર લટકી



રહી હતી. તેણે કાનમાં લાંબી દોરીએ લટકતા લાકડાના બે ન્હાના ગોળ દાટા જેવા આકારના કડકા પહેરેલા હતા, માથા પર ન્હાની ન્હાની ભુખરા કાળા રંગની બાબરી પવનને લીધે ફગ ફગ થતી હતી, હાથમાં એક મજ-બૂત લાકડી અને એક ન્હાની સરખી તુંબડી હતી, આંખો લાલચોળ દેખાતી હતી, આખા શરીરે અને બાબરી પર ભસ્મ ચોળેલી હતી. આવા પુરુષને જોઇ ધર્મસિંહ ઉભો થઈ પગે પડ્યો એટલે તે બોલ્યો: "કૌન હય?"

ધર્મ: "મૈંય એક ગરીબ વટેમાર્ગુ, પંજાબકા રહનેવાલા હું. રસ્તેમેં ચલતે ચલતે થક ગયા ઔર લડકી રોને લગી, ઇસ લીયે પર્ણકુટીમેં મુકામ કિયા હય."

સાધુ: "અચ્છા બાબા, ઠયરો. મૈંય સોનેકા ઔર ખાનેકા લાતા હું."

ધર્મ: "નહિ ચાહીએ મહારાજ, મેરે પાસ હય."

એ પ્રમાણે ના કહ્યા છતાં પણ મહાત્માએ બે સારાં ગોદડાં અને ખાવાને માટે ત્રણ લાડુ લાવી આપ્યા. આ બનાવ જોઈ ધર્મસિંહ બહુ આશ્ચર્ય પામી વિચારમાં પડ્યો કે "આવા અરણ્યમાં આ વસ્તુ ક્યાંથી? નજીક વસ્તીનું નામ નિશાન જણાતું નથી છતાં મહારાજ આ કયાંથી લાવ્યા? નક્કી કોઈ સિદ્ધ પુરુષ છે." મ્હને યાદ આવે છે કે ભાઈ ગુરૂમુખસિંહ એક વખત કહેતા હતા કે કાશ્મીરના પ્હાડોમાં સિદ્ધ લોક વસે છે. ખરેખર, આ તેવાજ સિદ્ધ પુરુષ છે. ધર્મસિંહ હાથ જોડી તેના ચરણમાં પડી બોલ્યો: "કૃપા-નાથ! આપ તસ્દી મત લો. આપકી દયા હય તો મેં સવા મણ રૂઇકી તલાઇમેં સોતા હું."

સાધુ: "અચ્છા બચ્ચા, તેરી ઇચ્છા."

આ પ્રમાણે વાતચિત કરતાં કરતાં સાધુ એકદમ અદૃશ્ય થઇ ગયો. ધર્મસિંહ તો ગાભરો બની ચારે દિશાએ જોવા લાગ્યો. આજુબાજુએ શેતુરની ઝાડીમાં, ગુલાબની ઘટામાં, અને વિતસ્તાના કિનારામાં સર્વ પ્રકારે શોધ્યો પણ કંઇ પત્તો લાગ્યો નહિ.

સ્હવાર થતાં ધર્મસિંહ જાગ્યો, પણ પેલા સિદ્ધને દીઠો નહિ. વનમાં બે ગોદડાં કોને સોંપવાં તેની પંચાતમાં પડ્યો. સોંપ્યા વગર જવાથી વખતે

સિદ્ધ ગુસ્સે થાય એવી ભીતિ લાગી તેથી તેના આવતા સુધી બેસી રહેવા વિચાર કર્યો, અને તેમાં લાભ જાણી સંતોષ માન્યો. તેણે વનમાં ફરીને આખો દિવસ ગુજાર્યો. છેવટે સંધ્યા થઈ ત્યારે પર્ણકુટીમાં આવ્યો.

નીચે પ્હાડ તથા વૃક્ષ ઉપર આકાશ અને બાજુએ વહેતી વિતસ્તા એ સિવાય બીજું કંઈ નજરે પડતું નહોતું. ગયા દિવસની પેઠે ધર્મસિંહ પથારી કરી અનુપને સુવાડી પોતે સુતો. વિવિધ જાતના વિચારમાં મગ્ન થયેલો ધર્મસિંહ ઉંઘી ગયો, તોપણ સિદ્ધ પુરુષ આવ્યોજ નહિ.

હવે બહુ વખત અહીં રોકાવામાં સાર નથી, એમ જાણી સિદ્ધની ભૂમિને નમસ્કાર કરી ગોદડાં ત્યાંનાં ત્યાંજ રહેવા દઈ બારામુલાનો રસ્તો લીધો. આગળ ચાલતાં એક ન્હાનો વહેળકો આવે છે, તે ઓળંગી એક સાંકડી વાટપર થઈ જવાનો માર્ગ છે. આ વાટ પ્હાડની બાજુ પર હોવાથી વિવિધ જાતનાં પુષ્પનાં ઝાડ નજરે પડે છે. નીચે જણાતી લીલીછમ ભૂમિ પર રંગ-બેરંગી પુષ્પ ગુચ્છ હોવાથી દુરથી જાણે એક ગાલીચો બિછાવ્યો હોય તેવું દેખાય છે. ધર્મસિંહ બોલ્યો: “ખરેખર આ તે ઇંદ્રાણીનું ક્રિડા ભવન, કે અપ્સરા અને કિન્નરીઓનું વિલાસ ભવન, કે ગાંધર્વ લોકનું નૃત્યાલાપભવન, કે સાક્ષાત હિમાચળની પુત્રી પાર્વતીનો પુષ્પોદ્યાન! મ્હને તો લાગે છે કે નગદુહિતા પાર્વતીનો શ્રી ભોળાનાથને રિઝવવાનો આ વિહાર બાગજ! બીજા દેવોને માટે નગરાજ હિમાચળ આટલી બધી તસ્દી શા માટે લે? આ તો પોતાના જામાત્રને પાર્વતી સાથ રમણ માટેજ નિર્માણ કરેલો રસ રમણ બાગજ હશે! આ પુષ્પ પર ઉડતાં સંખ્યાબંધ લાલ, પીળાં, લીલાં, ઉદાં, પચરંગી, ધોળાં, કાળાં, કલગીવાળાં અને કલગી વગરનાં, લાંબી પટ-પટતી પુછડીવાળાં અને સીધી લાંબી પુછડીવાળાં પક્ષીઓ ભય રહિત, પર-માનંદથી કલ્લોલ કરે છે, અને કેટલાંક પુષ્પ પર બેસી મધુર રાગરાગણી આલાપે છે. આ બનાવ જોઇ ખસવાનું મન થાય તેમ જ નથી.” વળી અધુરામાં પુરૂં કરવા પૂર્વાચળથી દીનમણિ કિરણ જાળ પ્રસારતો પર્વતના શિખરોની પાછળ રહી ડોકિયાં કરવા લાગ્યો. તે વખતે આ ભૂમિએ એક અલૌકિક રૂપ ધારણ કર્યું હતું. તેનાં દર્શન માત્રથી બે સુમાર પુષ્પો પોત-



પોતાની મેળે ફટોફટ ખિલી ઉઠયાં, તેથી દશે દિશાઓમાં વિવિધ જાતની સુગંધ પ્રસરી રહી. પ્રકૃતિ દેવીની અલૌકિકલીલાનું વર્ણન કરવા માટે તો મહા-કવિ કાળીદાસ, બાણ, ભવભૂતિ અને હર્ષની લેખણ પાછી પડે તો પછી બીજા ક્ષુદ્ર લેખકોની લેખણ કેમ ચાલે? એ વિચિત્ર લીલાનું વર્ણન કરવા મનુષ્ય સમર્થ નથી. અવર્ણનિય રચના, અવર્ણનિય દેખાવ, અને અવર્ણનિય ભૂમિનું વર્ણન કેમ કર્યું જાય? નજ થાય, છતાં કરવા જાય તો ગોથું ખાય. આ સ્થળનો પ્રતાપ જોઇને મસ્તાન વિતસ્તા પણ પોતાની કટકટ મૂકીને અદૃશ્ય થાય છે.

પૃથ્વીનું પરિક્રમણ કરનાર ઉચ્ચૈઃશ્રવા નામના સપ્તમુખી અશ્વને જોડેલા રથને બેફટ દોડાવતો સારથી અરૂણ, ભગવાન સૂર્યદેવને લઇ જે વખતે નભતળમાં આવ્યો તે વખતે ધર્મસિંહ, અચંબો પેદા કરે તેવા, સૃષ્ટિની સૌન્દર્યતા રૂપ નિર્માણ કરેલા, એક કુદરતી બગીચામાં આવ્યો. આ પ્રસંગે આ બગીચાની શોભા અલૌકિક જણાતી હતી. લંકાપુરીના મહિપાળની અશોક વાટિકાને પણ ભૂલાવે એવી એની નૌતમ શોભા! જાણે આબેહૂબ ઇંદ્ર-સદનમાં વસ્તી પરીઓને રમવાનું ક્રિડા સ્થાન. વચ્ચે લીલી છમ દુર્વાનો એક વિશાળ રસ્તો, અને તેની બંને બાજુએ એક સરખાં સો સો ગજ ઉંચાં ઘટાદાર અને સરખે અંતરે, જાણે કોઇ કુશળ બાગબાને રોપી ઉછેર્યાં હોય તેવાં, તેમજ એક સરખી રીતે કોઇ નિપુણ કારીગરે કાતરથી કાતરી સરખાં તૈયાર કર્યાં હોય તેવાં, એક રંગનાં હારબંધ સફેદાના વૃક્ષોનું કુંજ વન હતું. ગમે તેવો કુશળ ગણિતશાસ્ત્રી આ વૃક્ષોની ગણત્રી કરવા માંડે તોપણ ભાગ્યેજ ભૂલ કર્યા વગર રહે! ભૂમિ પર બેસી નીચી દૃષ્ટિએ જોઇએ તો દૃષ્ટિમર્યાદા સુધી આરપાર નજર નિકળી જાય. આ બગિચાની પાર એક વિશાળ સરોવર દેખાઇ રહ્યું હતું. આ સરોવરનો દેખાવ ઘણો ચિત્તાકર્ષક અને વિચિત્ર હતો. તેની ચોગરદમ ઉંચા ઉંચા ધોળા પ્હાડની પાળ બની રહી છે. તે પાળની અંદર રહેલું પાણી પારદર્શક કાચ જેવું જામી રહ્યું છે. આ સરોવરને જમણી પાસે એક ગામ છે. તેની પાછળ માટીનો કિલ્લો છે. તે કિલ્લાવાળા બારામુલા ગામમાં ધર્મસિંહ દાખલ થયો. હવે તેને

આશા થઇ કે ગુરૂ ગોવિંદનો હુકમ હશે તો ધારેલા ગામે જવાશે ખરૂં. આ ગામમાં મુસાફરખાનું નહોતું, તેથી તેને થોડેક દૂર જઇ એક ખેડુતની ઝુંપડીનો આસરો લેવો પડયો. ખેડુતનું નામ બીરદાલ હતું. તેણે પૈસા અને દયા ખાઇને રહેવા મુકામ આપ્યો. ઠંડી અતિશય પડતી હતી, તેથી રીંછનાં બે ચામડાં ઓઢવા આપ્યાં. તે ઓઢી અનુપને સૉડમાં લઈ સ્હવારની રાહ જોતો ધર્મસિંહ સૂઇ રહ્યો.

ઠંડી એવી સખ્ત પડી કે ધર્મસિંહને પરોઢીઆમાં ઉંઘ આવીજ નહિ. તેમજ અનુપ પણ જાગી "બા–માઇ–આ–બાપ." એમ કહી રડવા લાગી. તેને "ચાલ, આપણે તેની પાસે જઇએ છીએ." એમ સમજાવી પટાવી છાની રાખી. છતાં વળી ફરી રડવા લાગી. અનુપનું આક્રંદ સાંભળી ભગવાન હિમવાન દુઃખી થતો ફિક્કે ચહેરે શિખરોની પાછળ ભરાવા લાગ્યો. આસમાની રંગનું આકાશ ચોળાવર્ણું થવા લાગ્યું. પક્ષીઓ કલરવ કરવા લાગ્યાં. નિર્દય હિંસક પ્રાણીને ડરાવતો સૂર્ય ચનોઠીવર્ણો થઈ ઉદય પામ્યો. દુશ્મનથી ત્રાસેલો માનવી જેમ પરગજુ માનવીની સૉડમાં ભરાય તેમ અંધકારે સૂર્યની પ્રભાથી ડરી જઇ ગિરિ ગુહા અને ખીણોનો આશ્રય લેવા માંડયો, છતાં તેને સ્વતંત્ર થવાની તક આપવા માટે વિશાળ વૃક્ષોનાં અને પર્વતનાં શિખરોએ સૂર્યને રોક્યો પણ તેનો રોક્યો તે ઝાઝી વાર રહ્યો નહિ. પ્રભાતથી પર્વતોની અંદરની ધાતુનાં રજકણો અને જવાહીરની કણીઓ ચળકી ઉઠી. ઠેક ઠેકાણે વિવિધ જાતનાં પુષ્પોએ મુખ ખોલી, સંધ્યા સમયે કેદ કરેલા મધુચોર ભ્રમરાઓને છોડયા કે ચોમેર સુગંધી પ્રસરી રહી. વૃક્ષ પર રાત્રિવાસો કરી રહેલા મોર પર્વતનાં શિખરો પર અને શીલાતળ પર ઉતરી સુશોભિત પચરંગી પીછાં ખંખેરી કળા કરવા લાગ્યા. તેની પછવાડે ઢેલડીઓ અશ્રુબિન્દુ ઝીલવા માટે આગળ પાછળ ફરી ગેલ કરવા લાગી. ધર્મસિંહે કહ્યું: "અનુપ! જો, જો, છાની રહે. પેલો મોર કળા કરી કેવો રમે છે? તું રડીશ તો તે ન્હાસી જશે. છાની રહે. એ–મોર–આવજે. આ માઇના હાથ પર બેસજે. ચાલ, આપણે તેની પાસે જઇએ." એમ કહી તેને રિઝાવી. મોરે કિલકારી કરી કે ઢેલડીઓ કેકારવ કરવા લાગી. રાત્રિનાં



ભૂખ્યાં થયેલાં વનપશુઓ નિડરપણે ફરવા ચરવા લાગ્યાં, પણ તરસ્યાં થયેલાં પક્ષીઓ પાણીના ઝરણ આગળ મુખ ધરતાં પણ વગર પાણી પીધે મુખ પાછું ખેંચી લેતાં હતાં!

ધર્મસિંહે વિચાર્યું કે, પગ રસ્તે જઈ શકાશે નહિ, માટે હોડી ભાડે કરવી પડશે. એમ જાણી હોડી હંકારનાર માંજુ લોકની શોધ કરવા પાછળ ગુંથાયો. આખરે એક માજુની હોડી ભાડે કરી તેમાં અનુપને લઈ ચઢી બેઠો. સૂર્ય બરોબર ગગનતળના મધ્ય ભાગમાં આવ્યો, અને વૃક્ષ, પશુ, પક્ષી અને પ્રાણી માત્રની છાયા પોતામાંજ સમાવા લાગી, તે વખતે માજુ બોલ્યો: "ભાઇ! રોટી બોટી ખાના હય? યહ સુપુર ગામ આયા." સુપુરનું નામ સાંભળ્યું કે ધર્મસિંહનું કરમાઇ ગયેલું વદન કમળ પ્રફુલ્લિત થઈ ગયું અને ભારે હર્ષથી બોલ્યો: "બાબા, સુપુર આગે કીસ્તીકો ઠહરાના."

સુપુર આવ્યું એટલે માંજુએ હોડીને કિનારે નાંગરી. ધર્મસિંહ તેમાંથી ઉતરી પડયો અને કુંવરીને કેડે બેસાડી બજાર તરફ ગયો. આ વખતે તેની ખુશાલીનો પાર નહોતો. બેહદ ખુશી થતો, થાકને વિસરતો તે એક દુકાન પર ચાવણું લેવા ઉભો. ધર્મસિંહ આશ્ચર્ય પામી મનમાં બડબડયો: "સુપુર તો ખરે સુસ્વરૂપજ છે. આ ચણા વેચનારનાં છોકરાં ગોરાં ગફલ બરફ જેવાં અને ગુલાબી ગાલવાળાં છે તો બીજા ઉજળા લોકો કેટલા ખુબસુરત હશે? વળી આ છોકરીની આંખો નેપાળના મૃગની આંખો કરતાં કેવી લાંબી વિશાળ અને અણીઆળી ચમક ચમક થાય છે." આ પ્રમાણે વિચાર કરતો હતો, એટલામાં એક માણસે દુકાન આગળ આવી દુકાનદાર પાસે ચણા માગ્યા. ચણા લીધા પછી તેણે પૂછ્યું: "કહાં રહેના?"

ધર્મ: "પંજાબમેં."

તે સાંભળી તેણે પૂછ્યું: "કહાં જાના હય?"

"શિવદયાળકી પાસ. વિરાંગનગરમેં જાના હય. તુમ કહાં રહતે હો?"

તેણે જવાબ આપ્યો: "મંય ભી શિવદયાળકી પાસમેં રહતા હું."

આ સાંભળી આનંદ સાગરમાં હિંચોળે ચઢેલા ધર્મસિંહે પૂછ્યું: "તુમારા નામ કયા?"

તે બોલ્યો: "બાબા! મેરા નામ રહેમાન."

ધર્મ: "બાબા, શિવદયાળ પાસ લે ચલો."

રહેમાન: "અચ્છા, મેરી સાથ ચલો."

આ પ્રમાણે બંને જણ વાતચિત કરતા કરતા કાંઠે આવી મછવામાં બેઠા. ધર્મસિંહે અનુપના હાથમાં ચણા આપ્યા. માજી લોકોએ મછવો હંકાર્યો.

રહેમાન: "દેખ ભાઇ! શિવદયાળ, વહ વિરાંગનગરમેં નહિ રહતા હય, લેકિન નગરકી બાજુપેં વન હય. વહ વનકી અંદર એક છોટા ગાંવ હય વહાં રહતા હય."

ધર્મસિંહ: "બ્હોત ખુબ. બાબા હમકું વહાં લે જાના."

રહેમાન: "ફિકર મત કરો, મૈં ભી વહાંઈ રહતા હું."

પરમાનંદમાં મગ્ન થયેલો ધર્મસિંહ અનુપને સુવાડી, પોતાના મિત્ર રહેમાન સાથે સુતો. ચતો સુતેલો ધર્મસિંહ શરદચંદ્રને વિલોકતો બોલ્યો: "નીલવર્ણ આકાશમાં શંખાફુલીની પેઠે ખિલેલા તારા, કુમુદિની પતિ ચંદ્રરાજને પ્રગટ થતો જોઈ સંકુચિત થાય છે; પણ પતિપ્રાણા કુમુદિની, પ્યારા પતિ શરદચંદ્રનાં દર્શન થવાથી, નાભીમાંથી ઉત્પન્ન થતો હાસ્યાનંદ રોકી નહિ શકવાથી એકદમ મુખકમળ ખોલી કેવી હસી ઉઠે છે! પોતાનો જ્યેષ્ઠ બંધુ દિવાકર રખેને જોઇ જશે એવી બ્હીકથી ચંદ્રદેવ પર્વતોની પાછળ ભરાઈ ડોકીઆં કરતો કરતો છેવટે જ્યેષ્ઠ બંધુ સ્વધામ પધારી ગયો એવી ખાત્રિ થતાં એકદમ બહાર આવી પોતાની નિર્મળ કિરણ જાળ પ્રસારી જગત માત્રને સામે દેખાતા ધવલગિરિના જેવું ધવલ બનાવી દે છે; તેથી આ કિનારે, બાજુએ અને મધ્યમાં સ્વામીની હૈયાતીને લીધે સૌભાગ્ય મદથી મદાન્ધ થયેલું કુમુદિનીનું ટોળું સરોવરમાં હસે છે. તેને જોઇને પેલી કિનારા પર વસ્તી તેની સખીઓ, મધુમાલતી, જાઇ, જુઇ અને સેવાલિકા પુષ્પરૂપી મુખવડે હસી સત્કાર કરે છે. તેના હાસ્યથી તમામ દિશાઓ સુગંધિત થઇ રહી છે. સરોવરમાં હાસ્યમુખી વધૂઓ સાથે છાયા રૂપે મહાલતા, જળક્રિડા કરતા ચંદ્ર દેવના શીર પર, પેલી આકાશ કુસુમાવલી શ્વેત છત્ર ધારણ કરી સાથેની સાથે ડોલે છે. આ ખેલ જોવાને ઉત્સુક બનેલા પેલા મહામુનિ



અગસ્ત્યરાજ પણ સોહાગી બની નભતળમાં રહી નીચી નજરે નિહાળી ખુશી થતા જણાય છે, પણ તેમનો વાદ નહિ કરતાં પેલા સપ્ત ઋષિઓ તો સીધે મુખે મૌન્યવ્રત ધારણ કરી પોતાનું ગાંભીર્ય બતાવી રહ્યા છે. આવા આનંદદાયક પ્રસંગમાં, મછવો કમળ–નાળમાં ભરાવાથી માજી લોકો શોરબકોર કરી ઉઠયા. તેથી ધર્મસિંહની નજર તેના તરફ ગઈ. તેણે પૂછ્યું: "અરે! બાબા! કયા ગડબડ હય?" માજીએ જવાબ દીધો: "એ મછવા કમળકી જાળમેં ફસા ગયા હય, વહ નિકાલતેં હંય. તુમ બેફિકર રહો. અબ શ્રીનગર નજીક હય."

માજીઓ એકદમ મછવામાંથી ઉતરી પડી એક લાંબું દોરડું પકડી કિનારા પર જઇ ગાતા ગાતા તાણવા લાગ્યા; અને કમળ જાળથી વછુટેલો મછવો સપાટાબંધ ચાલ્યો એટલે તેઓ મછવા પર ચઢી બેસી હલેસાં મારવા લાગ્યા.

માજીઓના, પક્ષીઓના અને જળચર પ્રાણીઓના કોલાહલથી કુંવરી અનુપ જાગી ઉઠી રડવા લાગી: "ઓ–ધમ–મને દુધ દે, રોટી દે, મને ખાવું છે."

બાળકીને રોતી જોઈ ધર્મસિંહ બોલ્યો: "હે ભગવાન! વળી તેં આ શું કર્યું? આટલી લાંબી મુસાફરીમાં એકેય દિવસ દુધ સાંભર્યું નહોતું અને આજે તેને ક્યાંથી યાદ આવ્યું?"

રહેમાન: "ગભરાના નહિ. મેરી પાસ સેબ ફળ, દ્રાક્ષ, ઔર દાડમ હય. વ્હો તુમ ઉસ્કું દો. લડકી ખુશ હોગી."

ધર્મસિંહે રહેમાન પાસેથી ફળ લઇ કુંવરીના હાથમાં આપ્યાં એટલે ચટ્ છાની રહી. થોડીક વારમાં શ્રીનગર મૂક્યું, અને વિરાંગ નગરના વનનો કિનારો આવ્યો. મિત્ર રહેમાન સાથે કુંવરી અને ગાંસડી બંને લઇ ધર્મસિંહ કિનારા પર ઉતર્યો. રહેમાન અને તેની પાછળ ચાલતો ધર્મસિંહ, વૃક્ષરાજી અને લતાએ લચકાઈ ગયેલાં પુષ્પોવાળા વનનો કેટલોક ભાગ વિતાવી પ્હાડના મથાળા પર વસેલા એક ગામડાની ભાગોળે આવ્યા.

ધર્મસિંહ: "રહેમાન! શિવદયાળ ઇધિર રહતેં હય?"

રહેમાન: "વ્હો સબસેં ઉંચી છાયલ છપરીમેં હોંગે."

આ પ્રમાણે માહિતી મેળવતો ધર્મસિંહ, શિવદયાળની પર્ણકુટીના ચોગાનમાં આવ્યો, ત્યારે ખરેખર વિસ્મય પામ્યો. એક બાજુએ વીશ પચીશ મ્હોટી મ્હોટી, વળી ગયેલાં શિંગડાંવાળી ગાયો, એક બાજુએ પચાશ સાઠ ગાડર; વળી કુટીના પાછળના ભાગમાં ચાર પાંચ ટટ્ટુ અને છ સાત બળદ બાંધેલા હતા. ઝીણી ઝીણી કાંકરીવાળા ગેરવા રંગના ચોગાનમાં ખેતીનાં હથિયાર પડેલાં હતાં, તેના પર ચિનારનાં ઝાડની ઘટાએ છાંયો કર્યો હતો. પર્ણકુટીની પાછળ ઉંચા નીચી ટેકરીઓ પર હજારો દાડમનાં ઝાડ ફળથી ઝુમી ગયાં હતાં. તેની નીચે દ્રાક્ષની લાંબી લાંબી લટરોવાળો માંડવો હતો. વળી એક બાજુએ પ્હાડની સપાટ ભેખડ ઉપર રાતી કેળ, નાળીએરી, ખજુરી અને તમાલનાં વૃક્ષ, ડાળ ડાળીઓ અને પલ્લવના ભારથી ઝુકી ગઇ હતી. તેની વચ્ચે વચ્ચે હારબંધ ગુલાબ વગેરેનાં પુષ્પ ખિલી ઉઠયાં હતાં. આવી શોભા નિરખતાં ધર્મસિંહે, શિવદયાળની પર્ણકુટીની ઓસરીમાં પગ મૂક્યો કે તરતજ ખુંણામાંથી એક પ્હાડી સિંહના જેવો વિક્રાળ કુતરો ભસતો ભસતો આવ્યો. રહેમાને તેને રોકી શિવદયાળને બૂમ પાડી.

આ વખતે શિવદયાળ પર્ણકુટીની પાછળ હતો, તેથી એને આવતાં વાર લાગી. પર્ણકુટીની ભીંતો લાલ માટીથી થાબડીને બનાવેલી હતી. તેના પર લાંબા લાંબા સરૂનાં ન્હાનાં મ્હોટાં લાકડાનું છાજ, ઘુમ્મટના આકારે નાંખી સરખટ અને ઘાસથી છાપરૂં છાયું હતું. કુટીમાં જોડાજોડ બે ખંડ હતા. તેની ચારે બાજુએ એક વિશાળ ઢાળીઆ ઑસરી બનાવેલી હતી. આ પર્ણકુટી લીંપીગુપી એવી સ્વચ્છ કરેલી હતી, કે તેનો દેખાવ આંખને આનંદદાયક અને સંતોષ રૂપ લાગતો હતો. આ પર્ણકુટીથી ત્રીશ ગજ છેટે ન્હાનાં બે ચાર છાપરાં દેખાતાં હતાં; તેમાંથી સહજ સહજ ધુણી નિકળતી હતી, તેથી ત્યાં વસ્તી હોય એમ જણાતું હતું.

ધર્મસિંહે એક ભારે નિશ્વાસ નાંખી અનુપને ઑસરીમાં બેસાડી ગાંસડી છોડી ચણા આપ્યા, અને બોલ્યો: “હે વિભુ! ગુરૂ ગોવિંદ, હવે મ્હારા ખોળીઆમાં જીવ આવ્યો.” મનમાં કંઇક વિચાર કરતો હતો એટલામાં



શિવદયાળ આવ્યો તેણે તેને ભેટી પડતાં કહ્યું: “ભાઇ ધર્મસિંહ! તું ક્યાંથી? ત્હારૂં શરીર આમ કેમ લેવાઇ ગયું છે? કયારનો આવ્યો છે?”

રહેમાન: “મૈને તુમકું હુંકારા તો દિયાથા, લેકિન જવાબ નહિ મિલા.”

શિવ: “આ કોણ છે? તમને આ જગા કોણે બતાવી?”

ધર્મ: “આ રહેમાન મ્હને સુપુરમાં મળ્યા, મ્હને મહેરબાની કરી અહીં લાવ્યા. આ બાળકની વાત હું પછીથી કહીશ.”

શિવદયાળે પોતાના પુત્ર રામદયાળને બોલાવી કહ્યું: “ઉષ્ણ જળ તૈયાર કરી ધર્મસિંહને ખૂબ સ્નાન કરાવો. એમને બહુ થાક લાગ્યો હોય એમ જણાય છે.”

રહેમાન: “ધર્મસિંહ! અબ મંય જાતા હું. કુચ્છ ફરમાન હો તો બંદેકું કહેના.”

ધર્મસિંહ: “તુમને મુજે બ્હોત મદદ કિયા હય. મહેરબાની રખના.”

વાતનો ભેદ જાણવાને અધીરો થયેલો શિવદયાળ રહેમાન ગયો કે તરતજ ધર્મસિંહ સાથે વાતે મંડયો. “ભાઇ ધર્મ, વાત કહે.”

ધર્મસિંહ: “શું વાત કહું? રસ્તામાંથી મ્હને આ ઉપાધિ વળગી છે. એ છોકરી સાથે એની મા હતી તે, શિયાલકોટમાં મરી ગઇ. તે અને હું એક મુસાફરખાનામાં ઉતર્યાં હતાં. તેણે મરતી વખતે આને મ્હને સોંપી અને કહ્યું કે: આટલી કન્યા ત્હને સોંપું છું. તેની સાથે આ સુવર્ણ મુદ્રિકા આપું છું. ભાઈ! આ કન્યાનું અને આ મુદ્રિકાનું બરોબર રક્ષણ કરજે. તેનો બદલો હું વાળી આપીશ.” ભાઇ, હું એને બે ચાર દિવસ ત્હારી સાથે ભેળવી, ત્હને સોંપી, વિરાંગ નગરના સરદાર મલહરસિંહની નોકરીમાં જઇશ.

શિવદયાળ: “ભાઈ, હું ત્હારૂં બોલ્યું બરોબર પાળીશ. ત્હેં મ્હારી કંઈ ઓછી રાખી નથી. હું કંઇ ગાંડો નથી. મ્હારી પેટની પુત્રી પેઠે તેનું પાલનપોષણ કરીશ. તું ત્હારે સુખેથી નોકરીએ જજે, પણ અહિં આવતો રહેજે.”

## પ્રકરણ ૬ ઠું.

### રંગમાં ભંગ.

અરેખર ! ઇશ્વરના આદરની, પૂર્ણાનંદમાં નિર્માણ કરેલી, સૌંદર્યના શૃંગારરૂપ, ભારતવર્ષના ભૂષણ રૂપ, વિવિધ પ્રકારની વનસ્પતિ અને દિવ્ય ઔષધિથી ભૂષિત, કંદમૂળ, દ્રાક્ષ, દાડિમ, સેબ, સિતાફળ વગેરે ફળ અને દેવપ્રિય કેસરથી ફલિત, વિવિધ રંગના પથ્થરોથી મંડિત, વિવિધ પ્રકારનાં જવાહીરોથી ચકચકિત, અનેક રંગ બેરંગી નવીન નવીન લતાઓ અને સુગંધયુક્ત પુષ્પોથી સુગંધિત, સરોવર, ઝરણાં અને નદીઓનાં નિર્મળ કાચ જેવાં ઠંડાગાર જળથી પૂરિત, પચરંગી સુમધુર મૃદુ મૃદુ ગીત ગાનારાં પક્ષીઓના કલરવથી ગર્જિત, શીતળ પવન લહેરીઓથી થરથરિત, દેવ, યક્ષ, કિન્નર અને ગાંધર્વની સુકોમળ, મદન પુષ્પ સમાન નાજુક અણીઆળી કાળી ચળકતી આંખોવાળી, સ્ત્રીઓનાં પગનાં ઝાંઝરના ઝણકારથી રવિત, વાઘ, વરૂ, રીંછ, સિંહ અને વાનરોના ગંભીર અવાજથી ધ્વનિત, સિદ્ધ, તાપસ અને મુનિઓના પાદસ્પર્શથી પવિત્ર, સ્ફટિક મણિ જેવા ચળકતા મ્હોટા મ્હોટા શિખરોવાળા પર્વતોથી વેષ્ટિત અમરપુરી જેવો સુરમ્ય કાશ્મીર દેશ છે. તેની રાજધાની ભારતભૂષણ પાંડવોના વખતમાં પંદ્રીનાથમાં હતી. ત્યાર પછી ઈ. સ. પૂ. ૩૭૧૪ થી તે ઈ. સ. ૧૨૪૬ સુધી ગોનાર્દ, આદિત્ય, નાગ અને ઉત્પાળ વિગેરે વંશના રાજાઓએ તે ઉપર રાજ્ય કર્યું હતું. એમાંના ઉત્પાળ વંશના શ્રીપાદ નામના એક રાજાએ શ્રીનગર નામે નગર વસાવી તેની રાજધાની સ્થાપી. તેના વંશમાં છેલ્લામાં છેલ્લો ઈ. સ. ૧૩૧૫ માં સેનદેવ નામે એક રાજા થયો. તેણે મીર નામના મુસલમાનને પ્રધાન નિમ્યો હતો. સેનદેવ પરલોક ગયા પછી ગાદીએ આવનાર આનંદદેવે



મીરને હાંકી મૂક્યો તેથી તેણે બંડ કર્યું, બંડના દુઃખથી રાજા આનંદદેવ કૈલાસવાસી થતાં મીર સ્વતઃ પાદશાહ થઈ બેઠો. એના વંશજો પછી ઇ. સ. ૧૪૯૬ માં ઝેનુલ અબદી નામનો મુસલમાન રાજા થયો. તેણે પ્રજાને ઘણું સુખ દીધું. તેના વંશમાં તેર રાજા થયા. એના વંશજોને રાજ્ય માટે અંદર અંદર તકરાર થઇ, તેનો લાભ લઇ દિલ્હીના પાદશાહ અકબરે ઇ. સ. ૧૫૮૬ માં અમરાવતી સમાન કાશ્મીર દેશને જીતી લીધો. તે અને તેના વંશના બીજા પાદશાહો ઉન્હાળાની ગરમ ઋતુમાંજ માત્ર ત્યાં હવા ખાવાને આવી રહેતા. તેના વંશજોના કબજામાંથી ઇ. સ. ૧૭૫૨ માં અફઘાન સરદાર અહમદશાહ દુરાનીએ કાશ્મીર પડાવી લીધું. તેના વંશના સુજાઉલમુલ્કને મારી નાખી મહમદ આજીમખાંએ ત્યાં પોતાની સત્તા બેસાડી દેશ કબ્જે કર્યો. આ વખતે દેશના સરદારોએ હિન્દુ રાજ્ય સ્થાપવા ઘણા ઉલામા કર્યા, પણ છેવટે તેમને મુસલમાન રાજાને તાબે થવું પડ્યું. પછી મહમદ આજીમખાં, આ મૃત્ય લોકની અમરપુરી કાશ્મીરના પાટનગર શ્રીનગરમાં રહી સુખેથી રાજ્ય કરવા લાગ્યો.

શ્રીનગર તે સાક્ષાત્ શ્રીનુંજ નગર છે. વચ્ચે વિતસ્તા નદી ને બંને કાંઠે શહેરની વસ્તી છે. વિતસ્તા એજ રાજમાર્ગ, અને તેના ફાંટા એજ મહેલ્લા, ગલીઓ, અને શેરીઓના ન્હાના માર્ગ સમજવા. એક જગાએથી બીજી જગાએ, એક મકાનથી બીજા મકાનમાં અથવા બજારમાં જયાં જવું હોય ત્યાં મછવામાં બેસીને જઇ શકાય છે. દૈવી કૃતિની અદ્‌ભુત રચના ! વિતસ્તાની ઉપર મ્હોટાં મ્હોટાં લાકડાં નાંખી પુલ કરેલા છે. આ પુલપર થઇને એક બાજુથી બીજી બાજુએ જવાય છે, અવાય છે. પુલની નીચે થઇને મછવા ચાલ્યા જાય છે. આવા સાત પુલ છે.

શ્રીનગરમાં દાખલ થતાં અલૌકિક દેખાવ નજરે આવે છે. વચ્ચે નદીનો પ્હોળો પટ અને તેની આસપાસ ઘર, લીલાં ઘટાદાર મ્હોટાં મ્હોટાં વૃક્ષ, બરફના પ્હાડ અને લાકડાના પુલના દેખાવ બહુ મનોરંજક લાગે છે. ઝપાટાબંધ ચાલી જતી પનાઇઓ અને મછવાઓ જાણે સ્થિર સરોવર પર હંસ હંસલીઓ તરતી ફરતી હોય એવા દેખાય છે. નદીના પટમાં રહીને

રાજભવનના અને મસ્જીદોના ઉંચા મિનારા દેખાય છે.

આ શહેરમાં પંડિત, મુસલમાન અને ડોંગરા એ ત્રણ જ્ઞાતિની વસ્તી છે. પંડિતો સઘળી પ્રજામાં શ્રેષ્ટ ગણાય છે. તેઓ પારસીઘાટની પાઘડી પહેરે છે, અને કપાળમાં ટીકો કરે છે. લોકો તેમને બ્રાહ્મણ-ગુરૂ તરીકે ગણીને માન આપે છે. તેમની સ્ત્રીઓ બહુજ ખુબસુરત હોય છે. તેઓ દેખાવમાં સુંદર, વર્ણે સફેદ અને નાજુક અવયવવાળી હોય છે. તેની આંખો હરિણના જેવી કાળી અને અણીઆળી હોય છે. આ સ્ત્રીઓને મૃગાક્ષી કહેવામાં કંઈ અત્યોક્તિ નથી. નાગની ફણા જેવા તેમના કાળા છુટા વાળ, સ્વર્ગની પરીઓની પેઠે, પગની એડી સુધી ઝૂલતા રહે છે. તેઓ દિવસે બહાર નિકળતી નથી, પણ મળસ્કામાં મછવામાં બેસી ન્હાવા ધોવા માટે બહાર નિકળે છે.

કાશ્મીરમાં મુસલમાન લોકોની વસ્તી વધારે છે. ડોંગરા જાત એ અસલના વખતથી રાજ કરતી પ્રજા છે, પણ તેમના હાથમાંથી સત્તા ગયા પછી વેપાર કે ખેતી કરીને તેઓ પોતાનો ગુજારો ચલાવે છે. તેમની સ્ત્રીઓ પણ રૂપાળી અને ઘાટીલી છે. તેનું વર્ણન આગળ જેમ જેમ પ્રસંગ આવશે તેમ તેમ થતું જશે.

વિતસ્તાના કિનારા પર મધ્ય ભાગમાં મહમદ આઝમખાંનો મહેલ હતો. આ મહેલની ચારે બાજુએ પાણી હોવાથી દ્વારીકાંપુરીના સુવર્ણ મહેલના જેવો દેખાવ નજરે પડતો હતો. મહેલમાં દાખલ થવાના આગલા ભાગની બંને બાજુએ બાંધેલા મિનારા, કુતુબ મિનારની હરિફાઇ કરતા જણાતા હતા. મહેલનાં રૂપેરી પત્રાં પર સૂર્યનાં કિરણ પડવાથી તેનો પ્રકાર મિનારાના શિખર પર પ્રતિબિંબ રૂપે પડી તે બીજા સૂર્ય જેવી ભભક મારતાં હતાં. મહેલ પર માથે એક ઘુમ્મટ હતો. તેની આસપાસ ધાબું કરેલું હતું. તે ધાબા પર ઘણી વખત ચાંદનીમાં મહમદ આઝીમખાં પોતાના દરબારીઓ લઇને અથવા કોઈ વખતે એકલો જનાની ઓરતો સાથે બેસી રમતગમત કરતો અને મોજમજા ઉડાવતો હતો. નદીના પાણીની સપાટીથી મહેલની બાંધણી ઘણી ઉંચી હતી, પણ પાણીની સપાટી સુધી મહેલનાં પગથીઆં



હતાં. તે પગથીઆં આગળ મછવા અને ચાંદમારીઓ આવી ઉભી રહેતી. મહેલની ચારે બાજુએ પરસાળીના ભાગમાં અફઘાન લશ્કરી સિપાહિઓનો, ખુલ્લી તરવારે પહેરો રહેતો. તેઓ મહેલમાં ખાસ પરવાનગી સિવાય કોઇને દાખલ થવા દેતા નહિ. આ મહેલની ઉત્તર દિશા તરફ મહેલથી દશ ફુટ દૂર દરબાર મહેલ હતો. જનાના મહેલમાંથી તેમાં જવા માટે બીજે મજલે એક ન્હાનો પુલ નાંખેલો હતો. તે માત્ર રાજકુટુંબના અવરજવર માટેજ રાખેલો હતો. દરબાર મહેલ મોગલાઈ ઘાટનો બાંધેલો હતો. તેની અંદરની રૈનકદાર કમાનોની આગળ સરદારોની બેઠકો અને સ્હામી બાજુએ ખુદ સુબાને બેસવાનું કાળા ચળકીદાર આરસનું તખ્ત હતું.

મહેલની સામી બાજુએ વિતસ્તાને દક્ષિણ કિનારે લશ્કરી છાવણી હતી, ત્યાં મોખરે ઘોડા, ટટ્ટુ, ઊંટ વગેરે બાંધી રાખવામાં આવતાં હતાં.

અંદરના ભાગમાં લશ્કરી લોક રહેતા હતા. બહાર મેદાનમાં તોપો અને જંજાળો રાખવામાં આવતી હતી. છાવણી પાછળ ધૂળનો કોટ હતો. તેના પર પહેરેગીરો વારા ફરતી પહેરો ભરતા હતા.

સુબાનો રાજવહિવટ સંતોષકારક નહતો. તેણે રૈયત પર વેરાનો બોજો ભારે નાંખ્યો હતો, તેથી રૈયત તેનાથી નારાજ રહેતી, એટલુંજ નહિ પણ સુબાની ચાલચલગત ખરાબ હતી. તે દારૂ પીવામાં અને વ્યભિચારમાંજ મોજમઝા ગણતો. કોઇ સ્વરૂપવાન સ્ત્રી દેખતો કે તેને પોતાના પંઝામાં ફસાવ્યા વગર રહેતોજ નહિ ! તેનાથી તમામ પ્રજા ત્રાસી ગઈ હતી, અને લોકો છુપી રીતે કહેતા કેઃ "મુઓ, આ યવનરાજ ક્યારે ટળે !" તેમજ કેટલાક ખંડીઆ સરદારો પણ તેના જુલમથી ત્રાસી ગયા હતા, છતાં ચેં કે ચું કર્યા વગર નિરૂપાયે તેને તાબે રહેતા હતા !

એક વખત ધરતીકંપ થવાથી દેશમાં ભારે નુકશાન થયું. તેની તજવીજ કરવા માટે સુબાએ પોતાના વજીર સુજફરખાનને મોકલ્યો હતો. તે સરદારોના પ્રાંતમાં ફરતો ફરતો છેવટે સરદાર બલેન્દ્રસિંહના તાબાના સુરૂ શહેરમાં આવ્યો. વહિવટ પ્રમાણે તેને નજરાણો કરવો જોઈએ, પણ ધર-

તીકંપથી થયેલા નુકશાનને લીધે સરદાર બલેન્દ્રસિંહે રાજ નજરાણો કર્યો નહિ. આથી વજીરને માઠું તો લાગ્યું પણ હજુરના હુકમ સિવાય કંઇ નહિ કરતાં શ્રીનગર પાછો ફર્યો.

વજીરે સુબાને રાજ્યની સર્વે હકિકત નિવેદન કરી, તેમજ સરદાર બલેન્દ્રસિંહે નજરાણું કર્યું નહિ તે વાત પણ કહી. આ વાત સાંભળી સુબાને ગુસ્સો ચઢ્યો, અને વજીર મુજફ્ફરખાનને હુકમ કર્યો કે "તેની જાગીર ખાલસા કરો." હુકમ પ્રમાણે વજીરે સેનાપતિ જબ્બરખાંનની સરદારી નીચે પાયદળ લઈ સુર પર ચઢાઈ કરી. બન્ને વચ્ચે યુદ્ધ જામ્યું. સરદાર બલેન્દ્રસિંહે ઘણો બચાવ કર્યો, પણ આખરે તરવારનો ઝટકો વાગવાથી તે પૃથ્વી પર પડ્યો. વજીરે તેનાં થાણાં ઉઠાવી નાંખી પોતાનાં થાણાં બેસાડી દીધાં, અને આજ્ઞા ફેરવી રૈયતને ખબર આપી કે "મૃત સરદાર બલેન્દ્રસિંહના હયાત વારસોને જાગીરનું ઉત્પન્ન ન આપતાં મુલકના સુબા મહમદ આજીમખાંના થાણા-દારોને ઉપજ ભરવી." આ વખતે મૃત સરદારને સંતતિમાં માત્ર સુરસુંદરી અને સુરપ્રભા ઉર્ફે પ્રેતપ્રભા નામની બે કન્યાઓ હતી. તેને પકડી સુબા પાસે લઈ જવાની તજવીજ કરવા માંડી, પણ કન્યાઓને તેના સગા કાકા ભરતસિંહે પ્હાડની ખીણમાં ઉતારી મૂકી. છેવટે નિરાશામાં ઝુલતા વજીરે લશ્કરસહ શ્રીનગર જઇ સુબાને તમામ હકિકત નિવેદન કરી.

આ બનાવથી વિરાંગ નગરના સરદાર મલહરસિંહને, પર્ણપુરના સરદાર દુર્જયસિંહને અને ગુણુર નગરના સરદાર અર્જુનસિંહને ઘણુંજ માઠું લાગ્યું. તેઓએ એટલે સુધી વિચાર કર્યો કે "કોઇ વખત સારો દિવસ આવે તો દેશમાંથી દુશ્માનોનું કાશળ કહાડી નાંખવું !"

આ પ્રસંગ પછી દશ બાર વર્ષ સુધી અંધાધુંધી ચાલુ રહી. સુબો પરમ એશારામ અને મોજમઝામાં દિવસો કહાડતો હતો. કોઈ કોઈ વખત ઠંડી સહન ન થવાથી પેશાવરમાં લાંબી મુદત સુધી મુકામ નાંખી રહેતો, અને દેશના રાજ વહિવટની લગામ વજીર, દિવાન અને સેનાપતિના હાથમાં સોંપતો. તેઓ આપખુદી ચલાવી રૈયત અને સરદારોને ખૂબ રંજાડતા પણ સુબાના જોહુકમી રાજ્યમાં તેઓની દાદ ફરિઆદ કોઇ સાંભળતું નહોતું !



આવી અંધાધુંધીના છેલ્લા વર્ષમાં સુબાએ પોતાના શાહજાદા લતિફ-ખાંનાં લગ્ન વિરાંગ નગરના એક ખાનદાન કુટુંબના મીર જાફરખાંની પુત્રી રૂપાં સાથે કર્યાં હતાં. તેની વરયાત્રાની દરબાર ભરવાના ઇરાદાથી તેઓએ તાબાના ખંડીઆ સરદાર વગેરેને દરબારમાં હાજર થવા આજ્ઞા કરી હતી.

આજે મ્હોટો મેળાવડો ભરાયો હતો. મહેલને મનોહર રંગથી રંગી શણગાર્યો હતો. વિવિધ જાતનાં પુષ્પના ગુચ્છાદાર હાર, મહેલની ઓસરી-ઓના અને દરબાર મહેલની મેરાબવાળી કમાનોના સ્થંભો પાછળ વિંટાળી કમાનના આકારમાં ગોઠવી બાજુએ ગુચ્છા લટકતા રાખ્યા હતા. દરબાર મહેલમાં ફુલજાળીનો ચંદરવો નાંખ્યો હતો. તેમાં ઠેકઠેકાણે જુદા જુદા આકારમાં ધોળા, પીળા, લાલ, ગુલાબી, ઉદા, કિરમજી રંગના પુષ્પોના ગુચ્છા, જરી કસબના તાર વિંટાળી લટકતા રાખ્યા હતા. આજે આખો દરબાર મહેલ ફુલ ગુંથણીથી શોભીતો બનાવ્યો હતો. ભૂમિ પર પાણીના દેખાવમાં પચરંગી કમળ તથા બીજા ઘણા પ્રકારના પુષ્પ ગુચ્છના, નકશી ચિત્રામણવાળા ઉમદા ઉમદા ગાલીચા બિછાવ્યા હતા. આ દેખાવ બહુજ રળિયામણો અને સુંદર દેખાતો હતો.

દરબારનો વખત થવાથી એક પછી એક દરબારીઓ આવવા લાગ્યા. આ વખતે વિતસ્તાની શોભા કંઈ જુદા પ્રકારની હતી. હજારો પનાઇઓ, મછવા અને ચાંદમારીઓ, કોઈ કસબી બુટ્ટાદાર જરીઆની ઝાલરવાળા ચંદરવા નાંખેલી, કોઇ રેશમી બુટ્ટાદાર રેશમનાં ફુમતાં નાંખેલી, તો કોઇ સાદા ચંદરવા નાંખેલીમાં બેસી સ્થિર સ્ફટિક જેવા પાણી પર ઝપાટાબંધ ચલાવી દરબાર મહેલના પગથીઆં આગળ ઉતરી રોફમાં ને રોફમાં દરબારમાં દાખલ થતા હતા. વજીર મુજફ્ફરખાં અને વજીર જ્વાળાપ્રસાદ દરબારીઓને બેસાડવાની વ્યવસ્થા કરતા હતા. એક પછી એક તમામ દરબારીઓ આવી રહ્યા. સુબાની જમણી પાસા વજીર, દિવાન અને સેનાપતિ જબ્બરખાં, ત્યાર પછી રાજ્યના બીજા અમલદારો પોતપોતાના હોદ્દા પ્રમાણે બેઠા. ડાબી બાજુએ લાડકનો ખંડીઓ રાજા પ્રતાપસિંહ, વિરાંગ નગરનો સરદાર મલહરસિંહ અને તેનો પુત્ર સુંદર-સિંહ, પર્ણપુરનો સરદાર દુર્જયસિંહ, ગુણુર નગરનો સરદાર અર્જુનસિંહ

તથા પૃથ્વીસિંહ વગેરે બેઠા હતા. આ સરદારોની પાછળ શ્રીમંત ગૃહસ્થો બેઠા હતા. દરબાર મહેલ દરબારીઓથી ભરાઇ ગયા પછી મૃત્યુ લોકની સ્વર્ગ ભૂમિનો હાકેમ મહમદ આઝમખાં, પોતાના શાહજાદા લતિફખાં સાથે આવ્યો એટલે સર્વ દરબારીઓ સન્માન આપવા ઉભા થઇ કુરનિસ બજાવી બેઠા. હાકેમ પણ પોતાના તખ્ત પર બેઠો. તેની પાછળ તખ્ત રક્ષક મુરાદ, બહેરામ અને અમીદ ઉઘાડી તરવારે ઉભા હતા. આ વખતે દિવાન હાકેમની પાસે રહી બોલ્યો: "પરવરદિગાર! ખોદાતાલાએ આજે સારો દિવસ બતાવ્યો છે. આપણા શાહજાદા લતિફખાંનો વિવાહ વિરંગ નગરના મીરજાફરખાંનની બેટી રૂપાં સાથે કરવામાં આવ્યાં છે, તે સર્વને રોશન થાય."

આટલું બોલી રહ્યા પછી સર્વ દરબારીઓ એકી અવાજે બોલી ઉઠયા: "પાક પરવર દિગાર ખયર ગુજારે, અને બન્નેને આનંદમાં રાખે."

શાહજાદાને મુબારકબાદી આપી રહ્યા બાદ નજરાણો કરવાનો શરૂ થયો. એટલામાં બાતમીદાર મહેરાબખાં ગભરાયલે ચહેરે દરબાર ગૃહમાં દાખલ થતાંજ બોલ્યો: "તોબાહ! તોબાહ! હુઝુર! શીખ લોક દેશ પર ચઢી આવવાની તૈયારી કરે છે એવી બાતમી મળી છે."

આ સાંભળી હાકેમ એકદમ ઉભો થઈ ગયો. તેની સાથે દરબારીઓ પણ ઉભા થઈ ગયા. ધ્રાસ્કો લાગવાથી હાકેમ શાહજાદા સાથે ધબધબ થતા હૃદયે ફીક્કે વદને જનાના મહેલમાં ચાલ્યો ગયો.

સુજ્ઞ વાંચક! આનું નામજ રંગમાં ભંગ! એનું નામજ કિસ્મત! એનું નામજ દૈવી ગતિ! જોયું, પ્રજાને ત્રાસ આપ્યાનું ફળ! વિવાહમાં કેવું વધ્ધણું પેઠું? હાકેમે પ્રજા સાથે સદ્‌વ્યવહાર ન લાવતાં બીજાને સંતાપ્યા, ત્યારે અંતે પોતાનેજ પરિતાપ સમુદ્રમાં પડવું પડ્યું! સમય કોઇને મુકતો નથી. હાકેમે જ્યારે જ્ઞાન અને દીર્ઘ દ્રષ્ટિને કોરે મુકી બીજાને ફસાવવાની તદબીર રચી, ત્યારે પોતેજ પંજામાં ફસાયો. ઘણા અજ્ઞાન હાકેમો પોતાનો ધર્મ ચુકી પોતાની પ્રજાના સુખરૂપ વૃક્ષનાં મૂળીઆંમાં કુહાડી મારે છે તેઓ પોતાનાજ ચાલવાના માર્ગપર ફાફડા થોરીના કાંટા પાથરે છે! જેઓને પરમેશ્વરે અક્કલ આપેલી હોવા છતાં હિતાહિતનો વિચાર કરતા નથી તેઓ



કેવળ અમૃતને બદલે વિષનો પ્યાલો પીયે છે! જે માનવી સમયના લાભથી ઉન્મત્ત બની મનને અંકુશમાં નહિ રાખતાં દુષ્ટાચરણ આદરે છે, પરધન અને પરસ્ત્રી હરણ કરે છે, અધર્મે ચાલી જુલમ કરી બીજાની સંપત્તિ પચાવી પડે છે, બીજાનું માન ખંડન કરવા તત્પર થાય છે, ગર્વથી ઉન્મત્ત થઇ પગલે પગલે સ્વબંધુઓને દબાવી મારે છે, અન્યને વિના કારણ શત્રુ બનાવે છે, અનર્થક સહજ સાજમાં બીજાને કલંકિત કરે છે, સેવકોનું વારંવાર અકારણે અપમાન કરે છે, તે બીજાનો નાશ કરવાને બદલે પોતાનોજ નાશ કરે છે એમ ખાતરીથી માનવું! આવી વર્ત્તણુકવાળા મનુષ્યોની લક્ષ્મી નાશ પામે છે. ઇશ્વિર આ જગતનો પિતા છે, પાલક છે, તેમજ શિક્ષાકર્ત્તા પણ છે, માટેજ કોઈ માનવી પાપાચરણમાં ફાવી જતો નથી; પણ આખરે પોતેજ ફાંસામાં ફસાય છે!

આ વખતે હાકેમે વાવેલાં ત્રાસ, અણગમો, દુરાચાર અને ધિક્કારનાં બીજ ઉગી નિકળ્યાં. તેનું પરિણામ એ આવ્યું કે: લગ્ન સમારંભને બદલે રણારંભનો પ્રસંગ આવ્યો! જનાનખાનામાં જઇ હાકેમ સ્તબ્ધ થઇ પડયો હતો તેને શાન્ત કરવા તેની બેગમે ગુલાબજળ છાંટયું, છતાં મનમાં થતા ભારે સંતાપને લીધે તેના કપાળ પર પરસેવાનાં મોતિયા બાઝવા લાગ્યા. તેણે પંખાથી પવન નાંખી ગરમી શાન્ત કરવા માંડી, પણ મુખવાટે ઉન્હા ઉન્હા નિઃશ્વાસ વારંવાર નિકળવા લાગ્યા. મસ્તક પર ઠંડક કરવા માટે બરફવાળું ગુલાબજળ છાંટયું, છતાં આંખોમાં ગરમ આંસુનાં જળજળીઆં આવી ગયાં. છાતીએ ભરાયેલો ડુમો કંઇક ઓછો થતાં દીર્ઘ નિઃશ્વાસ નાંખી બોલ્યો: "પ્યારી! શાહજાદેકી શાદીકી ખુશાલીમેં ઐસી આફત! ખુદાતાલાને બ્હોત જુલ્મ કિયા. મેરી ચશ્મસેં યહ દેખા નહિ જાતા હય. વઝીરકું બુલાવ, ઔર મહેરાબખાં હાજર હય?"

ફરમાન મુજબ વઝીર અને મહેરાબખાં હાજર થતાં કુરનિસ્ બજાવી અદબથી ઉભા રહ્યા એટલે વઝીર બોલ્યો: "ખાવિંદ! ક્યા ફરમાન હય?"

હાકેમ: "વઝીર! મહેરાબખાંને જો બાતમી દી હય ઉસ મુજબ શીખ. રણજીત અપને મુલ્ક પર આનેકી હિમ્મત રખ્તા હય વ્હો સચ્ચ, લેકિન ચાર પાંચ વર્ષ પર વ્હો કાશ્મીર ચઢ આયાથા, ઉસ વખ્ત સખ્ત માર ખાકે,

રો રોકે પીછા ગયાથા, તો અબ ક્યોં વક નાપાક પીછા આતા હય ! ”

મહેરાબ: “ જહાંપનાહ ! ઉસ્ને સારે પંજાબ મુલ્કકે શીખ સરદારોંકી સાથ સંપ કિયા હય, ઔર મેરે સુનનેમેં આયા હયકી ઇંગ્રેજનેભી ઉસ્કુ મદદ દેનેકા બચન દિયા હય, ઉસ લિયે વ્હો લોગ આનેકી હિમ્મત રખતે હંય. ”

હાકેમ: “ ઠીક હય, આને દો. પીછે સબ દેખા જાયગા. ”

મહેરાબ: “ શીખોને બડા-જંગી લશ્કરકા જમાવ કિયા હય. ઊંટ, ઘોડે, ટટ્ટુ ઔર સિંધકે ખચ્ચરોંકીભી બડી ફૌજ એકઠ્ઠી કી હય. ”

હાકેમ: “ મેરે દોસ્ત ! મુજફ્ફર ! અબ કરના ક્યા ? શાદીકા ક્યા હોગા? ”

વઝીર: “ ખુદાવિંદ ! ફિકર મત કરના. મંય ખુદ જબરખાંકી સાથ લડાઇમેં જાઉંગા, પીછે દેખા જાયગા કે કિસ તરહસેં જીતા જાતા હય ? ફિર શાદી મઝેમેં કરેંગે. ”

ઉપર મુજબ વાતચિત થતાં વઝીર મુજફ્ફર અને મહેરાબખાં કુરનિસ્ બજાવી પોતાને મુકામે ગયા, પણ હાકેમનો પરિતાપ શમ્યો નહિ. તેણે જ્યારથી ખબર સાંભળી ત્યારથીજ તેના પગ ઢીલા થઈ ગયા હતા. વઝીરે જાતે લડાઇમાં ચઢવાનું કહી દિલાસો આપ્યો, છતાં તેને સુખ ચેન પડ્યું નહિ. રૂપેરી નકસીદાર મિનાકારી ઢોલીઆમાં મખમલના ગાદલા પર પોઢ્યા છતાં, અંગમાં શૂળો ભોંકાવા લાગી ! બરફવાળા હિમાલયના શિખરોમાં અથડાઈ ઠંડો થઈ સુસવાટ કરતો શીત પવન વિતસ્તાના ઘેરાવથી ઘેરાયલા મહેલમાં શીતળ લહેરો નાંખતો હોવા છતાં તેના શરીરની ગરમી શમતી નહોતી. બેગમ સાહેબે, ચંપક પુષ્પની પાંખડીઓ જેવી આંગળીઓવાળો, કમળ પુષ્પના જેવો કોમળ, ચંપકવર્ણો હાથ હાકેમની ધબકતી છાતી પર મુક્યા છતાં તેનું હૃદય સવિશેષ ધબકારા મારવા લાગ્યું. પ્રિય વાંચક ! આ સર્વેનું કારણ ભોગવેલો રાજવૈભવ અને મોજમઝા ! તે વળી સૃષ્ટિ સૌંદર્યના ભંડારરૂપ કાશ્મીરમાં ! મનુષ્યને એક ન્હાનું ઘાસથી છાયેલું છાપરૂં છોડવું ગમે નહિ, તો પછી હાકેમને આ રાજ-પાટ, ધન દોલત, મોજશોખ, રમત ગમત અને કાશ્મીર દેશનો ઇંદ્રપુરી જેવો વૈભવ છોડવો કેમ રૂચે ?



જેની સામે શત્રુ લાલ ડોળા કહાડી ઘુરક્યાં કરે છે, તેને ઉંઘ કેમ આવે ! જેને માથે દેવાનો બોજો થયો છે તેને નિરાંતે બેસી રહેવું કેમ ગમે ! જેને મહાન વ્યાધિ થયો છે, તેને ઔષધ લીધા વગર કેમ મટે ! શૂળીને માંચડે ચઢાવેલા મનુષ્યને ખાવા આપેલા સ્વાદિષ્ટ લાડુ, તેના મુખમાં ઠાંકીને ઘાલ્યા છતાં ગળે કેમ ઉતરે ? દુધ પાએલો નાગ છાતી પર રાખી કોણ નિશ્ચિંતપણે ઉંઘે ! સામાન્ય મનુષ્યને માટે એમ છે તો પછી કાળ જેવો વિક્રાળ, સિંહની માફક એક પંજે ભૂપીતા કરે એવો ભયંકર, રણસંગ્રામમાં એક્કો, સ્વાર્થ સાધવામાં બડો નિપુણ, ખાલસા દળથી સાહસિક બની રહેલો રણજીતસિંહ જેવો જેને માથે શત્રુ ઉભો થયો છે, તેને ઉંઘ કેમ આવે ! તેને આહાર ગળે કેમ ઉતરે ! તેને મોજમઝામાં આનંદ કેમ લાગે ! તેને બેસવા કેમ નિવૃતિ મળે ! તેના મનને કેમ શાન્તિ વળે !

આવી વ્યથામાં વ્યથિત થયેલો હાકેમ, હવે શું કરવું, લશ્કરની કેમ વ્યવસ્થા કરવી, ક્યાં જવાથી ચેન પડશે, એવા વિચારોમાં ગરકાવ થઈ ઢોલીઆ પર પડ્યો પડ્યો આંખો મીચી આમ તેમ આળોટતો હતો. તેવામાં દિવાન જવાળાપ્રસાદે હાજર થઇ કુરનિસ્ બજાવી.

હાકેમ: “ દોસ્ત ! મેરા ઇરાદા સુબહમેં શાલીમાર બાગમેં જાનેકા હય. સ્વારીકી તૈયારી રખના.

દિવાન: “ અચ્છા ખુદાવિંદ. ”

દિવાન કુરનિસ્ બજાવીને વિદાય થયો.

## પ્રકરણ ૭ મું.

### મંત્રણા અને દરબાર.

સુજ્ઞ વાંચક ! ચાલો, આપને પંજાબપતિનો દરબાર બતાવું, પણ સંભાળજો, રાત્રિનો સમય છે. નિશાદેવી સમ સમ કરતી જતી હતી. તેની પ્રાર્થના કરતાં તમરાં, ઝીણા જંતુઓ, લાંબે તીણે સ્વરે સ્વભાષામાં મલ્હાર રાગ જેવો રાગ આલાપી કાનને બ્હેરા કરતાં હતાં. કોઈ કોઈ ઠેકાણે ગ્રામ્ય પશુઓ તેના માલિકે ચારો નહિ નાંખવાથી ભુંકારા મારતાં સંભળાતાં હતાં. પ્રજાનું સંરક્ષણ કરનાર પહેરેગીરોના પગના ધબકારા અને " હોંશીઆર હો, હોંશીઆર હો. " એવા લાંબા અવાજ કાને પડતા હતા. ઘોડાળોમાં કોઈ કોઈ ઘોડા ખુંખારા મારી તેના ખાસદારને ઉંઘમાંથી જાગૃત કરતા હતા. નભમાર્ગમાં ઉડતાં સારસનાં જોડાં ચરાડા મારી ગગન ગજવી મુકતાં હતાં. રાવીના કાંઠા ભણી ઝાડીમાં વસતાં દેડકાં ડરરહાં–ડરરહાં કરતાં હતાં. જંગી ભુજંગો ફુત્કારા મારી ગુંચળાં વળી ડચકારા દેતા હતા. વળી કોઈ કોઈ સ્થાને શિયાળવાંના હો–હો હોકા–હુ–હુ હાના ભયાનક અવાજ સંભળાતા હતા. અને મહોલ્લાઓ, ગલીઓ તથા વસ્તી ગૃહોમાં વસતાં કુતરાં ટાઢને લીધે ટુંટીઆં વાળી ઓડચોમાં ભરાઈ રહ્યાં હતાં.

આવા વ્યાપારવાળી, શિશિર ઋતુની એ પહોર રાત્રિ જતાં મહેલના વચલા માળમાં પલંગ પર પોઢેલો મહારાજા રણજીતસિંહ એક ઉંઘ લઈ જાગી ઉઠયો. પાણી પી પાછો પલંગમાં સુતો, છતાં તેને ઉંઘ આવી નહિ. વિવિધ જાતના વિચારોએ તેનું હૃદય ઘેર્યું; અને તે વિચારો છેવટે મુખવાટે બહાર આવ્યા. " જુના જમાનામાં ગ્રીસના બાદશાહ સિકંદરે ઈ. સ. પૂ. ૩૨૭ની સાલમાં જ્યારે પુરૂવિક્રમ નામનો રાજા રાજ્ય કરતો હતો, ત્યારે



પંજાબ દેશ પર ચઢાઈ કરી તેને હરાવ્યો હતો, છતાં પુરૂરાજના પરાક્રમથી મોહિત થયેલા વિદેશી રાજા સિકંદરે તેનેજ રાજ્ય પાછું સોંપ્યું હતું. તે પુરૂરાજના વંશજ જયપાળને સુલતાન મહમદે બે વાર હરાવ્યો, તેથી કાયર થઈ પોતાના પુત્ર અનંગપાળને રાજ્ય સોંપી તે બળી મુઓ. વળી એ દાઝયા પર ડામ દેનાર, પડયા પર પાટું મારનાર, ધર્મનાં દેવળ તોડી સ્થાપેલી મહામૂલ્ય મૂર્તિઓને ખંડિત કરી ખુશી થનાર, ધર્મચુસ્ત હિન્દુ લોકને વટાળનાર, દેશની ધન દોલત ધસડી જનાર, વિના અપરાધે રૈયતને રંજાડનાર, ધર્માંધ મહમદ સુલતાને ઈ. સ. ૧૦૦૮ માં પંજાબ પર ચઢાઈ કરી અનંગપાળને હરાવી પોતે તખ્તનશીન થયો. તેની પછી તેનો વંશજ બહેરામ ઈ. સ. ૧૧૧૮ માં ગાદીએ આવ્યો, અને છેવટે ખુશરૂ બાદશાહ લાહોરમાં રાજ્યગાદી સ્થાપી રહ્યો. આ પંચ નદીની પોચી ભૂમિએ કંઈ ઓછી લાતો ખાધી નથી ! જે જે વિદેશી નૃપ આ પવિત્ર ભારતભૂમિ પર ચઢી આવતા તે તે પ્રથમજ આ પંજાબની ભૂમિને કચરી નિચોવી કુચા કરી નાખતા ! હજી પણ એટલેથીજ અંત આવ્યો નથી. ગિઝની વંશના ખુશરૂ મલેકને શાહબુદ્દીન ઘોરીએ ઈ. સ. ૧૧૭૬ માં હરાવી આખો પંજાબ જીતી લીધો. તેમજ તે દુષ્ટે દિલ્હી તખ્ત પર રાજછત્ર ધરાવનાર મહારાજા પૃથુરાજને કેદ કરી દિલ્હી–હા ! ભારત ભૂમિનું પાયતખ્ત દિલ્હી લીધું, અને ભારતવર્ષમાં ઉગતો સૂર્ય અસ્ત પામ્યો ! ગુરૂ નાનક જેવા ધર્મિષ્ઠ પુરુષોને જન્મ આપનાર આ પવિત્ર ભૂમિ કેમ ભ્રષ્ટ થઈ ? આ પવિત્ર ભૂમિને, ગુલામ, ખિલજી, તઘલખ, સૈયદ, લોદી અને આખરે મોગલ વંશના મુસલમાન બાદશાહોએ કેમ ભોગવી ? "

" મ્હારા પવિત્ર પિતા માનસિંહના પરલોકગમન પછી ઈ. સ. ૧૭૯૨ માં હું જ્યારે ગાદીનશીન થયો, તે વખતે પંજાબ કાબુલના દુરાની રાજાના તાબામાં હતું. તેણે જ્યારે સરહિંદ પર સ્વારી કરી, ત્યારે મ્હેં મદદ આપી હતી, તેના બદલામાં મ્હને તેણે લાહોર ઇનામમાં આપ્યું. ઈ. સ. ૧૮૦૧ માં મ્હને આખા પંજાબનો સુબો ઠરાવ્યો; તે પછી દુરાની ભાઈઓ પોતપોતામાં લઢી નબળા થયા, ત્યારે હું પોતેજ આ પંચનદવાળા પંજાબનો સ્વતંત્ર

રાજા થયો, અને સઘળા શીખ સરદારોને એક છત્ર નીચે લીધા."

"હા! ગુરૂ ગોવિંદના પ્રતાપે ખાલસા દળની મદદથી, આખો પંજાબ દેશ સ્વતંત્ર કર્યો, પણ એક કાસ્મીર દેશ મ્હારાથી જીતાયો નહિ! રામદયાળ ઘણી બહાદુરીથી લઢ્યો, તોપણ કંઈ વળ્યું નહિ! છેવટે મ્હારા ભાઈ રામસિંહની સરદારી નીચે સૈન્ય મોકલ્યું, પણ કર્મયોગે તે એકઠો થયો નહિ, તેથી હાર ખાઈ—હા! હાર ખાઈ, પાછું હઠવું પડ્યું. તેણે મહમદ આજીમખાંનને હંફાવ્યામાં બાકી રાખી નથી. મહમ્મદે પણ જાણ્યું તો ખરૂં કે શીખ સરદારના પંજાનો આવો સ્વાદ છે! હજી શું છે? ધર્મારિ મુસલમાન! ત્હારામાં તો કંઈ પરાક્રમ નથી, પણ સ્વતઃ કાસ્મીર દેશ જ એવો છે. તેની પાછળ તેનું રક્ષણ કરવા ખાસ ઈશ્વરે જ પ્હાડ–પર્વતનો કિલ્લો નિર્માણ કરેલો છે, તે જ આડે આવે છે. વળી પ્હાડની ખીણો–ભેખડોમાં થઈને જવાનો ભયંકર માર્ગ બહુ કથોલો છે, તેથી જ તું ફાવે છે. આ વખતે ત્હને બધું બતાવી દઈશ. એક એક શીખ એક એક સિંહ જેવો વિકાળ, કરાળ, કાળ, ચાલાક, ચતુર, લડાયક અને શૂરો છે! યાદ રાખ, તે સિંહને, પંજાબના સિંહને, છંછેડી જીવવાની આશા રાખ માં!"

એક પ્રહર સુધી આવો તર્કવિતર્ક કર્યા પછી રણજીતસિંહે નિર્ણય કર્યો કે આ સાલમાં જ કાસ્મીર પર હલ્લો કરવો. હલ્લો કરવામાં તલ્લીન થયેલો મહારાજા રણજીતસિંહ બોલી ઉઠ્યો: "દફેદાર ફુલસિંહ! જમાદાર ખુશાલસિંહને અબઘડી બોલાવ."

હુકમ સાંભળી દફેદારે કકડતી ઠંડીમાં થરથરતા શરીરે, હાથમાં ભાલો પકડી જમાદારના ઘરનો રસ્તો લીધો. જમાદારને ઘેર જઈ ચોકીયાટને ખબર આપી કે: 'મહારાજા, જમાદારને અબઘડી બોલાવે છે.' ચોકીયાટે દ્વારને ટકોરો દીધો કે તરતજ જમાદાર બોલ્યો: "કોણ?"

ચોકી: "મહારાજા તરફથી ફુલસિંહ આવેલા છે."

જમા: "આવી ઠંડીમાં? અંદર મોકલ."

ફુલસિંહે અંદર જઈ જમાદારને સલામ કરી કહ્યું: "મહારાજા આપને હજુરમાં બોલાવે છે."



"હા ચાલો." એમ બોલી શરીર પર ઓઢેલી કાસ્મીરી ઉમદા સાલ પાંગોથે નાંખી, માથે ફેંટો બાંધી ઝભ્ભો પહેરી હાથમાં ઢાલ તરવાર પકડી જમાદાર ચાલી નિકળ્યો.

શિશિરમાં ટાઢની ભરજુવાની. તેમાં વળી અજવાળી રાત્રિ. આકાશ તદ્દન ઘનસ્યામ નિર્મળ. હિમાંશુનાં નિર્મળ કિરણોએ ચારે ગમ પ્રસરી સર્વ સ્થાવર જંગમને ધોળાં વસ્ત્ર પહેરાવી ઠંડાં બનાવી દીધાં હતાં. શારદિય ચંદ્રના જેવી પ્રભાવાળા ચંદ્રના પ્રકાશથી જ્યોતિષમાન્ નક્ષત્રોની દેખાતી જ્યોતિઃ મંદ પડી ગઈ હતી. ભૂષણ પ્રિયા મુગ્ધા, નવોઢા અને પ્રૌઢા સ્ત્રીઓ સોના રૂપાના શણગાર સજવા પાછી હઠતી હતી. નિશાચર નાગણો ગોળ કુંડાળું વળી બેઠી હતી તે વિવરોમાંથી બહાર નિકળી શકતી નહોતી; તેમજ મસ્તક મણીને ધારણ કરવા ઈચ્છતી નહોતી. વળી વૃક્ષો પર પડેલાં ઝાકળ બિન્દુઓ ચાંદનીને લીધે મુક્તાફળ પેઠે શોભતાં હતાં. ઉત્તર દિશાનો શિતળ હિમાળુ પવન ફરફર વાતો હતો. સિંહ, વાઘ, રીંછ વિગેરે વનપશુઓ બોડોમાં ભરાઈ રહ્યાં હતાં. સ્ત્રી પુરૂષનાં સજોડાં સુકોમળ પથારીમાં સુખાનુભવ લેતાં હતાં. ધનાઢ્ય લોકો ઉનનાં વસ્ત્ર પહેરી ઓઢી ઠંડી દૂર કરતા, પણ ગરીબને તો પોતાના જાનુ અને પ્રતાપી ભાનુનો આશ્રય લીધા વગર છુટકોજ નહોતો!

આવી સ્થિતિમાં જમાદાર ખુશાલસિંહ, મહારાજાને હજુરી પાસે વરદી અપાવી મહેલમાં દાખલ થયો. તેને જોઈ મહારાજા ઓચિંતા બેઠા થઇ બોલી ઉઠયા: "વીર! ખાલસાના ભૂષણ! મ્હને નિદ્રા આવતી નથી. વારંવાર મનને ઉતાપો થયાં કરે છે, તેમજ શયનમાં, ભોજનમાં, વિહારમાં, મોજશોખમાં અને રાજ્ય તંત્રના કાર્યમાં મ્હારૂં મન હોવા છતાં, કાસ્મીર નજર આગળ તરે છે, અને પ્રથમનો પરાજય જ્યારે યાદ આવે છે, ત્યારે મ્હારૂં અંતઃકરણ ચર ચર બળી ઉઠે છે! મનમાં એમ થાય છે કે ક્યારે મ્હારે શિર આવેલું પરાજયનું કલંક ટાળું? ત્હારો શો અભિપ્રાય છે."

જમા: "મહારાજ! આ બાબત ઘણી મહત્વની છે, માટે મુખ્ય સેનાપતિ મિશ્ર દિવાનચંદ, પ્રધાન અજીજુદ્દીન, ખાલસાના સ્તંભ સ્વરૂપ

છત્રસિંહ અને દિવાન અજોધ્યાપ્રસાદ એઓને સામેલ રાખી આ વિષેની મસલત કરવી એવી મ્હારી અરજ છે.”

રણ: “ત્હારો વિચાર એમજ હોય તો તેઓને બોલાવવા હુકમ આપ.”

જમાદાર ખુશાલસિંહે મહારાજાના હુકમ પ્રમાણે સર્વને બોલાવવા એક સ્વારને હુકમ આપ્યો.

રણ: “વીર! પ્રથમ ત્હારો વિચાર જણાવ, પછી તેમની સાથે મંત્રણા કરીશું.”

જમા: “કૃપાનાથ! એ દેશ પ્હાડી છે. માર્ગ વિકટ અને દુર્ગમ્ય છે, માટે આ વખતે પુખ્ત વિચાર કરી પગલું ભરવાનું છે.”

રણ: “ભાઈ! ત્હારો વિચાર યોગ્ય છે.”

મસ્જીદોમાં મુલ્લાંએ બાંગ પુકારી. કાગડા કા–કા–કવા–બોલી માળાઓ અને કોતરોમાંથી ચોગરદમ ઉડવા લાગ્યા. મોર ટહુકારા મારવા લાગ્યો. કાબર, કોયલ, દુર્ગાદેવડી, તિતર, હોલા, હોડા અને ચકલાં, ઘટાદાર વૃક્ષો પર વિવિધ રાગથી કલ્લોલ કરી ઇચ્છિત સ્થાને ઉડવા લાગ્યાં, બુલબુલ પક્ષી મધુરે સ્વરે ગાન કરવા લાગ્યાં. પિંજરામાં પુરાયેલાં મેના પોપટ અને કાકાકૌવા “સીતારામ, સીતારામ, રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ,” બોલવા મંડયાં. સર્વ પક્ષીનું અનુકરણ કરનાર ચંડુલ પક્ષી સેંકડો પક્ષીઓની ભાષા ભણવા લાગ્યું. સહજ સાજ અરૂણોદયનો વખત થવા આવ્યો. સાધુ સંત અને ફકીર લોકો શૌચ નિવૃત્ત થઇ સ્નાન કરી રાવી કાંઠેથી શહેરના દરવાજામાં પેસવા લાગ્યા. આ અરસામાં આગળ પ્રધાન અને પાછળ સેનાપતિ રાજમહેલના દરવાજામાં દાખલ થયા કે તરતજ તેમની પાછળ ખાલસાના સ્તંભ સ્વરૂપ છત્તરસિંહ અને દિવાન અજોધ્યાપ્રસાદ આવ્યા.

જમાદાર ખુશાલસિંહે મહારાજાને જાહેર કર્યું કે પ્રધાન વગેરે સર્વ દરબાર મહેલમાં હાજર છે. કાસ્મીરી શાલ ઓઢી મહારાજાએ ત્યાં પ્રવેશ કર્યો એટલે સર્વેએ ઉભા થઇ અદબથી સલામ ભરી.

રણ: “મ્હારા ખાલસાના સરદારો! આજના પ્રભાતમાં તમને સૌને સાથે જોઇ હું બેહદ ખુશી થાઉં છું. તમને જે કામ માટે તસ્દી આપી છે,



તે કામ જમાદાર જાહેર કરશે. તે તરફ પુરતું ધ્યાન આપી તમારી ફરજ બજાવશો એવી આશા રાખું છું.”

સરદારોએ વિનયપૂર્વક જવાબ આપ્યો કે: “મહારાજાશ્રીના હુકમને અમે માથે ચઢાવવા તૈયાર છીએ.”

જમા: “આજ રાત્રિએ મહારાજાશ્રીને આપણા રાજ્યનું ભલું થવાની ઇચ્છાથી એકદમ વિચાર ઉત્પન્ન થયો છે, કે જો મ્હારા ખેરખ્વાહ સરદારો મ્હને અંતઃકરણપૂર્વક યોગ્ય સલાહ અને હિમ્મત આપે તો કાસ્મીરના પરાજયથી વ્હોરી લીધેલા કલંકથી મુક્ત થાઉં. એ વિચાર મહારાજાશ્રીને ઘણા દિવસથી સ્ફુર્યા કરે છે તે આજે કંઇક ગતિમાં મૂકવા ચ્હાય છે.”

પ્રધાન અજીજુદ્દીન જરાક વિચાર કરી બોલ્યો: “ખુદાવિંદ! મહારાજાનું કહેવું યોગ્ય છે. આજ કાલ વખત અનુકૂળ છે. ખાલસાના તમામ નિમકહલાલ સરદારો અને સૈન્ય, પોતાનો જીવ જોખમમાં નાંખી હુકમ બજાવવા તૈયાર થશે એમ કેટલીક હકિકત પરથી જણાય છે.”

દિવાન: “પ્રધાનનું કહેવું સત્ય છે, પણ કોણ કોણ સરદારોએ યુદ્ધમાં ચઢવું તે પ્રથમ નક્કી કરવું જોઈએ.”

છત્તરસિંહ: “એનો વિચાર આપણે પરસ્પર કરી લઈ હકિકત નિવેદન કરવાની છે, તેમાં મહારાજાશ્રીને તસ્દી આપવાનું કારણ નથી.”

સેના: “આપ સર્વ ખાલસા સરદારોનો એવોજ અભિપ્રાય છે કે કાસ્મીર પર સ્વારી કરવી તો આ આપનો સેવક મહારાજાશ્રીનો હુકમ ઉઠાવવા સદૈવ તત્પર છે.”

રણ: “મ્હારા પરાક્રમી અને હિમ્મતે બહાદુર સરદારોને એજ ઉચિત છે.”

પ્રધાન: “ખુદાતાલાના હુકમથી સર્વ સરદારો તૈયાર રહેશે, પણ બીજા સરદારોને આ બનાવથી માહિતગાર કરી, તેઓમાંથી જે જે સ્વારીમાં ચઢવા યોગ્ય હોય તેમને મહારાજાશ્રીએ પોતે દરબાર ભરી ખાલસાના નેક સંપ અને સલાહ માટે વાકેફ કરવા એવો મ્હારો ઇરાદો છે.”

રણ: “તમારી સલાહ ઉત્તમ પ્રકારની છે. સર્વ સરદારોના સાંભળતાં આજ્ઞા કરૂં છું કે આ વાત દુશ્મનોના સમજવામાં આવે નહિ તે પ્રમાણે કંઈપણ ધાંધલ કર્યા વગર ખાલસાના ન્હાના મ્હોટા તમામ સરદારોને ગુરૂ

નાનકના તહેવાર નિમિત્તે આમંત્રણ કરી પંદર દિવસની અંદર દરબાર ભરી જાહેર કરીશું."

સર્વ: "મહારાજાશ્રીનો હુકમ માથે ચઢાવીએ છીએ."

આ પ્રમાણે મંત્રણા થયા પછી આવેલા સરદારો મહારાજાશ્રીને સલામ ભરી ઘર તરફ ગયા એટલે મહારાજા બોલ્યા: "કેમ જમાદાર! આપણી ધારણા ફળીભૂત થઇ? ત્હારી સલાહ મ્હને બહુજ કિમતી લાગી, કારણ કે મુખ્ય મુખ્ય સરદારોએ એકમત થઈ કબુલત આપી એટલે હવે તેમને કાર્ય કર્યા વગર છુટકો નથી."

જમા: "ગુરૂ ગોવિંદની કૃપાથી આ વખતે ફતેહ થશે."

રણ: "મ્હારા હોંસીલા સાહસિક સરદારો એકમત થઈ કામ આદરશે તો નક્ક ગુરૂ પ્રતાપે જય થવાનો; પણ દરબાર ભરવામાં પ્રધાન અઝીઝુદ્દીન વગેરેની યોગ્ય સલાહ લઈ આમંત્રણ પત્રિકા પર દિવાનની મોહોર કરાવવી."

જમા: "આપના હુકમ પ્રમાણે અમલ કરીશ. હું રજા લઉં છું."

મનથી પ્રસન્ન થયેલો મહારાજા, જાણે મૃતદેહમાં પ્રાણ આવ્યો હોય, લૂંટાઇ ગયેલી લક્ષ્મી પાછી પ્રાપ્ત થઈ હોય, કંગાલને અકસ્માત લક્ષ્મી લાભ થયો હોય, વિરહી સાધ્વી નારીને ઘણે દિવસે પતિ મેળાપ થયો હોય, ઘણા દિવસના રોગીને મહામંત્ર કે ઔષધિ પ્રાપ્ત થઈ હોય, રણાંગણમાં દુશ્મનોનો પરાજય કરી જય મેળવ્યો હોય, વયોવૃદ્ધ વાંઝીઆને પુત્ર સાંપડયો હોય, અને અંધને અકસ્માત દૃષ્ટિ લાભ થયો હોય તેની પેઠે પ્રફુલ્લ ગાત્ર થયો; અને આનંદમાં દીન ગત કરવા લાગ્યો.

આ તરફ સરદારોને આમંત્રણ કરવાના વિચારમાં લીન થયેલો જમાદાર ખુશાલસિંહ, પ્રધાન અઝીઝુદ્દીનને ત્યાં મસલત કરવા ગયો. જમાદાર આવ્યાની વરદી મળવાથી પ્રધાન દિવાનખાનામાં આવ્યા. જમાદારને સન્માન આપી પૂછ્યું: "કેમ કંઈ ખબર?"

જમા: "આપના રવાને થયા પછી મહારાજાએ ફરમાવ્યું હતું કે પ્રધાનની સાથે મસલત કરી દિવાનની મોહોર કરાવી સરદારોને આમંત્રણ પત્રિકા મોકલવી, માટે આપ જે પ્રમાણે ફરમાવો તે પ્રમાણે પત્રિકા લખી તૈયાર કરી દિવાન પાસે લઈ જાઉં."



પ્રધાન: "બ્હોત ખુબ. જેમ મરજી. લખો." એમ કરી આમંત્રણ-પત્રિકા લખાવી પછી કહ્યું: "આમાં કંઈ ફેરફાર કરવા જેવું હોય તો બોલો."

જમા: "આપનું લખાણ વ્યાજબી છે. એ પ્રમાણે લખાવી દિવાનની મોહોર કરાવી રવાના કરી દઈશ, અને જાગીરદારોને પણ ખબર આપીશું."

પ્રધાન: "સારૂં. તમને ઠીક યાદ આવ્યું. જાગીરદારોને પણ પત્રિકા મોકલાવજો."

જમાદાર, પોતાના કારભારી પાસે મુસદ્દા પ્રમાણે પત્રિકાઓ લખાવી પોતાની પાસે સરદારો અને જાગીરદારોની રહેતી યાદી મુજબ નામ ભરી દિવાન અજોધ્યાપ્રસાદ પાસે મોહોર કરાવવા ગયો.

દિવાન અજોધ્યાપ્રસાદ પરમાનંદથી ગાદીપર બેઠો હતો, તેમણે માહારાજાના મુખના પાન જમાદારને આવતો જોઇ: "આવો, જમાદાર" કહી સન્માન આપી ગાદીની બાજુ પર બેસાડયો. જમાદારે પત્રિકાઓ રજુ કરી. તે વાંચી તપાસી મોહોર કરી આપવા ખાનગી કારભારીને હુકમ આપ્યો. ખાનગી કારભારીએ મોહોર કરી આપી, પત્રિકાઓ જમાદારના હાથમાં મૂકી. તે જમાદારે હજુર કાસદોને જેના તેના તરફ તાકીદે પહોંચાડવા સમજુત આપી.

આમંત્રણ પત્રિકાઓ પહોંચતાં શહેરમાં વસ્તીનો વધારો થવા લાગ્યો. રાત્રિ પર દિવસ અને દિવસ પર રાત્રિ જતાં દરબાર ભરવાને મુકરર કરેલો દિવસ આવ્યો. દરબાર મહેલ ઉંચી ઉંચી જાતનાં બિછાનાં બિછાવી ભભકાબંધ કર્યો હતો. ખુદ મહારાજાને બેસવાના સુવર્ણ સિંહાસનની બંને બાજુએ મખમલના ગાદી તકીઆ હારબંધ મૂકી દીધા હતા. દરબાર મહેલની ચારે બાજુએ ખુલ્લી તરવારવાળા લશ્કરી સિપાહીઓનો પહેરો મૂકી દીધો હતો. ખુશાલસિંહ જમાદાર, આવનાર સરદારોનો સત્કાર કરવા માટે દરબાર મહેલના દરવાજા આગળ ઉભો હતો.

સમય થતાંજ સરદારો અને જાગીરદારો આવવા લાગ્યા. ખુદ મહારાજાની જમણી બાજુએ રાજા તેજસિંહ, રાજા સાહેબ દયાળ, રાજા રળીઆ રાય, રાજા દિનાનાથ, પંડિત શંકરનાથ, ખુદાયારખાન, ધોકલસિંહ, રાજા ધ્યાનસિંહ, અમરસિંહ મજીઠીઓ, સુચેતસિંહ, ગુલાબસિંહ, અત્તારીવાળા

છત્તરસિંહ, શેરસિંહ, શામસિંહ, મજીઠીઆ દેશરસિંહ, અને લેહનાસિંહ હસમુદાલા બેઠા; અને ડાબી બાજુએ પ્રધાન અજીજુદ્દીન, દિવાન અજોધ્યાપ્રસાદ, ખાલસાનો સ્તંભ છત્તરસિંહ, સેનાપતિ મિશ્ર દિવાનચંદ, બુદ્ધસિંહ, સિંધનવાલીઓ, અનારસિંહ સિંધનવાલીઓ, હરિસિંહ નલવો, ખલીફા સાહેબ નુરુદ્દીન, ઈમામુદ્દીન, હકીમ સાહેબ મોહિયુદ્દીન, મોતીરામ, અને મ્હોટી સેનાપતિ રામદયાળ બેઠા હતા. સિંહાસનની હારમાં બાજુ પર કુમાર ખડગસિંહ, શેરસિંહ અને સિંહાસનની હારમાં શીખ ધર્મગુરૂ ભાઇઓ ભાઇ રામસિંહ, ભાઈ ગોવિંદરામ, અને ભાઈ ગુરૂમુખસિંઘ બેઠા હતા.

સરદારો અને જાગીરદારોથી દરબાર ભરાઈ રહ્યો, એટલે મહારાજા રણજીતસિંહ, ઉમદા જરીઆની પોશાક પહેરી, લાંબી દાઢી નીચે દેખાતો મ્હોટા મ્હોટા મોતીવાળો હાર કંઠમાં ધારણ કરી, કસબી બુટ્ટાદાર સેલાથી કમ્મર કસી, રત્નજડિત મુઠવાળી તરવાર લટકાવી, ખભા પર કમાન ભેરવી, માથા પર પાઘડી પહેરી, તેના પર પેલો–મહા પ્રતાપી યુધિષ્ઠિરના મુકટમાં બિરાજતો, યાદવ કુળભૂષણ શ્રીકૃષ્ણ અને શત્રાજીતના મુકુટમાં ઝગહળતો, શાહજહાંન, અને ઔરંગજેબના તાજમાં તગતગતો, લૂંટારા નાદિરશાહના તાજમાં બેઠેલો, અહમદશાહ દુરાનીએ હાથ કરેલો, ભારત ભૂમિના ભૂષણરૂપ–રત્ન–કોહિનુરવાળો શિરપેચ બાંધી મહા આનંદમાં દરબાર મહેલમાં પધાર્યા, કે તરતજ રાજતુરાઈ વાગી. ડંકા પર દાંડીઓ પડયો. અલિવાલ તોપે સવાસો વખત સલામી આપી, અને સરદારો વગેરેએ સલામ ભરી એટલે પોતે સિંહાસનારૂઢ થયો. સઘળા ચુપાચુપ થઇ મહારાજાની સ્હામે જોવા લાગ્યા. નિયમ પ્રમાણે દિવાન અજોધ્યાપ્રસાદ સર્વ સન્મુખ આવી બોલ્યા:—

“શ્રી ગુરૂ નાનકના વ્રતોત્સવ પ્રસંગમાં ગુરૂ પ્રતાપથી લાભ લેવા એકઠા મળેલા ખાલસાના ભાયાતો, સરદારો અને જાગીરદારોને જોઇ પ્રબળ પ્રતાપી મહારાજાધિરાજ રણજીતસિંહજી અત્યંત ઉત્સાહથી ખુશાલી પ્રદર્શિત કરે છે, અને આશા રાખે છે કે આજ પ્રમાણે શ્રીગુરૂના ચરણ કમળમાં સર્વ બંધુઓ, શ્રદ્ધા, ભક્તિ, સેવા અને રાજ્ય તરફ વફાદારી બતાવી, શ્રી ગુરૂ પ્રતાપે પોતાના ભવિષ્યના દિવસો સુખમાં, કીર્તિમાં અને વૈભવમાં



ગાળશે. આપણી મૂળ સ્થિતિ કેવી હતી, તે સર્વ કોઇ જાણે છે. તે કંગાળિયત ભરેલી દુઃખદ સ્થિતિ દૂર થતાં આપણે સુખ, સંપત્તિ પામ્યા અને આખરે સર્વ દેખો છો તેવી રાજ્ય કર્ત્તા તરીકેની સ્થિતિ પ્રાપ્ત થઇ. એ સર્વનું કારણ શ્રી ગુરૂ પ્રતાપ જ છે. જુઓ, ગુરૂ ભક્તિમાં કંઇ ભૂલ કે અશ્રદ્ધા થવાથી કાશ્મીરની સ્વારીમાં પરાજય થયો; તેનુંજ કલંક ખાલસા દળ પર આવ્યું, પણ તેને માટે શ્રી મહારાજાધિરાજ શ્રી ગુરૂચરણની ક્ષમા ચાહી વારંવાર તેમની કૃપા માગે છે. એથી હવે આશા છે કે ભક્તાધિન શ્રી ગુરૂ સેવકને સ્હાય કરશે જ કરશે. શ્રી ગુરૂ કંઈ પ્રત્યક્ષ દર્શન દેતા નથી, પણ આપ જેવા પરાક્રમી, રણાંગણ વીર ભાયાતો, સરદારો અને જાગીરદારોને હસ્તે મદદ કરે છે અને કરશે. કયા વીર પુરૂષને સ્વદેશાભિમાન ન હોય ? દરેક દેશ હિતેચ્છુ માનવીના અંતઃકરણમાં પોતાના દેશની ઉન્નતિ અને દેશની ચ્હડતી કરવાની જીજ્ઞાસા સ્વાભાવિકપણે હોવીજ જોઈએ. એકઠા મળેલા સર્વ ખાલસાના સરદારોમાં તેજ પ્રમાણે છે, એમ પ્રસિદ્ધ કરવા મ્હારે ચુકવું જોઇએ નહિ. હમેશાં શ્રી ગુરૂ, આપણે હાથે થતા કાર્યમાં મદદ, બળ અને યશ આપે એવી પ્રાર્થના કરવી. ખાલસાના રાજ્યનો વધારો કરવો એજ ગુરૂ સેવા છે, અને એવો જ મૂળથી ગુરૂશ્રીનો સિદ્ધાંત છે. એ ભક્તિરૂપ મહદ સિદ્ધાંત અમલમાં લાવવા તત્પર રહેવું એજ આપણો પુરૂષાર્થ, કર્ત્તવ્ય અને ધર્મ. વીર પુરૂષોએ પ્રમાદમાં જીવન ગાળવું એ ન જનમ્યા બરોબર ! કાર્યના આદર વિના શ્રી ગુરૂની કૃપા ઇચ્છવી એ વ્યર્થ. માટે ખાલસાના સ્થંભ રૂપ એકઠા મળેલા સરદારો ! કાર્ય આદરો અને ગુરૂની મદદ માગો. તમારા શુદ્ધ અંતઃકરણથી માગેલી મદદ તેઓશ્રી સત્વર આપશે. પ્રમાદ તજી સાવધ થાઓ, અને એકે અવાજે ખાલસાની જય બોલાવી મહારાજાધિરાજ રણજીતસિંહજીને નિવેદન કરો કે કાશ્મીર પર સ્વારી કરે.”

છેલ્લા શબ્દો સાંભળતાંજ સરદાર વગેરે સર્વ અમલદારોએ “ખાલસાની જય” બોલાવી તેમણે કહ્યું કે: “મહારાજ ! સત્વર કાશ્મીર પર સ્વારી કરો, અને અમને સાથે ચઢવા પરવાનગી આપો. અમારા દેહમાં જ્યાં સુધી પ્રાણ રહેશે, ત્યાં સુધી ખાલસાના શ્રેય માટે લડીશું, પ્રાણ અર્પીશું અને કાશ્મીર કબ્જે કરી ત્યાં ખાલસાનું નિશાન ઉડાવીશું.”

રણ: "ધન્ય! મ્હારા ખાલસાના વીરો ધન્ય! તમારો રણોત્સાહ જોઈ હું ઘણો ખુશી થાઉં છું. શ્રી ગુરૂ તમને સ્હાય થાઓ અને યશ આપો. હું જાતે તમારી સાથે સમરક્ષેત્રમાં ઉતરીશ. તમારામાંથી કોણ કોણ વીરો કાશ્મીર પર ચઢશે અને અત્રે રહી કોણ રાજ્ય રક્ષણ કરશે તેનો વિચાર કરો." મહારાજાની આજ્ઞા પ્રમાણે નિર્ણય કરવા સરદારો પોતપોતામાં વિચાર કરવા લાગ્યા, અને નિર્ણય પર આવ્યા પછી પ્રધાન અજીજુદ્દીન સિંહાસન સન્મુખ આવી બોલ્યો: "ખાલસાના ભાયાતો, સરદારો અને જાગીરદારોનો એવો અભિપ્રાય છે કે કુમાર ખડગસિંહ, મિશ્ર દિવાનચંદ, રામદયાળ અને મોતીરામ, એમણે પોતાના તાબાના સૈન્ય સાથે ચઢવું. ખુદાયારખાંને પોતાના તાબાના તિવાણુ ઘોડેસ્વારો સાથે, ખાલસાના સ્તંભ છત્તરસિંહે તાબાના દળ સાથે અને અગીઆર મીસલના જાગીરદારોએ પોતપોતાના ત્રીશ હજાર લશ્કર સાથે મદદ કરવા હાજર થવું. મહારાજા પસંદગી પ્રમાણે મજીઠીઆ કુટુંબના સરદાર લેહનાસિંહ, જમાદાર અને ધોકલસિંહને પોતાના તાબાના લશ્કર સાથે હજુરમાં રાખશે. તે સિવાયનું લશ્કર રાજ્યનું રક્ષણ કરવા છાવણીમાં રાજ્યના પ્રતિનિધિ પ્રધાન અજીજુદ્દીનની દેખરેખ નીચે રહેશે. જરૂર પડશે તો તેમને બોલાવી લેવાશે.

સરદારોનો સમર સમારંભ ઠરાવ સાંભળી આનંદિત થયેલા મહારાજા બોલ્યા: "તમારી વ્યવસ્થા યથોચિત છે. હવે ક્યારે પ્રયાણ કરવું?"

પંડિત શંકરનાથ: "ફાલ્ગુન શુકલપક્ષ ૭ મીને દિવસે અભિજીત મુહૂર્ત્તમાં પ્રયાણ કરવું. આ દિવસે સારો યોગ છે. અવશ્ય ખાલસાનો જય થશે."

ખડગસિંહ: "સ્વારીમાં ચઢનાર સરદારોને જાહેર કરૂં છું કે પંડિતે જે મુહૂર્ત્ત બતાવ્યું તે દિવસે પ્રયાણ કરવા પોતપોતાના અસબાબ અને સૈન્ય સાથે ખાલસાની સેવા બજાવવા બુસાયતીઆ બુરૂજના મેદાનમાં હાજર થવું."

જમાદારે મહારાજાની આજ્ઞા લઈ સરદારોને શ્રી ગુરૂ નાનકની પ્રસાદી રૂપ પાનસોપારી આપ્યાં એટલે મહારાજા રણજીતસિંહ વાગતી તુરાઈએ મહેલમાં સિધાવ્યા. સર્વ સરદારો પણ વિદાય થયા.

---

# પ્રકરણ ૮ મું.

## શાલીમારમાં સહેલ.

વિવિધ જાતના તર્ક તરંગોથી વ્યાકુલ થયેલો હાકેમ, ઢોલીઆમાં નિદ્રા નહિ આવવાથી રત્નજડિત હિંડોળા ખાટ પર સુતો, પણ તેને ગાઢ નિદ્રા આવી નહિ. તે કંઇક નિદ્રા, કંઇક જાગૃત, અને કંઇક સ્વપ્નાવસ્થામાં ગોથાં ખાવા લાગ્યો. એમ કરતાં કરતાં થાક લાગવાથી છેવટે કંઇક નિદ્રાધિન થયો, પણ આખરે સ્વપ્નાવસ્થાએ ઓળો નાંખવાથી એકદમ ચીસ પાડી ઉઠયો. એ ચીસથી આખો જનાનામહેલ ગાજી ઉઠયો, એટલુંજ નહિ પણ મહેલની અંદરના કાકકૌવા, તિતર અને કબુતરોએ ઘોંઘાટ મચાવી દીધો. તે ઘોંઘાટ સાંભળી વિતસ્તાના કિનારા પર અને વૃક્ષો પર વિશ્રામ લેતાં સ્થળજ અને જળજ પક્ષીઓએ શોરબકોર કરી મૂક્યો. આવા કવખતે થયેલા શોરબકોરથી જંગલમાં વસનાર પશુઓ પણ ભુંકારા મારી ઉઠયાં. તે ભુંકારા પર્વતોમાં ટીચાવાથી પ્રતિધ્વનિ થતાં આખું શ્રીનગર ખળભળી ઉઠયું. દેવડી પરના અફઘાન પહેરેગીરો જાગૃત થતાં ગાભરા બની ગયા અને વિચારમાં પડી ગયા કે આ શું ગરબડ થઈ! ઘોર નિદ્રામાં ઘોરતો તખ્તરક્ષક બહેરામખાં હાકેમની ચીસ સાંભળી એકદમ હાથમાં તરવાર લઇ ખડો થઈ ગયો અને પહેરેગીરોને પૂછવા લાગ્યો: "ક્યા હુવા? ક્યા ગરબડ હુઈ? કોઈ કાફર તો નહિ આયા?"

વાતનો પત્તો નહિ લાગવાથી બહેરામખાં આંખો ચોળતાં ચોળતાં જ પથારી પર સૂઈ ગયો, ને થોડી વારમાં સઘળું ચુપાચુપ થઇ ગયું. ત્યાર પછી થોડોક વખત શાન્તભાવે ગયો કે તરતજ હાકેમે બહેરામખાંને હાંક મારી. બહેરામખાં હાંક સાંભળી જનાનામહેલમાં દાખલ થયો. આ વખતે

સમણે હાથ દઇ હિંડોળા ખાટ પર બેઠેલા હાકેમને બહેરામખાંએ કુરનિસ્ બજાવી પૂછ્યું: "જહાંપનાહ, ક્યા હુકમ હય?"

હાકેમ: "અબ કિતની રાત હય, ? બડી ફજર હુઇ કે નહિ ?"

બહે: "મેરા ખાવિંદ ! ફજર નહિ હુઇ, દેર હય."

હાકેમ: "અચ્છા સુબહમેં શાલીમાર બાગ તરફ જાના હય."

બહે: "પરવરદિગાર! બ્હોત ખુબ્" એમ બોલી તે ચાંદમારીનો બંદોબસ્ત કરવા ગયો.

હુકમ પ્રમાણે દિવાન જ્વાળાપ્રસાદ બાદશાહી ચાંદમારી મહેલના પગથીઆ આગળ નાંગરાવી અંદર દાખલ થયો.

ચાંદમારીની અનુપમ શોભા ! તેનું આગલું મુખ સિંહનું અને પાછળનું ઘોડાની આકૃતિનું હતું, તેના પાછલા ભાગ પર એક દિવાનખાનું હતું. આ દિવાનખાનાનો ખંડ ઘણો ભપકાબંધ હતો. અંદરના ભાગમાં દિવાલો પર સોનેરી રંગથી વેલ પાંખડીવાળી ફુલના ગુચ્છાસહ વેલડીઓ ચિતરેલી હતી. તેના મથાળાની સઘળી છત સોનેરી વરખવડે ઉત્તમ ઉત્તમ જાતની નકસકામથી શોભાયમાન કરી હતી. નીચેના ભાગમાં ઇરાની ગાલીચો બિછાવેલો હતો. બારીઓ પર જરીઆની પડદા નાંખ્યા હતા. બહારની દિવાલનો દેખાવ સંગેમરમરના પથ્થરના રંગ જેવો દેખાતો હતો. આ દિવાનખાનાની સામી બાજુએ ખુલ્લો મંડપ હતો. તેના પર કસબી બુટ્ટાવાળા કપડાનો લાલ, પીળા, ધોળા રેશમના રેસા સાથે જરીઆની રેસાવાળી ઝાલરવાળો ચંદરવો તાણી બાંધ્યો હતો. આ ચંદરવાના ચારે ખુણા પર રેશમ અને કસબી તાર મિશ્રિત મ્હોટા મ્હોટા ગુચ્છા છુટા લટકતા હતા. ચાંદમારીના સર્વ માજુઓનો પોશાક એકસરખો નારંગી રંગનો હતો. માજુઓએ હાથમાં હલેસાં મારવાના વાંસડા પકડેલા હતા.

ભગવાન ભાસ્કર, પર્વતોના શિખરો પર અંતરિયાળ ડોકીઆં કરી દર્શન આપી ભક્તજનોની સ્તુતિથી પ્રસન્ન થઇ, જડ ચૈતન્યને સ્વહસ્તે રક્તવર્ણી ઉપરણા પહેરાવા લાગ્યા. તે સહન ન થવાથી નિશાપતિ ચંદ્રદેવ ફિકે મુખે પર્વતોના શિખરોમાં અથડાતો પશ્ચિમાચળમાં ભરાવા લાગ્યો. તેની સાથેજ



ચાંદરણીઓ અદ્રશ્ય થઈ ગઈ કે તરતજ દિનકર દેવનાં ઉપાસક દિનચર પશુપક્ષીઓ કલ્લોલ કરી ઉડયાં. દિવાન જ્વાળાપ્રસાદને જોઇ કાસ્મીરનો હાકેમ એકદમ ઉભો થઇ પૂછવા લાગ્યો: "ક્યું ? કિતની દેર હય ?"

દિવાન: "જનાબ ! ચાંદમારી તૈયાર હય."

આ વાત સાંભળી સહેજ ખુશ ચહેરે હાકેમ ચાંદમારીમાં બેઠો. તેની સાથે જ્વાળાપ્રસાદ, બહેરામ અને મુરાદખાં બેઠા એટલે ચાંદમારીને માજુલોકોએ હલ્લેસાં માર્યાં. ચાંદમારી ઝપાટાબંધ ચાલી જતી હતી. એ અરસામાં વજીર મુજફ્ફરખાં અને બાતમીદાર મહેરાબખાં એક સુંદર ચાંદમારીમાં બેસીને તેમને આવી મળ્યા. સહજ દુર ગયા કે ડલસર નામનું રમણિય સરોવર દેખાયું. તેઓ ડલસરમાં પ્રવેશ કરવાના દરવાજામાં દાખલ થયા. દરવાજા આગળ સફેદ રંગનાં વિખરાઈ ગયેલાં પીછાંવાળાં બતકોનાં ટોળાં ઉંચાં નીચાં થતાં નજરે પડતાં હતાં. તેનો કઠોર કલ્કલ્ અવાજ, પાણીના સુસવાટ સાથે મળી જવાથી સંભળાતો નહોતો. આ દરવાજામાંથી પાણી એટલું સપાટાબંધ બહાર સામે આવતું હતું, કે ચાંદમારીઓને ડલસરમાં દાખલ થવું મુશ્કેલ પડે એમ હતું, છતાં કુશળ માજુઓએ ખુબ હલ્લેસાં માર્યાં એટલે બંને ચાંદમારીઓ ડલસરમાં દાખલ થઈ. વાહ ! ભારે ચમત્કારિક અને મનહર ડલસર ! ત્હને કોની ઉપમા અપાય ? જેની ઉપમા આપે તેની ઓછી ! આપ્યા વગર છુટકો પણ નથી. સાક્ષાત્ સ્વર્ગસ્થ દેવીઓ, અપ્સરાઓ, કિન્નરીઓ, ગાંધર્વીઓ અને યક્ષણીઓને જળ ક્રીડા કરવાનું સ્થળ હોય એવું સુંદર. પાણી પર લીલા, પીળા, લાલ અને શ્વેત કમળનાં અગણિત પાંખડીવાળા પુષ્પના ગુચ્છ ઉંચાં મુખ કરી રહ્યાં હતાં. તેની આસપાસ કમળનાળ પછવાડે ફેલાયલાં લીલાંછમ પણ સહજ ઘેરા લીલા રંગનાં પાંદડાંનો દેખાવ, કેટલીક જગ્યાએ લીલો ગાલીચો પાથરી મૂક્યો હોય તેવો દેખાતો હતો. સુંવાળો કેરી રંગનો ચળકતો સેવાળ, કમળના સુકાં સોનેરી રંગનાં ન્હાનાં મ્હોટાં, લાંબાં, ગોળ અને ચળકતાં પાંદડાં વાયુ હિલ્લોળે તરંગમાળાથી ઉછળતાં હોવાથી આમતેમ આથડતાં, ભેગાં થતાં, પળમાં વિખુટાં પડતાં, ઉપરાછાપરી થઈ જતાં દેખાતાં હતાં. તેના પર પડતાં સુશોભિત જળ-

કણ, ગગનમાર્ગથી ખરતા તારા જેવા અને બાળ સૂર્યનાં કિરણ પડવાથી સવિશેષ ચળકાટ મારી, મીઠા મેરામણમાં સ્વાતિ નક્ષત્રના સંયોગથી ઉત્પન્ન થયેલાં મોતી જેવાં દૃષ્યમાન થતાં હતાં. ખરેખર, આ તો સુંદરતા અને રમણિયતાની હદજ! આનંદપ્રદ વસ્તુઓની સીમાજ! જળદેવીનું સ્ફટિકમણીનું ભવન! સર્વ સર–સાગરોની નિવાસ ભૂમિ! આ વરૂણ દેવનું દર્પણ, પોતાની નિર્મળતા અને સ્વચ્છતાને લીધે ઋષિ મુનિઓના હૃદય જેવું, સદ્‌ગુણીના આચરણ જેવું, હરિણોની લોચનપ્રભા જેવું, હીરાના તેજ જેવું, અને મોતીના આબ જેવું દેખાતું હતું! આ મનોહર સરની એક બાજુએ, ચાલતાં, હાલતાં અને સ્થિર જામી ગયેલાં રાધાવલ્લભના દેહ જેવાં ઘનશ્યામ વાદળોથી છવાયલી, સ્ફટિક મણી જેવા ધવળ બરફથી ઢંકાયલી, હરિતાલના રંગવાળી ન્હાની મ્હોટી લાંબી ટુંકી ધારો અને પવનથી લહેરે ચઢેલાં તરંગો, ઉંડાં કોતરો, વૃક્ષ ઘટા અને મેઘરવાના ધુમસથી ભયાનક અંધારી અને વધારે ઉંડી દેખાતી ગુફાવાળી ટેકરીઓવાળા ગગનને ટેકો આપતા પર્વતો દેખાતા હતા. બરફથી ઢંકાયલા પર્વતનાં શિખરો પર જ્યારે પ્રતાપી સૂર્ય દેવે પોતાનાં કિરણ રૂપ સહસ્ત્ર કરો નાંખ્યા, ત્યારે તે શિખરો જાણે ચિનાઈ ચાંદી અથવા તો કૈલાસ પર્વતની તળેટીમાં વસતા યોગિયોએ જડીબુટ્ટીથી બનાવેલા પારદ–ચાંદીનાં પત્રાં મઢી લીધાં હોય અગર હીરા જડિત શ્વેત ચમકતા ઓછાડ ઓઢાડ્યા હોય તેવાં, ભગવાન ભવાનિ પતિના ભાલમાં બિરાજતાં બાલેન્દુની પ્રભા જેવાં દેખાતાં હતાં. આછી વાદળી આવવાથી જ્યારે તડકો સૂર્યનારાયણના મુખ પર ઓછો વધતો થતો હતો, ત્યારે તે શિખરો તરેહ તરેહના રંગ બદલતાં જણાતાં હતાં. બીજા કાંઠા પર ઘટાદાર સુંદર લીલા સોટા જેવાં, લાંબાં સફેદાના લાલ પાંદડાંવાળાં, સુવર્ણમય દેખાતાં ભમરડાના આકારનાં મનોરંજક ચિતારનાં આભલાને સ્પર્શ કરવા જતાં ઝીણાં ઝીણાં લીલાં છમ પાંદડાંવાળાં સરૂનાં વૃક્ષ અને એવાં બીજાં વિવિધ પ્રકારનાં સુંદર વૃક્ષોની છાયાવાળા, રાધારમણના વિહાર સ્થળના કદંબકુંજ જેવા કુંજોથી શોભતા પૃથક પૃથક બગીચા નજરે આવતા હતા. આ સરોવરની ચારે બાજુએ કોટ કરી રહેલા પર્વતો મધ્યેના એક પર્વતના ખૂણાપર શ્રી શંકરાચાર્યનું દેવળ નજરે પડતું હતું. તેના દેખાવની



રમણિયતા, ચંદ્ર જેવા શીતળ, સ્ફટિકમણી જેવા સ્વચ્છ અને કાચ જેવા પારદર્શક જળમાં પ્રતિબિંબ પડવાથી બેવડાતી હતી.

વાંચક! આ સરોવરમાં હલ્લેસાં મારતા મારતા શ્રી શંકરાચાર્યના દેવળથી થોડાક આગળ ચાલ્યા કે ન્હાના મ્હોટા કેટલાક બેટ દેખાવા લાગ્યા. આ બેટ ખરેખર! માનવી જાતને હેરતમાં નાંખી તાજુબી પેદા કરે તેવા કુદરતી રચનાના નમુના રૂપ છે. એક જગાએથી બીજી જગાએ તાણી લઈ જવા હોય તો તે તાણી જવાય તેવા છે. તેના પર સરખટ અને ઘાસથી છાયેલાં ઝુંપડાં છે. તેમાં તેના માલિક વસે છે. તેઓ ગાય, બકરાં અને ટટ્ટુ વગેરે પશુઓ રાખે છે. આ ટાપુ પર ખેડુતો ખેતી કરે છે. તરબુચ, કાકડી, કોળાં અને ભુરાં કોળાંના વેલા પર સેંકડો ફળ લાગેલાં હતાં, એટલુંજ નહિ પણ આ બેટ પર મ્હોટાં મ્હોટાં સરૂ, શેબ, પપૈઆ, સફેદા વગેરેનાં વૃક્ષ પર બેસી, તેનાં ફળ ખાઈ પક્ષીઓ કલ્લોલ કરતાં હતાં. દ્રાક્ષના અગણિત વેલાઓના જુથમાં દેખાતાં દ્રાક્ષનાં લાંબાં લાંબાં છોડ પર પોપટ અને હોડા વારંવાર ચાંચો મારી, ચાંચમાં દ્રાક્ષ પકડી વૃક્ષ પર ઉડી બેસતાં હતાં. બેટના કિનારા પર સરખટ અને કમળનાં નાળ અરસપરસ વિંટાઈ કિલ્લાની ગરજ સારી રહ્યાં હતાં. વળી ઠેકઠેકાણે લાલ કાળી અને સોનેરી રંગની ન્હાની મ્હોટી માછલીઓ તરતી ફરતી ઉપરા ઉપરી છલંગો મારતી પૂંછડી પટપટાવતી જણાતી હતી. પણ તે જ્યારે શિંગોડીના વેલા તરફ જતી ત્યારે વેલાઓના જૂથમાં સપડાઈ જતી છતાં પાછી છટકી નિકળતી દેખાતી હતી. આવા ઉત્તમ પ્રકારની શોભાવાળા ટાપુઓની સામે પર્વતની ખોમાં ચશમેશાહી નામનું એક નાળું છે. તેમાંથી મ્હોટા સુસવાડાબંધ પડતો, પથ્થર પર અફળાતો, કુદતો, બરફ જેવા શિતળ, અમૃત જેવા સ્વાદિષ્ટ અને કાચ જેવા નિર્મળ પાણીનો મ્હોટો ધોધ પડે છે. આ ધોધ આગળ શાલીમાર બાગમાં જતી પેલી બે ચાંદમારીઓ નાંગરવામાં આવી અને હાકેમ અને તેના દરબારીઓએ ઘણા વખાણ સાથે પાણી મંગાવી પીધું.

આ વખતે દિવસ અસ્ત થવા આવ્યો હતો. રક્તવર્ણ દીનકરદેવ ગગન તળમાંથી નીચે ઉતરવા લાગ્યો. સરોવરમાં ભાસમાન થતું લાલ રંગની

કિરણજાળ ફેંકતું સૂર્યમંડળ, જળશાયી વિષ્ણુદેવના નાભિકમળ જેવું દેખાવા લાગ્યું. તરતા બેટવાળું ભૂમિતળ અને કમળવન મુકીને પક્ષીઓ વૃક્ષની ટોચો પર, માળામાં અને પર્વતના શિખરોની બખોલોમાં વાસ કરવા ઉડવા લાગ્યાં. ટાપુના વૃક્ષો પર કંઇક કંઇક તડકો પડતો હોવાથી જાણે સાધુ પુરુષોએ પોતાનાં ગેરવાં વસ્ત્ર સુકવ્યાં હોય એમ જણાતું હતું. દિનપતિનો વિયોગ થતો જોઈ વિરહ દુઃખથી પિડિત પદ્મિની, પોયણી અને શંખાફુલી નિરૂપાયે સંકુચિત થવા લાગી. આ બનાવ જોઈ હાકેમ બોલ્યો: “ અએ માજીઓ ! ચાંદમારીકું જલદી હલ્લેસાં લગાવ.” આ હુકમ સાંભળી તમામ માજી લોકો જોરથી હલ્લેસાં મારવા મંડી પડયા, અને જોતજોતામાં શાલેમાર બાગના રૂપેરી દરવાજા આગળ ચાંદમારીઓ આવી.

આ સમયે હિન્દુકુશના શિખરો પાછળ દીનકરમણી ભરાયો કે તરતજ ઉછળતા જળબિન્દુના સમૂહ જેવી ચંદ્રિકાઓ, ગગનતળમાં આવી લખલખાટ કરી રહી. કિન્નર, ગાંધર્વ અને સિદ્ધ લોકોની કન્યાઓએ જાણે સંધ્યાદેવીનાં પુજન સમયે ફેંકેલાં જાઈ, જુઈ અને મોગરાનાં પુષ્પો વિખરાઈ ગયેલાં હોય તેમ ગગનતળ ન્હાના મ્હોટા તારાથી છવાઈ ગયું કે તરતજ સ્વર્ગ લોકના આશ્રમ જેવા ગગનતળમાં ચંદ્રે પોતાના આત્મબંધુ સૂર્યદેવને પરલોકવાસી થયેલો જોઈ શોકથી શ્વેત વસ્ત્ર પહેરી દેખા દીધી. તારાનાથ, તારામંડળ અને આકાશ ગંગાસહ ડલસરના નિર્મળ જળમાં પ્રતિબિંબ રૂપે એક બીજા આકાશ માફક દેખાવા લાગ્યું. જેમ જેમ ધીમે ધીમે ચંદ્રનો પ્રકાશ વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ આખો પ્રદેશ દુધના ફીણ જેવો શ્વેત દેખાવા લાગ્યો. હિમગિરિના બરફનાં જળબિન્દુથી શીતળ કુમુદિની, મધુમાલતી, બકુલ વગેરે પુષ્પોના પરિમળથી સુગંધિત થયેલો મંદવેગી પવન વાવા લાગ્યો. તે સમયે શાલેમાર બાગના કિલ્લાના રૂપેરી દરવાજા આગળની નહેર ઓળંગી, કાશ્મીર જેવી સ્વર્ગ ભૂમિનો હાકેમ પોતાના દરબારી મંડળ સાથે બાગના વિલાસ મહેલમાં દાખલ થયો.

પાઠક ! કામદેવના બગીચાને ક્ષણ વાર વિસરાવે એવા આ ચિતાકર્ષક, અલૌકિક અને મનોરંજક બાગનું વર્ણન જેટલું કરવામાં આવે, જેટલી ઉપ-



માઓ આપવામાં આવે, અને પ્રફુલ્લ મનથી તેના મનોહારિત્વનાં જેટલાં વખાણ કરવામાં આવે તેટલાં ઓછાં ! ભારતવર્ષમાં શાલેમાર બાગે, અને જહાંગીર તથા નુરજહાંએ પ્રજાગણનું અને પરદેશીઓનું મન શું ઓછું આકર્ષ્યું હતું ? જેવું તે આનંદી મોજીલું જોડું હતું, તેવોજ આ બાગ હતો. બાગ તે માત્ર બાગજ નહિ પણ આર્યભૂમિની અભ્યંતર શોભતા અન્ય બાગોનો બાગેશ્વર એ શાલેમાર–કામબાગ ! વૈભવી વાંચક ! આ બાગની ખુબસૂરતીનું વર્ણન સાંભળી કર્ણ પાવન કરો, પણ બાગના બંધાવનાર મોજીલાં જોડાંના ચિરસ્થાયિત્વનો અને બગીચાના અખંડસૌભાગ્ય વિષે જે વિચારો તમને ઉત્પન્ન થાય તેનો નિર્ણય કરી ચિત્ત શાન્ત રાખજો. આ બાગના દરવાજામાં દાખલ થતાં કાળા આરસપ્હાણનાં દશ પગથીઆં પર ચઢયા પછી છેક નાકે કાળા સંગેમરમરનું એક ઝરૂખું હતું. તેનો દેખાવ વાદળથી પણ શ્યામ હતો, અને તેની અંદર ચળકતી તારકાવલિની પેઠે શ્વેત બિન્દુઓ તગતગાટ મારતાં હતાં. લીલાં બિન્દુઓ નીલમણી પેઠે ચળકતાં હતાં. લાલ બિન્દુઓ માણેકની રતાશને લજાવતાં હતાં, પીળાં બિન્દુઓ વર્ષાદની તૈયારી દર્શાવનાર પીતવર્ણ વિજળીથી સહજ મંદ લાગતાં હતાં. ઝરૂખાના શીરોઇધ્વાટના નકશીદાર સ્તંભો પર મારેલી કાચબાની ગોળ મેરાબો, તેના પરનો ઘૂમટ અને ઘૂમટ પરનું શિખર જોઈ બેહદ આનંદ અને અજાયબી પેદા થયા વગર રહેજ નહિ. તીવ્ર વૈરાગી, મુનિને પણ સંસારની અસારતામાં સાર–વૈભવ દેખાડી, મનમાં ક્ષણભર ભોગી મનુષ્યની વહાલી ભોગ વાસનામાં લુબ્ધ કરી દે, અને મનમાં એમજ માને કે ઇંદ્રદેવને માટે સાક્ષાત વિશ્વકર્માએ આ ઝરૂખું આલેખ્યું હશે પણ તેમ નથી. દિલ્હીના શહેનશાહની પ્યારી બેગમ નુરજહાં બેગમને ગરમીના દિવસોમાં બેસવાના આ ઝરૂખાની, તેને લગતા ખુદ શહેનશાહ જહાંગીરના વિલાસ ભવનની; દરબારીઓને બેસવાના દિવાનખાનાની અને નોકર–ચાકરોને શરબત, કોફી અને હુકો તૈયાર કરી રાખવાના બેઠકખાનાની, અને બગીચાના ક્યારાની રચના હજારો ફુઆરાની ઘટના અને આસપાસના કિલ્લાની બાંધણી, એ સર્વની આલોચના, મહા મોજીલી, વૈભવ અને રસાલંકાર

મુગ્ધ નુરજહાં બેગમે સ્વહસ્તે કરી હતી. તેની નીચેના ભાગમાં પાણીની નહેર કરાવી હતી. આ ઝરૂખાની રચના, ફરસબંધી આરસના તરેહવાર આકૃતિના કડકા ગોઠવી એક ગાલીચાના રૂપમાં તૈયાર કરેલી હતી. ખુદ પાદશાહને વિશ્રામ કરવાના વિલાસ ભવનના દરવાજાની કમાન કાળા આરસ-પ્હાણની હતી. તેની કિનારીમાં પીળા રંગના પથ્થરની મુગજી કરેલી હતી. આ બાગમાં જ્યારે હાલના હાકેમ મહમદ આજીમખાંની રમત ગમત, નાચરંગ અને ખાણું થતું ત્યારે ચશ્મેશાહીનું પાણી છોડી મુકવામાં આવતું. તે પાણી બાગની અંદર જોરમાં દાખલ થઈ, એક પાળ પરથી બીજી ને બીજી પાળ પરથી ત્રીજી પર ઠેકડા મારતું, ઉમંગથી ઉછળતું સપાટાબંધ બહાર નિકળી જતું. તે વખતે ફુઆરાની નળીઓમાં પાણીનો પ્રવેશ થતાંજ હજારો ફુઆરા છુટતા. તેની સેરોમાંથી ખરતાં પાણીનાં બિંદુઓ, ચંદ્ર, સૂર્ય અને પ્રદિપ્ત દીપોની પ્રભાથી ચળકાટ મારી હિરાની ઉડતી કણીઓ માફક દેખાતાં. આ નામીચા બગીચામાં ફળ, ફુલવાળાં વૃક્ષોની તો ખોટજ નહોતી, છતાં સર્વ જીવગણને આનંદ આપનારી ઋતુઓની અધિષ્ટાતા વસંતરાજના અમલની શરૂઆત થઇ હતી, તેથી કોઇ રીતની ખામી નજરે આવતી નહોતી. નૂતન કમળ વનની કળીઓ ખિલી રહી હતી. તેની સુગંધથી ભેગા થતા ભ્રમરો, કમળ મંજરી પર બેસી તેની પરિમળને સુંધવાથી મત્ત થઇ વારંવાર ઉડતા, અને જુદી જુદી કમળ કલિકા પર બેસી મધુપાન કરતાં, અને આખરે ઉન્મત્ત બની ગું-ગું ગુંજાર કરી ઉઠતા. આમ્ર વૃક્ષના મોરથી લચી ગયેલી કોમળ ડાળીઓ પર બેસતી કોયલો, ટહુકારા કરી અપ્રેમીને પ્રેમાલાપ શિખવતી હતી. એક વખત મહમદ આજીમખાં પોતાની બેગમ સાથે પરમાનંદમાં ડોલતો હતો, અને નવવિકસિત કમળ, કુમુદ, બકુલ અને ચંપક પુષ્પની કામોત્પાદક સુગંધમાં મત્ત થઈ, પ્રિયની પ્રેમ યાચના કરતો; તે આ વખતે દુઃખનો માર્યો અહિં એકલો આવી ચઢ્યો હતો. ભ્રમરોના ભારથી લચી પડતા લતા મંડપમાં હિંડોળે હિંચનારો મહમદ આ સમયે વિચારમાં તલ્લીન હતો. દ્રાક્ષના વિસ્તારવાળા મંડપો પર લીલાછમ પણ સહજ રતાશવાળા દ્રાક્ષના વેલાઓ દ્રાક્ષના લૂમખાથી લચી



રહ્યા હતા. સફરજંદના અગણિત વૃક્ષોની ડાળીઓ ફળના ભારથી નમી જતી હતી. શેતુરનાં વૃક્ષ પર શેતુર અને રેશમના કીડાના કોશીટાનો બોજો વધી જવાથી તેની કુમળી ડાળીઓ પૃથ્વી માતાને ભાર મુક્ત થવા માટે નમસ્કાર કરી રહી હતી. ગુલાબ, ગુલસબા, પચરંગી ગુલબાસ, ગુલદાવદી, કેતકી, કણેર, ચંપક, મધુમાલતી અને મદનપુષ્પીનાં સુગંધદાર પુષ્પોની સુગંધ, પવનની લહેરોથી ચોગરદમ પ્રસરી રહી હતી. નેવડી, ગુલમોર, પલાસ અને સીમળાનાં વૃક્ષ પુષ્પથી ઢંકાઈ ગયાં હતાં. ચિનાર, સરૂ, માદ, સફેદા, પપૈયા અને દાડમીનાં વૃક્ષોનાં થડ પછવાડે દ્રાક્ષના વેલા વિંટળાઈ વળી ગાળાઓમાં ભરાઇ બેઠા હતા. ગરી પડેલાં વિવિધ જાતનાં ફળ અને ફુલથી ભૂમિતળ સુશોભિત અને રળિયામણું લાગતું હતું. બાગના કિલ્લાની આસપાસનો દેખાવ, ઉંચા ઉંચા સફેદ પર્વતોથી, શીતળ સરોવરથી, ન્હાના મ્હોટા સુવર્ણમય દીપોથી, બાગની અંદર અને બહારનાં મ્હોટાં મ્હોટાં ઘટાદાર વૃક્ષોથી અને વિવિધ જાતનાં ફળથી તૃપ્ત થઈ કલ્લોલ કરતાં વિવિધ જાતનાં પક્ષીઓના સમુહથી અલૌકિક આનંદપ્રદ નજરે પડતો હતો.

સંધ્યાકાળ થતાં ગમ્ ગમ્ કરતી મહા ભયંકરી પ્રાણી માત્રને ભય પેદા કરનારી, કૃષ્ણ વસ્ત્ર પરિધાના નિશા દેવીએ આગમન કરવા માંડયું, પણ સત્ સૂર્યના બિંબ જેવા પ્રદિપ્ત દીપોથી અંજાઈ જતાં મહમહ આજીમખાંએ દરબારીઓ સાથે ખાણું લીધું અને ત્યાર પછી હિંડોળાખાટ પર સૂતો. તેની આજુબાજુએ વજીર મુજફરખાં અને દિવાન જવાળાપ્રસાદે પથારી બિછાવી, અને કંદહારી ખુલ્લી તરવારો હાથમાં પકડી બહેરામખાં વગેરેએ વારી પ્રમાણે પહેરો ભરવો શરૂ કર્યો.

બગાસું ખાતાં હાકેમ બોલ્યોઃ "અયે મેરાબ ! તેરેકું સચ્ચી બાતમી મીલી હય કે કીસીને કારસ્તાન કિયા હય ?"

મેરાબઃ "પરવરદિગાર ! બાતમી બરોબર હય. વો લોગ ઐસે ચાલાક હય, કે કીસી તરહસેં આ ચઢેંગે, ઐસા માલુમ હોતા હય."

હાકેમઃ "તેરેકું કિસને યહ બાતમી દિયા ?"

મેરાબઃ "મંય જંમુકી સરાહમેં થા, ઉસ બખ્ત દો મુસારીર બાત કર

રહેયે કી પંજાબકે શીખ થોડે દિનમેં કાસ્મીર પર હલ્લા કરનેવાલે હંય ઔર ઉસલિયે બડી તૈયારી ચલતી હય, લૈકિન ખુદાકું માલૂમ કૈસા હોતા હય. મંયને પુછા કે તુમ કિધરસેં આતે હો ? તબ ઉન્હોને ઉડાઉ જવાબ દે દિયા કી કોટાગીરીસે મંયનેભી તાલ જમાયા ઔર કહા કે ખુદા કરે ને હલ્લા બલ્લા હોવે તો અપનીભી રોજી ચલે. ઇસ તરહસેં બાતાં કરકે, ઉસકી સાથ લપટ ગયા, તો ઉન્હોને સબ બાત કહ દી, ઓર બોલે કી થોડે દિનમેં હલ્લા જરૂર હોગા. વ્હો લોગ લસ્કરકે આદમીકોં બ્હોત પગાર દેતે હંય, ઔર બડી પરવશી કરતે હંય."

હાકેમ: "દોસ્ત મુજફ્ફર, મેરાબકી બાત સુની ?"

મુજફ્ફર: "પાક પરવરદિગારકી મેહેરબાની હય તો કયા હરકત હય ? વ્હો કાફીર લોગ અપનકોં મારે ઉસ્કે અવલ ઉન્હોકે ટુકડે હો જાય ઐસા કરેંગે ! ખુદાવિંદ ! બેફિકર રહો. મંય કલ હુકુમ ભેજતા હું. સેનાપતિ જબરખાં અપને તીશ હજાર પહાડી લસ્કરકે સાથ વિતસ્તા પર ખડા રહેગા. જબરખાં બડા નિમકહલાલ હય. ઉસકા શિર જાયગા તોભી પીછા હઠને વાલા નહિ."

હાકેમ: "મેરે દોસ્ત ! મેરા રાજ્ય તુમારે ઉપરહી હય. દેખ જવાલાપ્રસાદ ! ઉસ બખ્ત રાજ્યકા બચાવ તુમ દોનોકે હાથમેં હય. મામલા બડા સખ્ત હય. મુઝે કરાર નહિ હય. અપને દેશકે હિન્દુ સરદાર લોગકોંભી મદદમેં બુલાના."

જવાલા: "બ્હોત ખુબ મેરે તાજ. જબલગ યહ શરીરમેં જી રહેગા, તબલગ વ્હો નાપાક લોગ વિતસ્તા પાર આને વાલે નહિં. આપ બેફિકર રહો. જરા નિંદ લિજિયે."

પ્રભાતમાં ઉઠતાંજ વજીર મુજફ્ફરખાંએ મુરાદ પાસે સેનાપતિ જબરખાં પર હુકમ લખાવ્યો કે: ત્રીશ હજાર પહાડી લશ્કર લઈ, વિતસ્તાને સામે કાંઠે હાજર રહેવું, અને જીવ જતાં સુધી શીખ લોકને આ પાર આવવા દેવા નહિ. હુકમ પહોંચાડવા મુરાદખાં ચાંદમારીમાં બેસી સપાટાબંધ શ્રીનગર આવ્યો, અને સેનાપતિ જબરખાંએ હુકમ મુજબ અમલ કર્યો. તેણે તરત



તજ છાવણીમાં ખબર આપી, પણ પહાડી લોકો એકદમ એકઠા થઈ શક્યા નહિ, તેથી બે દિવસનો વિલંબ કર્યા પછી સજ્જ થઇ, ત્રીશ હજાર લશ્કર લઇ, વિતસ્તાથી બે કોસ પર છાવણી નાંખી પડયો.

છાવણીના લશ્કરી સિપાહીઓ ગાનતાન અને રમત ગમતમાં વખત ગાળતાં દુશ્મનની રાહ જોવા લાગ્યા. એટલામાં છાવણીના બાતમીદારે આવી ખબર આપી કે: "પ્રથમની હારથી હિમ્મત હારી ગયેલા શીખ રાજાએ હાલ ચઢી આવવાનું મુલતવી રાખવાની ખબર મળી છે." આ ખુશખબર જાહેર કરવા મુરાદ શાલેમાર તરફ ગયો.

મોગલ બાદશાહના વિહાર સ્થળમાં હજારો ફુઆરાઓથી છુટતી ધારાઓ નિરખતો, ચશ્મેશાહીનાં અમૃત જેવાં પાણી પીતો, દ્રાક્ષ અને દાડમ વગેરે મેવાથી તૃપ્ત થતો, તાડ અને નાળીએરીના રસપી પરમાનંદમાં ડોલતો, વિવિધ જાતનાં કમળ અને તેની ખુશબોને ઢાંકી દેતા અરૂણોદયના સૂર્યના જેવાં મોટાં ગુલાબ પુષ્પની વાસ લેતો વજીર અને દિવાન સાથે રમત ગમત કરતો, મોજમજામાં દિવસ ગુજારતો હાકેમ, જે ઝરૂખામાં હિન્દના બાદશાહ જહાંગીર અને તેની બેગમ નુરજહાં ચમન કરતાં હતાં, તે ઝરૂખામાં બેઠો બેઠો વિહાર સ્થળનું દિગ્દર્શન કરતો હતો; એટલામાં હસતે મુખે મુરાદે પ્રવેશ કરી ઘુંટણીએ પડી નિવેદન કર્યું કે: કાફરોને અબ હલ્લા કરનેકી બાત છોડ દી હય, ઐસી બાતમી આ ગઇ હય. વહ બાત આપ નામદારકે મુબારક કદમ આગે જાહીર કરતા હું."

હાકેમ: "ઐસા ! ઇનશાંનઅલ્લા, ખુદાતાલાને બ્હોત મેહેરબાની કી. અબ મેરે દિલોજાન વજીર, દેશાવરકું ચલો. વ્હાં શાહજાદેકી શાદી હોગી. વિરાંગ નગરકે મીરકું યહ ખબર ભેજો."

વજીર: "બ્હોત ખુબ, ખુદાવિંદ."

આ પ્રમાણે નિશ્ચય કરી હાકેમ પોતાના રસાલા સાથે શ્રીનગર આવ્યો અને સેનાપતિ જબરખાંને તૈયાર રહેવાની આજ્ઞા ફરમાવી, દિવાન જવાલાપ્રસાદને રાજ્ય સોંપી પેશાવર તરફ રવાના થયો.

## પ્રકરણ ૯ મું.

### સ્વારી.

ભગવાન ભાસ્કર મીન રાશીને પ્રાપ્ત થયો કે તુરતજ ઋતુ રાજેશ્વરી વસંતનો જન્મ થયો. તેના જન્મથી સ્થાવર, જંગમ, પ્રાણી અને અરાઢભાર વનસ્પતિએ અદ્‌ભુત નૌતમ વેશ ધારણ કર્યો. ચંદ્રની ચઢતી કળાની પેઠે દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી વસંતદેવી ભર યુવાવસ્થાને પ્રાપ્ત થવા લાગી. વાંકી ચુકી, આડીઅવળી, ઉંચી નીચી, અરસપરસ, ગુંથાઈ ગયેલી ડાળીઓ, અને ડાંખળીઓવાળાં પલાસ અને શીમળાનાં વૃક્ષો, લાલ પાંખડીના પુષ્પભારથી લચી જઈ, જન્મદાતા ભૂમાતાને પુષ્પથી વધાવી દેવા લાગ્યાં. આમ્ર વૃક્ષની કોમળ શાખાઓ પર લચકાઈ ગયેલો મૉર મસમસ થવા લાગ્યો. તેના પર હજારો ભ્રમરો ગુંજાર કરતા ઉડવા બેસવા લાગ્યા, તેમજ તે વૃક્ષ પર આવી બેસતાં કોયલોનાં ટોળાં, તાજો તાજો મૉર ખાઈ તીવ્ર પણ ગંભીર સ્વરથી કુહુ–કુ–હુ અવાજના ટૌકારા માર્યા કરતાં હતાં. વળી આમલીની કુંજમાં છુપાઇ પરિપક્વ આંબળાંનો ખટ મધુરો રસ ચાખતી કોયલડીઓના ટૌકા, કામિનીઓના કોમળ કર્ણ પાર નિકળી જતા, તેના કોમળ હૃદયને વિરહ વેદનાનો સ્વાદ ચખાડતા હતા. રાવી તટ પરનાં અનેક જાતિનાં વૃક્ષો, પુષ્પ અને મૉરથી ગરકાવ થઇ ગયાં. તેની વિસ્તારવાળી નવ–પલ્લવ ડાળ–ડાળીઓ પર બેસતાં વિવિધ જાતનાં પક્ષીઓ નૌતમ પક્વ ફળોમાં ચાંચો મારી ફળનો રસ અને બીજ ખાઈ કોમળ કંઠથી કર્ત્તાનાં ગુણ ગાન ગાતાં હતાં. શુક, સારિકા અને સુડા પાકાં પાકાં ફળને વજ્ર જેવી ચાંચો મારી, કાંણાં કરી બીજ ખાતાં, તે વખતે એકાદ ફળ ભૂમિપર પડી જતું, તો તેને ચાંચ વડે પકડી વૃક્ષપર બેસી પંજામાં દબાવી રોશથી તેને



ઉપરા ઉપરી ચંચુ પ્રહાર કરતાં હતાં. કૃષ્ણાગરૂ, ચંદન, અગર અને તગરનાં વૃક્ષોનાં થડ પાછળ, ચૈત્ર વૈશાખના આકરા તાપથી હાંફતા સર્પો વિંટળાઈ જઈ શાન્ત થતા હતા. બકુલ, લીંબડા અને વટવૃક્ષની ગંભીર ઘટાદાર છાયામાં અને તેની નવ–પલ્લવ ઘટાદાર ગુફાઓમાં, તાપ લાગવાથી ભરાઇ રહી તીણા સ્વરે ચું–ચું–ચૈં–ચૈં કરતાં પક્ષીઓનાં બચ્ચાં ચાંચો મારી, પાંખો ફફડાવી, વિશ્રાન્તિ માટે નીચે બેઠેલા વટેમાર્ગુઓના દેહ પર ફળ, ફુલ, પાંદડાં ગેરવતાં અને અધાર કરતાં હતાં! મલયાચલ અને હિમાચલની ઠંડી પવનની લ્હેરોથી સકળ જીવજંતુઓનાં હૃદય શાન્ત થતાં. તાડ, તમાલ, નાળીએરી, ખજુરી અને સરૂના વૃક્ષોની ટોચો પવનની લ્હેરોથી વારંવાર નીચી નમી જતી હતી. બાગ–બગીચા અને વન ઉપવન મધ્યેની નવપલ્લવ લતાઓ, પરિમળવાળાં પચરંગી પુષ્પથી લચકાઈ જતી હતી, છતાં તેનાં પુષ્પનું મધ ચુસનાર મધુકરોના ભારથી તે છેક દીન બની જઈ ભૂમિ પર પથરાઇ ગઇ હતી. સરોવર અને સરિતાના જળમાં નિવાસ કરનાર કુમુદ, કોકનદ, કમળ, ઇંદિવર, પદ્મિની, પોયણી અને કલ્હારનાં પુષ્પ ખિલી રહ્યાં હતાં. તેની સુગંધથી દશે દિશા આમોદિત થઇ રહી હતી. સુગંધ અને મધુના લાલચુ ભમરો વારંવાર કમળ પર આવી બેસતા હતા. હૃદયાનંદક વસંત ઋતુના કેટલાક દિવસ વીત્યા પછી, અને મુકરર કરેલે દિવસે રાજભવનમાં સૂર્યનારાયણનાં દર્શન થયા પછી મહારાજા રણજીતસિંહે સ્વારીમાં ચઢનાર સરદારોની તૈયારી માટે તુરાઈ વગડાવી. તુરાઈનો નાદ થયા પછી તરતજ ડંકો થયો.

ડંકાનો અવાજ કાને પડતાં રણસંગ્રામમાં ચઢનાર સરદારો, કિલ્લા બહાર બુસાયત બુરૂજના મેદાનમાં પોતાના સૈન્ય સાથે હાજર થવા લાગ્યા. રાજકુમાર ખડ્‌ગસિંહ, અને મિશ્ર દિવાનચંદ બખ્તર ટોપ પહેરી, કમરે તરવાર લટકાવી, ખભે ગેંડાના ચામડાની ઢાલ બાંધી એક હાથમાં ભાલા પકડી, ઉત્તમ જાતના ખોરાસાની ઘોડા પર સ્વાર થઈ આગળ ચાલતા હતા. તેમની સરદારી નીચેનું સૈન્ય ઘેરા આસમાની રંગનો પોષાક પહેરી, પાઘડીની બાજુએ સુદર્શનચક્રના જેવું લોખંડી ચક્કર લટકાવી, બીજી બાજુએ ચળકતી ખુલ્લી છરી ખોસી, ખભે તરવાર ભેરવી, હાથમાં ચમક ચમક

થતા ભાલા પકડી, ઘોડા પર સ્વારી કરી હારબંધ ચાલતા હતા.

વાઘના એક ઝટકે બે કટકા કરનાર વીર હરિસિંહ નલવો, રણરંગના આનંદથી ઉન્મત્ત બની પોતાના તાબાના તીર કામઠાંવાળા હજાર બારગીરો, એક હજાર લીલા રંગના પોષાક પહેરેલા, ખભે તરવાર ઢાલ લટકાવેલા, બંદુક બાંધેલા ઘોડેસ્વાર, અને ત્રણ હજાર અનિયમિત હથીઆરવાળા કાટીઆવંડ લઈ પોતાની છાવણીમાંથી કડડ–ધુમ–ધુમ–કડડ ધુમ્ થતે ડંકે દરવાજા બહાર આવ્યો.

બારમિસલના જાગીરદારો અને સરદારો પોતાના ભાયાતો તથા પુત્રો સાથે, ત્રીશ હજાર સૈન્ય લઈ વાગતી તુરાઇએ ચાલવા લાગ્યા. તેમનો દેખાવ જુદીજ તરેહનો હતો. કોઇએ મલમલનો, તો કોઇએ કિનખાપનો, તો કોઈએ મશરૂનો પોષાક પહેર્યો હતો. વળી કેટલાક સિપાહીઓએ શરીર પર ઝીણી ઝીણી કડીઓવાળાં ઝગઝગ થતાં બખ્તર પહેર્યાં હતાં. માથા પર સુવર્ણ જડીત ટોપ પહેર્યો હતો. કેટલાક સિપાહીઓએ ગુલાબી અને પીળા રંગની મલમલની પાઘડીઓ પહેરી તેના પર નવઘરાં બાંધી તોરા લટકાવ્યા હતા. શરીર પર લીલા, ઉદા, લાલ રંગના કસબી બુટ્ટાવાળા કિનખાપના જભ્ભા, ફુમતાવાળી કસો કસી પહેરી લીધા હતા. કમર પર સોનેરી ભરતના કમરપટા બાંધેલા હતા. તેઓની કમરે રંગ બેરંગી મ્યાનવાળી સુવર્ણ અને રૂપાની જડાઉ મુઠોવાળી તરવારો લટકતી હતી. કમરે દારૂ ભરેલા માબર બાંધ્યા હતા. પીઠ પર પાડાના ચામડાની ઢાલ અને પીંછાંવાળાં તીર કામઠાં અને બીજા ખભા પર બંદુક ભરાવેલી હતી. ઘોડાના નળના ધબકારાથી ખોદાતી પૃથ્વી કંપી ઉઠતી હતી. તેમની પાછળ તેમના હથીઆરબંધ બારગીરો અને સરસામાન લાધેલાં સેંકડો ઉંટ સાથે ચાલતાં હતાં.

એક હજાર બોડીઆં, ભાલોડીઆં, ત્રિશુળીઆં, ધુવડ અને સમળીનાં પીંછાંવાળાં તીરકામઠાં અને પાડાના તથા ગેંડાના ચામડાની અને કાચબાની પીઠની ઢાલો પીઠે ભરવેલા, ખભે તરવાર લટકાવી હાથમાં મ્હોટા મ્હોટા ભાલા પકડેલા પહાડી લોકોની આગળ રામદયાળ અને મોતીરામ બોદલી જાતની ઘોડીઓ પર બેસી ચાલતા હતા. આ પહાડી લશ્કરનો દેખાવ વિચિત્ર



હતો. કેટલાકોએ માથા પર પીંછાં બાંધ્યાં હતાં, કેટલાકે કોડીઓ અને ચનોઠીઓના ટોપ પહેર્યા હતા. શરીરપર વાઘ, સિંહ અને હરણનાં ચામડાં પહેરી, કમરે અજગરના ચામડાના પટા બાંધ્યા હતા. કેટલાકે વલ્કલ પહેર્યાં હતાં, અને કેટલાક લોકોએ ફક્ત લંગોટી મારી લીધી હતી. તે લોકો જેમ જેમ ઢોલ વાગતું હતું તેમ તેમ નાચતા, કુદતા ઉછળતા ચાલતા હતા.

ખુબસુરતીમાં ચઢીઆતા, દેખાવમાં ફક્કડ, મનપસંદ રંગબેરંગી પોષાક પહેરનારા, સ્વભાવે નિડર, ઉત્સાહી, આનંદી અને પીપળાના પાન જેવા ચપળ–ચાલાક, તિવાણુ જાતના હજાર ઘોડેસ્વારો, સરદાર ખુદાયારખાનની સરદારી નીચે હથીઆર સજી ઘોડા પર લાધેલા ડંકાના ગડગડાટ સાથે કિલ્લા બહાર નીકળ્યા.

કિલ્લા બહારના મેદાનમાં ભારે કોલાહલ મચી રહ્યો. ઘોડાના ખોંખારાથી, ઉંટોના બરાડાથી, બંદુકોના અવાજથી, રણવાદ્યના નાદથી, ડંકાના ગડગડાટથી, સર્વે દિશાઓ ગાજી ઉઠી. રાવીને તીરે વસનારાં હરિણ, વરાહ, દીપડા વગેરે જંગલી પશુઓ અને પંખીઓ ત્રાસ પામી ગુફાઓ, માળાઓ અને બોડોમાં ભરાઇ જવા લાગ્યાં. તેમની પાછળ તેમનાં ન્હાનાં ન્હાનાં બચ્ચાં બરાડા, ચીચીઆડા મારતાં કુદતાં દોડતાં છલંગો ભરતાં, ચેકડા મારતાં, ગબડી પડતાં, સામસામી અથડાતાં, ગાભરાં બની ઉંચાં મોઢાં કરી નાશ ભાગ કરવા લાગ્યાં. પોતપોતાના પ્રાણ બચાવવાના હેતુથી દોડતાં પ્રાણીઓ સામસામાં ટીચાવા લાગ્યાં અને ગભરાટથી અવળ સવળ એક બીજાના રહેઠાણમાં ભરાવા લાગ્યાં. તેમ થવાથી તેઓને પણ સામસામી લઢાઈ થતાં મ્હોટો ઘોંઘાટ થઈ રહ્યો.

સૂર્યનારાયણ મસ્તકોપરી થતાં અભિજીત નક્ષત્રનો લાભ લઇ, મહારાજાધિરાજ રણજીતસિંહ, ધોળા મલમલનો જરી બુટ્ટાવાળો જામો પહેરી, માથા પર કોહીનુરવાળો શિરપેચ બાંધેલી કલગીવાળી પાઘડી પહેરી, ખભા પર બાણનો ભાથો ને કમાન ભરવી, પીઠ પર સુવર્ણના દક્ષાવાળી ગેંડાના ચામડાની ઢાલ લટકાવી, કમરે રત્ન જડીત મુઠવાળી તરવાર લટકતી રાખી, એક હાથમાં ભાલો પકડી ઘોડા પર સ્વાર થઇ, હસમુદાલા, ( રાજ્યની તર-

વાર) લેહનાસિંઘ, ખાલસાનો સ્તંભ છત્તરસિંહ, સ્વારીનો કાર્યાધિકારી જમાદાર ખુશાલસિંહ અને હજુર-રક્ષક ધોકલસિંહ સાથે રાજ્ય ભવનના દરવાજામાંથી બહાર નિકળ્યા કે તરતજ રાજતુરાઇ વાગી. મેઘસમાન ડંકાનો ગગનભેદી ગડગડાટ થયો. સ્વારી આગળ ચાલી, તેની પાછળ બંદુક, ભાલા, તરવાર, તીરકામઠાં, ચક્ર વગેરે હથીઆર સજી ખાલસા ફોજના યોદ્ધાઓ ઘોડા પર સ્વારી કરી ચાલવા લાગ્યા.

મેદાનમાં એકઠા મળેલા સરદારો અને સૈનિકો મહારાજાને આવવાની રાહ જોતા હતા, એટલામાં દરવાજા બહાર મેદાનમાં વાગતી તુરાઈએ પાણીના રેલાની પેઠે સ્વારી આવી પહોંચી. તે વખતે સેનાપતિએ તોપો અને બંદુકોના અવાજ કરી "ખાલસાનો જય" બોલાવી સલામી આપી. આ વખતે રણોત્સાહી, પરાક્રમી, પંજાબના સિંહ વીર રણજીતસિંહનો દેખાવ અને ખુશાલી જુદીજ તરેહનાં હતાં. તેના હૃદયમાં વારંવાર હર્ષના ઉભળકા આવતા હતા. વારંવાર ધન્ય-ધન્ય ખુદાદળને એમ બોલી રહ્યો હતો. તેના શીળીનાં ચાઠાં પડેલા, બદામી રંગના ગાલ પર લાલાશ દેખાતી હતી. અર્ધાવસ્થાએ પહોંચેલો હોવા છતાં, પૂર્ણ યુવાવસ્થામાં દેખાતો હતો. એક આંખે દેખતો હોવા છતાં બંને આંખોવાળાની માફક ચારે બાજુ નજર ફેરવી સૈન્યને નિહાળતો હતો. બરોબર નિહાળી રહ્યા પછી ખુશાલસિંહને કહ્યું: "તુરાઇ કરાવો." આજ્ઞા પ્રમાણે તુરાઈ થતાંજ લશ્કર બંને બાજુએ થઇ ગયું એટલે રણજીતસિંહે મધ્યમાં આવી કહ્યું:—

"મ્હારા ખાલસાના વ્હાલા સરદારો,

ગુરૂ ગોવિંદનું સ્મરણ કરો. તેજ આપણું શ્રેય કરનાર છે. આજે આપણે એકઠા મળ્યા છીએ તે પણ તેમનો પ્રતાપ છે. મ્હારા સરદારો, તમારી તેમના પ્રત્યે જેવી નિષ્ઠા છે, તેવીજ આખર સુધી રાખજો. આપણો જન્મ આ આપણી માતૃભૂમિનો ઉદ્ધાર કરવા માટેજ છે એમ અંતઃકરણપૂર્વક માનજો. કયો વીર વિજય અને વિભૂતિ નથી ઇચ્છતો? સર્વ પરાક્રમી વીરો હમેશાં રણાંગણમાં ઉતરી તેની જ ઇચ્છા રાખે છે, અને જ્યાં સુધી પોતાની ઇચ્છા પાર પડતી નથી, ત્યાં સુધી પાછી પ્હાની કરતા નથી, છેવટ



પ્રાણ આપવો ઘટે તોપણ પાછું વાળી આ અસાર સંસાર તરફ નજર નાંખતા નથી. તેઓ શત્રુઓને સામે મુખે ચાલી તેમનો ધ્વંશ કરી આ લોક અને પરલોકમાં કિર્તી મેળવે છે. રણોત્સાહી વીરો! તમે સારી પેઠે જાણો છો કે આ આપણી ભારતભૂમિના અલૌકિક અને ખૂબસુરત કાશ્મીર દેશપર સ્વારી છે. તે દેશ જેટલો અલૌકિક અને ખુબ સુરત છે તેટલોજ પહાડી સાંકડા અને વિકટ માર્ગને લીધે ડરામણો છે, પણ તેથી કંટાળશો નહિ, ગભરાશો નહિ ને ડરશો નહિ. સંકટ સમયે ગુરૂ ગોવિંદને યાદ કરજો, ધીરજ રાખજો, ઉત્સાહ રાખજો, ને નિડર રહેજો. સારી પેઠે ધ્યાનમાં રાખજો કે હું તમારા સંકટનો સાથી છું." આ વાક્ય બોલતાં સર્વ સૈન્યે "ગુરૂ ગોવિંદની જય" બોલાવી. રણજીતસિંહે તેમને આગળ વધવાની પરવાનગી આપી.

ટોપ, બખ્તર, ભાલા, બંદુકની મોરીઓ અને વિવિધ જાતના પોષાક સૂર્યના તેજથી લબક્ જબક્ થવા લાગ્યા. ઘોડાના હણહણાટથી, ઉંટોના બરાડાથી, સૈનિકોના બોલવાના અવાજથી, રણવાદ્યના નાદથી, કમરે લટકતી ચળકતી તરવારોના ખડખડાટથી થતો કઠોર અવાજ દિશાઓમાં વ્યાપી ગયો, તેથી દિક્પાળ થરથરવા લાગ્યો! પૃથ્વી કંપવા લાગી! બાણાવળી અર્જુનના હાથથી છુટેલા બાણના સુસવાટાની પેઠે, ગંગાના પ્રવાહની પેઠે, મરૂભૂમિમાં વાતા પવનની પેઠે, દિનમણિના રથના વેગની પેઠે, પ્રચંડ અગ્નિની જવાળાની પેઠે, શીખ સૈન્ય ચાલવા લાગ્યું. તે વખતે ભૂમિતળ ઘોડાઓથી છવાઈ ગયું. દિશાઓ ઉંટોથી ઢંકાઇ ગઈ. ગગનમાર્ગ છત્રોથી અદૃષ્ય થઈ ગયો. ચોગરદમથી આવતા પવનના સુસવાટાના તરંગો, ખડતળ ચાલતા તુરંગોની હારથી હારી ગયાં. હજારો ઘોડાઓ અને ઉંટોના પગની ઠોકરોવડે ઉડતી ધુળથી દિશાઓ અંધકારમય થઇ ગઈ. સૂર્યનાં કિરણો મહા પ્રતાપી રણજીતસિંહના બાહુ-પ્રતાપ-કિરણ આગળથી મંદ પડી ગયાં. બારગીરોના ભારથી અને ઘોડા તથા ઉંટના પગની ઠોકરોથી ત્રાસી જતી પૃથ્વી ભયંકર નાદ કરવા લાગી. ડંકા, નગારાં ને તુરાઇના તીવ્ર ગંભિર અવાજથી, સૈનિકોના કોલાહલથી, ઘોડાઓના હણહણાટથી અને ઉંટોના

બરાડાથી કાન બ્હેરા થતા તેથીજ સૈનિકો દીર્ઘ અવાજથી વાત કરવા લાગ્યા હતા.

આ પ્રમાણે જેલમના પ્રવાહની પેઠે પુર જોરમાં ઉત્સાહથી ચાલતું સૈન્ય રાવીના પટને ઓળંગી કામોક, સાહદહેરા અને વજીરાબાદનો સીમાડો મૂકી આગળ વધવા લાગ્યું, પણ સંધ્યા સમયની તુરાઈ વાગવાથી અટક્યું. સૈનિકોએ શિયાલકોટના સિમાડા પર છાવણી કરી.

છાવણીનો દેખાવ અપૂર્વ હતો. જંગલમાં કારમું નગર બની ગયું હતું. વર્તુલાકારે મેખો ઠોકી ખાસદારોએ ઘોડા બાંધી દીધા. તેનાથી સહજ દૂર ઉંટોને દામણુ નાંખી બેસાડી દીધાં. ઘોડાઓની હાર પાછળ ન્હાની રાવટીઓમાં બારગીરો અને કાટીઆવંડે મુકામ કરી દીધો હતો. તેની અંદર સરદારોના તંબુઓ, દીપકની જ્યોતિથી જળહળી રહ્યા હતા. સરદારોના તંબુની મધ્યમાં મહારાજાનો આસમાની રંગનો, જરીના બુટ્ટાવાળો તંબુ આકાશની હરિફાઈ કરી રહ્યો હતો. તેની અંદર સુવર્ણ જડીત ઢોલીઆ પર મહારાજા લોટવાની તૈયારી કરતા હતા. કેટલાક સિપાહીઓ પોતાના ઘોડાઓની પીઠ પર હાથ ફેરવતા હતા. કેટલાક ચંદીના તોબરા ચઢાવતા હતા. કેટલાક તોબરા ઉતારતા હતા. કેટલાક ભોજનની તજવીજમાં પડયા હતા ને કેટલાક તૈયાર રોટી ખાતા હતા. છાવણીની પાછળ બારગીરોનો પેહેરો મુકી દેવામાં આવ્યો હતો, તેઓ કલાકે કલાકે બંદુકનો અવાજ કરી રાની પશુઓને નસાડતા હતા. રાત્રિ ગાળ્યા પછી પ્રભાતમાં કુચ કરવાની તૈયારી થતાં તુરાઈ વાગી એટલે પોતપોતાનો મુકામ ઉપાડી ચાલવાની રાહ જોવા લાગ્યા. બીજી તુરાઈ વાગતાં સૈન્ય ચાલવા લાગ્યું.

આ પ્રમાણે દડમજલ ચાલતાં અને મુકામ કરતા જમ્મુ, રાઇઆસી અને ીકસ્તાવર મુકી ચંદ્રાસરીતા ઓળંગી તેઓએ ઇસ્લામાબાદમાં છાવણી નાંખી.

સુજ્ઞ પાઠક! આપે ઇસ્લામાબાદ ઓળખ્યું? આ ઇસ્લામાબાદ તે આપણું અસલના વખતનું અનંતપુર! સાક્ષાત્ નાગદેવનું વાસસ્થાન. મહાન દેદિપ્યમાન નાગણીઓનું ક્રીડાભવન! શ્રી વિષ્ણુ મહારાજની સુખશય્યા રૂપ થઇ રહેલા સહસ્ત્ર ફણાવાળા અનંતદેવનું નગર! સ્વર્ગમાં વસતા દેવ-



તાઓના ઇંદ્રભવનને ભુલાવે-વિસરાવે એવું, શ્રી શંકરની જટાજુથમાં બંધાઈ બિરાજતા શત ફણાધારી શેષનો વિશ્રાન્તિ વાસ! અરે! જે સ્થળે સાક્ષાત નાગકુળ શિરોમણિ અનંતદેવ બિરાજતા, સુવર્ણનુપૂર પહેરેલી નાગકન્યાઓ ક્રીડાઓ કરી સુલલિત કંઠે ગાતી, જેનું ગીત સાંભળવા હજારો દેવીઓ, અપ્સરાઓ, કિન્નરીઓ અંતરીઆળ આકાશમાં વિમાન થોભાવી નીચી નજરે નિહાળી કર્ણ પાવન કરતી, બ્રહ્માદિક દેવતાઓ આકાશથી પુષ્પ વૃષ્ટિ કરતા, અને વસંતદેવી પોતાની સખીઓને પ્રસન્ન રાખવા નિરંતર ફળ ફુલથી સભર રહેતી તે પવિત્ર સ્થળ, કાળે કરીને આજે મુસલમાનોથી વસ્યું છે!

રાત્રિ ગમગમ અવાજ કરી જવા લાગી. નિશાચર પશુ પક્ષીઓ, ઘોડા અને ઉંટોના અવાજ સાંભળી ન્હાસભાગ કરવા લાગ્યાં. દિશાઓ પુષ્પ પરિમળથી સુગંધિત બની રહી. ખીણોની અંદર નિપજતા જાફરાન (કેસર) ની ગરમ લેહેકીઓથી સૈનિકો ઘેનાળા બની ધીમે ધીમે સૂવા લાગ્યા. સૈનિકોના અવાજ એક પછી એક બંધ પડતાં માત્ર ભૂચર અને ગોચર પ્રાણીઓના અવાજ સાંભળતા મહારાજા રણજીતસિંહ શ્રીનગર સર કરવાના વિચારમાં તલ્લીન બની, સુખ શય્યામાં આળોટતા નિદ્રાધીન થયા.

સૂર્યોદય થતાં વિવિધ જાતનાં સુવાસિત પુષ્પ ખીલવા લાગ્યાં. વિતસ્તા વગેરે સરિતાઓ જોરમાં વહન કરવા લાગી. મૃદુ મધુર સ્વરે વિરહી પ્રાણીઓ, પ્રિયતમના દર્શનાભિલાષથી આમ તેમ દોડવા ઉડવા લાગ્યાં. સૈન્યમાંના પશુઓએ પણ ખળભળાટ કરવા માંડયો, કે તરતજ ત્યાંથી કુચ કરવાની તુરાઇ વાગી.

ગુરૂ ગોવિંદની જય બોલાવી મહા આનંદી, ઉત્સાહી સૈન્ય, સાગરના ઉછળતા પુર પેઠે ચાલવા લાગ્યું. દડમજલ કરતા સૈન્યે કેટલેક દિવસે વિતસ્તાના કાંઠાથી બે કોસ પર વૃક્ષોથી ઘેરાયલા વિશાળ પ્રદેશ પર શ્રીનગર નજીક છાવણી નાંખી.

ક્રમે રાત્રિ અધિક જવા લાગી. ચારે દિશાઓ કલરવ શૂન્ય થઇ. નૈશ આકાશમાં નક્ષત્રો, દીવાની નિષ્કંપ જ્યોતિ માફક જળહળ થયાં. મૃદુ મંદ મધુર પવનની લ્હેરોથી દિવસનો પરિશ્રમ દૂર થવા લાગ્યો. સ્રોતસ્વિની

વિતસ્તા, સુધાકરના કરમાં સ્નેહમયી થવા જળજ સંતાનને છાતીએ ધારણ કરી તરંગમાળાના વિસ્તારવાળી પ્રભાતમાં પ્રિય પતિ પારાવારનાં દર્શન પરમાનંદથી થશે એવી લાલસાથી દરી રહી. વૃક્ષો અને લતાઓ મહામહિમાર્ણવના ધ્યાનમાં આસક્ત થઈ ધ્યાનસ્થ થયાં, પણ વચ્ચે વચ્ચે દૂરથી માનવીના અવાજના ભણકારા સંભળાતા હતા.

પાઠક ! એ અવાજ ક્યાંથી આવતો હતો ? કોનો હતો ? એનું કંઇ સ્મરણ થાય છે ? જો તમે લાંબા વખતને લીધે, સાંસારિક વ્યવસાયને લીધે, અત્ર તત્ર ચપળ મન ભમતું હોવાને લીધે વિસ્મૃત થયા હો તો સાંભળો ! દૂરથી આવતો અવાજ વિતસ્તા પર પડેલા સેનાપતિ જબરખાં અને દિવાન જ્વાળાપ્રસાદ વચ્ચે થતી વાતચિતનો છે. આ અવાજ સાંભળી ખાલસા સૈન્યનો કાર્યાધિકારી ખુશાલસિંહ ચોંકી ઉઠ્યો એટલે મિશ્ર દિવાનચંદે પૂછ્યું: “કેમ શું થયું ?”

ખુશાલઃ “આપે ના સાંભળ્યું ? ના સમજ્યા ?”

મિશ્રઃ “શું ?”

ખુશાલઃ “દૂરથી આવતો અવાજ.”

કાને હાથ દઇ દિવાનચંદ બોલ્યોઃ “હા, ભાઈ. કોઇ માનવી સામે બોલે છે ખરા. શું બોલે છે તે મ્હારા સમજ્યામાં બરોબર આવતું નથી પણ–”

ખુશાલઃ “પણ શું ? એ તો એમ વાત કરે છે કેઃ “હવે કેટલા દિવસ સુધી વિતસ્તાને કાંઠે પડી રહેવું ? શીખ લોકોને પ્રથમના હુમલા વખતે સખ્ત માર મારી આપણે પાછા હઠાવી કહાડ્યા હતા, તેથી વખતે નાહિમ્મત બની આવવાનું તેઓ માંડી વાળે. જો તે લૂંટારાઓમાં તાકાત હોય તો હલ્લો કરવામાં આટલા દિવસ કરે નહિ, મ્હને અને તેમને સારી પેઠે યાદ છે કે તેમને ખૂબ રખડાવી, રાનેરાન ટીચાવી ઊંડી ખીણોમાં સપડાવી પાછા હઠાવ્યા હતા. તેમણે પણ તોબાહ તો બહુ પોકરાવી હતી. ખુદા એમને દોજખમાં રાખે.”

વાંચક ! સાંભળ્યું ! મુસલમાનો હજી પોતાનો રૂઆબ છોડતા નથી ! તેઓ શીખોનો હજી ઘણોજ તિરસ્કાર કરે છે, અને પ્રથમની સ્વારી વખતની



યાદ લાવી પોતે હિમ્મતે બહાદુર બની તેઓ શીખોને દોજખમાં નાંખે છે !

તેમના એ શબ્દો સાંભળી ખુશાલસિંહ ઉશ્કેરાઇ જઈ બોલવા લાગ્યોઃ “ઓ નર પશુઓ ! યાદ રાખો, આ સાક્ષાત્ દેવપુરી શ્રીનગરમાંથી તમારૂં જડામૂળ કહાડું તોજ હું ખરો શીખ બચ્ચો સમજજો. પ્રથમની પેઠે આ વખત થવાનું નથી. આ વખતે તો તમારા લોહીથી માતા વિતસ્તાને સ્નાન કરાવીશ.” એમ બોલી તરવાર મ્યાન બહાર કરી કે તરતજ મિશ્ર દિવાનચંદે હાથ પકડ્યો અને કહ્યું: “સબુર. સબુર. જરા શાન્ત થાઓ. ધીરજ રાખો.”

ખુશાલઃ “મહારાજાશ્રીને સવારમાં આ બીના નિવેદન કરવી, અને તેમના હુકમાનુસાર હલ્લો કરવો. વળી તેઓ કેવી સ્થિતિમાં છે તે જોવા જાસુસ મોકલવો.”

## પ્રકરણ ૧૦ મું.

### રાજ્યાકાંક્ષા.

વિતસ્તાનો કિનારો. તેમાં વળી વિરાંગનગરનું વન. શી રળિયામણી શોભા ! આ વન ખરેખર મનને આનંદ ઉપજાવે એવું, તાપિત હૃદયને ઠંડું બનાવે એવું, કામજ્વરથી જર્જરિત થયેલા દેહને આશાએશ પમાડે એવું, વાંદર અને પંખીઓને ડાળીઓ પર બેસાડી આનંદ હિંડોળે હિંચાવી વિશ્રામ આપે એવું, દિશાઓને પુષ્પગંધથી સુગંધિત કરે એવું અને ઇશ્વિરના અપાર મહિમાનો પરિચય કરાવે એવું હતું. પ્રભાતનો પહેલો પ્હોર હતો. સાત આઠ વાગવા આવ્યા હતા, છતાં સૂર્યદેવનાં દર્શન થયાં નહોતાં તેથી નિશાચર વનપશુઓ આમતેમ શિકાર માટે રખડતાં હતાં. તરેહ તરેહનાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. વિતસ્તાનાં નિર્મળ નીર શાન્ત ભાવ ધારણ કરી રહ્યાં હતાં. રાત્રિએ કાંઠા પર પાણી પીવા માટે તૃષાળુ પશુપક્ષીઓની ભીડ મળી હતી, તેમાં કેટલાંક ઉપરા ઉપરી પડતાં હતાં. કેટલાંકને પ્રભાતની ભેટમાં લાત, પાટુ મળતાં હતાં તેથી બરાડી, નાશી,

કુદી પાછાં હરેરી કરી આરામાં ધુસી જતાં હતાં.

ઓવારાની પૂર્વે બાજુએ નીલ પથ્થરનું પુરાણું દેવાલય હતું. દેવાલયની આસપાસ અશોક, પલાસ, સાગ, ચિનાર, સફેદા, પપેનસ અને સેબફળની ઘટ ઝાડી હતી. ઝાડીની વિશાળ શાખાઓથી દેવળનું શિખર ઢંકાઈ ગયું હતું. ડાળીઓ એટલી બધી ઉંચી વધી ભેગી થઈ ગઈ હતી કે ગગનમાર્ગ બંધ થઈ ગયો હતો. દેવળનાં ચઢવાનાં પગથીઆં ઉપર ઉભા રહી જોઈએ તો તમામ બાજુએ અસંખ્ય વૃક્ષસ્તંભ વગર કંઈ દેખાતુંજ નહિ. દેવળના પહેલા ઘુમ્મટમાં નંદીની વિશાળ વિકાળ સફેદ પ્રતિમા, વાળેલે પગે બેસાડેલી હતી. તેના કંઠમાં મોટો ઘંટ લટકતો હતો. નંદીની એક તરફ એક–દંત વિનાયક અને બીજી બાજુએ વિકાળ સ્વરૂપ સિંદુર ચોપડેલી, લંગડાકૃતિ, હનુમાનની મૂર્તિ હતી. અંદરના ઘુમ્મટમાં નીલ સંગેમરમરની જળાધારી વચ્ચે સ્ફટિક મણીનું પ્રચંડ શિવબાણ હતું. તે બાણ પર ફણાધારી અનંત વિંટળાઈ રહ્યો હતો. બાણ પર બિલ્વ પત્ર, કેતકી પુષ્પ, અને ચંદન યુક્ત તાંદુલ ચઢાવેલા હતા. સામેના ગોખમાં જગજ્જનની જગદંબા ગિરિજા બિરાજ્યાં હતાં. આ બાણને સિદ્ધનાથ અથવા સિદ્ધેશ્વર કહેતા.

સરદાર મલહરસિંહ, ગુપ્તાવાસ, ઉપવેશનાગાર અને લક્ષ્મી બાળનાં ગુપ્ત સ્થળોમાં ગુરૂ ભીષ્માચાર્યને શોધતો શોધતો તર્કવિતર્ક કરતો સિદ્ધનાથના દેવાલયમાં આવ્યો હતો.

આ વખતે મહાન્ આડંબરી ભીષ્માચાર્ય ગેરૂવાં વસ્ત્ર પહેરી અંગે ભસ્મ ચોળી, કપાળે ત્રિપુન્ડ્ર કરી, ગળામાં અને કર્ણમાં રૂદ્રાક્ષ ધારણ કરી, બંને હાથના મણીબંધમાં બેરખા નાંખી, વાઘ્ર ચર્મપર પદ્માસન વાળી, હરિણના ચર્મની ગૌમુખીમાં હસ્ત નાંખી હોઠ હલાવતો બેઠો હતો. બંને બાજુ પિત્તળની દીવીઓમાં ઘીની જ્યોતિ શાન્ત ભાવે જળહળ થતી હતી. અરગજાનો ધુપ શિખરના પોલાણમાં ભરાઈ નીચે ઉતરતો હતો. થોડીક વાર પછી ગૌમુખી દૂર મુકી ભીષ્માચાર્ય પુજા કરવા લાગ્યો.

પ્રિય પાઠક ! જુઓ, ત્રિપુરાસુરના નગરને દહન કરનાર, ભસ્માસુરને ભસ્મીભૂત કરનાર, કૈલાસવાસી સિદ્ધનાથને પ્રસન્ન કરવા માટે ઉપહાર મંત્રથી



**अप सर्वंतुप भुताप भूता भूमिसंस्थिता** વગેરે વચન બોલી દિશા પુજન કરી બંને હાથમાં સૂર્યની કાંતિ જેવો તાંબાનો જળ પુરિત કળશ પકડી **गंगेच्च यमुने चैव गोदावरिच सरस्वति नर्मदे। सिंधु कावेरि जलेस्मिन्सं निधं कुरु ॥ वरुणाय नमः सर्वोपचारार्थे गंधाक्षत पुष्पं समर्पयामि.** બોલી રહ્યા પછી **अपवित्रं पवित्रोवा, सर्वावस्थां गतो पिवा, यत स्मरेत्पुंडरीकाक्षं, स बाह्याभ्यंतर शुचिः** કરી **पूजाद्रव्याणि आत्मनं प्रोक्षयेत्** વિધિ કરી ઉમાપતિનું આહ્વાન કરી **श्रीभवानी शंकर पंचामृतेन पूजन महान् करीष्यते.** સ્નાન કરાવ્યા પછી બોલ્યો **सर्व मांगल्य मांगल्ये, शिवे सर्वार्थ साधिके, शरणे त्र्यंबके गौरी, नारायणी नमोस्तुते** બોલી નમસ્કાર કરી બંને કરવડે બિલ્વપત્ર લઈ બોલ્યો:—

**त्रीदलं त्रीगुणाकारां, त्रीनेत्रां त्रीया वीतं,**
**त्रीदलं पाप संहारं, एक बिल्वपत्र शिवार्पणम.**
**त्रीशाखे बिल्व पत्रं च, अचीत्री कोपलस्तथा,**
**स्तत्र पूजा करीष्यामी, अर्पयामी सदाशिव.**

આ પ્રમાણે બિલ્વપત્ર ચઢાવવાનો મંત્રોચ્ચાર કરી શ્રી સિદ્ધનાથ પર બિલ્વપત્ર મૂક્યું. બિલ્વપત્ર ચઢાવી રહ્યા પછી શિવ સહસ્ત્ર નામ બોલી સહસ્ત્ર કમળ ચઢાવી સ્તુતિ કરવા લાગ્યો.

**वंदे देव उमापती सुरगुरु, वंदे जगत कारणं;**
**वंदे पंकजं भूषणं मृगधरं, वंदे पशुनां पती.**
**वंदे सूर्यांक शशांक वह्नि नयनं वंदे मुकंद प्रीयम्;**
**वंदे भग्तजना सनांत वंदे, वंदे शिव शंकर.**

પછી પુજાન્તે **हरि ॐ यज्ञेन यज्ञमय जंतुदेवा** ઇત્યાદિ મંત્રોચ્ચાર પૂર્વક, કરમાં કમળ પુષ્પ લઇ પુષ્પાંજલિ દેતાં સરદાર મલહરસિંહે એકદમ અંદરના ઘુમ્મટમાં પેસી ગુરૂ ભીષ્માચાર્યની જય બોલી નમસ્કાર

કર્યો. ચકિત અને ચંચળ મનથી ભીષ્માચાર્યે કરથી પકડેલાં કમળ પુષ્પ સહિત કર ઉંચો કર્યો, છતાં અજ્ઞાન મલહરસિંહ સમજ્યો નહિ એટલે પુષ્પાંજલી સૂત્ર બોલતાં બંધ પડી "બેસ" બોલવાની જરૂર પડી. ત્યાર પછી બાકી રહેલો પુષ્પાંજલીનો ભાગ જેમ તેમ પૂર્ણ કરી, જેના જટા જુથમાં ગંગાદેવી વિરાજમાન છે, જેની જટા સર્પના પાશથી બંધાયલી છે, જેના ભાળે ચંદનનું અર્ધ ચંદ્રાકાર ત્રિપુંડ્ર કરેલું છે, જેના ભાળ વિષે ત્રિનેત્ર છે, કર્ણુમાં રૂદ્રાક્ષનાં કુંડળ પહેરેલાં છે, કંઠમાં રૂદ્રાક્ષ ધારણ કરેલી છે, જેનો કંઠ સમુદ્ર મથન કરતી વખતે ઉત્પન્ન થયેલું વિષ પીધાથી નીલ દેખાય છે, જેને કંઠમાં રૂંદ્રમાળ ધારણ કરેલી છે, જેણે સર્વાંગે વિભૂતિ ચોળેલી છે, જેનો કટિદેશ સર્પથી વિંટળાયલો છે, જેણે વ્યાઘ્ર ચર્મ પર વજ્રાસન વાળેલું છે, અને જેના જાન્હુ પર ગિરિજા બેઠેલાં છે, એવા સાક્ષાત્ પરમાનંદ સ્વરૂપ સદાશિવ મહાદેવ સિદ્ધેશ્વરની પ્રતિમારૂપ બાણુને કમળ પુષ્પ ચઢાલી દીધાં. "ઓમ્ ઓમ્ સદાશિવ, હર હર મહાદેવ" બોલી તે બહારના ઘુમ્મટમાં આવી બેઠો એટલે સરદાર મલહરસિંહે ઉભા થઈ ચરણુમાં મસ્તક મૂક્યું.

વાંચક! દુષ્ટાચરણી, રાજ્યાકાંક્ષી, મદમસ્ત મલહર, કૈલાસપતિના ચરણુમાં મસ્તક નમાવ્યાથી લાભ છે કે ભીષ્માચાર્યના ચરણુમાં પડયાથી લાભ છે, એ કંઈ સમજ્યો નહિ. તેણે મહાદેવના અપાર મહિમાને જાણ્યો નહિ. સ્વાર્થી સરદાર મલહરસિંહ! તું સારી પેઠે સમજજે કે, તે ભીલણુ વિમોહન સુખમંત્ર તેમનાં કમળ નયનનાં તીરછાં કટાક્ષ, તેના રસાલાપથી છેતરાયા પણ ભીષ્માચાર્યના જંત્ર મંત્રથી કે શ્રી ભદ્રકાળીને ભોગ આપવાથી કંઈ કૃપાવંત થવાના નથી! પ્રિય વાંચક! ભવિષ્યમાં શું રંગ જામે છે, કાશ્મી દેહ કયે રંગે રંગાય છે, તે જોવા ઠંડે પેટે ધૈર્યાવલંબન કરી મ્હારી સાથે ચાલ્યા આવો.

ભીષ્માચાર્યે ડૉળથી પૂછ્યું: "શિવ સેવામાં કેમ વિક્ષેપ કર્યો?" આથી મલહરસિંહ જરા ગભરાયો ખરો, પણ કરગરતા અવાજે નમ્રતાથી બોલ્યો: "સ્વામિન્! ગુરૂ! મ્હારો અપરાધ ક્ષમા કરો. સેવક જાણી ક્ષમા કરો. બાળ જાણી ક્ષમા કરો." એમ બોલી ચરણુમાં પડયો અને તેમની પાદુકા શિર પર ધારણ કરી.



તેને સ્વાર્થમુગ્ધ થયેલો જોઈ ભીષ્માચાર્યે રૂદ્રાક્ષનો બેરખો ધારણ કરેલો કર ઉંચો કરી આશિર્વાદ આપ્યો કે: "**દીર્ઘાયુર્ભવ.** ત્હારી આશાઓ ફળીભૂત થાઓ."

ગુરૂ ભીષ્માચાર્યને કૃપાવાન થયેલા જોઈ મલહરસિંહે પ્રત્યુત્તર દીધો કે: "આપ ગુરૂદેવ જ્યાં સુધી શિર પર બિરાજો છો, ત્યાં સુધી મ્હારી આશાઓ ફળીભૂત થયેલી છેજ એમ સમજું છું." સદય મનથી ભીષ્માચાર્યે કહ્યું: "વત્સ! ત્હારી શી ઇચ્છા છે?"

"પ્રભો! આપ કૃપાળુને મ્હારે કેટલીક વાત નિવેદન કરવાની છે. જો આજ્ઞા હોય તો નિવેદન કરૂં."

પાઠક! આ કંઈ નવાઈની વાત નથી. જ્યારે જ્યારે કાશ્મીરવાસી સરદારોને કંઇ કામ પડતું, કંઈ ગરબડમાં આવી પડતા અગર કંઈ કાર્ય કરવા વિચાર થતો ત્યારે વખતો વખત જે તેમનો ગુરૂ હોય તેમના ચરણુ આગળ હકીકત નિવેદન કરતા, અને તેની આજ્ઞા પ્રમાણે વર્તતા, અને ગુરૂને સર્વ વાતે સાનુકુળ રહેતા. સરદાર મલહરસિંહે પણ તેજ માર્ગ લીધો, પણ તે મિથ્યા હતું, કારણુ મલહરસિંહના વડીલો, એવા ભાગ્યશાળી હતા કે તેમના ગુરૂ જે જે વચન ઉચરતા, જે જે આજ્ઞાઓ દેતા તે તે નિર્વિઘ્ને ફળીભૂત થતી, પણ હાલના ગુરૂ અને સેવક બંને સરખા હોવાથી ફોકટ ફાંફાંજ મારવાનાં થતાં!

"ગુરૂ ચેલા દો લાલચુ, ખેલે આપમેં દાવ;
જેસી જીનકી લગ રહે, તૈસા દે દે ધાવ."

સહજ વિચાર કરી ભીષ્માચાર્યે કહ્યું: 'અચ્છા બાબા, જે કંઇ ઇચ્છા હોય તે ખુશીથી નિવેદન કર. ગુરૂ સિદ્ધનાથ સહાય કરશે. સિદ્ધનાથ સમર્થ છે. સહસ્ર હાથનો ધણી છે."

હાથ જોડી મસ્તક નમાવી મલહરસિંહ બોલ્યો: "પ્રભો! મ્હારે તો સિદ્ધનાથ અને આપ બંને એકજ છો."

આથી સહજ ફુલાઈ જઈ ખુશ ચહેરે ભીષ્માચાર્યે આજ્ઞા કરી કે "વિના સંકોચે સર્વ કથા વિદિત કર."

મલહર હાથ જોડી બોલ્યોઃ "આજકાલ આપના દેવભૂમિ સદૃશ કાસ્મીર દેશને ભયંકર મહાવ્યાધિ ઘેર્યો છે. લાંબા કાળથી આપણા હાથથી રાજ્ય ગયા પછી એટલે કે મહારાજ આનંદદેવના પરલોક પ્રાપ્ત થયા પછી મુસલમાન બાદશાહોએ બાપડી હિન્દુ રૈયતને કચડી પીલી નાંખી તેમનું સર્વસ્વ હરણ કરે છે. તેમનાં કરેલાં પાપનો બદલો આપ ગુરૂ પ્રતાપથી હમણાં મળી ચૂક્યો છે."

ભીષ્માચાર્ય ધૈર્ય તજી એકદમ બોલી ઉઠ્યોઃ "શું મહમદ આઝીમખાં મરણ પામ્યો?"

મલહરઃ "નહિ ગુરો! તે તો પંજાબવાસી રણજીતસિંહને કાશ્મીર પર ચઢી આવવાની વાત સાંભળી પોતાના બેટાની શાદી કરવાનું કામ પડતું મૂકી પેશાવર જઈ રહ્યો છે."

ભીષ્માઃ "વત્સ! ત્યારે રાજ્યતંત્ર કોણ ચલાવે છે?"

મલહરઃ "દિવાન જ્વાળાપ્રસાદના કરમાં રાજસત્તા સોંપી, તેથી તે અને સેનાપતિ જબરખાં રાજ રક્ષણ કરે છે. પરંતુ રણજીતસિંહની સ્વારી વિતસ્તા પર આવી પડી છે, અને તે છાવણી સામેના ઉપવનમાં મહમદ આઝીમખાંના ફરમાન મુજબ પ્રથમથીજ રાજ રક્ષણ માટે સૈન્ય લઇ દિવાન જ્વાળાપ્રસાદ અને જબરખાં છાવણી નાંખી પડયા છે, પણ તેઓ શીખરાજ રણજીતસિંહના સૈન્ય સામે ટકી શકવાના નથી. મુસલમાન સૈન્ય દિન પર દિન નબળું પડતું જાય છે, છાવણીની જગા છોડતું પાછું હઠે છે અને શીખરાજ શ્રીનગર તરફ આગળ વધતો જાય છે. એથી શંકા ઉત્પન્ન થાય છે કે વખતે કાસ્મીરવાસી સૈન્ય હારી જશે તો શીખરાજની જયપતાકા શ્રીનગર દુર્ગ પર ઉડશે, અને ચિર દિન અન્ય જાતિના દાસત્વ શૃંખલા-બેડીથી બંધાયલું રહેવું પડશે."

ભીષ્માઃ "આટલે સુધી વાત આવી છે! આજ સુધી મ્હને કેમ ખબર ન આપી? ખબર આપી હત તો જન્મભૂમિનો ઉદ્ધાર કરવા તમો સરદારોને સારો પ્રસંગ મળત."

મલહરઃ "પ્રભો! વિરાંગ નગરમાં પણ એકાંતવાસ ભોગવવાથી વહેલી



ખબર મળી નહિ, પણ અમારા તરફથી જે દૂત રાજદરબારમાં છે, તેણેજ એ બીનાની ખબર આપી છે. એ વાત સાંભળી હું તરતજ આપ કૃપાવંતની સેવામાં હકીકત વિદિત કરવા આવ્યો.

ભીષ્માચાર્ય સહેજ રક્ત આંખ કરી ભવાં ચઢાવી બોલ્યોઃ "જન્મભૂમિનો ઉદ્ધાર કરનાર વીર પુરુષો શું આ પ્રમાણે ઘોર નિદ્રામાં ઘોરતા હશે! બાબા! ત્હેં બહુજ મોડું કર્યું છે. ત્હેં રણસંગ્રામમાં ઉતરવા ત્હારા ભ્રાત્ જનોની અને અન્ય સરદારોની સંમતિ લીધી છે?"

મલહરઃ "મહારાજ! સેવકને પ્રસંગ મળ્યો નથી, પણ તેઓ સર્વ મદદે રહેશે એવી મ્હને આશા છે, કારણ કે જ્યારે પ્રથમ શીખરાજ ચઢી આવ્યો તે વખતે તેઓ સર્વ કહેતા હતા કે આપણું દાસત્વ ક્યારે છુટશે!"

ભીષ્માચાર્ય ઘણાજ ઉંડા વિચારમાં પડયો હોય તેમ સહજ નિશ્વાસ નાંખી બોલ્યોઃ "તે સરદારો કોણ છે?"

મલહરઃ "કૃપાનાથ! પર્ણપુરનો દુર્જ્જયસિંહ, ગુણર નગરનો અર્જ્જુનસિંહ, સુર નગરનો પૃથ્વીસિંહ વગેરે અને તેમના બીજા ભાયાતો."

ભીષ્માઃ "તમારૂં સૈન્ય તૈયાર છે?"

મલહરઃ "ગુરો! તૈયાર છે, પણ અશિક્ષિત છે, અને શીખરાજનું સર્વ સૈન્ય શિક્ષિત છે તેથી બીજા કોઈ રાજાની મદદ મળે તો આપણું અવશ્ય શ્રેય થાય."

ભીષ્માચાર્ય વિચાર કરી બોલ્યોઃ "હા તેમ બની શકે ખરૂં પણ હવે વખત ક્યાં છે?"

મલહરઃ "મહારાજ! આપની કૃપાથી હું ખાત્રીપૂર્વક કહું છું કે વખતનો લાભ મળતાં સુધી શીખરાજને શ્રીનગરમાં પ્રવેશ નહિ કરવા દઉં."

ભીષ્માઃ "સાંભળ બાબા! જો ત્હારી હિમ્મત પહોંચતી હોય તો પંજાબ દેશની સરહદ પર કોટાગિરિ નામનો દેશ છે. ત્યાંના રાજકુમાર સાથે મ્હારે પરિચય છે. તેને જો—"

ચાલતી વાતમાં અધીરો થઈ મલહર બોલ્યોઃ "ગુરો! આપને રાજકુંવર સાથે શી રીતે પરિચય થયો?"

ભીષ્મા: "હું ભારતભૂમિમાં તીર્થાટન કરવા ગયો હતો, તે વખતે તેના શહેરમાં મ્હેં કેટલાક દિવસ નિવૃત્તિ અર્થે વિશ્રામ કર્યો હતો. ત્યાં રાજકુમાર પ્રસંગોપાત મ્હારી પાસે આવતો અને આપણા દેશની સુંદરતા અને સુંદરીઓ સંબંધી વાત પુછતો. એ ઉપરથી મ્હને આશા છે કે કદી તેને સુંદરીના સ્વાર્થમાં નાંખીએ ને મદદ રૂપ થઇ પડે તો કાંઇ સિદ્ધિ થાય. તે સુશિક્ષિત, બુદ્ધિમાન અને પરાક્રમી વીર છે. પરંતુ તું રાજછત્ર ધારણ કરવાની લાલસા જવા દે. શીખરાજ મહા પરાક્રમી નરસિંહ છે, તે પાછો ન હઠે તેવો હઠિલો છે. તે જો યવનોને દેશમાંથી ન્હસાડી રાજ્ય લેશે તો, તે પણ શીખ હોવા છતાં આર્યભૂમિનો આર્યજ છે એટલે તેના તરફથી પ્રજાને પીડા નહિ થાય."

મલહર: "દયાળુ! એ સર્વ વાત સત્ય છે, પણ આપ જેવા સમર્થ ગુરૂ મહારાજ શિર પર બિરાજે છે, તો પછી કાસ્મીરવાસી જનોનો રાજ્યારોહણ થવાનો વારો કેમ ના આવે? અને આપ રાજગુરૂની પદ્વિ કેમ ધારણ ના કરો?"

ભીષ્માચાર્ય પોતાને રાજગુરૂની પદ્વિ મળશે એમ મનમાં આનંદ પામતાં બોલ્યો: "મલહર! હું ત્હારો આવો દૃઢાગ્રહ જોઈ પ્રસન્ન થાઉં છું. ત્હારી આશા ફળીભૂત થાઓ. એકાદ દૂતને બોલાવ. કોટાગિરિ પત્ર મોકલીએ."

મલહર: "કૃપાનાથ! આપ નગરમાં પધારો. ત્યાં પત્ર લખવા સાધન મળી રહેશે, તેમજ દૂત પણ પસંદ કરી મોકલાશે."

એ પ્રમાણે બંને જણ નિર્ણય પર આવી વિરાંગ નગરમાં દાખલ થયા. મલહરસિંહ દૂત માટે વિચિત્ર નિવાસમાં ગયો અને ભીષ્માચાર્ય પોતાના ગુપ્તાવાસમાં ગયા. પછી મૃગચર્મ પર બેસી હડપચીએ તર્જની આંગળી લગાડી વિચાર કરવા લાગ્યો: "મલહરસિંહ! તું દૂત લેવા ગયો? હા! આશા અમર છે. આશા એજ જગતનું જીવન છે. જો આશા–તૃષ્ણા પરમેશ્વરે માનવીમાં મૂકી ન હોત તો કોઈ કોઈને પુછત નહિ, એક મેક સાથે વાતચિત કરત નહિ અને અરસપરસ સ્વાર્થ–સંબંધમાં આવત નહિ! તૃષ્ણાએ કોને મુક્ત કર્યા છે? હિમાચળની ગુફાઓમાં અહર્નિશ પડી



રહેતા સિદ્ધોથી પણ એ અળગી થવી દુર્લભ છે તો આ બાપડા મલહરનું શું ગજું! **तृष्णा न जीर्ण वयमेव जीर्णा.** અહો! હું પણ રાજગુરૂ થવાનો! જે વખતે રાજગુરૂ થઇશ તે વખતે મ્હારા વૈભવનો, મ્હારા આનંદનો પાર રહેશે નહિ. રણસંગ્રામમાં લડી મરશે તો તે લડી મરશે! આપણે તો ગુપ્તાવાસમાં બેસી જોવાનું છે કે કોણ પરાજય પામે છે? જો શીખરાજ પરાજય પામશે તો આપણે તો આખા કાસ્મીર દેશના અધિશ્વર થવાના, ને જો મલહરસિંહ હારશે તો ગુપ્તાવાસ ક્યાં નાશી જવાનો છે! બેઠા બેઠા સિદ્ધનાથના નામના મણકા મૂકી આયુષ ઓછું કરીશું. તુંબી અને તુંગી* ક્યાં જવાનાં છે? તેમની સાથે મોજ માણીશું; છતાં જો જાહેર પડી ગયા તો તુંબી તુંગી લઇ બગલમાં હાથ મારી છુપે વેશે **भवति भीक्षान्नदेही** કરીશું! ગમે તેમ થાય પણ નશિબ તો અજમાવી જોવુંજ."

આવા વિચાર–સાગરના તરંગોમાં ટીચાતો ભીષ્માચાર્ય કોટાગિરિના રાજકુંવરને શી રીતે લાવવો તેના વિચાર વમળમાં ગોથાં ખાતો હતો, એટલામાં મલહરસિંહ આવ્યો. તેણે કહ્યું: "મહારાજ! કાસદ તૈયાર છે. બહાર દેવડીની ઑસરીમાં બેસાડ્યો છે."

ભીષ્માચાર્ય: "ઠીક બાબા, હું એજ વિચારમાં છું કે હવે તેને શું લખવું? કાર્ય પ્રયોજન લખવું કે નહિ? જો લખીશું તો હકિકત જાણ્યા પછી નહિ આવવું હોય તો નહિ પણ આવે. એમાં આપણી કાંઇ સિદ્ધિ થાય નહિ, માટે આપણું લખાણ વાંચી આકર્ષણ મંત્રના પ્રયોગની પેઠે આકર્ષાઇ આવે તોજ આપણું કાર્ય થાય, નહિ તો ફોકટ ફાંફાં!"

મલહર: "મહારાજ! કોઇ પણ રીતે તે આવે એમ કરો. હું વિચિત્ર નિવાસ ગયો, તે વખતે પાછા ફરતાં એક દૂતે સંવાદ કહ્યો કે: "શીખરાજ બે દિવસમાં શ્રીનગરમાં પ્રવેશ કરશે." આ સંવાદ સાંભળી મ્હારૂં ધૈર્ય પલાયન કરી જાય છે, કે રખેને શીખ–સિંહ શ્રીનગરના વક્ષઃસ્થળે ચઢી બેસે!"

ભીષ્મા: "અનાદિનાથ સહાય થશે. બે ફિકર રહે. લાવ કલમ, કાગળ અને ખડિયો."

---

* એ નામની બ્રાહ્મણી ભીષ્માચાર્યે રાખી હતી.

મલહરસિંહે પત્ર લખવાનાં સર્વ સાધન આજ્ઞા પ્રમાણે મુખ આગળ મૂક્યાં, એટલે ભીષ્માચાર્યે લખવું શરૂ કર્યું. થોડી હકિકત લખી સ્મિત મુખે કહ્યું: “મલહર! હવે ત્હને શાન્તિ વળી? જો, વાંચ! હવે ત્હને છેવટે જાહેર કરૂં છું કે સિદ્ધનાથમાં ભેટો અગર વિચિત્ર નિવાસમાં. સેનાપતિ અને સુરસુંદરીની પ્રાપ્તિ. બેશક આવશે, મ્હને ખાત્રિ છે.” કાગળ પૂરો લખી તેને વાંચવા આપ્યો.

મલહર: “ગુરો! આપે અથઇતિ વૃત્તાન્ત લખ્યો છે. આપ કૃપાળુમાં શું કસર હોય? આપ તો સાક્ષાત્ બ્રહ્માનો અવતાર છો. શ્રી રામને જેવા વાસિષ્ટ ગુરૂ હતા, તેમ આપ મ્હારે—”

ભીષ્મા: “ત્હારો અપૂર્વ ભક્તિભાવ જોઇ હું ઘણો પ્રસન્ન છું. વત્સ! ત્હારૂં શ્રેય થાય તેમ કરીશ. આ પત્ર કમળનાળમાં બંધ કરી કાસદને હાથે આપ ને જેમ બને તેમ ત્વરાથી પહોંચાડી દે એમ તેને તાકીદ કર.”

મલહર: “યથા આજ્ઞા.” બોલી મસ્તક નમાવી કાસદ પાસે ગયો અને તેને સર્વ રીતે સમજણ પાડી, પત્ર સોંપી, વિદાય કરી ગુરૂદેવ પાસે આવી બેઠો, એટલે ભીષ્માચાર્ય બોલ્યા: “વત્સ! ત્હારા કામમાં પ્રવૃત થા. સૈન્યની તૈયારી કર અને શ્રીનગરનું રક્ષણ કર.”

મલહર ચરણમાં શિર નમાવી બોલ્યો: “આજ્ઞા-રજા લઉં છું.”

ભીષ્માચાર્ય હસ્ત ઉંચો કરી બોલ્યા: “**आयुष्यमान भव.**”

## પ્રકરણ ૧૧ મું.

### પર્ણકુટી.

વિરાંગ નગરનું ઉપવન, એક અલૌકિક અને ચિત્તાકર્ષક હતું. તેની અંદર સર્વ જાતની વનસ્પતિઓ અસ્તિત્વ ભોગવતી હતી. તેમાં વળી કૃષક શિવદયાળે પોતાની પર્ણકુટીના ચૉગાનમાં ઉંડી વિતસ્તાના વહેળકા પર કુદરતી ઉગેલાં વૃક્ષોમાં, જે જે વૃક્ષોની ખોટ તેને માલમ



પડી તે તે વૃક્ષો, લત્તાઓ મહામુશીબતે ઉછેરી પર્ણકુટીની શોભામાં વધારો કર્યો હતો. આ વૃક્ષોથી તે પોતાના કુટુંબ ખર્ચનું કંઇકિ અંશે નિભાવતો.

પર્ણકુટીના ઇશાન ખુણા પર નાગાર્જુન, અશોક, પલાસ, વૃંદાજાળ, ફાફળી, તમાલ, અરીઠી, અને બિલ્વ વૃક્ષોની શાખાઓ, એકમેકની ડાળડાળીઓ સાથે સંમીલન થઈ ગઇ હતી. સફરજંદ, અંજીર, ફણુસ, બિજોરી, ખજુરી, અનાર, ચિનાર, સેતુર, સીતાફળી, નાળીએરી, અગર, તગર, મલિયાગર, શ્વેતચંદન, અને રક્તચંદનનાં વૃક્ષો ફળફુલથી સુશોભિત હોવા છતાં તેનાં પરિપક્વ ફળ ખાનાર વિવિધ જાતનાં પક્ષીઓથી તેની શોભામાં વધારો થતો હતો. વળી નૈરૂત્ય ખુણા પર નારંગી, મોસંબી, ચારોળી, અખોડ, પીસ્તાં, બદામ, જરદાલુ, જામફળ અને પારસ જાંબુનાં વૃક્ષ, ફળનાં ભારથી લચી રહ્યાં હતાં. વાયવ્યમાં કમરખ, સાલેમ, આંબા અને દ્રાક્ષનાં વૃક્ષ હતાં. પશ્ચિમ દિશાએ અસ્તાચળની ખીણમાં દ્રાક્ષ, નાગરવેલ, પર્વળ, ગિલોડી, આળકુળ, દુધી, રતાળુ વગેરે વેલાઓ પૈકી કેટલાક લાકડાના માંડવા કરી ચઢાવ્યા હતા. કેટલાક ભોંય પર, ભેખડોમાં અને કેટલાક પર્વતની કઢણમાં ઉંચે ચઢતા હતા. ઉત્તર દિશાભણી વિતસ્તાના કાંઠા પર જળમાં કોઈ લાલ તો કોઈ પીળા તો કોઈ ધોળા રંગનાં કમળ પ્રફુલિત થઇ પાણી પર સહેજસાજ પડતા પવનથી તરંગમાલાઓમાં બેસ ઉઠ કરતાં હતાં. કમળનાળ પરની લાંબી પણ લીલીછંમ પાંદડી અને પાંખડીઓ, કાચ જેવા નિર્મળ પાણી પર વસ્ત્ર હરણ વખતે વિખરાઈ ગયેલા, દેવી દ્રૌપદીના શિરના વાળની પેઠે ચોગરદમ ફેલાઈ ગઈ હતી. તેની વચ્ચે એકેક નાળ પર ખિલેલી પાંખડીવાળાં ને અર્ધખીલેલાં પીળાં, લાલ અને ધોળા રંગનાં પુષ્પ, પવનની લહેરોથી વિદ્યાભ્યાસ વખતે ડોલતા ભારદ્વાજ, શાંડિલ અને વિશ્વામિત્રના શિષ્યોની પેઠે ડોલતાં હતાં. ચિનારનાં વૃક્ષોની ઘટાનો છાંયો આર્યાવ્રતના લિંબ અને વડ વૃક્ષ કરતાં ઘણોજ મધુરો અને શીતળ હતો.

પ્રિય પાઠક! અનુપકુમારીના પ્રથમ પ્રવેશ કાળે આ સ્થળની જે રચના હતી, તેના કરતાં હજારગણી વધારે શોભા આ વખતે તેનાં પવિત્ર પગલાંથી બની રહી હતી. કુંવરી અનુપકુમારીનાં કંકુવર્ણાં પગલાંથી કૃષક શિવદયાળ-

ની પર્ણકુટી આજે એક સામાન્ય સરદારની હવેલી જેવી બની રહી હતી, તથાપિ તેને પર્ણકુટી નામથીજ લોક ઓળખતા. વખત વખતની છાંયડી છે. શિવદયાળનો એક દિવસ એવો હતો કે જાતે ખેતી કરી ઉદર નિર્વાહ કરતો તે આજે જમીનદારી ભોગવી, બીજા ખેડુતો પાસે ખેતી કરાવી, સુખશાન્તિથી દિવસ નિર્ગમન કરતો હતો. સત્ય છે કેઃ પુરુષના કર્મ આડું પાંદડું !

" अश्व प्लुतं माघवं गर्जितं च, स्त्रीणांम चरित्रः
पुरुषस्य भाग्यं, दैवो न जानाति कुतो मनुष्य, "

આ વખતે શિવદયાળના વૈભવનો પાર નહોતો. પોતાની વૃદ્ધાવસ્થાને લીધે પુત્ર રામદયાળ કંઇકિ ભાગે ગૃહકાર્યભાર ચલાવતો હતો.

કૃષક શિવદયાળે અનુપકુમારીને યથાશક્તિ વિદ્યાદાન દેવડાવી એક સન્નારી બનાવી હતી. તેની સાથે પોતાની પુત્રી શૈલાને પણ તેવીજ કેળવણી આપી હતી. આ બંને જણ સગી બ્હેનોની પેઠે હળીમળી, સારસના જોડાની પેઠે સાથેની સાથેજ રાત્રિ દિવસ ગાળતી હતી. ખાવું તો સાથે, રમવું તો સાથે, પુષ્પ ચુંટવાં તો સાથે અને વિદ્યાભ્યાસ તો તે પણ સાથેજ કરતી. વિધિનું વિધાન વિચિત્ર છે. ક્યાંની શૈલા અને ક્યાંની અનુપકુમારી ! બંને જણ મુગ્ધાવસ્થા નિવૃત્ત થતાં પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થઇ હતી, તેથી તેમની શોભામાં કંઇ ખામી નજરે આવતી નહોતી. સર્વ અવયવ યોગ્ય પ્રકારે ખીલી શરીર કાન્તિને સુશોભિત કરી રહ્યા હતા.

પ્રભાત થતાં સુવર્ણવર્ણો તડકો પડવાથી ધોળી શંખાપુષ્પીનાં પુષ્પ જેવાં હિમગિરિનાં શિખરો વિવિધ રંગથી ચળકારા મારી રહ્યાં હતાં, પર્ણ-કુટીની આસપાસનાં વૃક્ષોની ટોચો પર ચંબેલીના પુષ્પના રંગ જેવો પીળો ઉપરણો પડી રહેલ હતો. સંખ્યાવધિ પક્ષીઓ સુમધુર રાગાલાપ કરી કર્ણ દ્વારા હૃદયને આનંદ આપતાં હતાં. અનુપકુમારીએ કહ્યું: " શૈલા ! દેવાર્ચન સમય થયો. ચાલ ઉદ્યાનમાં પુષ્પ ચુંટવા જઇએ. "

અર્ધનિદ્રામાં શૈલા બોલીઃ " બ્હેન ! આવડાં ઉતાવળાં શેં થાઓ છો ? રામદયાળના આવ્યા પછી જઇશું. પિતા હજી ઉઠ્યા નથી. "



અનુપઃ " પિતાના ઉઠ્યા પહેલાં પુષ્પ લાવી સેવામાં હાજર કરીએ."

શૈલાઃ " બ્હેન ! ચાલ ત્યારે ચાલ." એમ બોલી પાછી નિદ્રાધિન થઈ."

અનુપઃ " બ્હેન શૈલા ! સાંભળો છો ? સારાં સારાં પુષ્પ વીણી લાવી પિતાશ્રીને શિવપુજા કરવા માટે આપીશું. "

આ પ્રમાણે કહ્યા છતાં શૈલા ઉઠી નહિ, ત્યારે અનુપકુમારીએ ઉદ્યાન-માં પ્રવેશ કર્યો. એટલામાં શૈલા આવી પહોંચી, તેને ભેટી પડી બોલીઃ " બ્હેન, મ્હને ના બોલાવી કે ? "

" બ્હેન ! ત્હને બોલાવી તો ખરી પણ તું ઉઠી નહિ. મ્હેં જાણ્યું કે ગઇ કાલે ત્હને ગુલાબનો કાંટો વાગ્યો હતો તેથી નહિ આવવું હોય."

શૈલાઃ " સાંભળ અનુપ ! ખરૂં કહું ? મ્હને આંગળીએ કાંટો વાગ્યો હતો પણ ત્હને તો હૃદયે—"

હસ્તે મુખે અનુપે કહ્યું: " બ્હેન તું તો એની એ રહી. મ્હોટી થઈ પણ ત્હારી ટેવ ના ગઈ ! ચાલ, ગુલાબનાં પુષ્પ હું વીણું છું અને તું જાઈ, જુઈ, મોગરો અને ચંબેલીનાં વીણ."

શૈલાઃ " સારૂં. તમે ઉત્તમ પુષ્પો વીણો. અમે બીજાં વીણીશું. "

" લે, લે, શૈલા બહુ ભાર થયો છે. છાબ ધર, પુષ્પ નાંખું." અનુપે કહ્યું.

શૈલાઃ " બ્હેન ! આટલા ભારમાં શું થાકો છો ? હજી તો કમળ-વનમાં જવું છે. "

" બ્હેન ! તું જજે. હું તો કમળવનમાં નહિ આવું. પેલા કાળમુખા ભ્રમરો મ્હને તો કરડે છે. જોને તે દિવસે મ્હારા ગાલ પર લોહી કહાડ્યું નહોતું ? "

શૈલાઃ " એ તો ત્હારા વદન કમળ પર કમળ જાણીને બેઠો હશે, અને મધ ચુસતો હશે. એણે પીટ્યે એમ જાણ્યું હશે કે આ પણ એક કમ-ળજ છે. "

અનુપઃ " ત્હારી નજરમાં આવે તેમ બોલ. હવે હું કંઈ ચિડાવાની નથી. પિતાએ મ્હને કહ્યું છે કેઃ શૈલા ગમે તેમ કહે પણ માઠું ન લગાડીશ."

શૈલાઃ "ત્હને માઠું લગાડવા નથી કહેતી બ્હેન, પણ જો તે દિવસે ગુરુ નળાખ્યાનનો બોધ આપતા હતા, તેમાં નહોતું આવ્યું કે દમયંતીનું મુખ કમળ જેવું હતું, તેથી તેના વદન આગળ ભ્રમરો ભટકતા હતા. એના રૂપનું જે વર્ણન હતું તેવુંજ ત્હારા—"

અનુપઃ "મિથ્યાલાપ માં કર. પુષ્પ વીણ."

બંને જણ પુષ્પ વીણી શ્રમ લાગવાથી બકુલ વૃક્ષ તળે બેઠાં. તે વખતે શૈલા બોલીઃ "બ્હેન! એક વાત કહું? જો ખરૂં માને તો કહું. જરાક આંખ મીચી અનુપ બોલીઃ કહે જોઇએ."

શૈલા હસ્તી હસ્તી બોલવા લાગીઃ "પિતા ગુરૂને કહેતા હતા કે અનુપ વરવા યોગ્ય થઈ છે માટે વરની શોધ કરવી જોઇએ."

અનુપઃ "છાની, છાની, આવી વાત-"

પુષ્પ ચુંટી રહ્યા પછી આ પ્રમાણે વાર્તાવિનોદ કરતાં બન્ને વિશ્રામ લેતાં હતાં એટલામાં કાન પર કંઇક અવાજ પડવાથી એકદમ ઉભાં થઇ જોવા લાગ્યાં તો પિતા અને ધર્મસિંહને દૂર એકાંતમાં શિલાતલ પર બેસી વાતો કરતા દીઠા.

કોઈ દિવસ નહિ ને આજે અનુપને વિચાર થયો કે, પિતા અને ધર્મસિંહ શું વાત કરે છે તે ગુપ્ત રીતે સાંભળું. તેણે શૈલાને કહ્યું: "ચાલ બ્હેન! જઇએ, નહિ તો પિતાજી ઠપકો આપશે."

એમ બોલી બંને જણ ગયાં પણ પુષ્પ મુકી તરતજ અનુપ પાછી ફરી, દ્રાક્ષમંડપ નીચે છુપાઈ વાત સાંભળવા લાગી.

શિવઃ "હવે એ વર લાયક થઈ છે."

ધર્મઃ "મહારાજ! આપની ઇચ્છા પ્રમાણે કોઈ સારૂં સ્થળ જોઈ તેને વરાવી દ્યો."

શિવઃ "તે હવે મ્હોટી થઇ છે, માટે તેની મરજી જોવી પડશે."

ધર્મઃ "આપ વર નક્કી કરો, પછી વાત કરાવીશું."

શિવ. "જેવી ત્હારી મરજી. વારૂ! હવે શીખરાજની કંઇ વાત કહે."

ધર્મઃ "મહારાજ! શીખરાજ શ્રીનગર દુર્ગ લગી આવી પહોંચ્યા છે. સરદાર મલહરસિંહ વગેરે ભીષ્માચાર્યની સલાહથી એકત્ર થઈ હિન્દુ રાજ્ય સ્થાપવા યત્ન કરે છે. આ વાત બીજે કાને ન જાય મહારાજ! મલહરસિંહે કોટાગિરિના રાજકુમારને મદદે બોલાવ્યો છે. તે આવ્યા પછી ખરૂં યુદ્ધ ઝામવાનું છે. જો સરદારો વિજય મેળવશે તો કાશ્મીર દેશ હાથમાં રહેશે, નહિ તો કાશ્મીર દેશ અને સરદારો શિખરાજના ચરણમાં પડશે અને હમેશને માટે શિખરાજ રાજ વૈભવ ભોગવશે."



શિવઃ "ત્હારૂં શું માનવું છે?"

ધર્મઃ "સાંભળો મહારાજ! હુંતો ખાતરીપૂર્વક માનું છું કે શિખરાજની ફતેહ થશે, અને સરદારો હારશે. હવે હું જાઉં છું મહારાજ."

શિવઃ "સરદાર મલહરસિંહનો પુત્ર કેવો છે?"

ધર્મઃ "મહારાજ, હું તેનું અનાજ ખાઉં છું, પણ મ્હારે ખરૂં કહેવું જોઇએ કે તે મહાન દુષ્ટ છે. દુર્ગુણ શિરોમણી છે. સરદારો શું રાજ્ય કરે! આવા નરો પાકે ત્યાં દેશનો ઉદ્ધાર શી રીતે થાય!"

શિવઃ "તેનું નામ સુરેન્દ્રસિંહ છે વારૂ?"

ધર્મઃ "હા જી. આપ તેને ઓળખો છો?"

શિવઃ "હા, તે કોઈ કોઈ વખત આ ઉપવનમાં શિકાર માટે આવી ચઢે છે અને એક વખત આપની પર્ણકુટીએ પાણી પીવા આવ્યો હતો. ભાઈ ધર્મસિંહ, અત્રે વખતો વખત આવતા રહેજો. હવે હું પણ શેબફળ વિણાવવા જાઉં છું."

ધર્મસિંહ ગયા પછી શિવદયાળ પોતાના માણસો લઈ શેબફળ એકઠાં કરવાના ધંધામાં પ્રવૃત્ત થયો. કુંવરી અનુપ દ્રાક્ષમંડપ તજી વિચારસાગરમાં આળોટતી, સંતપ્ત હૃદયે પર્ણકુટીમાં દાખલ થઇ, લાગલીજ પથારી પર પડી. તરતજ ત્યાં શૈલા આવી બોલીઃ "બ્હેન, ક્યાં ગયાં હતાં?"

અનુપઃ "ક્યાં જવાનું છે! અહીંઆં ને અહીંઆં સુવાં'તાં."

શૈલાઃ "આટલાં બધાં રાતાં પીળાં કાં થાઓ છો? બ્હેન હું તો સહજ પુછું છું કે ક્યાં હતાં?"

અનુપઃ "લખારો માં કર, મ્હારૂં માથું તપે છે."

શૈલાઃ "તમારૂં શરીર સારૂં ન હોય તો હું પિતાજીને બોલાવી લાવું, તે ઔષધ કરશે."

અનુપઃ "પિતાજી તો તૈયારજ હશે પણ મ્હારે તેમ કરવું નથી. મ્હને તો કંઇએ થયું નથી."

શૈલાઃ "ત્યારે આવું ચિંતાતુર-મ્લાન વદન કેમ દેખાય છે ?"

અનુપઃ "બસ કર, "આવાં કેમ દેખાઓ છો ને તેવાં કેમ દેખાઓ છો," એ વળી લ્હેંકા શા !"

આ પ્રમાણે ધમકાવવાથી શૈલા ચાલી ગઇ, અત્યારે અનુપને કંઇ ચેન પડતું નહોતું. વારંવાર સુરેન્દ્રસિંહને માટે ધર્મસિંહે કરેલાં વખાણ યાદ આવે અને હૃદય કંપે, કે વખતે પિતાજી તેની સાથે પાણી ગ્રહણ કરાવી દેશે તો મ્હારી શી દશા ? કદાચ પિતાજી અજ્ઞાતપણે આ પ્રમાણે કરવા તત્પર થશે તો ધર્મસિંહ પાસે ચોખ્ખી ના કહેવડાવીશ, છતાં નહિ માને તો આખરે દેવી વિતસ્તાને મ્હારો ભોગ આપીશ ! પણ દુષ્ટનું પાણી ગ્રહણ નહિ કરૂં. એવી રીતે બોલતાં બોલતાં તે પથારીમાંથી એકદમ ઉભી થઇ ગઇ કે તરતજ શિવદયાળે પર્ણકુટીના દ્વારમાં પ્રવેશ કર્યો.

શિવઃ "બેટા અનુપ, ક્યાં ગઈ ?"

અનુપઃ "પિતાજી, આજ્ઞા ?"

શિવઃ "લે, તું અને શૈલા આ શેબફળ ખાઓ."

અનુપ, પરિપક્વ થયેલું લાલ પીળા મિશ્રિત રંગના દેખાવનું, પૂર્ણ સ્વાદિષ્ટ શેબફળ લઈ, જ્યાં શૈલા દ્રાક્ષના કરંડીઆ ઓસરીમાં બેસી ભરતી હતી ત્યાં આવી કહેવા લાગીઃ "લ્યો, ખાઓ, આ પિતાજીએ આપ્યું છે."

શૈલાઃ "હમણાં મૂકો, પરવારીને ખાઇશ."

અનુપ શૈલાને અર્ધું શેબફળ આપી પિતાની સેવામાં હાજર થઇ. આ વખતે શિવદયાળ દેવ સેવામાંથી મુક્ત થઇ, ભોજનગૃહમાં અનુપની રાહ જોઈ બેઠો હતો. તેને અનુપે જઈ ભોજન પિરસ્યું અને જમવા બેઠો.

શિવદયાળ જમીને ઉઠતો હતો તેવામાં એક નોકરે આવી ખબર આપી કે, હરિણોએ દ્રાક્ષમંડપ પાડી નાંખ્યો છે. આ ખબર સાંભળી તર-



તજ તે દ્રાક્ષમંડપ ભણી ગયો, અને અનુપને કહેતો ગયો કે, હું આવું તે દરમ્યાન કાજુને ફેડી નાંખી સાફ કરજે."

સુજ્ઞ પાઠક ! સંસારના દુઃખદ સ્વાદને સુખદ માનતી, અજ્ઞાન બાળા અનુપ "હા જી" કહી, પાલક પિતાની પીઠ નિહાળતી પથારી પર પડી, છતાં યુવાવસ્થાને પ્રાપ્ત થયેલી અનુપ, વિવિધ જાતના વિચારોમાં તલ્લીન થતાં નિદ્રાદેવીએ ધારણ નાંખીને તેના પવિત્ર હૃદયને વિશ્રાન્તિ આપી. સંધ્યાકાળ થયો. દેવળોમાં ઘંટાનાદ થવા લાગ્યા. ઢોર બરાડા મારતાં નગરમાં આવવા લાગ્યાં. વનપશુઓ, નિશાચર ઘાતક પશુઓના ડરથી બોડોમાં ભરાવા લાગ્યાં, પણ અનુપ જાગૃત થઈ નહિ, ત્યારે શૈલાએ પાસે જઇ બોલાવીઃ "બ્હેન ! ઉઠ ! સંધ્યા વ્યતીત થવા આવી. તારાનાથે દર્શન દીધાં. "આવડાં સુખાળાં ક્યારે થયાં ?" "આવડાં સુખાળાં ક્યારે થયાં." એ વાક્ય કર્ણગોચર થતાં દગ્ધ હૃદયા અનુપ, કમળના નાળ જેવા કોમળ હસ્તે આંખો ચોળતાં બેઠી થઇ બોલીઃ "શૈલા ! ત્હારી કુટેવ ના ટળી ?" એટલુંજ બોલી મનની બળી મનમાં સમાઈ. કરે શું ? દુઃખની કહેણી કહી જાય તેવી નહોતી !

રાત્રિ જતાં અનુપ, પોતાનું કામ પરવારી પથારી પર સુતી. આ વખતે ભૂત માત્રને પ્રગાઢ નિદ્રામાં નાંખી, દિનકાર્યના શ્રમથી મુક્ત કરતી નિદ્રાદેવીએ, ઘાતક પશુ પંખી અને પિશાચને આનંદ આપતાં, સાધુ સદાશય સિવાય ઇતર પ્રાણીઓ પર અંધાર પિછોડો નાંખ્યો. પર્ણકુટીમાં સર્વ કોઈ નિદ્રાવશ થયાં એટલે ચિન્તા વ્યાકુળા અનુપ ઉઠી ચારે તરફ જોવા લાગી. જન પ્રાણીને જાગતું ન દીઠું એટલે પર્ણકુટીના ઉદ્યાનમાં આવી. શીતરશ્મી નિશાપતીએ પોતાના પ્રકાશથી સર્વ જગા પ્રકાશિત કરી હતી, પણ આ ઉદ્યાનમાં વનરાજીની ભારે ઘટાને લીધે બરોબર પ્રકાશ પડતો નહોતો, તથાપિ જે પ્રકાશ પડતો હતો તે પ્રકાશ અનુપના હલન ચલન માટે બસ હતો. વિતસ્તાના કાંઠા પરની એક શિલા પર બેસતાં ચારે તરફ દૃષ્ટિ નાંખી બોલીઃ "અરે ! રે ! અદૃશ્ય ચિન્તા મ્હને બહુ દમે છે. દૈવ જાણે શા કારણે મ્હારૂં હૃદય વારે ઘડીએ ભરાઈ આવે છે ? પિતાજીએ ધર્મસિંહને વાત કહી તે વખતથી મ્હારૂં હૃદય ચર્ચર્ થાય છે, એનું શું કારણ હશે ? તે મ્હારા

સમજ્યામાં અગર જાણ્યામાં આવતું નથી. જેમ જેમ વખત જાય છે, તેમ તેમ મ્હને અધિક અધિક સંતાપ થાય છે! મા! હિંગન તું ક્યાં ગઇ! ત્હારી વ્હાલી પુત્રીની તેં તદ્દન સંભાળજ ન લીધી! આવી કઠોર કાં થઇ? ત્હારૂં હેત મ્હને વારંવાર યાદ આવે છે! ત્હેં ઝેર કાં ન દીધું? દીધું હત તો મ્હારી આ દશા થાત? મા! મ્હને ત્હારી પાસે લઈ જા. ધર્મસિંહ, તું મ્હારો ધર્મનો ભાઇ છે, મ્હારી વારે ચઢ. મ્હારૂં હૃદય વારંવાર કંપે છે. મ્હારૂં દક્ષિણ નેત્ર ફરકે છે. પગ તળીએ ખજવાળ આવે છે. વારંવાર રોમ ઉભાં થઇ જાય છે. શરીરે પરસેવો થાય છે. કપોળ પર પરસ્વેદ બિન્દુ ઉત્પન્ન થાય છે. આ તમામનું કારણ શું છે તે હું બિલકુલ સમજતી નથી, પણ એક વખત ગુરૂ કહેતા હતા કેઃ એવાં ચિહ્ન અનિષ્ટ કરે છે. અરેરે! મ્હેં શું પાપ કર્યાં હશે? મ્હેં કંઇ પાપ કર્યું નથી, કોઇને સંતાપ્યાં નથી, છતાં મ્હારા પર શો કોપ? હે સર્વ શક્તિમાન વિભુ? મ્હારૂં રક્ષણ કર. હે અંબિકે! હે અન્નપુર્ણે! ત્હારી અજ્ઞાત બાળકીને ખોળે લે."

આવા વિવિધ તર્કોના તરંગોમાં ઉછાળા મારતી અનુપે એક રીંછણને પોતાના પરિવાર સાથે સામેથી આવતી જોઈ, તે એકદમ ઉઠી પર્ણકુટીમાં પોતાની પથારી ભણી નાઠી. તેના નાસવાથી રીંછણ ભોંકારા મારી ઉઠી, પર્ણકુટીનો રક્ષક કુતરો ભસી ઉઠ્યો. એબાકળી ચિંતાતુર બની ગયેલી અનુપ, ચુપચુપ પથારી પર સુતી તેવીજ નિદ્રાવશ થઈ ગઇ.

પ્રભાત થતાં અનુપ રોજના નિયમ પ્રમાણે નજીકમાં આવેલા કુવા પર પાણી ભરવા જવા તૈયાર થઈ, તે વખતે શૈલા બોલીઃ "બ્હેન, ત્હારી પ્રકૃતિ મંદ છે માટે આજે હું પાણી જઇશ." પણ તેની વાત ધ્યાન પર ન લેતાં અનુપે કુવા પર જઈ ઘડાને ગળે દોરડું નાંખી કુવામાં ફાંસ્યો કે તરતજ અનુપને પાછળથી એક જણે અધર ઉંચકી લઇ, પોતાના ઘોડા પર નાંખી ઝટ રસ્તો લીધો. આ વખતે તે એટલી બધી ગાભરી બની ગઇ કે તેનાથી બુમ સરખી નંખાઈ નહિ. ઘોડેસ્વાર દોડતે ઘોડે ત્યાંથી એકદમ અદૃશ્ય થઈ ગયો.

કેટલેક દૂર ગયા પછી એક ગંભીર વનમાં પ્રવેશ કરતાં અનુપ અકસ્માત્ આ વિપતપાત જોઈ ભયથી રોવા લાગી, ત્યારે હરણ કરનારે તેનું



મુખ વસ્ત્રથી બાંધ્યું. વસ્ત્રથી મુખ બંધન કરવાથી તેને મૂર્છા આવી. એ જોઈ ઘોડેસ્વાર ઘોડો થોભાવી એક વૃક્ષ નીચે બેસી તેને પવન નાંખવા લાગ્યો, એટલે તેનામાં જરાક ચેતન આવ્યું.

અનુપ રોતાં રોતાં બોલીઃ "મ્હને જવા દો."

ઘોડેસ્વારઃ "તું ક્યાં જશે?"

અનુપઃ "પર્ણકુટીમાં. મ્હને છોડી દો."

ઘોડેસ્વારઃ "હું ત્હને છોડી દેવા સારૂ આ સ્થળે લાવ્યો નથી."

અનુપઃ "ત્યારે શા માટે મ્હને લાવ્યો છે."

ઘોડેસ્વારઃ "તે વાત થોડીક વાર પછી કહીશ. હું પુછું છું કે ત્હારો વિવાહ થયો છે?"

અનુપે આ વાતનો જવાબ દેતાં વાર લગાડી, એટલામાં લાલચોળ આંખ કરી બોલી ઉઠ્યોઃ "જવાબ દે નહિં તો—"

અનુપઃ "ના."

ઘોડેસ્વારઃ "ત્યારે તું વેશ્યાની કન્યા છે?"

અનુપઃ "મ્હને એવી વાત કરશો નહિ. મ્હારી માતા સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપા હતી. મ્હેં હતભાગિણીએ ત્હેને ગુમાવી છે. ઓ મા! તું આવ, મ્હને લઈ જા." એમ બોલી ઉઠી નાસવા લાગી.

દુરાત્મા ઘોડેસ્વારે તેનો પાલવ પકડી બેસાડી પુછ્યુંઃ "ત્હારૂં નામ શું?"

અનુપ હિમ્મત પકડી બોલીઃ "સ્ત્રી લોકનું નામ જાણવાની જરૂર નથી."

ઘોડેસ્વારઃ "મ્હારી રૂબરૂ બોલવામાં હરકત નથી. સ્વામીની પાસે નામ બોલવામાં કંઇ દોષ નથી."

અનુપઃ "મ્હેં મ્હારા મનથી તમને સ્વામી કર્યા નથી. તમે એવી વાત મુખે આણશો નહિ. મ્હને છોડી દો, પર્ણકુટીએ જવા દો. તમે સારા માણસ દેખાઓ છો. પણ સારા માણસના ગુણ તમારામાં જણાતા નથી. તમે જાણો છો કે કોઈ ગૃહસ્થની કન્યા વિપદમાં પડે તો સારા માણસો તેનું રક્ષણ કરે છે, તેને બદલે તમે આવી વાત કેમ કરો છો? તમે શું મ્હારો ધર્મભ્રષ્ટ કરવા મ્હને પકડી લાવ્યા છો?"

ઘોડેસ્વારઃ "હા, મ્હેં ત્હને મ્હારી પત્ની કરવા ધાર્યું છે. આજથી તું મ્હારી સ્ત્રી થઈ. ત્હને પસંદ પડશે તે પ્રમાણે ચાલીશ. તું જે માંગશે તે ત્હને લાવી આપીશ. ત્હારા મન પસંદ વસ્ત્રાલંકાર આપીશ, અને ત્હને મ્હારી સાથે રાખી મોજમઝા કરાવીશ."

અનુપઃ "હું તમારા વસ્ત્રાલંકાર ચ્હાતી નથી, તેમ તમારી કૃપા ચ્હાતી નથી, અને ઘર કરવા પણ ઇચ્છતી નથી. હું તો આ વાત સાંભળી ઘણી લજવાઉં છું. તમે મ્હારા ભાઈ જેવા છો. હવેથી કુભાષણ જીહ્વાગ્રે લાવશો નહિ."

ઘોડેસ્વારઃ "ત્હારૂં રૂપ જોઇ મ્હારૂં મન મગ્ન થયું છે. દેહ મન ક્યારનું તલપ્યાં કરે છે. હવે મ્હને ધીરજ રહેતી નથી. આવ, આલિંગન કરૂં. ત્હારૂં આ અંગ ધરાતળ પર બેસવા યોગ્ય છે?" એમ બોલી ઘોડેસ્વાર તેને ખોળામાં લેવા તત્પર થયો.

આ વખતે અનુપને બ્હીક લાગી, તેથી તે ગાભરી બની કાલાવાલા કરતી કહેવા લાગીઃ "તમે મ્હને સ્પર્શ કરશો નહિ. તમારે પાયે પડું છું, મ્હને ખોટી વાત કહેશો નહિ. મ્હારે મા નથી. હું તમારી ક્ષમા માગું છું. મ્હારૂં રક્ષણ કરો. મ્હને ભ્રષ્ટ ના કરો. મા! હું ત્હારા પહેલાં કેમ ના મુઈ? કદી મરણ ના થયું તો ભલે, પણ ત્હારી ચિતામાં કેમ ના બળી મરી? મ્હને આ સમયે, યૌવન, રૂપ, શું મારવા માટે પ્રાપ્ત થયું છે! હું કેમ ના મુઈ? હું હતભાગિણી શા માટે જીવું છું? ઓ ભાઇ! હું ત્હમારે પગે પડું છું, મ્હારા હાથ પકડશો નહિ. ઓ મા! તું ક્યાં ગઈ? આ સ્થળે આવીને જો કે ત્હારી અનુપ કેવા ઘોર સંકટમાં સપડાઈ છે!"

ઘોડેસ્વારઃ "ત્યારે તું નામ નહિ દે? ત્હારે પાયે પડું છું. મ્હારી મનોવાંચ્છના પૂર્ણ કર; હું નિરંતર ત્હારો દાસ થઈ રહીશ."

અનુપઃ "ત્યારે હું ત્હારી મા થઇશ. મ્હારી રક્ષા કર, ભગવાન ત્હારૂં કલ્યાણ કરશે."

ઘોડેસ્વારઃ "આવ, આવ, ત્હને સ્ત્રી ચતુરાઈ શિખવું." એમ બોલી તે પુનઃ તેનો હાથ પકડવા ગયો.



અનુપઃ "ભગવાન, આ શું થાય છે! તમે મ્હને બચાવો. ભગવાન! પરમેશ્વર! અનાથના નાથ! તમે ક્યાં છો? મા કહેતી હતી કે તમે સર્વ--વ્યાપી છો, સર્વ દેખો છો, દુઃખહારક જગત્ પાલક છો, પાપીના યમ છો, ધાર્મિકના બંધુ છો, અનાથનું બળ છો, તો આ તમારી પુત્રી આ સમયે ઘોર સંકટમાં છે, ધર્મભ્રષ્ટ થાય છે, આ ભયંકર સ્થાનમાં અપવિત્ર થાય છે, માટે હાજર થઈ રક્ષણ કરો. હે દયામય! દયા કરો. પિતા, પુત્રીનું રક્ષણ કરો. બાપ! તમારી આંખો આગળ તમારી અનાથા કન્યા, સતીત્વ ધનથી રહિત થાય છે! એક વાર નજર કરો! રામદયાળ! ભાઈ રામદયાળ! તમે ક્યાં છો? આવી જુઓ. આ તમારી ભગિની! પિતા શિવદયાળ! તમારી પ્યારી પુત્રી હમેશને માટે અપવિત્ર થાય છે. હાય! હાય! હું લોકને શી રીતે કાળું મુખ દેખાડીશ? દુરાચારી! તું ખરેખર મ્હને ધર્મભ્રષ્ટ કરશે? ચાલ, દુર થા, નહિ તો લાત મારી ત્હારૂં મુખ ભાંગી નાંખીશ."

ઘોડેસ્વારઃ "પ્રથમ મ્હારી પત્ની થા, પછી મુખ ભાંગજે." એમ બોલી બળાત્કારથી પકડતાં તે મ્હોટેથી રડવા લાગી.

અનુપના રડવાથી વનમાં ભારે ઘોંઘાટ થઈ ગયો, તેથી પશુપંખી અને તરૂવર ખળભળી ઉઠયાં. કલ્પાંત કરવાથી યુવતિ અનુપને મૂર્છા આવી ગઈ, એટલામાં એક પરાક્રમી વીરે અકસ્માત આ દુષ્ટને હુંકાર્યો. ઘોડેસ્વાર ભાલો લઇ સ્હામે થયો પણ તેનાથી વીર સ્હામે ટક્કર ઝીલાઇ નહિ તેથી ત્યાંથી ન્હાસી વનમાં સંતાઈ ગયો. વાંચક! ઘોડેસ્વાર અને પરાક્રમી વીર એ બન્ને કોણ હતા, તેનું ઓળખાણ તમને આગળ પડશે.

## પ્રકરણ ૧૨ મું.

### મદદે આવ્યો.

ગુરુ ભીષ્માચાર્યનો પત્ર આપી સરદાર મલહરસિંહે, કોટાગિરિ ભણી રવાના કરેલો સાધુ, વેષધારી કાસદ, ઘોડાને વેગે ચાલવા લાગ્યો. તે વાટમાં મુખે હરિકીર્તન ગાતો, ઉન્મત્ત માનવી પેઠે થેકડા મારી ચાલતો હતો. તેના એક હાથમાં તુંબી પાત્ર, બીજા હાથમાં વાંસની ડંગોરી અને બગલમાં ઝોળી ભરવેલી હતી. માથાના વાળ ચારે તરફ ફગ ફગતા હતા. કમરે લંગોટીનો આડબંધ બાંધેલો હતો અને પીઠ પર ગળે ગાંઠ મારેલો અંચળો પવનથી ઉંચો નીચો થતો હતો.

"રામ જોવાને પરવરૂં, ફરૂં દીન ને રાત;
રામ જોયો જડે નહિ, તેની કળા અપાર—રામ જોવાને પરવરૂં.
અડસઠ તીર્થ આથડયો, ફર્યો ચોરાશી ઘાટ;
તોએ વિભૂ ભેટયો નહિ, નિરખ્યા અગણિત પ્હાડ—રામ૦
ગંગા નાહ્યો યમુના નાહ્યો, નાહ્યો રેવા ગુજરાત;
બદ્રી કેદારે જઈ નાહ્યો, ન લહ્યો સાર લગાર—રામ૦

આવી રીતે કીર્તન લલકારતો નદી, નાળાં, ઝરણાં, વન, ઉપવન, અરણ્ય અને કેટલાંક શહેર ઓળંગી કાસદ કેટલેક દિવસે શિખરાજની હદમાં આવ્યો. ત્યાં એક શસ્ત્રધારી બાતમીદારે પૂછ્યું: " કોણ છે ?"

કાસદ ગાતો બંધ રહી બોલ્યો: " હું વૈરાગી–તીર્થવાસી છું."

બાતમીદાર: " આમ આવ, ત્હારી પાસે શું છે? જોવા દે."

કાસદ: " મ્હારી પાસે જે છે તે નજરે દેખાય છે."

બાતમીદાર: " ઝોળી દેખાડ."



કાસદ: " દેખો ઝોળી; સુકા, તંબાકુ, ચિલમ ઓર ભુંગળી હય."

બાતમીદાર: " ભુંગળી શું ? દેખાડ. "

કાસદે જાણ્યું કે હવે ભોગ મળ્યા, પણ હિમ્મત રાખી બોલ્યો: " આગ ધમનેકી નળી."

બાતમીદાર: " અચ્છા, લંગોટ ખોલ. "

કાસદ: " લંગોટમેં કુચ્છ માલ નહિ."

બાતમીદાર: " તું કયાં જાય છે ? "

કાસદ: " ત્રિવેણી સંગમ. રામ મિલનકું."

બાતમીદાર: " ચાલ્યો જા નફટ.

ભાંગી તૂટી હિંદુસ્થાની ભાષામાં વાત કરી કાસદ આગળ ચાલતાં ગાવા લાગ્યો.

" માયા મમતા ત્યાગીને, ત્યાગી બન્યો તજી નાર;
સગા સંબંધી સર્વને, છોડી દીધાં ઘરબાર.—રામ જોવાને પરવરૂં.

એવામાં એક કૃષકને ચલમ પીતો જતો જોઈ તેની પાસે ગયો. કૃષકે પૂછ્યું: " ચલમ પીવી છે મહારાજ ? "

કાસદે નીચે બેસતાં કહ્યું: " હા. "

કાસદે ચલમનો ખૂબ દમ લગાવ્યો. એક દમથી સંતોષ ન માનતાં ઉપરા ઉપરી દમ લગાવી ધૂમાડાના ગોટેગોટ કહાડયા પછી બોલ્યો: " કોટાગિરિ કેટલું દૂર છે ? "

કૃષક: " હવે બહુ દૂર નથી. બે દિવસનો પંથ છે. "

કૃષકને વધારે ઉતાવળ હોવાથી વધારે વાતચિત ન કરતાં તે પોતાની ચલમ લઈ ચાલવા મંડયો. કાસદ પણ પંથે પડયો. ઉતાવળથી ચાલવાને લીધે તેને છાતીએ દમ બાઝવા લાગ્યો, પણ આખરે કોટાગિરિ ગયા વગર છુટકો નથી, એમ માની સ્હામા ગામને સિમાડે વિસામો કરી પ્રભાતમાં ચાલવા લાગ્યો. મનમાં વિચારવા લાગ્યો કે: " જો પંજાબની હદમાં પેસતાં પેલા આદમીને સાચી વાત કહી હત તો મ્હને આટલે સુધી આવવા પણ દેત નહિ. સાચું ના બોલ્યા તો જીવતા રહ્યા, નહિ તો બૈરાં છોકરાં વગરના થાત. ખરી વાત છે, મ્હને યાદ આવ્યું."

" સાચો ખાએ લાકડી, જુઠો જગત પુજાય,
ગોરસ ગલી ગલી ફેરવે, સુરા બેઠે વેચાય.
સતીકો ના મીલે ધોતી, મસ્તાન પહેરે ખાસા,
કહે કબીર દેખા ભાઈ, દુનિયાકા તમાસા."

વિચાર કરતાં કરતાં કોટાગિરિના સિમાડા પર આવ્યો. તે વખતે દૂરથી દેખાતાં દેવાલયનાં શિખરો અને મહેલના કળસો જોઇ અતિશય ખુશી થયો.

કોટાગિરિના દરવાજામાં પેસતાં તેની વિચિત્ર અવસ્થાત જોઈ દરવાને પૃછ્યું: " ક્યાંથી આવે છે ?"

કાસદ: " ભાઈ, ધીરજ ધર. મ્હને દમ ખાવા દે. જવાબ દઉં છું. મ્હને ચલમ પા."

દરવાન દયાળુ અને સમજુ મનુષ્ય હતો તેથી તેની માગણી કબુલ કરી તેને રાજી કર્યો. આજુબાજુએ જોઈ કોઇને દીઠું નહિ એટલે કાસદ બોલ્યો: " મ્હારે રાજકુમાર પાસે કામ છે. હું કાશ્મીરથી આવું છું. મ્હને સત્વર ભેટો કરાવો."

દરવાનઃ " ભાઈ, સબુર કર. હું મહારાજને ત્હારી વાત જાહેર કરૂં. તેઓ પરવાનગી આપશે તો હજુરમાં લઈ જઇશ."

કાસદ: " જાઓ, ત્યારે હજુરને ખબર આપો."

દરવાન બીજા પહેરેગીરને દરવાજા પર બેસાડી રાજકુમારને હકિકત નિવેદન કરવા મહેલમાં દાખલ થતાં રાજકુમાર સામે મળ્યો, એટલે તેણે સલામ કરી વિનંતી કરી. રાજકુમારે પરવાનગી આપી કે: " ત્હેને તાકીદે મ્હારી પાસે લાવ."

પહેરેગીરે કાસદને રાજકુમાર હજુર કર્યો, એટલે કાસદે ઝોળીમાંથી ભુંગળી કહાડી તેના હાથમાં મૂકી.

રાજકુમાર કેટલીક વાર સુધી ભુંગળીને આમતેમ ફેરવી જોવા લાગ્યો અને હસતે ચેહેરે બોલ્યો: " સાધુ, તું બડો વિચિત્ર છે. મ્હારે ભુંગળીનું શું કામ છે !"

કાસદ: " મહારાજ ! ભુંગળી ફોડો, એની અંદર કાગળ છે."



ભુંગળી ફોડી રાજકુમાર ઘણા આશ્ચર્યથી પત્ર વાંચવા લાગ્યો:
" રાજકુમાર શિરોમણી, મમ ભાવિક ભક્ત, રણધીરસિંહ."

દેવપુરી કાશ્મીર નિવાસી ભીષ્માચાર્યના આશીર્વાદ. આ પત્ર લઈ મુકામ કાસદ મોકલ્યો છે; માટે અવિલંબે અત્ર આવજો. શ્રી અનાદિનાથ અથવા વિચિત્ર નિવાસમાં અમારો ભેટો થશે. તમારી સર્વ આશાઓ શ્રી ભૂતનાથ ફળીભૂત કરશે. શિઘ્ર આવો. સેનાપતિપદ અને સુર વિદિત સુરસુંદરી પ્રાપ્ત થશે. એજ. દા. પોતે."

પત્ર વારંવાર વાંચી હરખાયો અને હસ્યો પણ સહજ અમુઝાયો. છેવટે કાસદની પાસેથી કેટલીક માહિતી મેળવી, તેને મુકામ આપી, પોતાના મિત્ર દેવીસિંહને બોલાવવા હુકમ કર્યો.

વાંચક ! કોટાગિરિનું રાજ્ય પંજાબની પૂર્વ દિશાએ આવેલું છે. તેનો રાજકુમાર રણધીરસિંહ બાળપણથીજ રણોત્સાહી, સુર અને પરાક્રમી વીર હતો. તેના પિતાએ તેને યુદ્ધકળાનું તેમજ શાસ્ત્રનું અધ્યયન કરાવ્યું હતું, તેથી તેની સુકીર્તિ દેશ પરદેશમાં ગવાતી હતી. રાજકુમારનું બાળપણમાં ફતેહસિંહ નામ હતું, પણ જ્યારથી તેણે સમરક્ષેત્રમાં જય પ્રાપ્ત કરવા માંડ્યો ત્યારથી તેનું નામ રણધીરસિંહ પાડવામાં આવ્યું હતું. રાજકુમારના પિતા અભયસિંહના વખતમાં માનસિંહ નામનો એક રાજનિષ્ટ સરદાર હતો, તેને દેવીસિંહ નામનો એક પુત્ર હતો, તે પોતાના બાપને પગલે ચાલી સારી રીતે રાજસેવા બજાવતો હતો. તેની સાથે રણધીરસિંહને પાકી મિત્રાચારી હતી. દેવીસિંહ વખતો વખત રાજકુમાર સાથે રણાંગણમાં ઉતરતો, અને સેનાપતિને પદે રહી નિડરપણે શત્રુઓ પર પડતો ! તે રણોત્સાહી, અડગ, સમયોચિત કૃતકાર્ય, ગુણજ્ઞ, અને રાજનિતીજ્ઞ વીર હતો. તેણે અને રાજકુમાર રણધીરસિંહે બાળપણમાં સાથે રહીને વિદ્યાભ્યાસ કર્યો હતો. બાળપણથીજ તે બંને વચ્ચે પ્રેમ-સ્નેહ બંધાયો હતો અને તે સ્નેહ દુર્વાન્કુરની પેઠે ઉત્તરોત્તર દ્દઢ થતો જતો હતો, છતાં દેવીસિંહ તેને પોતાનો અન્નદાતા, રાજા સમજી વિવેક બુદ્ધિથી તેની આજ્ઞા પાલન કરતો હતો.

દેવીસિંહે હાજર થઈ વંદન કરી પૂછ્યું: " આજ્ઞા."

રણધીર હસ્તે વદને બોલ્યોઃ "મિત્ર ! લે વાંચ."

દેવીસિંહે વાંચી રહ્યા પછી સહજ વિચાર કરી પત્ર રાજકુમારના હાથમાં મૂક્યો.

રણધીરઃ "ભાઈ! ત્હારી મરજી શું છે ?"

દેવીઃ "મહારાજ! આપની આજ્ઞા એજ મ્હારી મરજી."

રણઃ "વીર ! કામ થશે તો ઠીક છે, નહિ તો દેશ તો જોવાશે."

દેવીઃ "કૃપાનાથ ! જેવી આજ્ઞા."

રણઃ "આપણે સાથે સૈન્ય લેવું કે નહિ ?"

દેવીઃ "મહારાજ ! એમણે આપને પોતાનેજ બોલાવ્યા છે, એટલે એવી ધમાલમાં પડવાનું કારણ નથી."

રણઃ "વાસ્તવિક છે. ત્યારે આપણ બંને આજ રોજ જઈએ."

દેવીઃ "મહારાજ ! સેવક તૈયાર છે."

આ પ્રમાણે બંને જણ નિર્ણય પર આવી વિરાંગ નગર જવાની તૈયારી કરવા સારૂ છુટા પડયા. રણધીરસિંહે પોતાના દિવાનને સર્વે વાતથી માહિતગાર કરી રાજની લગામ સોંપી અને પ્રજાનું રક્ષણ કરવા ભલામણ કરી.

દેવીસિંહ તૈયાર થઇ આવ્યો એટલે રણધીરસિંહે વાટ ખર્ચી માટે મ્હોરો, સુવર્ણ અને જવાહિર તેના હાથમાં આપી, ખાસદારને સ્વારીના બે ઘોડા લાવવા આજ્ઞા આપી. પોતાને જે પસંદ હતા તેજ ઘોડા પર ચાર જામાનો સામાન નાંખી હાજર કર્યા. બંને મિત્રો શ્રી હરિનામોચ્ચાર કરી ઘોડેસ્વાર થયા.

પાઠક ! આ બંને સ્વારો રૂપમાં સરખા હતા. ગૌર વર્ણ હતા. તેમના મુખ પર ગુલાબી રંગની છાયા પડી રહી હતી. માથા પર કાષાય રંગના ફેંટા બાંધ્યા હતા. ચાર કળીના જામાની ફડકો પાયજામા પર ફડકતી જણાતી હતી. સફેદ રંગના કસબી કિનારીવાળા દોપટ્ટાથી કમ્મર કસી બાંધી હતી. કમ્મર પર સોનેરી મુઠવાળી લીલા મખમલના મીણુની તરવાર લટકતી હતી. એક ખભા પર ભાલો ઢળક ઢળક થતો હતો. બીજા ખભા પર કમાન ચળકતી હતી. પીઠ પર ભરવેલી ઢાલ નીચે વિવિધ જાતનાં પીછાંવાળાં તીર દેખાતાં



હતાં. બંને ઘોડા ફલંગ પર ફલંગ મારી ભૂમિતળને ધ્રુજાવતા હતા.

બન્ને પરસ્પર વાર્તા વિનોદ કરતા અને રાત્રે વિશ્રાન્તિ લેતા, આ ગામથી પેલે ગામ એમ નદી, નાળાં, વન અને અરણ્ય ઓળંગી કેટલેક દિવસે વિરાંગ નગર નજીકના વનમાં દાખલ થવાના માર્ગમાં પેઠા.

આ વખતે સંધ્યાકાળ થવા આવ્યો હતો. જન પ્રાણીનું નામ જણાતું નહોતું. માત્ર બે જણ ધાડી ઝાડી હોવાને લીધે ઘોડાને ધીમે ધીમે ચલાવતા જતા હતા. રણધરસિંહ બોલ્યોઃ "માર્ગ દેખાતો નથી. આવો માર્ગ સ્વપ્નામાં પણ દીઠામાં આવ્યો નથી. પૃથ્વી પર નજર કરૂં છું તો વૃક્ષનાં થડ સિવાય અન્ય કંઇ દૃષ્ટિ ગોચર થતું નથી. આકાશ તદ્દન તરૂવરોની ડાળ ડાળીઓથી છવાઈ ગયું છે તેથી લીલું છમ જણાય છે. કેવળ અંધકાર ! તે વળી ભયંકર ! શાન્તિદેવીની શોભાનો નાશ કરવામાં નિપુણ. વળી તેની પેઠે સંધ્યા પણ પ્રકૃતિના પ્રેમપૂર્ણ સૌન્દર્યનું હરણ કરવા ઉદ્ધત થઈ છે. ઓ—પેલો ઘટામાં દેખાતો આકાશનો સુવર્ણ સૂર્ય, જલદી જળમાં પડી અંધકાર રૂપે જગત પર જય મેળવવા દોડે છે. કેવું અંધકાર ! અલ્પ, પણ એક ગંભીર વન, સ્વભાવે દેખાતું તમોમય, તેમાં વળી અંધકાર ! હવે શું ઉપાય કરવો ? ગંભીર વન, હિંસક પ્રાણીઓથી ભરેલું, નિશાનું આગમન, પાસે આ—સિવાય જન માનવ નહિ. અજાણી વાટ. ઘોડા પણ થાકી ગયા છે. હવે કરવું શું ? અહા ! સંધ્યા સંગમે નીરવતા કેવા ભયાનક રૂપે વન મધ્યે, પ્રકૃતિ—વક્ષે નાચ કરે છે ! એ ઘનગંભીર નીરવતા સ્વાભાવિક નથી. આ વિશાળ વનના પ્રત્યેક વૃક્ષની બખોલોમાંથી અંધકાર વેગે બહાર આવે છે અને નાચતો નાચતો વિમાન માર્ગે દોડે છે."

દેવીસિંહ બોલ્યોઃ નજીકમાં કંઇક અવાજ સંભાય છે. એ શું ! કોનો અવાજ ? કંઇ સમજાતું નથી. વળી સાંભળતો ખરો. ત્હારા સાંભળવામાં આવે છે ? કોઈ રડતું જણાય છે ?"

દેવીઃ "હા મહારાજ ! રડતું સંભળાય છે ખરૂં."

રણઃ "સાંભળ, કોઇ રડતું હોય એમ સમજાય છે ?"

દેવીઃ "મહારાજ ! ખરેખર."

રણ: " એ અવાજ કોઇ લૂંટારો કોઇ વટેમાર્ગુને મારતો હોય અને તેથી તે ચીસો નાંખતું હોય તેવો છે, ચાલ જોઉં. જો-જો સાંભળ, કોઇ કામિનીના કંઠથી નિકળતો અવાજ છે."

દેવી: " મહારાજ! હું પત્તો લાવું છું, મ્હને રજા આપો."

રણ: " આજુબાજુએ જોઈ વહેલો આવજે. વનનું કામ છે. અંધારી રાત્રિ છે, માટે દૂર જતો માં ભાઈ. "

દેવી: " વારૂ મહારાજ! "

રણધીરસિંહ બોલવા લાગ્યો: " હવે મ્હને ચેન પડતું નથી. મ્હારા દેહમાં પ્રાણ હોવા છતાં જગતના જીવનરૂપ રમણીની દુર્ગતિ! કદી નહિ. ચાલ, ઘોડાને વૃક્ષ થડે બાંધી એક વાર તજવીજ કરૂં." ઘોડાને નીચો નમી બાંધતો હતો એટલામાં ફરીથી રડતા માણસનો અવાજ કાને પડયો. " ખરેખર! કોઇ પીડિતા રમણીનું રૂદન. નક્કી કોઇ દુષ્ટ, સરલા હરિણીના પ્રત્યે અત્યાચાર કરે છે. એ દુષ્ટને આજ જીવતો છોડું નહિ." એમ બોલી જે તરફથી અવાજ આવતો હતો તે તરફ વળ્યો અને દૂરથી હોંકારો કર્યો. એવામાં લૂંટારો હાથમાં ભાલો લઇ સામે આવ્યો. તેને જોઇ રણધીર લાલ-ઘુમ આંખ કરી ભવાં ચઢાવી બોલ્યો: " નરાધમ પાપી! આવ, આવ. તું પણ જાણીશ કે કોની સાથે યુદ્ધ કરવા આવ્યો છે? "

લૂંટારો: " ત્હારૂં મોત નજીક આવ્યું છે. હમણાં ત્હારા દાંત ભાગી નાંખું છું. "

એમ કહી બન્ને બાથમ બાથ લડવા લાગ્યા. ખૂબ ઝપાઝપી થઈ, તેમાં અંતે લૂંટારો માત્ર એકજ ફટકે ગોટમડું ખાઈ પડયો.

એકને ભૂમિ પર પડેલો જોઇ બીજો લૂંટારો હાથમાં ઝકઝક થતી તરવાર લઈ ચેકડા મારતો સામો આવી ઝટકો નાંખવા જતો હતો, તેવોજ તેનો ઝટકો પાછો વાળી રણધીર ગરજીને બોલી ઉઠયો: " આવ પાપી! ગ્રીષ્મ-ઋતુ જેમ પ્રત્યેક વૃક્ષનાં પાંદડાં ગેરવી નાંખે છે તેમ આજ હું આ વનમાં વસ્તા તમામ લૂંટારાના વંશનો ધ્વંશ કરીશ." રણધીરની સામે તેનાથી ટક્કર નહિ ઝીલાવાથી તે આમ તેમ આઘોપાછો થતો નાઠો.



રણધીર તેની પાછળ: " અલ્યા દુષ્ટ ઉભો રહે, ન્હાસે છે શા માટે? " એમ કહી દોડયો, પણ લૂંટારો હાથમાંથી સટકી ગયો. પાછળ દોડતાં એક વૃક્ષ નીચે અચૈતન્ય દશામાં પડેલી એક સ્ત્રી દીઠી. તેને જોતાં જ તે ચાર ડગલાં પાછો હઠી ગયો પણ હિમ્મત રાખી પાસે ગયો અને તેની પાસે જઈ પવન નાંખવા લાગ્યો. " હા! હું કેવો હત ભાગ્ય! મહેનત વ્યર્થ ગઇ, રમણીનું રક્ષણ કરી શક્યો નહિ! ભયથી વિહ્વળ બનેલી બાળા પાપીના પીડવાથી એકે વારે જીવન લીલા ત્યાગે છે! કેવું દુર્ભાગ્ય! ના, કંઇક વાગતી વીણાના ઝણકારની પેઠે નિશ્વાસ નાંખે છે. ભયથી ચૈતન્યહીન થઈ છે. ના કેમ થાય? પાપીના પાપીષ્ટ કર સ્પર્શથી પથ્થરની પ્રતિમા ચૂર્ણ થઇ જાય, તો આ કોમલાંગી રમણીની આવી અવસ્થા કેમ ન થાય? હવે શું કરવું? તેનામાં ચૈતન્ય આવવાનો ઉપાય કરવો જોઈએ. ચારે દિશાઓ અંધકારથી છવાઈ ગઈ છે, પાસે કોઇ જન માનવ દેખાતું નથી, તેમજ મિત્ર દેવીસિંહ પણ હજી આવી શકયો નહિ. તે પવિત્રાત્માની શું દશા થઇ હશે? તે હાજર હત તો મદદ કરત. પાણી પણ કયાંથી લાવું? સરોવર અગર નદી નાળું પણ દેખાતું નથી. ઓ ઇશ! હવે કંઇ ઉપાય." એમ બોલી છેવટે પોતાની કમ્મર છોડી તે રમણીને દોપટ્ટાથી પવન નાંખવા લાગ્યો. અંધકારમાં કંઇ દેખાતું નથી. કેવળ રમણીની લલિત મૂર્તિજ નજરે પડે છે. " આ વન ઘન અંધકારથી આવૃત છે, તથાપિ નીલ નૈશાકાશમાં દીપતા તારા જેમ તેની રમણિય પ્રભામાં વધારો કરે છે તેમ આ ઉજ્વળ હેમમયી મૂર્તિથી વનમાં કંઇક ઉજાસ દેખાય છે. અહા! કેવી મનોરમ મૂર્તિ! એ શું દેવી કે અપ્સરી? ના, વનદેવી? તે શું મ્હને છેતરવા આવી છે? હું કંઇ સમજી શકતો નથી. આવું રૂપ માનવીનું હોય નહિ. આ સ્વર્ગીય રૂપ! એ અવસ્ય દેવી છે. ના, તેમ કેમ બને? હું ક્ષુદ્ર જીવ, મ્હારી સાથે શું દેવીની છલના સારી દેખાય? વળી જો તેમ હોય તો તે લૂંટારા લોકથી કેમ પીડિત થાય? આ અવશ્ય માનવી છે. કિન્તુ આવા સ્વર્ગીય રૂપ ભૂષણની ભૂષિતા બાળાનો આવો કંગાલ વેશ કેમ? તેનો દેખાવ કૃષક કન્યાના જેવો છે. શું આ યથાર્થ

કૃષક કુમારી છે ?" આ પ્રમાણે વિચારમાં પડેલા રણધીરસિંહના કર્ણમાં એકદમ તીણો અવાજ પડ્યો કેઃ "આપ કોણ ? લૂંટારા છો ?"

રણઃ "ના, હું લૂંટારો નથી, વટેમાર્ગુ છું. આપનો આર્તનાદ સાંભળી મ્હેં લૂંટારાને ઉચિત શિક્ષા કરી, આપના શરીરમાં ચૈતન્ય પ્રાપ્ત થવાની રાહ જોતો બેઠો છું. જુઓ, પેલું લૂંટારાનું શબ પડયું છે. એક જણ હાર ખાઈ ન્હાસી ગયો, અને એક માનવી મ્હને જોઈ દૂરથી પલાયન કરી ગયો છે. આપ શાન્ત થાઓ, આપ કંઇ ભય રાખશો નહિ."

અનુપઃ "આપ વીર મહા પુરુષે મ્હને આખર વખતે વિપદમાં મદદ કરી મ્હારૂં રક્ષણ કર્યું છે. હું દુઃખીઆરી કૃષક–તનયા છું. હું કૃષકબાળા, આપના જેવા સંભાવિત મનુષ્યે મ્હારૂં રક્ષણ કર્યું છે, તે ઋણ સો જન્મે પણ વાળી શકવાની નથી."

રણઃ "તમારો વેશ જોઈ મ્હેં પ્રથમથીજ અનુમાન કર્યું હતું કે તમે કૃષક–લલના છો. વારૂ, હું પૂછું છું કે, એ લૂંટારાઓ તમને શી રીતે આ ગહન વનમાં લાવ્યા ?"

અનુપઃ "હું હતભાગિની છું. મ્હારા પિતા શિવદયાળસિંહ વૃદ્ધ કૃષક છે. મ્હારે મા નથી. સૂર્યકિરણ જેમ કમળના સન્માન પ્રાપ્તિની એક માત્ર ગતિ છે, તેમ પિતા મ્હારૂં મુખ જોઈ જીવે છે. સંધ્યા થતાં પહેલાં સાંસારિક કાર્ય માટે હું આ પાસેના કુવા પર પાણી ભરવા ગઇ હતી, ત્યાંથી એ પાપી લોકો મ્હને ઉંચકી લઇ ઘોડા પર નાંખી આ વનમાં નાસી આવ્યા."

રણઃ "તમારૂં નામ શું ?"

અનુપઃ "મ્હારૂં નામ અનુપકુમારી."

રણઃ "કુમારી! મણિને કાચાભરણથી ભૂષિત કરવાથી જેમ તેની શોભામાં વધારો થાય છે, તે પ્રમાણે આ કૃષક–બાળા વેશે તમારા અનુપ રૂપની અતુલ જ્યોતિ વિકાસ પામે છે. કિન્તુ તમારા જેવી નવીન માધવી-લતાને સાંસારિક કષ્ટ રૂપ કાર્યમાં પડેલી જોઇ મ્હારા હૃદયમાં સવિશેષ વેદના થાય છે. તમારાં ઘરબાર ક્યાં છે ?"

અનુપઃ "આ વનના પ્રાન્ત ભાગમાં અમારી પર્ણકુટી છે. આપે મ્હારી



પ્રાણ રક્ષા કરી છે તેનો બદલો હું વાળી શકવા સમર્થ નથી, પણ આપ કૃપા કરી એક વાર અમારી કુટીમાં પદાર્પણ કરી મ્હારૂં જીવન સાર્થક કરો અને મ્હારા પિતાના હૃદયને આનન્દ આપો."

રણઃ "હું જો હમણાં કાર્યમાં રોકાયલો ન હોત તો તમારી સરલતા-મય પવિત્ર મૂર્તિ જોઇ મ્હારાં નયન તૃપ્ત કરત, પ્રીતિમય વાક્ય સાંભળી શ્રવણ સુખ મેળવત, અને ઉદાર હૃદયા કૃષક બાળાનો અતિથિ થાત."

અનુપઃ "આપ હમણાં ક્યાં જશો ?"

રણઃ "વિરાંગ નગરના ઉપવનમાં આવેલા શ્રી અનાદિનાથના દેવળમાં અગર અન્ય સ્થળે."

અનુપઃ "આપની આકૃતિ પરથી આપ કોઈ અન્ય દેશવાસી જણાઓ છો."

રણઃ "તમારૂં અનુમાન સત્ય છે. વિચિત્ર નિવાસ અહિંથી કેટલે દૂર છે?"

અનુપઃ "આ વનને સીમાડે વિરાંગ નગર છે. નગરમાં વિચિત્ર દુર્ગ અને તે દુર્ગ મધ્યે વિચિત્ર નિવાસ છે."

રણઃ "તમે કોઈ વખત વિચિત્ર નિવાસે ગયાં છો ?"

અનુપઃ "ના, વિચિત્ર દુર્ગનો એક પરિચારક ધર્મસિંહ, કોઇ કોઇ વખત અમારી કુટીએ આવે છે. વિચિત્ર નિવાસમાં આપને કોની સાથે મળવું છે ?"

રણઃ "ભીષ્માચાર્યની ભેટ ના થાય તો સરદાર મલહરસિંહને."

અનુપઃ "શું આપ જાણતા નથી કે સરદાર મલહરસિંહ આ સ્થળે નથી ? તેઓ શ્રીનગર છે. મહારાજ રણજીતસિંહે પોતાના ચાલાક અને રણકુશળ સૈન્યથી શ્રીનગરને ઘેરો ઘાલ્યો છે. પ્રથમ યુદ્ધમાં કાશ્મીરના સુબા મહમદ આજીમખાંનો પ્રધાન-સેનાપતિ જબર પરાજય પામી સિંધુ પાર પલા-યન કરી ગયો છે. આ ક્ષણે સરદાર મલહરસિંહ સર્વ સાધારણ હિન્દુને ઉત્તેજીત કરી શિખરાજની સાથે લડવા માટે શ્રીનગર ગયો છે."

રણઃ "તેજ સૈન્યમાં પ્રવેશ કરવાનો મ્હારો ઉદ્દેશ છે."

અનુપઃ "ત્યારે શું આપ સત્વર ત્યાં જશો ?"

રણઃ "હા."

અનુપઃ "હવે હું આપને વધારે વાર રોકી શકતી નથી. હું કૃષક

બાળા, આપ વીરવર મહાપુરૂષ છો. જો એક વાર કુટીમાં પદાર્પણ કરી પિતા સાથે સાક્ષાત—"

રણ: "આપ કૃપક બાળા છો, કિન્તુ તમારૂ નામ જેવું અનુપકુમારી છે તેવી રીતે તમારા તમામ વિષય પણ અનુપ છે. રૂપ અનુપ અને ગુણ અનુપ છે. જેમ ભાગ્યવાન્ સાગરમાં સ્વાતિ નક્ષત્રની કૃપાથી મોતી જન્મે છે, તેમ જગદીશ્વરની કૃપાથી તમારા પિતા, તમારા જેવી અનુપ લાવણ્યવતી પુત્રીને પામ્યા છે. જ્યાં સુધી મ્હારી જીંદગી રહેશે ત્યાં સુધી આ આનંદકર ઘટના મ્હને યાદ રહેશે. આ જન્મે ભૂલવાનો નથી."

અનુપ: "આપે દુઃખીઆરીને જીવતદાન આપ્યું છે તે આ જન્મે ભૂલ્યું ભૂલાય એમ નથી."

રણ: "ચાલો, તમારા ભાગ્યવાન પિતાનાં દર્શન કરી હ્રદય તૃપ્ત કરીએ."

રણધીરસિંહ, પોતાનો મિત્ર આવ્યો નહિ તેથી દિલગીર થયો. તેના મુખનું તેજ નિસ્તેજ થવા લાગ્યું. વારંવાર નિશ્વાસ નાંખવા લાગ્યો. ચાલતાં ચાલતાં આજુબાજુએ વારંવાર જોવા લાગ્યો. છતાં તેને કંઇ પત્તો લાગવાનો સંભવ જણાયો નહિ. "અરેરે, આખરે મિત્ર ગુમાવ્યો." એમ બોલી મુખ બંધ કરતાં આંખોમાંથી અશ્રુ ટપક ટપક ખરવા લાગ્યાં. આવો અણધાર્યો બનાવ જોઈ અનુપ ગભરાઇ બોલી ઉઠી: "વીરવર! આપ આમ કેમ કરો છો ? શું આપને ઘર યાદ આવે છે ? કેમ ગળગળા થાઓ છો ? આ પ્રમાણે ગળગળા થવું એ વીર પુરુષને ઉચિત્ત છે ?"

રણ: "ઓ કોમળાંગી લલના ! મ્હને ઘર યાદ આવતું નથી, તેમ મ્હેં સ્ત્રી કરી નથી કે જેને માટે હું વિસામણ કરૂં, પણ મ્હારો આધાર ! હા ! હ્રદયાધાર, સદાનો સાથી, બાળમિત્ર દેવીસિંહ ! તમને રડતાં સાંભળી શોધ કરવા મ્હારી પાસેથી નિકળી વનમાં પેઠો હતો, તે હજી સુધી પાછો આવી મળ્યો નહિ ! શું તેને કોઇ હિંસક પ્રાણીએ અગર લૂંટારાએ ઘેર્યો હશે, અથવા તો આ વનનો અજ્ઞાત હોવાથી કોઇ અન્ય માર્ગે તો નહિ ચઢી ગયો હોય ? તે કોઇનાથી પરાજ્ય પામે તેવો નથી. તે ખરો વીર છે. એણે ઘણા કિલ્લા તોડયા છે. સેંકડો દુશ્મનોનાં રાજમુકટવાળાં માથાં રણાં-



ગણમાં રખડતાં કર્યાં છે. અહો ! સર્વ વ્યાપી, સર્વ શક્તિમાન વિભુ! દેવીસિંહનું રક્ષણ કરજે. હવે મ્હારો ઉપાય નથી. હું પણ આ ગહન વનનો કેવળ અજ્ઞાત છું, તેમજ રાત્રિ અંધારી છે. અંધારી રાત્રિની મ્હને કંઇ ધાસ્તી નથી, પણ વૃક્ષઘટાથી મુખે મુખ દેખાય નહિ, ભૂમિ પરનો પગપાળુ માર્ગ જણાય નહિ ત્યાં હું શી રીતે તેની શોધ કરવા જઇ શકું ? આવું ગહન વન કદાપિ મ્હેં નજરે નિહાળ્યું નથી."

અનુપ: "આપ ગભરાશો નહિ. મ્હારા પિતાને વિનંતી કરી તેની શોધ કરવા ભોમીઓ મોકલીશું."

આ પ્રમાણે વાતચિત કરતાં વાટ ઉકલી ગઇ ને પર્ણકુટી દેખાઇ, એટલે અનુપ બોલી: "પ્રાણદાતા! પેલી કુટી દેખાય. ટેકરી પર વૃક્ષોની કુંજમાં—"

રણ: "તમે તો સદાય કુંજમાં રમણ કરનાર છો. વાહ ! શું મજાનો રળીઆમણો મનોહર દેખાવ ? સાક્ષાત્ ઇન્દ્રભવન કે કૈલાસ પર્વત જેવો પર્વત. બાજુએ સ્ફટિક મણિ જેવું નિર્મળ નીરવાળું વિતસ્તાનું ઝરણું."

અનુપ: "ઓ–પેલા ચોગાનમાં પિતાજી પારિજાતક વૃક્ષના થડને અઢેલી હાથમાં પકડેલી લાઠી પર હડપચી ટેકવી ઉભા." તેમને જોઇ અનુપે બૂમ મારી: "પિતાજી, પિતાજી !"

શિવદયાળ: "બેટા ! અનુપ ! આવ, આવ, મ્હારી આંખોની કીકી ! તું ક્યારની ક્યાં ગઈ હતી ? ત્હને શોધવા માટે ત્હારો રામદયાળ અને ભોમીઆ ક્યારના ગયા છે."

અનુપ રડતાં રડતાં બોલી: "પિતાજી ! મ્હને કુવા પરથી લૂંટારો ઉંચકી ગયો હતો, પણ આ મહાત્માએ મ્હારો પ્રાણ બચાવ્યો છે. તેમને આપ પ્રથમ ભેટો અને તેમનો આદરસત્કાર કરો."

શિવદયાળે રણધીરને ભેટતાં કહ્યું: "આપે મ્હારી પુત્રીને જીવતદાન આપ્યું તે માટે આપનો ઘણો આભારી બન્યો છું."

રણ: "પિતાજી ! એમાં મ્હેં કંઇ વિશેષ કર્યું નથી, એ તો અમારો કુળ ધર્મ છે કે પીડિત જનનું રક્ષણ કરવું. તેમાં વળી અનાથ બાળાની વહારે ધાવું એ તો સર્વથી શ્રેષ્ઠ ધર્મ."

અનુપઃ "પિતાજી! એમની સાથે એમના મિત્ર હતા તે મ્હને રડતી સાંભળી શોધ કરવા વનમાં નિકળી પડયા છે. તે હજી સુધી પાછા વળ્યા નથી, માટે તેમને શોધવા સારૂ ભોમીઓ મોકલો."

શિવદયાળે લાંબેથી બુમ મારીઃ "અલ્યા લક્ષ્મણા! અહિં આવ."

દોડતો આવતો લક્ષ્મણો બોલ્યોઃ "જી મહારાજ! આજ્ઞા."

શિવઃ "આપણા વનમાં દેવીસિંહ નામનો એક ઘોડેસ્વાર ભૂલો પડયો છે, તેને શોધી અહિં લઇ આવ."

લક્ષ્મણો હાથમાં મ્હોટી લાઠી તથા સળગતું લાંબું છાંણું લઇ શિકાર પાછળ તલાપ મારતા સિંહની પેઠે થેકડા મારતો ચાલ્યો ગયો.

શિવઃ "આપનું નામ શું છે?"

રણઃ "રણધીરસિંહ."

શિવઃ "વીર રણધીરસિંહ, આપ સુખરૂપ અત્રે રહો. આપે મ્હારા ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે."

રણઃ "પિતાજી! મ્હારાથી અહિં રહેવાય એમ નથી. આપને કહેવામાં હરકત નથી કે ભીષ્માચાર્યે મ્હને બોલાવ્યો છે, માટે ત્વરાથી મ્હારે તેમને મળવું જોઈએ છતાં રાત્રિ ગાળીશ."

અનુપઃ "પિતાજી! એમને બહુ આગ્રહ કરશો માં. એમની રૂચી પ્રમાણે કરવા દેજો. તેમનું દિલ જરાએ દુઃખાય નહિ."

રણધીરસિંહ ક્ષુધા તૃષાથી નિવૃત્ત થઇ અનુપકુમારીનો બચાવ કરવા જે જે કરવું પડયું તે તે બીના તથા પોતાના આગમન વિષેની ટુંક હકીકત શિવદયાળને નિવેદન કરી, ઉગતે દિવસે પ્રયાણ કરવા પરવાનગી માગી.

શિવઃ "આપ ખુશીથી જજો. દેવીસિંહને તેમની મરજી હશે તો અત્રે રાખીશ, અથવા આપની પાસે મોકલી દઇશ. એ વાતનો આપ બિલકુલ શોચ કરશો ના. આપ સુખેથી શ્રમ નિવૃત્ત થાઓ. બેટા અનુપ! તેમને નિદ્રા આવતાં સુધી તેમની પાસે બેસી વાતચિત કર."

# પ્રકરણ ૧૩ મું.

## વિજય પતાકા.

કેવો વિચિત્ર દેખાવ! જ્યારે વિતસ્તાના તટ પરના ઉપવનમાં ઘૂવડ, બાજ અને વાગોળો શિકારના હર્ષથી ગાયન લલકારી રહ્યાં હતાં, જ્યારે ભર નિદ્રામાં ઘોરતાં નિરાપરાધી હરિણો પર શિકારીઓએ છોડી મુકેલા કુતરાઓ તેમને પંજાથી ઝપાટી વીંખી નાંખી મુખથી બચકાટતા હતા, જ્યારે શિકારીઓના કામઠાની પણછનો ટંકાર જામી રહ્યો હતો, જ્યારે ઘટાદાર ઝાડીને લીધે હરિયાળી ભૂમિ પર આછું આછું ચાંદરણું પડી રહ્યું હતું, જ્યારે આગીઆ અંગારાની પેઠે પાંખો વિકાસી ઉડી રહ્યા હતા, જ્યારે પાણીના ઝરાની મંદ ગતિ બની ગઇ હતી, જ્યારે પવનની ઝપટથી ઝાડની ડાળીઓ બેવડ વળી જતી હતી, ત્યારે જબરખાંએ કહ્યું: "દિવાન સાહેબ! હવે અહિં બહુ રોકાવાનું કારણ નથી."

જ્વાળાપ્રસાદઃ "સેનાપતિ! તમારૂં કહેવું યોગ્ય છે. તે લોકોએ આવવું માંડી વાળ્યું હશે. જો આવવાના હોય તો ક્યારના આવી ચઢયા હોય."

જબરખાંઃ "જો આપનો હુકમ હોય તો સ્હવારમાં લશ્કરી સિપાહીઓને છાવણી ઉપાડવાની સૂચના આપું. કેટલાક સેનાનીઓ તો નગરમાં જતા રહ્યા છે, કેટલાક રજા લઇ ગયા છે, અને અત્રે રહેલા કેટલાક લોકો મોજમઝા, રમત ગમત અને ખાનપાન ઉડાવી દિવસ કહાડે છે. તેઓને તો નગરમાં રહેવું ને અહિંયાં પડી રહેવું એ સરખુંજ છે, પણ પગાર બેવડો આપવો પડે છે."

જ્વાળાઃ "નેકનામ ..નદ આજીમખાંને ખબર આપી નગરમાં દાખલ થવા હુકમ આપીએ આપણે છાવણી ઉપાડીશું ને કદાપિ તેઓ આવશે

તોપણ એકદમ શું કરવાના છે? ખબર પડતાંજ વિખેરી નાંખીશું. એક બાતમીદાર અત્રે રાખવો જોઇએ."

જબર: "હા, એમ કરવામાં કંઈ હરકત નથી. અમીરઅલીને રાખો."

ઘણે ભાસે આ પ્રમાણે નિર્ણય પર આવી, છાવણી ઉઠાવી નગરમાં જવાની તૈયારી કરવા લશ્કરને ફરમાન આપ્યું.

બીજી તરફ મહારાજ રણજીતસિંહને જમાદારે રાત્રિની તમામ બીના જાહેર કરી. મહારાજે હુકમ આપ્યો કે: "કાલે પ્રભાતમાં શ્રીનગર પર હલ્લો કરવો. ભાઈ ખુશાલસિંહ, સર્વ સેનાપતિઓને આજે મ્હારી પાસે બપોરના હાજર રહેવા કહેજો."

ખુસાલ: "જી, મહારાજ."

રણજીતસિંહ: "ત્યાર પછી સાંજના નિરીક્ષા માટે બહાર જવા વિચાર છે."

ખુસાલ: "જેવી આજ્ઞા."

વૃક્ષ લતાદિ પ્રાણી વર્ગનો ઑાળો પોતાનામાં સમાયો. સરિતા તથા સરોવરે સ્તંભાકાર વૃત્તિ ધારણ કરી. વટેમાર્ગુઓએ વિશ્રામ લેવા છાંયો શો-ધવા માંડયો. તે સમયે આજ્ઞા મુજબ કુમાર ખડગસિંહ, મિશ્ર દિવાનચંદ, હાર-સિંહ, મોતીરામ, બાર મિસલના સરદારો અને ખુદાયારખાંન વગેરે છાવણીના દરબારમાં આવી દાખલ થયા કે તરતજ જમાદાર ખુસાલસિંહે મહારાજાને ખબર આપી. મહારાજા સિંહાસન પર આવી બેઠા એટલે હજુરીએ આવી જરીવાળાથી વિંટાળેલી લાંબી નેહેવાળો હુક્કો લાવી રજુ કર્યો. ગુડ ગુડી બોલાવતાં રણજીતસિંહ બોલ્યા:—

" મ્હારા ખાલસાના સરદારો અને ભાઇઓ,

આપણને અત્રે આવી છાવણી નાંખ્યાને ઘણા દિવસ થયા છતાં આપણે શ્રીનગરનો કિલ્લો કબ્જે કરી શકયા નથી. જ્યાં સુધી તે દુર્ગ પર ગુરૂ ગોવિંદનો વાવટો ફરકે નહિ ત્યાં સુધી આપણો શ્રમ વ્યર્થ છે. દુર્ગ અને આપણી વચ્ચે વિતસ્તા છે એ તમે સર્વ જાણો છો. તેજ વિતસ્તાને સામે કિનારે મુસલ-માનો છાવણી નાંખી ઘણા કાળથી આપણી રાહ જોયા કરે છે. તેઓ આપણને હાર ખાધેલા જાણી નિડરપણે જે કંઇ બોલે છે તે મ્હારા સાં-



G. 34730
HANSA MEHTA LIBRARY ... UNIVERSITY ... BARODA

ભળ્યામાં આવ્યું છે; પણ બધો કાળ કોઈનો સરખો જતો નથી. હજુ તેઓએ આપણો હાથ દીઠો નથી. જ્યાં સુધી હાથ દીઠો નથી ત્યાં સુધી તેઓ જે બોલે તે તેમની મરજીની વાત છે. જ્યારે તેઓ સ્હામા આવશે ત્યારે આપણા હાથનો સ્વાદ ચાખશે. સરદારો! હવે જો તમારો સર્વનો વિચાર દિવસ ભાગવાનો ન હોય તો મ્હારો વિચાર કાલે સ્હવારે દુર્ગ પર હલ્લો કરવાનો છે. પછી તમારી સૌની જેવી મરજી."

એકઠા મળેલા સર્વ સરદારો ઉશ્કેરાઇ બોલી ઉઠયા: " મહારાજની આજ્ઞા મળે એટલી જ વાર છે. અમે તો આપની આજ્ઞાની રાહ જોઇએ છીએ. અમે અરજ ગુજારીએ છીએ કે ગુરૂ ગોવિંદની કૃપાથી સમરક્ષેત્રમાં સન્મુખે રહી શત્રુઓને પાકો હાથ દેખાડીશું. વેરીઓના પાપ–પદતળથી કચડાતી દેવપુરીનો ઉદ્ધાર કરીશું. માટે આજ્ઞા આપો."

મહારાજ: " ચઢતે પહોરે હલ્લો કરવા સર્વ તૈયાર રહો."

દરબાર બરખાસ્ત થયા પછી જમાદાર ખુશાલસિંહને સાથે લઇ મહારાજા સૈન્ય નિરીક્ષા માટે એક ડુંગરી પર ચઢયા. મહારાજને ડુંગરી પર ચઢતા જોઇ કુમાર ખડગસિંહ પણ પાછળ પાછળ ચઢયો. ત્રણે જણ ચારે બાજુ નિરખવા લાગ્યા.

ખડગસિંહ લાંબો હાથ કરી બોલ્યો: " જુઓ મહારાજ! શ્રીનગરના કિલ્લા પર સૂર્ય અસ્ત પામે છે. નિર્મળ નીરવાળી વિશાળ અને ઉંડી વિતસ્તા-નો વેગ મંદ થતો જાય છે. વિવિધ જાતનાં પશુ પંખીઓ પોતપોતાના માળા તરફ જવા તત્પર થઈ રહ્યાં છે. પર્વતોનાં શિખરો આસપાસ એકમેકની હરિફાઈ કરતાં દેખાય છે. દુર્ગના બુરજોમાં અંધારૂં થવા લાગ્યું છે. કેદ-ખાનાની જાળીઓના સળીઆમાં ડોકીઆં કરી રહેલા કેદીઓ આક્રંદ કરતા દેખાય છે. કેદખાનાના અને તોષાખાનાના દરવાજાને પહેરેગીરો આગળા નાંખતા જણાય છે. આ સર્વ સ્થળો અસ્તાચળમાં જતા સૂર્યના કિરણથી જાણે સુવર્ણ રંગ જેવા પીળા ચકચકતા રંગથી રંગેલાં હોય તેમ દેખાય છે. રાજમહેલના યોદ્ધાઓ વાંકી નજરે સંધ્યા સમયના આકાશ તરફ જોઇ રહ્યા છે. તેમનો ઑાળો મ્હોટા કદાવર રાક્ષસના જેવો લાંબો પહોળો પડેલો

દેખાય છે. તેઓએ પોતાનાં હથીઆર સીધાં ઉચકેલાં છે, પણ બીજા હાથ પર લેવાની તૈયારીમાં છે. રાજમહેલનો પહોળો અને ભપકાદાર વાવટો ફરફરી રહ્યો છે. ”

“ વાહ ! મ્હારા પ્યારા પુત્ર ! દુર્ગનો દેખાવ આવો રળિયામણો છે ? ”

ખડગઃ “ કૃપાનાથ ! દુર્ગની સ્હામે છાવણી છે. તેમાં પડઘમના અવાજ સંભળાય છે. તેઓ સઘળા વિશાળ પ્રદેશ પર ઉભા છે, તેથી તેઓ જાણે આપણી પાસે ઉભા હોય તેમ જણાય છે. વળી સ્હામેની ટેકરી પર અગણિત ચળકતા ભાલા નજરે પડે છે. તેનો ઑળો પાણી પર પડવાથી ઉપર અને નીચે યોદ્ધાઓ ભાલા પકડી ઉભા હોય તેવો દેખાવ બની રહ્યો છે. આ સામે છાવણી દેખાય છે. સંધ્યા સમય નજીક આવતો હોવાથી યોદ્ધાઓ પોતપોતાનાં કાર્ય પરવારી લેવામાં ગુંથાયલા છે. તેઓ ઘોડાને ચંદી ચઢાવી સામાન તૈયાર કરે છે. હજુરી લોકો હથિયારને મ્યાન બહાર કરી સાફ કરે છે.”

મહારાજઃ “ કેમ ખુશાલસિંહ ? તે લોકોએ તૈયારી કરવા માંડી ? ”

ખુશાલઃ “ કુમાર ખડગસિંહે જે વર્ણન કર્યું તે સાંભળી હું તો છકજ થઈ ગયો છું. હવે તેઓ સર્વગુણસંપન્ન નિવડ્યા. કૃપાનાથ ! આપની આજ્ઞા થઇ એટલે હવે તૈયાર કર્યાં વગર છુટકોજ નથી. આ વખતે ખાલસા-દળનો ઉત્સાહ બહુ જુદી જાતનો છે. તેઓ સાફ રીતે બોલે છે કે આ વખતે ગમે તેમ થાઓ, પણ દેહ પડતાં સુધી પાછી પ્હાની કરવી નથી. હમેશને માટે માન, કીર્તિ પામવા શ્રીનગર દુર્ગ પર વિજય પતાકા ઉડાવવી.”

મહારાજઃ “ જમાદાર ! આ તમામ વાત તેમના હાથમાં છે. તેમના હાથમાં યશ અપયશ બંને છે. ગુરૂ ગોવિંદ સહાય કરશે, અને તેમને યશ મળશે. ચાલો છાવણીમાં જઇએ. વિજય મળતા સુધી આપણી છાવણી અહિંજ રાખવી. જે જે સરદારો યુદ્ધે ચઢવાના છે, તે તે સરદારો પોતાના સૈન્ય સાથે કિનારા પર હાજર થાય. હાજર થયેલા સરદારો પૈકી તમારે દુશ્મનો પર પહેલો હલ્લો કરવો. વિતસ્તા પર તરતી હોડીઓ પકડી લઇ તેમાં આપણા સૈન્યે બેસી પાર ઉતરી જવું, અને બીજી હયદળ પુલ પર થઈ પસાર થાય. ”



ખુશાલઃ “ કૃપાનાથ ! આપ તો છાવણીમાંજ રહેજો. હું, કુમાર ખડગસિંહ, હરિસિંહ, મિશ્ર દિવાનચંદ, મોતીરામ, ખુદાયારખાન અને બાર મિસલના સરદારો એટલા પ્રથમ ચઢી જઇશું. ”

મહારાજઃ “ ત્હારો વિચાર યથાસ્થિત છે. એ પ્રમાણે બંદોબસ્ત કરી દેજો. ”

આજ્ઞા પ્રમાણે તૈયાર થઇ રહેલા સેનાપતિઓ પોતપોતાના દળ સાથે વિતસ્તાના પુલ આગળ આવવા લાગ્યા. જેવો કાશ્મીર દેશ રળીઆમણો છે તેવોજ પુલ, પણ અદ્‌ભુત હતો. તેની શોભાનું વર્ણન કરતાં અસલના કારીગરોની મન શક્તિ તરફ હાલના માનવીને હાસ્યભાવ ઉત્પન્ન થયા વગર રહેજ નહિ. તે પુલ ઉપરા ઉપરી લાકડાના મ્હોટા કડકા ગોઠવી બનાવેલો છે. તેના પર મ્હોટા મ્હોટા લાકડાના સલેપાટ પાથરેલા હતા. તે નદીના પાણીની સપાટીથી ઉંચા અને પચાશ પચાશ ગજ લાંબા હતા. આ પુલ નીચે થઈ ચાંદમારીઓ અને પનાઇઓ ઝપાટા બંધ પસાર થતી હતી અને ઉપર થઇને લોકો પણ આવ જા કરતા હતા. આવા મનોહર પુલ આગળ કુમાર ખડગસિંહ, મિશ્ર દિવાનચંદ અને જમાદાર ખુશાલસિંહ પોતાનું સૈન્ય લઈ આવ્યા. તેની પાછળ તીર કામઠાંવાળા હજાર બારગીરો લઈ હરિસિંહ નળવો ચાલવા લાગ્યો. આ પુલની થોડેક દૂર આવેલા એક પુલ પર બાર મિસલના સરદારો બંદુક, તીર કામઠાં અને ભાલા લઇ ચાલવા લાગ્યા. આ બંને પુલ વચ્ચેના નદીના ભાગમાં આમ તેમ તરતી ચાંદમારીઓ પર મોતીરામના પહાડી લશ્કરે હલ્લો કરી તેને એકદમ કબજે કરી લઇ ચઢી બેઠા, તેજ પ્રમાણે ખુદાયારખાન તીવાણુ જાતના રંગ બેરંગી પોશાક પહેરેલા હજાર સૈનિકોને લઈ ચાલ્યો.

જે વખતે ચાંદમારીઓ પર હલ્લો કરવામાં આવ્યો, તે વખતે કુમાર ખડગસિંહ પુલના મધ્ય ભાગમાં ચાલતો હતો. તે આ દેશની કાશ્મીર ભૂમિ જોઇ ઘણો અચંબામાં પડી બોલ્યોઃ “ આ દેશની ભૂમિ પર આવું એકાંત સરોવર, અગર સરિતા ! તે વળી આવા સુંદર અને રળિયામણા કિનારા-વાળું કોઈ વખત નહિ દીઠામાં કે નહિં સાંભળ્યામાં આવેલું જોઇ મ્હને

બેહદ આનંદ થાય છે. જમાદાર ખુશાલસિંહ ! ખરેખર, આ દેશને માટે આપણુને આવો પુજ્ય ભાવ પેદા થાય છે, તો મહારાજા જેવા મહાનુભવ; રણોત્સાહી વીરને કેમ ન થાય ? આવા દેશ માટે સંસાર ત્યાગી મહાત્માને જીજ્ઞાસા થાય તો, આપણુ જેવાને તેનો વૈભવ જોઇ રાજ લાલસા ઉત્પન્ન ન થાય એમ બનેજ કેમ ? જુઓ, પેલાં મ્હોટાં મ્હોટાં અને તેનાથી ન્હાનાં વૃક્ષોનાં પાંદડાં પર પવનની લહેરીઓ જણાતી નથી. તેમજ આ નીચેના સરોવરમાં તરંગમાળાઓ પણ દેખાતી નથી, પણ કેક ઠેકાણે વચમાં કમળના ગુંચવાઇ ગયેલાં નાળ પર પક્ષીઓના માળા અને કિનારા પર જનાવરોની ઑડો દૃષ્ટિ ગોચર થાય છે. વળી આ આપણા જમણા હાથ તરફની ઝાડીમાં કૃષ્ણુસાર મૃગ લીલાંછંમ દુર્વાનાં તૃણ મુખમાં લઈ ઉંચે જોઇ રહ્યાં છે. પણ ન્હાનાં પક્ષીઓના ગાયનનો નાદ કર્ણ પર આવતો નથી. દૈવ જાણે ! શા કારણુથી આ કુદકારા મારવામાં નિપુણ, ચાલાક, રૂપેરી, સોનેરી અને લાલ રંગની અસંખ્ય માછલીઓ પડી રહી હશે ! આ સરોવરને સ્હામે પટે જુઓ ! પેલી દૂર દેખાતી ધવલ ટેકરીઓ પર કાળાં અંધારાં વાદળ ગર્જના કરે છે; તેમાં જાંબલી રંગના પટા પડેલા દેખાય છે. ભાઇ ! વાદળનો ગંભીર અવાજ ઉંડો અને બહોળો છે. જાણે રણોત્સાહી યોદ્ધાનો પ્રતિધ્વનિ થતો હોય એમ સંભળાય છે. મિત્ર દિવાનચંદ ! આપણા સૈન્યની શોભા જુઓ ! જેમ વાદળની અંદર ઢંકાયલાં નક્ષત્રો ચમકારા મારે છે, તેમ તેઓનાં હથીઆર, આ સરોવરમાં પલકારા મારી રહ્યાં છે. સૂર્યનાં કિરણુથી ઝળહળ થતા ભાલા, બરછી અને બંદુકોના સંગીન આ સરોવરમાં ચંદ્રબિંબ પેઠે ચળકે છે."

"હા–જુઓ–જુઓ, પેલા સામી બાજુએ ડુંગરીવાળા સપાટ પ્રદેશ પર ભાલા અને સંગીન આકાશના તારા પેઠે તગતગે છે. હથીઆરના ચમકાટથી કાંઠા પરના જંગલમાં અજવાળું દેખાઇ રહ્યું છે. બખ્તર પહેરેલા ઘોડેસ્વારોની પીછાંની કલગીવાળી ટુકડી, તુરાઈ અને ઢોલ બજાવતી ચાલે છે; તેથી હથીઆરનો ભારે ખડખડાટ થાય છે. તે ખડખડાટ ઢોલના અવાજમાં ભળી કાનને બહેરા કરે છે. પવન નહિ હોવા છતાં તેમનો લીલા



રંગનો વાવટો ફડફડ કરતો માલમ પડે છે. ત્વરાથી દોડતી ટુકડીઓનો છાંયો પશ્ચિમાચળ તરફ પડે છે. તેમના બાતમીદારો તેમની પાછળ પાછળ ચાલે છે. એ દેખાવ પરદેશી વટેમાર્ગુ જેવો દેખાય છે. તેમનું લશ્કર જેલમના પ્રવાહની પેઠે ચાલે છે."

શત્રુઓને ખડક ઉતરવાનો નહોતો, પણ સાંકડા રસ્તા પર થઈ જવાનું હતું. તેઓ સાંકડા રસ્તામાં દાખલ થયા કે તરતજ શિખ સૈન્યે પાછળથી હલ્લો કર્યો અને ચાંદમારીમાં જળ માર્ગે ગયેલા પહાડી લોકોએ આગળ નાકાનો રસ્તો ઘેર્યો. એ બન્ને વચ્ચે સેનાપતિ જબ્બરખાંન અને જવાળાપ્રસાદનું સૈન્ય સપડાયું છે. એકદમ થયેલા હલ્લાથી તેઓ ગભરાયા ને કમકમાટ ઉપજે એવી ભયંકર બૂમો મારવા લાગ્યા. શિખ સૈન્યે ભાલા, તીર અને બરછીનો મારો ચલાવ્યો. તે મારાથી જાણે આકાશમાંથી ભૂતો પડતાં હોય, જાણે નરકમાં પડેલા પાપી જીવો બૂમો મારતા હોય અને નાશભાગ કરતી વખતે ધમાચકડી કરતા હોય એવો દેખાવ જામી રહ્યો. વચ્ચે યવન સૈન્યને ઘેરી બન્ને બાજુએ રહેલા શીખ્ સૈન્યે ગુરૂ ગોવિંદની જય બોલાવી, સૈન્યને ઉત્તેજીત કરી ધસારો કર્યો, એટલે ભચડા ભચડીમાં ઠેલાતાં યવન સૈન્ય એક ખીણુના બારામાં દાખલ થયું. તે વખતે પાછળના સૈન્યની આગળ જગા થઇ, તે જોઈ ખુશાલસિંહ બોલ્યોઃ "ભાઇઓ ! દુશ્મનોએ બીજો માર્ગ લીધો. તેઓ હાથથી જાય છે. માટે ત્વરાથી પાછળ લાગુ થાઓ." આવી સૂચના મળતાંજ શિખ સૈન્ય ગુરૂ ગોવિંદને યાદ કરી "જીંદગીને ખાતર, જીંદગી–જીંદગીને ખાતર." એમ બોલી ચીસો પાડી ભારે ઘોંઘાટ મચાવી પાછળ પડયા. બન્ને સૈન્યની બરછી, ભાલા અને સંગીનો દરીઆનાં મોજાં પેઠે ઉંચે ઉછળવા લાગ્યાં. ઘોડા પર ઘોડા તલાપ મારી પીઠ ભાગ પર પગ પ્રહાર કરવા લાગ્યા. સૈનિકોની છાતી અને ખભા સામસામી અડવાથી બખ્તરનો ખડખડાટ થવા લાગ્યો. રણતુર અને ઢોલના ગંભીર અવાજ સાથે ઘોડાઓના હણુહણાટનો અવાજ મિશ્રિત થઈ ભાદ્રપદ માસના વર્ષાદની પેઠે ભારે ગર્જના ઉત્પન્ન થતાં દિશાઓ ગાજી ઉઠી. રણાંગણોમાંથી ન્હાસતા યવનોને દિન દિનનો

પોકાર કરી સામે થવા દિવાન જ્વાળાપ્રસાદ ઉશ્કેરવા લાગ્યો. તેઓ ધર્મની લાગણીથી ઉશ્કેરાઇ પાછા વળી ભાલા ફેંકવા મંડયા. પણ શિખ સૈન્યના સપાટાની ટક્કર ઝીલી નહિ શકવાથી પાછાં પગલાં ભરવા લાગ્યા. ચીસો પાડી ન્હાસતા પઠાણો, વિતસ્તાને કાંઠે ઉગેલા બરૂના છોડની કાપણી પેઠે કપાવા લાગ્યા. વિતસ્તાનું સ્ફટિક જેવું ધવલ જળ ગુલાબી વર્ણનું દેખાવા લાગ્યું. ઠેકઠેકાણે શબના ઢગ દેખાવા લાગ્યા. કેટલાંક શબ ભૂમિ પર ચગદાઇ ગયાં અને કેટલાંકની નદીની માછલીઓએ ઉજાણી કરી. સેનાપતિ જબ્બરખાંનને એકાદ બે તીર વાગવાથી પીડા સહન ન થઈ તેથી તે રણાંગણ છોડી નાઠો. તેના નાઠા પછી દિવાન જ્વાળાપ્રસાદે કેટલીક વાર બચાવ કર્યો, પણ આખરે તેનો પ્રયત્ન વ્યર્થ જતાં તે શરણે આવ્યો. દિવાન જ્વાળાપ્રસાદે શરણે આવી કુમાર ખડગસિંહના પગ આગળ હથીઆર મુક્યાં, એટલે કત્લ બંધ કરવાનો વાવટો ચઢાવ્યો. શિખદળે હુકમ પ્રમાણે કત્લ બંધ કરી જાસુસ મારફતે છાવણીમાં મહારાજાને ખુશ ખબર આપી.

સંધ્યા સમય થતો જોઈ સૈન્ય પરમોત્સાહથી છાવણી તરફ પાછું ફર્યું. સમરક્ષેત્ર થોડીક વારમાં જન પ્રાણી વગરનું થઈ ગયું. સંધ્યાએ રોજના કરતાં આજે ભયંકર રૂપ ધારણ કર્યું. કેટલાકનાં માથાં, કેટલાકનાં ધડ, કેટલાકના હાથ પગ આમતેમ ચોગરદમ છુટા છવાયાં ને ઉપરા છાપરી પડયા હતા. તેના તરફ વનચર હિંસક પશુ સમીસાંજથી ડોળા કહાડી રહ્યાં હતાં. કેટલાક ઘાયલ થયેલા યોદ્ધાઓ " યા–ખુદા, યા–ખુદા." કરી બુમો મારતા હતા. કેટલાક અલ્લાહનું નામ દઇ પ્રાણ મુક્ત થતા હતા. રાત્રિ અંધારી હોવાથી હિંસક પ્રાણીઓ એકઠાં મળી મુડદાંની ઉજાણી કરવા લાગ્યાં, અને ઘણે દિવસે માનવ માંસ પામેલાં પશુઓ પરમાનંદમાં આવી બુમાટા, ચિચવાડા પાડી કુદાકુદ કરી ઉઠયાં.

વિજય પ્રાપ્ત કરેલા યોદ્ધાઓ છાવણીમાં દાખલ થતાં મહારાજાએ તેમના કુશળ પુછી પ્રભાતે પ્રહર દિન ચઢતાં ખુશાલીનો દરબાર ભરવાની ઇચ્છા દર્શાવી, શ્રમ નિવૃત થવા સૈનિકોને રજા આપી.

પ્રહર દિન ચઢતાં છાવણીના દરબાર મંડપને અશોક પલ્લવનાં તોરણ



બાંધી દેવામાં આવ્યાં. વિવિધ જાતનાં સુગંધિત પુષ્પના ગુચ્છાવાળા હાર નાંખી દરબારને શોભાયમાન કર્યો. વખત થતાં સર્વે દરબારીઓએ પોતપોતાની બેઠક લીધી. છેવટે મહારાજા રણજીતસિંહની સ્વારી પુર દમામમાં હાજર થઈ સિંહાસનારૂઢ થતાં દરબારીઓએ ઉભા થઈ ત્રણ ત્રણ વાર નમી સલામ ભરી જગા લીધી. સામી બાજુએ હારબંધ ઉભા રહેલા સૈન્યે ખભે ધારણ કરેલાં હથીઆર નીચાં નમાવી ઉચક્યાં, અને તોપચીએ તોપના એક સો ને એક અવાજ કરી સલામી આપી. દરબાર હૉલમાં સઘળું ચુપાચુપ થતાં મહારાજાધિરાજ રણજીતસિંહ બોલ્યાઃ—

" મ્હારા વિજયી સરદારો અને સેનાનીઓ,

ધન્ય છે આજનો શુભ દિવસ. આજે શિખ બંધુઓને માટે સોનાનો સૂર્ય ઉગ્યો છે. ગુરૂ પ્રતાપે આ દેવભૂમિ જેવા કાશ્મીર દેશને દુશ્મનોના કરથી ઉદ્ધાર્યો, એ તમારી સર્વની અંતઃકરણપૂર્વક મદદનું, બુદ્ધિબળનું, કુશળતાનું, રહેણીનું, ચંચળતાનું, સ્વામિ ભક્તિનું, ઉત્સાહનું, નિડરપણાનું, ખંતનું અને અટલતાનું પરિણામ છે. તમે વાટમાં ચાલતાં તાપ, શ્રમ, ક્ષુધા પિપાસા સહન કર્યા તેનુંજ આ ફળ છે. તમે જે વખત સમર ક્ષેત્રમાં હતા, તે વખતે મ્હને મ્હારા ગુપ્ત ચર મારફત ખબર મળતાં આનંદ થતો કે મ્હારા ખંતીલા, નિડર, રણોત્સાહી વીરો પોતાનું વિરત્વ સાચવવા અને દેશનું ગૌરવ બતાવવા ખરા ખંતથી જેમ અજા પર વાઘ તુટી પડે તેમ યવનો પર વારંવાર તુટી પડે છે અને તેમને ગભરામણના વમળમાં નાંખે છે! મ્હારા આર્યકુળ રત્ન પરાક્રમી યોદ્ધાઓ, તમને ધન્યવાદ આપતાં મ્હને બહુ આનંદ થાય છે. તમારી મહેનતનો બદલો તમને ગુરૂ ગોવિંદ આપશે. એક શ્રદ્ધાથી તેને વળગી રહેજો. તે કદી બદલો આપ્યા વગર રહેતો નથી. આજનો દિવસ આપણી શિખરાજની તવારીખમાં સોનેરી અક્ષરે લખાયો જશે. આજનો દિવસ એક તહેવાર તરીકે પાળી સકળ સૈન્યને જ્યાફત આપવા મ્હારૂં ફરમાન છે. બે દિવસ વિશ્રામ લીધા પછી શ્રીનગર દુર્ગ પર શિખ વાવટો ચઢાવી રૈયતને શિખ છત્ર નીચે કરી એક સુબો મુકી સ્વદેશ તરફ પ્રત્યાગમન કરવા મ્હારી ઇચ્છા છે. "

દરબાર બરખાસ્ત થતાં સર્વ સરદારો પોતપોતાના તંબુમાં ગયા, અને મોજમઝા ભોગવવા લાગ્યા. જમાદાર ખુશાલસિંહે વિનંતી કરી: " મહારાજ ! કંઈ આજ્ઞા ? "

રણજીતસિંહ: " આવ બેસ. એક ગુપ્ત વાતનો વિચાર કરવાનો છે. તે વાત એવી છે કે તે પરિપૂર્ણ થતાં સુધી કોઇ માનવીની જાણમાં આવવા ન દેવી. બહારના પહેરા પર વળી ખબર આપ કે કોઇને અંદર પ્રવેશ કરવા ન દે. "

આજ્ઞા પ્રમાણે પહેરેગીરને સૂચના આપી ખુશાલસિંહ બોલ્યો: " મહારાજનો જે હુકમ હશે તે આ સેવક ઉઠાવવા તૈયાર છે."

રણ: "સાંભળ ! આપણો વિજય તો બેશક થયો પણ હવે અહિંનું રાજતંત્ર ચલાવવા આપણે એક સુબો મુકવો જોઇએ. સુબો કોને ઠેરવવો એનો વિચાર ત્હારી સાથે કરવાનો છે. "

ખુશાલ: " કૃપાનાથ ! આપની ધ્યાનમાં આવે તેને નીમો."

રણ: " હું ઘણો વિચાર કરી ત્હારી રૂબરૂ નામ જાહેર કરૂં છું કે: મોતીરામને નીમીએ. માણસ ઘણો પ્રમાણિક, ખંતીલો અને સ્વામીભક્ત છે. "

ખુશાલ: " આપ મહારાજનો વિચાર ઘણોજ શ્રેષ્ટ અને શ્રેયષ્કર છે. આપણા તમામ સરદારો અને સેનાપતિઓ તેને અંતઃકરણપૂર્વક ચ્હાય છે, તેમજ તેને માટે તમામનો ઉચ્ચ મત છે."

આ દરમ્યાન બહારના પહેરેગીર તરફથી ખુશાલસિંહને બુમ મારવામાં આવી. ખુશાલસિંહે તંબુ બહાર જઇ પહેરેગીરને પુછ્યું કે: " કોણે બોલાવ્યો ? "

પેહેરે: " હજુર ! એક આદમી કહે છે કે: મ્હારે ખુદ મહારાજાને કંઈ હકિકત નિવેદન કરવી છે."

ખુશાલ: " બોલાવ ક્યાં છે ? "

પહેરેગીરે તે આદમીને બોલાવી ખુશાલસિંહ રૂબરૂ ઉભો કર્યો એટલે પુછ્યું: " કેમ ? શું કામ છે ? તું તો બહુ દિવસે જણાયો."



ગુપ્તચર: "નેકનામ ! આ બંદો તો હમેશાં સેવામાં હાજર રહે છે."

ખુશાલસિંહે તેને હજુરમાં લઈ જઈ ઉભો કર્યો તે વખતે તે ધીમે સાદે બોલ્યો: " પૃથ્વીપતિ ! એવી બાતમી મળી છે કે કાશ્મીરના સરદારોએ એક સંપ કરી શિખરાજને શ્રીનગરમાં પેસતાં અટકાવવા, અને રાજ સ્વતંત્ર કરી દેવું. એવો વિચાર કર્યો છે. આ તંત્રનો અગ્રેસર મલ્હરસિંહ નામનો એક સરદાર છે, અને તેને ભીષ્માચાર્ય નામના એક સાધુની સહાય છે."

રણજીતસિંહનો ચહેરો સહજ ફિક્કો પડયો પણ ગુસ્સામાં આવી બોલ્યો: "હશે ! તે લોકનો શો હિસાબ છે ? મ્હારૂં અપાર સૈન્ય તેઓને એકદમ ઘેરી લઇ કેદી બનાવી બળવો સમાવશે. કેમ જમાદાર ?"

ખુશાલ: " મહારાજની આજ્ઞા હોય તો એ ફિતુરી લોકોને હું એકલો ચઢી જેર કરૂં. તે બિચારા યવન દલિત સરદારો શું કરવાના છે ? "

રણજીત: " કેસરી ! ત્હારે હવે સાવધાન રહેવું. શ્રીનગરમાં રહી તેઓ શું શું યોજના કરે છે તે વખતો વખત જાહેર કરવી. જા, તને રજા છે."

ખુશાલ: " કૃપાનાથ ! આપણા સૈન્યને સાવધ રહેવા ખબર આપવી જોઇએ. "

રણજીત: " હા. સેનાપતિઓને ખબર આપજે, ને જ્વાળાપ્રસાદને નજરકેદ રાખજે. "

## પ્રકરણ ૧૪ મું.

### દેવીસિંહનું ભ્રમણ.

**પા**ઠક ! આવો ! આજે આપણે ઘણે દિવસે દેવીસિંહને યાદ કરીએ. કુમાર રણધીરસિંહનો મિત્ર દેવીસિંહ, વિરાંગ નગરના વનમાં શોધ કરવા પ્રવેશ કરતાં વનની ઘાડી ઝાડીમાં ઘોર અંધારી નિશાના અમલમાં ભૂલો પડયો હતો, તે આજે અથડાતો ટીચાતો કાશ્મીર દેશની ખુબસુરતી નિરખતો, કંદ ફળ ખાઈ ક્ષુધા પિપાસા સમાવતો આખરે અવ-

નતિના પ્રહરમાં આવેલા પ્રખ્યાત ચક્ર ચૂડામણિ પાંડવોના ડેરા આગળ આવી પહોંચ્યો. તે મનમાંજ બોલ્યો: "અત્રે જન માનવનું નામ નથી. હવે કોને પુછવું? ભાઈ રણધીર ક્યાં હશે? તેનો પત્તો ક્યાં લાગશે?" વગેરે વિચારમાં પડી દેરાના આગલા ઘુમટમાં નિદ્રાધિન થયો.

ઘણા દિવસથી કાશ્મીરના જંગલોમાં ફરતો દેવીસિંહ પાંડવોના દેરામાંથી નિશ્વાસ નાંખી આગળ જવા ઉઠ્યો. કેટલાક દિવસ રાનેરાન ભટકતાં આખરે પંદ્રીનાથ નામક એક પુરાણા ગામમાં આવ્યો. અહિં તેને માણસની વસ્તી દેખાઈ. જે માણસો તેને દેખાયાં તે ઘણે ભાગે જાત્રાળુ જેવાં હતાં. તેમને જોઈ ત્હેને ઘણોજ આનંદ થયો. તેઓ હિન્દુસ્તાનના જુદા જુદા ભાગના રહેનાર હતા. તે સઘળા પંદ્રીનાથનાં દર્શન કરવા આવેલા હતા. આ ડેરૂં આખા હિદુસ્તાનમાં પ્રસિદ્ધ છે. હજારો કોસથી મુસાફરી કરતા હિન્દુઓ આ ડેરાનાં દર્શન કરવા આવે છે. એ ડેરૂં આર્યકુળ ભૂષણ ધર્માત્મા યુધિષ્ટિર રાજાએ બંધાવેલું છે. એની આસપાસ પાણી છે. આવેલા જાત્રાળુઓમાંથી કેટલાકને મુખે એમ દંતકથા સાંભળવામાં આવી છે કે: "પૂર્વે આરાવલી પર્વતની હારમાં વાસિષ્ટ મુનિના આશ્રમમાં એક કુંડ હતો. તે કુંડમાં એક વખત મુનિ મહારાજની કામધેનુ પડી ગઈ, તેથી તેમને રોષ ઉત્પન્ન થતાં કુંડ પુરવા વિચાર થયો. એવો વિચાર થવાથી તેમણે હિમાચળ પાસે આવી તેનો પુત્ર માગ્યો. હિમાચળે પોતાના તમામ પુત્રોને મુનિ મહારાજની ઇચ્છા વિદિત કરી પણ કોઈ તેમની સાથે જવા તૈયાર થયો નહિ. છેવટે એક અપંગ વાંકાચુકા અંગવાળા પુત્રે હા કહી, પણ તેનાથી સ્વતઃ ચાલી જવાય તેવું નહોતું. હિમાચળે પોતાના પુત્રને આરાવલી પર્વતમાં લઈ જવા સારૂ તક્ષક નાગને વિનતિ કરી. શ્રી નગરાજની આજ્ઞા લોપાઈ નહિ તેથી તક્ષક નાગે તેના અપંગ પુત્રને લઇ તેમણે આરાવલી પર્વતના કુંડમાં લાવી નાંખ્યો. તે ગયો ત્યારથી આ સ્થળે મ્હોટા ખાડા પડવાથી પાણી ભરાઈ રહે છે. આ ડેરાના ઘુમ્મટમાં અને શિખરમાં ઘણીજ ઉત્તમ પ્રતિનું કોતરકામ કરેલું છે. આવી જાતનું કોતરકામ આ દેશમાં કે પરદેશમાં કોઇ સ્થળે નહિ હોય. કદાપિ હશે તોપણ આવી જાતના પથ્થર પર આવી કારીગરીવાળું તો નથીજ.



આ સર્વ કારીગરી જોઈ દેવીસિંહે કહ્યું: "અહો! હિન્દુસ્તાનના રાજાઓ શું ઓછું નામ મૂકી ગયા છે! પરદેશમાં લાખો રૂપિયાની કારીગરીવાળાં કામ કરાવી તેમણે પોતાની અચળ કીર્તિ ચારે બાજુએ ફેલાવી છે." આ ડેરામાં એક મોટું શિવલિંગ છે. તે શિવલિંગ પર સહસ્ર ફણાધારી નાગ પોતાની ફણાથી છાંયો કરી રહેલો છે. ડેરાની આજુબાજુનો દેખાવ બહુ રળીઆમણો છે.

પંદ્રીનાથનાં દર્શન કરી કેટલાક જાત્રાળુઓ લોલાબની ખીણ તરફ જતા હતા. તેમની સાથે દેવીસિંહ પણ જવા નિકળ્યો હતો. હવે તેના મનને કંઇક શાન્તિ વળી. હવેજ તેને કંઇક આશા બંધાઇ કે મિત્રની ભાળ મળશે ખરી. અહિંથીજ હરિમલ નામના એક જાત્રાળુ સાથે તેણે મૈત્રિ બાંધી અને તે બન્ને સાથેના સાથેજ રહેવા લાગ્યા.

લોલબની ખીણમાં સમસ્ત કાશ્મીર દેશની ખુબસુરતી વસેલી હોવાથી તેનાં દર્શન કરી મન પ્રસન્ન કરવા કેટલાક લોકો ત્યાં ગયા વગર રહેતા નથી. દરમજલ મુકામ કરતા જાત્રાળુઓ બે દિવસમાં લોલબની ખીણમાં આવ્યા. આ ગામની ચારે બાજુએ ઉંચા ઉંચા પહાડ છે. તે પહાડોની ખીણમાં ગામ વસેલું છે. ગામમાં વસતી સ્ત્રીઓનું મુખ જોઇ મ્હોટા મ્હોટા મુનિઓનું મુનિવ્રત ચળી જાય તેવું છે! તેનો દેખાવ ગોરો, ગુલાબી ગાલ અને હરિણના જેવી ખુબસુરત આંખો, જાણે રત્ન જડી દીધાં હોય તેમ લાગે છે. તેમની આંખો એટલી બધી ચળકાટ મારે છે કે તેના સ્હામું એકી નજરે આપણાથી જોઈ શકાતું નથી. તેમની આંખો એક બાજુએ ઠરી રહેતી નથી, એક ગમથી બીજી ગમ તારાની માફક હાલ્યા કરે છે. ખરેખર! કેવળ અપ્સરાઓના જેવોજ તેમનો મનોહર દેખાવ છે. તેઓ સ્વભાવે ભોળી અને ચોખા હૃદયની છે. તે આપણને જોઈ ન્હાસી જતી નથી પણ આપણી સાથે ગંભીરાઇથી વાતચિત કરે છે. તેમનો પહેરવેશ ઘણો વિચિત્ર છે. સ્ત્રીના અંગ પર ફક્ત એકજ કપડું! માત્ર એક મ્હોટો જભ્ભો, પગની પ્હાની સુધી પહોંચતો.

આ સ્થળ જોયા પછી તેના સાથી હરિમલનો વિચાર શંકરાચાર્યના

ડે'રાનાં દર્શન કરી શ્રીનગર જવાનો હતો. હરિમલ સ્વભાવે મિલનસાર હતો. તે તેના પર બહુજ પ્રીતિ રાખતો હતો, કારણકે તે પંજાબમાં આવેલા શિયાલકોટનો રહીશ હતો. લોલબની ખીણમાંથી બહાર નિકળી હરિમલે એક ચાંદમારી ભાડે કરી, તેમાં બેસી તે બંને જણ શંકરાચાર્યના ડે'રા પાસે આવ્યા. ત્યાં તેણે કહ્યું:-

"ભાઇ હરિમલ! રખડી રઝળીને મ્હારા પગ નરમ થઇ ગયા છે, નહિ તો આ ડે'રાનાં પગથીઆં ચઢવામાં વાર શી?"

હરિમલે જવાબ દીધો: "ઠાકોર! મ્હને પણ વર્ષ થયાં છે, તેથી હવે પગમાં બહુ તાકાત રહી નથી."

દેવી: "ભાઈ હરિમલ, આ ડે'રૂં અસલના વખતનું છે, પુરાણું છે. જો, આ પગથીઆંના સાંધા ઢીલા પડવા લાગ્યા છે. પથ્થરનો રંગ કાળો છે. એની ચારે બાજુએ કિલ્લો છે. કિલ્લામાં પેસવાની એક ન્હાની બારી છે. તેમાં પણ પગથીઆં છે. પગથીઆંનો ચઢાવ છાતીભર છે, તેથી થાક વિશેષ લાગે છે. વળી આ પગથીઆંની હાર જોતાં અસંખ્ય પગથીઆં હોય એમ જણાય છે. ભાઈ! આપણે થોડાં ગણ્યાં તો ખરાં. આ પહાડ, તળેટીથી આસરે પાંચસો ગજ ઉંચો હશે નહિ વારૂ?"

હરિમલ દમ બાઝતી છાતીએ બોલ્યો: "મહારાજ શંકરાચાર્ય ભલું કરે. ઠાકોર, હવે જરા બેસો."

દેવી: "ભાઈ! બેડે છુટકો નથી. ગમે તેમ કરી ચઢવું." એમ કહી તેમણે ધીમે ધીમે વળી ચઢવું શરૂ કર્યું. એટલે કિલ્લાની બારી આવી. કિલ્લો પથ્થરનો ચણેલો છે. પગથીઆંનો ટપ્પો બહુ ઉંચો છે. આવો ગજ ઉંચો ટપ્પો કેમ ચઢ્યો જાય?

આ પ્રમાણે વાર્તામાં શ્રમ નિવૃત કરતા બંને જણ બારીમાં થઈને આસ્તે આસ્તે ડે'રામાં પહોંચ્યા. ડે'રામાં પ્રવેશ કર્યો તે વખતે તેમના આનંદનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું:

"ઠાકોર! આ સ્થળે મહાગુરૂ શંકરાચાર્ય સંયમ સાધવા રહેતા હતા.



મુસલમાન લોકો પણ આ પર્વતને "તખ્તે મુસલમાન"થી ઓળખે છે. તેઓના હજરત સુલેમાન પણ અત્રે આવી રહ્યા હતા એમ તેઓ માને છે પણ તે વાત ખરી લાગતી નથી. કદાચ એમ હોય કે રામ ને રહેમાન અને શિવ પાર્વતીને દાદા આદમ ને હવાં એ નામથી માન આપે છે, તેમ શંકરાચાર્યને સુલેમાન નામથી માન આપતા હશે. તેઓ આપણા દેવને બીજા નામથી બોલાવી માન આપે છે.

દેવી: "તમારૂં કહેવું ખરેખર સત્ય છે. જુઓ, ડે'રાપર લીલું છમ ઘાસ બહુ ઉગ્યું છે. આ ઓટલા પર રહી આખું શ્રીનગર દેખાય છે. વળી દૂર નજર કરીએ તો ચારે બાજુએ દુધના ફીણ જેવાં ધોળાં ચળકતાં બરફવાળાં હિમાલયનાં શિખરો દેખાય છે, તેમાં પેલાં ત્રણ તો બહુજ ઉંચાં છે. શ્રીનગર તો એક બગીચા જેવુંજ દેખાય છે. આવો ડે'રામાં."

ડે'રામાં જઈ મહાદેવના બાણનાં દર્શન કર્યા પછી બહાર નિકળી ઓટલા પર બેઠા બેઠા નિરીક્ષા કરવા લાગ્યો. તે બોલ્યો: "ભાઈ હરિમલ! પેલો કિલ્લો શાનો છે?"

હરિ: "ઠાકોર! એ હરિપર્વતનો કિલ્લો છે. એ અસલના વખતનો છે."

દેવી: "ભાઈ! આવો દેખાવ કદી જોયો નથી. આપણી ચારે બાજુએ બિલોરના કાચ જેવા ધોળા પહાડ નજરે પડે છે, તે વચ્ચે પેલો દૂર હરમુખ નામનો પર્વત દેખાય છે. મ્હને તો બહુ બહુ વિચાર આવે છે. આવો અપૂર્વ દેખાવ આપણી તરફ કોઈપણ સ્થળે નહિ હોય? આ સરોવરમાં ફરતી ન્હાની મ્હોટી ચાંદમારીઓ, હોડીઓ, વળી કીનારા પર મેહેલ્લા અને વચ્ચે દેખાતાં વનસ્પતિઓનાં ન્હાનાં મ્હોટાં ઝડથાં હાલ્યા કરે છે. શહેરના મેહેલ્લામાં, ઘરોમાં દાખલ થવાની આડી અવળી પાણીની સડકો, ઘરમાંથી બહાર નિકળતા ધુમાડાના ગોટા ઉંચે ચઢતા નીચે ઉતરતા ચાલ્યા જાય છે. વળી લીલી અને કાળી ટેકરીઓવાળા પર્વત પરની ઝાડીમાં જુદા જુદા અવાજ કરી ઉડતાં પક્ષીઓ નજરે પડે છે. સામે દેખાતાં ખેતરોમાં કેસરનાં વૃક્ષ છે. દરેક મેદાનને લીલા કુંજર ઘાસથી, અને દરેક પહાડને પાન, પુષ્પ અને ફળ રૂપી નવરંગી ગાલીચાથી શોભાવતી વસંત ઋતુ હોવાથી

તેની ખુબીમાં કંઈ જુદીજ જાતનો રંગ જામી રહ્યો છે. હે વિશ્વનાથ! ત્હને ધન્ય છે! ત્હારી મનોહર, અનુપમ લીલા અકળિત છે. ત્હારા અતિ ગહન ચમત્કાર આ સ્થળેજ દૃશ્યમાન થાય છે. ખરેખર! આ ભૂમિ કૈલાસ, સ્વર્ગ અને ઇન્દ્ર સદનને વિસરાવે તેવી છે."

હરિઃ "શાબાશ ભાઈ શાબાશ. તેં તો ટુંકામાં આખા કાશ્મીર દેશનું વર્ણન કરી દીધું. હવે વખત થયો ચાલો."

બંને જણ સંભાળી સંભાળીને પગથીઆંના ટપ્પા ઉતરવા લાગ્યા; છતાં અકસ્માત ઠોકર લાગવાથી હરિમલનો પગ ખસ્યો. જેવો પગ ખસ્યો કે તરતજ તે ગુલાંટ ખાઇ પાસેની ઉંડી ખીણમાં પડ્યો. દેવીસિંહ આ વિપત્તિ જોઈ દિગ્મુઢ થઈ ગયો. તેની આંખોએ તમ્મર આવી ગયાં. પરસેવાના ઝેબેઝેબ છુટી ગયા અને "ઓ દૈવ રે!" બોલી પગથીઆં પર બેસી પડ્યો. ચઢતાં તેને જે આનંદ થતો હતો તેનાથી સો ગણો ખેદ ઉતરતાં થયો. મન વ્યાકુળ થતાં નિરાશ સાગરમાં ડુબકાં મારવા લાગ્યો. આશ્ચર્ય, ચિન્તા, ભય, ઉદ્વેગ, ચમક, વિસ્મય, શોક, દુઃખ, વ્યાકુળતા, ચાપલ્ય, ધર્માધર્મ વગેરે હૃદય પર વારંવાર રાજ્ય ભોગવવા લાગ્યાં. ચુપ થઈ, નિસ્પંદ નયનથી નિર્બળ બની ઉભો થયો. "અરે દૈવ! રસ્તે મળેલો મિત્ર પણ ખોયો!" આ વખતે તેની આંખે બાજુએ દેખાતી સ્મશાન ભૂમિ પર અગ્નિદાહ દેતા ડાઘુઓ નજરે પડ્યા; પણ તેમની સાથે વાત કરી શાન્ત થવાને બહુ વાર હતી. તે પગથીઆં ઉતરી રહે તેટલા વખતમાં ડાઘુઓ ચાલ્યા જાય એટલીજ વાર હતી, છતાં તે શોક, ઉદ્વેગ, આખા દિવસની ક્ષુધા તૃષ્ણા ભૂલી ત્વરાથી પગથીઆં ઉતરી સ્મશાન તરફ જવા ચાલવા લાગ્યો કે તરતજ ડાઘુઓ પણ અગ્નિ સંસ્કારકાર્યથી નિવૃત થઈ ચાલવા લાગ્યા. જોતજોતામાં ડાઘુઓ વસ્તી ભણી ચાલ્યા ગયા, ને દેવીસિંહ ધાડી ઝાડીવાળા અઘોર વનમાં એકલો રહ્યો. એક તરફ વિતસ્તાનો ઓવારો ને બીજી તરફ સ્મશાન ભૂમિવાળું જંગલ! તે બોલ્યોઃ—

"અરે દૈવ! મ્હેં ત્હારો શું અપરાધ કર્યો છે, કે ઉપરા ઉપરી મ્હારા પર દુઃખના વર્ષાદ વર્ષાવે છે? પ્રથમજ આ દેશમાં દાખલ થતાં



મ્હારો મુગટ—મ્હારા મસ્તક મણિ—વીર રાજકુમાર રણધીરસિંહથી મ્હને અળગો કર્યો, તેની શોધમાં ને શોધમાં આખા દેશના ન્હાના મ્હોટા પર્વતોનાં શિખરો અને પ્રખ્યાત દેવ ડેરાં, અને વન, ઉપવનમાં ફરી વળ્યો, ફરવામાં અસહ્ય દુઃખ સહન કર્યું પણ સર્વ વ્યર્થ. આખરે આ એક મિત્ર મળ્યો હતો તે પણ ગુમાવ્યો. હે હરિ! ત્હારા વિના આધાર આ બેય પડમાં નથી. તું સદય થા! મ્હને રાજકુમારનો ભેટો કરાવ! મ્હારા સુખ દુઃખના સાથી! તુજ વિણ અન્ય આધાર નથી. અરે અરે! આ બંદુકોના બહાર ક્યાં થયા? રખેને મિત્ર હરિમલ કહેતો હતો તેમ યુદ્ધ તો નહિ જામ્યું હોય? લાવને જોઉં." એમ બોલી હિમ્મત રાખી મહા પ્રયાસે બાજુના પહાડ પર ચઢ્યો.

"અહા! હા! હા! એ યુદ્ધ નથી પણ છાવણીમાં સૈન્યની કવાયદ થાય છે. ખરે, આ તો સેનાપતિ વેનસ્યુરાના પ્રમુખપણા નીચે કવાયદ શિખેલું મહારાજ રણજીતસિંહનું સૈન્ય! કેવું પરદેશી લોકોનું શિક્ષણ! મુળ તો શિખ જાત, તેમાં વળી વેનસ્યુરા મળ્યો! સૈન્યની એક બાજુએ કવાયદ કરતું પહાડી લોકનું દળ દેખાય છે! તેમનો પોષાક કેવો વિચિત્ર છે! તમામે હાથમાં ભાલા પકડેલા છે, ઠેકડા મારે છે ને હાથમાં પકડેલા ભાલા ફેરવે છે. ભાલા ફેરવવામાં કેવી ચતુરાઈ છે. કોઇને અંદર અંદર ઝપટાતો નથી. અરે! આ વળી મારી આંખે શું દેખાય છે? પેલા મેદાન પર હજારો સમળીઓ, ગીધો, અને કાગડાઓ ભમે છે! તેઓ ગુલાંટ ખાઈ ચાંચમાં માંસ લઈ ઉડે છે, એ દૃષ્ય મ્હારી આંખોએ જોવાતું નથી. હા! ભૂમિતળ તમામ શબથી ભરાઈ ગયું છે. ન્હાનાં દીપડાં, જરખ, વરૂ, રીંછ અને શિયાળવાં ખેંચતાણ કરી રહ્યાં છે. નક્કી, આ સમરક્ષેત્ર વીર પુરુષોની રંગભૂમિ છે. બેશક, એક બે દિવસમાં યુદ્ધ થઈ ગયું છે. આહા! કેવો ભયંકર દેખાવ! આ સ્મશાન ભૂમિના દક્ષિણ ભાગના તપોવનમાં બળતા અગ્નિ કુંડ પેઠે હજારો ચિતાઓ બળી રહ્યાના ધગધગતા અંગારા નજરે આવે છે. હવે મ્હને મ્હારો મિત્ર મળવાની આશા બંધાય છે. મ્હારે છાવણીમાં જવું એજ શ્રેયસ્કર છે." આ પ્રમાણે આશાબદ્ધ દેવીસિંહ છાવણી તરફ જવા ગિરિશૃંગથી ઉતરી

સ્મશાન ભૂમિ તરફ જવા લાગ્યો. રસ્તે ચાલતાં મનમાં બોલવા મંડ્યો: "અહા! આ વિશાળ સ્મશાન ભૂમિમાં બળી મુડદાં થયા પછી પડી રહેલાં અસ્થિ, મન અને આંખને ભયંકર લાગે છે. કોઈ કોઇ ઠેકાણે તો અર્ધ દગ્ધ થયેલાં શબ કાષ્ટાદિ સહિત અહિં તહિં પડયાં છે. કોઈ કોઇ સ્થળે પ્રેત પિંડથી ખરડાયલાં, સલાવરાં માનવીના શેષાન્નદર્શિ થઇ ધનાઢ્યના વૈભવનો ગર્વ ખંડન કરતાં જણાય છે. બળતા શબને સુશીતળ કરી રહ્યા પછી અગણિત ઘડાઓ ખાલી પેટે ગર્વથી જીવતા જનોને આદરસત્કારથી બોલાવી સંભાષણપૂર્વક જાણે એમ કહેતા હતા કે "કેમ ડરો છો? અમે તમને એક દિવસ શીતળ કરીશું." ત્યારે વળી બાજુમાં પડેલાં ધૂળથી ભરાયલાં ઠીબરાંનો ઢગ તેનો ઉત્તર દેતો હતો કે: 'કોઇ પણ વ્યક્તિ પરલોકમાં અત્રે ભોગવેલા વૈભવ મધ્યેનું એક ખાલી જીર્ણ ઠીબર પણ સાથે લઇ જઈ શકતો નથી!' ઠેકઠેકાણે શુભ્ર વર્ણ શબનાં મસ્તક, જુદી જુદી જાતનાં પશુઓના પગની લાતો ખાતા છતાં, ક્રોધ કરવો દૂર રાખી વિષયાનંદથા દાંત પહોળા કરી હસીને કહેતાં હતાં કે: "ભાઇ, માનવ! અહંકારનો ત્યાગ કર. એક દિવસ અમારી પેઠે તમારાં મસ્તક પણ વિવિધ જાતનાં પશુઓની લાતો–પાટુઓ ખાઇ આમ તેમ અટવાઈ જશે. એક દિન અમે આ મસ્તકે સુવર્ણ મુકુટ પરિધાન કરી, વિવિધ જાતના સુગંધી પુષ્પથી શોભાવી, અહંકારથી મત્ત થઈ વિનાપરાધે કેટલાક જનોનાં મસ્તકો પર પગ–પાટુઓ મારતા હતા! આજે તેનું આ દાન થાય છે; અને તેની સાથે પૂર્વ સંચિત પાપ પુંજનો ક્ષય થતાં મુક્તિનો ઉપાય થાય છે; એટલાજ માટે અમને હસવું આવે છે, તે આ હાસ્ય!" વળી કોઇ કોઈ ઠેકાણે ચિતાઓ સબળ વેગે સિંદુરવર્ણી જ્વાળામાંથી ફટાકા મારી ચડ્ ચડ્ પડ્ પડ્ ટટાટટ પટાપટ ઉચ્ચાર કરી શબ દેહનું ભક્ષણ કરે છે. અને તેમાંથી નિકળતા દુર્ગંધી ધૂમાડાના ગોટા ગગન માર્ગમાં કાળો અંધકાર ફેલાવી કહે છે કે: 'ભાઈ માનવ! એક દિવસ તમે તમામ અમારા કામકાજથી અથવા ગુણથી અગર પરાક્રમથી સંતોષ પામ્યા હતા, તેજ અમે, આજે કાળને વશ થઇ કાળનો કોળીઓ બની, કાળના પેટમાં પડી, કાળના કાજળ રૂપ નિઃશ્વાસ રૂપે ગગન



તળ છાઈ બધાને દુઃખી કરીએ છીએ. આ જુઓ, જુઓ, ચોગરદમ વિખરાયલાં આયુદ્ધ ધારણ કરનાર પરાક્રમી યોદ્ધા, ચંદ્ર સમાન મુખ અને કાન્તિવાળા આ ચિતામાં, માતાનું સર્વાનંદ સુંદર વદન સંતાન, કમળ પાંખડી જેવી આંખોવાળું સંતાન, કામદેવનો દર્પ હરનાર યુવતી જન વલ્લભ યુવક, ભડભડ બળે છે.' વળી થોડેક દૂર બળતી ચિતા આગળ પિતા, માતા, પુત્ર, સ્ત્રી, ભ્રાતા, બંધુ, બાંધવ વગેરે આત્મવર્ગ હાહાકાર કલ્પાંત કરતાં આંખનાં આંસુથી ચિતાગ્નિ ઠંડી પાડતાં હતાં; છતાં સર્વ ભક્ષી અગ્નિ શાન્ત ન થતાં ઘૃતાહુતિની પેઠે પ્રબળ વેગથી બળતો હતો. હાહાકાર કરી રડનાર મધ્યે કોઈ કહે છે કે: "હા પુત્ર! હા હૃદય નંદન! તું મ્હારા હૃદયમાં અંધારૂં કરી કયાં ગયો? આજે મ્હારૂં હૃદયશુન્ય, જગતશુન્ય, આશા, ભરોંસા તમામ નિષ્ફળ થયા. વળી કેટલીક ચિતા આગળ "હા નાથ! હા દેવ! હા સ્વામી! મ્હારૂં હૃદય ભવન ત્યાગ કરી કયાં ગયા? મ્હારી શી ગતિ થશે? મ્હને કોના હાથમાં સોંપી ગયા! હવે આ જગતમાં મ્હારૂં કોણ? વેલને માત્ર એક તરૂનો આધાર. મ્હારી શી દશા થશે? હું કોની સંગે ઉભી રહીશ? મ્હારા પર કોણ દયા કરશે! આ કંગાલ અનાથિની બાળા પર કોણ દયા કરશે? મ્હારે પુત્ર નથી, કન્યા નથી, બંધુ નથી, તમે માત્ર એક આધાર હતા, તે ગયા! હા ગયા, અદૃશ્ય પંથે ગયા, હા!" વળી કેટલાંક વિતસ્તાના કિનારા પર કામવશ થઇ પડેલાં શબ તો ફુગાઇ જઈ ગંધાઈ ઉઠી સડયા કરે છે. કેવો ભયંકર દેખાવ! કેવો વિકટાકાર! ઉત્કટ ઉદ્વેગ દેખાઇ રહ્યો છે. શબાહારી જીવ કોઈનો હાથ, કોઈનો પગ, કોઇનું ઉદર, કોઈની છાતી, કોઇનું મસ્તક અને કોઇનું મુખ મહા આનંદથી ખાય છે. અત્યારે ગીધ, સમળી અને શિયાળનો મ્હોટો મેળો ભરાયો છે. તેમના આનંદની સીમા નથી. મહાન ઉત્સાહથી શબ દેહ કુદી કુદીને ખાય છે!"

આવો ભયાનક દેખાવ જોઈ દેવીસિંહ જ્ઞાન ભૂલ્યો. વ્યાકુળ થયો. તેની વિવેક બુદ્ધિ ક્યાંય પલાયન કરી ગઇ. ક્યાંથી આવ્યો છું? ક્યાં છું? એ ભ્રમણામાં ભ્રમણ કરવા લાગ્યો. આંખો મીંચી દઇ, ભૂમિ પર બેસી પડયો. સહજ જાગૃત થતાં બુદ્ધિબળે તેના હૃદયમાં પ્રવેશ કર્યો એટલે નિશ્વાસ

નાંખી બોલ્યોઃ "સંસાર કેવળ અસાર વસ્તુ છે. રે ! બહુ વિલક્ષણ છે. હું પણ આ સંસારમાં એક અતિથિ છું. મ્હારી પણ એજ ગતિ. કોઇ કોઇનું નથી. કેવળ ધર્મ એજ માત્ર બંધુ ! ગુરૂ અજોધ્યા સ્વામી જે ઉપદેશ આપતા હતા તે અક્ષરે અક્ષર સત્ય છે. આ પ્રાપંચિક જગતનો વિચાર કરતાં વિસ્મયાર્ણવમાં નિમગ્ન થવાય છે. જેમ પક્ષી પિંજરામાં પુરવામાં આવે છે તેમ આ પંચ ભૂતાત્મક દેહ રૂપ પિંજરમાં હું વાસ કરૂં છું. હું કોણ? ક્યાં છું? ક્યાંથી આવ્યો ? ક્યાં જઇશ ? કોણે મોકલ્યો ? ક્યારે જઇશ ? ક્યાં રહીશ? આ તમામ બાબતનો વિચાર કરતાં કર્ત્તાની અપેક્ષા સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે; માટે આ માયાવી જગત પ્રપંચનું દર્શન કરાવનાર એક સર્વશક્તિમાન ઇશ્વિર હોવો જોઇએ. ગુરૂ ! તમે વારંવાર કહેતા હતા પણ મ્હારે કંઠે ઉતરતું નહોતું, તે હવે સહેલાઇથી મ્હારા સમજવામાં આવ્યું. હે સર્વશક્તિમાન વિભુ ! મ્હારા અપરાધ ક્ષમા કર. આ તમામ માયા આપની છે; અને હું એ માયાને વશીભૂત છું. મ્હારી માતા, મ્હારા પિતા, મ્હારી સ્ત્રી, મ્હારો પુત્ર, મ્હારી પુત્રી, મ્હારૂં ધન, મ્હારો વૈભવ, મ્હારૂં રાજ્ય, આ સર્વ "મ્હારા" "મ્હારા" શબ્દથી યોજીત છે, પણ હે દયામય ! એમાં બોલનારનું કાંઈ પણ છે એમ સમજાયું નહિ ! આ પિતૃ કાનનનો વ્યાપાર જોઇ મ્હારી મોહ નિદ્રા ભાગી ગઈ. હવે હું ઘેર જવાનો નથી. હવે પછી કૃતકાર્યની નિવૃત્તિ પછી સંન્યાસીના વેશમાં દેશેદેશ ભ્રમણ કરી આપની આરાધના કરીશ. આપની કૃપાથી આ અસાર સંસારથી છુટયો. ખરેખર આ દેહ અસ્થિર છે. આજ છે ને કાલે નથી. આ દેહ કમળપત્રથી ખરતા જળ જેવું, ઉત્તમ લોઢાની કઢાઇમાં પડતા જળબિન્દુ જેવું ચંચળ છે. આ મ્હારો પંચભૂત દેહ કાળે કરી પંચભૂતમાં મળી જશે, એ શબવત્ પડેલા, ચિતામાં બળતા, રણોત્સાહી યોદ્ધાઓ શું નહિ સમજ્યા હશે ? તેઓ એમ કેમ ન સમજ્યા કે આ દેહમાં ને એ દેહમાં કંઇ વિભિન્નતા નથી ? તેમનો આત્મા ને પોતાનો આત્મા પૃથક નથી ? તેઓ એમ પણ નહિ સમજ્યા હશે કે ધર્માધર્મ વગર બીજું કંઈ સાથે આવનાર નથી. તેઓ સમજ્યા હોય તો આ હજારો માનવીના રક્તથી આ પવિત્ર પૃથ્વીને કેમ



પ્લાવિત કરત ? અનર્થક પરધન, પરરાજ્ય, પરકન્યા પર કેમ હુમલો કરે ? એ રાજ્યાકાંક્ષી સ્વાર્થી કંઈ સમજ્યા નહિ ! અહો વ્યોમકેશ ભવાનીપતિ આશુતોષ ! મ્હારૂં રક્ષણ કરો." એમ બોલી જગન્નાથને પ્રણામ કરી દેવીસિંહ એક ચિનારના મ્હોટા વૃક્ષ નીચે કપાળે હાથ દઈ પ્રગાઢ ચિંતામાં પડયો.

તે ક્ષુધા તૃષા ભૂલી સમય કહાડતો હતો, તેવામાં ત્યાં આગળ એક સંન્યાસી આવી ઉભો. દેવીસિંહે ભક્તિ ભાવથી તેને પ્રણામ કર્યાં. ઉદાસીને વાતેવાતમાં તેનો મનોભાવ જાણી તેને પોતાની મઢી પર લાવી સ્નાન કરાવી, જળ ફળ મિષ્ટાન્ન ખવડાવી ઉપદેશ કરવા માંડયો. રામાયણ, મહાભારત, ભાગવત અને ગીતામાંથી સુમધુર હૃદયગ્રાહી દૃષ્ટાંત કહી બતાવી તેનું ચિત્ત સ્વસ્થ કર્યું. આથી તેને વિશ્રાંતિ વળતાં નિદ્રાધીન થયો.

પ્રભાતમાં ઉઠી જોતાં એ મઢી નહિ અને એ ઉદાસીન પણ નહિ. માત્ર પૂર્વ દિવસે પહાડ પર ચઢી જોયેલી છાવણી. આથી દેવીસિંહ ઇશ્વિરના અપાર મહિમાનું વર્ણન કરી પસ્તાવા લાગ્યો કેઃ "ખરા મહાત્માને ઓળખ્યા નહિ. તે મ્હને ઇચ્છિત ભૂમિ પર મુકી અદૃશ્ય થયા.

## પ્રકરણ ૧૫ મું.

### અનાદિનાથનું દેવળ.

આકાશમાં છુટી છવાઇ કંઇક ધોળી ને કંઇક રાખોડી રંગની વાદળીના પશ્ચિમથી પૂર્વ બાજુએ જતા હુંવાળા અકસ્માત સિંદુર વર્ણા દેખાવા લાગ્યા. હિમગિરિનાં શ્વેત શિખરો પચરંગી રંગે ચળકી ઉઠતાં જળધારાઓ છુટવા લાગી. વૃક્ષોની લીલી કુંજર જેવી ટોચો પીળા રંગથી શોભવા લાગી. રંગ બેરંગી પક્ષીઓ પોતાનાં પીછાં ઉંચાં કરી પાંખો ફફડાવવા લાગ્યાં. ભગવાન દિનકરના દર્શનાભિલાષી પુષ્પો ફટાકટ મુખ મોકળું કરવા મંડયાં, કે તરતજ અગણિત ભ્રમરોએ શિખરાજના સૈનિક

યોદ્ધાઓ પેઠે હલ્લો કર્યો. અનાદિનાથની પાછળ વિંટાઈ રહેનારો મણિધર જળાધારી છોડી વિદ્યુત વેગે અલોપ થયો.

આ વખતે ભીષ્માચાર્ય, શરીરે ભસ્મ ચોળી વ્યાઘ્રામ્બર ઓઢી, હસ્તમાં પુજાપાત્ર લઇ દેવાલયનાં પગથીઆં ચઢી ઘુમટની નીચે મધ્યમાં બેસી જાણે કંઇ ખોવાયલી વસ્તુ શોધતો હોય તેમ ચોગરદમ પલકારા, ચળકારા મારતી આંખો ફેરવવા લાગ્યો. રાજકુમાર રણધીરસિંહને આજે આ સ્થળે આવવાનો દિવસ હતો, તેથી ભીષ્માચાર્યનું ચિત્ત ચપળ બની રહ્યું હતું. "આવશે કે નહિ આવે," એવા વિચારમાં તલ્લીન બનેલો ભીષ્માચાર્ય એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી બોલ્યોઃ "ભગવાન ભવાની પતિ, ભીષ્માચાર્યના પ્રતિ અવશ્ય દયા કરશે. જ્યારે સ્વાધીનતાને માટે કાશ્મીરવાસી દરેક હિન્દુનું હૃદય આ પ્રમાણે ઉદ્દીપ્ત થયું છે ત્યારે મ્હારી તમામ આશાઓ ફળીભૂત થવાની સંભાવના છે. રણજીતસિંહ, ખરો રણજંગ મચાવશે, પ્રાણ જતા સુધી લડશે, તોપણ કાશ્મીરવાસી પ્રત્યેક હિન્દુ, જન્મ ભૂમિની સ્વાધીનતા મેળવવા સારૂ મળેલા સુયોગમાં પ્રાણનું બલિદાન આપવા તત્પર થઈ રહ્યા છે તેથી રણજીતસિંહ પ્રથમની પેઠે આ વખતે પણ પરાસ્ત થઇ સ્વરાજ્ય તરફ નાસી છુટશે. આ પ્રસંગ માટે માત્ર એક કાર્યકુશળ સેનાપતિની જરૂર છે. વીરવર રણધીરસિંહને લાલચ દેખાડી આવવા પત્ર લખ્યો છે, તેથી તે સત્વર આવશે ખરો. આજેજ તેની આવવાની વકી છે. જોઇએ આવે છે કે નહિ ! એના આવતા સુધી અનાદિનાથની પુજા કરીશ."

પાઠક ! સ્વાર્થ સાધન માટે પુજા કરતો ભીષ્માચાર્ય હાથ પગ ધોઈ પાસેના બિલ્વ વૃક્ષ પરથી પત્ર લઇ દેવાલયમાં પ્રવેશ કરી શિવ સમીપ બેસીઃ-

**यत्रादय मासोत्तम मासे......मासे कृष्ण पक्षे** ઇત્યાદિ બોલી શ્રી અનાદિનાથના ઉચ્ચ બાણને સ્નાન કરાવી ચંદન ચર્ચિ બિલ્વપત્ર, અક્ષત, પુષ્પ ચઢાવી, ગૌમુખીમાં હાથ નાંખી પંચાક્ષર મંત્ર જપવા લાગ્યો.

મંત્રનો જાપ કરી રહ્યા પછી લાંબે સ્વરે સ્તોત્ર લલકાર્યુંઃ—

**नागेंद्रहाराय त्रिलोचनाय, भस्मांगरागाय महेश्वराय;**
**नित्याय शुद्धाय दिगंबराय, तस्मैन्नकाराय नमः शिवाय ॥ १ ॥**



**मंदाकिनी सलील चंदन चर्चिताय, नंदीश्वर प्रमथनाथ महेश्वराय;**
**मंदारपुष्प बहुपुष्प सुपूजिताय, तस्मै नकाराय नमः शिवाय ॥ २ ॥**
**शिवाय गौरीवदनाब्ज वृंद, सूर्याय दक्षाध्वरनाशकाय;**
**श्री नीलकंठाय वृषध्वजाय, तस्मै नकाराय नमः शिवाय. ॥ ३ ॥**
**वसिष्ठकुम्भोद्भव गौतमाय, मुनींद्रवर्यार्चित शेखराय;**
**चंद्रार्कवैश्वानरलोचनाय, तस्मै नकाराय नमः शिवाय. ॥ ४ ॥**
**यक्षस्वरुपाय जटाधराय, पिनाकहस्ताय सनातनाय;**
**दिव्याय देवाय दिगंबराय, तस्मै नकाराय नमः शिवाय. ॥ ५ ॥**

**पंचाक्षर पिदं पुण्यं य पठेच्छिवसन्निधौ,**
**शिवलोकमवाप्नोति, शिवेन सह मोदते.**

ભસ્માસુરના વધ વખતે ગણ વીરભદ્રે વગાડેલી ભેરીથી જેમ ખલક ખળભળી ઉઠયું હતું તેમ ભીષ્માચાર્યના દીર્ઘ અવાજથી દેવળ ગાજી ઉઠતાં વનમાં તેનો પ્રતિધ્વનિ ગયો. આવી રીતે લાંબા અવાજથી બોલવાનું કારણ તો માત્ર એટલુંજ હતું કેઃ આવેલો રણધીરસિંહ શૂન્ય દેવળ જાણી પાછો ન ફરે !

પર્ણકુટીથી નિકળેલો રણધીરસિંહ, અશ્વને નચાવતાં, ધેકાવતાં વિવિધ નવસ્ફુટિત પુષ્પની સુગંધ લેતો, દેવાલયની સ્હામેના વનમાં આવ્યો. વનની અપરંપાર શોભા નિરખી ખુશી થવાને બદલે ઉલટો શોકગ્રસ્ત થયો. ગુમાવેલો મિત્ર યાદ આવવાથી વારંવાર નિશ્વાસ નાંખવા લાગ્યો. વિચિત્ર પ્રકારના વિચારથી તેનું હૃદય ભેદાયું. તેનો કોપ શીખરાજ તરફ પ્રદર્શિત કરવા મન ઉશ્કેરાતાં બોલ્યોઃ "કોણ કહે છે કે રણજીતસિંહ મહાવીર છે ? રણજીત નર પ્રેત. રણજીત લૂંટારો ! કુમાર્ગે ચાલી કપટ-યુદ્ધ કરી પરરાજ્ય પચાવી બેસે તેને વીર કહેવો ઉચિત છે ? રણજીતના નામથી સમગ્ર ભારતવર્ષ કંપે છે ! તેના દુશ્મનો ત્રાસે છે ! અરે તેના બાહુબળથી ઈંગ્રેજો પણ ચકિત થાય છે. પરંતુ તે રણજીતના બાહુબળનું કારણ નથી. માત્ર રાજનૈતિક બળનું

કારણુ છે. ગમે તે હો પણુ રણુધીર, રણુજીતની તરવારથી ડરતો નથી. જ્યારે કાસ્મીરના પ્રત્યેક હિન્દુ, હાથમાં તરવાર પકડી સમર-સાગરમાં કુદી પડવા ટમટમી રહ્યા છે, ત્યારે જોઇશ કે રણુજીત તેમના સ્હામે કેવો ટકે છે? જગત દેખશે કે રણુધીર, રણુજીતને પરાસ્ત કરવા શક્તિમાન છે કે નહિ? આ વનમાં સામી બાજુએ જે મકાન દેખાય છે તેજ દેવાલય હશે. એજ સ્થળે ભીષ્માચાર્યને હાજર રહેવાનો પત્રમાં ઉલ્લેખ છે, માટે ઘોડાને આ વૃક્ષ થડે બાંધી દેવાલયમાં જાઉં." આમ વિચાર કરી દેવાલયનાં પગથીઆં ચઢવા લાગ્યો, એટલામાં ભીષ્માચાર્ય, હજી રણુધીર આવ્યો કે નહિ તે જોવા સારૂ દેવળમાંથી બહાર આવ્યો.

ભીષ્માચાર્ય આડંબરથી ખુશ ચેહેરે બોલ્યો: "મ્હારા સમજ્યામાં આવે છે કે આપનું નામ રણુધીર હશે."

રણુધીર: "હા! આપનું અનુમાન સત્ય છે."

ભીષ્મા: "અનાદિનાથ આપને કુશળ રાખે."

રણુધીર: "શ્રી અનાદિનાથની તથા આપની કૃપાથી નિરંતર કુશળજ રહું છું; પણ એક પ્રશ્ન છે કે: મ્હારા પરિશ્રમના ફલ સ્વરૂપ પત્રમાં જે પુરસ્કાર દાનનો ઉલ્લેખ કરેલો છે, તેજ આપ દાનાધિકારી?"

ભીષ્મા: "હા, આપ જો જય લક્ષ્મી પ્રાપ્ત કરી શકશો તો તે પુરસ્કાર અને અન્ય લાભ મળવો દુષ્કર નથી. આપને કાસ્મીરનું પ્રધાન સેનાપતિપદ હમેશને માટે પ્રાપ્ત થશે. વિશેષમાં—"

રણુધીર: "જોઈ લઇશ, પણ આપ આચાર્ય છો, ધર્મ, કર્મ, દેવોપાસના એ આપનું વ્રત, છતાં રાજનીતિ પ્રકરણુમાં આપ કેમ આકાંક્ષા ધરાવો છો? અને આપ શા માટે મ્હને આ આશા-સાગરમાં નાંખો છો તે હું સમજી શકતો નથી."

ભીષ્મા: "વાસ્તવિક આપના મનમાં સંદેહ ઉપસ્થિત થવાનો સંભવ ખરો, પણ હજી આપણુ બન્ને નવપરિચિત છીએ, તથાપિ હમણાં બન્ને જણુના મનનો ભાવ સ્પષ્ટ કરવાની અગત્યજ છે."

રણુધીર: "નહિ તો કાર્ય સાધન કરવું પણ કઠિણુ."



ભીષ્મ: "આપ આ એકાંત સ્થળમાં પધારો. હું આપને તમામ વાતનો પરિચય આપું."

રણુધીર: "હા ચાલો, પણ ઘોડાને—"

ભીષ્મા: "આ વનમાં કંઇ હરકત નથી. તેમાં વળી દેવાલય આગળ, અનાદિનાથની કૃપાથી કોઇ હિંસક પ્રાણી આવી શકતું નથી."

રણુધીર: "ચાલો, શ્રી અનાદિનાથનાં દર્શન કર્યા પછી વાતચિત કરીશું."

ભીષ્માચાર્યે રણુધીરને દેવળમાં લઈ જઇ સ્વયંભુ અનાદિનાથનાં દર્શન કરાવી, તેના કપાળમાં ચંદનનો ટીકો કરી આશિર્વાદ દીધો કે **शुभं भवतु, दीर्घायुभव.** દર્શન કરી રહ્યા પછી દેવળની બાજુના ઓટલા પર બન્ને જણુ બેઠા.

ભીષ્માચાર્યે વાત શરૂ કરી: "આપ જાણુતા હશો કે કાસ્મીરપતિ આનંદદેવના પરલોકગમન પછી ક્રમાન્વયે તેર યવન રાજાઓ મૃત્યુલોકની અમરપુરી સદૃશ કાસ્મીરના રાજછત્ર નીચે રાજ્ય કરી ગયા. આ વખતે મહમદ આજીમખાંના શિર પર રાજછત્ર છાજે છે. કાબુલપતિ સુજાઉલ્‌મુલ્કના મરણુ પછી, મહમદ આજીમખાંએ પ્રબળ પરાક્રમથી કાબુલ સુધીનો દેશ જીતી લઈ પોતાની સત્તા બેસાડી હતી. તે વખતે જીતી લીધેલા પ્રદેશમાં જે રાજાઓ રાજ્ય કરતા હતા તેમણે ખંડણી ભરવાનું કબુલ કર્યાથી રાજસત્તા તેમના હાથમાં રહેવા દીધી હતી. આ પ્રમાણે કેટલાંક વર્ષ સુધી સુખશાન્તિથી રાજ વૈભવ ભોગવતો હતો, તે દરમ્યાન શિખરાજ રણુજીતસિંહ ચઢી આવ્યો હતો. તે વખતે તેના સૈન્ય પર વર્ષાદ પડવાથી તે ઘણો હેરાન થયો હતો અને કાશ્મીર દેશમાં પ્રવેશ કરવાની સાંકડી ખીણોનો તે અણુભોમીઓ હોવાથી અવળે માર્ગે ચઢી જતાં કાશ્મીરી સૈન્યે તેને સજ્જડ હાર ખવડાવી હતી. તેથી તે વખતે તે પાછો ફર્યો હતો. પરંતુ હમણાં સર્વ પ્રકારની માહિતી મેળવી; તે અગણિત સૈન્ય લઇ ચઢી આવવાનો છે એમ મહમદ આજીમખાંને બાતમી મળી હતી; પણ લાંબા વખત સુધી તે આવ્યો નહિ, તેથી મહમદ આજીમખાંને અમીર ઉમરાવોએ એવું કહ્યું કે પ્રથમની હારની દહેસત ખાઇ તેણે આ વખતે આવવાનું માંડી વાળ્યું હશે! આથી સુબાને શાંન્તિ વળી અને

પોતાના શાહજાદાની શાદીની તૈયારી કરી શાદીનો દરબાર ભર્યો. તે વખતે એક બાતમીદારે આવી ખબર આપી કેઃ "શિખરાજ ચઢી આવે છે." આથી શાદીનું કામ રહેવા દઇ શિખરાજનો તાપ સહન ન થવાથી સુબો શાલેમાર ગયો અને ત્યાંથી શાદી કરવાની લાલસાથી સેનાપતિ જબરખાં અને દિવાન જવાળા-પ્રસાદને રાજ સોંપી પેશાવર ગયો. તે હાલ પેશાવરમાં મોજમઝા ઉડાવે છે. અહિં શિખરાજ પુરજોરથી ચઢી આવ્યો. તેની સાથે વિતસ્તાને કાંઠે બંદો-બસ્ત માટે સેનાપતિ જબરખાંની સરદારી નીચે રાખવામાં આવેલું લશ્કર પ્રાણ જતાં સુધી લડ્યું. દિવાન જવાળાપ્રસાદ અને સેનાપતિ જબરખાંએ ખૂબ બહાદુરી બતાવી, પણ આ વખતે તેઓ શિખ સૈન્યની સાથે ફાવી શક્યા નહિ, એટલે હાર ખાઈ સેનાપતિ જબરખાં નાઠો અને દિવાન જવાળાપ્રસાદ શિખરાજને શરણે થયો! હવે શિખરાજ રણજીતસિંહ કાસ્મી-રની છાતી પર ચઢી બેઠો છે, અને શિખરાજના પુત્ર ખડગસિંહે તથા સેનાપતિ દિવાનચંદે યવન સૈન્યને કેવળ પાયમાલ કરી નાખી, રણાંગણમાંથી જે બચ્યા તેમને કબ્જે કરી લીધા છે. તેમ છતાં હજી રણજીતસિંહ કાશ્મી-રની રાજધાની શ્રીનગરને કબ્જે કરી શક્યો નથી, પણ આ અઠવાડીઆમાં નગર લૂંટી કાસ્મીર દેશ પર પોતાની સત્તા બેસાડી દેશે. બીજી તરફ સમગ્ર કાસ્મીરવાસી હિન્દુને એવી વાસના છે કે, આ પ્રસંગે એક વાર હાથમાં તરવાર પકડી, કાસ્મીર દેશનું રક્ષણ કરી, પુરાતન કાશ્મીર દેશના કિલ્લાના કાંગરારૂપ શિખરો પર હિંદુ રાજ-પતાકા ઉડાવવી. કાસ્મીરના સર્વ મુખ્ય મુખ્ય ગૃહસ્થો, સરદારો અને સરદાર મલ-હરસિંહ જે મ્હારો પ્રિય સેવક છે તે વગેરે સર્વ સરદારોએ એવો વિચાર કર્યો છે કે શ્રીનગરની રણશય્યામાં સુઈ જવું, પણ તન મનથી કેસરીઆં કરી યુદ્ધ કરવું! આપ પરાક્રમી મહાવીર છો, અનેક યુદ્ધમાં જય મેળવ્યો છે અને ઉત્કૃષ્ટ યુદ્ધ નીતિનું શિક્ષણ લેવા બ્રિટિશ સેનાદળમાં દાખલ થઈ સેનાપતિ પદ ભોગવ્યું છે, તેથી આપને કાર્યદક્ષ જાણી, પ્રધાન સેનાપતિને પદે નીમી સંગ્રામ ક્ષેત્રમાં મોકલવા ઇચ્છા છે. જો આપ આ વખત શિખ સૈન્યને પરાસ્ત કરી સરદાર મલહરસિંહને રાજ સિંહાસન પર બેસાડી શકશો તો હું ખાત્રિપૂર્વક કહું છું કે; આપને આખી જીંદગી સુધી કાશ્મીરના પ્રધાન



સેનાપતિનું પદ આપવામાં આવશે, અને પેલી ભારત વિદિત લલના લલામ સુરસુંદરીને પણ પ્રાપ્ત કરી શકશો."

રણ: "શું રણજીત આ સુરસુંદરીનો પ્રેમાભિલાષી નથી?"

ભીષ્મા: "બાહ્યોપચારથી તેનું પ્રેમાભિલાષીપણું જણાતું નથી, પણ કેટલાક લોકનું માનવું એવું છે કેઃ તે એજ ભારત વિદિત કનક કમલિનીને ખાતર કાસ્મીર દેશ જીતવા મથે છે. પ્રથમ ચાર વર્ષ પર રણજીતસિંહ એ નંદન કાનનનું પારિજાત પ્રાપ્ત કરવા માટે જ કાશ્મીર પર ચઢી આવ્યો હતો, પણ તેની વાસના પૂર્ણ થઇ નહોતી. સંગ્રામમાં પરાસ્ત થઈ સ્વદેશમાં નાશી ગયો હતો. આ વખત આપ આપની તરવારના બળથી રણજી-તને પરાજિત કરી તે અણસુંઘેલી કુમળી કમલિનીને મેળવો એ જ મ્હારી વાસના છે."

રણ: "આચાર્ય! વીરની પ્રતિજ્ઞા એજ કાર્યસિદ્ધિ. હું આ તરવારને સ્પર્શ કરી પ્રતિજ્ઞા કરૂં છું કે જ્યાં સુધી આ દેહમાં એક બિન્દુ રક્ત રહેશે ત્યાં સુધી કોઈ પણ રીતે રણજીતસિંહને શ્રીનગરમાં પ્રવેશ કરવા નહિ દઉં. આ બંને બાહુ શરીરની શોભા માટે અને આ તરવાર કાષ્ટ કાપવા માટે ધારણ કર્યા નથી! શત્રુનું શીર નીચું નમાવવા માટે ધારણ કર્યા છે."

ભીષ્મા: "સાધુ! ખરો સાધુ! વીરને યથોચિત એવું વાક્ય."

રણ: "એક પ્રશ્ન પુછવા મ્હારી ઇચ્છા છે."

ભીષ્મા: "બોલો."

રણ: "સુરસુંદરી હમણાં ક્યાં છે?"

ભીષ્મા: "મ્હારા તાબામાં. અતિ ગુપ્ત આવાસમાં છે. જ્યાં સુધી આપ બાહુબળ વડે મલહરસિંહને કાશ્મીરના સિંહાસન પર નહિ બેસાડો, ત્યાં સુધી આપ તે અનુપમ લાવણ્યવતીને જોઇ શકવાના નથી."

રણ: "આપની એ આજ્ઞા અમાન્ય કરી શકતો નથી, પણ લોકને મુખે સુરસુંદરીની જે વાતો સાંભળવામાં આવી છે તેવી મ્હારી આંખોએ દીઠાથી મ્હને વધારે ખાત્રી થશે; અને આપની વાત પર વિશેષ વિશ્વાસ રાખવાનું મ્હને કારણ મળશે. એક વાર સાક્ષાત—."

ભીષ્મા: “ વારૂ. હું એક વાર તેની સાથે આપનો મેળાપ કરાવી શકીશ, કિન્તુ પ્રથમ આપને એક પ્રતિજ્ઞા કરવી પડશે. હું જે રીતે આપને ત્યાં લઈ જાઉં તે રીતે તે ઠેકાણે આપને આવવું પડશે. ”

રણ: “ કેવી રીતે આપ લઈ જવા ધારો છો ? ”

ભીષ્મા: “ આંખ પર પાટા બાંધીને. આપ પરમ દિવસે સંધ્યા સમયે લક્ષ્મીખાળની પૂર્વ બાજુએ આવેલા આ મકાનમાં મ્હારી રાહ જોજો, હું ત્યાંથી આપને લઇ જઇશ. આ પ્રમાણે કરવાનું કારણ એટલુંજ કે જ્યાં સુધી આપ કાર્ય સિદ્ધ ન કરી શકો ત્યાં સુધી આપને પ્રકાશ્ય રૂપે ત્યાં લઈ જઈ શકીશ નહિ. સુરસુંદરી હમણાં જે સ્થળે છે, તે સ્થળ મ્હારા સિવાય અન્ય કોઈ વ્યક્તિના જાણવામાં નથી.”

રણ: “ આપની આ સઘળી વાતને હું સંમતી આપું છું, કિન્તુ સુરસુંદરીની સાથે મેળાપ નહિ થાય તો હું સેનાપતિપદ ગ્રહણ કરી શકીશ નહિ.”

ભીષ્મા: “ તે સંબંધી મ્હારી એક વાત સાંભળો. રણજીતસિંહ, હમણાં રાજધાનીની પાસે પડાવ નાંખી રહ્યો છે, અને સાંભળવામાં આવ્યું છે કે આ અઠવાડીઆમાં તે નગરાધિકાર પ્રાપ્ત કરશે. આ વખતે અન્ય કામમાં વખત રોકવા જેવું નથી. સૈન્ય સજ્જીત કરી દુશ્મનો સ્હામે હલ્લો કરવો એ અમારૂં મુખ્ય કામ છે. મલહરસિંહે પચાસ હજાર કવાયદી અને પહાડી સૈન્ય એકઠું કર્યું છે. આપે ઇંગ્રેજ સૈન્યમાં વ્યુહ નિર્માણાદિ યુદ્ધ કરવાનું ઉત્તમ શિક્ષણ લીધું છે, માટે હવે વેળાસર સંગ્રામ કરવું એજ મંગળ. આપને સુરસુંદરી સાથે સાક્ષાતકાર કરવાની અપેક્ષા છે, પણ પરમ-દિવસે આપના નયન પાવન કરાવીશ.''

રણધીર: “ આપની આજ્ઞા શિરોધાર્ય.”

ભીષ્મા: “ આપનું લગ્ન થયું છે? ”

રણધીર: “ આચાર્ય ! લગ્ન થવાની વાત ચાલે છે પણ હજી થયું નથી. જો અત્રે આવવાનું ન બન્યું હત તો આ માસમાંજ ઘણું કરીને થઇ જાત.”

ભીષ્મા: “ કુમાર, બહુજ ઉત્તમ વાત બની કે આપનું અત્રે આવવું



થયું. આપને શું વર્ણવી બતાવું? આખા ભારતવર્ષમાં આ રમણી રત્ન જેવું એકેય કન્યા રત્ન પાક્યું નથી. આપ પૂર્ણ ભાગ્યશાળી છો. આપના ભાગ્યની રતિ બળિષ્ઠ છે. આપ નિશ્ચિંતપણે રહેજો કે, જો આપ ધારેલું કાર્ય પાર પાડી શકશો તો એ કન્યા આપનેજ વરશે. ”

રણ: “ આપની જેવી મરજી. આપ આચાર્યની આજ્ઞાને તાબે છું. ”

ભીષ્મા: “ મ્હારી પાછળ પાછળ ચાલ્યા આવશો ? ”

રણ: “ જેવી આજ્ઞા. ”

ભીષ્મા: “ સાવધાનપણે આવજો, હું આગળ ચાલું છું. ”

રણ: “ સાવધાન રહેવાનું પ્રયોજન ? ”

ભીષ્મા: “ રણજીતનું સૈન્ય ચારે દિશાએ ગુપ્ત રીતે રક્ષણ કરે છે. જો પકડાઇ જઇએ તો દુઃખ કુપમાં પડયા જાણજો. હું આ માર્ગે ચાલું છું. આપ બીજે માર્ગે ચાલ્યા જાઓ. ”

રણ: “ જેવી આજ્ઞા. ”

## પ્રકરણ ૧૬ મું.

## શિખરાજની છાવણી.

પેલા સિદ્ધના ગુણાનુગાન ગાતો, ક્ષુધા તૃષા નિવૃત દેવીસિંહ, પોતે શિખરાજની છાવણી નજીક આવેલો જોઈ બેહદ ખુશી થયો. દશે દિશાએ નજર નાંખી ખુશાલીના તાનમાં ઉન્મત્ત બની બોલવા મંડયો: “ વાહ ! ધન્ય છે ! નવખીલિત પુષ્પ ગુચ્છ રૂપી સ્તનોવાળી, કોમળ સુવર્ણરંગી આછા આછા સહજ રક્ત અંકુર રૂપી પહેરેલી કાંચળી-વાળી, વિશાળ કપોળ પ્રદેશ રૂપી સપાટ પટવાળી, કંઇક કંઇક સ્થળે દાડમ પુષ્પની ભાત જેવા ચાંલ્લાવાળી, નવવિકસિત ગુલાબ પાછળ વિંટળાઇ વળેલા નાગરૂપી ચોટલાવાળી, નવપલ્લવ શાખા રૂપ હસ્તવાળી, સફેદ રં-

ગનાં આકાશગામી વાદળો રૂપ વસ્ત્ર ધારણ કરેલી, સર્વેને સેવવા યોગ્ય સુવર્ણ શિલાના ભાગરૂપ નિતંબવાળી, સિંહ કટિના જેવી લંબાયમાન ભૂશિરોવાળી, મોતીની માળાઓ જેવા તરંગો રૂપી મુક્તાફળનાં તરંગોથી શોભિત નદીઓવાળી, અતિ સુરમ્ય, હરિણ રૂપી બાળકવાળી, લતારૂપી સહચરીઓવાળી, સંધ્યા સમયે પંકજમાં સપડાયા પછી પ્રભાતમાં છુટતા ભ્રમરો રૂપી આંખોવાળી, પ્રિય સમાગમ વખતે અધરામૃતથી છુટતા સ્ત્રાવરૂપ ઝરણાંવાળી, વિલાસ વખતે થતા ઝાંઝરના ઝણકાર રૂપી વૃક્ષોના હાલન ડોલનથી થતા નાદવાળી, હૃદયોલ્લાસથી કુદડી ફરતા દંપતિના કલ્લોલ રૂપી અગણિત પક્ષીઓના કલરવવાળી, પયોધર પર લટકતા ગુચ્છાવાળા હાર રૂપી પુષ્પથી શોભતી ભેખડોવાળી, રતિ સમયે શોભતા મુખ–કમળ રૂપી ખીલતા પદ્મનાં પુષ્પ યુક્ત સરવાળી, અને હજારો મંજરીઓના શણગારથી લચી દબાઇ જતી દેવાંગના રૂપ આ અમરભૂમિને વારંવાર નમસ્કાર કરૂં છું."

એટલામાં છાવણીના બારગીરે વેગળેથી કહ્યું: 'અ–યે આદમી, ખડા રહે.' એમ બોલી પાસે આવી દેવીસિંહને પકડયો.

દેવી: "ભાઇ જમાદાર! મ્હેં કંઇ ગુન્હો કર્યો નથી. હું તો વટેમાર્ગુ છું."

બાર: "તું વટેમાર્ગુ હોય એમ ત્હારા દેખાવ પરથી જણાતું નથી."

દેવી: "તમે મ્હને પકડી ક્યાં લઇ જશો?"

બાર: "શિખરાજ રણજીતસિંહ પાસે."

દેવી: "હું આવવા ખુશી છું. મ્હને છોડી દ્યો."

બાર: "બડા હરામી દેખાય છે. બચ્ચા, મુકી દઉં તો તો ન્હાસીજ જાય!"

દેવીસિંહ: અપમાનવાળાં વચન સહન કરી નમ્રતાથી બોલ્યો: "બકવાદ ન કરો. જેની પાસે મ્હને લઇ જવો હોય તેની પાસે ત્વરાથી લઇ જાઓ."

ફિસાદી સ્વભાવવાળા બારગીરે મિજાજ કરી દેવીસિંહને ધક્કો માર્યો; એટલે દેવીસિંહે તેને બાથમાં પકડી ભોંય પર પટક્યો. કચ્ચર થયેલા ગાત્રવાળા બારગીરે બૂમ પાડવાથી બીજા બારગીરો આવી પહોંચ્યા. તેમણે દેવીસિંહને બાંધી હજુરમાં ખડો કર્યો.



રણજીતસિંહે પુછ્યું: "તું કોણ છે? ત્હારો દેખાવ હિન્દુસ્તાની જેવો લાગે છે."

દેવીસિંહ નમન કરી બોલ્યો: "મહારાજ! આપનું અનુમાન ખરૂં છે. હું કોટાગિરિનો રહેનાર છું."

રણ: "હૅં! હૅં! તું ખરેખર કોટાગિરિનો રહેનાર છે? સાચું કહે. તું જાણે છે કે આ રણજીતસિંહ સાચાનો બેલી છે અને જુઠ્ઠાનો કટ્ટો દુશ્મન છે?"

દેવી: "મહારાજ! ખરેખર! હું કોટાગિરિનો રહીશ છું."

રણ: "બરોબર પરિચય મળતા સુધી ત્હારૂં બોલવું સત્ય માનું છું. અહિં આવવાનું ત્હને શું કારણ છે?"

દેવી: "યાત્રા નિમિત્ત."

રણ: "યાત્રા નિમિત્ત તું એકલો હોય નહિ. સાચું બોલ, નહિ તો એક ઝટકે બે કડકા કરીશ."

દેવી: "મહારાજ! મ્હને ઝટકાનો બિલકુલ ડર નથી. ઘણી વખત ઝટકા માર્યા છે ને વળી ખાધાય છે. તેની મ્હને ધાસ્તી—"

રણજીતસિંહ ધીરજથી બોલ્યો: "ત્યારે તું સરળતાથી સાચી વાત નહિ કહે?"

દેવી: "મહારાજ! ધીરજથી, સ્નેહથી અને સત્કારથી સાચી વાત આપના જાણવામાં આવશે."

રણ: "ખરી વાત કહેતાં ત્હને કંઇ હરકત છે? જો હરકત હશે તો ત્હને માફી બક્ષવામાં આવશે."

દેવી: "શિખરાજ! આટલી વય સુધી મ્હને હરકત નડી નથી, અને હવેથી મ્હને હરકત નડે એમ હું ધારતો નથી."

રણજીતસિંહે મનમાં વિચાર્યું કે: આ નિડર સાહસી આદમીને ધમકાવી પુછતાં તે ખરી વાત કહેનાર નથી. માટે જો તેની સાથે સ્નેહથી વાત કરીશું તોજ વાતનું રહસ્ય સમજાશે એવો નિશ્ચય કરી પુછ્યું: "ભાઈ! તું ક્યાંથી આવે છે? આવ, મ્હારી પાસે બેસ, અને હું પુછું તેનો ઉત્તર દેવો વ્યાજબી લાગતો હોય તો પ્રમાણિકપણે દેજે. હું ત્હને મ્હારો મિત્ર માની પુછું છું."

દેવી: “ મહારાજ ! જ્યારે આપ અંતકરણપૂર્વક મિત્ર માની પુછતા હો તો હું ખરી વાત કહેવા બંધાઉં છું, પણ પાછળથી મ્હારી કહેલી વાતનો ગેરઉપયોગ થશે તો ? ”

રણજીતસિંહ હસ્તે વદને બોલ્યો: “ ભાઈ ! નિડર રહે. સવિસ્તર હકિકત નિવેદન કર. ”

દેવી: “ આપ વિસ્મૃત થયા હશો, પણ હું સારી રીતે જાણું છું કે આપ પંજાબપતિ છો. જ્યારે પંજાબપતિ મ્હારી સાથે મિત્રભાવથી વર્તવા ઇચ્છા રાખે છે, ત્યારે તેમના પ્રમાણિકપણા પર વિશ્વાસ રાખી મ્હારે ખરી હકિકત નિવેદન કરવી જોઇએ એમ હું સમજું છું. સાંભળો મહારાજ ! હું કોટાગિરિના સરદારનો પુત્ર છું, અને કોટાગિરિના રાજકુમાર રણધીરસિંહ સાથે આ દેશમાં આવવા નિકળ્યો હતો, પણ માર્ગમાં એક જન માનવ રહિત વનમાં એકાએક કોઇના રડવાનો અવાજ કાને પડતાં પરમ દયાળુ રણધીરસિંહે મ્હને હુકમ કર્યો કે: આજુબાજુએ તજવીજ કર કે એ અવાજ ક્યાંથી આવે છે ? તેની શોધમાં વનમાં ફરતાં સંધ્યાકાળ થયો, એટલે એ તપોવનમાં ઘોર અંધકાર વ્યાપ્ત થઇ જતાં અગમ્ય માર્ગમાં મ્હને વાટ જડી નહિ; તેથી ભુલો પડયો. જ્યારથી હું ભુલો પડયો ત્યારથી આ દેશનાં વન, ઉપવન, અને પ્હાડ પર્વતોમાં કુમાર રણધીરસિંહને શોધતો ફરૂં છું, પણ તેમનો પત્તો લાગતો નથી. ”

રણજીતસિંહે વચ્ચેજ પુછ્યું: “ ભાઇ ! ત્હારૂં કહેવું ખરૂં છે. પણ આ દેશમાં તમારે આવવાનું પ્રયોજન શું ? ”

દેવી: “ અમારે આવવાનું પ્રયોજન માત્ર એક મનુષ્યનો પત્ર. ”

રણ: “ કોનો પત્ર ? ”

દેવી: “ હું બરોબર જાણતો નથી, પણ મહારાજ રણધીરસિંહ એમ વાત કરતા હતા, કે જો લાભ થશે તો ઠીક છે, નહિ તો દેશ જોઇને પાછા આવીશું. ”

રણ: “ તમારા કહેવાનો સ્પષ્ટ અર્થ શું છે તે હું સમજી શકતો નથી, માટે મ્હને સમજાવો. ”



દેવી: “ મહારાજ ! આ દેશમાં આવ્યા પછી રણધીરસિંહ મ્હારી સાથે રહ્યા નથી. તેમની શોધમાં ફરતાં કેટલાક માણસથી એમ જાણવામાં આવ્યું હતું કે કુમાર રણધીરસિંહને ખરી વાત ન કહેતાં અમુક લાલચ આપી શિખરાજ સામે યુદ્ધે ચઢવા બોલાવ્યા છે. ”

રણ: “ શું શિખરાજ સામે કોટાગિરિનો રાજકુમાર યુદ્ધે ? ”

દેવી: “ મહારાજ ! લોક વાત કરે છે, પણ સંભવ નથી. વખતે તેમને લોભમાં નાંખી બોલાવ્યા હશે, પણ ખરી વાત માલમ પડયા પછી તેઓ તે લોકનો સંગ રાખે તેવા સ્વભાવના નથી. ”

રણ: “ વારૂ. પછીથી જોઇ લેવાશે. તમે મ્હારી છાવણીમાં સુખેથી રહો અને મિત્ર ભાવથી વર્તજો. ”

દેવી: “ આપ શિખરાજ જ્યાં સુધી મિત્ર ભાવથી વર્તશો, ત્યાં સુધી આપનો આ સેવક તેજ ભાવે સેવામાં તત્પર રહેશે. ”

વાતચિત થઇ રહ્યા પછી શિખરાજ તંબુના અંદરના ભાગમાં ગયા અને જમાદાર ખુશાલસિંહને બોલાવી સર્વ બીનાથી તેને વાકેફ કરી દેવી-સિંહને જાપતામાં રાખી તેની પરોણાગત કરવાની આજ્ઞા આપીને ઢોલીઆ પર સુતા. હજુરીએ હુક્કો લાવી રજુ કર્યો. તે પીતાં પીતાં વિચાર તરંગમાં પડયો: “ અરે પેટ પાકે ત્યાં પાટો ક્યાં બાંધવો ? ભારતભૂમિના સ્વાર્થી દેશ દ્રોહીઓએ દેશનું સત્યાનાશ વાળ્યું છે ! તેઓ કાયર પુરુષ પેઠે નકામી ઇર્ષા કરી અંદર અંદર વઢી મરતા આવ્યા છે, અને હજી પણ તેઓ એ માર્ગેજ ચાલે છે. જો પોતાનાથી કંઇ બની ન શકે તો, પીવાય નહિ તો ઢોળી નાં-ખવું એ કહેતી પ્રમાણે દેશ–દુશ્મનના પાસામાં ભરાઇ, તેને ઉશ્કેરી પોતાના બંધુઓ સામે રણરંગ મચાવી રક્તથી ભૂમિ પ્લાવિત કરી તેમાંજ આનંદ માની લે છે ! આવાં ઘણાંક દૃષ્ટાંત ભારતવર્ષના ઇતિહાસમાં જણાય છે. આવા દેશાંગાર, કુલઘાતક પાપીઓએ દેશનો ઉદ્ધાર થવાનો વખતજ આવવા દીધો નહિ ! બેશરમ નર્કાધિકારીઓએ સ્વદેશને હમેશને માટે રડતો રાખ્યો ! પણ સંપથી એક બીજાને રહેવા દીધા નહિ ! જ્યાં સુધી આવા પાપીઓ આ ભૂમિ પર રહેશે ત્યાં સુધી એ ભૂમિ પરદેશી મુસલમાનોના પગ તળે કચ-

કાંઈ શેરડીના સાંઠા પેરે કુચા થઇ જશે! જે જે વખતે સ્વદેશ પર વિપદનાં વાદળો ચઢી આવેલાં, તે તે વખતે સ્વદેશ દ્વેષી પામરોએજ વિજાતિ પરદેશીઓને સ્વદેશનો માર્ગ દેખાડેલો! અરે! હાલીચાલીને માતૃભૂમિને સંતાપવામાં મદદ કરેલી! અને મદદના બદલામાં તેવા દેશ દ્રોહીઓને તો છેવટે જુતિઓજ મળેલી, છતાં બેશરમ દેશઘાતક પામરો પોતાની કુટેવ છોડતા નથી! કેટલા દાખલા આપું? દિલ્હીપતિ પૃથ્વીરાજની સામે પણ શાહાબુદ્દીન ઘોરીને મદદ આપી આ દેશમાં લાવનાર નફ્ટ, ઇર્ષાળુ, કુળકંટક નિમકહરામ, પેટપોષક અને સ્વાર્થી, નિષ્ઠુર હૃદયનો હાહુલીરાયજ હતો. તે દેશદ્રોહીએ ભારતવર્ષનું સમુળું સત્યાનાશ વાળ્યું! દેશની મહાન પવિત્ર ભૂમિ મુસલમાનોના પગ તળે નાંખી! નાંખી તે નાંખીજ! હજી પણ તેનો ઉદ્ધાર-મોક્ષ થતો નથી, અને આ કાળે થવાનો પણ નથી! જ્યાં સુધી દેશમાં સંપ નથી ત્યાં સુધી કદી શાંતિ થવાની નથી, અને એવા રાજાઓના હાથથી ભારતવર્ષનો મોક્ષ થવાનો નથી! અરેરે! દેશમાં તો સંપીને ન રહે તો એમના નામ પર ધૂળ નાંખી પણ વિદેશમાંય બાવળના કાંટા પેઠે આડે આવે! ભાઈ! રણધીર, કહે જોઇએ, મ્હેં તારૂં શું અનિષ્ટ કર્યું હતું કે તું મ્હારી સામે યુદ્ધે ચઢવા આવ્યો? હું તો માત્ર આ પવિત્ર દેશ-દેવતાઓનું નિવાસ સ્થાન, જે મુસલમાનોના પગ તળે ઘણા વર્ષથી પીલાતું હતું તેનો ઉદ્ધાર કરવા અર્થાત હિન્દુ રાજ સ્થાપવા ચઢી આવ્યો છું. એમાં ત્હને કંઈ લાભાલાભ હતો કે વગર વિચારે અહિં આવી હાજર થયો! જો હિન્દુ રાજાના હાથમાં રાજસત્તા હોત ને મ્હેં ચઢાઈ કરી હોત, તો ત્હારૂં કૃત્ય વ્યાજબી કહેવાત. વિનાપરાધે કોઇને કચડી મારતાને મદદ કરવી જોઇએ એ તો મનુષ્યનો ધર્મજ છે, પણ આ તો તેમાંનું કંઈ નથી. અકારણે તું દુશ્મનાઇ કરી સ્વદેશમાં કજીઓ કરાવવા આવ્યો. વગર સમજ્યું કરી લોભમાં પડશે તો પેટભરી પસ્તાશે. જ્યાં સુધી ત્હને હથિયાર પકડી મ્હારી સામે આવતો મ્હેં જોયો નથી ત્યાં સુધી તું નિરાપરાધી છે."

આવા વિચારમાં રણજીતસિંહના શરીરનાં રૂંવાટાં ઉભાં થઈ ગયાં હતાં, છતાં ધીરજ રાખી, મન શાન્ત કરી, વિરામ લેવાની તૈયારી કરતો



હતો, એટલામાં જમાદાર ખુશાલસિંહે ખબર આપી કે, એક સ્ત્રી આપને મળવા ઇચ્છે છે.

રણ: "બેલાશક, આવવા પરવાનગી આપો."

વિરોચિત હિમ્મતથી તંબુમાં પ્રવેશ કરતાં શિખરાજને પલંગપર બેઠેલો જોઈ નમન કરી મુક્ત કંઠે પ્રેતપ્રભા બોલી: "મહારાજ! સર્વે મનુષ્યો કહે છે કે કોઇના બધા દિવસ સરખા જતા નથી, પણ મ્હારૂં ભાગ્ય તેની સાક્ષી પુરતું નથી. પ્રભાકર જેમ ચિર દિનથી-માનવ જાતિના સ્મરણાતીત દિનથી-જેમ સમભાવે ઉદય પામે છે, તેમ મ્હારૂં ભાગ્ય પણ જન્મારાથી દુઃખ ભોગ ભોગવતું આવે છે! મ્હને બિલકુલ વિરામ નથી અને દુઃખ પડવામાં ખામી પણ નથી. તરંગ પર તરંગ-હજાર હજાર તરંગો, સાગરમાં તરતી ચાંદમારીઓ-પનાઇઓને-જેમ તળીઆમાં ડુબાવે છે, તેમ મ્હારૂં ભાગ્ય વારંવાર વિપદ તરંગમાં તરફડીઆં મારે છે! મહારાજ! શું એ તરંગ નિવૃત્ત નહિ થાય? ભૂધરની પાડોશમાં આશ્રય લેવા ભરાયા છતાં પ્રબળ વાયુ ઉરાડી મુકશે?"

રણ: "બાળા! તમે કોણ છો એ મ્હારે પ્રથમ જાણવું જોઇએ. તમારૂં નામ શું?"

પ્રેતપ્રભા: "ભૂદેવ! મ્હારૂં નામ પ્રેતપ્રભા છે. હું સુરના સરદાર બલેન્દ્રસિંહની પુત્રી છું."

રણ: "સરદાર બલેન્દ્રસિંહ હયાત છે?"

પ્રેત: "દેવ! જો તે હયાત હોત તો મ્હને આપનાં દર્શનનો લાભ મળત નહિ. તેઓ ઘણા વર્ષથી કૈલાસવાસી થયા છે."

રણ: "તેમને પુત્ર નથી?"

પ્રેત: "મહારાજ! તે માટે તેઓ કમનશીબ છે."

રણ: "ત્યારે તેમના વંશમાં બીજું કોઇ?"

પ્રેત: "મ્હારા કૈલાસવાસી પિતાને એક ભાઈ હતો. તેમનો પૃથ્વીસિંહ નામે એક પુત્ર હતો."

રણ: "તે શું કરે છે?"

પ્રેતઃ " મ્હારા પિતાની જાગીર પચાવી સરદાર મલહરસિંહની નોકરીમાં જોડાયો છે. "

રણુઃ " તમારે આવવાનું શું પ્રયોજન ? "

પ્રેતઃ " મહારાજ ! તે મ્હને ઘણી રીતે કનડગત કરે છે, હેરાન કરે છે. મ્હારે એક બ્હેન છે. તે મ્હારાથી મ્હોટી છે. તે મ્હને દિલાસો આપી દુઃખમાં ભાગ લેતી, પણ—"

રણુઃ " તે ક્યાં છે ? "

પ્રેતઃ " મ્હારા ભાગ્યની આપને શું વાત કહું? ભીષ્માચાર્ય નામનો એક સાધુ તેને પકડી ગયો છે. તેને દૈવ જાણે ક્યાં સંતાડી છે કે તેનો બિલકુલ પત્તો લાગતો નથી. મ્હને ધાસ્તી લાગી તેથી આપ દેવ પાસે આશ્રમ લેવા આવી છું."

રણુઃ " હું હમણાં ત્હને અભય આશ્રમ આપું છું. જ્યારે મ્હારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે, ત્યારે અવસ્ય ત્હારૂં ભાગ્યચક્ર ઋતુચક્રની પેઠે ફરી જશે. આ અઠવાડીઆમાં કાશ્મીર સર કર્યા પછી ત્હારા દુઃખનો અંત આવશે, અને પાપિષ્ટ ભીષ્માચાર્યને ભારે શિક્ષા ખમવી પડશે."

પ્રેતઃ " મહારાજ ! આપના બાહુ બળથી પંચનદ રાજ્ય—આખું હિન્દુસ્થાન—કંપે છે ! આપની તરવાર પાસે એ પાપાત્મા ભીષ્માચાર્યનું છળકપટ ટકવાનું નથી. તેના કટકા થઇ જશે એમાં કંઈ સંદેહ નથી. એજ આશાથી આ દેહનો જીવન દીપ પ્રજ્વલિત રહે છે."

રણુઃ " મ્હેં ત્હને જે પ્રમાણે બોધ આપ્યો છે, તે પ્રમાણે અવસ્થાન કરવા કહું છું. તું એક અઠવાડીઆ સુધી એ પ્રમાણે રહે. નિશ્ચય મ્હારી અગસ્ત રૂપ અસિ—તરવાર—ત્હારા દુઃખ—સિન્ધુનું શોષણ કરશે. "

પ્રેતપ્રભાને આ પ્રમાણે દિલાસો દઇ, રણજીતસિંહે, જમાદાર ખુશાલસિંહને તંબુનું રક્ષણ કરવાની સૂચના આપી.

" જમાદાર ! હવે કેટલા દિવસ આ દશામાં કહાડવા ? મ્હારો મત એ છે કે એકદમ શ્રીનગર પર હલ્લો કરી સરદારોને કબ્જે કરી લેવા. "

" મહારાજ ! કબ્જે કરવા એ કંઇ જેવું તેવું કામ નથી, કારણકે



તમામ રૈયત સરદારોની કુમકે ચઢવા તત્પર થઈ રહી છે. "

" વારૂ ઠીક, પણ એનો કંઈ ઇલાજ કર્યા વગર ચાલે તેવું છે ? એક દિવસ શિખ સૈન્યને જોખમમાં ઉતર્યા વગર ફતેહ થવાની નથી. 'હરકત ત્યાંજ બરકત.' કુમાર ખડગસિંહ, સેનાપતિ દિવાનચંદ, હરિસિંહ વગેરે મુખ્ય મુખ્ય વીર સેનાપતિયોને હજુરમાં હાજર થવા આજ્ઞાપત્ર મોકલો. તેમના આવતા સુધીમાં હું જરા વિશ્રાન્તિ લઉં. "

" યથાજ્ઞા. " કહી જમાદાર ખુશાલસિંહ આજ્ઞાપત્ર મોકલવા જતો હતો, એટલામાં કેટલાક બારગીરો એક માણસને બંદીવાન કરી સામે આવતા જણાયા.

બારગીરે કહ્યુંઃ " જમાદાર સાહેબ ! આ માણસ આપણી છાવણી પાસે થઇને જતો હતો, તેને પૂછ્યા છતાં કશો જવાબ ન દીધો, તેથી અત્રે પકડી લાવ્યો છું. "

" હજુરના તંબુ આગળ ઉભો રાખો. " એવી આજ્ઞા આપી જમાદાર આજ્ઞાપત્ર પહોંચાડવા ગયો.

જમાદારને વરદી આપ્યા પછી મહારાજને પથારીમાં કંઇ ચેન પડયું નહિ, તેથી તંબુની આડસરીમાં ટેલતો હતો. બારગીરોએ કેદીને વગર વિલંબે મહારાજ સમક્ષ રજુ કરતાં કહ્યુંઃ " પૃથ્વીનાથ ! આ માણસે આપણા સૈન્યના બે બારગીરોને ઘાયલ કર્યા છે. એ ભરોંસો રાખવા લાયક નથી. બડો લડવૈયો છે. તેને મહા મુશીબતે પકડયો છે. જુઓ કૃપાનાથ ! અમારે શરીરે કેટલા ઝટકા લાગેલા છે."

આ સાંભળી રણજીતસિંહે રણધીરને પુછ્યુંઃ " તમે કોણ છો ? "

રણધીરઃ " મ્હારૂં નામ રણધીરસિંહ. રસ્તે જતાં પહેરેગીરોએ મ્હને અસ્ત્રધારી દેખી મહારાજ પાસે લાવ્યા છે. "

સહજ કટાક્ષથી રણજીતસિંહે પુછ્યુંઃ "તમે ક્યાં જતા હતા ?"

રણધીરઃ "હું મ્હારા કાર્ય માટે જતો હતો, ત્યાંથી આ પહેરેગીરોએ મ્હારી પાછળ હલ્લો કર્યો. મ્હેં મ્હારા બચાવ માટે તેમને વાર્યા છતાં તેમણે માન્યું નહિ, તેથી તેમની સાથે મ્હારે દ્વંદ્વ યુદ્ધ કરવાની જરૂર પડી.

મહારાજ! પહેરેગીરના બળથી હું પકડાયો નથી, પણ તેઓનો નાશ ન કરવો એમ ધારી તેમની સાથે આવ્યો છું."

રણજીતઃ "બારગીરો! તેમને છુટા કરી તમે તમારે કામે જાઓ."

રણધીરઃ "સૌભાગ્યક્રમે આજ મહારાજનાં દર્શનનો લાભ થયો; તેથી હું ઘણો ખુશી થયો છું. આપનું પરાક્રમ, અને આપનું બાહુબળ સમસ્ત ભારતવર્ષમાં વિદિત છે. જનમંડળ કહે છે કે, આપ માત્ર ખાલસા સૈન્યની સહાયથી જય લક્ષ્મીનો લાભ મેળવો છો. પરંતુ તેમ માનવામાં તેમની સમજ ફેર છે. એ તો આપના બાહુબળનોજ પ્રતાપ છે."

રણજીતઃ "મલયમારૂત જેમ વસંતઋતુના પ્રવેશનો પરિચય આપે છે, તેમ એ સર્વ આપની વિજ્ઞતા, વિચક્ષણતા અને વીરત્વનો પરિચય આપે છે. વીરને જેમ વીર શત્રુ હોય છે, તેમ વખતે વીર એ વીરનોજ મિત્ર થાય છે. આજથી હું તમને પરમ મિત્ર માનું છું. આતિથ્યનો સ્વીકાર કરશો એવી મારી પ્રાર્થના છે."

રણધીરઃ "આપના આતિથ્યનો સ્વીકાર કરવો એ પરમ સૌભાગ્યની વાત છે. પંજાબપતિના આતિથ્યનો અસત્કાર કરનાર આ જગતમાં કોણ છે?"

રણજીતઃ "તમારી મ્હારા પર કૃપા છે એમ સમજું છું. વારૂ, આવા વિકટ માર્ગવાળા ભયાનક વન, પશુથી ભરપુર પ્રદેશમાં એકલા શા નિમિત્તે આવવું થયું?"

રણધીરઃ "મહારાજ! મ્હારા દુઃખની વાર્તા કહી જાય તેવી નથી. મ્હારી સાથે એક મ્હારો પરમ મિત્ર હતો, તેને મ્હેં પાસેના વિરાંગ નગરના વનમાં ગુમાવ્યો! તેની હરેક પ્રકારે તપાસ કરી, પણ અદ્યાપિ તેનો કંઈ પત્તો લાગતો નથી. આ વિપદનું મૂળ મ્હારો લોભ! હું એક સાહસિક પરિચયવાળા સાધુના પત્રથી અત્રે આવી ફસાયો છું. હવે તેના પાસમાંથી મુક્ત થવા ઉપાય શોધું છું."

રણજીતઃ "રાજકુમાર! તમે ગભરાશો નહિ, તમારો મિત્ર આરોગ્ય છે. તે તમને થોડા દિવસમાં આવી મળશે, પણ શિખરાજ તરફ તમે જો મિત્ર ભાવથી વર્તશો તો તેના મેળાપનો તમને વહેલો લાભ મળશે."



રણધીરઃ "આપનો ઘણો આભારી છું. મ્હને આશા છે કે મ્હેં એક અનાથ બાળાને દુષ્ટના દમનથી બચાવી છે, અને તેને બચાવવામાં મિત્ર ગુમાવ્યો છે, તો દયાળુ પરમાત્મા તેને મેળવવાની કૃપા કરશેજ."

રણજીતઃ "તે અનાથ બાળા કોણ હતી?"

રણધીરઃ "એક કૃષક બાળા."

રણજીતઃ "તેને દમનાર કોણ હતા?"

રણધીરઃ "લૂંટારાઓ હતા. તેઓને દ્વંદ્વયુદ્ધમાં ઠાર કર્યા. પણ એક જણ તકનો લાભ લઈ ન્હાસી છુટયો. તેને હું દીઠે ઓળખું છું. મહારાજ! આપને પુછું છું કે આ કોણ છે?"

રણજીતઃ "તે મ્હારી આત્મીયા નથી, તેમજ સ્વજાતિ પણ નથી. કિન્તુ હું એના પર મ્હારી કન્યા કરતાં વિશેષ સ્નેહ રાખું છું. તે પણ મ્હને પિતા તુલ્ય માને છે. મ્હારા સમગ્ર સૈન્ય મધ્યે એવો કોઇ નથી કે એના માટે પ્રાણ આપવામાં પાછી પ્હાની કરે."

રણધીરઃ "હું ધારૂં છું કે, આપ કાશ્મીર દેશના કોઈ કુલિન ગૃહસ્થની તનયા હશો. આપનું વિમળ વર્ણ અને વિચિત્ર મૂર્તિ એ વાતની સાબિતી આપે છે."

પ્રેતપ્રભાઃ "આપનું અનુમાન ખોટું નથી. ભારતમાં જે પ્રદેશ સકળ વિષયમાં અમરાવતી સદશ છે, જે પ્રદેશમાં પ્રકૃતિદેવી સકળ ઋતુઓમાં પરમ રમણિય મૂર્તિ ધારણ કરે છે, તે કાશ્મીરમાં મ્હારો જન્મ છે. મ્હારૂં નામ જાણવાની આપને ઇચ્છા હોય તો મ્હારૂં નામ પ્રેતપ્રભા છે."

રણધીરઃ "પ્રેતપ્રભા! એ કેવું નામ? તમારા જેવી વિશ્વમોહિની રમણીનું આવું નામ એ વિચિત્ર વાત?"

પ્રેતઃ "આથી ગભરાશો નહિ. ખરેખર મ્હારૂં નામ પ્રેતપ્રભા છે."

રણજીતઃ "એ સત્ય કહે છે. કિન્તુ એ નામ કેમ પાડવામાં આવ્યું, કોણે એ નામ પાડયું, નામ પાડવામાં શું ગુઢ અર્થ છે, એ સર્વ વાતનું રહસ્ય સમયે સ્પષ્ટ થશે. એ સંબંધી એમને એક પણ પ્રશ્ન હાલ પુછશો નહિ."

રણધીરઃ " ક્ષમા કરો. પ્રથમ મેળાપમાં એટલું બધું સાહસ કર્યું, એ મ્હારા જેવાને શોભે નહિ."

રણજીતઃ " રાત વીતી છે. ચાલો શયન ખંડમાં જઇએ."

રણધીરઃ " યથાજ્ઞા. પ્રભાતમાં કાર્ય નિમિત્તે પરવાનગી મળવા મ્હારી પ્રાર્થના છે."

રણજીતઃ " મરજી પ્રમાણે થશે."

## પ્રકરણ ૧૭ મું.

### સુરપ્રભાનું હરણ.

પ્રેતપ્રભાને જોઈ ત્યારથી રણધીરસિંહના મનમાં કંઇનું કંઈ થતું હતું. અર્ધ રજની ગત થયા છતાં તેની આંખો, પ્રેતપ્રભાના વિદ્યુતવર્ણા નેત્ર કટાક્ષથી ફાટી ને ફાટી રહી હતી. મીંચી મીંચાય નહિ. મીંચવા જાય તો વક્ષઃસ્થળ પર તે મોહિની મૂર્તિ તાદ્દશ થાય. તે મનમાંજ બોલવા લાગ્યો. ધન્ય સરજનહાર ! ત્હેં ખરેખર આ અમરાવતી જેવા દેશમાં સાક્ષાત અપ્સરાઓ સજી છે ! વાહ પ્રેતપ્રભા ! મ્હને લાગે છે કે ત્હારૂં નામ પાડનારે બહુ ચાતુરી વાપરી જણાય છે. ત્હારા સ્વરૂપ પ્રમાણે નામ પાડવામાં આવ્યું હોત તો બેલાશક ત્હને કોઇ પાપિષ્ટની દૃષ્ટિ લાગત ! અહા ! કેવો મનોહર બાંધો ! રૂપની શી બહાર ! જાણે સ્થિર સૌદામિની ! જાણે ચંપક પુષ્પની કોમળ કળી ! જાણે દૂધમાં અળતાનો ગોળો ! જાણે વસંતકાળના કાચા ઘાસનું કાચું કુમળું પાનું ! જાણે ખીલેલા કમળના પુષ્પ જેવી છટા ! જાણે બસરાઇ ગુલાબ પુષ્પના રૂપની શોભા ! અહા ! ત્હારા મુખની શોભા પર વારી જાઉં ! કેવી ભમરો ! કેવાં લોચન ! કેવા કર્ણ ! કેવી નાશિકા ! કેવું કપાળ ! કેવા અધરોષ્ઠ ! કેવી હડપચી ! તમામ અવિચ્છિન્ન, આનંદિત, ઘટાદાર, સુસંસ્થાપિત ! આવું મુખ મ્હેં કોઈ વખત



દીઠું નથી. શું તેનાં તરલ નયનનો મધુમય ભાવ ! કપોલની કેવી સુંદર શોભા ! મસ્તક પરનો સુદીર્ઘ કેશપાશ જાણે અષાઢ માસના નવીન મેઘની નવીન કાન્તિ. વળી હૃદય સર્વ કરતાં વધુ શોભાયમાન. એક પદ્મનાળે બે સુનિર્માણ સુકોમળ, મનઃપ્રાણ વિમોહન કમળ-કલિકા, હૃદય સરોવર પર પ્રકાશી રહી છે. તેની બાજુએ કમળનાળ જેવા બે સુગોળ સુકોમળ ભુજ! તેની આંગળીઓને કોઇની તુલના આપી જાય તેમ નથી. કરતલ લાલ કમળને લજાવે એવા છે. કટિદેશ એક મુઠ્ઠીમાં પકડયો જાય તેવો છે. એ નવીન લલનાના મનોહર નિતંબ જોઇ મુનિ પણ મુઝાય! જાંગો સર્વ કરતાં વિશેષ પ્રીતિકર. બંને ઉરૂને માટે અન્ય ઉપમા નથી. બંને નાજુક ચરણ નાજુક કદળી સ્તંભને લજાવે એવા ! કંઠસ્વર, કોયલના કંઠથી નિકળતા મિષ્ટસ્વર જેવો સુમધુર. જ્યારે આ રમણી આવી સુંદર છે, ત્યારે પેલી ભારત વિદિત લલના સુરસુંદરીના રૂપમાં શી મણા હશે ? કૃષક બાળા જોઇ, પ્રેતપ્રભા દીઠી, હવે ગમે તેમ કરીને સુરસુંદરીનાં દર્શન કરવાં તો ખરાં." આ પ્રમાણે પ્રેતપ્રભાના રૂપ રૂપી મોહપાશમાં પડેલા રણધીરસિંહ પર નિન્દ્રાએ ધારણ નાંખ્યું.

ભીષ્માચાર્યે મોકલેલો સુરેન્દ્રસિંહ, સુરપ્રભાનું હરણ કરવા સારૂ કેટલાક સૈનિક લઈ શિખરાજની છાવણી નજીકના વનમાં લાગ શોધતો ભરાઇ રહ્યો હતો, તેણે નારીનો વેશ લઇ શિખરાજની છાવણીમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતી વખતે બે સૈનિકોને તાડખુ રાખી અંદર અંદર વાત કરવા લાગ્યોઃ-

" તમારી વાત પર મ્હને વિશ્વાસ આવતો નથી."

બીજાએ જવાબ દીધોઃ " કેમ ?"

" યાર ! રણજીતસિંહ મહા પરાક્રમી અને બળશાળી છે, પણ કાસ્મીર દેશ જીતવો બડો દુષ્કર છે. એક વાર એ કાસ્મીર દેશ જીતવા સારૂ આવી ચઢ્યો હતો, પણ એને અપમાન પામી પાછું ફરવું પડયું હતું, તે કંઈ એ ભૂલી ગયો હશે ? હમણાં દરેક કાસ્મીરવાસી હાથમાં તરવાર પકડી જન્મ ભૂમિનો ઉદ્ધાર કરવા સારૂ અહો રાત્રિ ખડા રહે છે, છતાં શું રણજીતસિંહ કાસ્મીર દેશમાં પોતાની ધ્વજા ચઢાવી શકશે ?"

બીજા સૈનિકે મુખ મલકાવી કહ્યુંઃ "બધા દિવસ કોઇના સરખા જતા નથી.

રણજીતસિંહની તે વખતની અવસ્થા સાથે હાલની અવસ્થાની સરખામણી થાય તેમ નથી. રણજીત જેવો પોતે નરસિંહ છે, તેવાજ તેના પ્રત્યેક સેનાપતિ અને પ્રત્યેક સૈનિક, સિંહના જેવા પરાક્રમી છે. તે દિવસે સંગ્રામમાંથી મુસલમાન સેનાપતિ જબરખાં, પોતાનો જીવ લઇ પલાયન કરી ગયો તે ત્હેને યાદ નથી ?"

"તેમ હોય તોપણ તું એમ જાણીશ નહિ કે સહજમાં રણજીતસિંહ આપણા પગમાં પરાધિનતાની બેડી પહેરાવી શકે. જ્યાં સુધી કરમાં તરવાર રહેશે અને જ્યાં સુધી દેહમાં જીવ રહેશે, ત્યાં સુધી કાશ્મીર દેશ પર હિન્દુ રાજપતાકા ઉડાડવા ચેષ્ટા કરશે."

"ભાઇ! જન્મ ભૂમિની દુર્ગતિ કરવી એ કોણ ઇચ્છે ? વળી જય-લક્ષ્મી કોના ભાગ્યમાં ક્યારે જોડાશે, તે કંઈ કહી શકાય ? જે કાશ્મીર ભારતવર્ષના નંદન કાનન સ્વરૂપ-પ્રકૃતિની ક્રિડાભૂમિ સ્વરૂપ-વિદિત, તે કાશ્મીર લાંબા કાળ સુધી મુસલમાનોના પગથી દલિત થતો હતો ! હવે તે મુસલમાની બાદશાહ ન્હાસી છુટયો છે; પરંતુ કોણ કહી શકે છે, કે યવન રાજાના પદભ્રષ્ટ થયા પછી આ વખતે તે શિખરાજની અધિનતાની બેડીથી નહિ બંધાશે ? ભાગ્યની રતિ સહજ બગડી તો પછી ત્હેને સુધરતાં વાર થાય છે. મલહરસિંહ પરાક્રમી છે અને તમામ હિન્દુઓ જન્મ ભૂમિનું રક્ષણ કરવા યત્નવાન છે ખરા, પણ ભાગ્યમાં શું છે તે કળી શકવું મુશ્કેલ છે ! **न जाने जानकीनाथ प्रातःकाळे किं भविष्यती.** ઘડી પછી શું થશે તે નક્કી કહી શકાતું નથી."

"ભાઇ, ભાગ્યની વાત જવા દો. સંગ્રામ સંબંધમાં ભાગ્ય-બળ ખાટી જતું નથી. કાયર, નિર્બળ, અને પરાક્રમહીન મનુષ્યો, ભાગ્ય ઉપર ભરોંસો રાખી બેસી રહે છે ! સાંભળો, આપણો સરદાર, ભીષ્માચાર્યને લીધે ભાગ્ય-વાદી થયો છે. તમારી ઇચ્છા પણ તેના જેવી છે તો હું પણ તેની સાથે જન્મારો દાસત્વમાં કહાડીશ. ભલે, ગમે તેમ થાઓ. પણ સુરેન્દ્રસિંહ હજી કેમ ન આવ્યા ? તેમને ગયે બહુ વાર થઈ."

"ઇશ્વર જાણે. રણજીતની તરવાર તેના લોહીમાં સ્નાન કરતી તો નહિ હોય ?"



"ના ભાઈ, હરિ કરે ને સુરેન્દ્રનો દેહ રણજીતની તરવાર તૃપ્ત કરવાનું સાધન ન બને ! તેનું નામ જેવું સુરેન્દ્ર છે તેવોજ તે કાર્ય કરવામાં સુરે-ન્દ્ર છે. તે જે કાર્ય કરવા ગયો છે, તે કાર્ય કરવા કોઇ પણ માનવી હિમ્મત પકડી આગળ થાય તેમ નથી. કદા દુશ્મન રણજીતના તંબુમાં, હથિયાર વગર, નારીવેશ ધારણ કરી પ્રવેશ કરવાનું સાહસ તો એજ કરે. બીજો કોણ કરે ?"

"સુરેન્દ્ર વાસ્તવિક રીતે જોતાં તો સાહસિક છે, પણ તેનું કાર્ય થાય તો મંગળ."

જે વખત સુરેન્દ્રસિંહે તંબુમાં સુરપ્રભાના ખંડમાં આસ્તે પગ મુકી ચારે તરફ અવલોકન કરવા માંડયું, તે વખત નિરાપરાધી સુરપ્રભા ચંદનના પલંગ પર, જરીની ઝાલરવાળા, આછા ઓછાડથી ઢાંકેલી કીરમજી રંગની મખમલની ગાદી પર, માનસરના જેવી નિર્મળ હથેળી પર, ગુલાબી ગાલ ગોઠવી શાન્ત નિદ્રામાં દમ લેતી હતી. હથેલી અને ગાલ વચ્ચે દબાયલું કર્ણકુલ ઝળકતું હતું. સામી બાજુએ દીવી પર દીવો બળતો હતો, તેને સુરેન્દ્રે ધીમો કરી અવળે મુખે કર્યો. આ વખતે સુરપ્રભાએ પાસું ફેરવ્યું. પાસું ફેરવ્યું તેજ વખતે સુરેન્દ્ર પલંગ નીચે સંતાયો. તે સહજ ગભરાયો પણ હિમ્મત રાખી મનમાં વિ-ચારવા લાગ્યો: "અરે ! મ્હારા જેવો કોઈ ગમાર હશે ? વગર વિચારે સિંહના મુખમાં કોણ માથું ઘાલે ! આ કષ્ટની વાત કંઈ ગુરૂ ભીષ્માચાર્ય જાણતા હશે ? હા, હવે દમ લેવા લાગી ખરી. શું એનું રૂપ ! કેશપાશ છુટી જવાથી વિખરાઇ ગયેલા ચોટલામાં જૂઇની કળીઓ ભરાઈ ગઈ છે. ગળે પહેરેલો હાર એક બાજુ થઈ ગયો છે. વિશાળ આંખો અર્ધ ઉઘાડી છે. મુખ ખિલેલા કમળ પેઠે હસતું દેખાય છે. લાવને, હવે બહાર નિકળી તેને ઉચકી ચાલ્યો જાઉં. બીજું કોઈ અહિં દેખાતું નથી." એમ વિચારી તે પલંગ પાસે આવી ઉભો. વળી વિચારમાં પડયો: "વખતે સુરપ્રભાને બદલે કોઈ દેવી હોય ને અડકતાંજ બાળી ભસ્મ કરે તો શી વ્હલે ? ગમે તેમ થાય પણ ગુરૂ ભીષ્માચાર્યની આજ્ઞા છે, તે લોપાય કેમ ? લીધા વગર તો જવું નહિ. આવી સ્ત્રી જેને પ્રાપ્ત થાય તેના સંસારને ધન્ય છે. ભીષ્માચાર્ય મ્હને મ્હારી

મહેનતના બદલામાં એનેજ આપે તો મ્હારા જેવો બીજો ભાગ્યશાળી કોઈ નહિ. તેના રૂપમાં કંઇ મણા નથી. સાક્ષાત અપ્સરા જેવી છે. તેની ચંપકવર્ણી આંગળીના નખ તે જાણે ઝરણાં પરણાંના હીરા ! નવ–વિકસિત નલિની જેવું તેનું સરસ મુખ. સુરેન્દ્ર તેના પર મોહ પામ્યો. ઉન્મત્ત થયો. તેણે તેને ઉપાડી જવાનો નિશ્ચય કરી, આકાશમાં ચમકતા તારા જેવું વાદળી રંગનું કસબી બુટ્ટાનું ઓઢણું કમ્મર પાછળ વિંટાઇ જઇ પડયું પડયું ઉછળતું હતું, તેનો છેડો લઇ તેના મુખ ઉપર નાંખી, એક હાથ ગળે અને એક નિતંબ નીચે ઘાલી, ઉંચકી ખભા પર નાંખી ચાલવા માંડયું. તેણે કહ્યું: “ખરેખર લોકો કહે છે કે પદ્મિની સ્ત્રીઓમાં ભાર નથી હોતો એ વાત ખરી. મુગ્ધાવસ્થા ઓળંગી પ્રૌઢાને પ્રાપ્ત થતી આ સ્ત્રીમાં ફક્ત આટલોજ ભાર ! મ્હને તો માત્ર ગુલાબના ગુચ્છાદાર હાર જેટલો તેનો બોજો લાગે છે.”

આ પ્રમાણે સુરેન્દ્ર પોતાનું કાર્ય સાધી શિખરાજના તંબુ બહાર નિકળી ઝપાટાબંધ ચાલવા લાગ્યો.

તે માર્ગમાંજ હતો પણ તેના મિત્રો તેની વાટ જોતા બેઠા બેઠા વાતો કરતા હતા.

“અલ્યા ઢોકળસિંહ ! હજી સુરેન્દ્ર કેમ ન આવ્યા ? ચાલ, જોઇશું ? પકડાઇ ગયા તો નહિ હોય ?”

“એ મ્હારૂં કામ નહિ. આપણે તો અહિંજ બેસવાના. ત્હારે તો રાંડનારી નથી, ને હું તો હમણાંજ પરણ્યો છું.”

“આમ શું નાદાની કરે છે ?”

“ત્હારે બહાદુરી બતાવવી હોય તો જા. તેં હજી શિખડાઓનાં ચક્કર નથી દીઠાં ? જો તેના પંજામાં પડયા તો આપણને વરૂની પેઠે પીંખી નાંખશે. એક ઝટકે બે ધા.”

“જા નિમકહરામ, આવી નોકરી કરતા હઇશું ?”

“ભાઇ, તું શૂરો છે તો જા, ના કોણ કહે છે.”

“અલ્યા–પેલું કોક આવે છે ખરૂં. અનાદિનાથ કરે ને સહિસલામત આવે.”

“હા એ સુરેન્દ્ર જેવી ઝડપથી કોઈ ચાલતું આવતું જણાય છે.”



“મ્હને તો અંધકારમાં કંઈ દેખાતું નથી.”

એટલામાં ખભે નાંખેલી સ્ત્રી લઇ નારી વેશે સુરેન્દ્ર આવી પ્હોંચ્યો. તેને જોઇ ઢોકળસિંહ બોલ્યો: “ધન્ય સુરેન્દ્ર ! ધન્ય તમારૂં પરાક્રમ ! ધન્ય તમારૂં સાહસ !”

સુરેન્દ્રસિંહ: “ભાઇ ! જ્યાં સુધી હું આ સ્ત્રીને પ્રભુ ભીષ્માચાર્યના ચરણમાં અર્પણ કરી શકું નહિ, ત્યાં સુધી ધન્યવાદ સ્હાતો નથી. જે ભીષ્માચાર્યની મંત્રણાથી આ નારી વેશ ધારણ કરી હું એને દુશ્મનના તંબુમાંથી હરણ કરી લાવવા સમર્થ થયો છું, તે ભીષ્માચાર્યને ધન્યવાદ આપો. હવે આ સ્થળે વખત ગાળવાનું પ્રયોજન નથી. જો કદી રણજીતના અનુચરો આવી પહોંચશે, તો આપણે બધા વિપદમાં પડીશું.”

ધનુ: “ખોટું નહિ. આ રમણીને મુખ બંધન કરવાથી મૂર્છા આવી છે. એ આવી અવસ્થામાં બહુ વખત રહેશે તો રસ્તામાં પ્રાણ ત્યાગ કરશે એનો કંઇ વિચાર ?”

સુરેન્દ્ર: “થોડેક દૂર જઈ વિશ્રામ કરીશું. ત્હને કોઇના પગના ધબકારા સંભળાય છે ? હું આને હવે નીચે મુકું છું. તમે જાળવજો.”

આ પ્રમાણે વાત કરતા ચાલતા હતા, એવામાં પ્રચંડ વાયુના વેગની પેઠે દોડતે ઘોડે રણધીરસિંહ આવી પહોંચ્યો.

“કોણ તું ?”

“તું કોણ ?”

“આ તરવાર ત્હને મ્હારૂં પિછાન આપશે.”

“વીર ?”

“હા.”

“પ્રાણની આશા રાખે છે ?”

“મ્હારા હાથમાં જ્યાં સુધી તરવાર છે ત્યાં સધી મ્હારો પ્રાણ વિનાશ કરે તેવું કોણ છે ?”

“ત્હારો સોબતી કોઈ છે ?”

“રણધીર સોબતીની અપેક્ષા રાખતો નથી.”

" હાં–રણધીર ! તું શું ઇચ્છે છે ? "

" આ તરવારને ત્હારા રક્તમાં સ્નાન કરાવવા ઇચ્છું છું."

" આટલું બધું સાહસ ? " એમ બોલી સંગી પાસેથી હાથમાં તરવાર લીધી."

" દુષ્ટ, જ્યાં સુધી રણધીરસિંહ, રણજીતસિંહના તંબુમાં અતિથિ તરીકે છે, ત્યાં સુધી તેની આશ્રિતા અબળાનું અપહરણ થવા દેશે ? આવ દુષ્ટ, તરવારને ત્હારા રક્તથી સ્નાન કરાવું." એમ બોલી ધનુને એક ઝટકે પૃથ્વી પર નાંખ્યો, એટલે ઢોકળસિંહ નાસી છુટયો. તેની પાછળ દોડતા સુરેન્દ્રને એક લાત મારી ભૂમિગત કર્યો.

દુશ્મનોને દૂર કરી શાન્તપણે રણધીર બોલ્યો: " આ શું ! આ પ્રેતપ્રભા ! હા ! કેવી દુર્ભાગ્ય ! તારશૂન્ય વીણા ! દેહમાં પ્રાણ નથી. કેવો પરિતાપ ! ના કંઇક નિશ્વાસ નાંખે છે. પ્રબળ વાયુથી ફુલ ફુલેશ્વરી જેમ જળમાં વદન છુપાવે છે, તેમ પાપીના પીડવાથી આ કનક કમલિની પણ મૂર્ચ્છિત થઈ છે. ના આ પ્રેતપ્રભા ન હોય. ખરૂં છે ! શું મ્હને ભ્રાન્તિ તો ઉત્પન્ન થઈ નથી ? આ પ્રેતપ્રભાજ છે. એ અમૃતમય મુખમંડળ. એ પ્રેમમય જ્યોતિ. એ બાળ સૂર્યોદય જેવા અધરોષ્ઠ, એ સુકોમળ બાંધો. તેજ આ પ્રેતપ્રભા ? હા, નિશ્ચય પ્રેતપ્રભા છે. નહિ ! ના એ નહિ ! આ તો કોઇ અન્ય સ્ત્રી જણાય છે. પ્રેતપ્રભાનો કેશપાશ અસ્તાચળ ચૂડાવલંબી રક્ત સૂર્ય જેવો હતો, અને આ કેશ જે દૃષ્ટે જોઉં છું તે રાત્રિના અંધકાર કરતાં પણ કાળા છે ! કેવું વિચિત્ર ! એવુંજ રૂપ, એવોજ શરીરનો બાંધો, એવાંજ ભ્રુકટાક્ષ. બીજું સર્વ એવુંજ છે, પણ માત્ર કેશમાં ફેર છે ! કેવું આશ્ચર્ય ! આવો બનાવ મ્હારી જીંદગીમાં દીઠો નથી તેમજ સાંભળ્યો નથી. માયાની છલનાથી શું મ્હારી દૃષ્ટિ ભ્રાન્તિવાળી થઇ છે ? ના, એમ કેમ બને ? આ તો નહિ દીઠેલી વાત !" એમ બોલી તેને જરા પવન નાંખવા લાગ્યો. જેમ મલયાનીલ મધુર વસંતના આગમનની ખબર આપે છે તેમ લલનાનાં પોયણ પાંખડીસમ બંને નયન જ્ઞાન પ્રાપ્ત થવાથી સહજ ઉઘડયાં, એટલે રણધીરે કહ્યું: " તમે ગભરાશો નહિ. હું તમારો શુભેચ્છક છું. "



સુરપ્રભા: " આપ મ્હારા જીવન રક્ષક છો. આ જન્મે આપનું ઋણ પતાવી શકવાની નથી, પણ હમણાં અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. મ્હને લાગે છે કે આપ મ્હારા પરિચયવાળા છો. "

રણ: " તમે શું મ્હને ઓળખ્યો ? "

સુર: " હા, આપ વીરવર રણધીરસિંહ. જો કે આપે મ્હને દીઠી નહિ હોય, પરંતુ આપ જે વખત મહારાજ રણજીતસિંહ અને પ્રેતપ્રભા સાથે વાતચિત કરતા હતા, તે વખતે આપની ઉદાર મૂર્તિ જોઈ દર્શનાશા તૃપ્ત કરી હતી. "

રણ: " પ્રેતપ્રભા સાથે તમારે કંઈ સંબંધ છે ? "

સુર: " તે મ્હારી સહોદરા છે. "

રણ: " ખરી વાત કહે છે. પ્રથમ તમનેજ પ્રેતપ્રભા સમજ્યો હતો. વાસ્તવિક રીતે તે અંગ, તે સ્વરૂપ, તે વદન, તે બાંધો, તેજ વેશ, માત્ર એક કેશમાંજ જુદાપણું દેખાતું હતું. બે સહોદરના રૂપમાં આવી અભિન્નતા મ્હેં આ જગતમાં જોઈ નથી, તેમ સાંભળી નથી. વિધિનું એ વિચિત્ર વિધાન છે. તમે બંને એક કમળ નાળનાં અભિન્ન યુગલ કમળ. સુંદરી ! આ અંધારી રાત્રિમાં અગમ્ય શિખ તંબુમાંથી એ પાપી શી રીતે તમારૂં અપહરણ કરી લાવ્યો ? "

સુર: " વીરવર ! નજીકના ગામમાં મ્હારી એક સહચરી છે, તેના જેવો વેશ ધારણ કરી પાપીએ તંબુમાં પ્રવેશ કર્યો, અને મ્હારે મુખે ઓઢણી બાંધી ખાંધે નાંખી નિકળ્યો. ત્યાર પછી શું થયું તે મ્હારા જાણવામાં આવ્યું નહિ. હું તો ભરનિદ્રામાં હતી, પણ આપ આટલી રાત્રે આ સ્થળે ક્યાંથી આવ્યા તે જાણવાની ઇચ્છા છે."

રણ: " સુંદરી ! તમે જાણો છો, હું કાશ્મીરમાં કદી આવ્યો નથી. આ મ્હારૂં પ્રથમજ આવવું થયું છે. કાશ્મીર પ્રકૃતિ દેવીની લીલા ભૂમિ કહેવાય છે. હરિમુખ પર્વત પર ચઢી જોવાથી તે પ્રકૃતિ દેવીની અનુપમ લીલા દેખાય છે એમ સાંભળી હું તે પર્વત પર ચઢયો હતો. રાત્રિ અજવાળી હતી. આ વખતે એ પાપીને તમને લઇ આવતો જોયો. તેની નજર મ્હારા તરફ

પડવાથી તે ઝડપથી ચાલવા લાગ્યો, એટલે મ્હને સંદેહ આવવાથી હું તે પાપાત્માની પાછળ લાગ્યો. આખરે આ સ્થળે તેનો મ્હારે ભેટો થયો. મ્હારે તેની સાથે યુદ્ધ થયું. તે યુદ્ધનું પરિણામ એ આવ્યું કે બે જણ મરાયા ને એક જણ નાસી છુટયો."

સુરઃ "ધન્ય આપનું સાહસ ! ધન્ય છે આપના પરાક્રમને ! આપનું ઋણ હું સો જન્મે પણ વાળી શકવાની નથી. હવે રાત્રિ બહુ ગઇ છે. ચાલો, તંબુએ જઇએ."

રણઃ "જેવી તમારી મરજી. તમે જાઓ. ઘણું કરીને કાલે સવારે તમને મળીશ."

સુરઃ "ના, હું ગુપ્ત રહું છું. આપ શી રીતે મ્હારી સાથે મેળાપ કરી શકશો ?"

રણઃ "શારદીય ચંદ્રમાનાં દર્શનની વાસના કોને ન થાય ?"

સુરઃ "જે દિવસે મહારાજ, શ્રી નગર પર અધિકાર ભોગવશે તે દિવસની રાત્રિએ, રાજ પ્રસાદની નજીકના ઉપવનમાં સંધ્યા સમાગમે હું આપનાં દર્શન માટે આવીશ."

રણઃ "તમારી સદય આજ્ઞાને સહસ્ત્રવાર ધન્યવાદ આપી માન્ય કરૂં છું. યથા સમયે, યથા સ્થળે અવશ્ય આવી મળીશ."

આ પ્રમાણે પરસ્પર વાતચિત થયા પછી સુરપ્રભાને શિખરાજના તંબુ નજીક પહોંચાડી, વિવિધ પ્રકારના વિચાર પ્રવાહમાં તણાતા રણધીરસિંહે અન્ય કાર્ય માટે નિર્મિત કરેલા સ્થળ તરફ પ્રયાણ કર્યું.

## પ્રકરણ ૧૮ મું.

### વિતસ્તાનો ઘાટ.

હજારો ઉંચી ટેકરીઓ પરથી પડતા પાણીના ધોધ અને ઝરાઓના ખળભળતા વહેણથી વિવિધ પ્રકારનાં અનેક સુગંધિત રંગ બેરંગી પુષ્પોવાળાં વિશાળ વૃક્ષોથી, ફળફુલથી સુશોભિત લત્તાઓમાં ભરાતાં ઉડતાં અનેક તરેહનાં ન્હાનાં મ્હોટાં કલગીવાળાં અને કલગી રહિત મધુર વાણીવાળાં પક્ષીઓના કલરવથી, કમળનાળ વગેરે વનરાજીઓના ભરાવાથી, આસપાસ દેખાતી શ્વેતવર્ણુ ટેકરીઓથી, ન્હાનાં મ્હોટાં ઉદ્યાનો અને કુંજ વાટિકાઓથી અને દક્ષિણ તરફ આવેલાં દાડમ, ચિનાર અને શેતુરની ઘાડી ઝાડીમાં થેકા થેક કરતાં તૃષાતુર હરિણનાં ટોળાં ઘાટ પર પાણી પી ઉંચે મુખે જોતાં જોતાં યથોચિત સ્થળે જતાં હોવાથી ઘાટના સૌંદર્યમાં વધારો થતો હતો. તે વખતે શિખરાજના તંબુમાંથી નિકળેલી પ્રેતપ્રભા, ઘાટ પરના એક ઘનસ્યામ ખૂણા પર ઉત્તર દિશાનું મુખ કરી ઢીંચણ પર ટેકવેલો હાથ કપાળે દઈ દીર્ઘ નિઃશ્વાસ નાંખી ધીમેથી બોલીઃ "કોણ કહે છે કે પ્રેમ હૃદયમાં વસે છે ? આંખેઆંખ મળવાથી પ્રેમનો જન્મ થાય છે. આંખ એ પ્રેમનું સિંહાસન છે અને હૃદય તો વિયોગનો આવાસ છે. પ્રેમથી હૃદય કળી ફુટે છે. પ્રેમથી હૃદય સ્થિર થાય છે. મેળાપથી હૃદય શાન્ત થાય છે. વિયોગ, હૃદય–સાગરને સાગરનાં મોજાં માફક ઉંચો નીચો કરી અફાળે છે. મેળાપથી આત્માને સુખ થાય છે અને વિયોગથી હૃદયને દુઃખ થાય છે. કોણ કહે છે કે પ્રેમીની મન મોહન છબી હૃદયમાં અંકિત રહે છે ? હૃદયમાં અંકિત હોય તો કોઇ કદી દેખી શકે? ના, કોઈ વખત નહિ. આંખોમાં તે મોહન મૂર્તિ વિરાજે. ઘણા વખત સુધી

આંખોમાં વસે અને આંખો બંધ કર્યા છતાં પણ તે મોહન મૂર્તિ અલક્ષ્ય રૂપે પલકે પલકે દેખા દે છે. જે દિશાએ નજર નાંખું છું તે દિશાએ તે મૂર્તિ દેખા દે છે. તે મૂર્તિ જ્યાં સુધી દેખાય, ત્યાં સુધી વિરહ દૂર ખસે છે, પણ જ્યારે તે મૂર્તિ અદૃષ્ય થાય છે, ત્યારે વિરહ દાવાનળ ભભૂકી ઉઠી દેહને બાળી નાંખવા ચેષ્ટા કરે છે! આજ સુધી મ્હેં પારકા માટે વિચાર કર્યો નથી, પારકાનો પડછાયો લીધો નથી, પારકાની હાંસી કરી નથી, પારકાને દેખી તૃપ્ત થઈ નથી, પણ આજે પારકા માટે કેમ અધીરી–વેવલી બની ગઈ છું? જે આંસુથી મ્હારૂં દુઃખ નિવારણ કરતી, તે આંસુડાં આજ પરને માટે કેમ પડવા ચહાય છે? કેવળ આંખે આંખ મળવાનુંજ કારણ. જેને હું ચાહું છું તેને કેમ કરીને મેળવી શકું? આટલા દિન સુધી જેને "મ્હારા" કહી મનાનંદ માનતી, જેને જોઈ આત્મા તૃપ્ત થતો તેને હું કેવી રીતે પામું? જ્યાં સુધી ના પામું ત્યાં સુધી શાન્તિ કેમ વળે? વિરહાનળ જો શાંત નહિ પડે તો સાક્ષાત અનળમાં પડી મ્હારો દેહ ભષ્મ કરીશ." વિરહાનળમાં ચરચર બળતી હૃદય શૂન્ય બાળા કાષ્ઠ એકઠાં કરવા સારૂ વન ભણી જવા શિલા પરથી ઉઠી. લથડતે પગે થોડીક આગળ ચાલી, પણ આંખે તમ્મર આવવાથી લીલાં પીળાં દેખાઇ મૂર્ચ્છિત થઇ પૃથ્વી પર પડી.

થોડીક વાર થઈ ન થઇ એટલામાં રણધીરસિંહ, આ ઘાટ પર પોતાના ઘોડાને પાણી પાવા સારૂ આવતો હતો, તેણે દૂરથી દૂર્વાનાં લીલાંછંમ જેવાં ગુંચળાં વળેલા ઘાસ પર એક સ્ત્રીને પડેલી જોઇ, ઘોડાને પાણી પાવાનું રહેવા દઇ, એકદમ પાસે આવી જુવે છે તો એક નાજુક બાંધાની સ્ત્રી પાસાભેર ઢળી પડેલી દીઠી. ઘોડાને દૂર બાંધી હથીઆર ભૂમિ પર મૂકી, સ્ત્રીની આસપાસ ફરી બરોબર નિહાળી, મુખ સામે ઘડી બે ઘડી અવાક થઇ ઉભો. છેવટે બોલ્યો: " અરે! આ તે કોઈ અપ્સરા, ગાંધર્વી, કિન્નરી, યક્ષણી, કે કોઈ માયાવી દેહધારી સ્ત્રી હશે! મ્હને તો સાક્ષાત અપ્સરા લાગે છે. હવે એને જાગૃત શી રીતે કરવી! કદાપિ જાગૃત કરવા જઉં અને શરીરે સ્પર્શ થાય તો વખતે શાપ દઈ બાળી ભસ્મ કરી નાંખે! માટે ઉતાવળનું કામ નથી. આસ્તે રહી એનો શ્વાસોશ્વાસ જોવાથી માલમ પડશે કે તે



જીવતી છે કે નહિ." એવા વિચારથી પાસે જઇ નિશ્વાસ જોઈ જરાક પાછો હઠ્યો અને બોલ્યો: " બેશક તે જીવતી છે, અને થોડાક વખત પછી તે બરાબર જાગૃત થશે એમ જણાય છે. વાહ! આ દેવ ભૂમિમાં સાક્ષાત દેવાંગનાઓજ વસે છે. એના રૂપમાં કાંઈ ખામી છે? વિધિએ નવરાશની વખતે કેવું રૂપ આલેખ્યું છે! મનોહર ષોડશી યુવતીના મુખનું દર્શન, સુગોળ સુંદરાંગનાના મુખ–કમળનું દર્શન, નવવિકસિત પદ્માનનાનાં તરલ વિશાળ ચંચળ નયનવાળા સુશોભિત મુખ–કમળનું દર્શન, વિદ્યુત વર્ણી કોમળાંગીના મુખ–કમળનું દર્શન, અહા કેવું મધુર! નિશ્ચય આ કોઈ ગૃહ લલના છે. અપ્સરા કે ભૈરવી તો નથીજ. આ લલના કોઇના હૃદય સરની સરોજિની, પ્રેમની પુતળી, નયનની કીકી, સુશોભિત વસ્ત્રધારી, વિખરાઇ ગયેલા લાંબા કેશવાળી, વિશાળ કપોળ પ્રદેશવાળી, કર્ણમાં માણેકના જડાઉ કાપ પહેરેલી, કરમાં સુવર્ણ જડાઉ કંકણ પહેરેલી, આ કોઇ રાજબાળા અગર ધનાઢ્યની કન્યા હશે, માટે લાવને બોલાવી જોઉ." આવા વિચારથી પાસે જઈ કમ્મરે બાંધેલો ઉપરણો છોડી તે તેને પવન નાંખવા લાગ્યો. શરીરને પવનનો સ્પર્શ થતાં સુંદરીએ આંખો ઉઘાડી અને કપડાં સંભાળી, એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી બોલી: " હા! કલ્યાણી, ગિરિજા, ભવાની."

તેના સ્વર પરથી ઓળખી ચકિત હૃદયે રણધીર બોલ્યો: " સુંદરી! ખીલેલાં તમામ પુષ્પ કંઇ દેવ શિરે ચઢતાં નથી. કેટલાંક કર સ્પર્શથી પતિત થાય છે, કેટલાંક માર્ગમાં બગડી જાય છે અને કેટલાંક શિર પર શોભે છે. મ્હને ભાવી યોગે આ શિખ શિબિર જેવા નંદન વનમાં આવતાં આપના જેવા પારિજાતનાં દર્શન થયાં, તેથી મ્હારૂં જીવન સફળ થયું માનું છું, પણ ખરેખર દુર્ભાગ્યની વાત એ છે કે એ સુખ–એ અનુપમ સુખ–સૌરભમાં મ્હારાથી અધિક આનંદ ભોગવાતો નથી."

પ્રેતપ્રભા: " કેમ વીરવર! આપ શું ખરેખર અમારો ત્યાગ કરશો? એ વાતથી હું ઘણી દુઃખી થાઉં છું."

રણધીર: " પ્રતિજ્ઞા પાળવા માટે હું મ્હારા પોતાના સુખના માર્ગમાં કાંટા નાંખું છું. ગમે તેમ હો સુંદરી! પણ તમારી જીવન–લીલા અતિવિચિત્ર છે–અપૂર્વ છે."

પ્રેતઃ "ખરી વાત છે. હું જે રીતે જીવન ગાળું છું, તે બહુ વિચિત્ર છે. મ્હારા જન્મથીજ એ વિચિત્રતાનો આરંભ થયો છે. મ્હારી સમાધિ સાથે એ વિચિત્રતાનો અંત આવશે."

રણુઃ "આપ તો પરમ સુખી છો. કેમ આપ સુખી નથી ?"

પ્રેતઃ "વીરવર ! આ જગતમાં પૂર્ણ સુખી કોણ છે ?"

રણુઃ "આપને દુઃખી જાણી મ્હારા હૃદયમાં ભારે વ્યથા થાય છે."

પ્રેતઃ "આપના મુખચંદ્રથી ઝરતાં અમૃત જેવાં વચન ખરાં છે કે કહેવાનાં છે એ સમજવામાં મ્હને શંકા થાય છે."

રણુઃ "આશ્ચર્ય ! આપ શું મશ્કરીને લાયક છો ?"

પ્રેતઃ "આ પ્રમાણે અલ્પ સમયમાં મ્હારા સુખ દુઃખ તરફ આપની દૃષ્ટિ પડે છે તે આશ્ચર્યની વાત છે."

રણુઃ "શરદ ઋતુના પૂર્ણ ચંદ્રનું દર્શન કરવાથી આનંદ થાય છે, તે શાન્તિમય મૂર્તિ આખી જીંદગીમાં ભૂલી ભૂલાય ? સુંદરી ! આપ નક્કી જાણજો કે, હું હૃદયશૂન્ય થઈ આજ શિબિર છોડી જાઉં છું. આપ શું એમ અનુમાન કરો છો કે હું આ શિબિર છોડી જઇશ એટલે આપને ભૂલી જઈશ ? ના-ના-કદિ નહિ."

પ્રેતઃ "આપનાં આવાં કરૂણ વચનથી મ્હારો આત્મા ઠરે છે."

રણુઃ "હું એક બાબત સિવાય બીજી કંઇ પ્રાર્થના કરવા સાહસ કરતો નથી."

પ્રેતઃ "આપ શું આ ઉભેલી પવિત્ર રમણીની સાથે પ્રેમ કામના ઇચ્છો છો ?"

રણુઃ "આપ મ્હારા હૃદયની વાત બોલો છો. આપની જીવન લીલા વિચિત્ર હો કે ના હો, પણ હું આપની મંગળ કામના ઇચ્છું છું; માટે આપ મ્હને મિત્ર સંબોધન કરી પાવન કરો."

પ્રેતઃ "આજથી હું આપને મ્હારૂં પરમ હૃદય જાણીશ."

રણુઃ "એ મિત્રતાનો લાભ મ્હારે માટે અતિ અપૂર્વ પદાર્થ છે. હવે આપ ક્યારે મળશો ?"



પ્રેતઃ "જે દિવસે મહારાજ રણજીતસિંહ શ્રીનગર પર જીત મેળવશે, તે દિવસની રજનીએ મહેલની નજીકના વનમાં નવ ઘડી રજની જતાં હું આપને મળીશ."

રણુઃ "કદી મહારાજ શ્રીનગર જીતી ન શક્યા તો ?"

પુછેલા પ્રશ્નનો ઉત્તર ઉડાવતાં પ્રેતપ્રભા બોલીઃ "આપ અમારા શિબિરમાં આવજો" એવી વિનંતિ કરી શિખરાજના તંબુ તરફ ચાલવા લાગી.

મહારાજ રણજીતસિંહે, પ્રેતપ્રભાને તંબુમાં નહિ દીઠાથી તેની શોધ કરવા સારૂ હાથમાં તીર કમાન પકડી ત્વરાથી વ્યાકુળ ચિત્તે વિતસ્તાના ઘાટ તરફનો માર્ગ લીધો. તેઓ રણધીર અને પ્રેતપ્રભાની છેક નજીક જઇ પહોંચ્યા. તેઓ વચ્ચેની વાતચિત ગુપચુપ સાંભળ્યા પછી થોડી વારે તેમને દેખા દીધી અને રણધીરને કહ્યું: "હું આપને સુચના કરૂં છું કે કેટલાક દિવસ મ્હારા તંબુએ રહી સર્વના આનંદમાં વધારો કરશો."

રણુઃ "આપની એ સુચના પાળવા શક્તિમાન હોત તો હું ઘણો ખુશી થાત, પણ કેટલીક વિશેષ હકિકત એવી છે કે મ્હારે શ્રીનગર જવુંજ જોઇએ."

રણજીતઃ "વિશેષ હકિકત શું છે, તે જો ગુપ્ત ન હોય તો સાંભળવા મ્હારી જીજ્ઞાસા છે."

રણુઃ "સરદાર મલહરસિંહને કાશ્મીરમાં બીજી વાર હિન્દુ રાજપતાકા ઉરાડવાની વાસના છે, અને તેના તરફથી મ્હને આમંત્રણ છે."

રણજીતઃ "પણ આવવામાં તમારો શું ઉદ્દેશ છે ?"

રણુઃ "સંગ્રામમાં સહાયતા કરવાનો."

રણજીતઃ "બહુજ ઉત્તમ વાત, પરંતુ તમારે ખાત્રી પૂર્વક જાણવું કે જ્યાં સુધી રણજીત જીવતો હશે ત્યાં સુધી એની એ વાસના પૂર્ણ થશે નહિ."

રણધીર મંદ હાસ્ય કરી બોલ્યોઃ "એ વાત ઘણે દરજ્જે ખરી પડશે. પરંતુ આજેજ તે હિન્દુ સમાજમાં દાખલ થવું પડશે."

રણજીતે એક આંખ ઝીણી કરી જવાબ દીધોઃ "તે ઠેકાણે મ્હારે તમારી સાથે મેળાપ થશે."

રણુઃ "શત્રુ કે મિત્ર ભાવે ?"

રણજીતઃ "તમે બુદ્ધિશાળી વીર હોવાથી સહજ અનુમાન કરી શકશો, કે હું કેવા ભાવથી દેખાવ દઇશ."

રણઃ "આપ શત્રુભાવથી દેખા દેશો એમાં કંઈ શક નથી, પરંતુ હું કહું છું કે મલહરસિંહ સાથે સલાહ કરવી એ આપનું શુભ કર્ત્તવ્ય છે. આપ શ્રીનગર ઉપર સત્તા ભોગવવા જશો તો ઘણા દુઃખી થશો."

રણજીતઃ "મ્હારા સાહસિક વીર! તમારા હૃદયગત ઉદાર સ્વભાવને હું પ્રથમથી જાણું છું. તમે શત્રુપક્ષના હોવા છતાં પણ હું તમને દાના દુશ્મન તરીકે માનું છું. તમે સુરપ્રભાના પ્રાણ રક્ષક છો. પ્રયાસથી પ્રાપ્ત થયેલું ધન છો. આ અંગુઠી ઇનામ તરીકે આપું છું, તે ગ્રહણ કરવા મ્હારી વિનંતિ છે."

રણઃ "આપનો પ્રસાદ એ મ્હારા સદ્ભાગ્યનું ફળ છે."

અંગુઠી આપી મહારાજ રણજીતસિંહ પોતાના તંબુ તરફ વિદાય થતા હતા એટલામાં સુપ્રભાને આવતી જોઇ બોલ્યાઃ "સુરપ્રભા! ત્હારો પ્રાણ-રક્ષક અમારો પરિત્યાગ કરી જાય છે. જો તું થોડાક દિવસ તેમને રાખે તો ઘણું સારૂં. હું હવે તેમને રોકી શકતો નથી." એટલું કહી તેઓ ચાલ્યા ગયા. સુરપ્રભા અને રણધીર બન્ને એકલાં પડયાં અને વાતો કરવા લાગ્યાં.

સુરઃ "હું મ્હારા મનમાં એમ વિચાર કરૂં છું કે હવે આપની સાથે પુનઃ મેળાપ થશે નહિ. આપ મ્હારા પ્રાણદાતા, પ્રાણરક્ષક છો, માટે જો થોડાક દિવસ નિવાસ કરો તો આપનાં દર્શન કરી મ્હારા મન પ્રાણને તૃપ્ત કરૂં."

રણધીર જરા ગળગળો થઇ બોલ્યોઃ "તમે બંને જણનો સકરૂણ વ્યવહાર હું કદિ ભૂલવાનો નથી. તમારી બંનેની મૂર્તિ, કેશ સિવાય એક સરખી—અભિન્ન, વિચિત્ર અને સુરમ્ય છે, તેમજ તમારા બંનેના ગુણ પણ અભિન્ન અને સુરમ્ય છે. વિધિએ સૃષ્ટિમાં તમારાં જેવાંને રચી વિચિત્ર લીલા પ્રકાશ કરી છે. જો કોઇ તમારા કેશ ના જોઈ શકે, તો કોણ એમ કહી શકે કે તમે બંનેનો દેહ જુદો છે? તમારા જેવી આ અભિન્ન, વિચિત્ર મૂર્તિને જ્યાં સુધી આ દેહમાં જીવ રહેશે ત્યાં સુધી હું મ્હારા હૃદયથી દૂર થવા દઇશ નહિ. તમારો આવો અનુપમપ્રેમ જીવન પર્યંત ભૂલીશ નહિ. હું અહિં કેમ ના રહું? આ સ્થળે રહી તમારા જેવી ત્રિભુવન મનોરમ, વિચિત્ર



મૂર્તિના સરળ વ્યવહારનું સ્મરણ કરી અપાર આનંદમાં હું દિવસો ગુજારૂં, પણ શું કરૂં? હું પ્રતિજ્ઞા-પાશથી બંધાઇ ગયો છું. એ પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટેજ તમારૂં આતિથ્ય સ્વિકારી શકતો નથી."

સુરપ્રભા આંખમાંથી પ્રેમાશ્રુ પાડતાં બોલીઃ "હવે હું આપને રોકી શકતી નથી. મ્હારી એટલી પ્રાર્થના છે કેઃ શ્રીનગરમાં જે દિવસે દર્શન આપવાનું બોલ્યા છો તે દિવસ—મ્હારા પ્રાણરક્ષક—ભૂલશો નહિ."

રણધીર છાતી ઠોકી બોલ્યોઃ "કદિ નહિ. હવે રજા માગું છું."

સુરપ્રભાઃ "આપની આશા પરિપૂર્ણ થાઓ."

---

## પ્રકરણ ૧૯ મું.

### ભીષ્માચાર્યનો ગુપ્તાવાસ.

સુજ્ઞ વાંચક! આપ બહુ સમયથી, આ દેવ ભૂમિમાં, હિમાચળનાં બાળ બચ્ચાંની પલાંઠી પર, કમ્મર પર, સ્કંધ પર અને શિર પર ચઢ ઉત્તર કરી, ચક્ષુ અને ઘ્રાણેન્દ્રિયને શાન્તિદાયક બગીચા જેવી લીલી છમ, સુગંધ અને શીતળતા આપનારી મનોહર, મનોરંજક અને કાચ જેવા પારદર્શક જળવાળી પ્રીતિપદ ભૂમિની રમ્યતા નિરખી, દુઃખાલાપ, પ્રેમાલાપ, સંગ્રામ સમારંભ, છળકપટ, રાજ્યાકાંક્ષા, આશા નિરાશા વગેરે અદ્ભૂત ઘટ-નાઓનાં રૂપ વિલોકી થાકી ગયા હશો, પણ હિમ્મત રાખી મ્હારી પાછળ પાછળ આવો. હું આપને ભીષ્માચાર્યના પેલા સામે દેખાતા કાળા રંગના ડુંગરામાં વનવૃક્ષો અને લતાઓથી ઢંકાઇ ગયેલી, વાંકોચુકો વિકટ માર્ગ પસાર કરી, નાનું ઝરણું ઓળંગી ખીણના પોલાણમાં પેસવાના છુપા દ્વારવાળી ગુફા—જેને ગુપ્તાવાસ કહે છે—તેમાં નજરકેદ રાખવામાં આવેલી, મૃત સરદાર બલેન્દ્રસિંહની, મંજરીના કુંજમાંથી તરતજ બહાર નિકળેલી, ચોખા જેવી શ્વેત અને સુંદર નેત્રવાળી, મંદ પવનના આંદોલનથી ડોલતી, નેત્રના ખુણા-

માં, ઝીણી અંજન રેખાથી, અને નેત્ર કટાક્ષ કરતી, મનોહર દેખાતી, સહચરીઓ સાથે વાતે વળેલી કન્યા બતાવું. જુઓ ! જુઓ ! સહજ રક્ત, સહજ ઘનશ્યામ, સહજ સુવર્ણના આછા આછા છાંટાથી છવાયલા લીલા રંગના જલેહદાર પથ્થરના બાજટ પર, એક હાથમાં નાળ સહિત સહસ્ત્ર પાંખડીવાળું કમળ પુષ્પ ફેરવતી પેલી બેઠી. એના સ્વરૂપનું દર્શન કરી લઈ તરતજ મુંગે મુખે સંભાળથી પાછા ફરવું પડશે, કારણ કે પેલો પાપાચારી ભીષ્માચાર્ય આવી ચડે તો હેરાન કરે. જુઓ ! એ સુરસુંદરીને યુવાવસ્થામાં પ્રવેશ કરવાનું પગરણ મંડાયું જણાય છે. મુખેથી અને સ્વભાવથી હજી તેનો બાળ ભાવ દેખાય .છે. સુરસુંદરીનું મન, અલ્પ વયને લીધે કંઈક ચંચળ હશે ખરૂં, પણ સ્વભાવ ગંભીર, હૃદય સકોમળ અને ભાવ બહુ સરળ માલમ પડે છે. ભગવાન જેનું ભલું કરવાનું મનમાં ધારે છે તેનું ખચિત ભલું કરે છે. જુઓ જુઓ, તેના રૂપની કેવી મનોહર કાન્તિ ખીલી ઉઠી છે. જાણે વાદળ વગરના શરદ પૂર્ણિમાના ચંદ્ર જેવી સુચારૂ કાન્તિ, જાણે નવી ખીલેલી ચંપક કલિકાના જેવી મનોહારિણી શોભા, જાણે અગ્નિમાં તપાવી કહાડેલા સોનાના જેવી પ્રીતિપદ કાન્તિ, જાણે ભૂમિમાંથી ખોદી કહાડેલી હળદર જેવી પીળી જ્યોતિ સુરસુંદરીનું વદન–કમળ અતિશય મનોહર, સુંદરી જનોચિત કપાળ પ્રદેશ, ના, ગોળ, ના પ્રશસ્ત, બંને એક સરખાં. નાસિકા વાંસીના જેવી પરિચિત, ઉન્નત, સુગંઠિત, સુસંસ્થાપિત, તલના ફુલ જેવી અથવા પોપટની ચાંચ જેવી બહુ વાંકી નથી. એ બંનેના દોષભાગ પરિત્યાગ કરી, ગુણભાગ ગ્રહણ કરી, નાસિકાની નિર્માણ કૌશલતાનો અનુભવ કરો. નાસિકાની બંને બાજુએ સજલ નીલ નલિનીના દળ જેવા બંને આરક્ત લોચન કાનના મૂળ સુધી લંબાઇ જળમાં શોભતા લાલ કમળ જેવાં ભાસે છે. તેની ઉપર વાંકા વળેલા અતિ સુક્ષ્મ ક્ષુદ્ર લોમવાળાં બંને ભ્રુ, બંને નયનની પેઠે નાસિકાના મૂળથી આરંભ કરી કર્ણ મૂળમાં શેષ થયાં છે. જો જરાક આગળ વધ્યાં હોત તો કર્ણ વિવરમાં સમાગત થાત. નાસિકાના મૂળના મધ્ય સ્થાનમાં બંને ભ્ર, પરસ્પર સંયુક્ત થઈ બંને બાજુએ વાંકાં વળી; સુવર્ણ લતાની વાંકી વળેલી મંજરીમાં નીલકાંત રૂપ



નેત્ર મણી ફૂલ જેવાં લાંબા દેખાય છે. વસ્તુતઃ એના બંને ભ્રુની તુલના કરી જાય તેમ નથી. જેવું લલાટ સુગોળ તેવાંજ વાંકાં ભ્રુ. કામાતુર ચંચળ યુવકનો ગર્વ સંહાર કરવા માટે સુનીલ કુસુમનું ફૂલ ધનુષ્ય નિર્માણ કરી લોચન રૂપ પણછને ખેંચી કટાક્ષ રૂપ સર સંધાન કરી રહ્યાં છે. નાસિકાના અગ્ર ભાગમાં, સુવર્ણ લતામાં ઝુલતા હીરડે ફળ જેવું મોતી ઝુલે છે. અધરોષ્ટ માપસર પાતળા પણ સ્થુલ, લાલ વર્ણા, રસથી પૂર્ણ ભરેલા, સહસા જોઈએ તો લાલ કમળ પેડે, ભાવી પ્રિય સમાગમ સુખે સુખી થઈ ખીલી ઉઠયા છે. જેવા તે લાલ–મનોહર, પ્રીતિપદ અને લોભક છે તેવાજ નવીન મધુ ભાર ભરેલા, અતિ સુગંધ પરિમળથી આમોદિત છે. જે આ મુખમાં મુખ અર્પી અધર સુધાપાન કરશે તેને સામાન્ય માનવી જાણશો નહિ. જેણે પૂર્વ જન્મે અખંડ પુણ્ય ભેગાં કર્યાં હશે તેજ આ મહામાયાને પામશે. ધન્ય છે તેવા માનવીને. સુરસુંદરી મહાન પુણ્યના ફળ સ્વરૂપ છે. દંત ઘણાજ મનોહર. જેમ પ્રદિપ્ત પ્રવાળ પર મુક્તાફળ હારબંધ જડયા હોય તેવા વિરાજીત છે. નવ પલ્લવ વૃક્ષ થડ પર શ્વેત પુષ્પ ખીલી રહ્યાં હોય તેમ તે શોભે છે. આ દંત પંક્તિની તુલના ક્યાંથી શોધી કહાડું ! રસના તો અમૃત રસની નદી. વિધાતાએ આ સુરસુંદરીના વદન ભંડારમાં અમૃત રસ ભરી તેની નિર્ઝરણી સ્વરૂપ રસના સંલગ્ન કરી રાખી છે. કપાળ લાલ માંસથી રસાળ ભર્યું પુર્ણ સુકોમળ છે. એ કપાળે ચુંબન દેવું એ કંઈ સામાન્ય તપસ્યાની વાત નથી. ઘણીજ સુંદર હડપચી અધરના નીચલા ભાગમાં શોભી રહી છે. ન્હાના ન્હાના સુકોમળ કર્ણ આભૂષણનો ભાર ખમવાને અસમર્થ છે. નિતંબ સુધી લાંબા કેશ, ચમરીનો દર્પ ચુર્ણ કરે છે. ત્રિરેખાથી શોભતો કંઠ એના સકળ ગુણવાળો મસ્તકને ધારણ કરી જગ જનોનું મન હરે છે. કમળ નાળ જેવા સુગોળ, સુ–નિર્મીત બંને કોમળ કર સુવર્ણ વેલડી માફક શોભે છે. હથેળી લાલ કમળ જેવી. તમામ આંગળીઓ જાણે ચંપાની કળીઓ. તેના અગ્ર ભાગમાં શિયાળાના ચંદ્ર જેવા ધવલ દશ નખ, શીતળ જ્યોતિ જેવા પ્રકાશી રહ્યા છે. હૃદય સ્થાન સર્વ કરતાં શોભાનો સાગર. ઘન–કઠિન ઉંચા મુખવાળાં બંને કુચ, કનક કમળ પેઠે

શોભા ધારણ કરી હૃદય સરોવરમાં શોભે છે. જેવું વય છે, જેવો બાંધો છે, જેવું રૂપ છે, તેવાંજ બંને કુચ છે, પણ મનોમોહન આવેગથી ભરેલાં, વાંચ્છવા યોગ્ય નેત્રને શાન્તિ આપનારાં અને મદનાનળના જન્મના હેતુ રૂપ છે. વાંચક! સુરસુંદરીની ઉછરતી વયમાં ઉછરતાં કુચ ઉછરતા યુવક માટે ખરેખર મોહજનક, ઉન્માદકર, વેગવાન છે. ખરેખર! કોઇ મુનિ હશે, યોગી હશે, ઋષિ હશે, ઉર્ધ્વરેતા હશે કે નહિ હશે, તો પણ એકવાર આ સર્વાંગ સુંદરી સુરસુંદરીનાં વિચિત્ર કામણગારાં વસ્ત્રથી ઢંકાયલાં છતાં અડધાં દેખાતાં, રૂપ–કાન્તિથી શોભતાં બંને કુચ દેખે તો તેઓ ભાગ્યેજ સ્થિર રહી શકે! શું કહું? એ બંને કુચ, કામદેવના અસ્ત્ર ભંડાર સ્વરૂપ છે. ભ્રૂ ધનુષ્ય છે, અને તે કટાક્ષ શોણિત શોષણ કરવાવાળાં સુતિક્ષ્ણ બાણ જેવાં છે. કેડનો ભાગ વયના પ્રમાણમાં ક્ષીણ છે, તેથી ન્હાસી જવાના ભયથી ત્રિવલીથી બાંધેલો છે. નિતંબ ભાગ યુવાવસ્થાને યોગ્ય માંસથી ભર્યો પુર્યો પણ નક્કર છે પરંતુ વાયુ પૂરેલી ગાદી જેવો અથવા આકડાના તુલની ગાદી જેવો કોમળ, કામોપાસનાના મંત્ર ભણવા સારૂ બેસવાના સુંદર આસન જેવો છે. ઘન જઘન પણ પ્રીતિ પેદા કરે તેવાં છે. તેના ઉપલા ભાગ પર આવેલું નાભિસર, રોમરાજી રૂપ કમળનાળથી શોભતા બિન્દુસર જેવું અલંકૃત છે. સુગોળ, સુ–કોમળ બંને ચરણ, સુચારૂ બંને ઉરૂથી પરિશોભિત છે. ચરણ તલ લાલ પદ્મ જેવાં, પાદમૂળ મુઠ્ઠીમાં સમાય તેવાં, ચરણની આંગળીઓ મનોહર છે, એનો સ્વર સાંભળ્યો? વસંત ઋતુની કોયલડીના જેવો સુમધુર છે. રાત્રિ દિવસ એ સ્વર સાંભળતાં કંટાળો આવે નહિ. સુરસુંદરીનું હૃદય જેવું પ્રીતિપ્રદ છે તેવું તેનું મન સરળ અને પરદુઃખે દુઃખી છે.

બહુ વખતથી સ્થિર ભાવથી બેસી રહેલી સુરસુંદરી પાસું ફેરવી બોલીઃ "ચંદ્રિકે! વિધિએ મ્હને કેમ પેદા કરી હશે બોલ જોઇએ?"

ચંદ્રિકાઃ "કવિ લોકો જેમ ત્રિભુવન લલામ લલનાની સૃષ્ટિ કરે છે તેવીજ સર્વાંગ સુંદરી રમણીને વિધિ સ્રજી શકતી નથી. એ દોષ દૂર કરવા વિધાતાએ તમને સકળ સૌન્દર્યના સાર રૂપ પેદા કર્યાં છે."

સુરઃ "ના–ના, એ વાત હવે બોલીશ નહિ. બીજું કોઇ સાંભળશે



તો આપણને મૂર્ખ કહેશે. જે જેને સારૂં લાગે તે તેની આંખે સારૂં દેખાય. સાંભળ! શરદપૂર્ણિમા, હેમંત ઋતુની સરોજિનીને મધુરી લાગે, પરંતુ બીજાની આંખે તે વિષ જેવી નિન્દા રૂપ લાગે. ત્હારી એ ઉપમાથી લોક હાંસી કરશે અને મ્હને પણ નીચું જોવડાવશે."

ચંદ્રિઃ "સખિ! તમારો જન્મ કેવળ એ માટે નથી, પણ એક કારણ છે."

સુરઃ "બોલ વારૂ!"

ચંદ્રિ "પુરુષના પ્રાણનો વધ કરવા માટે ત્હમારો જન્મ છે."

સુરઃ "એમ કેમ? હું પુરુષવધ શી રીતે કરીશ?"

ચંદ્રિઃ "ખાણમાંથી ખોદી કહાડવામાં આવે છે તે વખતે મણિ મેલો હોવા છતાં તેને બજારમાં મુકવામાં આવે છે ત્યારે કેટલાક ઝવેરી સર્વસ્વ આપીને તે ખરીદે છે, અને કેટલાક તેનાથી પોતાના પ્રાણનો અંત આણે છે."

સુરઃ "હું તો જાણું છું કે મ્હારો આ જન્મારો કારાગારમાં કુંવારી અવસ્થામાં જવાનો."

ચદ્રિઃ "કમળ પોતાના નાળપર ખીલી નાળમાંજ લય પામે નહિ, વિધિ તેને નિધિ માની કમળ નાળથી ચુંટી અવશ્ય માનવ સમાજમાં આપશે; તે વખતે કમળ, રૂપના ગૌરવથી, મધુર સુગંધથી કેટલાક જીવને મોહિત કરશે."

સુરઃ "તે વાત ખરી છે, આશા એ સ્થિતિ છે અને આશા એજ લય છે. હું કહું છું કે કારણ વગર કાર્યનો જન્મ થતો નથી, પણ હું કંઇ કારણ દેખતી નથી."

ચંદ્રિઃ "થોડી વારમાં કારણ ઉત્પન્ન થશે."

સુરઃ "તે શી રીતે જાણ્યું?"

ચંદ્રિઃ "ખાનગી રીતે સાંભળ્યું છે કે, ભીષ્માચાર્ય, વીરવર રણધીરસિંહને બોલાવી લાવશે. થોડી વારમાં તેની સાથે મેળાપ થશે. જલદેવીના ખોળામાં કમળ ડોલશે, તમાલ વૃક્ષને માધવી મળશે, તમારા પ્રેમપૂર્ણ હૃદયમાં ચિત્ત ચકોરનો વાસ થશે."

સુરઃ "એ ચિત્ત ચકોર માત્ર સ્વાર્થ સાધન માટે—"

ચંદ્રિઃ " પ્રત્યેક મનુષ્યો પોતાના હિતસ્વીને માટે પ્રાણ પાથરે છે, તેને તમે સ્વાર્થ સાધન કહો છો ! "

સુરઃ " હું અન્યાર્થું નહિ બોલું. સર્વને હિતસ્વી ભલે કહો, પરંતુ તે સ્વાર્થ સાધન વગર બીજું કંઇ નથી. ત્હારી સાથે મ્હારે પ્રથમ મેળાપ થયો ત્યારે ત્હારા રૂપ વા ગુણથી મ્હારૂં મન મુગ્ધ થયું, મનમાં સ્વાર્થ ઉત્પન્ન થયો, હવે કહે, ત્હને ના દેખું તો મ્હને સારૂં લાગે ? ત્હને વારંવાર જોવા ઇચ્છું છું, હૃદયમાં રાખવા ચાહું છું. તેમાં લોકો હિતસ્વીપણું સમજે છે. પરંતુ મ્હારૂં મન ત્હને જોવા માટે અધીરૂં ના થાય, સ્વાર્થ પેદા ન થાય, તો પછી હિતસ્વી-પણું શેનું? ત્હને જોવામાં પણ મ્હારો સ્વાર્થ છે, માટેજ ત્હને જોવા ચાહું છું. તેથીજ હું તો કહું છું કે હિતસ્વીપણું એજ સ્વાર્થ સાધન માત્ર."

ચંદ્રિઃ " હિતસ્વીપણું ના હોય તો પ્રેમનો જન્મ કેમ થાય ? "

સુરઃ " પ્રેમની સાથે હિતસ્વીપણાનો કંઈ સંબંધ નથી. "

ચંદ્રિઃ " ત્યારે પ્રેમનો અર્થ શો ? "

સુરઃ " આ જગતમાં એમ ઘણી વાર દેખવામાં આવે છે કે, એક જણ એક જણને ચ્હાય, પરંતુ તે જેને ચ્હાય તે એનું ભલું દેખી શકે નહિ. એ તે શું પ્રેમ ? વળી બંને જણ પરસ્પર ભલું ચ્હાય વા પોતપોતાનો સ્વાર્થ સાધી લે એ શું પવિત્ર પ્રેમ કહેવાય? અથવા તો તેવો પ્રેમ જીંદગી પર્યંત ટકી રહેશે ? એક જણનો સ્વાર્થ સધાઇ રહે ત્યારે મધ્યાકર્ષણી શક્તિ, ભ્રષ્ટ તારાની પેઠે ક્યાંય ચાલી જાય છે તે કોઇ દેખી શકતું નથી ! હૃદયે હૃદય, દેહે દેહ, પ્રાણે પ્રાણ એક થયા વગર કદી વિશુદ્ધ પ્રેમ કહી શકાય નહિ. એવો પ્રેમ જગતમાં અતિ વિરલ છે. આ તો ઉપરનો ડોળ દેખાડી એક બીજાને મળે, વાતો કરે, હાસ્ય કરે, આનંદ ઉડાવે, પણ એ તો માત્ર સ્વાર્થ સાધનજન્ય પ્રેમ કહેવાશે. કુદરતી પ્રેમ ભાગ્ય વગર થતો નથી."

આ પ્રમાણે હાસ્ય વિનોદ ચાલતો હતો તે દરમ્યાન કેટલીક સાહે-લીઓ આવી. તેમને જોઈ સુરસુંદરી બોલીઃ " કંઇ ખબર ? "

કુન્દઃ " ભીષ્માચાર્યે અમને કહ્યું છે કે, આજ એક ગૃહસ્થ વીર પુરુષ અહિં આવનાર છે માટે તમે તૈયાર થઈ રહેજો. તેને ગાયન સંભળાવવું પડશે."



સુરઃ " હું અભાગિણી કેદી ! મ્હારે આ કેદખાનામાં નૃત્ય, ગીત, અને વીર પુરુષ એ શું ? ત્યારે શું આટલે લાંબે દિવસે મ્હારા દુઃખનો પડદો ઉઘડશે ? "

ચંદ્રિકા સાહેલીઓને કહેવા લાગીઃ " તમે હમણાં એક ગીત ગાઇ સંભળાવો. "

સાહેલીઓ ગરબે ફરતી ગાવા લાગીઃ-

" આજે ટળશે સખીની દુઃખ યામિનીરે,  
નવ જળમાં ડોલશે સુખ પદ્મિનીરે.  
નવીન પરાણે, પ્રેમ સુધા પાને,  
સુખ-સાગરમાં ડોલશે હા-સજનીરે. "

એટલામાં ભીષ્માચાર્ય, લક્ષ્મીખાળના પૂર્વ કાંઠા પરના આંબાવાડીઆમાં હાજર રહેવા, નક્કી કરેલા વખતે રણધીરને લઈ આવાસમાં દાખલ થઈ બોલ્યોઃ " વીરવર ! જેમ ધૃતિ, ક્ષમા વગેરે ગુણ સમૂહથી વિંટળાઈ શાંતિ પરમ રમણિય મૂર્તિ જેવી દેખાય છે, તેજ પ્રમાણે આ જુઓ, સાહેલીઓથી વિંટળાયલી સાક્ષાત સુરસુંદરી જેવી સુરસુંદરી. મ્હેં પૂર્વે પ્રતિજ્ઞા કરી છે, અને હમણાં પણ પ્રતિજ્ઞા કરૂં છું કે આપ થોડા વખતમાં સેનાપતિનું પદ ધારણ કરી શિખરાજના હાથમાંથી કાશ્મીરનો ઉદ્ધાર કરશો એટલે આ કનક કમલિનીને આપના હાથમાં સોંપીશ. સમગ્ર કાશ્મીરવાસી જીવન પર્યંત આપના ઋણી રહેશે. "

રણઃ " આચાર્ય ! મ્હેં પણ પૂર્વે આ તરવાર હાથમાં ધારણ કરી પ્રતિજ્ઞા કરી છે કે, કાશ્મીરનો ઉદ્ધાર કરવા માટે પ્રાણ આપવો પડે તોપણ સુખેથી આપવો, અને એજ પ્રમાણે આપવા તૈયાર છું. હમણાં એ પ્રતિજ્ઞા યાદ કરી બોલું છું કે, આ પ્રાણ આજથી હું કાશ્મીરનો ઉદ્ધાર કરવા અર્પણ કરૂં છું. વીરોના સ્વભાવ છે કેઃ " રણસંગ્રામમાં પિતા, સ્હામા પક્ષમાં હોય તોપણ તે તરવારને અધીન થાય. રણજીત સમરક્ષેત્રમાં ચઢશે, તો તેની સાથે યુદ્ધ કરી વીરને યોગ્ય દાન કરીશ. જ્યાં સુધી મ્હારા હાથમાં તરવાર રહેશે, ત્યાં સુધી કોની તાકાત છે કે તે શ્રીનગરને જીતે ? હું અહંકાર કરતો નથી, પણ

મ્હારી જાતિની યુદ્ધ વિદ્યા હું બરોબર શીખ્યો છું, તેમજ છુપો વેશ લઈ વિશ્વ વિજયી ઇંગ્રેજ સેનામાં દાખલ થઈ કેટલીક વાર સંગ્રામમાં પાશ્ચિમાત્ય-યુદ્ધ રચનાની માહિતી મેળવી છે. રણજીત તે રચના સ્હામે કદી જય મેળવી શકવાનો નથી."

ભીષ્માઃ "આપને મહા પરાક્રમી, સંગ્રામ વિજયી કહી બોલાવીશ. તુલસી જેમ વિષ્ણુને યોગ્ય છે, તેમ આ સુરસુંદરી આપના જેવા મહાવીરને યોગ્ય છે. આપ હમણાં શ્રમ દૂર કરો, હું આવું છું." એમ બોલી તે ચાલ્યો ગયો.

રણ: "હે સુંદરીઓ! પારધિની વાંસળીનો નાદ સાંભળી જેમ હરિણ લોભાઇ જાળમાં ફસાય છે તેજ પ્રમાણે હું આપનું, કિન્નરીઓના કંઠ જેવા કોમળ સ્વરનું ગીત સાંભળી આ ગૃહ રૂપ જાળમાં પડયો છું. મ્હને ઇચ્છા છે કે એક ગીત સંભળાવો."

ચંદ્રિ: "હરિણ જાળમાં પડી ન્હાસી જવાની ચેષ્ટા કરે છે, તો આપ બીજી વાર વાંસળીનો નાદ સાંભળવાની કેમ ઇચ્છા રાખો છો?"

રણ: "ખરી વાત છે, પરંતુ આપની સખીનાં હરિણીનાં જેવાં મનોહર નેત્રો જોઇ ન્હાસવાની ઇચ્છા થતી નથી. ઉલટી એવી ઇચ્છા થાય છે, કે હમેશાં આ પ્રમાણે નેત્રકટાક્ષ જાળમાં પડી આ આંખનો રંગ જોઉં."

કુન્દ: "અમને પણ વાસના છે કે રતિ જેવી સુરસુંદરી સાથે આપ જેવા અનંગ મોહનનો મેળાપ થાય તો અમારૂં અંગ પણ સુખ-તરંગમાં ડોલે."

"બેસજો નટવર નાગર રસમય,
પૂરજો, પૂરજો એ માનવીની આશ.
હૃદયમાં અર્પણ કરજો હૃદય,
નવીના નલિની સખી હરશે વિરહ ભય."

આ પ્રમાણે ગાતી ગાતી ચંદ્રિકા, કુન્દ વગેરે સાહેલીઓ ઝડપથી કુદકી મારી ચાલી ગઇ એટલે રણધીરસિંહ બોલ્યોઃ "સુંદરી! આપની અમૃત ભરી મૂર્તિ મ્હારા હૃદયમાં અનંત ધારાથી અનંત અમૃત ફેલાવે છે. પરમ સૌભાગ્યની વાત છે કે, આજ હું અપૂર્વ સંતોષ મેળવવા સમર્થ થયો છું.



સુંદરી! આપની જે આશા તેજ મ્હારી આશા; અને આપની આશાથીજ આ દેહનો પ્રાણ-દીપ પ્રજ્વલિત છે."

સુર: "વીરવર! આશા અનંત છે, અને તે અનંત આશાથી અનંત જ્ઞાનિઓ ભરમાઈ મોહિત થાય છે. મધ્યાકર્ષણી શક્તિ જેમ જડ જગતનું સ્થિર ભાવથી રક્ષણ કરે છે તેજ પ્રમાણે આશા સમસ્ત જીવના હૃદયને જુદી જુદી જાતના તરંગ-સુખમાં હોમે છે. આપ મિલન આશા રાખો છો, પણ હું કેદી—"

રણ: "શું! કેદી!—"

સુર: "કેવળ કેદી નહિ પણ અનાથ, અત્યાચારથી પીડિત."

રણ: "સર્વત્રગામી પવનની પેઠે જે પોતાના અપૂર્વ રૂપ માટે ભારત વિદિત છે, તે સુરસુંદરી કેદી? અત્યાચારથી પીડિત? ત્યારે શું ભીષ્માચાર્ય ઘોર પાપી? ભીષ્માચાર્યનું હૃદય, પાષાણ કરતાં શું અધિક કઠિણ? સાગર જેમ વર્ષાદની વજ્રઘાત જેવી ધારાઓ ખમી પોતાના કઠોર હૃદયનો ભાવ બતાવે છે તેમ શું ભીષ્માચાર્ય પણ સુરસુંદરીને પોતાની નીચ પ્રવૃતિનો પરિચય દે છે? વીરની આંખે એવો અત્યાચાર જોવો એ અસહ્ય છે."

સુર: "વીરવર! મ્હારો જન્મ આ પ્રમાણે દુઃખે ગયો છે! સમાધિ પણ એજ પ્રમાણે દુઃખે થશે. આ કેદખાનું મ્હારી પૃથ્વી. છે સુરમ્ય સ્થળમાં વસું છું. સાહેલીઓથી ઘેરાયલી રહું છું, પણ હૃદય રાખોડીથી ઢંકાયલા અગ્નિ પેઠે દુઃખાગ્નિથી પૂર્ણ રહે છે. ભીષ્માચાર્ય એક અગ્નિમાં હોમનાર હોતા, ભાગ્ય લિપિ એ મંત્ર, વેદના એ ઘી, બલિદાન એ મ્હારો પ્રાણ, નૈવેદ્ય એ મ્હારો દેહ, હૃદય એ વેદી, વિધાતા એ તંત્રધારક, યજ્ઞનું નામ ભાગ્ય પતન, ફળ સિદ્ધિ ભીષ્માચાર્યનો સ્વાર્થ! આપ વીર પુરુષ હોવા છતાં ભીષ્માચાર્યના ચક્કરમાં પડયા છો એ પણ મ્હારૂં દુઃખ!"

રણ: "સુંદરી! સાગરનું જળ જુદું પાડવામાં આવે તોપણ જેમ તે અનેક સ્થળે ફરી છેવટે તેમાંજ આવી મળે છે તેમ હું કાશ્મીરમાં આપનો અનુગ્રહ પ્રાર્થી થઇ આવ્યો છું. ધારેલાં કાર્ય કરી આપની પાસે આવીશ. મ્હેં તરવારને સ્પર્શ કરી પ્રતિજ્ઞા કરી છે કે, સેનાપતિપદ ગ્રહણ કરી કાશ્મીરને

રણજીતના કરાળ કરથી ઉદ્ધારીશ. એ પ્રતિજ્ઞા હું પ્રાણુ હશે ત્યાં લગી નિષ્ફળ થવા દઇશ નહિ. હું આજેજ સમજ્યો કે ભીષ્માચાર્ય મ્હને તેની ચક્કર-જાળમાં નાંખે છે ! પરંતુ જ્યાં સુધી આપની પ્રેમ ભરેલી દષ્ટિ મ્હારા પર પડે છે, ત્યાં સુધી હું એની કપટ જાળનો ભય રાખતો નથી. એક વાત કહું છું કે એ પ્રતિજ્ઞા પાળતા પહેલાં હું આ કેદખાનામાંથી આપનો ઉદ્ધાર કરવા ચાહું છું. ”

સુરઃ “ વીરવર ! નક્ષત્રો રાત્રિએ ચંદ્રના કિરણથી ખીલી ઉઠે છે, પણ દિવસે સૂર્યનાં પ્રચંડ કિરણ જેમ તેની વિમળ જ્યોતિને ઢાંકી નાંખે છે, તેમ આપના આગમન રૂપ સૂર્ય-કિરણ મ્હારા હૃદયના આનંદ રૂપ તારાને ઢાંકે છે. તેનું હમણાં પ્રકાશવું અસાધ્ય છે. વળી એક બીજી વાત. ચંદ્રના તેજમાં બળતો દીપ હાથમાં લઇ ઉભા રહીએ ને જેમ એ છાંયા દેખાય છે, તેમ આપના દર્શન રૂપ ચંદ્ર-કર અને આપના અભયપ્રદ વાક્ય રૂપ દીપ મધ્યે હું ઉભી હોવાથી મ્હારા હૃદયમાં એ આશાનો ઉદય થાય છે. એક-કેદખાનામાંથી ઉદ્ધાર, બીજું-માનવી જન્મની સાર્થકતા સાધન. પરંતુ સૂર્યદેવ જેમ જગતનો રસ આકર્ષિ, સમયે પાછો જગતમાં નાંખે છે, તેમ આપ આ દુઃખીઆરીને અતુલ દુઃખ દરીઆથી ઉદ્ધારી પાછી એવાજ એક દરીઆમાં ના નાંખો એજ સ્તુતિ. ”

રણઃ “ જે વસંત, કુદરતી રીતે અલૌકિક સાજ વડે સજ્જ થઇ, માનવીના મનને લોભાવે છે, તે વસંતની શું એવી ઇચ્છા થાય કે પોતાનીજ કીર્તિનો નાશ કરે ? વિધિએ લખ્યું હશે તેમ સઘળું થશે, પણ હું કહું છું કે આ દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી કોઈ દુઃખ-રાહુ આપને ઘેરનાર નથી. હવે હું વધારે વખત ગુમાવવા માગતો નથી. આપની જો મરજી હોય તો ચાલો, કેદખાનામાંથી છુટાં કરૂં. ”

સુરઃ “ હમણાં અસંભવ. ”

રણઃ “ કારણ ? ”

સુરઃ “ આપ શું નથી જાણતા કે ગુપ્તાવાસની ચારે દિશાએ લશ્કરી પેહેરો છે ? ”



રણઃ “ જાણ્યું. ”

સુરઃ “ આ કેદખાનામાંથી નિકળી કઇ દિશાએ જવાથી રાજમાર્ગમાં જવાશે તેની આપને ખબર છે ? ”

રણઃ “ ના, ભીષ્માચાર્યે પહેલે દિવસે મ્હને પ્રતિજ્ઞાથી બાંધ્યો છે, કે સુરસુંદરી સાથે મેળાપ કરવા જતાં આંખો બાંધી જવું પડશે. એ પ્રતિજ્ઞા પ્રમાણે મ્હારી આંખો બાંધી કેટલીક રીતે ફેરવી, તે મ્હને આ સ્થળે લાવ્યો છે. આપ શું રસ્તો જાણતાં નથી ? ”

સુરઃ “ મ્હેં પ્રથમથી કહ્યું છે, કે હું જન્મારાથી કેદી છું. જૂવો, આ બાજુએ મ્હારી પૃથ્વી ! આ બાજુએ મ્હારૂં સ્વર્ગ ! અને આ બાજુએ મ્હારૂં નરક ! ”

રણઃ “ નથી જાણતાં તો હરકત નહિ. મ્હારો ઘોડો એવો સમજદાર છે કે તે યોગ્ય સ્થાનેજ જાય. વળી પેહેરેગીરોની શું તાકાત છે કે રણધીરના હાથમાં તરવાર હોયને રોકે ! આપણે સાહસ તો કરવું પડે. ”

સુરઃ “ પુષ્પની સુગંધ જેમ પવનથી નિર્ભય રીતે સર્વત્ર ફેલાય છે, તેમ આ દાસી પણ આપની સાથે આવવા તૈયાર છે. ”

રણઃ “ ત્યારે ચાલો. ”

આ પ્રમાણે ત્યાંથી નિકળી જવાની તૈયારી કરવાની વાતચિત ચાલી રહી હતી, તે દરમ્યાન ભીષ્માચાર્ય ચારેક પેહેરેગીરોને લઇ અંદર આવી તરતજ બોલ્યોઃ “ રણધીર ! વીર નથી. ચોરની પેઠે રમણીનું હરણ કરી નાસી જવું એ ત્હારા જેવા વીરનો ધર્મ ? ત્હારો વિચાર-ગુપ્ત આશા-સઘળું હું જાણી ગયો છું. તું ભવાનીની પ્રતિમાને બલિદાન દેવા યોગ્ય છે. પેહેરેગીરો ! આ પાપીને પકડો. ”

રણઃ “ ભીષ્માચાર્ય ! તમારૂં નામ, તમારો વેશ, અને તમારી મૂર્તિ જોઇ હું અનુમાન કરૂં છું કે, તમે માત્ર બહારથીજ સાધુ પુરુષ છો, પરંતુ તમારૂં કાર્ય તેનાથી વિપરિત છે. રણધીરની સામે તમારૂં છળકપટ ચાલવાનું નથી. પહેરેગીરો ! જો જીવ ગયાથી ડરતા હો તો નાસી જાઓ, વીર હો તો આવો, એકે એકે યુદ્ધ કરો. રણધીરના હાથમાં તરવાર હશે ત્યાં સુધી તમારો છુટકો થવાનો નથી.”

ભીષ્મા: " તમે લોકો કેમ વિલંબ કરો છો ? "

રણુ: " અરે પાપાત્મા ! આવ, પ્રથમ ત્હારા પ્રાણનું બલિદાન આપું."

એમ કહી રણધીર તેને ઘા કરવા ધાયો પણ ભીષ્માચાર્યે તો પેહેરેગીરોને યુદ્ધ કરવા આજ્ઞા આપી ત્યાંથી નાઠો. તેથી પહેરેગીરો સાથે ખુબ ઝપાઝપી થતાં બે જણ મોતના મુખમાં પડયા અને રણધીરને છાતીમાં તેઓની તરવારની ઝપટ વાગવાથી મૂર્છિત થયો. રણધીરને આ દશામાં પડેલો જોઈ એક પહેરેગીરે એક અંધારા કુવામાં નાંખવા વિચાર કર્યો. એટલામાં ભીષ્માચાર્યે આવી તેમ કરતાં રોકી કહ્યું: " નહિ, એને અંધકૂપમાં નાંખવો નથી. તમે એને ભવાનીની પ્રતિમા પાસે લઈ જાઓ. હું ત્યાં આવી એનું બલિદાન આપીશ. "

થોડી વારે રણધીરની મૂર્છા વળવાથી તેના કાનમાં "બલિદાન" શબ્દ પડતાં બોલી ઉઠયો: " નરાધમ ! તેં અન્યાયથી મ્હને બાંધ્યો. મ્હારા હાથમાં તરવાર આપ, પછી જો કે ત્હારૂં મસ્તક છેદું છું કે નહિ ? સુરસુંદરી ! હું જાઉં છું. જો જીવતો હઈશ તો પ્રતિજ્ઞા પાળીશ."

ભીષ્મા: " તમે હજી કેમ વાર કરો છો ? "

આ પ્રમાણે આજ્ઞા મળતાં રણધીરને મુસ્કેટાટ બાંધી પેહેરેગીરો તેને ભવાનીના મંદિર તરફ લઈ જવા લાગ્યા. ભીષ્માચાર્યે સુરસુંદરી તરફ ડોળા કહાડી કહ્યું: " પાપિણી ! ભ્રષ્ટા ! દુષ્ટ ! આ શું ત્હારો ધર્મ ? હવે કોણ ત્હારો પ્રાણ બચાવશે ? "

સુર: " જુઓ, તમે મ્હને ઘણાં કષ્ટ અને દુઃખ દીધાં છે. તમે મ્હારૂં નામ દઈ અનેક પાપ કર્યાં છે. તમે જ્યાં સુધી મ્હારો વધ નહિ કરો ત્યાં સુધી મ્હારો જીવ ચરચર બળશે, માટે તરવાર લઈ પ્રથમ મ્હારા પ્રાણનો સંહાર કરો. રણધીરને મ્હેં મ્હારા મનથી પતિ માન્યા છે. તેમને તમે ભવાની આગળ ભોગ આપવા મોકલ્યો છે તે ઠેકાણે મ્હને મોકલી દ્યો. હવે હું આ પાપી પ્રાણ રાખવા ચ્હાતી નથી. તું નરપ્રેત, ઘોર પાપી, દૂર રહે. ત્હારૂં મુખ જોવાથી મ્હને મહા પાપ લાગશે. "

ભીષ્મા: " હાઃ હાઃ હાઃ હાઃ સુરસુંદરી, ત્હારા મુખમાંથી આવી



વાત નિકળશે એમ મ્હેં સ્વપ્ને પણ ધાર્યું નહોતું. તું પણ જાણીશ કે મ્હારા હાથથીજ ત્હારો પ્રાણ–! બે દિવસ વિલંબ કર, કેમ એટલી ઉતાવળી થાય છે ? " એમ બોલી તે એકદમ ત્યાંથી ચાલ્યો ગયો.

" હા ! જો જગદીશ સાચા હશે તો વીરવર, અવશ્ય એ પાપીને પાપનાં ફળ ચખાડશે. મ્હારા મનની આશા મનમાં રહી. મ્હારો જન્મ દુઃખમાં ગયો, અને હજી દુઃખમાં દિવસ જાય છે. આ જગતનો ત્યાગ કરવો એ પણ દુઃખેજ. વિધિ સારો દિવસ લાવશે તો ઠીક, નહિ તો મ્હારા મરણ પછી પ્રત્યેક મનુષ્યો કહેશે કે સુરસુંદરી ઘણી દુઃખીઆરી હતી. હા ! બ્હેન ! આ વખતે તમે યાદ આવો છો. ના, તમે પાષાણ જેવા હૃદયનાં છો, તેથી હું તમારૂં સ્મરણ કરીશ નહિ. તમે પોતાના સુખની આશાથી આ કેદખાનામાંથી છુપી રીતે છુટી નાઠાં, પણ આ દુઃખીઆરી બ્હેનનું એકે વાર સ્મરણ કર્યું નહિ. બ્હેન ! તમે સુખે રહો, હવે મ્હારા દુઃખની રાત્રિનો પ્રભાત થવાનો છે. હા ! હા ! " એમ બોલી છાતીએ દમ બાઝવાથી સુરસુંદરી ભોંય પર પડી. થોડીક વાર પછી ચંદ્રિકાને આજ્ઞા કરી કે: " બ્હેની ! વીરને ગમે તેમ કરીને લાવજે. "

## પ્રકરણ ૨૦ મું.

### ગુપ્ત સભા.

ભગવાન ભાનુ, લાડકના પ્રદેશ પર ઝઝુમી રહેલા હિમાચળનાં બાળ બચ્ચાંના શિરોપરી થતાંજ, ઠંડીથી ત્રાસી ગયેલા ગરીબ માનવીઓ અને ઇતર ગ્રામ્ય–અરણ્ય–પશુ પંખીઓ કલ્લોલ કરી ઉઠયાં. ભાનુપુષ્પી, કમળ અને શંખ પુષ્પી વગેરે અગણિત વૃક્ષ વેલડીઓનાં પુષ્પ પટોપટ ખીલી ચોમેર સુગંધ પ્રસરી સન્મુખ વર્ત્તી થયાં. ગિરિ ગુહામાં, વન ઉપવન અને ગ્રામ્ય ગોદરે વસ્તા કર્મકાંડી મહાત્માઓ, મહા નિર્મળ વિતસ્તાના જળમાં સ્નાન સંધ્યા અને તર્પણ કરી દેવ ભાષ્કરને અર્ઘ્ય દેવા લાગ્યા.

વસ્તી ગૃહોમાં વસ્તા લોકો પોતપોતાની પનાઇઓમાં બેસી હલેસાં મારી, કાર્યે પ્રસંગે જવા આવવા લાગ્યા. વૃક્ષકોટર, ગૃહઆકોર, ભૂમિરાફ અને યવનરાજ મહમદ આઝમખાંના મહેલના ઝરૂખા-છજ્જાંમાં રાત્રિ ગાળતાં પંખીઓ ઉડી શિરોગામી થયાં. આ અરસામાં શિખરાજની છાવણીમાં નિયમ મુજબ છોડવામાં આવતી તોપના બેવડા ધડાકા થવાથી ગિરિ કંદરોમાં તેનો પ્રતિધ્વનિ ફેલાઇ, ભૂકંપ થતાંજ શિખરો પરથી બરફનાં ચૉસલે ચૉસલાં ગરવા મંડયાં. તોપના ગડગડાટથી એકદમ સરદાર મલહરસિંહ પલંગમાં બેઠો થઇ ગયો, અને આંખો ચોળતો વ્યાકુળ ચિત્તે હજુરીઆને પુછવા લાગ્યોઃ "શું થયું? કેમ જાગી ઉઠયો?"

નીચા વળી નમન કરી હજુરીએ જવાબ આપ્યોઃ "મહારાજ, શિખ લોકોએ તોપ ફોડી."

આશ્ચર્ય થઇ મલહરસિંહ બોલ્યોઃ "એસા ભયંકર ધડાકા! જુલ્મ! બડે હરામખોર લોક."

આ મુજબ વાત થતી હતી એવામાં સુંદરસિંહે આવી નમન કર્યું, એટલે તેને તરતજ આજ્ઞા આપી કેઃ "દુર્જયસિંહ વગેરે સરદારોને ખબર આપો કે આજે આપણે એકઠા થઈ કેટલીક બાબતોનો નિર્ણય કરવાનો છે, માટે મહેલના પાછલા મંત્રણાગૃહમાં સર્વ કોઇ સરદાર અને મુખ્ય મુખ્ય સેનાની લોક હાજર થાય. હું પણ ત્યાં જાઉં છું, પણ સંભાળ રાખજો કે શિખડા જાણી ન જાય. જો જાણી જશે તો માર્યા જઇશું."

"કંઇ હરકત નહિ." એમ બોલી સુંદરસિંહ સર્વને ખબર આપવા ગયો.

આજ ઘણે દિવસે શ્રીનગરના છત્રપતિના મંત્રણાગૃહનાં દ્વાર ઉઘાડવામાં આવ્યાં. મહારાજા આનંદદેવના વખતમાં રાજમહેલના પાછલા ભાગમાં રાણાગૃહ બાંધવામાં આવ્યું હતું. તેના દેખાવ પરથી એમ ભાસ થતો હતો કે જે સમયે તે મકાન બાંધવામાં આવેલું, તે સમયે ભભકાદાર દેખાવતું હશે. પણ ત્યાર પછી મુસલમાન રાજાઓના કબ્જામાં ગયાથી અધમાવસ્થાને પ્રાપ્ત થયેલું હતું, પણ તેની કુદરતી શોભાનો અભાવ થયો નહોતો. તેના અંદરના ભાગની રોનકદાર કમાનો પર કરવામાં આવેલી નકશી કારીગરી ઉત્તમ



પ્રકારની હતી. કમાનોના સ્તંભ પર વિવિધ જાતની ફુલ અને વેલડીઓ ઉપસાવવામાં આવી હતી. જેના પર ખાસ દેશપતિ બિરાજતા તે મુખ્ય બેઠકની શોભા અપૂર્વ હતી. જે જે જગ્યાએ જોઇએ તેવો સુંદર પથ્થર વાપરવામાં આવેલો દેખાતો હતો. ભૂમિ પરની ફરસબંધી પણ વિવિધ જાતના પથ્થરની દેખાવડી બેસાડવામાં આવેલી હતી. સંવાદ મળતાં એક પછી એક સરદારો આવી બેઠા, કે તરતજ સરદાર મલહરસિંહ મુખ્ય બેઠક પર આરૂઢ થયો. ચારે બાજુએ સાવધ રહેવાની આજ્ઞા આપી પહેરેગીરો મૂકી દીધા.

મલહરસિંહે, દુર્જયસિંહ, અર્જુનસિંહ, પૃથ્વિસિંહ, જાફરખાં વગેરે સરદારો, અને પ્હાડસિંહ, સુંદરસિંહ, ચૈયતસિંહ વગેરે સેનાનિઓની ખુશ ખબર પુછ્યા પછી એકઠા મળવાનો હેતુ કહી સંભળાવ્યો. તેણે કહ્યુંઃ "મ્હેં ગયા અઠવાડીઆના છેલ્લા દિવસે એક દૂતથી સાંભળ્યું હતું, કે શિખ લોક શ્રીનગર પર ચઢી આવવાની તૈયારીમાં છે. એ દૂતને મુખે સાંભળેલા સમાચારની માહિતી મેળવતાં એમ જાણવામાં આવ્યું કેઃ હજી તેમને આવતાં વાર છે. તેથી એ અનિશ્ચય સંવાદ તમારા ધ્યાન પર આણ્યો નહતો; પરંતુ ગઇ રાત્રિએ મ્હારા એક ખાસ વિશ્વાસુ દૂતે ખબર આપી કેઃ "શિખ સેનાપતિ દિવાનચંદ અને કુમાર ખડગસિંહ, બે ચાર દિવસમાં શ્રીનગર સર કરવા આવશે. શિખરાજ રણજીતસિંહ પણ તેમની પાછળ ચઢશે." હવે આપણે શું કરવું ઇષ્ટ છે તે કહો? સ્વતંત્રતાના અમૃતમય ફલ સ્વાદ સારૂ, જન્મ ભૂમિના ગૌરવની વૃદ્ધિ સારૂ કેટલુંક સૈન્ય લઈ રણજીતસિંહના હલ્લા પહેલાં તેને અટકાવવો એ આપણા પક્ષે શ્રેયસ્કર છે કે નહિ તેનો સર્વે વિચાર કરો. હવે વધારે વખત નથી. ઘણું સૈન્ય એકઠું થયું છે. જેઓ એકઠા થયા છે તેઓ સઘળા સાહસિક વીર છે. જો સંગ્રામ કરવા ઇચ્છા હોય તો બોલો. મ્હેં જન્મ ભૂમિનો ઉદ્ધાર કરવા સારૂ પ્રાણ અર્પવાની પ્રતિજ્ઞા કરી છે, છતાં સર્વેની સમક્ષ પુનઃ પ્રતિજ્ઞા કરૂં છું કે "જ્યાં સુધી હું જીવતો હઇશ ત્યાં લગી શિખ લોકોનો છુટકો કરીશ નહિ. તેમના પ્રાણ લઇશ. જો ભગવાન સૂર્ય પશ્ચિમ દિશાએ ઉગે, જો માખીઓ સુમેરૂને ઉંચકી દોડે, જો કીડીઓ સપ્ત સાગર તરી જાય, જો ખળ કદી પવિત્ર થાય, જો સતી–

પતિવ્રતા–પતિ ત્યાગ કરે, તોપણ હું મ્હારી પ્રતિજ્ઞા નિષ્ફળ થવા દેવાનો નથી. હું મ્હારી જીંદગીને એક તૃણ જેવી માનું છું. જે કાર્યદેવને અસાધ્ય હશે તે હું એક ચપટી માત્રમાં કરવા સમર્થ છું. ઘોર સંકટમાં પડ્યો હઈશ, પણ મ્હારૂં મન આનંદમાં નાચતું રહેશે. જે કાર્ય કરવાથી દેહના સો સો કટકા થતા હશે તે કાર્ય મ્હારો દેહ બજાવશે. જો આ પવિત્ર પૃથ્વી પર જન્મી શિખ શત્રુઓને શિક્ષા ન કરી શકું તો, આ અસાર દેહભાર ઉંચકી ફરવામાં ફળ શું? મ્હારા હૃદય! ઉત્સાહિત થાઓ, ઉદ્દેશ સાધવા સયત્ન બનો, હવે વધારે વખત નથી. સત્વર કાર્ય સાધન નહિ કરી શકાય તો સર્વ નાશ થઇ જશે. દેશ હિતેચ્છુ સરદારો! તમારા હૃદયના પડદા ખોલો; હું તો તત્પર છુ."

પૂર્ણોત્સાહમાં આવેલો પૂર્ણપુરનો સરદાર દુર્જયસિંહ ભવાં ચઢાવી બોલ્યો: "આપનું વાક્ય શૂરાઓને યોગ્ય છે. જન્મ ભૂમિ કાશ્મીરના ઉપયુક્ત પુત્રનું ઉપયુક્ત વાક્ય. કાશ્મીરરાજ સેનાદેવના પરલોક થયા પછી હતભાગ્ય ઉત્તરાધિકારી આનંદદેવે, સામી નામના યવન મંત્રિના પ્રલોભનમાં પડી, મ્લેચ્છ ધર્મનો આશ્રય લીધો હતો, ત્યારથી તે આજ સુધી યવન રાજની ધ્વજા ઉડતી હતી. આજ સુધી આપણે જન્મ ભૂમિ કાશ્મીરને યવન કરતલથી ઉદ્ધારવા માથે કંઈ ચેષ્ટા કરી નથી, એ આપણા માટે મહાપાપ–મહા કલંકની વાત છે. જગદિશ્વરે પ્રસન્ન થઈ આપણને તે કલંકથી દૂર કરવા સુયોગ દીધો છે. યવનરાજ મહમદ આઝીમખાં, કાબુલ, કંદહાર જીત્યા પછી કાશ્મીરની રાજગાદી સાચવવાની પરવા રાખતો નથી, અને એથીજ પોતે દિવાનને રાજ્ય સોંપી પાપી શિખ લોકના ત્રાસથી પેશાવર જઇ બેઠો છે. તેનો સેનાપતિ જબ્બરખાં પહેલેજ મોરચે રણજીતના સૈન્યથી હાર ખાઈ સિંધુ પાર નાસી ગયો છે. હવે આપણે દરેક હિન્દુ હાથમાં તરવાર પકડી સંગ્રામ ભૂમિમાં ઉતરી રણજીતને આવતો અટકાવીએ તો તે શી રીતે શ્રીનગર સર કરવાનો છે? જો કે તેણે કાશ્મીર પર ચઢી આવી કેટલોક પ્રદેશ હસ્તગત કર્યો છે, પરંતુ તે પ્રદેશ તેની પાસેથી પડાવી લેવાનો અસંભવ નથી. જો કે આપણે ઘણા કાળથી પરાધિનતાના પાસમાં પડ્યા છીએ તેથી આપણી



પાસે ક્વાયદી સૈન્ય નથી, પરંતુ જબ્બરખાનનું સૈન્ય આપણને આવી મળ્યું છે, તે તથા પ્રત્યેક હિન્દુ તરવાર પકડવા તત્પર થઈ રહ્યા છે, અને આપના જેવા વીર–શૂરા સરદાર સેનાપતિ બનો છો, તો પછી મ્હારા મત પ્રમાણે કાશ્મીર–કમળને કોઈ પણ રીતે શિખ–અરિના પાપ–પદમાં કચડાવા દેવો ઉચિત્ત નથી. હું પ્રતિજ્ઞા કરૂં છું કે, જન્મભૂમિને માટે પ્રાણ આપીશ."

પુર વેગમાં આવેલો પ્હાડસિંહ અંગરખાની બાંય ચઢાવી બોલ્યો: "મ્હારા તાબાનું તમામ સૈન્ય પ્રાણ આપવા તૈયાર છે."

કમ્મર કસી કટાર સંભાળી ચૈયતસિંહ ખૉંખારી બોલી ઉઠ્યો: "જો યુદ્ધ કરવાની ઇચ્છા છે તો પછી ક્ષણ માત્ર વિલંબ કરવો એ સારૂં નથી. શ્રીનગરને ઘેરો ઘાલતા પહેલાંજ રણજીતસિંહને રોકવો."

ગુણુર નગરનો સરદાર અર્જુનસિંહ ધીમેથી બોલ્યો: "આપ જે કંઈ કહો છો તે તમામ સત્ય છે, પરંતુ મ્હારા મત પ્રમાણે યુદ્ધ કરવું અનાવશ્યક છે. શિખરાજ રણજીતસિંહ મહાચાલાક, મહાપરાક્રમી, તેનું સૈન્ય–દલ ભારત મધ્યે અતુલ છે. બીજાં લશ્કરો પણ તેના ક્વાયદી સૈન્યના ભયથી કંપે છે, તેની સાથે યુદ્ધ કરવું એ કેવળ માનવીઓની ખુંવારીજ છે. વિશેષમાં યવન સેનાપતિ જબ્બરખાં ક્વાયદી લશ્કર હોવા છતાં પણ તેની સામે ટકી ન શકતાં નાશી છુટ્યો, ત્યારે રણજયોન્મત્ત રણજીતના સૈન્ય–દળ સાથે યુદ્ધ કરવું કોઈ રીતે ઉચિત નથી."

મલહર: "સેનાપતિ જબ્બરખાંની સૈન્ય સંખ્યા ઘણી થોડી હતી. હમણાં પ્રત્યેક કાશ્મીરવાસી જન્મ ભૂમિનો ઉદ્ધાર કરવા પ્રાણ આપવા તૈયાર છે. કાશ્મીરમાં આછી વસ્તી છે એ વાત કબુલ, પણ હવે પરાધિનતાની બેડી પગમાં પહેરવી નહિ. એવી દરેક કાશ્મીરવાસીની આકાંક્ષા છે."

અર્જુન: "તેમ હોય તોપણ મંગળ નથી. જો કે આપણે ઘણું સૈન્ય એકઠું કર્યું છે, જો કે યુદ્ધનાં તમામ અસ્ત્રાદિ મળી ગયાં છે, જો કે ધનકુબેર મલહરસિંહ યુદ્ધનું ખર્ચ ઉપાડવા તત્પર છે, તોપણ આપણે યાદ રાખવું ઉચિત છે કે રણજીત મહાપરાક્રમી છે. મ્હારા મત પ્રમાણે શિખરાજના કરમાં કાશ્મીર સમર્પણ કરવું વ્યાજબી છે."

આ વાત સાંભળી, લાલચોળ આંખો કરી, કમ્મરે લટકતી તરવારની મુઠ પર હાથ નાંખી મલહરસિંહ બોલ્યો: "ધિક્કાર ! કાશ્મીરના કલંક ! ત્હને શતવાર ધિક્કાર છે ! માનવદેહ ધરી, પૂજ્ય આર્યરક્ત નસોમાં વહેતું હોવા છતાં ત્હારા અધમોધમ વિચારને ધિક્કાર ! સ્વતંત્રતા રૂપી મહાધનના અમૂલ્ય, અતુલ અમૃત જેવા સુસ્વાદને નહિ જાણી, ગમે તેવાં વચન બોલતાં ત્હારી જીભ કેમ ટુંકી થતી નથી ? કુલાંગાર ! તું જન્મ ભૂમિનો ઉદ્ધાર કરવા ચ્હાતો નથી ? જે ભૂમિમાં તેં માનવ દેહ ધારણ કર્યો છે, જે ભૂમિમાં ત્હારૂં લાલન પાલન થયું છે, જે ભૂમિનાં વન આપણા આદરનું ધન છે, જે ભૂમિ સ્વર્ગ કરતાં પણ શ્રેષ્ટ છે, તે ભૂમિનું માન, તું અજ્ઞાન, અધમ, પશુ સમાન નર ખર ન સમજતો હોવાથી, રાખતો નથી ! ઘણા અધમ લોકોની પેઠે દાસત્વમાં જ જીવનવ્રત સમજે છે? ધિક્કાર છે, સહસ્ત્ર વાર ધિક્કાર! પાપાત્મા, પામર, શી આશાએ તું પ્રાણ રાખી રહ્યો છે? તું આંખો ખોલી જગતમાં જોતો નથી ? "સ્વતંત્રતા" "સ્વતંત્રતા" એમ કેટલી જાતિ ઝંખે છે ? સભ્ય હો, જંગલી હો કે પહાડી હો, તોપણ સ્વતંત્રતા રૂપી ધન કોણ ઇચ્છતું નથી? દુષ્ટ ઐક્ય રૂપી અમૃત ફળ ખાઈ અમર થા! માતૃ ભૂમિનું મુખ ઉજ્વળ કરી આનંદમાં રમ ! આપણે આર્ય વંશમાં ઉત્પન્ન થયેલા કાસ્મીરના પુત્રો કેમ કરી વિજાતિ લોકોની પાદુકાઓનો ભાર શિર પર વહીશું? જ્યાં સુધી આ દેહ અને આ બંને બાહુ રહેશે, ત્યાં સુધી વિજાતિ દાસત્વનો ભાર વહેવાનો શું હેતુ ? કદી કાંને સાંભળ્યું છે કે કેટલા શૂરાઓએ, કેટલા વીર નરોએ, હાથમાં તરવાર પકડી જન્મ ભૂમિને તારવા માટે પોતાના પ્રાણનું બલિદાન દીધું છે? જન્મે તેનું મરણ અવસ્ય છે અને વેદ વિદિત છે કે, આત્મા અવિનાશી છે, તો પછી ડરવાનું પ્રયોજન શું ? તું નથી સમજતો કે આ જીંદગી રાત્રિના સ્વપ્ન જેવી છે? હલેસાંમાં હાલી જશે, પળમાં ચાલી જશે. માટે પ્રાણ જવાની ધાસ્તી ન રાખતાં જન્મ ભૂમિને શત્રુના કરમાં જતી બચાવ. જગતમાં સુયશ રહી જશે. ત્હારા વીરત્વનાં યશોગાનથી ગગન ગાજી જશે અને હવે વૈકુન્ઠ ધામમાં સુવર્ણ સિંહાસન બેસવા મળશે. અરે ભીરૂ ! તું પ્રાણ જવાથી કેમ ડરે છે? અધમ પશુ ! સંગ્રામનું નામ સાંભળી ત્હારૂં ચિત્ત



ચળે છે ! ધિક્કાર ! સહસ્ત્ર વાર ધિક્કાર ! બીજું તને શું કહું ? જ્યાં સુધી આ દેહમાં આર્ય રક્ત વહે છે, જ્યાં સુધી આ મ્હારા હાથ તરવાર પકડી શકે છે, ત્યાં સુધી શિખરાજને હું રાજ સિંહાસન આપવાનો નથી. દરેક કાશ્મીરવાસી પોતાની જન્મભૂમિના રક્ષણ માટે સંગ્રામ ક્ષેત્રમાં પોતાના પ્રાણનું બલિદાન દેશે, પણ પોતાના પગમાં ગુલામગીરીની બેડી પહેરશે નહિ ! જાતિની ઐક્યતાથી શું ન થાય ? સ્વજાતિના સંબંધથી શું ન થાય? ઉઠ ભાઇ ! ઐક્યતાનો હાર પહેરી લે ! પકડ તરવાર, નસાડ શત્રુ! અને માતાને બચાવ. અરે ! શત્રુના હાથમાં જતા દેશનું રક્ષણ કર. રક્ષણ કર."

દુર્જય: "જે કાસ્મીરી કાયરો પ્રાણના ભયથી જન્મ ભૂમિને પરાયા હાથમાં અર્પણ કરવા પ્રશસ્ત છે, તેનું મુખ જોવામાં પણ મહા પાપ છે ! એક જાતિ અન્ય જાતિની હમેશાં ગુલામગીરિ કરે એવો કદી વિધિનો વિધિ નથી. આ સોનાનું ભારતવર્ષ ! એ ભારતવર્ષમાં ઘણી જાતિએ જય પતાકા ઉડાવી, ઘણી જાતિના લોકોએ રાજ સિંહાસન પર ચઢી બેસી મનમાન્યું લૂંટી જઈ, ભારતનું સત્યાનાશ વાળી દીધું છે! પરંતુ એ કેટલા દિવસ? બધા દિવસ સરખા જતા નથી. આપણે આટલા દિવસથી પરાધિનપણામાં પડયા છીએ, તોપણ કહો જોઈએ, એકેવાર જનની જન્મ ભૂમિની દુર્ગતિ દૂર કરવાનો યત્ન કર્યો છે ? ભાઈ! હવે તો એક હાથમાં જાતિ–ધ્વજા, ને બીજા હાથમાં તરવાર લઈ સમર સાગરમાં દરેક કાશ્મીરવાસીએ કુદીજ પડવું, નહિ તો ભાર રૂપ દેહ ધારણ કરવામાં કંઈ ફળ નથી. આપણે કાશ્મીરનું રક્ષણ કરવા માટે કાશ્મીરમાં અવતાર લીધો છે, એ કાશ્મીર–કમળને વિજાતિ કીડો કરડે, અને તે કીડાને આપણે મદદ કરીએ તો શું આપણને પરલોકમાં પણ ઠામ મળવાનું છે? કદી નહિ. જન્મ ભૂમિના દુ:ખથી જેનું હૃદય દુ:ખી ન થાય, જન્મ ભૂમિની દુર્ગતિ દૂર કરવા જે પ્રાણ આપતાં પાછો પડે, તે માનવી નથી પણ તે પશુ છે! ભાઈ પશુઓ પોતાનું વાસસ્થાન સાચવવા માટે પ્રાણ આપે છે, ત્યારે જે માનવીઓ જન્મ ભૂમિ માટે બેદરકાર રહે છે તે પશુ કરતાં અધમ ! મ્હારા મત પ્રમાણે આ ક્ષણેજ સંગ્રામ ક્ષેત્રમાં ઉતરવું એ આપણું કર્ત્તવ્ય છે." એટલું બોલી બંધ પડયો; એટલે સર્વેએ કહ્યું: "અમે દેશને માટે પ્રાણ

અર્પવા તૈયાર છીએ. અમે જન્મ ભૂમિનું રક્ષણ કરવા તૈયાર છીએ."

બીજી તરફ નજર કરીએ. સુરસુંદરીને કારાગારથી મુક્ત કરનાર રણધિરસિંહને કેદી બનાવી ભવાનીને ભોગ આપવા માટે વીરાંગ નગરમાં લઈ જવા ભીષ્માચાર્યે આજ્ઞા આપી હતી. તે પ્રમાણે સૈનિકો લઇ જતા હતા, પણ તેણે પહેરેગીરોને બબ્બે ધપ્પા અને બબ્બે લાતો મારી ભૂમિ પર પાડી નાંખી, પાસેના જંગલમાં પોતાનો ઘોડો બાંધેલો હતો, તે પર સ્વાર થઈ શ્રીનગરમાં દાખલ થયો, અને પોતાના ઘોડાને એકાંત સ્થળમાં બાંધી રાજમહેલ તરફ આવ્યો. આ વખતે મહેલની ચારે દિશાએ પહેરો હોવાથી તેમાં એકદમ ઘૂસી જવાય તેવું નહોતું તેથી એક પહેરેગીરને વરદી આપવા કહ્યું. તે પ્રમાણે તેણે સરદાર મલહરસિંહને ખબર આપી. મલહરસિંહે આવવા આજ્ઞા આપી. આવા બારિક વખતમાં રણધીરને આવવા પરવાનગી આપી તેથી આશ્ચર્ય પામી દુર્જયસિંહે પુછ્યું: "રણધીરસિંહ કોણ છે?"

મલહરસિંહ: "સુવિખ્યાત રણધીરસિંહને આપ નથી પિછાનતા? તેને ભીષ્માચાર્યે આપણો સેનાપતિ થવા સારૂ બોલાવ્યો છે તે અચ્છો લડવૈયો છે."

રણધીરસિંહને આવતો દેખી મલહરસિંહ બોલ્યો: "ભીષ્માચાર્યની સાથે મેળાપ કર્યા પછી આપની સાથે વાત થશે."

રણધીર: "મેળાપ થયો છે અને તેણે મ્હને પ્રતિજ્ઞાથી બાંધ્યો છે, તેથી યુદ્ધ પ્રસંગે તેના ઉપદેશ પ્રમાણે આ સ્થાને હાજર થયો છું."

ત્વરામાં આવી ગયેલો દુર્જયસિંહ એકદમ બોલી ઉઠયો: "મ્હારા મત પ્રમાણે હવે વિલંબ કરવો એ સારૂ નથી. બીજા સેનાપતિઓ પણ આ સ્થળે હાજર છે. આપ એકવાર સમગ્ર સૈન્યનું અવલોકન કરી કાશ્મીરનું રક્ષણ કરવા ઉપાય આદરો."

આ પ્રમાણે વાતચિત ચાલી રહી છે, એટલામાં ધનુષ્યનો ટંકાર સાંભળી મલહરસિંહ બોલ્યો: "એ શું? ધનુષ્યનો ટંકાર ક્યાં થાય છે?"

સુંદરસિંહ: "એ તો આપણું સૈન્ય ઉત્સાહમાં આવી ધનુષ્ય ટંકાર કરે છે, તેનો અવાજ સંભળાય છે."

મલહરસિંહ: "નહિ, નહિ, તમે એક જણ જોઈ આવો."



રણધીર: "સૈન્યદળ શું શ્રીનગરમાં છે?"

મલહર: "કેટલુંક સૈન્ય વિચિત્રનિવાસમાં પણ છે. વળી આ ટંકાર ક્યાંથી આવે છે?"

અર્જુન: "નહિ, નહિ, કંઇ ભય નથી. એ તો સેનાપતિ પૃથ્વીસિંહ સૈન્યદળને આક્રમણ બ્યૂહ શીખવે છે. આપનું તમામ સૈન્ય કવાયદી નથી. જેણે જન્મમાં કોઇ વખત સંગ્રામક્ષેત્ર દીઠું નથી, તેઓ તરવાર પકડી આવ્યા છે! તેઓ બીનકવાયદી પેઠે ધનુષનો ટંકાર સાંભળી ન્હાસી જશે કે નહિ તેની પરીક્ષા કરતા હશે."

રણ: "એ તો બહુ વિચિત્ર વાત! જેઓ યુદ્ધમાં ચઢ્યા છે તેઓ શું ધનુષનો ટંકાર સાંભળી ન્હાસી જશે?"

ધનુષના ટંકારથી વ્યાકુળ બનેલો મલહરસિંહ સામેથી આવતા ભીષ્માચાર્યને જોઇ હાથ જોડી એકદમ શીશ નમાવી બોલ્યો: "પધારો ગુરૂદેવ."

આશ્ચર્યમાં ગરકાવ થયેલા ભીષ્માચાર્યે પુછ્યું: "આ પાપી અહિંયા ક્યાંથી?"

મલ: "શું બોલ્યા? એ શું રણધીરસિંહ નથી?"

ભીષ્મા: "રણધીરસિંહ ખરો, પરંતુ ઘોર અધમાચારી–વિશ્વાસઘાતી."

મલ: "આપે જેને બોલાવ્યો હતો, તેને આ વખતે—"

ભીષ્મા: "કાળ સર્પને રજ્જુ જાણી બોલાવ્યો હતો!"

રણ: "આચાર્ય! ચુપ રહો. મહાશય, સાંભળો. એણે મ્હને સેનાપતિપદ અને ભારતવિદિત સુરસુંદરી આપવાનું કહી બોલાવ્યો છે. કાલ રાત્રિએ તે મ્હને સુરસુંદરીના આવાસે લઈ ગયો હતો. સુરસુંદરી મ્હારી સમક્ષ કહેવા લાગી કે આ આચાર્યરૂપી ભીલે તેને ઘણી ઘણી જાતનું દુઃખ દીધું છે અને દે છે. તે કાલે મ્હારી સાથે કારાગારથી મુક્ત થવા તૈયાર હતી. હું પણ તે નિરપરાધી અબળાને છોડાવવા તત્પર થયો હતો, એટલામાં એણે મ્હને કેદ કર્યો. મ્હારા બાહુબળથી હું છુટો થયો છું. આ મ્હારો અપરાધ! ગમે તેમ હો, મ્હેં આ તરવારને સ્પર્શ કરી પ્રતિજ્ઞા કરી છે કે, રણજીતના હાથમાંથી કાશ્મીરનો ઉદ્ધાર કરવા પ્રાણ દઇશ. એ પ્રતિજ્ઞા પાળવી એ વીર પુરુષનું કામ છે, એમ સમજી હું આ સ્થળે હાજર થયો છું. હવે આપના વિચારમાં જે હોય તે ખરૂં."

ભીષ્મા: "વિચાર! વિચાર! હવે શું? ત્હારા જેવા વિશ્વાસઘાતીના હાથમાં કયો મૂર્ખ સૈન્ય દળનો ભાર અર્પણ કરશે? ત્હારે માટે તો એટલોજ વિચાર કે તું વિશ્વાસઘાત કરી નાસી ગયો હતો, તેથી ત્હને જીંદગી સુધી કેદમાંજ નાંખવો."

રણ: "હા: હા: હા! જેનો આત્મા ઘોર પાપથી દુષિત, આત્માભિલાષ પૂર્ણ કરવા અબળા રમણીની દુર્ગતિ કરવામાં નિયુક્ત, તે ભાંડ ભીષ્માચાર્યના વિચારથી રણધીરસિંહ કેદી થશે! હા: હા: કપટી! રણધીરસિંહ ત્હારી પાપ–આશા જાણી ગયો છે."

મલ: "શું તું પુજ્યપાદ ભીષ્માચાર્યના નામને કલંક દે છે? સેનાપતિઓ! હું આજ્ઞા કરૂં છું કે રણધીરને કેદ કરો."

રણ: "પાપીનું મન જાળવવા સારૂ આપ હજારવાર આજ્ઞા કરો, પરંતુ તે આજ્ઞા પાળે એવો એક પણ આપનામાં નથી. રણધીરના દેહમાં સૌન્દર્ય માટે આ બાહુ નથી, કેવળ આત્મરક્ષા માટે તરવાર નથી, પણ પરાયાના ઉપકાર માટે–દુષ્ટોને દંડવા માટે–આ બાહુ અને તરવાર છે."

આ પ્રમાણે ધમાચકડી ચાલી રહી હતી, એવામાં એક સૈનિક દમભરે મુખે દોડતો આવી કહેવા લાગ્યો: "સત્યાનાશ વળ્યુ! રણજીત, સૈન્ય સાથે હુમલો કરી સંગ્રામ ક્ષેત્રમાં હાજર થયો છે. સેનાપતિ દિવાનચંદ, હરિસિંહ અને ખડગસિંહ સંગ્રામમાં ઘુમે છે. પૃથ્વીસિંહ ટક્કર ઝીલી શકતો નથી, આપ વેળાસર આવો."

મલ: "ખરે! રણજીતે એકદમ ઘેરો ઘાલ્યો. હું મનમાં ધારતો હતો તેમ થયું. હું વિચારવર્ધક સભામાં જોડાયલો હતો, નહિ તો પૃથ્વીને કોઇ વખત સંકટમાં પડવું પડત નહિ. ચાલો, હું આવું છું. હવે વિલંબ કરવામાં માલ નથી."

મલહરસિંહ સંગ્રામમાં જતો હતો તેવામાં રણતુર વગેરે રણવાદ્યનો ભારે કોલાહલ થવાથી પાછો હઠયો કે તરતજ રણજીતસિંહે મહેલમાં પ્રવેશ કર્યો. રણજીતસિંહને એકાએક મહેલમાં દાખલ થયેલો જોઈ રણધીરસિંહ અને અર્જુનસિંહ સિવાયના તમામે મ્યાનમાંથી તરવારો ઝપોઝપ બહાર કરી,



પણ રણજીતસિંહ નિડરપણે બોલ્યો: "સરદાર મલહરસિંહ અને અન્ય સરદારો! તમે દુર્બુદ્ધિને વશ થઈ રણજીતની સામે તરવાર પકડવામાં ઉદ્ધત થયા છો. તમે કોઈ પણ ન સમજ્યા કે પંજાબ વિજયી રણજીતસિંહની સામે તરવાર ઉંચી કરવી એ આત્મનાશનું કારણ છે! સેનાપતિ જબરખાંની દુર્દશા જોઇ હોત તો, તમે સામાન્ય સૈન્ય લઇ સાગર પ્રવાહ જેવા શિખ સૈન્ય દળની ગતિ બંધ કરવા કોઇ રીતે ઉદ્ધત થાત નહિ! રણજીતની આ તરવાર સામે ઉભો રહે એવો કોઈ આદમી આ જગતમાં છે? તમે શું જાણતા નથી, કે આ તરવાર, સમસ્ત પંજાબને એક છત્ર નીચે રાખે છે? પાપાચારી ભીષ્માચાર્ય! ત્હારાં ચરિત્ર કેટલાં પાપમય છે, અને તું કેવો પાખંડી છે તે મ્હારી જાણ બહાર નથી. તું શું કરવા માટે આ ષડયંત્રમાં ભળ્યો? સરદારો! મ્હારો છેવટનો પ્રશ્ન એ છે કે તમે શું ચાહો છો? શરણે થવા કબુલ છો કે નહિ?"

મલહર: "તમે એકલાજ વીર છો? વીર પાસે વીર શું ઇચ્છે તે જાણતા નથી?"

રણજીત: "યુદ્ધ! બહુજ સારૂ. તમારા આ મંત્રણાવાસને શિખ સૈન્યે ઘેરો ઘાલેલો છે, તમારૂં સૈન્ય નાસી ગયું છે, હવે શું યુદ્ધ કરશો?"

અર્જુન: "ઓ મલહરભાયા! હું જે કહું તે સાંભળ. મહારાજ રણજીતસિંહને અપ્રિય ન થાઓ. શરણ જાઓ, નહિ તો ન્હાની વયમાં પ્રાણ ખોશો."

મલહર: "ચુપ રહે કાયર. હું હવે સમજ્યો કે તુંજ આ બધાનું મૂળ છે. તું જન્મ ભૂમિના કપાળે કલંક દેવા બેઠો છે! અમારી આ મંત્રણાની વાત કોઇ જાણતું નહોતું. તેં ધનલોભી બની રણજીતને ખબર આપી. તું નરકનો કીડો છે. ભીરૂ! હું ત્હારૂં મુખ જોવા માગતો નથી."

અર્જુન: "ભાઇરે! મ્હારૂં મુખ તો નહિ દેખાડું, પણ ત્હારૂં મુખ કિયો બાપ જોવાનો છે? સુખે દિવસ કહાડતો હતો તે હવે ભીખી ખા. આમોદ આનંદ ત્હને ના ગમ્યો. સ્વતંત્રતા, સ્વતંત્રતા, ને સ્વતંત્રતાજ જંખી રહ્યો છે તે લે હવે!"

દુર્જય: "પામર! ચુપ રહે, નહિ તો શિક્ષા કરવી પડશે."

રણજીત: "મલહરસિંહ! હું જાણું છું કે તું એક સાહસી છે. હું જાણું છું કે તું જન્મ ભૂમિનો ઉદ્ધાર કરવા સારૂ–સ્વતંત્રતાનું અમૃતમય ફળ ભોગવવા સારૂ–મ્હારી વિરૂદ્ધ મ્હારી સામે સંગ્રામ કરવા તત્પર થયો છે. હું જાણું છું કે તું કાસ્મીરમાં એક ધનાઢય છે, કાસ્મીરમાં ત્હારૂં માન અતુલ છે, પરંતુ ધન અને સાહસથી કોઈ વખત સ્વતંત્રતા મળતી નથી. પહેલાં જાતિની ઐકયતા દૃઢ કરવા ચાહો અને ભાઇએ ભાઈ, એક દેહ, એક મન, એક પ્રાણ થવા ઇચ્છો, ત્યાર પછી સ્વતંત્રતાના નામના જાપ જપો. મ્હારૂં કહેવું એવું છે કે અમે યવન નથી, અમારા રાજ્યથી તમને કંઈ ભય નથી. અમારી વિરૂદ્ધ થવું એજ તમારી મૂર્ખતા! મ્હેં હમણાં યવનના હાથમાંથી કાસ્મીરનો ઉદ્ધાર કર્યો છે, ત્યારે તમારે આ પ્રમાણે કરવું ઉચિત નથી. હવે તમે માનથી શરણ થવા ઇચ્છો છો કે નહિ તે જાણવા માગું છું."

મલહર: "કદી નહિ, તમારી સાથે યુદ્ધ કરવા માગું છું."

રણજીત: "રણજીત, મૂષક સાથે યુદ્ધ કરી હાથ કલંકિત કરવા ચહાતો નથી."

મલહર: "જે માણસ વીર છે, તે કદી યુદ્ધની માગણીનો અનાદર કરતો નથી."

રણજીત: "તમારા સર્વેના સમજવામાં એમ હશે કે દ્વંદ્વ યુદ્ધ કરી મ્હને મારવો, પણ એ વાસના કરશો નહિ."

એમ બોલી ભેરી નાદ કર્યો કે તરતજ શિખ સૈન્ય મંત્રણાવાસમાં ધડાધડ પેસી ગયું કે શત્રુઓ તુરતજ નાસવા લાગ્યા. તેમને નાસતા જોઈ કહ્યું: "ક્યાં જવાના છો? ચારે દિશાએ સૈન્યનો ઘેરો છે. ઓ સૈનિકો! એ લોકોને પકડી, મુસ્કેટાટ બાંધી વિતસ્તાના કાંઠા પરના કારાગારમાં પૂરી ચોકી કરો. અર્જુનસિંહ, તમે ખબર આપી મ્હારા પર ભારે ઉપકાર કર્યો છે, તેનો બદલો તમને આપવા ભૂલીશ નહિ. જાઓ, એ લોકોને કારાગારમાં પુરાવો."

અર્જુન: "આ સેવક–આપનો અનુગત સેવક છે. મ્હારા પ્રતિ કૃપા–દયા કરવા ભૂલશો નહિ. આ આપનોજ સેવક છે."



રણજીત: "ના, નહિ ભૂલું. રણધીરસિંહ! આપને શત્રુ કે મિત્ર કહેવા?"

રણધીર: "આપની જેવી મરજી."

રણજીત: "પાપાત્મા ભીષ્માચાર્યે આપને જે લોભ–જાળમાં નાંખી અહિં બોલાવ્યા તે તમામ મ્હારી જાણમાં આવ્યું છે, અને ભીષ્માચાર્યે આપને જે દુઃખ દીધું છે તે પણ મ્હારા જાણવામાં છે."

રણધીર: "હું પ્રતિજ્ઞાપાશથી બંધાઈ અત્રે આવ્યો હતો, અને તે પ્રતિજ્ઞાપાશમાં નાંખનાર ભીષ્માચાર્યના દોષથીજ પ્રતિજ્ઞા સફળ થઈ નહિ."

રણજીત: "તે માટે આપ દુઃખી છો?"

રણધીર: "મ્હારા દોષથી પ્રતિજ્ઞા સફળ ન થઈ હોત તો દુઃખી થાત."

રણજીત: "હવે આપનો શો અભિપ્રાય છે?"

રણધીર: "ભરતી થવાથી જેમ તરંગો ચોગરદમ ફેલાય છે અને છેવટે સાગરમાંજ જઈ મળે છે, તેમ હું જયાંથી આવ્યો છું ત્યાં જઇશ."

રણજીત: "આપ સુરપ્રભાના પ્રાણદાતા. હું જયાં સુધી કાસ્મીરનો બંદોબસ્ત કરી લાહોર ન જાઉં તેટલા દિવસ આપને અહિં રહેવું પડશે."

રણધીર: "આનંદથી આપની આજ્ઞા સ્વિકારૂં છું."

---

## પ્રકરણ ૨૧ મું.

### બાગમાં સુરપ્રભા.

બાગ બહુ વિશાળ નહોતો, પણ કાસ્મીરાધિપતિએ રાજમહેલના ઇશાનખુણા પર પોતાને માટે જ કરાવ્યો હતો તે બાગ, "બાગે ચમન" નામે ઓળખાતો હતો. આ બાગની ત્રણે દિશાએ વિતસ્તાના કાંઠા હતા. તેથી તે એક દ્વીપકલ્પ જેવો જણાતો હતો. તેમાં વિવિધ જાતની આકૃતિના ઇંટની ઢબના કયારા બાંધેલા હતા. તેમાં પગ દંડાની સડક પર સ્ફટિકના પથ્થરોની હીરા જેવી ચળકતી ભૂકી પાથરી દીધી હતી. સડક

અને ક્યારાની આજુબાજુએ હિમાચળની સુંદરતા રૂપ પથ્થરના કટકા ભૂમિમાં ઘાલેલા હતા. ક્યારાઓમાં રંગ બેરંગી ગુલાબ, ચંપક, બકુલ, ગુલદાવદી, મોગરો વગેરેના છોડ પુષ્પસહ શોભી રહ્યા હતા. વળી વચ્ચે વચ્ચે સરૂ, ચિનાર વગેરેના વૃક્ષોને જાઈ, જુઇ, મદનપુષ્પી વગેરે વેલડીઓ પુષ્પ સહિત મહા માનથી વિંટળાઇ ગઇ હતી. આ બગીચાની ત્રણે બાજુએ, વિતસ્તાના કાંઠા પર ઉગેલાં તરૂવરોને લતાઓ ગુંથાઇ–ગુંચાઈ જઇ એક જાતનો લીલો કિલ્લો કરી દીધેલો જણાતો હતો. તેના પર હિન્દુકુશ પાછળ વિરામ લેવા સધાવતા સૂર્યનારાયણનાં મંદ કિરણો પડયાથી પવનમાં ઝોકાં ખાતાં વેલડીઓનાં પાંદડાં અને પુષ્પ તગતગી રહ્યાં હતાં. તરેહ તરેહનાં પંખી સુમધુર કલરવ કરી દ્રાક્ષના લતા મંડપમાંથી દ્રાક્ષ લૂમો ચાંચોમાં પકડી કોઇ તરૂવરોમાં તો કોઈ ગિરિ કોતરમાં ભરાવા આમ તેમ ઉડી રહ્યાં હતાં. આ વખતનો દેખાવ બાગના સૌન્દર્યમાં એક જાતની વૃદ્ધિ કરતો હતો. આ દેખાવનો લાભ લેવાનું નિમિત બતાવી સુરપ્રભા બાગમાં આવી અને તેમાંથી વિતસ્તામાં ઉતરવાના છુપા માર્ગ પર હવા ધોરવા માટે મૂળથી નાંખવામાં આવેલા કાળા આરસના એક બાજટ પર આવી બેઠી અને જમણા પગની ડાબા સાથળ પર આંટી નાંખી બેઠી.

વાંચક ! જુઓ આ સુરપ્રભા ! એજ સુરૂના સરદાર બલેન્દ્રસિંહની કન્યા. કપાળે હાથ દઈ માર્ગ તરફ વાંકી દૃષ્ટિ રાખી, ઉંડા વિચારમાં બેઠી છે. ઉંડા વિચારમાં તલ્લીન હોવા છતાં, તેનું શશીમુખ મૃગલાંછનવાળા શશીની પેઠે મ્લાન દેખાતું નથી. આ નવોદિતા બાળા મનોદુઃખે દુઃખી જણાતી હોવા છતાં, તેની અણીઆળી આંખોની કીકીઓ આમ તેમ ફરે છે. સૂર્યના અભાવે ઠંડી હોવા છતાં એક હાથે વક્ષઃસ્થળ પરનો પાલવ શાન્તિ અર્થે ઉંચો નીચો કરે છે, ને મુખથી ઉન્હા નિશ્વાસ નાંખે છે. ગ્રીષ્મ ઋતુનો ઘામ નહિ હોવા છતાં, જુઓ તેના કપાળ પ્રદેશ પર શિશિર ઋતુના ઝાકળના બિંદુઓ જેવા પરસેવાના આછા આછા મોતીઆ કુંકુમના ચાંલ્લાની આસપાસ ચમકે છે. વખતે બંને હાથ ઉંચા કરી, અરસપરસ આંગળીઓ ભીડી કમ્મરથી વાંકી વળી ભૂમિ પર પગ ડાબી બગાસાં ખાય છે. તેણે



કંઠમાં બકુલ પુષ્પની માળા અને હાથે, કાને, અને માથે પુષ્પના અલંકાર પહેર્યા છે. જુઓ, તે પુષ્પ ભૂષણથી કેવી મનોમોહિની દેખાય છે. ખરેખર, ઇશ્વરના આદરની સૃષ્ટિ છે, તેમાં નિંદા કરવા જેવું લેશ માત્ર નથી. જે એને જૂવે છે તે સર્વ એકે અવાજે એમજ કહેતા કે સુરપ્રભા, હજુ પણ સર્વાંગ સુંદરી રમણી થશે. તેનો બાંધો સુંદર છે તેના કરતાં તેનું મન વધારે સુંદર છે. તેનો સરળ ભાવ સર્વ કરતાં વધારે સુંદર છે. આ વખતે તે પૂર્ણ યુવાવસ્થામાં હોવાથી રૂપ રૂપના સાગર જેવી દેખાય છે. ચંદ્રિકામયી નદીમાં ચંદ્ર જેવી દેખાય છે. મન અને પ્રાણને વિમોહન કરનાર યુગલ કુચ બિલ્વ ફળનો ગર્વ ટાળે છે. પોતાના અંગની અતુલ શોભાથી જગજ્જનનાં અંતઃકરણને વિચલિત કરે છે.

સુરપ્રભા હવે જરાક ચંચળ બની ફાટી આંખે ચોગરદમ જોવા લાગી. આકાશ માર્ગ ભણી ઉંચી દૃષ્ટિ નાંખવા લાગી. આકાશ વિવિધ જાતના રંગ ધારણ કરવા લાગ્યું, તે જોઈ દીર્ઘ નિશ્વાસ નાંખી બોલી: "મનુષ્ય જીવનનો સાર–સુખ યૌવનમાં મ્હારા ભાગ્યમાં વિધિનો તે વિધિ વિપરીત છે. યૌવન દુઃખમાં ગયું, દુઃખમાં જાય છે અને દુઃખમાં જશે. વર્ષાકાળમાં ઘન ઘટાચ્છન્ન આકાશમાં પુર્ણિમાના ચંદ્રનો જેમ અલક્ષ્ય અસ્ત થાય છે, તેમ મ્હારૂં યૌવન એક નદીની પેઠે દુઃખ ભાર વહન કરી ચાલ્યું જાય છે. રાજ્ય સિંહાસન જેમ રાજા વિના સૂનું પડી જાય છે, તેમ મ્હારા દેહ–રાજ્યનું યૌવન–સિંહાસન સૂનું પડી ગયું છે! મ્હારા પૂર્વ જન્મના પાપપુંજ અને વિધિના લેખ આ સિંહાસન પર લાયક અધિકારીને આરૂઢ થવા દેતા નથી. વિધિ! તું કેવો છે તે હું સારી પેઠે જાણું છું. તેં નિરાપરાધી ચંદ્રને કલંક, કેશને ધોળાશ, પદ્મને કાંટા, સમુદ્રને ખારાશ, દેવાલયમાં ચામાચીડીઆં, મહારણ્યમાં કોયલ ઉપજાવ્યાં છે! આ બધું જોઈ ત્હારી અક્કલની લોકો નિંદા કરે છે. આમ કરવાની મતલબ શું ? જો મ્હને કોઈ પુછે તો ઇશ્વર–વિધિ–અવિવેકી છે એમ ઉત્તર દઉં! જે જેને ઇચ્છે તે તેને ના મળે એ શું વિધિનો નિયમ ? ના. જે મ્હને સારૂં લાગે, તેને હું સારી ન લાગું તેથી તે અન્યને ઇચ્છે એ શું નિયમ? શું કહું? કંઈ નક્કી કહી શકતી નથી.

સૂર્યપત્ની પદ્મિની ભ્રમરને મધુપાન ન કરાવતાં, જે ભ્રમર મંજરી કામથી અનુગત છે તેને હૃદયમાં ન રાખતાં, ક્ષુદ્ર કીડાને હૃદયમાં સ્થાન આપે છે! આ વાત નહિ બનવા જેવી! વારૂં, શિખરાજે મ્હને જે અવસ્થામાં મૂકી છે, તે અવસ્થામાં હૃદયાશા પૂર્ણ થવી પણ દુષ્કર! તે મ્હારા આશ્રયદાતા છે. તેની આજ્ઞા પાળવી તે મ્હારૂં કર્તવ્ય છે. પણ ના, દુઃખ સહન કર્યું જતું નથી. વીરવર રણધીરસિંહ મ્હારો પ્રાણ રક્ષક, મન ચોર છે. તેની સાથેની પ્રતિજ્ઞા પ્રમાણે તેમણે આ સ્થળેજ આવવું જોઈએ, પણ મ્હારી આશા શું પૂર્ણ થશે? સમજાતું નથી. રણધીર મહાવીર, શ્રેષ્ઠાધિકારી અને હું તો સામાન્ય રમણી છું. મ્હારે એવી આશા રાખવી એજ અન્યાય છે. વારૂં, એમાં અન્યાય શેનો? આ જગતમાં કોણ ઉચ્ચ આશા રાખતું નથી? શું કરૂં? હૃદય ખોલીને બોલીશ, રણધીર હું તમારા ચરણની દાસી. ના, તેમ થઇ શકશે નહિ. કેવળ હુંજ આમ બોલું છું એમ નથી. મ્હારા જેવી જે રમણી આવી અવસ્થામાં પડે છે, તે મનમાં આવીજ આલોચના કરે છે. હૃદય-રાજને હૃદયમાં રાખી અંતરની છબી નિરખવા ચ્હાય છે." આવા આવા વિચારમાં ગુંચાતી અબળા બાળા બંને હાથ જોડી ઇશ્વરને વિનવવા તૈયાર થતી હતી, તેવામાં સામેથી રણધીરને આવતો જોઈ અપાર આનંદથી બોલી ઉઠી: "પધારો! પધારો! આપે પ્રતિજ્ઞા પાળી તેથી અતિ આનંદ થાય છે."

જરાક મુખ મલકાવી રણધીરે ઉત્તર આપ્યો: "તમારા જેવી ઉદાર હૃદયા રમણી સાથે પ્રતિજ્ઞાથી બંધાઈ જે પ્રતિજ્ઞા ન પાળે, તે મનુષ્યમાં લેખાય નહિ."

બે હદ ખુશી થયેલી, પરમાનંદમાં ડોલતી સુરપ્રભા બોલી: "આપની પેઠે પૃથ્વીના તમામ પુરૂષોનાં હૃદય સરળ હોત, તો અબળા જાતિની દુર્ગતિ થાત નહિ. પંખીઓ જેમ રાત્રિએ વૃક્ષના દુઃખ સુખમાં ભાગ લે છે, પણ દિવસે તે વૃક્ષની કંઇ સંભાળ લેતાં નથી, તેમ પુરુષો પણ અબળા રમણીના યૌવન સમયે પોતાનો સ્વાર્થ સાધવા તેના દુઃખમાં ભાગ લે છે, પરંતુ રમણીનું સાર-ધન-યૌવન ગત થયા પછી પુરુષ કોઈ વખત તેના દુઃખે દુઃખી થવા ચહાતો નથી."



રણધીર: "તમને અસુખી સાંભળવાથી મ્હારૂં મન તપી ઉઠે છે."

સુરપ્રભા: "આપ વિજ્ઞ છો. સહેજે જાણી શકો છો કે મ્હારા હૃદય-સાગરમાં દુઃખના ડુંગરો થયા છે."

રણધીર: "રણધીર જીવવા છતાં તમારા દુઃખનાં મૂળીઆં કેમ ઉંડાં જશે? બોલો, પ્રાણ આપવા પણ તૈયાર છું."

સુરપ્રભા: "આપના પવિત્ર વદનથી આવાં વાક્ય સાંભળવા હું આ ઠેકાણે આવી છું. જે દિવસે આપે ભીષ્માચાર્યે મોકલેલા પાપી ચોરોના હાથથી મ્હને બચાવી, તેજ દિવસથી મ્હેં આપને મ્હારા માન્યા છે."

રણધીર: "ખરેખર, હું હમેશાં ત્હારો છું અને જીંદગી સુધી ત્હારો રહીશ. હું ત્હારો સહોદર ભ્રાતા."

આ શબ્દ સાંભળી એકદમ ચાર વા'ર પાછી હઠી ગયેલી સુરપ્રભા: "અરે! સ-હો-દ-ર ભ્રાતા!" એમ બોલી શરમિંદી થતાં ચાલવા લાગી.

"અહો! ભારે ઉત્પાત! મ્હારૂં એક મન કોને કોને આપીશ? સરદ પૂર્ણિમાના કડકા કરી ગગન મંડળમાં છોડી દેવાથી જેમ તેની અનુપમ શોભા રહેતી નથી, તેમ મ્હારા એક મનને ખંડેખંડે વિભક્ત કરી આપવામાં કોઈ સુખી થવાનું નથી. મ્હેં આજ સુધી કોઈ વિપદ દીઠી નહોતી, ને તેને જાણતો પણ નહોતો, કિન્તુ કાશ્મીરમાં આવી એક અપૂર્વ વિપદમાં પડયો છું. આ પ્રમાણે કોઇ માનવી વિપદમાં પડયો હશે કે નહિ તે હું કહી શકતો નથી. હું રમણી ચક્રમાં પડયો. આહા! તે અનુપકુમારી, સરલ-કૃષક-બાળા-અનુપકુમારીનું દેવતાઈ રૂપ હજી પણ મ્હારા હૃદયમાં પ્રકાશ નાંખે છે. તે કૃષક બાળા! પ્રેમના પ્રતાપ સ્હામે જાતિ બંધન ટકી શકતું નથી, પરંતુ જાહેર રીતના મેળાપનો અસંભવ. સારાંશ કે તેને ભૂલ્યો નથી, ને ભૂલીશ પણ નહિ. મનુષ્યનો સ્વભાવ જેમ આ જન્મે જતો નથી, તેમ હું તેને આ જીંદગીમાં વિસ્મૃતિ સાગરમાં નાંખી શકવાનો નથી. વળી ભારત વિદિત કનક પુષ્પી સુરસુંદરી કે જેની આશાથી આ કાશ્મીરમાં આવ્યો, તે સુરસુંદરીનું અનુપમ સૌન્દર્ય જોઇ કોણ પાષાણ હૃદય તેને ભૂલી શકે? સુરસુંદરી મળવી મુશ્કેલ. સાંભળ્યું છે કે ઘોર પાપી ભીષ્માચાર્ય

તે કનક પુષ્પીને ભડ ભડ બળતા અગ્નિ મુખમાં હોમવાનો છે. પૂજા પહેલાં સુવર્ણ પ્રતિમાને પાણીમાં ડુબાવે છે. એક વાર જેમ સુરસુંદરીનો ઉદ્ધાર કરવા વિપદમાં પડયો હતો, તેજ પ્રમાણે સહસ્ત્ર વાર વિપદમાં પડીશ, અને તેનો ઉદ્ધાર થશે તે કાર્ય કરીશ. ત્યાર પછી પ્રેતપ્રભા ! કદી નહિ સાંભળેલું નામ. તે નામમાં જે કંઇ ગુપ્ત રહસ્ય હશે, તે પણ ચમત્કારિક હશે. રૂપ ચમત્કારિક, તેવા ગુણ પણ ચમત્કારિક ! હું કવિ નથી, કે તેના અનુપમ ચમત્કારિક રૂપનું વર્ણન કરી શકું. તેનું રૂપ મ્હને વારંવાર ઉન્મત્ત કરે છે. બોલો જોઇએ, જે જેને પ્રસન્ન પડે, તે કરૂપાં હોય, તોપણ પોતાની આંખોએ તો સુસ્વરૂપાંજ દેખે. પરંતુ પ્રેમ કલ્પતરૂ મ્હારા હૃદયમાં ઉગતા પહેલાં હું જાણું છું કે એ સ્વરૂપમાં અપૂર્વ છે, તેને કેમ ભૂલી શકું ? અને આ વળી સુરપ્રભા ? સુરપ્રભા, પુણ્ય તપોવનની સરલ મૃગલી–વસંત–માલતી–અચળા ચપળા. પ્રેતપ્રભા અને સુરપ્રભામાં કંઇ ભેદ નથી ! એક અંગ, એક બાંધો, એક રૂપ, એક વદન, તમામ એક સરખાં–મળતાં; બંને મળી એક. જાણે એકના બે. માત્ર ભેદ કેશનોજ છે. ઘનશ્યામ જળયુક્ત વાદળીઓની પેઠે વિખરાયલા કેશ મધ્યે સુરપ્રભાનું વદન શરદના ચંદ્રમાની માફક શોભે છે, અને નિતંબ સુધી લટકતો કાળા સર્પ જેવો તેનો ચોટલો અપૂર્વ રીતે પ્રકાશે છે, ને લાલ કિરણોની પેઠે કેશ ગુચ્છ–અંબોડાવાળું પ્રભાતના સૂર્ય જેવું પ્રેતપ્રભાનું શોભતું મુખ મંડળ, સહજ લાલ કેશ જાળમાં વિચિત્ર તગે છે. ભેદમાં ભેદ કેવળ કેશનો ! બંનેના કેશનો વિભિન્ન રંગ ના હોત તો કોણ કહી શકે કે વિધિએ બંનેને સજોડે નિર્માણ નથી કર્યાં ? કોણ કહી શકે કે સુરપ્રભા અને પ્રેતપ્રભા એક નથી ? સુરપ્રભાની વાસના અમારી અર્ધાંગના થવાની હતી, પરંતુ આજેજ મ્હેં પાષાણ હૃદયનાએ તેના કોમળ મનને વેદના કરી છે. માટેજ કહું છું કે ભારે ઉત્પાત ! મધપુડા પર બેસતી માખીઓને પવન જેમ ઉરાડી મૂકી નિરાશ કરે છે, તેમ આજેજ મ્હેં અમૃત સુખી સુરપ્રભાને નિરાશ કરી છે. અને પેલી વિશ્વમોહિની પ્રેતપ્રભા ! શું હજી સુધી તે અનુપ ચાંદરણી આ વન ગગનમાં દેખાતી નથી ? નેત્રો ! આ શું ? આજ તમે કવેળાએ નિદ્રા ભારથી મીંચાઓ છો ? એક વાસંતી



પવન ફુલફળનો પરિમળ લઇ અમૃત વર્ષાવી, કુદરતી દેવી અનુપ મૂર્તિ ધારણ કરી સુધા સાગરમાં ધરણીને અભિષેક કરી, સ્વચ્છ જળમાં ઠંડી પોયણી સહાસ્ય મુખ વિકાસી, જેમ અલૌકિક પ્રભા પ્રકાશ કરે છે, તેમ તે વિમળ ચાંદરણી તાપિત હૃદયને શાન્ત કરે છે. હા ! હવે સમજ્યો કે એ અમૃતમય અનુપ ચાંદરણીથી આજ મ્હારી આંખો નિદ્રાવશ થાય છે." આ પ્રમાણે બોલતાં બોલતાં ખરેખર રણધીર ગાઢ નિદ્રામાં પડી ઘોરવા લાગ્યો.

વાટે ચાલતી સુરપ્રભા પાછી વળી બોલવા લાગીઃ "જવાનું ઘણુંએ કરૂં છું, પણ એ ચિત્તચોરના પ્રેમે મ્હારા પગમાં બેડી નાંખી છે, તેથી આગળ ચાલવાને બદલે પાછી હતી ત્યાંની ત્યાંજ આવું છું. હશે ! જેવી વિધિની મરજી. ચાલ જોઉં શું થાય છે." એમ બોલી જ્યાં રણધીર હતો ત્યાં આવી જોયું તો રણધીર ગાઢ નિદ્રામાં પડયો હતો. તે બોલીઃ "અહા ! નિદ્રાના ખોળામાં પોઢી રહ્યો છે, છતાં તેનું રૂપ કેવું પ્રકાશી રહ્યું છે ! રૂપ તો તેના અમૃતમય મુખમાં છે; પરંતુ એમનું હૃદય પાષાણનું છે કે નથી તે જાણવું કંઇક બાકી છે. પ્રીતમાં આવી જ્વાળા ! પ્રેમ વનમાં આવા કાંટા હોય છે એમ સ્વપ્નમાંય સમજી નહોતી. અરે ! પ્રેમથી જે ના ચ્હાય, તેને જીવ ચ્હાય ! પાછી ફરૂં તોપણ તે ન ચ્હાય, ત્યારે અબળાનું શું જોર ? જેને આપણે ભાવથી ચ્હાઇયે, પ્રાણ, મન અને યૌવન સોંપીએ તે જન પાષાણ સમાન થઇ કિનારા વગરના સમુદ્રમાં ફેંકે ? કોણ કહે છે કે પુરુષ ચિંતામણી છે અને તેના સ્પર્શથી હૃદયની વેદના જાય છે ? એ વેદના અબળા બાળાના કોમળ હૃદયમાં આગ લગાડે છે. પ્રેમ-સિંધુનું મથન કરવાથી આખરે વિરહ–વિષ નિકળ્યું ! મુખ–કમળ સંકોચાઇ ગયું. આશામાં કહાડેલ દિવસો વ્યર્થ ગયા. હાય ! હવે તો જાઉંજ." એમ બોલી નિઃશ્વાસ નાંખી ચાલી ગઇ.

ઉપરનાં છેલ્લાં વાક્ય બોલી સુરપ્રભા ચાલી ગઇ કે તરતજ રણધીર-સિંહ નિદ્રામાંથી જાગી ઉઠી બોલ્યોઃ "મ્હેં સ્વપ્નમાં કોનાં કામણગારાં વાક્ય સાંભળ્યાં ? અહા ! કેવાં ચમત્કારિક વાક્ય ! રણમાં મદનો વર્ષાદ ! ઉદાર હૃદયા વિરહિણીના તાપિત પ્રાણનો નિઃશ્વાસ ! ઉફ, હું કેવો નિષ્ઠુર !

સુરપ્રભાનું હૃદય, વેદના-વિષથી કેવું શોક વ્યાકુળ થયું હશે? પરંતુ શું કરૂં, એક મન કેટલાંને આપું? રાત્રિ અર્ધ પ્રહરેક ગત થવા આવી હશે. આ નંદનવનમાં પેલી પારિજાતક સ્વરૂપા પ્રેતપ્રભા હજી કેમ ન દેખાય? ના, મેઘાડંબરમાં છુપાઇ રહેલો ચંદ્ર જેમ મોહન વર્ણે ઉદય પામી જગતને ઉજ્વલિત કરે છે, તેમ પેલી પ્રેતપ્રભા અમૃત ભરેલી મૂર્તિએ આવે છે."

પ્રેતપ્રભા પાસે આવી એટલે રણધીરે કહ્યું: "હું મનમાં વિચારતો હતો, કે તમે પ્રતિજ્ઞા ભૂલી ગયાં હશો?"

પ્રેતપ્રભા, સહજ મુખ મલકાવી વંદન કરી બોલી: "આપે અત્યાર સુધી રાહ જોઇ તેને માટે આભારી છું. આપ સારી પેઠે જાણો છો કે વર્ષા ઋતુમાં સાગર પોતાનો સમય સમજી નદી, નાળાં અને ઝરણાંના તરંગદ્વારા પૂર્ણ થઈ નાચે છે, પણ પોતાનું કાર્ય સધાઇ રહ્યા પછી ગ્રીષ્મ ઋતુમાં તમામ જળને પોતાના હૃદયમાં પચાવી દે છે. આ પૃથ્વીમાં પુરુષ જાતિ પણ તેજ પ્રમાણે પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે રમણીઓને અનંત સુખ અને અનંત આશાઓમાં નચાવે છે! પોતાનું કાર્ય થયા પછી સમસ્ત આશાનાં મૂળીઆં કાપે છે! રમણીઓ આ કરામત જાણતી નથી. તે તો બિચારી જેને આશા આપે છે, તેને આખી જીંદગી સુધી ભૂલતી નથી."

આળસ ખાઈ અંગ મરડતાં રણધીર બોલ્યો: "રણધીર કદી આ જીંદગી તમારા ચરણમાં વેચવા ઉત્સુક થાય, તો શું તમે એમ માનશો કે રણધીર તે સાગરનો સ્વભાવ ધારણ કરશે?"

પ્રેતપ્રભા: "આપ તો વીર છો. આપનું હૃદય સરળ છે. આપ સદ્ગુણી છો, વિજ્ઞ છો, ચતુર છો એમ જાણું છું. આપ કંઈ સાધારણ મનુષ્ય નથી."

રણધીર: "તમે તો જાણો છો કે આ તરવાર વીર લોકને પૂજનીય અને જીંદગી સ્વરૂપ છે. તે તરવારને સ્પર્શ કરી કહું છું કે આજથી તમને આ જીંદગી વેચાણ આપી. હવે બોલો તમે મ્હારાં?"

પ્રેતપ્રભા: "વીરવર! હું તે હજાર વખત બોલું પણ એક આંટી છે."

રણધીર: "શું આંટી છે?"



પ્રેતપ્રભા: "આપ જાણો છો કે મ્હારૂં નામ પ્રેતપ્રભા છે. જે દિવસે આપની સાથે પ્રથમ મેળાપ થયો, તે દિવસે શિખરાજે મ્હારા નામનું ગુપ્ત રહસ્ય જાહેર કર્યું નહોતું. હું કાસ્મીરના પરલોકવાસી સરદાર શિરોમણી વીર બલેન્દ્રસિંહની કન્યા છું. આશરે આઠેક વર્ષ પર જ્યારે શિખરાજ કાસ્મીર સર કરવા આવ્યા, ત્યારે મ્હારા પિતાએ તેમને સારી મદદ કરી હતી. તે વખતે શિખરાજે મ્હને જોઇ પોતાની કન્યાની પેઠે સ્નેહ બતાવ્યો હતો. એ વખતના યુદ્ધમાં મ્હારા પિતા ઘોડા પરથી પડી કૈલાસવાસી થયા હતા. તે રાત્રિએ પિતાના પ્રેતાત્માએ મ્હને સ્વપ્નમાં દેખા દઈ કહ્યું હતું; "કે આજથી ત્હારૂં નામ પ્રેતપ્રભા છે. પરંતુ મ્હારી અનુમતિ વગર તું કોઇ પુરુષને 'સ્વામી' કરીશ નહિ." ભીષ્માચાર્ય મ્હારા પિતાના ગુરૂ છે, તેમને મ્હારા આ સ્વપ્નની વાત કરી, ત્યારે તે મ્હને પોતાના આશ્રમે લઈ ગયા. પરંતુ હું તેના અત્યાચારથી પીડિત થઇ, ત્યાર પછી ઘણે વર્ષે શિખરાજનો આશ્રય લેવાનો વખત મળ્યો."

રણધીર: "ત્યારે સુરપ્રભા આટલા દિવસ ક્યાં હતી?"

પ્રેતપ્રભા: "મોસાળમાં. હું આપને નિવેદન કરૂં છું કે, આપ મ્હારા પિતાના પ્રેતાત્મા સાથે મેળાપ કરી, પોતાના બાહુ બળનો પરિચય આપી અનુમતિ મેળવો તો આશા પૂર્ણ થાય."

રણધીર: "પ્રેત! શું પ્રેત આ દુનીઆમાં છે? હું એ વાત પર વિશ્વાસ રાખતો નથી. પ્રેતની સાથે મેળાપ એતો વિચિત્ર વાત."

પ્રેતપ્રભા: "આપ જો પિતાના પ્રેતાત્મા સાથે મેળાપ કરતાં ડરતા હો તો પ્રતિજ્ઞા તોડી નાંખું."

રણધીર: "સુંદરી! હું ત્હારે માટે હજાર પ્રેતવાળા સ્થાને જવા તૈયાર છું. કયે વખતે કયે સ્થળે તેમનો મેળાપ થશે?"

પ્રેતપ્રભા: "કાલે સ્વપ્નમાં દેખા દઇ પિતાએ કહ્યું છે, કે નગરથી ત્રણ કોસ દૂર વનમાં એક સરોવર છે. ત્યાં પીપળાનું મોટું વૃક્ષ છે, તેની તળે આજ તે આવવાના છે. આપ બે પ્રહર રાત્રિ જતાં ત્યાં જશો તો મેળાપ થશે."

રણધીર મનમાં વિચારવા લાગ્યો કે: મધ્ય રાત્રિનો સમય. વળી ગહન વનમાં સરોવર, તેને કાંઠે વૃક્ષ નીચે પ્રેત સાથે મેળાપ! તેથી હું ડરવાનો નથી. પ્રેતપ્રભા! સાંભળ, હવે રાત્રિ ગઈ છે, માટે હું તો ત્યાંજ જાઉં છું. ઇશ્વરની પ્રાર્થના કરૂં છું કે તેમનો મેળાપ થાય.

રણધીરસિંહના ગયા પછી પ્રેતપ્રભા ચારે તરફ નજર ફેરવી બોલવા લાગી: " પ્રિયતમ રણધીરે, મ્હારા સ્વરૂપથી મોહિત થઇ મ્હને હૃદયમાં સ્થાન આપ્યું છે એમાં કંઈ શક નથી. મનની પરીક્ષા કરવામાં શું બાકી છે? શિખરાજે અભય વચન આપ્યું છે, પછી ઇશ્વિર કરે તે ખરૂં. દુઃખ દરીઆનો કિનારો આ વખત નજીક આવ્યો હોય એમ જણાય છે. પણ આ વખતે સંકટ–ટાળક વિભુ શાન્ત મૂર્તિ ધરી તરંગની ગતિ મંદ કરે તો કિનારો હાથ આવે, નહિ તો ભર દરીઆમાં ડુબી મરવાનીજ!" એમ બોલતી બોલતી ચાલી ગઈ.

---

# પ્રકરણ ૨૨ મું.

## વિચિત્ર નિવાસ.

સંગ્રામ સભાને આગલે દિવસે શિકાર કરવા નિકળેલો સુંદરસિંહ, મલહરસિંહના પુત્ર સુરેન્દ્રનું તીર ચુક્યાથી નાઠેલા એક મૃગ પાછળ લાગ્યો. આ મૃગ વિરાંગ નગરના વનમાં ભરાયો. તેની તલાસ લેવા માટે સુંદરસિંહ વનમાં દાખલ થયો, પણ તેનો પત્તો લાગ્યો નહિ. આખરે સુંદરસિંહ વિશ્રામ લેવા માટે કૃષક શિવદયાળની પર્ણકુટી પર આવ્યો. આ વખતે કર્મયોગ એવો જામ્યો કે અનુપકુમારી સિવાય કોઈ માનવી ઘર આગળ હાજર નહોતું. તમામ માણસો કેસરનાં ફુલ વિણવા ગયાં હતાં. આ તકનો લાભ લઇ સુંદરસિંહે લાગલીજ અનુપકુમારીને બાવડેથી પકડી ઘોડા પર નાંખી મુખ બંધન કરી વિચિત્ર નિવાસનો માર્ગ



લીધો. વિરાંગ નગર કંઇ જેવું તેવું શહેર નહોતું. આખા કાશ્મીર દેશમાં તેની જાહોજલાલી માટે પ્રસિદ્ધ હતું, પણ સરદાર મલહરસિંહના પિતામહના પરલોક પ્રાપ્ત થયા પછી ઉત્તરોત્તર અધમાવસ્થાને પ્રાપ્ત થતું હતું. આ નગરની જે ઉપજ આવતી તેના પર મલહરસિંહના કુટુંબનો નિર્વાહ ચાલતો હતો, અને નિર્વાહ કરતાં જે કંઇ ઉપજ રહેતી તેમાંથી રાજ્યને વાર્ષિક નજરાણાનો કર ભરાતો. તેને કંઇક રકમ બચાત પડતી હોવાથી તેમાંથીજ નગરમાં બાંધવામાં આવેલા વિચિત્ર દુર્ગની દુરસ્તી બરોબર રાખતો હતો. તેમાંજ પોતાને વસવા માટે વિચિત્ર નિવાસ નામે એક આવાસ બંધાવ્યો હતો. નગરનાં વસ્તી ગૃહો ત્રણ બાજુએ હતાં, ને એક બાજુએ વિતસ્તાના ઘાટ ભણી ઉંચી ટેકરી પર વિચિત્ર દુર્ગ હતો. આ દુર્ગને માત્ર એક મોટો દરવાજો અને સ્હામી બાજુના ખૂણા પર એક ન્હાની સરખી બારી હતી. દુર્ગની અંદર પોતાના ઉપયોગ માટે પરચુરણ મકાનો પણ બંધાવેલાં હતાં. નિવાસની અંદર પથ્થરમાં ટાંકી કહાડેલું એક ભોંયરૂં હતું. એ ભોંયરાના આગલા ભાગમાં સુંદરસિંહે મૂર્છિત થયેલી અનુપકુમારીનું મુખ બંધન છોડી પૃથ્વી પર સુવાડી. તેને જાગૃત કરવા સુંદરસિંહ ઘણુંક મથ્યો પણ થઇ શકી નહિ, તેથી તેને પડતી મૂકી બહાર નિકળી ગયો. બીજે દિવસે સંગ્રામ સભા હોવાને લીધે તેનાથી વધારે વખત ટકી શકાયું નહિ, પણ વખત મળે લાગ સાધી લેવા વિચાર કરી સંગ્રામ સભાના કાર્યમાં પ્રવૃત થવા પોતાના પિતા મલહરસિંહ પાસે રજુ થઇ ગયો.

સુંદરસિંહના ગયા પછી થોડી વારે અનુપકુમારી જાગૃત થઇ સ્વતઃ બોલવા લાગી: " અરે! આ શું! હું અહિં ક્યાંથી? ઘોર અંધકાર! આ તે શું પાતાળ છે કે નરક? કંઈ દેખી શકતી નથી. આ શું પ્રેત ભૂમિ હશે? ના. ના. જન માનવનો શબ્દ નથી. પશુ પક્ષીનો કલરવ નથી. પવનની લહેર નથી. કેવળ અંધારૂં! જે દિશાએ જોઉં છું તે દિશા તદન ઘોર અંધારી! સૂર્યની બ્હીકથી જાણે આખા જગતનું અંધારૂં આ સ્થળે છુપાઈ રહ્યું ન હોય? ના, ના, નરકાવાસ હશે. મ્હને પાપાત્મા સુંદરસિંહે આખી જીંદગી માટે આ નરક કુંડમાં નાંખી! આ ઘોર અંધકારથી ઘેરાયલા નરક-

ને શું મ્હારૂં બલિદાન આપે છે? હા! હવે મ્હારો છુટવાનો એકે આરો નથી. પ્રથમ વેળાએ મ્હને ભાગ્ય બળથી વીરવર રણધીરસિંહે આ પાપીના હાથથી બચાવી હતી, તે હવે ક્યાં છે? હા! હું કેદી! પ્રાણ પંખી ઉડી જાઓ. આ ઘોર અંધકાર નરકમાં મ્હારા જીવ જતા રહો! પરંતુ મ્હારા વૃદ્ધ પિતાની દશા શી થશે? વિધિ, તું કેવળ મ્હારો પોતાનો જીવ લઈ શાન્ત થશે નહિં, પણ મ્હારી સાથે મ્હારા વૃદ્ધ પિતાનો પણ જીવ લેશે! હા! વિધિ! પગલે પગલે વિપદમાં પડવા માટે તેં શું આ જગતમાં નારીઓને સુંદરતા આપી છે? વિધાતા! હું કૃષક બાળા છું, ને આ જગતમાં દુઃખીઆરીના નામથી ઓળખાઉં છું, તો મ્હને આવું સુંદર રૂપ શું કરવા આપ્યું? તેં મ્હને જેમ અનાથને ઘેર જન્મ આપી પાંગળી બનાવી છે તેમ મ્હને કરૂપા કેમ ન કરી! મ્હારા પ્રાણ જાય છે. ઉઃ ભયાનક અંધકાર! ના, આ નરકવાસ ન હોય. નરક કુંડ તો પાપીઓના વિકટ આર્ત્ત નાદથી, યમદૂતોના ભારે મારથી, યમદુતોના ભયંકર કોલાહલથી પૂર્ણ હોય છે; પણ આ તો સ્થિર, ગંભીર, અંધકાર કુંડ દેખાય છે. ત્યારે આ શું યમદ્વાર હશે? એ-પેલું નજીકમાં શું દેખાતું હશે? દીવો તો નહિ?" ધીમે ધીમે પોતે સામી બાજુએ જઇ બોલીઃ "આ વળી શું? કોનો પડછાયો આ? ના પડછાયો નહિ. ત્યારે કોણ? નરકદ્વારનો અધિષ્ટાતા દેવ કે ભૂત? આ તો સ્થિર દેખાય છે." પાસે જઇ જોયું તો નિશ્ચલ, નિસ્તબ્ધ, નિર્વાક એક મૂર્તિ. તે બોલીઃ "એક તો ઘોર અંધારૂં અને વળી તેમાં આ મૂર્તિ પણ મસ્તરૂપ દેખાય છે. હું આ તે સ્વપ્ન દેખું છું કે શું? ના, એ પ્રતિમા-ખરેખર પ્રતિમા, પ્રચંડ પાષાણ પ્રતિમાજ છે. કરાળ વદના કાળીની પ્રતિમા છે. આ મસ્તમય અંધારા ગૃહમાં આ કાળ રૂપિણીની પ્રતિમા ક્યાંથી? આ પ્રતિમાનો સ્થાપનાર કોણ હશે! પ્રતિમાનો ગૃહ મંડપ પાષાણનો દેખાય છે. કોઇ બાજુએ દ્વાર જણાતું નથી; ત્યારે હું ક્યાં થઇને શી રીતે આવી?" આ પ્રમાણે છેવટે દેવી માલમ પડવાથી બંને હાથ જોડી કાલાવાલા કરવા લાગીઃ "દેવી! સતી શિરોમણિ! મા! મ્હારે મા નથી, હું અનાથ દુઃખીઆરી છું. મા! આ જગતમાં ત્હારા



પવિત્ર ચરણ એજ સારભૂત છે. મા! મ્હારા પર સદય થાઓ. વિપત્તારિણી! અંબે! મ્હારો પ્રાણ જાય તેની મ્હને બીક નથી, દુઃખ નથી, પરંતુ આ જગતમાં તું હોવા છતાં ત્હારી રૂબરૂ મ્હારી જીંદગીનું સાર-ધન જે સતીત્વ તે ના જાય. મા! મ્હારે કોઈ નથી. માત્ર એક પિતા છે તે પણ વૃદ્ધ ને દીન છે. મા! હવે તુંજ મ્હારો આધાર ને આશા છે? મા! તું સતી કુલેશ્વરી છો. પુનઃ કહું છું કે ત્હારી સમક્ષ મ્હારૂં સતીત્વ ના જાય. હા માતઃ રાજ રાજેશ્વરી! ત્હારા સ્થાનમાં, ત્હારા મંદીરમાં, ત્હારી આંખો આગળ, આ અનુપ સતીત્વ-ધન વગરની ના થાય! જનનિ! મ્હારૂં રક્ષણ કરો. મા! ત્હારી કાળી પણ આનંદદાયિની મૂર્તિનું દર્શન થવાથી મ્હને અપાર આનંદ થાય છે. હે શિવા! તું અનાથ નાથ છે. મા! ભવાનિ! તમે માતા છો. આ સમયે એક વાર સાક્ષાત થઇ તમારી અનુપનું રક્ષણ કરો. રૂદ્રાણિ! એક વાર આ દીનદાસી પર દયા કરો. પૂર્ણા, તમે અંતર્યામી છો. તમે મ્હારૂં હૃદયગત દુઃખ જાણો છો. હે ભદ્રકાલિકે! આ તમારી ચિરાનુગત દાસી જીંદગીથી જાય છે, હાજર થઈ તેનો હાથ પકડો. પાપ શી વસ્તુ છે તે હું મન-જ્ઞાનથી જાણતી નથી. તમે સાક્ષી ભૂત! તમે સર્વ જાણો છો, સર્વ દેખો છો, તમારી દૃષ્ટિથી કંઈ દૂર નથી. હે નારાયણિ! સતીત્વ એ નારીનું પરમ ધન છે. મ્હારૂં તે ધન લૂંટાય તેના કરતાં મૃત્યુ સવિશેષ સ્તુત્ય. આજ દુરાચારી યવનરૂપ પાપીના હાથે મ્હારી લાજ ન લૂંટાય." આ પ્રમાણે નિરાધારા અનુપ, જગતેશ્વરી કાળીનું સ્તવન કરી બેસી પડી.

સરદાર મલ્લહરસિંહે ધનુષના ટંકાર ક્યાંથી આવે છે તેની બાતમી લાવવા સારૂ સુંદરસિંહને આજ્ઞા કરી, તેથી સુંદરસિંહે મંત્રણાવાસથી બહાર આવી જોયું તો સામી બાજુએથી શિખ સૈન્ય પુર જોરમાં વિતસ્તાના પ્રવાહની પેઠે આ કાંઠે ચાલ્યું આવતું હતું. તેની ખબર આપવા જવાને બદલે અનુપકુમારી યાદ આવ્યાથી તેનું મન તે તરફ દોરવાયું એટલે "હજી કંઈ હરકત નથી, ભલે આવશે તોપણ તેઓ શું કરનાર છે." એમ ધારી વિચિત્ર નિવાસ તરફનો માર્ગ લીધો. પોતાને અવાસે આવી ઉમદામાં ઉમદા સફરજનના મદ્યનો સીસો હાથમાં લઇ બોલ્યોઃ "સુરા! ઘણાક લોકો તને

હિતાહિત અને વિવેકશક્તિ નાશક કહી વખોડે છે, પણ હું ત્હારી નિંદા કરવાનો નથી. તું તો સર્વ સંતાપ નાશિની, અતુલ આશાદાયિની, પરમોત્સાહી, ઉત્સાહકારિણિ દેવી છે, તે. મ્હને આજ સુધી જીવતો રાખ્યો છે. આવ, સાદરથી ત્હારૂં પવિત્ર સુધા પૂર્ણ સરસ મુખ ચુમ્બન કરૂં. અરે સંતાપ ટાળક કાદમ્બરિ! જેઓ ત્હારો મહિમા ન જાણતાં ત્હારી નિંદા કરે છે, તે ખરેખર પશુનો અવતાર છે. સુધામાં જેને અશ્રધા છે, તેઓ તો માતાપિતાના કુપુત્ર, અમરત્વ લાભના અનધિકારી છે. ત્હારૂં આલિંગન અત્યુત્તમ સુખપ્રદ. તું દેહમાં વાસ કરી કેવી રીતે એક મનઃ પ્રાણ–વિમોહ–મધુર–મત્તતાથી દેહને પ્રફુલિત કરે છે, તે ત્હારા દ્વેષી, પામર લોકો જાણવાને અસમર્થ છે. જેણે ત્હારૂં મુખ ચુંબન નથી કર્યું તે આ સંસારમાં શું સુખ ભોગવે છે? ત્હારા મુખ સાથે તુલના કરવાથી પતિ પ્રિયા, પૂર્ણ યુવતીનું સરસ મુખ પણ નિરસ બની જાય છે. આવ, આવ, સાદરથી ત્હારૂં ચુંબન કરૂં. આહા! દેહ પવિત્ર થયો. આજે હું આ સુધાપાત્ર હાથમાં લઇ, ત્હારા વિમોહન અંગને સ્પર્શ કરીશ. દેવિ! ત્હારા લાલ જલમય અંગને સ્પર્શ કરીશ. સુરારાધ્યે! સંકટ નાશિની! ઘોર સમર સંગિનિ! પતિત પાવની! મૂર્ખ લોકો તને સ્પર્શ નહિ કરતાં હરિચરણોત્પન્ન ગંગોદકને પવિત્ર માની શરીર પર છાંટી પવિત્ર થયા એમ માને છે પણ ધિક્કાર છે તેવા પશુઓને! ધિક્કાર છે તેવા મૂર્ખાઓને! દેવિ! હું ત્હારા પવિત્ર અંગને સ્પર્શ કરી, તેવા નરાધમ દ્વેષિયોને શાપ દઉં છું કેઃ "તમે ગદ્ધા અવતાર પામીને વ્યાસ કાશીમાં વસો! ધોબીનું ભાર વાહક થઈ દુર્ગંધથી ભરેલાં વમનથી ખરડાયલાં અમારાં વસ્ત્ર ઉપાડી, સ્વકૃત પાપનું પ્રાયશ્ચિત્ત કરી સુગતિ લાભ મેળવો. આખરે પવિત્ર–માનવદેહ ધારણ કરી સુરાપાનથી પવિત્ર થાઓ. સુરાદેવિ! ત્હારો અપાર મહિમા છે. ત્હારામાં અપાર શક્તિ અને અસીમ પવિત્રતા છે. તું કેવળ આદિ મોક્ષદાયિની છે. નિરસ તુલસી કાષ્ટની માળાથી "હરે કૃષ્ણ, હરે કૃષ્ણ" કરવાથી શું લાભ થવાનો છે? સાક્ષાત શ્રીકૃષ્ણે સિદ્ધ કરેલી શક્તિ વિના ત્હારી મુક્તિ ક્યાં છે! હે! સુરાદેવિ પામરો! તમને શું કહું? એક વાર અમારા ઘરને યાદ કરી કૃતાર્થ થાઓ. શું કહેતો હતો ને



શું કહું છું! બંધો! પ્રાણાધિક ભાઇ! તે સર્વ વાત મ્હને યાદ છે. આહા! અનુપ! તું મ્હારા હૃદય પિંજરનો હીરો. એ પિંજરાનો ત્યાગ કરી તું ભોંયરામાં પડી છે. હા! પ્રિયે! આ જગતમાં જો કોઇ પ્યારૂં હોય તો તે તુંજ છે. મ્હેં પ્રાણ મન આપીનેજ ત્હને આણી છે. ત્હારૂં વદન જોઇ આનંદ સાગરમાં ડબકાં ખાઉં છું. જ્યારે તું મ્હારી પત્નિ થશે, ત્યારે ત્હને આ મ્હારા હાથથીજ સુરાપાન કરાવીશ. તું મ્હારા વાસમાં વસી રાજ રાજેશ્વરી થઇ રહેશે, ત્યારે સ્વહસ્તે ત્હને પ્યાલી આપીશ." આવી જાતના તરંગોમાં તરતો સુંદરસિંહ, વિચિત્ર નિવાસના પાષાણમય ભોંયરાનું ન્હાનું ગુપ્ત દ્વાર ઉઘાડી અંદર પેઠો.

સુંદરસિંહને આવતો જોઇ અનુપ મનમાં બોલવા લાગીઃ "આ શું! સુંદરસિંહ તો ન હોય? ક્યાંથી આવ્યો? દ્વાર તો દેખાતું નહોતું ને ક્યાંથી દાખલ થયો? શું આ પામર મોહિની મંત્ર જાણતો હશે? મ્હને શું મોહિની મંત્રથી માયા ચક્કરમાં નાંખી છે?"

લંપટ અધાર્મિક સુંદરસિંહ અનુપના રૂપ દાવાનળમાં પડી બોલ્યોઃ "સુંદરી! મ્હારી વાત સાંભળ. આવું નવ યૌવન અને રૂપ હોવા છતાં તું કેમ કરીને કૂપકના વાસમાં કાળ કહાડીશ? મ્હારો આ મહેલ, મ્હારી સંપતિ અને તમામ વૈભવ હું તને આપું છું. તું એક રાજાની રાણી જેવી બની રહીશ, ને હું ત્હારા ચરણની સેવા કરી જીંદગી પવિત્ર કરીશ. મ્હારી વાસના પૂર્ણ કર."

અનુપઃ "હું કહું છું કે તમે એ પાપીષ્ટ વાત મ્હને સંભળાવશો નહિ. તમે એમ ન સમજશો કે તમારા છળથી ફસાઈ હું નારીધન સતીત્વ–રત્ન ખોઇ નાંખીશ. તમે ઘોર પાપી છો. પાપ તમારો મિત્ર અને કુપ્રવૃત્તિ એ તમારો મંત્ર છે. તમારૂં મુખ જોવાથી પણ પાપ લાગે. હું કહું છું કે તમે અહિંથી ચાલ્યા જાઓ. ઉઃ શું આ દેવ ભૂમિ પાપ પુંજથી પરિપૂર્ણ થઈ! શું પુરૂષો પિશાચનો અવતાર બની ગયા! ધર્મ શું માત્ર કહેવા કે બોલવાનો જ રહ્યો! આ પાપી સંસારમાં રમણીઓનો જન્મ કેમ થયો? જે દેશના પુરૂષો પિશાચના સાથી છે, તે દેશમાં રમણીનો જન્મ શા માટે?

તમે પોતાની પશુ વૃત્તિ પૂર્ણ કરવા માટે કયું કૃત્ય નહિ આદરો એ કહી શકાય નહિ? તમે અધીરા બની સંબંધનો વિચાર પણ રાખતા નથી. વિચારી જુઓ, હજી વખત છે. પાપનું મૂળ કોણ છે? પાપ માર્ગનો પ્રવાસી કોણ છે? કોણ અકાર્ય કરવામાં ઉત્સાહ ધરાવે છે? તમારી પિપાસા કોઇ રીતે નિવૃત્ત થતી નથી. તમારી આંખોએ પાપનાં પડળ ફરી વળ્યાં છે, તેથી કોઇ દેખતું નથી એમ તમે માનો છો, પણ તમારાં કૃત્ય ઇશ્વર દેખે છે. પાપથી ભરાઈ ગયેલું તમારૂં હૃદય સારાસાર વિચાર કરી શકતું નથી. છતી આંખે તમે લાજતા નથી. વળી સુરા પીવામાં કુશળ. દુષ્ટ! ત્હને કહ્યું છે કે દૂર ઉભો રહે. ત્હારૂં મુખ મ્હારા સમિપ લાવીશ નહિ. હું આર્ય બાળા છું. હું ત્હારા જેવા નિશાબાજની સાથે બોલતાં લજવાઉં છું. ત્હારી સાથે સહજ વાત કરવામાં પણ મહા પાપ લાગે છે. નરપિશાચ! તું હમેશને માટે મ્હને પાપ–સાગરમાં નાંખવા ચતુરાઈ બતાવે છે. સરલા અબળાઓ જેઓ કંઇ પણ સમજે નહિ, અને શું થશે તેનો કંઈ વિચાર કરવા શક્તિમાન હોય નહિ, તેનું તમે સત્યાનાશ વાળો છો! ધિક તમારા પશુપણાને! ધિક હજો તમારા પુરુષ જન્મને! ધિક હજો તમારા ગુણને! મ્હને કેદ કરી રાખી છે, ભોંયરામાં પુરી રાખી છે, તેં જે અવસ્થામાં રાખી છે તે અવસ્થામાં ત્હારી સન્મુખ ઉભી છું. તું મ્હને જે નિયમે ચલાવે છે, તે નિયમે ચાલું છું, તો પણ શાન્તિ થતી નથી? પાપાચારી! ત્હારા મનમાં શું છે તે કળી શકાતું નથી. પણ હે રાક્ષસી પુરુષ! તું બહુરૂપીની જાતનો છે. સ્વાર્થ સાધવા માટે જે ન કરે તે ઓછું! તારૂં આ ભોંયરૂં રમણીઓનાં સતીત્વ ભંગ કરવાનું સ્થળ છે! નરાધમ! તું વૈભવથી છકી મત્ત થઇ ગયો છે. ત્હારા જેવા અધાર્મિક, ધૂર્ત, શઠ, પ્રપંચક, મહાપાપીના વાસમાં એક પળ પણ રહ્યું જાય નહિ. શઠ! વામન થઇ ચંદ્ર ચુંટવા મથે છે! મર, મર. એ ચાંદો કદી ત્હારા પાપી હાથમાં આવવાનો નથી. ત્હારા જેવા પુરુષો નિશ્ચય પિશાચરૂપ છે. જેઓ ઇંદ્રિયજીત છે તેઓ સાક્ષાત દેવરૂપ છે. અધમ! ત્હારા પાપના પ્રવાહથી દેશ ડુબી જશે. હા! પાપ-પૃથ્વી! તું હજી કેટલા કાળ સુધી આ પાપ–ભાર વહન કરીશ? એક વાર આ પાપીને લઈ રસાતળે જા."



સુંદરસિંહઃ "હાઃ હાઃ હાઃ સુંદરી! મ્હેં જે વાત કહી તે એક વાર ફરી સાંભળ, અને ત્હને જે સારૂં લાગે તે પ્રમાણે કર. હું ઘણા દિવસથી ત્હારા પ્રેમનો યાચક છું. મ્હારી વાસના વિફળ કરીશ નહિ. મ્હારી આશા પૂર્ણ કરવામાંજ ત્હારૂં શ્રેય છે."

ધૈર્યથી અનુપ બોલીઃ "રમણીઓનાં હૃદય કોમળ હોય છે. છળકપટ અને લાલસાથી તે વશ થાય છે, પરંતુ તું જાણે છે કે મ્હારૂં હૃદય તેવું લોભી નથી. ગંધહીન પુષ્પ જેમ દેવસેવામાં અયોગ્ય છે, તેમ સતીત્વહીન નારી માનવ સમાજમાં અયોગ્ય ગણાય છે. તું શા માટે મ્હારા દેહમાં દાહ લગાડે છે? કામી! કામ એ શબ્દ ભયંકર છે. એવો શબ્દ એકે આ જગતમાં નથી. એ શબ્દનો જે સેવક–યાચક હોય તેના જેવો અન્ય દુષ્ટ નથી. તે દુષ્ટનો દુષ્ટ–પાપીનો પાપેશ્વર છે. પરનારી પર જેની વાસના હોય છે તે નિશ્ચય અવિશ્વાસનો અવતાર, જગતમાં ઉત્પાતકારક ધુમકેતુ! સુંદરસિંહ તું પણ તેવોજ છે. મ્હને વધારે વાર કનડગત કર નહિ. ચાલ્યો જા. તું મહા પાપી છે. હવે બીજી વાર ત્હારૂં કાળું મુખ દેખાડતો નહિ."

સુંદરઃ "શું હું મહા પાપી! જાણે છે કે તું ક્યાં છે?"

અનુપઃ "ના, નથી જાણતી કે હું ક્યાં છું? કેવળ એક પાષાણમય ગૃહમાં છું. આ પાષાણ પ્રતિમા અને ત્હારા પાષાણ જેવા હૃદયની પાપલીલા જોઉં છું. બોલ, ત્હેં શા માટે રૂંધી રાખી છે!"

સુંદરઃ "પત્ની બનાવવા માટે."

અનુપઃ "તું જાણે છે, નિર્લજ! અંન્યાયથી પત્ની બનાવવામાં મહા પાપ છે, અને એ પાપથી મરણ થાય છે."

સુંદરઃ "આ સંસારમાં કોઈ પણ મનુષ્ય કોઇ કાળે અમર થયું છે?"

અનુપઃ "ઘણાં મનુષ્ય લાંબુ આયુષ્ય ભોગવવા આશા રાખે છે, પણ તું—"

સુંદરઃ "હું ત્હારા જેવી રમણીને પત્ની બનાવી અનેક ભોગ ભોગવ્યા પછી અનેક દિવસ વધારે જીવાય તેને લાંબું આયુષ્ય માનું છું. તું મ્હારી વાસનાને તાબે થા. ત્હને વિનંતી કરૂં છું કે હું ત્હારા ચરણનો ભિક્ષુક છું. તું

શું શિખામણ આપે છે ? હું તમામ જાણુ છું, પણ મ્હારા ગુરૂ ભીષ્માચાર્ય એક વખત શ્લોક બોલતા હતા તે મ્હને યાદ છે. સાંભળ–**नविना मीनाक्षी व्यथयति मुनिनां मनमपि.** મ્હોટા મ્હોટા મુનિઓના મનને યુવા-મીનાક્ષીઓ વેદના કરે છે તો મ્હારૂં શું ગજું ? સુંદરી ! ત્હારા અંગને માટે અન્ય ઉપમા નથી. હું દેવ ચક્ષુએ જોઉં છું, કે ત્હારૂં આ અંગ દેવતાઓને પણ દુર્લભ છે. હવે મ્હને દુઃખ દઈશ નહિ. ઘણા માસ થયાં વિરહાનળથી બળું છું. આજ્ઞા આપ કે ત્હને આલિંગન દઇ કૃતાર્થ થાઉં. હવે ધીરજ રહેતી નથી.” એમ બોલી તે અનુપના અંગે સ્પર્શ કરવા ધસ્યો.

અનુપઃ “ અરે કામાંધ ! દૂર રહે–દૂર. ”

અનુપકુમારીના વજ્ર જેવાં વાક્યથી પાછા હઠતાં સુંદરસિંહ બોલ્યોઃ “ જો મ્હારૂં વચન નહિ માને તો ત્હારો ભવાનીને ભોગ આપીશ.”

અનુપઃ “ ઉઃ સુંદરસિંહ ! હું તેથી કંઇ ડરતી નથી. સતી સન્નારીઓ સતીત્વ જાળવવા એક વાર તો નહિ પણ હજાર વાર પોતાની જીંદગીનું બલિદાન આપે છે. એ તો સુખની વાત. દે દે, ભવાનીને ભોગ. ”

ઝનુને ચઢેલો સુંદરસિંહ, અનુપકુમારીનો ચોટલો પકડવા જતો હતો, એવામાં ગુપ્ત દ્વાર ઉઘાડી ધર્મસિંહ ત્યાં આવ્યો. તેને જોઈ પુછ્યુંઃ “ધર્મસિંહ ! કંઈ ખબર ! ”

ધર્મઃ “ નખોદ ગયું. રણજીતસિંહે શ્રીનગર સર કર્યું છે. આપના પિતા સરદાર મલહરસિંહ વગેરેને કેદ કર્યા છે. સૈન્ય દળ તમામ વેરાઇ ગયું છે. માત્ર થોડાક સૈનિક રહ્યા છે.”

સુંદરઃ “ પિતા કેદી ? ”

ધર્મઃ “ યુદ્ધમાં પકડાયા નથી; પણ રણજીતને સંગ્રામસભા મળ્યાની ખબર પડવાથી, તેણે મંત્રણાવાસને ઘેરો ઘાલી કેદી કર્યા છે. રણજીત શ્રી-નગરને ઘેરો ઘાલશે એ વાતની પહેલાં ખબર પડી નહિ.”

“ ઠીક ! પાપાત્મા અવશ્ય તેનું ફળ ભોગવશે. તું એક કામ કર. અનુપકુમારીને પુછ કે, મ્હારૂં વચન માને છે કે નહિ ? જો ન માને તો આજ વખતે ભવાનીની પ્રતિમા આગળ તેનું બલિદાન દઇ મ્હને ખબર



આપ.” એટલું કહી સુંદરસિંહ ચાલ્યો ગયો.

અપાર આનંદમાં આવી ગયેલી અનુપે ધર્મસિંહને કહ્યુંઃ “ ભાઈ ધર્મ ! તમારા માલિકની આજ્ઞા પાળો. તમે વૃદ્ધ થયા છો. મ્હારી પેઠે કદી તમારી કન્યાને બન્યું હોય, અને તે મ્હારી પેઠે આવા સંકટમાં આવી પડી હોય, ત્યારે તમે શું કરો તે વિચારી જુઓ.”

ધર્મઃ “ના. ત્હારા જેવી વિશ્વમોહિની રમણીનો આ ભવાનીની પ્રતિમા આગળ ભોગ આપી મ્હારા હાથ કાળા કરવા ચહાતો નથી. જો તું મ્હારી વાત માને તો ત્હારો પ્રાણ બચાવવા સિવાય ત્હારૂં બીજું દુઃખ પણ દૂર કરૂં.”

અનુપઃ “ભાઈ ! પાંગળાના પગ ! અંધની લાકડી ધર્મસિંહ, તમે જે વાત કરશો તે સાંભળીશ.”

વાત્સલ્ય ભાવે ધર્મસિંહે પુછ્યુંઃ “ અનુપ ! ત્હારા માતપિતાનું નામ જાણે છે ?”

આશ્ચર્યતાથી અનુપે કહ્યુંઃ “ કેમ ? શિવદયાળસિંહ મ્હારા પિતા નહિ ? અને મ્હારી માતા ! પરલોકવાસી હિંગનકુમારી શું મ્હારી મા નહિ ? ”

ધર્મઃ “ ના. ”

અનુપઃ “ એમ કેમ ? ”

ધર્મઃ “ત્હારાં માતપિતા જાણવાની ઇચ્છા છે ? ”

અનુપઃ “ ઘણી વિચિત્ર વાત ! ગામના તમામ લોક જાણે છે, કે શિવદયાળસિંહ મ્હારા પિતા છે, ને હું પણ જાણું છું કે તે મ્હારા પિતા છે, તેમ તમે પણ કોઈ કોઇ વખત અમારી પર્ણકુટીએ આવો છો. તેથી તમે પણ જાણો છો કે તે મ્હારા પિતા છે. આજ આ વળી શી વાત સાંભળી ?”

ધર્મઃ “ વાત નવી છે. શિવદયાળ માત્ર ત્હારા પાળક પિતા છે, ખરા પિતા નહિ.

અનુપઃ “ ત્યારે મ્હારા ખરા પિતા કોણ ? ”

ધર્મઃ “ મ્હારી વાત કબુલ રાખે તો જાણી શકે. ”

અનુપઃ “ વાત કબુલ રાખવામાં કદી પ્રાણ જાય તો પણ ભલે. હવે મ્હારાં જનક જનની કોણ છે તે કહો. ”

ધર્મ: "ના વખત આવ્યે કહીશ, હમણાં નહિ."

અનુપ: "જેવી મરજી."

ધર્મ: "પણ મ્હારી સાથે આવીશ એટલે તને વાતની માહિતી મળશે. ત્હારાં માતા પિતા કોણ છે તે પણ ત્હને સમયે માલમ પડશે, હમણાં તો ચાલ."

અનુપ: "ભાઇ! જો કદી સુંદરસિંહ દેખી જશે તો સંકટમાં આવી પડીશું."

ધર્મ: "એ તો દ્વાર બંધ કરી નિસરણી ઉપાડી લઈ ગયો છે. આ ગુપ્ત ગૃહ છે. આ ગૃહમાં શું છે, તે વિચિત્ર નિવાસનું કોઇ માનવી જાણતું નથી. કેવળ સરદાર મલહરસિંહ, સુંદરસિંહ, ભીષ્માચાર્ય અને હું એટલાંજ જાણીએ છીએ. આ ગૃહની પશ્ચિમ દિશાએ ભોંયની અંદર એક સુરંગ છે. તે સુરંગના મોહ્ના પર એક ન્હાનું ગુપ્ત દ્વાર છે. તે દ્વાર ઉઘાડી જવાથી એક કૃત્રિમ વનમાં નિકળાય છે. પછી ત્યાંથી રાજમાર્ગમાં નિકળી જ્યાં જવા મરજી હોય ત્યાં જવાય છે. સુંદરસિંહ પુછશે તો કહીશ કે તેનો ભવાનીની પ્રતિમા આગળ ભોગ આપ્યો છે. હવે વિલંબ કરવાનું કારણ નથી, ચાલો."

આણી તરફ શિવદયાળ અને તેના પુત્રે વન ઉપવન, ગિરિ ગુહાઓમાં પોતાના ભોમીઆ માણસો સામે ફરી વળી ભારે શોધખોળ કરી, પણ અનુપકુમારીનો કંઈ પત્તો મળ્યો નહિ, એટલે સંધ્યાકાળ થતાં પાછા ફર્યા. આખી રાત્રિ શોકમાં કહાડી, વળી પ્રભાતમાં તજવીજ કરવા માંડી પણ કંઇ પત્તો ન લાગ્યો એટલે કપાળે હાથ દઇ વૃદ્ધ શિવદયાળ પર્ણકુટીના ચોગાનમાં "અરે રામ! આમજ કર્યું?" એમ બોલી બેસી ગયો. એવામાં ધર્મસિંહ અનુપકુમારીને લઈ આવ્યો. અનુપકુમારી શિવદયાળને ગળે વળગી પડી. આંસુ પાડી પિતાની છાતી ભીંજવી નાંખી. ધર્મસિંહે તમામ હકીકત કહી, ફરી મળવાનું નિવેદન કરી પોતાને કામે ચાલ્યો ગયો.

# પ્રકરણ ૨૩ મું.

## ગહન વન.

પ્રેતપ્રભાના આદેશથી નિર્મીત સ્થળે જવા નિકળેલો રણધીરસિંહ, લોકાલયનો થોડોક ભાગ અવલોકન કરતો ચાલ્યો જતો હતો. તેના દીઠામાં જે લીલા આવી તેનું વર્ણન કરતો આગળ વધતો હતો. વાંચક! તમને પ્રસંગોપાત ઘણી ઘણી વાતો નિવેદન કરી છે, પણ સંસારનાં કારૂ કાર્ય દેખાડયાં નથી. હવે તે જુઓ. મ્હારી સાથે સાથે થોડીક વાર આવો. જુઓ, પેલા છજામાં વિજળીના જેવા વર્ણવાળી સર્વાંગ સુંદરી યુવતી, પ્રિયતમના વીરોચિત ખોળામાં બેસી, તેના રસાળ અધરોષ્ટે પોતાના પ્રવાળ વર્ણા અધરોષ્ટ મેળવી, ગળા પાછળ કોમળ વેલડી જેવા બાહુ વિંટાળી, મદથી વિહ્વલ બનેલાં નયન ફેરવી, પ્રેમાલાપથી સ્વતઃ પ્રકાશિત સુમધુર હાસ્ય કરે છે. જુઓ, જુઓ, પેલા ભવનમાંની દિવાની જ્યોતિ મંદ કરી દીધી છે. વળી આ તો જુઓ, નવીના બાળા માનથી, લીલા વસ્ત્ર વડે વદન મંડળ ઢાંકી કોમળ નયનમાંથી ગરક ગરક આંસુ પાડે છે. આ જુઓ, પ્રિય પતિ, પ્રિયાને રિઝાવી મનાવી કંઇક ભિક્ષા માગે છે! ભાઈ! પવિત્ર પ્રેમીનો એ પવિત્ર ભાવ શું તમને હૃદયગ્રાહી નથી? ત્યારે આ બીજા ઘરમાં જુઓ, સુચતુર પ્રાણવલ્લભ, કેવી રીતે યૌવના પ્રાણવલ્લભાના બંને કર પકડી વિવિધ પ્રકારનાં પ્યારાં વચનથી સંતુષ્ટ કરી યુવતી જનોચિત સ્થાને બેસાડે છે. વળી આ જુઓ, આ સરલા સતી પતિના પગમાં પ્રેમની પુષ્પાંજલી આપી, પ્રાણ, મન, જીવન યૌવન દક્ષિણામાં આપી, સરલા નામની સાર્થકતા સંપાદન કરે છે. પેલા સામેના વાસમાં જુઓ, નવીન જોડું સ્વરે સ્વર મેળવી મધુર સ્વર લહરીથી રાત્રિને મિઠાશવાળી બનાવે

છે. પાઠક ! આ બધાં નવીન જોડાંનાં કામ દીઠાં ? વારૂ, એક વાર આ પ્રૌઢાની પ્રેમપૂર્ણ પતિસેવા જોઇ કહો કે, તેની પાસેથી નવીન જોડાંને કંઇ શિખવાનું મળે એમ છે કે નહિ ? આ બધું જોઈ રહ્યા પછી એક વાર વૃદ્ધ વૃદ્ધાનાં અવસ્થાન અને ઇશ્વિરોપાસકોનાં દર્શન કરાવી, તેમનાં મંગળ કિર્તન સાંભળી, નમસ્કાર કરી પોત પોતાને સ્થાને ચાલ્યા જઇશું. વારૂ ! તમને વિરહિણીની આંખોમાંથી નિકળતાં આંસુ જોવાં સારાં લાગે છે ? તો આ જુઓ, પેલી સ્ત્રીએ સારાં વસ્ત્ર ઓઢયાં નથી, ઘરેણાં પહેર્યાં નથી, માથાના કેશ બાંધ્યા નથી, ભવન શણગાર્યું નથી, ભવનમાં ભપકાબંધ દીવો નથી, પલંગ પાથર્યો નથી, આવી અવસ્થા ભોગવી, પતિની મનોહર મૂર્તિ, એના ભાવનું, એના પ્રેમાલાપનું ચિંન્તન કરી, નેત્રનાં નીરથી છાતી ભીંજવી એક પ્રૌઢા નારી રાત્રિ કહાડે છે ! જે રમણી પતિના પગનું ચિન્તવન કરી સતીત્વનું રક્ષણ કરે છે, તેના પગની ધૂળ ગોપીચંદન કરતાંએ શ્રેષ્ટ, તેના મુખનું દર્શન, દેવીનાં દર્શન કરતાં વિશેષ ફલપ્રદ છે. પાઠક બંધુ ! તમારે જવું હોય તો જાઓ, હું અન્ય સ્થળે જાઉં છું. જો તમારી ઇચ્છા હશે તો તમને વિધવાવાસનાં દર્શન કરાવી દઇશ, પણ તેનો શોક, દુઃખ, અનુતાપ, રૂદન, નિઃશ્વાસ, શિરતાડન, છાતી કુટવી, ભાગ્યની નિંદા, ભય અવસ્થાનું ચિન્તવન, ગતિ, મુક્તિ, દશા, ભાવના, મૃત્યુ–કામના વગેરે જોઈ–સાંભળી તમે આનંદ પામશો નહિ; માટે આ ઘર આગળ આંખ મીંચી કાનમાં આંગળીઓ ઘાલી ત્વરાથી આગળ ચાલ્યા આવો. પ્રિય વાંચક ! પાપપુંજ વેશ્યાના કિંવા પરપત્નીગામી વ્યભિચારીઓનાં દુષ્ટ કાર્ય દેખાડી તમને લજવીશ નહિ. તમે સ્વકાર્યે જાઓ, હું મ્હારે કામે જાઉં છું, ફુરસદે પુનઃ મળીશું.

લોકાલયનું દર્શન કર્યા પછી, રણધીરસિંહ વનમાં દાખલ થયો. પોતે એકલો, જન માનવનું નામ નહિ. અંધારી રાત્રિ સમ સમ કરતી ચાલી જતી હતી. આકાશનાં નક્ષત્રોનો પ્રકાશ પણ વૃક્ષોની ઘોર ઘટાથી દેખાતો નહોતો. આજુબાજુએ ન્હાનાં ન્હાનાં ઝરણાં ખળખળ વહેતાં હતાં. તેનો શોર અને નિશાચર પશુઓના ભયંકર બરાડા, અગણિત જીવજંતુઓ અને તમરાં વગેરેના ઝણઝણાટવાળા અવાજ કાન પર આવતા હતા. રાત્રિનો આવો



ત્રાસદાયક મહિમા જોઇ મનમાં ને મનમાં રણધીરસિંહ બરબડવા લાગ્યો: "લોકો કહે છે કે પ્રેમને માટે પ્રકૃત પ્રેમી સહજમાં પ્રાણ આપવા તત્પર થાય છે એ વાત કંઇ ખોટી નથી. હુંજ તેની સાબિતી આપું છું. પ્રેતપ્રભાના પવિત્ર પ્રેમને માટે હું આજે જીંદગીનું બળિદાન આપવા તૈયાર થયો છું, એ વાત સાંભળી પ્રેમી લોકો અવશ્ય મ્હારી પ્રશંસા કરશે, પરંતુ વીર લોકો સાંભળશે તો મ્હને અવશ્ય ધિક્કારશે. હું તરવારની સેવા કરવાવાળો, તે આજ કામિનીના પ્રેમમુખમાં તરવાર–વીરત્વ–હોમી ચૂકયો છું ! વીર લોકને માટે એ શું ઓછા કલંકની વાત છે ? ના. ત્યારે શું કલંક–કાજળ મ્હને સ્પર્શ કરશે ? હું આજ સમરક્ષેત્રમાં જતાં જતાં આ ગંભીર રજનીએ અંધારા વનમાં આવ્યો. આવું વન તો કદી સ્વપ્નમાં પણ દીઠું નહોતું. નીચે નજર નાંખું છું તો તમામ લીલોતરીથી છવાયલી ઉંચાનીચી ટેકરા ટેકરીવાળી ભૂમિ, તેના પર મ્હોટાં ખખેખખ વિશાળ વૃક્ષ એકમેકની શાખાઓથી ગુંથાઇ ગુંચાઇ તાડ વૃક્ષ માફક ગગનગામી થઈ રહ્યાં છે. તેથી ગગનમાર્ગ છવાઇ જતાં બિલકુલ નક્ષત્રનો પ્રકાશ સરખો પણ દૃષ્ટિએ પડતો નથી. વખતે વાટ ભૂલતો હઇશ તો પણ કોને ખબર ? હવે જે થવાની હતી તે થઇ. જો ઘોડો સહજ વાટ ચુકે તો માથામાં વૃક્ષસ્થંભ ટીચાય. વળી ભયંકર પ્રાણીઓના બરાડા ચિંચવાડા વારંવાર ત્રાસ આપે છે. જો પાછો ફરૂં તો શ્રીનગર જવાય કે નહિ એ પણ શંકાસ્પદ છે. માટે હવે તો આ પાર કે પેલે પાર. હરિનું સ્મરણ કરી ચાલ્યા જવું. વળી અધુરામાં પુરૂં પ્રેત સાથે યુદ્ધ. પ્રેત સાથે પ્રેમ માટે યુદ્ધ કરવું એ સર્વના નશિબમાં નથી હોતું. જો પ્રેતને હરાવી શકીશ, તો પ્રેમ અને યશ બંનેનો લાભ થશે. કદી ના જીતી શક્યો તો હમેશને માટે કીર્તિ અને લાભ જશે. વન મધ્યે આ પેલું સરોવર દેખાય." સરોવર દેખાયું એટલે જરા હિમ્મત આવવાથી ખોંખારો મારી ઘોડાને હંકાર્યો. સરોવર જોઇ ચકિત થયો: "અરે ! આવા ઘાડા ભયાનક જંગલમાં આવું સંદર સરોવર કોણે બંધાવ્યું હશે ? પ્રેતપ્રભાના કહેવા પ્રમાણે બરોબર દાખલો મળ્યો. એણે કહ્યું હતું તે આ પીંપળાનું વૃક્ષ પણ છે ખરૂં." ઘોડા પરથી ઉતરી તેને એક ઝાડે બાંધી તે

સરોવરની શોભા નિરખવા લાગ્યો. ચારે બાજુએ કાળા પથ્થરથી બાંધેલી હતી, તેમાંનું પાણી નક્ષત્રોનાં પ્રતિબિંબથી ઝબકારા મારતું હતું. સ્હામી બાજુએથી એક ઉંચા પહાડ પરથી પાણીનો ધોધ ધડધડ પડયા કરતો હતો. જળચર પ્રાણીઓ સરોવરમાં અને કિનારા પર રમી રહ્યાં હતાં. કેટલાંક તો કમળનાળની જાળમાં ગુંચાઈ જવાથી ભારે પછાડયો ખાતાં હતાં. કિનારાની સામે દેખાતા પીપળાના વૃક્ષ પરથી ઉડતાં કેટલાંક પંખી સરોવરમાં પડી ચાંચમાં કંઈક લઈ વૃક્ષ પર જતાં આવતાં હતાં. પીપળાનું વૃક્ષ કૃષ્ણાવતાર વખતના પ્રયાગના વટ–વૃક્ષ કરતાં પણ વિશેષ ઉંચું, અગણિત પંખી અને પશુના ભારથી લચી ગયેલું, વારંવાર ઘુવાડા મારતા ઘુવડના ત્રાસથી, ચિચવાડા મારતાં પક્ષીઓના આર્તનાદથી ગાજી રહેલું હતું. તેમજ આજુબાજુએથી આવતાં તૃષાતુર હિંસક પ્રાણીઓના પગના ધબકારાથી ભૂમિ પર ફરતા સર્પ ઉપરા ઉપરી અથડાઈ સુસવાડા ભેર નાસતા હતા. આવા વિકટ વનમાં પ્રેમપાશથી બંધાયલો નિડર–વીર રણધીર થાકી જવાથી બેઠો. વળી બોલ્યોઃ "પ્રેતની સાથે યુદ્ધ, એતો કદી પૂર્વે સાંભળ્યુંજ નહોતું. આ જીંદગીમાં કદી પ્રેત દીઠું નથી. પ્રેતની વિચિત્ર લીલા બધા લોકોએ સાંભળી હશે અને મ્હેં પણ સાંભળી છે, કિન્તુ કદી દીઠી નથી. હમણાં જોવાનો પ્રસંગ આવ્યો છે, કે પ્રેત કેવું છે, અને તેના હાથમાં કેટલું કૌવત છે!"

આ પ્રમાણે વિચારમાં તલ્લીન બન્યો હતો, એવામાં આફ્રિકાના હબસી કરતાં પણ કાળા ઘોડા પર બેઠેલા પ્રેતે ભયંકર અવાજથી પુછ્યુંઃ "તું કોણ?"

આ બનાવ જોઇ હેરતમાં પડી ગયેલો રણધીરસિંહ મનમાં બોલ્યોઃ "આ શું પ્રેત? કેવી વિકટ મૂર્તિ? ઉમ્મર બહુ દેખાતી નથી. બાંધો મધ્યમ. ખર્વાકૃતિથી કિંચિત મ્હોટો, કાજળથી અધિક કાળો, માથા પર ફગફગતી કાળી બાબરી. લાલચોળ આંખો. વાંકી ચુકી દૃષ્ટિવાળો. લાંબું નાક. લાંબા પણ કંઇક ગોળ કાન, બેસી ગયેલા ખાડાવાળા ગાલ. ખધરાયલા લાંબા ટુંકા દાંત, મ્હોટા મ્હોટા હોઠ. એક હાથમાં ઘોડાની લગામ. બીજા હાથમાં ખુલ્લી ઝગઝગતી તરવાર. પીઠ પર ઢળકતી ઢાલ. કમ્મર પાછળ વિંટાળેલું



રીંછનું ચામડું! પ્રેત શું ઘોડા પર બેસે? ઉઃ ભયંકર દેખાવ!"

રણધીરને દિગ્મૂઢ બની ગયેલો જોઈ પ્રેત બોલ્યુંઃ "તું કોણ? કેમ બોલતો નથી?"

હિમ્મત પકડી રણધીર બોલ્યો "તું કોણ? મનુષ્ય?"

પ્રેતઃ "ના. તું કોણ છે તેની ઓળખ આપ."

રણઃ "તમે જો સામાન્ય–નર નહિ હો તો જાણી શકશો કે હું કોણ છું?"

પ્રેતઃ "ત્હારૂં નામ રણધીરસિંહ છે?"

રણઃ "હા."

પ્રેતઃ "તું પ્રેતપ્રભાનો આશક?"

રણઃ "હતો ખરો."

પ્રેતઃ "સીધો જવાબ દે નહિ તો યુદ્ધ કર. ડરકણ હોય તો ન્હાસી જા."

રણઃ "સમરક્ષેત્રમાંથી શી રીતે નાસી જવું તે હું જાણતો નથી."

પ્રેતઃ "ઘણીજ પ્રશંસાની વાત. જો પ્રેતપ્રભાને વરવા ઇચ્છતો હોય તો પ્રથમ મ્હારી સન્મુખ તરવારની પરીક્ષા આપ. યુદ્ધમાં જીતીશ તો નિઃસંદેહ પ્રેતપ્રભાનો ત્હને લાભ થશે."

રણઃ "રણધીર એ વાતથી કંઈ ડરતો નથી. જો ડરતો હોત તો આ સ્થળે આવતજ નહિ."

પ્રેતઃ "ત્હારો ઘોડો ક્યાં છે?"

રણઃ "આ તરફ નજીકજ છે."

પ્રેતઃ "અચ્છા, ત્યારે હું પણ પગપાળે યુદ્ધ કરીશ."

રણઃ "ન્યાય યુદ્ધ કે અધર્મ યુદ્ધ?"

પ્રેતઃ "અધર્મ યુદ્ધ કોને કહે છે તે હું જાણતો નથી."

રણઃ "અતિ ઉત્તમ."

આ પ્રમાણે નિર્ણય પર આવી બંને જણે ઘોર દ્વંદ્વ યુદ્ધ કર્યું. આખરે રણધીરસિંહને ડાબા હાથ પર ઘા વાગવાથી ભૂમિ પર પડયો, એટલે પ્રેત પોતે ખડખડાટ હસીને બોલ્યુંઃ "અ–એ–રણધીર! તું શૂરો ને હિમ્મતવાન

છે, તેથી આજ ત્હારો પ્રાણ લેતો નથી. જો તું મ્હારા વચન પ્રમાણે ચાલીશ તો ત્હને પ્રેતપ્રભા મળશે. જ્યાં સુધી રણજીતસિંહ કાશ્મીર જીતે નહિ, ત્યાં સુધી તું પ્રેતપ્રભાની સાથે મેળાપ કરીશ નહિ. વળી મલ્લહરસિંહ તરફની લાલચથી લોભાઇ કોઇ રીતે તું તેના સૈન્યમાં દાખલ થઇશ નહિ. આ મ્હારાં વચન જો તું નહિ પાળશે તો ત્હારી આશા કદી પૂર્ણ થવાની નથી." એમ બોલી પ્રેત ચાલ્યું ગયું.

રણધીરસિંહ ઉઠવાને બાથોડિયાં મારતો હતો પણ તેનાથી ઉઠાતું નહોતું. તરવારના ઘાથી હાથ ઘવાઈ ગયો છે. લોહી દડદડ વહ્યાં કરે છે. રાત્રિ કાળી અંધાર બની રહી છે. પાસે કોઇ જન-માનવનું નામ નિશાન નથી. કંઈ પણ દેખી શકાતું નથી. તરસ લાગી છે. કંઠ સુકાય છે. આવી દશામાં તીણે સ્વરે રણધીરસિંહ બોલ્યો: "યુદ્ધમાં પ્રાણ કેમ ન ગયો ?"

આ તેના છેલ્લા બોલ માર્ગે જતા એક મનુષ્યના કાન પર પડવાથી તે રણધીરની પાસે આવ્યો અને કહ્યું: "અરે ! આ નિર્જન વનમાં, આ ગંભીર રાત્રિમાં, મનુષ્યનો સ્વર ક્યાંથી આવ્યો ? એ શું મૃત્યુના મુખમાં પડેલા પંથીનો આર્તનાદ હશે ? આ અંધારામાં કંઇ દેખાતું નથી."

વટેમાર્ગુના છેલ્લા બોલ રણધીરના કાન પર આવવાથી બોલ્યો: "આપ કોણ છો ?"

વટેમાર્ગુએ ઘોડા પરથી ઉતરી ઘોડાને બાંધી જ્યાંથી અવાજ આવતો હતો ત્યાં આગળ જઈ પુછ્યું: "આ ગહન વનમાં આવી અવસ્થામાં કોણ પડ્યું છે ? શી પીડા થઇ છે ?"

રણ: "ના પીડા નથી."

વટેમાર્ગુ રણધીરના મુખ સામું જોઈ મનમાં વિચાર કરવા લાગ્યો કે: "આ શરદ પુનમના જેવું વદન કંઈ દીઠું છે ખરૂં. અહા ! ચ્હેરા પર કેવી સુંદર મીઠાશ ! ઓળખ્યો-ઓળખ્યો. આ તો વીરવર રણધીરસિંહ, એજ એ—"

રણ: "આપ કોણ છો ? ક્યાં જાઓ છો ?"

વટે: "સરદાર મલહરની પાસે શ્રીનગર જાઉં છું."

રણ: "મલહરસિંહ કેદમાં છે. ઉઃ કેવી વેદના થાય છે."



વટે: હા, આપને બહુ દુઃખ થાય છે, ઉઠી બેસશો ? આપ આવી દશામાં કેમ પડ્યા છો ?"

બીજા હાથના ટેકાથી રણધીર બેઠો થઇ બોલ્યો: "કોઇ યોદ્ધા સાથે દ્વંદ્વ યુદ્ધ કરતાં ઘા લાગ્યો છે, તેથી પડ્યો—"

વટે: "ભારે ઘા લાગ્યો છે ?"

રણ: "ના, ડાબા હાથે થોડુંક વાગ્યું છે."

વટે: "શા માટે યુદ્ધ કરવું પડ્યું ?"

રણ: "રમણી માટે."

વટે: "રમણી ! રમણી સાથે આપને શો સંબંધ છે ?"

રણ: "પ્રેમ."

વટે: "પ્રેમ ! વારૂ. હવે આપનો શો ઉદ્દેશ છે ?"

રણ: "જો કોઈ મદદ કરે તો શ્રીનગર તરફ જાઉં."

વટે: "હું આપને મદદ કરવા તૈયાર છું."

રણ: "આપનો ઉપકાર ભૂલીશ નહિ."

વટે: "આપ પગપાળે આવ્યા હતા ?"

રણ: "ના, પેલો ઘોડો રહ્યો."

વટે: "આવી અવસ્થામાં ઘોડા ઉપર બેસી શકશો ?"

રણ: "ધીરે ધીરે જઇશ."

વટે: "ચાલો ત્યારે તમને બેસાડું." એમ કહી રણધીરનો હાથ પકડી ઘોડા પાસે લઈ જઈ ઘોડા પર બેસાડ્યો. બંને જણ વિદાય થયા.

## પ્રકરણ ૨૪ મું.

### કારાગારમાં કાવત્રું.

પાઠક ! ચાલો આપણે શિખરાજની આજ્ઞાથી વિતસ્તાના તટ પર આવેલા કારાગારમાં પુરવામાં આવેલા પેલા સરદાર મલહરસિંહ અને ભીષ્માચાર્યની ખબર લઇએ. આ કારાગાર, નગરથી સહજ દૂર પણ વિતસ્તા નદીના તીર પર હતું. મહાન ઉન્માદિની વિતસ્તાને તમે સારી પેઠે જાણો છો, છતાં હમણાં તે જુદાજ રંગમાં નાચતી હતી. તે આજે ગ્રીષ્મ ઋતુના મહાન પ્રતાપી સૂર્યનો તાપ સહન ન થઇ શકવાથી, દૂધ જેવા સફેદ શિરવાળાં હિમાચળનાં બાળ બચ્ચાનાં માથામાંથી ચોગરદમ–ચોધાર ઠંડુ ગાર પાણી છુટવાથી કાળા પથ્થરોમાં પછડાતી, ધુંધવાતી, ફુંફવાતી કારાગારની પથ્થરની દીવાલને અફળાતી, કારાગારની પાછળ આંટી દેતી, પુર જોરમાં ચાલી જતી હતી. તેના ઉદરમાં રહેલાં પદ્મ, પોયણી વગેરે સુવાસિત પુષ્પ, પવન હીલ્લોળે ચઢવાથી વારંવાર ઉત્પન્ન થતા તરંગોથી આજુબાજુ ઢળી પડી, તરંગ માળાથી ચગદાઈ–ચુંથાઇ જઇ શય્યાનાં વાસી પુષ્પની માફક નિસ્તેજ અને અવાસિત થઇ જતાં હતાં. તેમાં પેલા મધુ લાલચી મધુકરો આમ તેમ ગોથાં ખાઇજ રહ્યા હતા. '**तृष्णानजीर्ण वयमेवजीर्ण**' આશા લબ્ધ મધુકરો મધુની આશામાંજ જીવ ખોતા જણાતા હતા, ને કેટલાક ઉડી પણ જતા હતા. વિવિધ જાતની માછલીઓ જળમાં પુર છલંગો મારતી હતી. પેલા પામર મગરો તો તણાયાજ જતા હતા, પણ થોલ આવે તીર પર નીકળી, પડ્યા પાથર્યા પડી રહેતા હતા. તીર પર ઉગેલી વાંસની, બરૂની, નેતરની ઝાડી અને મ્હોટાં મ્હોટાં ચિનારનાં, સફેદાનાં, શેતુરનાં વૃક્ષોની ડાળીઓ સુજ્ઞ મનુષ્યોની માફક નમ્ર હોવાથી



પવનની લહેરોથી નમી જતી હતી, પણ કારાગારની પાછલી દીવાલ તો વિતસ્તાના ઉન્માદની દરકાર નહિ રાખતાં જેવી ને તેવી દશામાં દૃઢ અને અડગ દેખાતી હતી. કારાગારની તમામ દીવાલો કાળા પથ્થરથી બાંધેલી હતી. તેને એક દેવડીનો દરવાજો હતો, કે જે દરવાજા પર પહેરેગીરો ખુલ્લી તરવારથી પહેરો દીધા જતા હતા. દરવાજામાં દાખલ થઇ પશ્ચિમ તરફ વળતાં એક મ્હોટો ચોક હતો, કે જે ચોકની અંદર ન્હાની ન્હાની તોપો ગોઠવી રાખી હતી. તેમજ તોપોના ગોળાની ઢગલીઓ મેદાન પર કરેલી જણાતી હતી. આ ચોકની સાથે એક રવેશવાળું મકાન હતું. તે રવેશમાં આ વખતે શિખ સિપાઇઓ હાથમાં ખુલ્લી તરવાર પકડી ટહેલતા જણાતા હતા. આ મકાનને બીજે મજલે ત્રણ ખંડ હતા. તે ત્રણ ખંડ મધ્યેના વચલા ખંડમાં સરદાર મલહરસિંહ, ભીષ્માચાર્ય અને દુર્જયસિંહને કેદ કર્યા હતા. આ ખંડનો પાછલો ભાગ વિતસ્તા પર પડતો હતો. તે દીવાલમાં લોખંડી સળીઆની જાળી હતી. તે જાળીમાંથી નદીમાં નજર પડતી હતી. આ ખંડની બંને બાજુના ખંડ ખાલી પડ્યા હતા.

બળવાખોર સરદારોને કેદ કરી તેનો જાપતો રાખવા સિપાહીઓનો પહેરો મૂકી દીધા પછી શિખરાજે તેઓને માત્ર દિવસમાં એક વખત લુખો ખોરાક આપવાનો હુકમ કર્યો હતો. તે સિવાય બીજી કંઇ દરકાર રાખીજ નહોતી. આથી આ મોજશોખમાં ઉછરેલા બળવાખોર સરદારો ઘણા હેરાન થતા હતા, પણ ન્હાસી છુટવાનો એકે માર્ગ નહતો. આગળ શિખ લોકોનો પહેરો અને પાછળ ઉંડાણમાં વિતસ્તા. આ પ્રમાણે ભૂખ તરસ, દુઃખ વેઠી ઘણા દિવસો કહાડ્યા. રાત્રિએ પુરી ઉંઘ નહિ આવવાથી ત્રણેય જણ સુખ દુઃખની વાતોમાં વખત ગુજારતા હતા. એક દિવસ, મલહરસિંહ હાથ જોડી ગદગદ કંઠે બોલ્યોઃ "ગુરો ! આ જગતમાં મ્હને સુખની આશા તો હવે કેવળ નિર્મુળજ થઇ."

ભીષ્માઃ "ભાઈ ! ઉતાવળો થામાં. સંધ્યા વખત થવા આવ્યો છે, માટે દીપ જ્યોતિ કર. સાંભળ, આપણા સ્વદેશનો ઉદ્ધાર કરવા માટે કેટલા કેટલા વીરોએ કેટલાં કેટલાં કષ્ટો સહન કરી દેશનો ઉદ્ધાર કર્યો છે તે તું

જાણે છે? કાશ્મીર એ મૃત્યુ લોકનું સ્વર્ગ છે. એ આપણો સ્વદેશ છે એને માટે આપણા પ્રાણ અર્પણ કરવા જોઇએ."

મલ: "મહારાજ! એ સર્વ હું જાણું છું, પરંતુ આપણે થોડાં મનુષ્યો શું કરી શકીએ! વળી રણજીતની પાસેથી હવે દયાની આશા પણ રાખશો નહિ."

બાજુ પર એક કામળીપર દુર્જયસિંહ આળોટતો હતો, તે બેઠો થઇ બોલ્યો: "તે વાત ખોટી નથી, પણ રણજીતે આપણને અન્યાયથી વગર યુદ્ધે કેદી કર્યા છે તેનું પ્રતિફળ શું તે નહિ પામે? મહારાજ! સુંદરસિંહ જીવતો છે, ઘણા સેનાપતિઓ જીવતા છે, તેઓ શું આપણો ઉદ્ધાર કરવા કંઈ ઉપાય નહિ કરે? તેઓ શું જન્મભૂમિનો ઉદ્ધાર કરવા સારૂ પ્રાણ નહિ આપે? અવશ્ય આપશે, આપ શાન્ત થાઓ."

મલ: "ભાઇ દુર્જય! આપણું કેટલુંક સૈન્ય પકડાઇ ગયું છે, ને બાકીનું સૈન્ય ક્યાં છે તેની આપણને ખબર નથી. સુંદરસિંહ ન્હાની વયનો છે, તે યોગ્ય સેનાપતિ નથી, માટે હવે કોની આશા રાખવી?"

ભીષ્મા: "એમ કેમ? જો તમામ હિન્દુઓ જન્મભૂમિ કાશ્મીરનો ઉદ્ધાર કરવા સારૂ તૈયાર થાય, તો આપણાં તમામ દુઃખ દૂર થઇ જાય."

મલ: "આપણે હિંદુઓ થોડા રહ્યા છે, અને જેઓ રહ્યા છે તેઓ સહાયહીન છે. ભલે ગમે તેમ હો, પણ આપણે આ કારાગારથી છુટીએ એવો કંઈ ઉપાય છે?"

દુર્જય: "તે આશા પૂર્ણ થવી મુશ્કેલ. તમે તો જુઓ છો કે સેનાપતિ દિવાનચંદ અને કુમાર ખડગસિંહ સિવાય કોઇ આ મકાનમાં પ્રવેશ કરતું નથી. ચારે બાજુએ પહેરો છે. પાછળ વિતસ્તા છે, તે પણ આપણી દુર્દશા જોઇ તરંગો મારતી ચાલી જાય છે! નાસી છુટવાનો ઉપાય ક્યાં છે?"

ભીષ્મા: "ભગવાન ભવાનીપતિ અને દાક્ષાયણીના ચરણનું સ્મરણ કરો. અવશ્ય સદુપાય મળશે."

મલ: "પ્રભો! જો ચામુંડાની કરૂણાથી છુટા થઇ વિચિત્ર નિવાસે જઈ શકીએ, તો પછી જોઈ લઇશું કે રણજીતસિંહ કેવો વીર છે! જોઇશું કે તે કેવો શિખ-જય-પતાકા ઉડાવે છે! પણ—"



દુર્જય: "નદીમાંથી કોઇનો શબ્દ નથી સંભળાતો?"

મલ: "મધ્ય રાત્રિએ નદીમાં શબ્દ ક્યાંથી હોય?"

દુર્જય: "પનાઇ ચાલતી હોય એવો શબ્દ આવે છે."

ભીષ્મા: "કારાગારની પાછળ કદી પનાઈ આવતી નથી."

મલ: "એ વાત ખરી છે, પણ દુર્જયસિંહને શંકા ઉત્પન્ન થઇ છે, માટે પેલી લોખંડી સળીઆની જાળીમાંથી વિતસ્તા દેખાય છે ત્યાંથી જોઇ નક્કી કરવું ઇષ્ટ છે. ભાઇ! મામલો બારીક છે. વખતે કોઇ ઇશ્વિરેચ્છાથી આપણો બેલી પણ થાય."

સરદાર મલહરસિંહ વગેરે કેદ પકડાવાથી પૃથ્વીસિંહ છેક નાહિમ્મત બની ગયો હતો. સુંદરસિંહને તો તે બાબતનું ભાન નહોતું, તે તો માત્ર દારૂમાં ગરકાવ થઇ લંપટ બની ગયો હતો, અને તેમાંજ આખો દિવસ મશગુલ રહેતો. આ બીનાથી પૃથ્વીસિંહ બેવડો પીડાતો. આખરે પૃથ્વીસિંહે વિચાર કર્યો, કે તેમના છુટકારા માટે કંઇક કરવુંજ જોઇએ. તે ઉપરથી પોતાના એક મિત્ર મારફત એક પહાડી લૂંટારા સાંજુને શોધી કહાડી તેને રાજી થાય તેટલું દ્રવ્ય આપવાની લાલસામાં નાંખી, જીવ જાય તોપણ બીજાને વાત નહિ કહેવાની પ્રતિજ્ઞા આપી, તમામ વાતથી માહિતગાર બનાવી કારાગારની નીચે મધ્ય રાત્રિએ તરી લઈ જવા કહ્યું. આ પહાડી લૂંટારાએ લોભ વિવશ થઇ કામ ઉપાડી લેવાનું કબુલ કર્યું, અને પોતાનાથી બને તેટલી તજવીજ અને તદબીર કરી તેઓને છોડવવાનું કબુલી જવાની રજા માગી.

પૃથ્વીસિંહે તેના કાનમાં મુખ રાખી કહ્યું: "જો, ભાઇ ભૂલતો નહિ. જરૂર આજ રાત્રિએ જજે. ત્હને ઘણું દ્રવ્ય આપીશ. લે, આ એક સોનાની કડી આપું છું."

હાથમાં કડી લઈ એ હાથ જોડી બોલ્યો: "બાપુ! ધીરજ રાખો. હિમાળો બાવો સ્હાય થશે."

પહાડી માજુ કારાગાર તોડવાનાં સાધન લઇ એક ન્હાની સરખી ચાંદમારીમાં બેસી કારાગાર નીચે આવી બડબડવા લાગ્યો: "આ કારાગાર દેખાય છે. સરદાર મલહરસિંહને બીજા મજલાના વચલા ખંડમાં કેદ કરેલો છે. વચલો ખંડ કીયો તે નક્કી શી રીતે થશે? કારાગારમાં પ્રવેશ થઇ શકે એ આશા તો રાખવીજ નહિ. કદાપિ પ્રયત્ન કરીશ તોપણ વાત દુષ્કર. જો કોઈ પહેરેગીર આ બાજુએ આવી ચઢયો તો આ અંધારા કારાગારમાં મ્હારી આખી જીંદગી જવાની ને સડી સડીને મરવાનો! હજુ રજની બે પ્રહર ગઇ છે. જો મલહરસિંહ ઘોરતો હશે તો બધી મહેનત વ્યર્થ જવાની, અને હું પણ આટલું બધું કષ્ટ વેઠી તેનો ઉદ્ધાર કરવા આવ્યો છું તે પણ તેના જાણવામાં નહિ આવે. શું ઉપાય કરવો? નામ દઇને બોલાવું તોપણ દુઃખની વાત. વખતે અન્ય કોઈ સાંભળી જાય અને મ્હારા બેટા પહેરેગીરને ખબર થાય તો તો ભોગજ મળ્યા!" આ પ્રમાણે વિચાર કરતાં કરતાં ઉંચી નજરે કારાગારની દિવાલ તપાસવા લાગ્યો. તપાસ કરતાં તેને નદીના પાણી પર સહેજ ઝળકારો થતો જણાયો, તે ઉપરથી એક બારી પાસે જઇ તરી ઉભી રાખી તો તે બારીમાં એક ઝીણો દીવો બળતો દેખાયો.

બારી આગળ ઉભા રહી મલ્લહરસિંહે કહ્યું: "ગુરો! આ શું? જુઓ એક પહાડી મનુષ્ય ન્હાની ચાંદમારી લઇ બેઠો છે. એને બોલાવી જોઇશું?"

ભીષ્મા: "તેમાં શી હરકત છે?"

મલહરસિંહે બારીમાંથી આસ્તેથી પૂછ્યું: "અરે કોણ છે?" પૂછ્યા છતાં જવાબ નહિ મળવાથી ફરી પૂછ્યું કે: "ચાંદમારીમાં બેસી આવનાર કોણ વીર છે?"

પહાડી: "હું જે હઇશ તે હઇશ. પ્રથમ તમારી ઓળખાણ આપો. જો ઇશ્વર હિમાબાવાને માનતા હો તો તેના સોગન આપીને કહું છું કે ખરૂં ઓળખાણ આપજો."

મલ: "હું મલ્લહરસિંહ."

પહાડી: "ખરૂં કહો છો? તમે મલહરસિંહ છો?"



મલ: "જુઠ્ઠું બોલવાનું કારણ નથી. તમે અત્યારે મોડી રાત્રિએ અહિં કેમ આવ્યા છો?"

પહાડી: "તમને છોડાવવા."

મલ: "તમે શી રીતે છોડવશો? બહુ મુસ્કેલ વાત છે."

પહાડી: "બાપુ, જ્યાં સુધી છોડાવી નહિ શકું ત્યાં સુધી બધું મુસ્કેલ છે, પણ હું જે બોલું છું તે કરીશ. મ્હેં જે ઉપાય શોધ્યો છે તે કંઈ સહજ નથી, પરંતુ તમને હિમ્મત જોઇએ."

મલ: "તમારા કહ્યા પ્રમાણે કરવાથી કદી પ્રાણ જાય તો પણ તે મ્હારે કબુલ છે. તેથી હું ડરતો નથી."

પહાડી: "દીવો બારી પાસે રાખો."

મલહરસિંહે દીવો બારી આગળ મૂકયો એટલે પહાડીએ કહ્યું: "જુઓ, હું આ ઘોને પુંછડે પાતળો દોરડો બાંધી છોડી દઉં છું, તે દીવો જોઇને બારીએ આવે એટલે તેને પકડી લઈ સાવધપણે દોરડો તાણી લેજો. ઉતાવળ કરશો નહિ, દોરો ઘણો બારીક છે માટે ધીરે ધીરે તાણજો. ઉતાવળ કરશો તો તુટી જશે. તમે જેમ જેમ તાણતા જશો તેમ તેમ જાડો દોર તમારા હાથમાં આવશે, મલહરસિંહનો ઉદ્ધાર કરવા જે યુક્તિ રચી છે, તે બુદ્ધિબળનું ફળ છે. જગદિશ્વર પોતાની કૃપાથી મનુષ્યને વિપદમાંથી તારે છે. આ વખતે ઇશ્વિર દયાળુ થાય તો મલ્લહરનું કલ્યાણ થાય અને મ્હારૂં ભાગ્ય ખીલે."

પહાડીએ ઘો છોડી. મલ્લહરે તેને પકડી લીધી. પછી બોલ્યો: "ભાઈ પકડી છે."

પહાડી: "હિમાબાવાને યાદ કરો. તમે હવે ધીમે ધીમે દોરો પકડી તાણો."

મલહરસિંહ દોરી તાણતાં તાણતાં બોલ્યો: "ગુરો! દેવી દાક્ષાયણીની કરૂણાથી સમજાય છે કે, આ નરક રૂપ કારાગારથી આપણો ઉદ્ધાર થશે. આપણે માતાજીના ચરણનો કંઈ અપરાધ કર્યો હશે, તેથી રણજીતે વગર યુદ્ધે આપણને પકડી લીધા."

ભીષ્મા: "આપણે અપરાધી ના હોત તો તો કોઈ વખત આ વિપદ–સાગરમાં પડત નહિ. ભલે ગમે તેમ હો. પણ એક વખત વિચિત્રનિવાસે જવાય તો જોઇશ કે દેવી આપણો મનોભિલાષ પૂર્ણ કરે છે કે નહિ ? મ્હારા મત પ્રમાણે દેવીને ખુશી કરવા માટે તેને બલિદાન દેવું શ્રેયસ્કર છે. વિશેષમાં હું જેનાથી વિપદમાં પડયો છું તેજ કુમારિકાને બલિદાનમાં આપવાથી વિશેષ કલ્યાણ થશે."

દુર્જયઃ "આપ હમણાં જે બોલો છો તે કરવાને હું ખુશી છું. દેવી સમક્ષ પોતાના પુત્રનું બલિદાન આપવાથી કદી મ્હારી જન્મ ભૂમિનો ઉદ્ધાર થાય તો તે પણ મ્હારે સંમત છે."

ભીષ્મા: "જન્મ ભૂમિના સુપુત્ર તમારા જેવાજ હોય છે."

મલહરઃ "ગુરો ! શું બોલું ? રણજીત, આટલી ઉતાવળથી છાનોમાનો ઘેરો ઘાલશે તે જાણવામાં આવ્યું નહિ. જો જાણવામાં આવ્યું હોત, તો માલમ પડત કે રણજીત કેવો બહાદુર છે, ને તે કેવો શ્રીનગરમાં દાખલ થઈ શકે છે! આ તો પાપાત્મા અર્જુનસિંહના પાપાચરણથી આપણી દુર્ગતિ થઇ છે. શું એ દુષ્ટ રણજીત અક્ષત શરીરે રહેશે અને હું કાયરની પેઠે, અધમ શિયાળની પેઠે, ઉચ્છિષ્ટ ભોગી કુતરાની પેઠે, મ્હારો અસાર જીવ લઈ નાસી છુટીશ ? નાસી છુટી લોકને હસાવીશ ? શત્રુને હસાવી સમરક્ષેત્રમાં–પીઠ બતાવી નાસી છુટીશ એમ કદી બનવાનું નથી. દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી કદી પાછો પડવાનો નથી ! અગ્નિના મુખમાં પતંગીઆની પેઠે રણજીતના ક્રોધાનળમાં આ દેહની આહુતિ આપીશ, પણ રણમાંથી પાછો આવીશ નહિ. એ મ્હારો સ્થિર સિદ્ધાંત."

દુર્જયસિંહઃ "ભાઈ ! તમારો જો એવોજ નિર્ણય છે તો હું પણ કહું છું કે ભગવાન સૂર્ય પશ્ચિમ દિશાએ ઉદય પામે, માખીઓ સુમેરૂને પીઠ પર લઈ ચાલે, બારે સૂર્ય ઉદય પામી ભલે સર્વ ભસ્મ કરી નાંખે, પણ એ વિદેશી રણજીતની સાથે શત્રુતા કરી કદી શાન્ત થઇ બેસવાનો નથી. આપણે બધા આ પ્રમાણે એકમત રહીશું તો તેની શું તાકાત છે કે શ્રીનગર જીતે? ભાઇઓ! ઉદ્દેશ સાધવા દૃઢ પ્રતિજ્ઞ થાઓ. જીંદગીને તૃણવત માનો. તમામ ભાઇઓ એક થાઓ. કાર્ય સાધન કરતાં જે વેદના થાય તેને પુષ્પમાળા જાણી હૃદય પર ધારણ કરો. વિપદમાં ધીરજ રાખી શત્રુના માથા પર ડાબો પગ મૂકી, કષ્ટ સાગર ઉતરી જાઓ, અને પેલા માતૃદ્રોહી અર્જુનસિંહની ખબર લ્યો."



ભીષ્મા: "એમાં કંઇ સંદેહ નહિ. એ અર્જુનેજ દૂત મોકલી રણજીતને છુપી રીતે ચઢી આવવાની ખબર આપી. એ ઘોર પાપી અર્જુને, એ મહા વિશ્વાસઘાતી અર્જુને, મંત્રણાની ખબર આપી આપણને વિપદમાં નાંખ્યા છે. જે પાપી જન્મ ભૂમિની દુર્ગતિ કરવા ઉભો થાય છે, તે પાપી અંતકાળે અનંતકાળ સુધી નરકમાં વાસ કરે છે. દેવી દાક્ષાયણી તેને ઉચિત ફળ આપશેજ. જો સંગ્રામમાં લાભ મળશે તો પછી જોઇશ કે અર્જુનસિંહ કેવો તેને દેવીને બલિદાનમાં આપે છે ? જો લાગ મળે તો તેના કડકે કડકા કરી પહાડી કુતરાઓને નાંખવા ચુકીશ નહિ."

મલઃ "મહારાજ ! આપની કૃપાથી દેવી સ્હાય કરશે."

હાથમાં દોરી આવી એટલે મલહરસિંહે કહ્યું: "ભાઇ, દોરી પકડી છે, હવે શું કરૂં તે કહો ?"

પહાડીઃ "હું લોહ કરવતી બાંધું છું, તેનાથી જાળીના લોખંડી શળીઆ ઉતાવળથી કાપી નાંખો."

તેની આ યુક્તિ સાંભળી ભીષ્માચાર્ય બોલવા લાગ્યો: "આ વીર પુરુષ અસાધારણ બુદ્ધિ શક્તિવાળો જણાય છે, એ કાંઇ સામાન્ય પુરુષ નથી. આવી યુક્તિથી કારાગારમાંથી છોડવવા એ કંઈ સામાન્ય મનુષ્યનું કામ નથી."

કરવતીથી શળીઆ કાપતાં કાપતાં મલહસિંહ વિચાર કરવા લાગ્યો કે "આ કરવતીથી શળીઆ કપાશે, પણ શી રીતે નીચે જવાશે ? જોઇએ તે શું ઉપાય કરે છે."

ભીષ્માચાર્યે દુર્જયસિંહને કહ્યું: "તમે બારણા આગળ ઉભા રહો. કરવતીના ઘસારાનો અવાજ સાંભળી જો કોઈ આવશે તો ભોગ મળશે."

આજ્ઞા પ્રમાણે દુર્જયસિંહ દ્વારનું રક્ષણ કરવા ગયો એટલે પોતાની

મેળે બોલવા લાગ્યો કેઃ "જગદંબે! અંબાલિકે! કાલિકે! અન્નપૂર્ણે! આ સમયે સ્હાય થજો મા. જો કંઈ આપના ચરણનો અપરાધ કર્યો હોય તો ક્ષમા કરજો મા! આજ તહમારી ષોડશોપચાર પુજા કરીશ, નર બલિ આપી તમને રાજી કરીશ. દેવી કલ્યાણિ! કૃપા કર મા. જનનિ! રણજીત હિંદુ નથી, રણજીત શિખ છે, રણજીત વિધર્મી છે. મા! તે કાશ્મીરની રાજ્યગાદી પર ચઢી બેસશે તો તમારો મહિમા રહેશે નહિ. દેવી! દયાળુ દયા કર. તમારી કરૂણાથી હૃદયમાં આશાનાં બીજ ઉગવા લાગ્યાં છે. મા! અમારી તે આશાનો નાશ ન થાય."

મલઃ "ગુરો! શળીયા કાપી રહ્યા, દેવીને પ્રણામ કરો."

ભીષ્માઃ "ભાઇ! હવે કેમ કરવું બોલો?

પહાડીઃ "તમે દોરી ખેંચો એટલે રેશમની એક નિસરણી આવશે. તેને જાળીને બે સળીએ બાંધી એકેક પછી એકેક ઉતરી પડો."

ભીષ્માઃ "ધન્ય તમારી બુદ્ધિને!"

આ પ્રમાણે નિસરણી બાંધી ત્રણે જણ ચાંદમારીમાં ઉતરી પડયા એટલે મલહરસિંહે કહ્યુંઃ "ભાઈ! તમે અમારા જીવનદાતા છો. આ જન્મે તમારૂં ઋણ વળી શકે તેમ નથી. જો જગદીશ્વર સદય થશે, જો રણજીતના હાથથી કાશ્મીરનો ઉદ્ધાર કરી શકીશ તો તમને યોગ્ય ઇનામ આપીશ. ખરેખર, તમે બહાદુર માણસ છો. બહાદુરને યોગ્ય છે તે તમને મળશે."

પહાડીઃ "હવે આ ઠેકાણે વિલંબ કરવાનું કારણ નથી. તમારે બધાંને કયાં જવું છે તે બોલો?"

ભીષ્માઃ "બધાને વિચિત્ર નિવાસે જવું છે, પરંતુ લક્ષ્મીખાળ આગળ જરા રોકાવું પડશે."

પહાડીઃ "જેવી તમારી મરજી. બરોબર બેસજો. ચાંદમારી હંકારૂં છું."

---

## પ્રકરણ ૨૫ મું.

### લક્ષ્મીખાળ પરનું ગુપ્તવાસ.

લક્ષ્મીખાળ તે ખરેખર લક્ષ્મીખાળજ હતો. તે બે શિખરવાળા પર્વત વચ્ચેના પોલાણમાંથી નિકળી આગળ વિતસ્તાને મળતો હતો, તેના વહેણની રેતી અને પથ્થરના કટકાઓમાં સુવર્ણના રજકણો માલમ પડતાં હતાં. વળી શ્રીનગરના તમામ લોક તેને લક્ષ્મીખાળ કહેતા હતા. લક્ષ્મીખાળની બંને બાજુએ મ્હોટું આંબાવાડીયું હતું. તેની ડાળીઓ, અરસપરસ એક બીજાની સાથે ગુંચવાઈ ગઇ હતી. તેમાં અગણિત કોયલો, મિષ્ટ મરવા ખાઈ કુહુ રવે કલ્લોલ કરી રહી હતી. લક્ષ્મીખાળના જળમાં આંબા વગેરે વૃક્ષ અને લત્તાઓનો દર્પણની માફક છાંયો પડવાથી એક મનોહર દેખાવ બની રહ્યો હતો. જેણે આ દેખાવ કદી દીઠો નથી, તેઓ કોઇ વખત તેની સુશોભાનો વિચાર કરી શકવાના નથી. ચારે દિશાઓ ગંભીર જણાતી હતી. જન પ્રાણીનો સમાગમ નહોતો. માત્ર હરિણ હરિણિઓનાં વૃંદ જળપાન માટે આવતાં જતાં જણાતાં હતાં. પંખીઓ જળમાં ચાંચ મારી, જળમાં પાંખો ફફડાવી ઉડી વૃક્ષ પર જઈ બેસતાં હતાં. પુષ્પ ગંધયુક્ત શીતળ પવન મૃદુ મંદ હિલ્લોળે વહી આવાસની બારીઓમાં પ્રવેશ કરી સુરસુંદરીની સેવા કરી દુઃખની શાન્તિ કરતો હતો.

જુઓ, ભીષ્માચાર્યના ગુપ્ત આવાસમાં કેદ કરવામાં આવેલી પેલી સુરસુંદરી કપાળે હાથ દઈ પ્રગાઢ ચિન્તામાં નિમગ્ન થઇ છે. આંસુડાંથી તેણે છાતી અને ખોળો ભીનો કરી દીધો છે. હવે પ્રથમ જેવો મુખ રંગ કે પ્રફુલ્લતા જણાતી નથી. સર્વ શરીર વિષાદ વિષથી જરજરિત થઇ ગયું છે.

દેહ શિથિલ અને રંગબેરંગી થઇ ગયો છે. મુખ નિસ્તેજ સુકું જણાય છે. ઉન્હા ઉન્હા નિઃશ્વાસ નાંખે છે. વારંવાર છાતી ઉછળતી દેખાય છે. આ વિપદમાં આપણા પૈકી કોઇ તેની પાસે હોત તો તેને પ્રબોધ આપી શાન્ત કરત. પોતે પૂર્ણ યુવાવસ્થામાં આવી છે. ઇશ્વરની સુનિપુણ પેદાશ! તે ફિક્કી છતાં મુનિ જનના મનને લોભાવે એવી સુંદર! જગદીશ! આપ તેને વિપદમાંથી તારો.

પાઠક! આ સુરસુંદરી કમળ નામની એક સાધારણ સાદડી પર બેસી મંદ સ્વરે બોલે છેઃ "પેલો અમૃતમય રૂપ નિધાન વળી પાછો કેમ મ્હારા હૃદયમાં દેખાયો? એક દિવસ, એક વખત માત્ર તેની તે મનમોહન છબી દીઠી હતી, પણ મન તેને ભુલતું નથી! એજ દારૂણ દુઃખની વાત. મારૂ ભાગ્ય મંદ હોવા છતાં, હું અનાથ હોવા છતાં, હું અભાગિણી હોવા છતાં દૈવ જાણે શા માટે તે આશા ઉત્પન્ન થાય છે! પણ જેને ચ્હાય છે, તે પ્રેમથી કદી ના ચ્હાય તો પછી જીવવામાં ફળ શું? પ્રેમ, પ્રેમ, પ્રેમ, પ્રેમ, અમૃતમય પ્રેમ, એ નિર્જીવનું જીવન છે, પરંતુ પ્રેમ સજીવનને કેમ દહન કરે છે? કોણ કહે છે કે વિષ અને અમૃત એકઠાં રહેતાં નથી? પ્રેમની પ્રથમ વિષ જવાળા સરલા બાળાઓને સતાવે છે. પરંતુ પ્રેમ અમૃત અને વિષ એ બંને પેદા કરે છે. એજ વિધિનું વિચિત્ર વિધાન છે! મ્હારો પ્રાણ જાય છે, તે વિધિ કંઇ જાણે છે? પુરુષ પુરુષના હૃદયની વાત જાણે, ને રમણી રમણીના હૃદયની વાત જાણે. વિધિ તો પુરુષ છે, તે રમણીની જવાળા શું સમજે? જો સમજતો હોત તો આ જગતમાં રમણીઓની આવી દુર્ગતિ થાત નહિ. મ્હારી દુર્દશા શું દુર નહિ થાય? તે મન ચોર, મ્હારૂં મન ચોરી અદૃશ્ય થયો છે તેને માટે હું વેવલી બની છું! જેને ચ્હાઉં છું તેને પામીશ? મળશે ત્યારે તેને હું આ હૃદય સિંહાસન પર લઇશ. પ્રેમવ્રત આદરીને તેની રાહ જોઇશ, તે પાછા મળશે એટલે હૃદયાસને બેસાડીશ, નયન જળથી તેના ચરણ કમળને અભિષેક કરી આ માથાના કેશથી તેને લુછીશ, ને આખરે યૌવન–નૈવેદ્યની સાથે આ પ્રાણ દક્ષિણામાં આપીશ, અને મન તો તેણે આગળથીજ લીધું છે. અહા! આશા પૂર્ણ થશે? ના, સમજાતું નથી.



વિધિની વિચિત્ર વિધિ છે! ઉઃ આ પ્રાણથી આ વેદના સહન થતી નથી. તે નિષ્ઠુરને, તે નિર્દયને જ્યારે ભાવથી મન આપ્યું છે, ત્યારે કેમ જીવ હરશે? ના, મ્હારૂં પ્રેમવ્રત સફળ થશે. મ્હારો પ્રાણ અને મન તેને ઇચ્છે છે, ત્યારે તે મુજ અબળાને કેમ બાળશે? હું જેને માટે ગાંડી બની છું, તે મ્હારૂં સ્મરણ કેમ નહિ કરે? તે ગળામાં પ્રેમ ફાંસી નાંખી કેમ નાસી જશે? તે મ્હને સદા વિરહાતુર રાખી વિરહ જવાળાથી કેમ બાળશે?"

ભીષ્માચાર્ય હમણાં શ્રીનગરમાં કેદખાનું ભોગવે છે, પરંતુ આ કારાગાર પહેરેગીરોથી ઘેરાયલુંજ છે. નાસવાનો એકે માર્ગ નથી. જો કંઇ ઉપાય હોય તો તે હૃદયરાજની પાસે જઇ આ પ્રાણ અર્પણ કરત. ચંદ્રિકા, પ્રાણપતિને તેડી લાવવા શ્રીનગરમાં ગઇ છે. જો મ્હારૂં ભાગ્યચક્ર ફરી ગયું હશે તો મ્હારી આશા પૂર્ણ થશે, નહિ તો આ પ્રાણની શેષ સીમા આ જગતને દેખાડીશ. વિરહ વિકારથીજ મ્હારા પ્રાણનો અંત આવશે."

સુરસુંદરી આવા વિચારમાં પડી હતી તેવામાં સર્વ સાહેલીઓ આવી પહોંચી. તેમાંની એકે કહ્યુંઃ "આ શું! કેવળ કમળનોજ મેળાપ! નયન કમળથી આંસુડાં પાડી હૃદય કમળને ભીંજવી નાંખ્યું છે. ખરી વાત, આશાબંધ તુટવાથી દુઃખ દરીઆમાં ભરતી આવી પ્રબળ તરંગ રૂપે મોજાં ફેલાયાં છે, પરંતુ આપની આશા હવે બહુ દૂર નથી. આપ શા માટે વૃથા રોઈ અમને સંતાપો છો?"

બીજી સાહેલી બોલીઃ "મંજુલ બકુલ કુંજમાં ગોપીજન મન રંજન શ્રીકૃષ્ણ પધારી જેમ રાસેશ્વરી રાધાના હૃદયાકાશમાં અજવાળું કરે છે, તેમ આ જુઓ, વીરવર રણધીરસિંહ મોહન વેશથી પધારે છે."

ચંદ્રિકાઃ "સખિ! આ શું? શા માટે તું બ્હાવરી બને છે? પ્રેમવનમાં પેસતાં શું વિચાર નહોતો કર્યો કે કાંટા વાગશે?"

રણધીરઃ "વિયોગને કાંટા કહેતી નહિ. વિયોગ તો પ્રેમના સુખનું મૂળ છે. વિરહ વગર પ્રેમમાં વધારો થતો નથી. અંધારૂં જેમ સૂર્યના માનમાં વધારો કરે છે, તેમ વિયોગ પ્રેમનો મહિમા વધારે છે."

ચંદ્રિકાઃ "એ બધી વાત અમારે સમજીને શું કરવી છે? સખિ!

લ્યો, તમારા મન ચોરને લ્યો. પ્રેમવનમાં પ્રવેશ કરી મનની આશા પૂર્ણ કરો.” એમ બોલી બીજી સાહેલીઓને સાથે લઈ બીજા ખંડમાં ચાલી ગઈ.

સુરસુંદરી: “વીરવર! સૂર્યદેવ ભુવનમાં જે કિરણ નાંખે છે તે પાછાં લઈ લેતો નથી, પણ આપે મ્હને જે આશા આપી હતી, તે આશા આ વખતે હરી લઈ બહુ દુઃખી કરી છે. શું પુરુષોની લીલા આવી હશે? શું આ દેવપૃથ્વી પાપથી પરિપૂર્ણ થઇ ગઇ? શું તેમાં સુખનો લેશ માત્ર અંશ રહ્યો નથી? શું સુખની આશા રાખવી એ મૂર્ખતાનું લક્ષણ છે? જેઓ ઇશ્વરના પરમ ધાર્મિક અને ચતુર છે તેઓજ ધર્મ મહાત્મ્યનું ગાન કરી સુખ લાભ મેળવે છે, સિવાય બીજા લોક દુઃખ ભોગી આત્મ હત્યારા અને પાપ માર્ગે ચાલનારા છે. ભગવાન અમને પૃથ્વીમાં મોકલી સારા નરસાની પરીક્ષા લે છે. ઇશ્વિરે અમને ધર્મા ધર્મ બંને કરવાને માટે ક્ષમતા આપી છે. મૂર્ખ લોકને દમવા માટે અને ચતુરનો આદર કરવા માટે મનુષ્ય આવી બંને વૃત્તિના અધિકારી છે. જેઓ ચતુર હોય છે તેઓ બંનેની આવશ્યકતા સમજી લે છે, અને જેઓ મૂર્ખ છે તે એમાંનું કંઇ સમજી શકતા નથી. આ વાત મૂર્ખ લોકોને ખરેખર વિમોહિત કરે છે. તેઓ ક્ષણ માત્ર પણ પરિણામની ચિન્તા કરતા નથી. પોતાની મનોવાસના પૂર્ણ કરવી એજ પ્રધાન કાર્ય સમજે છે. સ્વકાર્ય સાધવા માટે ધર્મને માથે નિરંતર પગ મુક્યાં કરે છે. પરપીડન, પરધન હરણ, પરદારાગમન, વિશ્વાસઘાત, છળપ્રપંચ, બોલવામાં કપટ ચાતુરી વિગેરે તેનાં નિત્ય વ્રત હોય છે, પણ અનંત ચક્ષુ ભગવાન તે દુરાત્માનું દુષ્કાર્ય જોઇ તેને દંડ દેવા એક ક્ષણ વિલંબ કરતો નથી. વૃક્ષને ફળ આવ્યા પછી તેનો માલિક તેને ભોગવે છે એ વાત નિશ્ચય. તેમનાં કરેલાં કૃતકાર્યનો ફળ ભોગ અન્ય ભોગવશે નહિ એ દૃઢ સિદ્ધાંત. આમ હોવા છતાં પાપી માનવનું મન સમજતું નથી. પગલે પગલે ક્ષણે ક્ષણે અસંખ્ય નરનારી પોતપોતાના પાપનું ફળ ભોગવે છે. પાપી રસના, રોગનાશક કટુ ઔષધ ખાય નહિ, પરંતુ રોગવર્ધક વસ્તુ ખાવા માટે લાળ નાંખ્યા કરે, કાન હરિકથા સાંભળવા માટે



નિરૂત્સાહી બને પણ દુષ્ટ વાર્તા સાંભળવા માટે સતત ઉત્સુક રહે, એ કેવી વિચિત્રતા! એ કેવો ભયાનક બનાવ! આવી ગતિનું અવલોકન કરી કોઇ જ્ઞાની કહી ગયો છે કે: “માનવ, આંખો હોવા છતાં દેખતું નથી, અને જ્ઞાન હોવા છતાં હિતાહિત સમજતું નથી. આ શું દારૂણ દુઃખની વાત નથી?” કેટલાક અજ્ઞાની લોકો સુવર્ણ માક્ષિક લઇ સુવર્ણનો અનાદર કરે છે, કાચના કટકા લઇ હીરાને દૂર ફેંકી દે છે. એટલા માટેજ ઇશ્વિરે અમને આપાત મનોહર માયા આપી સંતોષી બનાવી છે. જો કોઈ માનવી કોઈને ચ્હાય તો ઇશ્વિર પ્રથમ તેને ધમકાવે છે, પછી ભય દેખાડે છે, ત્યાર પછી દુઃખ દે છે, છતાં પણ તે તેને ના છોડે તો આખરે શિક્ષા કરે છે, છતાંય તેને છોડે નહિ તો તે જીતી જાય છે. દયામય ઇશ્વિર તેને અભય વરદાન આપી મસ્તકે હાથ મુકી સુખ સંપત્તિ આપે છે.”

રણધીર: “સુંદરી! મ્હારા માટે સમગ્ર પુરુષ જાતિને દોષ દેશો માં. પૃથ્વી પરના તમામ પુરુષો કંઈ એવા હોતા નથી. તમારો કારાગારથી ઉદ્ધાર કરી શક્યો નથી એથી મ્હને દુઃખ થાય છે અને લજ્જા પામું છું. હું તે દિવસે પ્રાણ આપવા તૈયાર થયો હતો, પરંતુ અવદશામાં ઘેરાવાથી પ્રતિજ્ઞા સફળ કરી શક્યો નહિ તે તમે જાણો છો.”

સુરસુંદરી: “તે હું જાણું છું, પરંતુ આટલા દિવસ સુધી આ આપની દાસીને વિસ્મૃત કરી તેજ પરમ દુઃખની વાત.”

રણધીર: “લોકો કહે છે કે વર્ષા સિવાય અન્ય ઋતુમાં વાદળી વિજળીને ત્યજી દે છે, પરંતુ તે વાસ્તવિક નથી. વર્ષાકાળમાં વાદળી ચપળાને અંતર બહાર રાખે અને અન્ય ઋતુમાં અંતરમાં ગુંથી રાખે છે. તેજ પ્રમાણે આ હૃદયપટમાં તમારી અમૃત ભરી મૂર્તિ દૃઢ રૂપે અંકિત છે.”

સુરસુંદરી: “સારી વાત. આ જગતમાં પુરુષો જેવા ખુશામદખોર કોઈ નથી.”

રણધીર: “પરંતુ રમણીઓ જો ખુશામદને આધીન ના હોત તો તે પુરૂષોનું આવું દુર્નામ વહન કરી શકત નહિ. ભલે ગમે તેમ હો પણ તમારી પ્રિય સખી ચંદ્રિકાને ધન્યવાદ આપું છું. તેણે મ્હને યુક્તિથી ગુપ્તદ્વાર

ઉઘાડી આ સ્થળે આણ્યો છે. તે ઉપરથી કહું છું કે તે બુદ્ધિશાળી ને ચતુર છે. વળી સારા ભાગ્યની વાત એ છે કે પાપાત્મા ભીષ્માચાર્ય કેદમાં છે. જો તમારી મરજી હોય તો આજેજ તમને આ કારાગારથી મુક્ત કરૂં."

આ પ્રમાણે વાતચિત ચાલતી હતી એ અરસામાં અકસ્માત ભીષ્માચાર્ય ત્રણ પહેરેગીરોને સાથે લઈ ગુપ્ત દ્વાર ઉઘાડી અંદર આવ્યો કે તરતજ તેણે રણધીરને દીઠો. તેને જોઈ લાલચોળ આંખો કરી ભવાં ચઢાવી બોલ્યો: "રણધીર! હવે ભગવતી દાક્ષાયણીના આશીર્વાદથી ભીષ્માચાર્ય શત્રુ કરમાં કેદી થઇ રહેવાનો નથી; પરંતુ ત્હારો છુટકો થવાનો નથી. તું કોની હિમ્મતથી શિયાળ હોવા છતાં સિંહની બોડમાં પેસે છે? મનમાં તો મ્હોટી આશા હશે કે ભીષ્માચાર્ય કેદી છે, માટે સુરસુંદરીનો ઉદ્ધાર કરી બહાદુરી બતાવું પણ હવે આ જગતમાં ત્હારી બધી બહાદુરીનો અંત આવશે. પહેરેગીરો! શું તમે મ્હારો પગાર નથી ખાતા? શા માટે તમે આ પાપીને મ્હારા આવાસમાં દાખલ થવા દીધો?"

હાથ જોડી પહેરેગીર બોલ્યો: "અમે તમામ પોતપોતાના દ્વાર પર ઉભા રહી દ્વાર રક્ષા કરીએ છીએ. ધર્મના સમ લઇ કહીએ છીએ કે એ શી રીતે દાખલ થયો તે અમે જાણતા નથી."

પૂર્ણ ક્રોધમાં આવેલો ભીષ્માચાર્ય બોલ્યો: "ઠીક, લે, પાપીનો પ્રાણ લે."

હિમ્મત રાખી વનકેશરી પેઠે રણધીર બૂમ પાડી બોલ્યો: "પાખંડી! ત્હારા સેંકડો પહેરેગીરો હોવા છતાં આજે ત્હારો છુટકો થવાનો નથી. ત્હારૂં મુખ ભાંગી સુરસુંદરીનો ઉદ્ધાર કરીશ."

ભીષ્માચાર્ય: "પ્રથમ ત્હારા માથાનું રક્ષણ કરી પછી બીજાનો ઉદ્ધાર કર. પહેરેગીરો! તમે હજી કેમ આ દુરાચારીનું માથું કાપી નાંખતા નથી? જે એનું એક ઝટકે માથું કાપી નાંખશે તેને હજાર મુદ્ર. ઇનામ આપીશ."

રણધીર: "ત્હને જો પ્રાણ ગુમાવ્યાનો ભય લાગતો હોય તો નાસી જા, નહિ તો રણધીરની પાસેથી તું આજે જીવતો જવાનો નથી." એમ બોલી રણધીર ત્રણે પહેરેગીરો સાથે ઘોર યુદ્ધ કરવા લાગ્યો.



આ તકનો લાભ લઇ ભીષ્માચાર્યે છલંગ મારી અને બાજુએ ઉભેલી સુરસુંદરીનો ચોટલો પકડી બોલ્યો: "પાપિણી! આવ, ત્હારો ભવાનીને ભોગ આપું."

સુરસુંદરી: "પાપાત્મા! છોડ, છોડ, ત્હારા પાપી હાથ મ્હને લગાડતો ના. ત્હારા દુષ્ટ હાથના સ્પર્શથી મ્હારો દેહ અપવિત્ર થાય છે. તું સાક્ષાત પિશાચનો અવતાર છે. તું સાધુનો વેશ ધારણ કરી, ગુરૂ નામની ઉપાધિ વ્હોરી સરલા અબળાને શા માટે સતાવે છે? છોડ મ્હારા કેશ, મ્હારૂં મસ્તક દુઃખે છે. મ્હારા વાળ ઉપડી જાય છે. ત્હેં ઘણા દિવસ મ્હને દુઃખ દીધું, છતાં હજી મ્હારો પીછો છોડતો નથી. તું કંઠમાં રૂદ્રાક્ષ ધારણ કરી લોકોને છેતરી મુજ જેવી કુમારી, માતાપિતા વગરની અવિવાહિતા કન્યાને વિના અપરાધે શા માટે સતાવે છે? મુક પાપી! ત્હારા કાળા હાથથી મ્હારો પવિત્ર ઉજ્વળ દેહ કલંકિત થાય છે. મ્હારા પિતા બલેન્દ્રસિંહ હોત તો તું આટલો ફાટી જાત? પેલા મુવા મલહરે રાજ્યાકાંક્ષાથી ત્હને ફટવ્યો છે, પણ હું અબળાને ત્રાસ આપ્યાથી ત્હારો દી વળવાનો નથી. તું વૃદ્ધ થયો છતાં સમજતો નથી. ત્હારા જેવા ડૉળી, વેશધારી, ધૂર્ત સાધુડાઓએ આ પૃથ્વીનો મહિમા ઘટાડયો છે. ત્હેં નાહક મ્હને કેદી બનાવી રાખી મૂકી છે. રાખી મૂકી તો ભલે, પણ મ્હારો ભવાનીને ભોગ આપવો છે? તું નથી જાણતો કે તે પ્રભુ સતી કલ્યાણિ—સદૈવ સતી, સરલાઓને સહાય કરે છે. અરે દુષ્ટ! મ્હારા કેશ હજી છોડ, નહિ તો મા ભવાની ત્હારો ભોગ લેશે. તું પાપી દેશ ખોવા બેઠો છે. ત્હારા છળ કપટથી અને કાવત્રાંથી દેશની પ્રજા હેરાન હેરાન થઈ પાયમાલ થવા બેઠી છે. હજી કહું છું કે જો તું ભલું ચ્હાતો હોઉં તો છોડ, નહિ તો આખરે ત્હારા લોહીથી આ પવિત્ર પૃથ્વી અપવિત્ર થશે."

સુરસુંદરીએ આટલું કહ્યું છતાં ભીષ્માચાર્ય તેનો અનાદર કરી ત્રાસ આપી હાથ પકડી ઘસડી ગયો, અને પહેરેગીરોને કહેતો ગયો કે, એ ચોર રણધીરને મારી, ટુકડા કરી પ્હાડ પર ભુંડોને નાંખી દેજો!"

બીજી બાજુએ ત્રણ પહેરેગીરો અને રણધીરસિંહ વચ્ચે માર ઝપાઝપી ચાલી રહી હતી, એટલામાં એક વીર વટેમાર્ગુ હુંકારા સાંભળી અંદર દાખલ

થયો, તેણે આવું યુદ્ધ જોઈ કહ્યું: “ સબુર, સબુર. ”

પહેરેગીર: “ તું કોણ છે ? ”

વીર: “ હું જે છું તે છું. તમે યુદ્ધ બંધ રાખો. તમે ત્રણને એ એક, એ તો ખરેખરો અન્યાય.”

બીજો પહેરેગીર ડોળા ફેરવી બોલ્યો: “ ત્હારી સલાહની જરૂર નથી. ”

વીર: “ ભલે આવ. અમે બે ને તમે ત્રણ. તમને મારવા અને ઉંદરને મારવા એ સરખું છે. ” એમ બોલી એકે ફટકે ત્રણેને ઉડાવી દીધા.

રણધીર: “ આપે પેલી ગંભીર રાત્રિએ પેલા ગહન વનમાં મ્હારૂં રક્ષણ કર્યું હતું અને આજ આ વખતે આ કાળના હાથથી મ્હારો બચાવ કર્યો. તેનો બદલો અનેક જન્મ સુધી મ્હારાથી વળી શકવાનો નથી. ”

વીર: “ ઠાકોર ! તે વાત પછી કરજો, હમણાં તો ચાલો, ચાલ્યા જઈએ. જો બીજા પહેરેગીરોને ખબર પડશે તો વળી પંચાત થશે. ”

રણધીર: “ આપ મ્હારા પ્રાણ રક્ષક છો. આપની આજ્ઞા શિરોધાર્ય પણ આપે મ્હને બે વખત બચાવ્યો માટે આપનું નામ ઠામ મ્હારે જાણવું જોઇએ. જો હરકત ન હોય તો જણાવવા કૃપા કરશો. ”

વીર: “ અત્યારે તેની કંઈ જરૂર નથી. વખત આવે બધું જણાશે. હાલ તો આપણે અહીંથી એકદમ રવાના થવું જોઇએ. ”

## પ્રકરણ ૨૬ મું.

### વિચિત્ર દુર્ગ પર હલ્લો અને અનુપકુમારીનું ઓળખાણ.

મલહરસિંહ પોતાના કુટુંબ સાથે આ વિચિત્ર દુર્ગમાંજ રહેતો હતો. આ દુર્ગ એક ઉંચી ટેકરી પર હતો, તેની ચોગરદમ મ્હોટા મ્હોટા કાળા પહાણનો કિલ્લો હતો. તે કિલ્લામાં પેસવાનો માત્ર એક સાંકડો દરવાજો હતો. આ દરવાજાની સ્હામી બાજુએ વિતસ્તાનો એક ફાંટો છે, તે આગળ જતાં લક્ષ્મીખાળને મળતો હતો. તેના પર



એક ન્હાની બારી હતી, પરંતુ તે બારીનો ઉપયોગ ખાસ પોતે મલહરસિંહ જ કરતો. આ કિલ્લો અગમ્ય અને અભેદ હતો. પ્રથમ જ્યારે જ્યારે વિદેશી રાજાઓ ચઢી આવતા, ત્યારે આખો દેશ જીત્યા પછી વિરાંગ નગરમાંના વિચિત્ર દુર્ગને સર કરવા ઘણી યુક્તિઓ કરતા, દારૂ ગોળો છોડતા, છતાં પણ પાછા હઠી જતા હતા, ને તે કિલ્લો તે સરદારનાજ કબજામાં રહેવા દેતા. કિલ્લામાં કેટલોક દારૂ ગોળો તથા હથિઆર રહેતાં, તે જ્યારે રાજ્યને જરૂર પડે ત્યારે ઉપયોગમાં લેતા, પણ આ વખતે તો રાજ્યની સર્વ મિલકતનો માલિક સરદાર જ થઈ બેઠો હતો. સરદાર મલહરસિંહ કારાગારથી છુટયા પછી હજાર કવાયદી અને એક હજાર જંગલી પહાડી લોકોને કિલ્લાની અંદર એકઠા કરી રાખ્યા હતા, અને પોતે ચોક્કસ વિચાર કરી બેઠો હતો કે ગમે તેમ થાઓ, જીવ જાઓ, તો પણ આ કિલ્લો દુશ્મનને હાથ આવવા દેવો નહિ. આ કિલ્લો જેવો મજબુત હતો તેવોજ રળીઆમણો હતો. તેની અંદર હજારો મ્હોટાં મ્હોટાં તાડ, તમાલ, ચિનાર વગેરે વૃક્ષો હતાં, તેથી તે લીલોછંમ દેખાતો હતો.

આ કિલ્લો સર કરવાના હેતુથી શિખરાજ રણજીતસિંહે પોતાની છાવણી નજીકના મેદાન પર નાંખી હતી, અને સેનાપતિ દિવાનચંદને કિલ્લો તોડવાનો હુકમ આપ્યો હતો. તેથી તેણે પોતાના તાબાનું લશ્કર લઈ એકદમ હલ્લો કર્યો હતો. પણ સરદાર મલહરસિંહને ખબર પડી જવાથી, દરવાજો બંધ કરી રક્ષણ માટે બંદોબસ્ત કરી દીધો હતો. લડાઈ લાગલાગટ બે દિવસ પૂરજોરમાં ચાલતી હતી. આ વખતે રણજીતસિંહ પોતાના તંબુમાં બેઠો બેઠો હુકો ગગડાવતાં વિચારમાં તલ્લીન થઈ બોલતો હતો: “ જે રણજીત આ તરવારના બળથી સમગ્ર પંચનદ-પંજાબનું રાજ્ય કરે છે, જે રણજીતે રાજનીતિ-કુશળતાથી દુર્દાંત શિખ સરદારો વગેરેને પગ તળે કચડી નાંખ્યા છે, જે રણજીત ચતુર ચૂડામણિ ઇંગ્રેજ લોકો તરફ નજર નાંખતો નથી, તેની સાથે આજે એક સામાન્ય મલહરસિંહ ઉભો થયો છે ! કેવો કાળ ! કેવો ખેલ ! ખરી વાત છે, મલહરે અપૂર્વ ઉપાયથી કારાગારમાંથી નાસી છુટી મ્હારી આંખોમાં ધૂળ નાંખી છે, છતાં પણ હું તેનો પ્રાણ

બચાવત, પણ હવે તેનો છુટકો થવાનો નથી. આ તરવાર નિશ્ચય તેનું લોહી પીશે. કાયર મલહર, હવે તું કેટલા દિવસ વિચિત્ર દુર્ગનું રક્ષણ કરશે ? ભારત મહાસાગરનાં પ્રબળ તરંગ આગળ પથ્થરનો સેતુ ક્યાં સુધી રહેશે ? કાશ્મીરના સમગ્ર હિન્દુને શૂરાતન ચઢ્યું છે. સર્વે જાતીય સ્વતંત્રતાની પુનઃ પ્રાપ્તિ માટે હાથમાં તરવાર પકડી ઉભા છે, પરંતુ હું કહું છું કે આ ભારતમાં હિન્દુનો સુખ-સૂર્ય હમેશને માટે અસ્ત પામ્યો છે. જે દિવસે કુરૂક્ષેત્રના સમરક્ષેત્રમાં આર્યકુળભૂષણ પૃથુરાજ મહમદ ઘોરીના હાથથી કેદી બન્યો તે દિવસથી જ હિન્દુ જાતિની સ્વતંત્રતાનો દીપક હમેશને માટે ઓલવાયો છે! જે મુસલમાનોના હુમલાઓથી ભારત હાલ બેહાલ થઇ ગયું છે, તેમના અત્યાચારથી ભારતની સુખ-નિશા જતી રહી છે, પણ તેવા મુસલમાનો આજ નથી. આજે તો તે મુસલમાનો આળસુ અને વિલાસી બની ગયા છે! વિલાસીતા એ સ્વતંત્રતાનો પરમ શત્રુ છે! વળી હું કહું છું, કે હિન્દુઓના સુખનો સૂર્ય અસ્ત થયો છે. રણજીતની આ તરવાર એક તરફ કાબુલ, કંદહાર, તિબેટ, તાતાર તાબે કરી, શિખરાજ-પતાકા મૃદુ હિલ્લોળે ઉડાવે છે, ને બીજી તરફ ચતુર ચૂડામણી ઇંગ્રેજ જાતિ ભારતનો બાકી રહેલો ભાગ જીતે છે. હિન્દુઓની આશા મૃગજળ જેવી છે! જે ઠેકાણે ધર્મ ભેદ તે ઠેકાણે પડતી ! જ્યાં સુધી રણજીત જીવતો રહેશે ત્યાં સુધી કોઇ જાતિની તાકાત નથી કે રણજીતસિંહના હાથમાંથી ત્હેનું એક કડકો રાજ્ય મેળવી શકે."

દેશના અસ્તોદયની આલોચના કરવામાં મહારાજ રણજીતસિંહ ગરક બની રહ્યા હતા એટલામાં દિવાનચંદે આવી સલામ કરી. તેમણે દિવાનચંદને ત્વરાથી પુછ્યુંઃ " કેમ કંઇ ખબર ? "

દિવાનઃ " કંઇ સારી ખબર નથી. એ વિચિત્ર દુર્ગ અભેદ્ય છે. ક્રમાગત બે દિવસથી અહોરાત્રિ ગોળાનો વર્ષાદ વરસાવીએ છીએ, પરંતુ એક પણ ઠેકાણે બાકોરૂં પડતું નથી."

રણજીતઃ " દુર્ગમાં કેટલું સૈન્ય છે તે જાણવામાં છે ? "

દિવાનઃ " ખાત્રિપૂર્વક કહી શકતો નથી, પણ સાંભળવામાં આવ્યું છે કે દશ હજાર કરતાં વધારે છે. "



રણજીતઃ " સેનાપતિ ! મલહર કેટલા દિવસ સુધી એ દશ હજાર સૈન્ય લઇ દુર્ગમાં રહેશે ? "

દિવાનઃ " તે કેમ કહી શકાય ? હવે શું કરવું ? "

રણજીતઃ " એમને એમ ગોળા માર્યા કરો. લઢાઈ બિલકુલ બંધ પાડશો માં. મલહર કેટલા દિવસ શરણે આવ્યા વગર દુર્ગમાં રહેશે ? ખોરાક અને ગોળા ખુટી જશે ત્યારે શરણે આવ્યા વગર તેનો અન્ય ઉપાય નથી."

દિવાનઃ "પરંતુ એ લોકો એવા દૃઢ નિશ્ચય પર આવ્યા છે કે તેઓ અનાહારે મરશે તોપણ શરણે નહિ આવે."

રણજીતઃ " એમ સમજવામાં તમારી ભૂલ છે. ખોરાક ખૂટ્યા પછી લશ્કરી લોકો અનાહારે મરશે નહિ, તેઓ પ્રાણ બચાવવા માટે અવશ્ય દુર્ગ તાબે કરી દેશે."

દિવાનઃ " સંધિ કરવા વિચાર છે ? "

રણજીતઃ " સંધિ ? સંધિ શા માટે ? કાશ્મીરની રાજધાની સર કર્યા વગર સંધિ ? શું હું સંધિ કરવા માટે આટલા દૂર દેશમાં આવી કાશ્મીરને નર રક્તથી પ્લાવિત કરૂં છું ? દિગ્વિજયની જેને વાસના છે, તે શું સંધિનું નામ સાંભળશે ? વળી સંધિ કરવી તે કોની સાથે ? મલહર શું કાશ્મીરનો અધિપતિ છે ? તે માત્ર એક ધનવાન સરદાર. તેની સાથે રણજીતસિંહ સંધિ કરશે ? તમે જાઓ, જ્યાં સુધી મલહર શરણે ના આવે ત્યાં સુધી એક ક્ષણ વાર પણ ગોળા ફેંકતાં પાછા હઠશો નહિ. બસ જાઓ. ગોળાનો વરસાદ વરસાવો. "

આવો તાકીદનો હુકમ સાંભળી " જેવી આજ્ઞા. " બોલી દિવાનચંદ કામ પર ચાલ્યો ગયો.

દિવાનચંદના રવાને થયા પછી મહારાજા રણજીતસિંહ તંબુમાં એકલા હોવાથી વિચાર કરવા લાગ્યાઃ " જગતમાં જો પુરૂષો સાહસ અને પરાક્રમથી ભૂષિત તથા રાજનીતિ કુશળ હોય તો તેને આ જગતમાં કંઈ પણ અસાધ્ય નથી. સાંભળ્યું છે કે ચતુર ચુડામણી લૉર્ડ ક્લાઇવ આવોજ ભાગ્યવાન પુરુષ હતો. તે વિજાતિ હોવા છતાં તેને એક પરાક્રમી યોદ્ધો જાણી સહસ્ત્ર

વાર માન આપવું ઘટિત છે. રણજીતને જો કલાઇત્ર જેવો એક સોબતી હોત તો ખાત્રિથી માનવું કે ભારત તો શું પણ આખા જગત પર તે જય મેળવી તાબે કરત." એ સમયે કુમાર ખડગસિંહ એક ધોળી ધ્વજા પકડેલા દૂતને લઈ તંબુમાં હાજર થઈ પ્રણામ કરી બોલ્યો: "વિચિત્ર દુર્ગથી મલહરસિંહનો દૂત આવ્યો છે."

ધોળી ધ્વજા હાથમાં જોઇ રણજીત બોલ્યો: "સંધિ માટે?"

ખડગસિંહ: "આજ્ઞા હા."

રણજીત: "દૂત! ત્હારા માલિકનો શો અભિપ્રાય છે?"

દૂત: "સરદાર મલહરસિંહે મ્હને જાહેર કરવા મોકલ્યો છે, કે મહારાજ રણજીતસિંહે યુદ્ધથી નિવૃત થવું. સરદાર મલહરસિંહ આ યુદ્ધના ખર્ચ માટે પચાસ લાખ સીક્કા આપવા ખુશી છે, અને દરેક વર્ષ ખંડણી તરીકે બસો કાશ્મીરી શાલ અને દશ લાખ સીક્કા વગર માગણીએ આપવા ઇચ્છા બતાવે છે."

રણજીત: "હું કાશ્મીર દેશ પર સદૈવને માટે શિખધ્વજા ઉરાડવા સૈન્ય લઈ આ સ્થળે આવ્યો છું. સંધિની ઇચ્છાથી આટલું જોખમ વ્હોરી અહિં આવ્યો નથી."

દૂત: "સરદાર મલહરસિંહ આ પ્રશ્નનો એવો ઉત્તર આપે છે, કે જો શિખરાજ સંધિ કરવા માટે નાકબુલ હોય તો, તેમને કાશ્મીર પર રાજ્ય સત્તા ભોગવવી મુશ્કેલ પડશે. કાશ્મીરનો પ્રત્યેક હિન્દુ, પ્રસંગ પર અવશ્ય હાથમાં તરવાર પકડી શિખરાજને ઉચિત શિક્ષા કરશે."

રણજીત: "હું આવો ઉત્તર સાંભળી બિલકુલ ડરતો નથી. હું હમેશને માટે નિડર રહું છું. કાશ્મીરના સમસ્ત હિન્દુઓ ઐક્ય કરીને રણજીત વિરૂદ્ધ તરવાર પકડી આવ્યા હતા, તેઓ હમણાં ક્યાં છે? તમારા માલિકને કહો કે, સ્વતંત્રતાને માટે તમામ લોકો સહેજમાં ઝનુન પર આવી યુદ્ધે ચઢવા તૈયાર થાય ખરા, પરંતુ જગદીશ્વરે જેના પગમાં પરાધિનતાની બેડીઓ નાંખી છે, તેઓ હજાર યુક્તિઓ કરે, તોપણ કવખતે સ્વતંત્રતા મેળવશે નહિ. રણજીત જ્યાં સુધી જીવતો હશે, ત્યાં સુધી મલહરસિંહ, સહસ્ત્ર વાર



સહસ્ત્ર યુક્તિઓ કરે, તોપણ જાતિય-સ્વતંત્રતા મેળવી શકશે નહિ."

દૂત: "સરદાર મલહરસિંહ, એ વાતનો જવાબ એવો આપે છે કે, જો શિખરાજ સહજ સમજાવ્યા છતાં સંધિ કરવા ખુશી ન હોય, તો તેમણે એટલું તો નક્કી સમજી મૂકવું કે વિચિત્ર દુર્ગ તેમને હાથ આવવાનો નથી. હવે હું જવાની રજા માગું છું."

દૂતના ગયા પછી ખડગસિંહે નમ્રતાપૂર્વક હાથ જોડી વિનંતી કરી કે: "મહારાજ! દૂત તરફથી એવી બાતમી મળી છે, કે શ્રીનગરના કેટલાક લોકો નાસી ગયેલા સૈન્યને એકઠું કરી આપણી પાછળ હુમલો કરવાનો ઇરાદો રાખે છે."

રણજીત: "બેટા! રાજ્યની પ્રજા સ્વતંત્રતા મેળવવા ઝનુને ચઢી છે, તે પ્રજા સહજમાં વશ થઈ શકે નહિ. તમે આ વખતે દશ હજાર કાટીઆવંડ, પહાડી લોક તથા તિવાણ ઘોડેસ્વારોનું સૈન્ય લઈ શ્રીનગર પર ચઢો, અને રાજધાનીમાં જઇ જાહેર કરો કે, જે પ્રજા શિખ સૈન્ય વિરૂદ્ધ તરવાર પકડશે, તેના વંશનું યુદ્ધ સમાપ્ત થયા પછી નિકંદન કરવામાં આવશે. એક પણ માણસને જીવતો રાખવામાં આવશે નહિ."

આ હુકમ સાંભળી ખડગસિંહ નિર્મિત કરેલું સૈન્ય લઈ યથાકાળે શ્રીનગર પર ચઢયો.

ધોકળસિંહ: "મહારાજ! આપણે લહેનાસિંહ, હરિસિંહ અને મોતીરામને પણ વિરાંગ નગરના પૂર્વ ભાગ પર હલ્લો કરવા પરવાનગી આપવી જોઇએ, કારણ કે આજ એક બાતમીદારથી એવું સાંભળવામાં આવ્યું છે કે સરદાર દુર્જયસિંહે, ગુરૂ ભીષ્માચાર્યની પ્રેરણાથી પહાડી લોકોને કુમાર ખડગસિંહ તથા મિશ્ર દિવાનચંદ પર તીર અને પથ્થરનો વર્ષાદ વરસાવવા ઉશ્કેર્યા છે. જો આ પ્રમાણે થશે તો ઘણી ખરાબી થશે."

રણજીત: "ભાઈ! હું સારી રીતે સમજું છું કે એ ઝનુની લોકો પોતાનો હાથ ચાલશે ત્યાં લગી વિચિત્ર દુર્ગ ભેદવા દેવાના નથી; પણ એટલાથીજ આપણે બેસી રહ્યા નથી. આ દેશ ધીરજથી જીતાય એવો છે. ઉતાવળનું કામ નથી, છતાં તમને જો યોગ્ય લાગતું હોય તો તેમને તૈયાર

થવા આજ્ઞા આપો; અને જમાદાર ખુશાલસિંહ, ખુદાયારખાં અને બારમીસલના જાગીરદારોને જરૂર પડે, પાછળ જવા તૈયાર રહેવા કહેજો.”

ધોકળસિંહ: “ વારૂ મહારાજ. આજ્ઞા પ્રમાણે અમલ કરી દઇશ. જો વિચિત્ર દુર્ગ તોપોના ગોળાથી ભેદાય તો કોઈ સરદાર ઉભો રહેવાનો નથી. મ્હારા ધાર્યા પ્રમાણે તેઓ નાસી છુટવાનાજ. ”

રણજીત: “ ગુરૂ ગોવિંદ કૃપા કરે ને તેમ થાય. અહા ! કાશ્મીરવાસી હિન્દુઓ સ્વતંત્રતાને માટે માર્યા માર્યા ફરે છે. પરંતુ કેવું આશ્ચર્ય ! એઓ નથી સમજતા કે આ પ્રમાણે કરવાથી સ્વતંત્રતા પ્રાપ્ત થવાની નથી. જ્યારે પ્રત્યેક કાશ્મીરનિવાસીની નસે નસમાં સ્વતંત્રતાનું લોહી વહેશે, જ્યારે પ્રાણને અસાર સમજી તેઓ જન્મભૂમિના ઉદ્ધાર માટે બલી આપવા તૈયાર થશે, જ્યારે વીરવૃન્દથી જન્મભૂમિ ભૂષિત થશે, ત્યારે એક દિવસ એ આશા સફળ થવાનો પ્રસંગ આવશે. નહિ તો જેના દેહમાં બળ નથી, સમાજમાં ઐક્ય નથી, ઘરમાં અન્ન નથી, દાસત્વને જેણે સાર રૂપ માન્યું છે એવી એ જાતિ સો વર્ષ સુધી મથે તોપણ દી વળવાનો નથી. ”

રણજીતસિંહ આ પ્રમાણે વાતોમાં ગુંથાયા હતા એટલામાં એક વીરે ત્યાં પ્રવેશ કર્યો. ધર્મસિંહ અનુપકુમારીને વીરનો વેશ લેવરાવી, પોતાની પાસે જે નિશાનીઓ હતી તે આપી તેને શિખરાજની છાવણી તરફ મોકલી. પુરૂષવેશી અનુપકુમારી છાવણીની પાસેના એક વૃક્ષ તળે છુપી રીતે બેઠી હતી, એટલામાં સૈન્ય પૈકીના બે સિપાઇઓએ તેને પકડી લઈ મહારાજ રણજીતસિંહ પાસે ઉભી કરી, અને જાહેર કર્યું કે: “આ અસ્ત્રધારી તરૂણ, પ્રધાન સેનાપતિના તંબુની પાછળ એક વૃક્ષ નીચે છુપાઈ બેઠો હતો, તેને મહારાજની રૂબરૂ રજુ કરીએ છીએ.”

રણજીત: “ તું કોણ છે ? ”

વીર: “ ખરી વાત કહીશ તોપણ આપ મ્હને શત્રુપક્ષનો માનશો. ”

રણજીત: “હું સમજું છું કે તું બડો ચતુર જણાય છે. ત્હારૂં અંગ ચામડાના જભ્ભાથી ઢાંકેલું છે, પાસે હથીઆર છે, તું શત્રુપક્ષનો દૂત નહિ તો કોણ ? કેમ તું તંબુની પાછળ ભરાઇ રહ્યો હતો ? ત્હારે શું મતલબ હતી ? ”



વીર: “મ્હારે કંઇ મતલબ નહોતી. હું વૃક્ષ તળે બેસી માત્ર વિશ્રામ કરતો હતો. ”

રણજીત: “ જો પ્રાણની આશા રાખતો હોય તો ખરી વાત બોલ, નહિ તો લશ્કરી નિયમ પ્રમાણે ત્હને શી શિક્ષા કરવામાં આવશે તે તું જાણે છે ? ”

વીર: “ મ્હેં મ્હારા જન્મમાં લશ્કરી શિક્ષા જાણી નથી, દીઠી નથી અને ભોગવી પણ નથી. લશ્કરી નિયમ હું જાણતો નથી.”

રણજીત: “ મ્હારી સામે કપટ ? તું શત્રુપક્ષનો ગુપ્ત દૂત છે. ત્હને મોતની શિક્ષા કરવી ઘટે છે.”

વીર: “ ખરી વાત કહું છું, આપના શત્રુપક્ષ સાથે મ્હારે કંઇ સંબંધ નથી. ”

રણજીત: “વળી બીજી વાર જુઠું બોલે છે ? ત્હારો હવે છુટકો થવાનો નથી. બોલ તું કોણ છે ? ”

વીર: “હું શ્રીનગરથી આવું છું. લડાઈ સંબંધી હું કંઈ જાણતો નથી. ”

રણજીત: “ રે પાપી ! ત્હારૂં માથું એક ઝટકે કાપી નાંખું છું. ” એમ કહી હાથમાં તરવાર લીધી.

વીર: “ મહારાજ ! કાપશો નહિ, કાપશો નહિ, બોલું છું, બોલું છું. ”

રણ: “ બોલ તું કોણ છે ? ”

વીરે કૃત્રિમ ગોપ અને ચામડાનો જભ્ભો કહાડી નાંખી કહ્યું: “જુઓ, મહારાજ હું કોણ ? ”

સાનંદાશ્ચર્યમાં પડી રણજીતસિંહ: “ આ શું ! તું રમણી ! કન્યા ! તું વીરના વેશમાં કેમ હતી ? ”

એના જવાબમાં પોતાની છાતીમાં છુપાવેલી સુવર્ણ ડબ્બી બહાર કહાડી રણજીતસિંહના હાથમાં આપી કહ્યું: “ મહારાજ ! આ જોઇ સમજો કે હું કોણ છું. ”

રણજીતસિંહે, સુવર્ણ ડબ્બી ઉઘાડી. તેમાંના કેશ તથા વીંટી જોઇ આશ્ચર્ય પામી કહ્યું: “ આ શું ? હા ! વિવાહ–રાત્રિએ પ્રાણેશ્વરી હિંગન-

કુમારીની આંગળીએ આ વીંટી પહેરાવી હતી. આજ દશ બાર વર્ષ થયાં તે પ્રાણેશ્વરીની કંઇ ખબર મળી નથી. ઉઃ હૃદયનો ઓલવાયલો શોકાગ્નિ આજે હૃદયમાં બળે છે. ”

રણજીતને આવી દશામાં પડેલો જોઇ વીર તરુણ વિચારમાં પડયો કેઃ “આ વળી શું ? શિખરાજ દિલગીર કેમ થયા ? આવું પરાક્રમ, આવું ઝનુન, આવો કરપ જેનામાં હતો તે એક સામાન્ય વીંટી અને કેશ જોઇ કેમ શિથિલ બની ગયા ? કેવો વિચિત્ર ચમત્કાર ! મ્હારાથી કંઈ સમજી શકાતું નથી. વીર પુરૂષોનું હૃદય પાષાણથી ઘડેલું હોય છે. તેઓને પોતાના પ્રાણની પણ દરકાર હોતી નથી. હસતે મુખે હજારો લોકોના પ્રાણ હરે છે. એવા તેમના કઠોર હૃદયને કોમળ બનાવી દે એવી આ જગતમાં કઇ વસ્તુ છે ? ”

રણજીતસિંહે આશ્ચર્ય પામી પૂછયુંઃ “ત્હને આ વીંટી અને કેશ કયાંથી મળ્યા ? ”

વીરઃ “ વિચિત્ર નિવાસના એક વૃદ્ધ નોકર ધર્મસિંહે મ્હને આપ્યા છે.”

રણઃ “ ધર્મસિંહ ? તે હજી જીવતો છે ? ”

વીરઃ “ જી, હા. ”

રણઃ “ તું કોણ છે ? ”

વીરઃ “ ધર્મસિંહ કહેતા હતા કે આ વીંટી અને કેશ જેના છે, તેની હું અભાગી કન્યા છું. મ્હારૂં નામ અનુપકુમારી. ”

રણઃ “ ઓઃ તું તેની અભાગી કન્યા ? ” હાથમાં પકડેલી તરવાર દૂર ફેંકી દઇ બોલ્યોઃ “ આજે હું ખરેખર પાપના ખાડામાં પડતો હતો. પોતાને હાથે પોતાની કન્યાનો પ્રાણ વધ કરતો હતો. બેટા, અનુપકુમારી ! તું અભાગી નથી, હુંજ અભાગી છું. હુંજ તારો પાપીષ્ટ પિતા—”

ચોધાર પડતાં આંસુએ રડતી અનુપકુમારી એકદમ બોલી ઉઠીઃ “પિતા ! પિતા ! પિતા ! મ્હારી મા કયાં છે ? ”

ગદ ગદ કંઠે કપોળ પર પ્રસ્વેદના મોતીઓ છુટી ગયેલે ચહેરે હાથ પસારી કેવળ નમ્રપણે રણજીતસિંહે ઉત્તર દીધો કેઃ “ કાષ્ટ સળગાવી દીધા



પછી અંગારા થયા પછી તે અંગારામાં બીજી વાર કાષ્ટ હોમવાથી એવડી જવાળા પેદા થાય છે, તેજ પ્રમાણે આજ મ્હારા શોકાનળથી સળગતા હૃદયમાં ત્હારા શબ્દરૂપી કાષ્ટથી જવાળા ઉત્પન્ન થાય છે. પ્રિયતમા હિંગનકુમારીના શોકથી એક સમય મ્હારૂં હૃદય સળગી ઉઠયું હતું, અને આજે વળી વ્યાકુળ કરે છે. સમય જતાં વાત વિસારે પડી હતી, પણ પાછી વેદના ઉત્પન્ન થઇ. અરે ! તેજ વજ્ર ઘા ફરીથી થયો ! હિંગનકુમારી હયાત નથી તે વાત અનપ અદ્યાપિ સુધી જાણતી નથી. મ્હારાથી તે વાત બોલી શકાતી નથી પરંતુ હું હવે ધૈર્ય રાખી શકતો નથી. મ્હારા હૃદયમાં હજારો વીંછીના દંશની વેદના થાય છે. ઉઃ શી વેદના ! અનુપ ! ઉતાવળી થતી નહિ. થોડા સમયમાં વિચિત્ર નિવાસ જીત્યા પછી વૃદ્ધ ધર્મસિંહની પાસેથી બધી બાબત જાણવામાં આવશે. ”

રણજીતસિંહ આ પ્રમાણે અનુપના મનનું શાન્ત્વન કરતા હતા, એટલામાં કુમાર ખડગસિંહે પ્રણામ કરી જાહેર કર્યું કેઃ “ શ્રીનગરની સમસ્ત પ્રજાને જાહેર કર્યું કે જો કોઈ પણ મનુષ્ય કોઈ પણ રીતે શિખરાજની વિરૂદ્ધ આચરણ કરશે, તો તેના વંશજ સહિત તેને ગરદન મારવા વિલંબ કરવામાં નહિ આવે. ”

તેજ સમયે વિચિત્ર દુર્ગ પર મોકલેલા સેનાપતિ મિશ્ર દિવાનચંદ, તથા પાછળ કુમકે મોકલેલા સરદાર સેનાપતિ હરિસિંહ અને મોતીરામે હાજર થઇ સલામ કરી જાહેર કર્યું કેઃ “ દુર્ગ તોડી નાંખ્યો છે. સરદાર મલહરસિંહ વગેરે ગુપ્ત માર્ગે થઇ ન્હાસી ગયા છે, અને દુર્ગમાં એકઠું મળેલું સૈન્ય પણ કબૂતરોના વૃંદની પેઠે ફરરર નાસી ગયું છે. લહેનાસિંહ વગેરે વિરંગ નગરના પૂર્વ ભાગ પર ચઢયા હતા, તેમણે પણ ભારે જંગ મચાવી હિન્દુ પ્રજાને પાછી હઠાવી નગરમાં પ્રવેશ કરી પા કલાક સુધી લૂંટ કરી શિખરાજની આણ વર્તાવી છે. મહારાજ શિખરાજનો જય થયો છે. જય, ગુરૂ ગોવિંદની જય. ”

શોકાનળથી બળતા મહારાજા રણજીતસિંહ એ ખબર સાંભળી એકદમ પ્રફુલ્લ થઇ ગયા અને બોલ્યાઃ “ મ્હારા દોસ્તો ! ભાઇઓ ! તમે ગુરૂ

ગોવિંદના પ્રતાપથી અસહ્ય દુઃખ વેઠીને આખરે જય મેળવ્યો છે અને દેવતાઓને દુર્લભ કાશ્મીર દેશને તમે જીતી લઈ ત્યાં શિખધ્વજા ઉડાવી છે તેને માટે તમને સર્વને માન ઘટે છે. જાઓ, ભાઈઓ ! આરામ કરી થાક નિવૃત્ત થાઓ.”

હર્ષમાં આવેલો રણજીતસિંહ બોલ્યો: “બેટા અનુપ ! ચાલ, ત્હને ત્હારા ભાઇ ખડગસિંહ પાસે લઇ જાઉં. આજ મ્હારા પરમ સૌભાગ્યનો દિવસ છે કે ત્હારા જેવું ગુમાવેલું કન્યારત્ન અને કાશ્મીર દેશ મ્હને પુનઃ પ્રાપ્ત થયાં. હું યોદ્ધો છું, પરંતુ કાશ્મીર જીત્યાથી જેટલો આનંદ થતો નથી, તેના કરતાં હજાર ગણો આનંદ બેટા ત્હને જોઇને થયો છે. ત્હારૂં નિષ્કલંક મુખ હું દેખીશ એવી આશા મ્હને સ્વપ્નમાં પણ નહોતી. ચાલ બેટા, ખાનગી તંબુમાં ત્હારા ભાઇ પાસે જઇએ.”

## પ્રકરણ ૨૭ મું.

### છાવણી નજીકની કુંજ.

સૂર્યદેવ મસ્તકોપરી થયો હતો. મધ્યાહ્નનો સમય જાણી પશુ, પક્ષી અને માનવી પોતપોતાના આશ્રમે વિશ્રામ લેતાં હતાં. વિતસ્તાના વહેળકાનું પાણી પણ શાન્ત પડયું હતું. વહેળકાની બંને બાજુએ તટસ્થ સ્હામસ્હામે ઉભેલાં ગંજાવર વૃક્ષ એક બીજાની સાથે બપોરના વિરામનો સમય જાણી શાખાઓરૂપી કર લાંબા કરી રામ રામ કરતાં ભેટી રહ્યાં હતાં ! વૃક્ષોની ડાળીઓની ગુફાઓમાં ભરાઈ ગયેલી લીલી, પીળી, લાલ અને ખાખી રંગની પચરંગી ચકલીઓ એક પણ ઉચ્ચાર કર્યા વગર ફક્ત પાંખો ફફડાવતી હતી. વાનરો પણ પોતાનાં પુંછ નીચે લટકતાં રાખી ડાળીઓ પર બેસી બચ્ચાંને રમાડતાં હતાં અને કેટલાંક ગુપચુપ બેસી રહ્યાં હતાં. માત્ર વહેળકાના જળમાં દષ્ટિ કરતાં ભગવાન સૂર્ય નારાયણ વૃક્ષોના



ઉપર થઈને અસ્તાચળ તરફ જવા ગતિ કરતો જણાતો હતો. વહેળકાનું પાણી વૃક્ષોની વિશાળ ડાળીઓની ઘટાથી લીલુછંમ દેખાતું હતું. તેમાં વળી કોઈ કોઈ જાતના કમળના વેલા પુષ્પ સાથે જળ પર પથરાઈ ગયેલા હતા. કમળપુષ્પ પર બેઠેલા ભ્રમરો પણ શાન્ત દેખાતા હતા. વખત જતાં પવન વાવા લાગ્યો, તેથી વૃક્ષો પર બેઠેલાં પશુ પંખીઓ કલ્લોલ કરી ઉઠયાં અને આખું કુંજ વન સુગંધથી ધમધમી રહ્યું. એકદમ કલરવથી, પવનના સુસવાડાથી ઘાડી ઝાડીવાળું કુંજ વન ગાજી ઉઠયું. વન ગાજી ઉઠયું કે તરતજ વિરહાનળ સહન નહિ થઈ શકવાથી શાન્તિ માટે વહેળકા આગળ પથ્થરની છાટ પર શબાસને સુતેલી અનુપકુમારી જાગી ઉઠી બોલી: “પ્રેમને કોણ પ્યારો કહે? તેનામાં આટલી બધી જ્વાળા ! જગતમાં એના જેવી બીજી એકે જ્વાળા નથી ! હું હતી અનાથ–કૃષકબાળા, પણ હવે શિખરાજ તનયા કહેવાઇશ. મ્હારા ભાગ્ય આડેથી પાંદડું ઉડી ગયું, પણ દુઃખ ક્યાં જાય છે? મ્હારૂં દુઃખ કોણ સમજશે? હું વનેવન ફરતી, વનફળ ખાતી, વનફુલની માળા ગુંથી પહેરતી, વન–લતાનો વિવાહ કરી વખત કહાડતી. મનમાં કોઈ જાતના દુઃખની જ્વાળા નહોતી, પરંતુ જે દિવસની તે ગંભીર રાત્રિએ ગહન વનમાં વીરવર રણધીરે મ્હને લૂંટારાઓના હાથથી બચાવી રક્ષણ કર્યું, તે દિવસ–તે મુહૂર્ત્તથી મ્હારા શૂન્ય હૃદય પર પાષાણનો ભાર પડયો છે ! રણધીર–મ્હારો રણધીર–તે મોહન વેશથી–પળે પળે ધીરજ આપી મ્હને અભયદાન દેતો, ત્યારે તેણે આ વખતે મ્હારા હૃદય પર કેમ પાષાણ ભાર ભર્યો ? એ પ્રેમીને પાષાણ ભાર નાંખતા નડત થઈ નહિ, પણ મ્હારો તો પ્રાણ જાય છે ! હા ! તેજ રણધીર, જ્યારે પર્ણકુટીથી વિદાય થયા તે વખતે સ્વર્ગીય સુખમાં મ્હારૂં મન લોભાવી ધીરે ધીરે ચાલતા જતા હતા. તે દિવસ ! હા ! તે દિવસ શું હવે પાછો આવશે ? રણધીર જેમ જેમ ધીરે ધીરે આંખથી દૂર થતો ગયો, તેમ તેમ તે પ્રેમ–પાષાણ–ભાર મ્હારા હૃદય પર આપતો ગયો ! રણધીર–તેજ રણધીર, હવે કોનો ? મ્હારો ? ના. વીરવેશથી પરીક્ષા કરી જોતાં માલમ પડી આવ્યું કે રણધીર કેવળ મ્હારો નથી, પણ રણધીર પરનો છે. રણધીરને શું નહિ મળાય ? જો ન મળાય

એમ હોય તો તે રણધીરે મ્હારા સરળ મનમાં કેમ પ્રેમની છાપ .મારી ? જો હું તેની આવી દશા જાણુતી હોત તો મ્હારા મનથી તેની સાથે લગ્ન કરત નહિ. હશે, મ્હારા ભાગ્યમાં માંડયું હશે તે થશે. ઇશ્વિર લાજ રાખશે ! પ્રભુ ! મ્હારા સુખની પનાઈ ડુબાવશો નહિ. હું તો વિરહ વિકારમાં ડુબવા સુખસાગરને તટે ઉભી છું."

અનુપને આ સ્થળેજ રહેવા દઇ આપણે રણધીરની ખબર લઈએ. બાતમી મેળવવા મોકલેલો રણધીરસિંહ કંઇક ભેદ મળવાની સંભાવનાથી હરિ પર્વતના કિલ્લા પર ચઢયો. આ પર્વત તદ્દન કાળો શાહી રંગનો છે, તેના પર ઝાડ પણ ઓછાં અને આછાં આછાં છે. હરિ પર્વતનો કિલ્લો મ્હોટા મ્હોટા કાળા પથ્થર ગોઠવી ઢગલાના આકારનો બનાવેલો છે. આ કિલ્લો ઘણો ઉંચો છે, પણ શંકરાચાર્યના શિખરથી સહજ ન્હાનો ખરો. જ્યારે રાજ્ય પર આફ્ત આવતી અને કોઇ પરદેશી રાજા ચઢી આવતો, ત્યારે દેશનો રાજા પોતાના કુટુંબ પરિવારને આ કિલ્લામાં મોકલી દેતો; કારણ કે આ કિલ્લો સર કરવા દુશ્મનોનો કારગજ લાગતો નહિ. કિલ્લા પર ચઢવાનો ઢાળ એવો છાતીભેર છે કે એક માણસને ચઢતાં બહુ વખત જતો ત્યાં પછી હજારો માણસોની તો વાતજ શી ? આ કિલ્લામાં અનાજના કોઠાર ભરી રાખ-વામાં આવતા. તે કોઠારનું અનાજ જ્યારે આફ્ત આવતી ત્યારેજ રાજ્ય તરફથી રૈયતને આપવામાં આવતું. રાજકુટુંબને રહેવા માટે એક સાધારણ મકાન બાંધવામાં આવેલું હતું, તે દેખાવમાં તો સાધારણ હતું પણ ઘણું વિશાળ હતું. રાજા કોઇ વખત રસાલા સાથે રહેવા ઇચ્છા કરે તો તેમાં રહી શકે તેટલી સગવડ હતી. પાણીની પણ અડચણ પડે તેમ નહતું. કારણ કે એક મ્હોટા શિખર પરથી ગરતા બરફનું સજીવ ઝરણ હમેશાં વહેતું રહેતું હતું, તે ઝરણ એક પથ્થરના કુંડ જેવા સરોવરમાં ભરાઈ બહાર વહી જતું હતું. આ કિલ્લાના દરવાજા આગળ એક દેવીમંદિર બાંધી તેમાં દુર્ગાની સ્થાપના કરેલી હતી. દુર્ગા માતાની માનતા ઘણીજ ચાલતી. આજે પણ લોકો તેને સિંદુર અને શ્રીફળ ચઢાવી આવતા. દુર્ગાની પુજા કરવા માટે રાજ્ય તરફથી એક પુજારી રહેતો હતો, તે અને દરવાજાનો એક દરવાન



એ સિવાય અન્ય માનવી એ સ્થળે પરવાનગી વગર જઇ શકતું નહિ. પણ રણધીરસિંહ ધીમે ધીમે જાત્રાળુને વેશે દુર્ગાના મંદિર પાસે આવ્યો, તે વખતે માત્ર એક દરવાન હાજર હતો, તેણે રણધીરને પુછ્યું: " ક્યાંથી આવે છે ? " તેણે જવાબ દીધો કે હિન્દુસ્તાનથી. "

દરવાનઃ " કેમ અહીં આવ્યો છે ?

રણધીરઃ " જાત્રા માટે. દુર્ગાનાં દર્શન કરવા માટે. ભાઇ ! સંધ્યાકાળ થવા આવી છે, જો તમારી આજ્ઞા હોય તો રાત વાસો કરી પ્રભાતમાં શ્રી દુર્ગાનાં દર્શન કરી ચાલ્યો જાઉં. "

દરવાને એને સભ્ય માનવી જાણી કહ્યું: "ભલા, પ્રભાતે જજે." દરવાને ચલમ કહાડી તંબાકુ ભરી રણધીરના આગળ ધરી એટલે તેણે બે દમ લગાવી દરવાનના હાથમાં એક મુદ્રા મુકી દીધી. મુદ્રા જોઇને દરવાન ઘણોજ ખુશી થયો અને ખુશીથી રાત્રિએ તેની સાથે વાતચિત કરી વિશ્રાન્તિ આપી, વાતમાંથી તેને માલૂમ પડયું કે, કિલ્લામાં હાલ કોઇ નથી. હમણાં રાજ્યમાં અંધાધુંધી ચાલે છે અને મ્હારા સાંભળવામાં આવ્યું છે કે પંજાબના કોઈ શિખ રાજા રણજીતસિંહે દેશ જીતી કબ્જે કર્યો છે અને રાજ્યનો રાજા પેશાવર છોડી ન્હાસી ગયો છે, પણ મલ્લહરરિ.હ નામનો એક સરદાર રણ-જીતસિંહ સાથે લઢે છે. "

રણઃ "મ્હારા સાંભળવામાં પણ તમે કહો છો તેમજ આવ્યું છે. હવે તમને પગાર કોણ આપશે ? "

દરવાને અરધી ગુજરાતી અને અરધી હિંદુસ્તાની ભાષામાં કહ્યું: "જો રાજા થતો આવશે વો વેતન દેગા. નહિ દેતો તેને છુપ્પા કોઠાર નહિ બતાવું તો નહિ, પણ કિલ્લા પર ચઢવા પણ નહિ દેઉં, તેમજ કિલ્લા પરથી ઉતરી જવાના કેટલાક છુપ્પા માર્ગ હે, તે પણ તેને નહિ બતાવું. આ કિલ્લામાં એવા છુપ્પા માર્ગ છે કે તેમાં થઇને છેક તળેટીમાં કોઇ દેખે નહિ તેમ ચાલ્યું જવાય છે. "

રણઃ " ત્યારે કિલ્લાની તમામ કુંચી તમારા હાથમાંજ છે, તો તમને વેતન આપ્યા વગર રાજાનો છુટકોજ નહિ. તમે મ્હારી ઘણી બરદાસ્ત કરી

છે, તમે જો આ વખતે આશ્રય ન આપ્યો હોત તો બહુ અસુરૂં થઈ ગયું હતું, તેથી મ્હારાથી નીચે ઉતરી શકાત નહિ, ને જો ઉતરત તો મ્હને કોઇ જંગલી પ્રાણી ખરેખર મારી નાંખત ! મ્હે એટલાજ માટે આ તરવાર મ્હારી પાસે રાખી મુકી છે. મ્હને બરોબર વાપરતાં તો નથી આવડતી, પણ મ્હારૂં રક્ષણ કરવામાં પાછો ન પડું, પહાણ ! તમે મ્હને કિલ્લો બતાવશો કે નહિ ? ”

દરઃ “ બેલાશક. જાત્રાળુ વિદેશીને છુપી રીતે બતાવવાની હરકત નથી, તેમાં તમે તો મ્હારા દોસ્ત છો. તમારે કોઇને વાત ન કરવી. સુબ-હકો સબ બતા દઉંગા. ”

રણઃ “ વારૂ, કિલ્લો જોઈ હું મ્હારે ચાલ્યો જઇશ. હવે હું તો સુઈ જાઉં છું. ”

પ્રભાત થતાં રણધીર ઉઠયો એટલે દરવાને કિલ્લાની અંદર લઈ જઈ તમામ ગુપ્ત કોઠાર તથા છુપા માર્ગ પૈકીના કેટલાક માર્ગ બતાવ્યા, પછી દરવાજા પર આવી કેટલાક ફળ ખાવા સારૂ આપ્યાં, રણધીરસિંહે ફળ ખાઇ, પાણી પી, દરવાનના હાથમાં બે મુદ્રા મુકી, દરવાન તો બહુજ ખુશી થઈ ગયો ને તેને ઠેઠ તળેટીમાં પહોંચાડી આવવા કહ્યું.

રણઃ “ બહુ સારૂં, મ્હને તળેટીમાં પહોંચાડી પાછા ફરજો. ”

રણધીરે પોતાને કંઇ વાતનો પત્તો નહિ લાગવાથી ચાલવાનો વિચાર કરી દુર્ગા માતાના મંદિરમાં આવ્યો. આ વખતે પુજારી સુઈ રહ્યો હતો.

દુર્ગવાસિની સાક્ષાત દુર્ગાનું દર્શન કરી ત્યાં એક મુદ્રા મૂકી હાથ જોડી તે સ્તુતિ કરવા લાગ્યોઃ “ મા ! હર મોહિની ! દુર્ગે દુર્ગતિ હારિણિ ! આદ્યા શક્તિ, આપના ચરણમાં મ્હારા સાષ્ટાંગ પ્રણામ છે. મા ! અંબાલિકે ! મ્હારૂં રક્ષણ કરજો. મા, શિવા ! મ્હારી મનોવાંચ્છા પૂર્ણ કરજો. હું દૂર દેશથી આવેલો આપનો સેવક વિમુખ થઇ પાછો ન જાઉં. મા ! કલ્યાણી ! આપે દેવતાઓની આશા પૂર્ણ કરી છે, પણ હું તો માનવી છું. દેવતાઓના કરતાં મ્હારી આશા ઘણી અલ્પ છે. દક્ષજા ! મ્હારાં દુઃખ ટાળજો. આપ અંતરજામી છો, તેથી મ્હારા મનની વાત જાણો છો, માટે વખત આવે મદદે ચઢજો.”



સ્તુતિ કરી રહ્યા પછી રણધીર પેલા દરવાન સાથે ચાલ્યો, દરવાને તેને તળેટીમાં પહોંચાડી દીધો, એટલે તેણે એક છુપી જગાએ બાંધી મુકેલા પોતાના ઘોડા પર બેસી વિરાંગ નગરના કુંજ વન તરફ શિખરાજની છાવ-ણીએ જવા માર્ગ લીધો, પણ ઘોડો તરસ્યો થવાથી કુંજના વહેળકા પર ગયો. આ વખતે અનુપકુમારીને શિલા પર લમણે હાથ દઈ બેઠેલી જોઈ મનમાં બોલ્યોઃ “ આ શું ? હું તો સમજ્યો કે પ્રેતપ્રભા, પણ આતો પેલી પ્રાણ પ્રતિમા અનુપકુમારી ! આહા ! શું કુંજમાં અજવાળું કરી રહી છે. સુંદરી ! તમે કેમ અહિં આવ્યાં છો ? ”

અનુપઃ “ આપને શોધવા માટે. ”

રણઃ “ મ્હારા સદ્‌ભાગ્યની વાત કે તમારા જેવી દેવભૂષણથી ભૂષિતા રમણી રત્ન મ્હારા જેવા અભાગીની શોધમાં ફરે છે. ”

અનુપઃ “ વીરવર ! જગતમાં એવી કોઈ ભાષા નથી, અને તે ભાષામાં એવો કોઈ શબ્દ નથી, કે જેના વડે મ્હારા મનનો ભાવ આપને જણાવી શકું. હું કૃષકબાળા છું, અને આપ વીર છો. આપનાં આવં વાકયથી મ્હને લાજ આવે છે. વારૂ, ભલે તેમ, પણ આટલા દિવસ સુધી આપ પર-માનંદમાં હતા ? ”

રણઃ “ સુંદરી ! આ જગતમાં જે આનંદ છે તે આજ સુધી જાણ્યો નથી. આટલા દિવસ કેવળ તમારાં રૂપ નિધાન વદનનું ધ્યાન કરી કાળ કહાડયો છે. ”

અનુપઃ “ ભારત વિદિતા રૂપવતી સુરસુંદરીએ આપના નવીન હૃદયને નવીન સુખ દીધું નથી ? ”

રણઃ “ સુરસુંદરી—સુરસુંદરી, હા, કારાગારમાંથી તેનો ઉદ્ધાર કરવાને ઉદ્યોગ કર્યો હતો ખરો, પરંતુ—પરંતુ—”

અનુપઃ “ અને પ્રેતપ્રભા ? ગુણવતી પ્રેતપ્રભાના અનુપ રૂપથી આપનાં નયન ઝાંખાં થયાં નથી ? ”

રણઃ “ પ્રેતપ્રભા ! ખરે તેને શિખરાજના તંબુમાં દીઠી હતી, પરંતુ–”

અનુપઃ “સુરપ્રભાને ? તેણે શું આપના હૃદયને ચલાયમાન નથી કર્યું ? ”

આ વાત સાંભળી રણધીરસિંહ વિચારમાં પડી ગયો કેઃ "આ સર્વ વૃત્તાન્ત અનુપને શી રીતે માલુમ પડ્યો ?"

રણધીરને જવાબ દેતાં વાર લાગવાથી અનુપકુમારી બોલી ઉઠીઃ "વીરવર, કેમ ચુપ રહ્યા ?"

રણઃ "સુંદરી ! હું આ તરવારને સ્પર્શ કરી કહું છું કે, મ્હારૂં મન કોઈ વખત તમારાથી ક્ષણ માત્ર દૂર થયું નથી. શરદની રાત્રિએ આકાશમાં દેખાતી ઉજ્જવળ તારિણીઓ નયનને ખેંચે ખરી, પણ શરદ ચંદ્રનો ઉદય થાય એટલે તેના તરફ દૃષ્ટિ જાયજ નહિ. એક વાત પુછું છું કે તમે આ બધી વાત શી રીતે જાણી ?"

અનુપઃ "ભાગ્ય બળથી હું દરેક વખતે આપની સાથે ને સાથેજ હતી."

આ વાત સાંભળી રણધીર ચુપ થઈ ગયો અને વિચારમાં પડી ગયો અને મનમાં બોલ્યોઃ "આ શી વાત ? મ્હારી સાથેને સાથે ? કંઈ સમજી શકાતું નથી." રણધીરે કહ્યુંઃ "સુંદરી ! મશ્કરી કરો છો ?"

અનુપઃ "મશ્કરી નથી. મનમાં વિચારો. પેલા ગહન વનમાં આપ પૃથ્વી પર પડેલા હતા ? પ્રેમને માટે જીંદગીનું દાન આપવા તત્પર થયા હતા ? વળી વિચારો, પેલા ભીષ્માચાર્યના આવાસે સુરસુંદરીનો ઉદ્ધાર કરવા સારૂ ગયા હતા, તે વખતે પહેરેગીરો સાથે યુદ્ધ થયું હતું ? એ સર્વ યાદ લાવો."

રણધીર સ્વગત વિચારમાં પડ્યો "તે વટેમાર્ગુ, તે વીર શું અનુપકુમારીના પ્રેમી અને તેના હૃદયનું સ્થાન હશે ? તેણે શું બધી વાત એને કહી હશે ? ના–ના. એ ખરી વાત નથી. એ તો પરમ પવિત્ર સરલા સતી છે." તેણે પૂછ્યુંઃ "સુંદરી ! તમારૂં કંઈ અજાણ્યું નથી, તમે શું વીરવેશે આ દાસને બે વાર મૃત્યુના મુખમાંથી બચાવ્યો હતો ?"

અનુપઃ "હા, રક્ષણ કર્યું હતું ખરૂં, પરંતુ પોતાના જાણીને રક્ષણ કર્યું હતું. હમણાં જાણ્યું કે આપ તો પરના પ્રાણ છો."

રણઃ "હું આ તરવારના સોગન ખાઈ કહું છું કે કદી હું અન્ય રમણીના સારૂ જીવ આપવા તૈયાર થયો હઈશ, પણ તમારૂં આ સહાસ્ય



વદન એક ઘડી પણ ભૂલ્યો નથી. તમે વીર વેશથી જાણી શક્યાં હશો કે તમારે માટે મ્હારૂં મન દિલગીર રહેતું કે નહિ? તમે મ્હારા પ્રાણ રક્ષક છો. તમારો બદલો હું સો જન્મે પણ વાળી શકું તેમ નથી. આ તરવાર તમારા ચરણમાં અર્પણ કરી, આ જીંદગી તમને વેચું છું. સુરપ્રભા, પ્રેતપ્રભા, સુરસુંદરી એ સર્વને મ્હારા હૃદયથી દૂર કરૂં છું. હવે બોલો કે તમે મ્હારાં ?"

અનુપઃ "હું દુખીઆરી કૃષક બાળા છું અને આપ વીર–રાજા—"

રણઃ તમે કૃષક બાળા છો ખરાં, પણ તમારૂં સાહસ, તમારી ક્ષમતા વીરબાળા કરતાં પણ અધિક છે. જે દિવસે તમે વનમાં લૂંટારાઓના હાથમાં પડ્યાં હતાં, તે મુર્ચ્છા અવસ્થાનો ભાવ યાદ કરૂં છું ત્યારે જણાય છે કે તે અનુપકુમારી તમે નહિ. સૂર્યનાં કિરણ જળકણ મિશ્રિત થવાથી જેમ નયન રંજન મેઘધનુનો ઉદય થાય છે, તેમ તમારો સરળતામય સ્વભાવ અને વીરત્વ એકત્ર મિશ્રિત થવાથી વિચિત્ર સૌંદર્ય પ્રકાશે છે. વળી બીજી વાર કહું છું કે હું આ જીંદગી તમારા ચરણમાં અર્પણ કરૂં છું. જો તમે કૃપા નહિ કરો તો આ તરવાર હમણાં મ્હારી જીંદગીનો અંત આણશે."

અનુપઃ "વીરવર ! આપ મ્હને કૃષક બાળા જાણી અળગા રહેશો નહિ, બીજી વાત એ છે કે મ્હારે મ્હારા પિતાની અનુમતિ લીધા વગર છુટકો નથી."

રણધીરઃ "તમારા પિતા પેલા ઉદાર હૃદય શિવદયાળસિંહ, હું ધારૂં છું કે કોઈ વખત અમત થશે નહિ. હું આજેજ તેમની પાસે જવા ઈચ્છા રાખું છું."

અનુપઃ "તેમની પાસે જવું બ્યર્થ છે. તે તો મ્હારા પાળક પિતા છે."

રણઃ "એમ કેમ ? ત્યારે તમારા સાચા પિતા કોણ ?"

અનુપઃ "મહારાજ રણજીતસિંહ."

રણઃ "મહારાજ રણજીતસિંહ ? કેવી વિચિત્ર વાત ! ત્યારે તમે આટલા દિવસ કૃષક વાસમાં કેમ હતાં ? ક્યાં લાહોર ? ક્યાં કાસ્મીર ? ક્યાં રાજમહેલ ? ક્યાં પર્ણકુટી ? ક્યાં ચક્રવર્ત્તી રાજ ? ક્યાં કૃષક ? એમાં શું રહસ્ય છે તે હું સમજી શકતો નથી."

અનુપઃ "હું પણ તે રહસ્યના અર્થથી અજાણી છું. પિતાએ જે દિવસે વિચિત્ર દુર્ગ તાબે કર્યું, તે દિવસે એ વાતનું રહસ્ય જાણ્યું."

આ પ્રમાણે બંને જણ વાતચિત કરી રહ્યાં હતાં એટલામાં સુરપ્રભા આવી મનમાં ને મનમાં બબડવા લાગીઃ "કોણ કહે છે કે પુરૂષ રમણીનો શત્રુ? કોણ કહે છે કે પુરૂષો રમણીઓના હૃદયને જ્વાળા કરે છે? કોણ કહે છે કે પુરૂષો નિષ્ઠુરાચરણથી રમણીઓને ચિર દિન વેદનાગ્નિમાં નાંખે છે? ના, કદી નહિ. રમણીની શત્રુ રમણી! પ્રત્યેક રમણી પોતપોતાના રૂપનો અનળ કુંડ પ્રજ્જ્વલિત કરે છે, અને તેમાં પુરુષો પતંગીઆ બની કુદી પડે છે. જે રમણીનો રૂપાગ્નિ બીજીના કરતાં અધિક પ્રજ્જ્વલિત, તે રૂપાનળ પ્રિય પુરુષ પતંગવત બની તે કુંડમાં પડવા સારૂં દોડે છે. મ્હારા હૃદયનો ભંડાર, જીવનનું સાર્થક, રણધીર–મ્હારો રણધીર આજે પરનો એ શું? એ રાક્ષસી ક્યાંથી મ્હારા હૃદયાકાશના મોહનચંદ્રને વળગી? એટલું કહી તે ધીમે ધીમે આગળ પગલાં ભરવા લાગી અને બોલીઃ "આ મહારાજ રણધીસિંહનો તંબુ. એમાંથી રણધીરે શી રીતે એ ચંડાલિનીને આણી મ્હારા શ્રાદ્ધનો મંત્ર પાડે કર્યો?"

રણ૦ "સુરપ્રભા! આટલે દિવસે તો તમે બંને બ્હેનો અહિંઆં આવો, હવે તો એક થયાં."

સુરપ્રભા મનમાંજ બોલીઃ "શું! એટલા દિવસ "આપના–આપની" સાંભળતાં તે આજ "તમારાં તમે" સાંભળ્યું! જોયું, પ્રેમ તો માત્ર ચશ્માં જેવો છે. જ્યાં સુધી તે ચશ્માં પુરૂષની આંખો પર હોય છે ત્યાં સુધી. પ્રેમનાં ચશ્માં ભાગ્યાં એટલે પારકાં."

રણ૦ "સુરપ્રભા, જુઓ. આ મહારાજ રણજીતસિંહની કન્યા."

સુર૦ "શું! આ મહારાજ રણજીતસિંહની કન્યા? ના, કદી નહિ."

આ પ્રમાણે વાતો ચાલતી હતી એટલામાં રણજીતસિંહે પોતાની પુત્રીને નહિ જોવાથી તંબુ બહાર આવી કુંજમાં તપાસ કર્યો કે તરતજ સુરપ્રભાના છેલ્લા શબ્દો તેના કાન પર પડતાં તે બોલ્યાઃ "હા, સુરપ્રભા! અનુપ મ્હારી કન્યા, ખોવાયલો ભંડાર. બેટા અનુપ! સુરપ્રભાને હું કન્યા બરોબર માનું



છું. તું એને બ્હેન કહી માન આપજે." એમ કહી રણજીતે સુરપ્રભાના હાથમાં અનુપનો હાથ મૂકયો.

અનુપ સુરપ્રભાના હાથમાંથી હાથ ખેંચી લઇ મનમાં બોલીઃ "એણે શું રણધીરના હૃદયમાં વાસ કર્યો હશે? તેનો સ્પર્શ કરવાથી મ્હારૂં હૃદય કેમ બળે છે?"

સુરપ્રભા મનમાંજ બોલીઃ "આટલી વાર એ દૂર હતી, તોપણ આ રાક્ષસીને જોઇ મ્હારૂં હૃદય બળતું હતું, પણ હવે તેનો સ્પર્શ કર્યા પછી મ્હારૂં આખું શરીર બળે છે! મ્હારી રૂબરૂ એ મ્હારા હૃદયના નિધિની પાસે? એ વેદના શું સહ્ય કરી જાય?"

મહારાજ રણજીતસિંહને આવેલા જોઇ બાજુ પર ઉભેલો રણધીર બોલ્યોઃ "મહારાજ! અનુપકુમારી આપની કન્યા હશે એમ મ્હેં સ્વપ્નમાં પણ જાણ્યું નહોતું. એને મ્હેં વૃદ્ધ કૃષક શિવદયાળસિંહની પર્ણકુટીએ જોઇ હતી, પરંતુ ત્યાં એને જોઇ ત્યારેજ મ્હારા મનમાં કંઇ સંદેહ ઉત્પન્ન થયો હતો. કારણ કે આવી પરમસુંદરી ગુણવતી રમણીનો કૃષક રમણીને પેટે જન્મ થાય એ આશ્ચર્યની વાત!"

રણજીતઃ "આપ કૃષક પાસે કેમ જતા હતા?"

રણધીરઃ "અનુપકુમારીના કહેવાથી હું ત્યાં જતો આવતો હતો."

અનુપઃ "પિતા, હું એક દિવસ સંધ્યા સમયે લૂંટારાઓના સપાટામાં આવી પડી તે વખતે એમણે તે સપાટામાંથી મ્હને બચાવી હતી."

રણજીતઃ "ખરે? વીરવર! આપે મ્હારી કન્યાનો પ્રાણ બચાવ્યો હતો? આટલા દિવસ આપને કેવળ મ્હારા મિત્ર માનતો હતો, પણ હવે તો હું આપનો ઘણો આભારી બન્યોછું. આપે એક તરફ સુરપ્રભાના પ્રાણનું રક્ષણ કર્યું, અને બીજી તરફ મ્હારા નયનની કીકી અનુપની રક્ષા કરી. હું આ જન્મે આપનું ઋણ ફેડી શકવાનો નથી. અનુપ! હું પુછું છું કે લૂંટારાઓ ત્હને શી રીતે લઈ ગયા હતા? અને તેઓ કોણ હતા?"

અનુપઃ "પિતઃ! પાપીનું નામ દેવાથી મ્હને કંપારી વછુટે છે. મલહરસિંહનો પુત્ર પાપાત્મા સુંદરસિંહ પોતે ચાર લૂંટારાઓને લઇ મ્હને ઉચકી ગયા હતો."

રણજીતઃ “ શું ! પાપાત્મા સુંદરસિંહનું હૃદય આવું કાળું છે ? તેને યોગ્ય ફળ આપવું જોઇએ. ”

રણધીરઃ “ મહારાજ ! પ્રબળ પરાક્રાન્ત શિખરાજની કન્યા કાશ્મીરની કૃષકકુટીમાં ક્યાંથી આવી, તે જાણવા મનોવાસના થાય છે. ”

રણજીતઃ “ અવશ્ય, રાજકન્યાનું કૃષક વાસમાં રહેવું એ ઘણું વિચિત્ર ! પરંતુ મ્હારી અનુપ, આટલા દિવસથી કૃષક વાસમાં છે એમ મ્હારા જાણવામાં આવ્યું નહોતું. જો મ્હારા જાણવામાં આવ્યું હોત તો મ્હને આટલું કષ્ટ વેઠવું પડત નહિ. આપ તો અનુપના જીવન રક્ષક છો, માટે એ સંબંધી યત્કિંચિત ગૂઢ રહસ્ય કહેવાની હરકત નથી. આપ મ્હારા પરમ મિત્ર છો, તેમજ પરોપકારી છો. આપની પાસે કોઈ વાત છુપી રાખવાનું કારણ નથી. ચૌદ વર્ષ થયાં અનુપની માતા રાણી હિંગનકુમારીને મ્હેં ત્યજી છે. ”

રણધીરઃ “ મહારાજ ! કંઇ કારણ ? ”

રણજીતઃ “ તેનું કારણ અતિ વિચિત્ર ઘટના ! મ્હારા રણવાસની કેટલીક રમણીએ મ્હારા કાન ભંભેર્યા કે, ‘ રાણી હિંગનકુમારી, કોઈ ગુપ્ત ઇચ્છાથી મ્હારો પ્રાણ લેવાની યુક્તિ રચે છે. ’ તમામ રમણીઓએ પણ એ વાત ઉપાડી લીધી, અને તેને સમર્થન આપવાને કેટલાંક પ્રમાણ રજુ કર્યાં. મ્હેં કમભાગ્યે ક્રોધાંધ બની રાણી હિંગનકુમારીનો સખ્ત તિરસ્કાર કરી, તેને તેના પિયરમાં મોકલી દીધી. પછીથી પાંચ વર્ષ સુધી મ્હેં તેની કંઈ શોધ કરી નહિ. થોડા સમય પછી જે રમણીઓએ એ વાત મ્હારા કાનમાં નાંખી હતી, તેમનામાં પરસ્પર કુટફાટ થવાથી ખરી વાત મ્હારા કાન પર આવી કેઃ “ રાણી હિંગનકુનારી તદ્દન નિર્દોષ છે. ”

અનુપકુમારીનું હૃદય ભરાઈ આવવાથી આ વખતે તે “ ઓ મા ! ઓ મા ! ” એમ બોલી મોટેથી રડવા લાગી.

રણધીરઃ “ ત્યાર પછી ? ”

રણજીતઃ “ તે વાત સાંભળી મ્હારી છાતીમાં વજ્રઘાત થયો. વિનાપરાધે સહધર્મિણીને ત્યજવાથી મ્હારૂં હૃદય ભયાનક રીતે બળવા લાગ્યું. તેજ વખતે રાણીના પિયરમાં એક અનુચર મોકલ્યો, પરંતુ તે ઠેકાણેથી તેનો કંઇ પત્તો લાગ્યો નહિ. ”



આ વાત સાંભળી અનુપકુમારી મોકળે મોઢે “ ઓ મ્હારી મા ! મા, મા, ક્યાં ગઇ ? ” એમ કહી રડવા લાગી.

તેને આક્રંદ કરતી જોઇ રણજીતે કહ્યું: “ રડ નહિ, બેટા રડ નહિ. વિચિત્રદુર્ગથી ધર્મસિંહને બોલાવી તમામ વાત જાણીશું. ”

અનુપઃ “ મ્હારા ભાગ્યબળથી હું આજ આપને પિતા કહી બોલાવવા ભાગ્યશાળી થઈ છું, પણ મા મ્હને નહિ મળે ! આટલા દિવસ પર્ણકુટીમાં રહી સાંભળતી હતી કે મ્હારી મા જીવે છે, પણ તે ક્યાં છે તે કોઇ બતાવી શકતું નહિ. ”

રણજીતઃ “ સબુર. ધીરજ રાખ. શાન્ત થા, બેટા. ”

રણધીરઃ “ મહારાજ ! રાણી હિંગનકુમારી પર તે રમણીઓએ કેમ કલંક ચઢાવ્યું ? ”

રણજીતઃ “મ્હારી એક બીજી સ્ત્રી વસંતકુમારીની સાથે રાણી હિંગનકુમારીને વિખવાદ થયો હતો; તેથી વસંતકુમારીએ ચંદાકુંવર વગેરે બીજી રમણીઓ સાથે મળી જઇ તે રાણીને માથે કલંક ચઢાવી મ્હને વિના કારણ ગુસ્સો કરાવ્યો. વીરવર ! રાણી હિંગનકુમારીને વિના કારણે દુઃખ દઈ મ્હેં જે પાપ કર્યું છે, તે પાપનું પ્રાયશ્ચિત્ત આ જગતમાં થાય એવું નથી. ”

રણધીરઃ “ **भाग्य रेषा बलीयसि.** મનુષ્ય તો માત્ર એક કારણ રૂપ છે. કાર્યનું ફળાફળ આપનાર ઇશ્વર છે. જે રમણીએ સતી સાધ્વી રમણીને શિરે કલંક ચઢાવ્યું છે, તેને જ્યારે યોગ્ય ફળ મળશે ત્યારે આપનો શોક અવશ્ય લાઘવ થશે. ”

રણજીતઃ “ ગુરૂ ગોવિંદ કરે તે ખરૂં. વીરવર ! હવે ચાલો તંબુમાં જઇએ. આજેજ વિચિત્ર દુર્ગથી વૃદ્ધ ધર્મસિંહને બોલાવી તેના મુખથી રાણી હિંગનકુમારીનો શેષ સંવાદ સાંભળીએ. ચાલો તે તજવીજ કરીએ. વળી ચાલો, આજે આપને આપના મિત્ર દેવીસિંહની ભેટ કરાવું. ”

સુરપ્રભા તો આ વાત સાંભળી દિગ્મૂઢજ બની ગઇ હતી. તેનું હૃદય તો કંઇની કંઇ ઝંખના કરી રહ્યું હતું. તે ઝંખના બહુ વાર સુધી દાબી રાખી પણ આખરે મનમાં બોલીઃ “ જાઓ રણધીર ! બંને જણ જાઓ.

હૃદયે હૃદય અને પ્રાણે પ્રાણ મેળાવો. હું પણ જાઉં છું. અરે! મ્હારૂં આ જગતમાં, આ દેહમાં, પ્રાણ રાખવાનું શું પ્રયોજન છે? અંતઃકરણપૂર્વક જેના ચરણમાં દેહ, પ્રાણ, મન અર્પણ કર્યાં હતાં, તેણેજ આજે મ્હને હિમાલયના શિખર ઉપરથી ઉંધે મુખે નીચે નાંખી દીધી! અનુપકુમારી! દુષ્ટા! ચંડાલિની! ત્હેં ક્યાંથી આવી મ્હારા હૃદય કમળના ભ્રમરને, સર્વસ્વ ધનને પ્રેમપાશમાં લીધો? હવે આ પ્રાણ રાખીશ નહિ. સો વાર, હજાર વાર જન્મ લઇશ, પણ રણધીર પામીશ. રણધીર! તું મ્હને ભૂલી ગયો તો ભલે, હું ત્હને ભૂલી નથી, અને ભૂલીશ પણ નહિ. આજે નહિ અને હજાર જન્મે પણ નહિ. તું ત્હારા અંતરથી મ્હને અંતરે રાખીશ નહિ, ને હું મ્હારા અંતરથી ત્હારી સાથે અંતર પાડીશ નહિ. ભ્રષ્ટા! અનુપકુમારી! તું પણ જોઇશ કે મ્હારા હૃદય–કમળના ભ્રમરને મ્હારા હૃદયમાં પુરૂં છું કે નહિ."

રણધીરઃ "મહારાજ! આપની મોટી કૃપા. મ્હને બહુ દિવસથી આપને વિનંતી કરવાનો વિચાર હતો, પણ મ્હારી જીભ ઉપડતી નહોતી. વખતે મહારાજા ખફા થઇ જાય એવી ધાસ્તી લાગતી હતી."

રણજીતઃ "આપનો મિત્ર બહુ ભલો, ઉદાર હૃદય અને પરોપકારી વીર છે. મ્હેં તેને આજ સુધી જેવી સ્થિતિમાં રાખ્યો, તેવી સ્થિતિમાં તે રહ્યો છે. કોઈ વખત તેણે મ્હારી આજ્ઞા તોડી નથી. એક વખત તેણે મ્હને યાદ કર્યું હતું કે મ્હને રાજકુંવર રણધીરસિંહ સાથે મેળાપ કરાવો. તેનો જવાબ મ્હેં એવો દીધો હતો, કે યોગ્ય વખતે થઇ રહેશે. વળી તેણે પોતે મ્હને વિરાંગ નગરના સરદારો સાથે સમરક્ષેત્રમાં ચઢવા માગણી કરી હતી પણ તેમ કરવા મ્હને જરૂર પડી નહોતી, તેથી ના પાડી હતી."

રણધીરઃ "મહારાજ! તે મહા પરાક્રમી છે. કોઈ રીતે ડરે એવો નથી, પણ તેને સમયાનુસાર ચાલવાની ટેવ છે, એટલે તે જેની તેની સાથે મળી જાય છે. મ્હારૂં મન બહુ વખતથી એટલે કુમારી અનુપને શોધવા સારૂ મેં એને મોકલ્યો અને તે મ્હારાથી વિખુટો પડયો ત્યારથી તેને મળવા આતુર રહેતું. આજ ગુરૂ ગોવિંદની અને પંજાબના સિંહની કૃપાથી મેળાપ થવાની આશા રાખું છું."



રણજીતઃ "કુમાર! બેશક આપને તેમની ભેટ કરાવીશ. મ્હેં તેને એક જુદાજ તંબુમાં મુકામ આપ્યો છે. ત્યાં જતાંજ તમારો મેળાપ કરાવીશ." એમ વાત કરતાં કરતાં દેવીસિંહના તંબુ પાસે આવ્યા, એટલે પોતે રણધીરસિંહને લઇ જેવો તંબુમાં પેઠો કે તરતજ દેવીસિંહ રણધીરસિંહના પગમાં પડયો.

રણધીરસિંહે તેને હાથ પકડી ઉઠાડયો અને હૃદય સાથે લગાડી ખુશ ખબર પુછી.

દેવીસિંહઃ "કુમાર! આપની કૃપાથી મહારાજ શિખરાજે મ્હારી સારી બરદાસ્ત કરી છે."

રણજીતઃ "હું જાઉં છું. આપ બંને જણ વાતચિત કરી રહ્યા પછી મ્હારે તંબુએ આવજો."

રણધીરઃ "મહારાજની આજ્ઞા શિરોધાર્ય."

રણજીતસિંહના ગયા પછી બંને મિત્રોએ પોતપોતાના સુખદુઃખની વાતો કરી દુઃખ વિસારી, ચાલતા પ્રસંગની વાતથી માહિતગાર થઇ તેના તંબુ તરફ ગયા.

## પ્રકરણ ૨૮ મું.

### ભદ્રકાલીને ભોગ.

વિચિત્ર દુર્ગના કિલ્લામાં તોપોના ગોળાથી બાકોરૂં પડ્યા પછી શિખ સૈન્ય અંદર દાખલ થવા લાગ્યું કે, તરતજ મલહરસિંહ, પોતાના ગુરુ ભીષ્માચાર્ય અને સુંદરસિંહને સાથે લઇ પાષાણભૂવર નામની એક ગુફામાં ગુપ્ત દ્વાર ઉઘાડી ઉતરી ગયો હતો. શિખ સૈન્યે અને સેનાપતિએ તેમને ઘણા શોધ્યા, પણ તેમનો કંઈ પત્તોજ લાગ્યો નહિ. માયાવી પુરૂષની પેઠે તેઓ અદૃશ્ય થઇ ગયા. પ્રજા વર્ગને પકડી ધમકાવી,

માર મારી ઘણી રીતે સતાવી તેમની તજવીજ કરી પણ તેઓ ક્યાં અલોપ થઇ ગયા તેની ખબરજ મળી નહિ ! શિખરાજને આ ખબર આપતાં તેમણે અર્જુનસિંહને પોતાની પાસે બોલાવી પુછ્યું: " ભાઈ! અર્જુન ! આપણો જય તો થયો, પણ પેલા બળવાખોરોને કેદ કરવા સેનાપતિએ તેનો પિછો લીધો, પણ તેઓ એકદમ અદ્દશ્ય થઈ ગયા છે. તેઓ ક્યાં સંતાયા તેનો પત્તોજ લાગતો નથી. "

અર્જુનસિંહ: " મહારાજ ! મ્હને લાગે છે કે તેઓએ એજ દુર્ગમાં, પર્વતની કદણમાં એક પાષાણ–ભૂવર કર્યું છે તેમાં સંતાયા હશે. તેમાં જવાનો માર્ગ કોઈ જાણતું નથી. તેના જનાનાની ઓરતોને પણ તે માર્ગ માલમ નથી. મલહર મ્હને બે વર્ષ પર એ ભૂવરમાં કંઈ કાર્ય નિમિત્તે લઈ ગયો હતો ખરો, પણ હવે મ્હને તે રસ્તો બરોબર યાદ આવતો નથી, છતાં તે ભૂવર ક્યાં આગળ છે તે હું સારી પેઠે જાણું છું. ખાત્રિપૂર્વક તે લોકો તેમાંજ ઉતરી પડયા હશે અને કંઇક કાવત્રું રચતા હશે, માટે આપની ઇચ્છા હોય તો આપ તેની બાતમી મેળવવા ચઢો, અને પાછળ રણધીરસિંહ, દેવીસિંહ, મિશ્ર દિવાનચંદ, હરિસિંહ, લહેનાસિંહ અને જમાદાર ખુશાલસિંહ એ સર્વ, આપણને જો તે ગુફાનું દ્વાર જડે તો તે દ્વાર આગળ થોડુંક સૈન્ય લઇ ઉભા રહે, અને હું પણ તેમની સાથેજ રહીશ. "

રણજીતસિંહે કહ્યું: " હા, ચાલો, લહેનાસિંહ ! સર્વ સેનાપતિઓને મ્હારી સાથે ચઢવા આજ્ઞા કરો. હું જાઉં છું. તમે સર્વ ભાઇ જ્યાં અર્જુનસિંહ રહે ત્યાં ઉભા રહેજો, પણ સાવધ રહેજો તે હિમાલયનો અકળાયલો વરૂ છે. ચારે બાજુએ દૃષ્ટિ નાંખતા રહેજો. ગાફિલ રહેશો તો ગમે તે બીણનાં વરૂ ઘેરી લઈ પજવશે ! "

લહેનાસિંહે બે હાથ જોડી કહ્યું: " કૃપાનાથ ! ખાલસાના ખાવિંદ ! ગુરૂ કૃપાથી સાવધ છીએ. આપ સધાવો. આપની પાછળ તમામ સેનાપતિઓ સૈન્યસહ તૈયાર છે એમ સમજવું. "

" શાબાસ, ખાલસાના હજુર રક્ષક, શાબાસ ! આ છેલ્લો મોરચો છે. " રણજીતસિંહે તેને ઉશ્કેરતાં કહ્યું: " અને હું મ્હારી સાથે રણધીરસિંહ



અને દેવીસિંહને લઇ જાઉં છું. અર્જુનસિંહ અમને સ્થળ બતાવી ત્યાં ઉભા રહેશે. "

હવે જરા બીજી તરફ નજર ફેરવીએ. વિચિત્ર દુર્ગમાંથી નાસતાં નાસતાં ભીષ્માચાર્યે પોતાના એક અંગત સિપાઇને આજ્ઞા આપી કે: " સુરસુંદરીને ત્વરાથી ભૂવરમાં હાજર કરો. "

પાષાણ ભૂવરમાં ઉતરી પડી ભીષ્માચાર્ય ભદ્રકાલીના મંડપ આગળ કુશાસન પાથરી ધ્યાનનો આડંબર કરી બેઠો અને મલહરસિંહ અને સુંદરસિંહ હાથ જોડી ઉભા રહ્યા.

મલહર: " મહારાજ ! ઘણા આશ્ચર્યની વાત ! શું દેવી કરૂણા નહિ કરે ? દરેક વાતે આપણી આશાનો દીપક મંદ પડતો જાય છે. રણજીતના સૈન્યે ભારે પરાક્રમ કર્યું. અભેદ દુર્ગને ભેદ્યો ? અભેદ દુર્ગને ભેદ્યાનો આ પહેલોજ દાખલો. ઘણા રાજાઓ કાશ્મીર પર આવી ગયા, પણ વિચિત્ર દુર્ગ પર ફાવેલા નહિ. વિદેશી શિખડાઓએ ગોળાનો વર્ષાદ વરસાવ્યો. અને આખરે એક મોટી ભાગોળ જેવું બાકોરું પાડી દુર્ગમાં પેઠા. એ શું આપણને ઓછી શરમની વાત છે ! પ્રત્યેક ક્ષણે આપણી હારની નિશાનીઓ જણાય છે. ગુરો ! હજી કંઈ ઉપાય છે ? "

ભીષ્મા: " હું વારે ઘડીએ કહું છું કે આપ આટલા બધા દિલગીર કેમ થાઓ છો ? શા માટે ડરી જાઓ છો ? નિડર રહો. મહામાયા અવશ્ય કરૂણા કરશે. પૂજાની સામગ્રી સર્વ તૈયાર છે. આ વખતે નારીબલિ કરવાથી મા ભદ્રકાળી કૃપાની દ્રષ્ટિએ જોશે. મ્હેં એટલાજ માટે સુરસુંદરીને લાવવા ખબર આપી છે. "

મલહર: " દેવ ! સુરસુંદરી અનૂઢા છે, તેનું બલિદાન—"

ભીષ્મા: " આવો દોષ મનમાં લાવશો તો કોઈ વખત શુભ કર્મ સિદ્ધ થવાનું નથી. હજારો વખત નર–નારીબલિ કરવામાં આવી છે. મ્હને યાદ છે કે મ્હેં આપને એક વખત એ વાત કહી હતી. હજી પણ રાજમુકુટ ધારણ કરવાની વાસના હોય તો આપ મનનું માલિન્ય દૂર કરી માના ચરણ આગળ અંતરનું દુઃખ જણાવો. સંગ્રામમાં જય થાય એજ પ્રાર્થના કરો. "

એટલામાં સુરસુંદરીને ગુપ્ત માર્ગથી આવતી જોઈ ભીષ્માચાર્યે કહ્યું: "આવી ખરી. આવ. આજે ત્હારો જન્મ સાર્થક થશે. ભદ્રકાલીની કૃપા મેળવવા માટે આજે ત્હારૂં બલિદાન આપવાનું છે. આજે ત્હારો શુભ દિવસ! દીપોત્સવીનો દિવસ."

સુરસુંદરી: "મ્હારો ભોગ આપશે? ઓ: શા માટે? શા માટે? આચાર્ય! કેમ મ્હારો ભોગ આપશે? મ્હેં તમારા ચરણનો શો અપરાધ કર્યો છે? સરદાર મલહરસિંહ! તું મ્હારો ભોગ આપશે? આ અબળા અનાથાનો ભોગ આપવાથી ત્હને શું સુખ થશે? તું રાજ્યસિંહાસન ચ્હાય છે, તો ત્હને આવો વિચાર ક્યાંથી આવ્યો? હું રમણી—અનાથ, શું મ્હારો ભોગ આપશે? મા, ચામૂંડે! ભદ્રકાળીકે! નિરાપરાધી અબળાનું રક્તપાન કરવાથી શું તમારી તૃષા દૂર થશે? મા! દાક્ષાયનિ! તમે પણ રમણી, સતી પ્રધાના, કુમારી છો. તમે આટલાં બધાં નિર્દય કેમ થયાં મા?"

ભીષ્મા: "ચૂપ, ચૂપ, એવું બોલતી ના. ભક્તિભાવથી દેવીને પ્રણામ કર. ત્હારે હવે ફરીથી આ જગતમાં આવવું નહિ પડે." ત્હારી મુક્તિ થશે.

સુંદરસિંહે, પુષ્પ છાબ રજુ કરી. ભીષ્માચાર્યે તેમાંથી મ્હોટા મ્હોટા ગુચ્છાદાર હાર લઈ માકાલીના કંઠમાં આરોપ્યા. હાથ પર ગજરા બાંધ્યા. ચરણમાં પુષ્પ ધરાવી, આરતિ સગળાવી. સુરસુંદરીને હાર પહેરાવવા હાથમાં હાર લઈ હાથ ઉંચો કર્યો.

આ જોઈને સુરસુંદરી બોલી: "દૂર રહે! ભીષ્માચાર્ય! પાખંડી! તું મ્હારો ભોગ આપશે? ભોગ આપવા માટેજ તેં આટલા દિવસ મ્હને કારાગારમાં પૂરી રાખી હતી? મ્હારા તાપિત હૃદયનાં આશાબીજ શા માટે બાળી નાંખે છે? ધિક્ક! ત્હને સોવાર ધિક્ક! મલહર! ત્હને હજાર વખત ધિક્ક! તું ડાહ્યો ડમરો બની, આ પાખંડીની વાત સાંભળી એક અબળાનો જીવ લેવા તત્પર થયો છે? મા, ચામૂંડા! તમે મ્હારૂં રક્તપાન કરવાથી જો તુષ્ટ થતાં હો તો, લ્યો, મ્હારો પ્રાણ લ્યો. તમારા હાથમાંની તરવાર તમારે હાથે મ્હને આપો. હું મ્હારૂં શિર મ્હારે હાથેજ કાપી તમારી રક્ત પિપાસા શાન્ત કરીશ. આ જગતમાં હવે મ્હારે કંઇ આશા નથી.



મા! હું દુઃખમાં જન્મી છું, દુઃખમાં બાલ્યાવસ્થા ગાળી છે અને દુઃખમાં યૌવન મુખમાં આવી ઉભી છું. મા! ત્હેં હજી સુધી મ્હારો દુઃખનો અંત કેમ ન આણ્યો? મા, તું સતી પ્રધાના, આદ્યાશક્તિ છે. મ્હારૂં દુઃખ ટાળતી વખતે ત્હારી શક્તિ ક્યાં ગઈ? લ્યો, હવે દુઃખીઆરીનો પ્રાણ લ્યો! વ્હાલા રણધીર! પ્રાણપતિ! હું તમને મનમાં ને મનમાં પતિ માની તમારી સાથે પરણી ચુકી છું, પરંતુ તમને હવે પામવાની નથી. આ જન્મ માટે તો હું જાઉં છું. આ જગતમાં તમારા ચરણની સેવા કરવા પામી નહિ, એજ દુઃખ મ્હારા મનમાં રહી જાય છે. પાખંડી ભીષ્માચાર્ય! સાંભળ, નિશ્ચય તું મ્હારો ભોગ આપજે. મ્હારા વિલાપથી ત્હારૂં નિષ્ઠુર, પાષાણ જેવું મન કદી શાંત થવાનું નથી. આપ, તરવાર આપ, હું મ્હારે હાથેજ મ્હારૂં હૃદય ચીરી મહામાયાને રક્તપાન કરાવું!"

ભીષ્માચાર્યે પાસે ઉભેલાં મનુષ્યોને કહ્યું: "તમે વસ્ત્રથી એનું મુખ બાંધો, નહિ તો ભોગ આપવો મુશ્કેલ થઇ પડશે."

છંછેડાયલી સિંહણની પેઠે ભારે ગર્જના કરી સુરસુંદરી બોલી: "ઓ! પાપી! ઘાતકિ! હું મ્હારે હાથેજ મ્હારો ભોગ આપીશ. મ્હને છોડ—છોડ—"

ભીષ્મા: "મા! ભદ્રકાલિકે! બ્રહ્માણિ! હર પ્રિયે! દયામયિ! દયા કરો! મા! ચારે તરફ શત્રુઓએ તોપોના ગોળા ફોડી દુર્ગ તોડ્યો, છતાં પાછળ લાગુ રહ્યા છે તેવા શત્રુનો ભય હરો. વર દો! વર દો મા! સંગ્રામમાં વિજય દ્યો. હજી વખત છે. મા! જે ચંડી રૂપે મહા ચંડને સમરમાં રોળી માર્યો હતો, તે વેષે એક વાર સમર પ્રાંગણે ઉતરી શિખ વંશ નિર્વંશ કરો. હવે વિલંબ કરવાનું પ્રયોજન નથી. અરે! મનુષ્યો! તમે એને હોંશીઆરીથી પકડી માતાના ચરણ આગળ બેસાડો."

આજ્ઞા પ્રમાણે પહેરેગીરોએ બળપૂર્વક પકડી સુરસુંદરીને મંડપ મધ્યે લાવ્યા. તે વખતે તે મોટેથી રડવા લાગી.

ભીષ્મા: "શાને રડે છે? સ્થિર થા. હમણાં તું સ્વર્ગ ધામે જઇશ." એમ બોલી તેનો ભોગ આપવાની તૈયારીમાં હતો, તેવામાં અકસ્માત રણજીતસિંહ પ્રવેશ કરી બોલ્યો: "શું કરે છે? ઓ અધમ! નીચ, પાપી, ચાંડાલ!"

ભીષ્માઃ “ તું કોણ રણજીત ? પકડો, હરામખોરને પકડો. ”

મલહરઃ “ એ આવ્યો ક્યાંથી ? ”

ભીષ્માઃ “ એના આયુષ્યનો અંત આવ્યો છે. મહામાયાએ આપણને લાવી આપ્યો. ચાલો સુરસુંદરીને છોડી દ્યો. ” સુરસુંદરીને સર્વેએ છોડી દીધી કે તરતજ તે ત્યાંથી ચાલી ગઈ.

રણઃ “ તમારે મ્હને કેદ કરવો હોય તો કરો, પરંતુ હું પુછું છું કે તમે શું ચ્હાઓ છો ? ”

ભીષ્માઃ “ હરામખોરનું પરાક્રમ જુઓ. કેદી થઇને આપણને પુછે છે કે તમે શું ચ્હાઓ છો ? શું ચ્હાઇએ છીએ તે તું હમણાં જોઇશ. ત્હારા ઇષ્ટદેવ નાનકને યાદ કર. હમણાં આ મહામાયા આગળ ત્હારો ભોગ આપવાનો છે. હરામખોરને બરોબર પકડજો, જોજો નાશી ન જાય. મહારાજ મલહરસિંહ ! દીઠો, દેવીનો પ્રતાપ દીઠો. આજ આપની આશા પૂર્ણ થઇ. આજ આપ કાશ્મીરના અધિશ્વર બન્યા. જય, મહારાજ મલહરસિંહનો જય.”

સર્વ બોલી ઉઠયા કેઃ “ મહારાજ મલહરસિંહનો જય. ”

ભીષ્માઃ “ હમણાં રણજીતનો ભોગ આપી આપના કપાળે રાજ ટીકો કરી લો ! હરામખોરને બરોબર પકડીને બેસાડો. લે, હરામખોર, આ વખત યાદ કરી લે. ત્હારી રાજધાની લાહોર યાદ કરી લે. ત્હારી રાણીઓને યાદ કરી લે. ”

સર્વ મહા ખુશાલીમાં આવી ગયા, ભીષ્માચાર્ય, શિખરાજનો ભોગ આપવા તરવાર મ્યાન બહાર કરી ઉગામતો હતો, તેવામાં કેશરીની માફક રણધીરસિંહ અને દેવીસિંહે કૂદી પડી ભીષ્માચાર્યની ગરદન પકડી.

એક હાથે ગરદન પકડી રણધીરસિંહ બોલ્યોઃ “ મહારાજ ! આજ્ઞા આપો તો આ પાખંડીનું મસ્તક છેદી મ્હારા મનનો ક્ષોભ મટાડું. પાપાત્મા ! ત્હેં દેવીને નામે હજારો નિર્દોષ નરનારીનો, હજારો રંક જીવોનો, ત્હારા સ્વાર્થને ખાતર આ સ્થળે ભોગ આપ્યો છે ! ”

ભીષ્માઃ “ ના, મહારાજ ! મ્હને મારશો નહિ. મ્હને છોડી દ્યો. હું મ્હારે જાઉં છું. હવે હું કાશ્મીરમાં રહેવાનો નથી. તમારે પાયે પડું છું. મ્હને છોડી મૂકો. ”



રણજીતઃ “ વીર ! તું તો મ્હારો ભોગ આપવા ટમટમી રહ્યો હતો, તે હવે કોણ આપશે ? ”

ભીષ્માઃ “ હું કંઈ જાણતો નથી મહારાજ. એનું મૂળ આ પાજી મલહરસિંહ છે. એ હરામખોરે રાજા થવા માટે આ કાર્ય આરંભ્યું છે. મ્હને છોડી મૂકો, મારશો નહિ. મ્હને જરાક જળ પીવા દ્યો. મ્હારો જીવ જાય છે. ”

રણધીરઃ “ કેમ યાદ છે ? મહારાજના તંબુમાંથી સુરપ્રભાનું હરણ કરવા ત્હેં દૂત મોકલ્યો હતો ! કહે હવે ત્હારૂં શિર ક્યાંથી રહેવાનું ? ”

ભીષ્માઃ “ દુવાઈ મહારાજ દુવાઈ. ધર્માવતાર મહારાજ રણજીતસિંહ મ્હને બચાવો. હું દુઃખી બ્રાહ્મણ છું, બ્રાહ્મણીને બીજું કોઈ નથી મહારાજ.”

રણધીરઃ “ હત્યારા ! આ જગતમાં ત્હારા પાપી દેહને રાખવાનું કારણ નથી. તેં જે મુખે સતી રમણીઓને કુવાક્ય કહ્યાં છે, તેં જે મુખે વીર પુરૂષોની નિંદા કરી છે, તેં જે મુખે કુમંત્રણાના મંત્ર જપ્યા છે, તે ત્હારૂં પાપી મુખ દેહથી જુદું કરવું એજ વ્યાજબી છે.” એમ બોલી તેણે તરવારનો એક ફટકો માર્યો કે તરતજ તેનું શિર અને ધડ જુદાં થયાં.

રણજીતઃ “ દેવીસિંહ જાઓ, લેહનાસિંહ, હરિસિંહ અને ખુશાલસિંહ જમાદારને બોલાવી લાવો. ”

ભવાં ચઢાવી છાતા કહાડી ખુલ્લી તરવારે રણજીતસિંહ બોલ્યોઃ “મલહરસિંહ ! તેં બહુ કરી ! અમારી આંખોમાં ધૂળ નાંખી છુપી રીતે કારાગાર ફોડી નાશી ગયો, પણ હવે આજે ત્હારે નાસવાનો માર્ગ નથી. કાશ્મીરના રાજ્યાસને બેસી શિર પર રાજમુગટ ધારણ કરવાની ત્હને બહુ હોંશ હતી. તમામ હિન્દુઓને ઉશ્કેરી સંગ્રામમાં રણજીતને હરાવવાની બહુ ઇચ્છા હતી. હવે? હવે કંઇ છે? હવે તને શી વાસના છે બોલ ?”

મલહરઃ “ મ્હારી મરજી એમ છે કે, એક વાર શિખરાજની સાથે દ્વંદ્વ યુદ્ધ કરી મ્હારા મનનો ક્ષોભ મટાડું. ”

લેહનાસિંહ, હરિસિંહ તથા જમાદાર ખુશાલસિંહ આજ્ઞા પ્રમાણે આવી પહોંચ્યા હતા. ખુલ્લી તરવારે સલામ કરી બાજુ પર ઉભા.

રણજીતસિંહે કહ્યું: "જુઓ, સાંભળ્યું મ્હારા સરદારો? આ શિયાળ, સિંહ સાથે યુદ્ધ કરવા ઇચ્છે છે! મલહર! તું બડો મૂર્ખ છે. કેવળ અજ્ઞાન છે. પશુ સમાન છે. ખરેખર, તું એવોજ છે, નહિ તો આ દશામાં ત્હારા મુખમાંથી આવી વાત નિકળત નહિ. સાંભળ, કોઈ વખત જેના વંશમાં કોઇને મસ્તકે રાજછત્ર ધારણ કરવામાં આવ્યું નથી, તેણે રાજા થવાની આશા રાખવી એ ખરેખરૂં દુ:ખદજ છે."

મલહર: "રણજીતનો કીયો મૂળ પુરૂષ સમગ્ર પંચનદ રાજ્યનો અધિશ્વર હતો? મ્હેં કેવળ રાજા થવા માટે આશા રાખી હિન્દુઓને ઉશ્કેર્યા નહોતા, પણ મ્હેં કાશ્મીરની સ્વતંત્રતાને માટે તમારા વિરૂદ્ધ તરવાર પકડી હતી. મ્હારી ઇષ્ટ આશા પૂરી થઈ નહિ, તેનું મ્હને કંઇ દુ:ખ નથી. કાશ્મીરનો દરેક રહેવાસી દેશનું પૂણ્યજનક કાર્ય કરવા માટે એકઠા મળ્યા હતા, પણ ભાગ્યવશાત આશા સફળ થઇ નહિ, તો તેનું મ્હને કંઇ દુ:ખ નથી, જન્મભૂમિને માટે મ્હારે હજાર વાર તરવાર પકડી અસાર પ્રાણનો ભોગ આપવો પડે તોપણ હું ડરતો નથી. જે કાશ્મીરી વ્યક્તિ, જન્મભૂમિનો ઉદ્ધાર કરવા માટે પ્રાણ દેવા પાછો પડે, તેને હું મનુષ્ય માનતો નથી! રણજીત! તું મનમાં સમજીશ નહિ કે આ કાશ્મીર દેશમાં ત્હારી આણ અનંત કાળ સુધી રહેશે! તું મનમાં માનતો નહિ કે, તું નિષ્કંટકપણે કાશ્મીર પર રાજ્ય સત્તા ભોગવશે. તું મ્હારો પ્રાણ લેશે, મ્હારા પુત્ર સુંદરસિંહનો પણ પ્રાણ લેશે, તોપણ સુખ શાન્તિથી કાશ્મીરનું રાજ્ય ભોગવવાનો નથી. આજ નહિ તો, બે દિવસ પછી, વખત મળે અવશ્ય કાશ્મીરવાસી હિન્દુઓ તને ઉચિત શિક્ષા કરશે અને પોતાનો દેશ પોતાના તાબામાં લેશે."

રણજીતસિંહ: "મ્હારા સેનાપતિઓ અને સરદારો! જુઓ, એને જીવવાની વાસના છે? એ યમદૂતને હવાલે થવા માગે છે. એમ કરવામાં ગુરૂ ગોવિંદની આજ્ઞાથી તેને મદદ કરવી જોઇએ. પાપી મલહર! તેં ભારે રાજદ્રોહ કર્યો છે. તેં વિના કારણ અમને દુ:ખ દીધું છે, છતાં હું ત્હને મારત નહિ, પરંતુ તેં આટલા દિવસ પાપનો ભંડાર એકઠો કર્યો છે, તેથી તું આ જગતમાં રહેવા લાયક નથી. મ્હારા સાંભળવામાં આવ્યું હતું કે:



તેં બે વર્ષ પૂર્વે કપટ જાળ રચી છુપી રીતે મુસલમાન સેનાપતિ જબરખાંનું સત્યાનાશ વાળવા સારૂ આ એકાંત વાસમાં ભદ્રકાલીની પ્રતિમા સ્થાપન કરી હતી અને રાજ્યના મુખ્ય મુખ્ય સરદારો સાથે મંત્રણા કરી, વિદ્રોહ વહ્નિ પ્રજ્વલિત કરવા યુક્તિઓ રચી હતી. જે સરદાર વગેરે લોકો ત્હારા મોહન વાક્યથી લોભાયા નહિ, તેને તેં આ ઠેકાણે આણી આ પ્રતિમાને ભોગ આપ્યો હતો! આ પાપ માટે ત્હારે અનંત કાળ સુધી નરકમાં વસવું પડશે! હવે અમારે છેવટે ત્હારોજ ભોગ આપવો પડશે. ત્હારે જેને યાદ કરવું હોય તેને યાદ કરી લે. આ ભદ્રકાલીની મૂર્તિ એકવાર નિહાળી ત્હારી આંખો બંધ કર. બંધ કરેલી આંખોએ ત્હારા હૃદયમાં ત્હારા પાપનું ધ્યાન ધર. લે--ઓ-ભદ્રકાલી ભોગ!" એમ બોલી તેણે એક ઝટકે તેના બે કટકા કર્યા! રણજીતે સુંદરસિંહ તરફ ફરી કહ્યું: "અય દુષ્ટ સુંદરસિંહ! તું ત્હારા પાપી પિતા મલહર કરતાં પણ વિશેષ પાપી છે. તેં અનેક સાધ્વી સતીઓનું સતીત્વ હર્યું છે. હું હવે મ્હારે પોતાનેજ હાથે ત્હારા પ્રાણનું બલિદાન આપું છું. કેવળ એક વાર ત્હારાં પાપનું સ્મરણ કરવા સમય આપું છું. ત્હારા પિતાની સાથે ત્હારો પણ ભોગ આપવો ઇષ્ટ છે. માટે ત્હારે જેને યાદ કરવો હોય તેને કર. લે, ઓ-મૈયા ભદ્રકાલી ભોગ. બોલો ભાઇઓ! ગુરૂદેવ મહારાજકી જય." એમ બોલી ત્હેનો પણ ભોગ આપ્યો.

ઘણે દિવસે નિવૃત્તિપરાયણ થયલા રણજીતસિંહ, ઘણા હર્ષમાં આવી બોલ્યા: "મ્હારા પ્રિય વીરો! તમે કંઈ કચાશ રાખી નથી. સર્વ રીતે તમે આ તમારા એક બંધુને મદદ કરી છે, તેનો યોગ્ય બદલો ગુરૂ તમને આપશે. હવે આપણે વેળાસર છાવણીમાં ચાલો. મ્હને એવો વિચાર આવે છે કે હવે અહિંની રાજ્ય વ્યવસ્થા બરોબર રીતે કરીને આપણે દેશ જવું ઇષ્ટ છે."

પોતાની છાવણીમાં આવી પહોંચ્યા પછી સર્વે સરદારો સુખ શાન્તિથી પોતપોતાના તંબુમાં ગયા. મહારાજ રણજીતસિંહ સુવર્ણ પલંગ પર હુકો ગગડાવતા વિચારમાં પડયા હતા, તે વખતે અનુપકુમારી બોલી: "પિતા! આપ બહુ થાકી ગયા હશો. માટે થોડી વિશ્રાંતિ લો. એક વાત કહું છું તે ધ્યાનમાં લેશો. આપનો વિજય થયો માટે ગુરૂ નાનકનો ઉત્સવ કરવો

જોઈએ. આ ધર્મસિંહભાઈ આવ્યા. એમની કૃપાથી હું આજે આપને પિતા કહી બોલાવવા સમર્થ થઈ છું, અને પેલા દયાળુ હૃદયના શિવદયાળસિંહના પુણ્યથી હું આટલા દિવસથી જીવતી રહી છું.”

રણજીતઃ “ધર્મસિંહ! ત્હારી કૃપાથી હું મ્હારી પ્રિયતમા નિરપરાધી રાણી હિંગનકુમારીની કુખથી પેદા થયેલી પુત્રી અનુપકુમારીને જોઉં છું. રાણી હિંગનકુમારી ક્યાં છે, અને આ અનુપ આટલા દિવસ શી રીતે જીવતી રહી? એ સર્વ હકિકત સાંભળવા મ્હારો જીવ તલપે છે.”

હાથ જોડી ધર્મસિંહ બોલ્યોઃ “મહારાજ! દુર્ભાગ્યવશે રાણી હિંગનકુમારી રાજધાનીનો ત્યાગ કરી નિકળ્યાં ત્યારે મ્હેં તેમને પિત્રાલયે જવા ઘણાં સમજાવ્યાં, પણ તેઓએ કોઈ રીતે એ વાત કબુલ કરી નહિ. ત્યાર પછી પગ પાળે ભમતાં ભમતાં શીઆલકોટની સરાહમાં આવ્યાં, રાણી આ સરાહમાં અકસ્માત દારુણ રોગથી ઘેરાયાં અને છેક બેહાલ બની જતાં આખરે સ્વર્ગ ધામે ગયાં.”

આ વાત સાંભળી અનુપકુમારી રડી ઉઠીઃ “ઓ—આ—ઉઃ ઉઃ શું મ્હારી મા મરી ગઈ છે?”

ધબકતી છાતીએ નિઃશ્વાસ નાંખતાં રણજીતસિંહ બોલ્યોઃ “ભાઈ, ધર્મ! ત્યારે ખચિત રાણી નથી? એક વખત મ્હને પત્ર મળ્યો હતો તે મ્હેં તરકટી જાણી ખરો માન્યો નહિ.”

મહારાણી મરતી વખતે એક વીંટી અને કેશ આપી બોલ્યાં હતાં કેઃ “ધર્મસિંહ આ ત્હારી પાસે રાખ, અને મ્હારા મરણના ખબર મહારાજને આપજે. જો કદી આ જગતમાં આ સાધ્વી સતીનું કલંક દૂર થાય તો આ અનુપથીજ થવાનું છે, માટે મ્હારી કન્યાનું પાલન પોષણ કરજે, અને મ્હારે માથે આવેલું કલંક દૂર થાય એટલે આ દાસીનો અપરાધ ક્ષમા કરવા પ્રાર્થના કરજે.”

રણજીત આક્રંદ કરતો બોલ્યોઃ “અરે હું કેવો નરાધમ! હા! પ્રિયે! તું ખરેખર સતી શિરોમણી હતી. તેં અંતકાળે સતી લોકમાં વાસ કર્યો, પરંતુ મ્હારાં પાપ કર્મ કદી ખુટવાનાં નથી. ધર્મસિંહ પછી શું થયું?”



ધર્મઃ “ત્યાર પછી શીયાલકોટથી નિકળી કાશ્મીરમાં આવી વસ્યો છું. શિવદયાળ મ્હારો પરમ મિત્ર છે. એના હાથમાં અનુપને અર્પણ કરી હું આ વિચિત્ર નિવાસમાં સરદાર મલહરસિંહની નોકરીમાં દાખલ થયો. મ્હને જે પગાર મળતો તે છાનોમાનો શિવદયાળને આપી આવતો, પરંતુ અનુપના માતાપિતા કોણ છે, તે વાત શિવદયાળના જાણવામાં આવી નહોતી તેમ અનુપ પણ જાણતી નહોતી. તે એક માત્ર હિંગનકુમારીને ઓળખતી. જગદીશ્વરની કૃપાથી આજે રાણી હિંગનકુમારીની આશા પૂર્ણ થઈ.”

આ વખતે શિવદયાળસિંહે ઘણા વખતથી અનુપને જોઈ નહોતી, તેથી તે ખબર પુછવા આવી બેઠો હતો તે બોલ્યોઃ “મહારાજ! હું જાણતો નહોતો કે આપનું હૃદયરત્ન અનુપ આપની તનયા છે. મ્હારી પર્ણકુટીમાં આટલા દિવસ પ્રબળ પ્રતાપાન્વિત શિખરાજ નન્દિની આવી રહી તેથી મ્હારો જન્મ પવિત્ર થયો માનું છું. બ્હેન અનુપકુમારી! તમને મ્હેં ઘણે પ્રસંગે કટુ વાક્ય કહ્યાં હશે તે મ્હને ક્ષમા કરજો.”

અનુપકુમારીએ હાથ જોડી ઉત્તર દીધોઃ “આપ મ્હારા પાલક પિતા છો. આપનો બદલો મ્હારાથી આ જન્મે વાળી શકાવાનો નથી.”

રણજીતઃ “ધર્મસિંહ! તું જેવો પવિત્ર માનવી છે, તેવોજ શિવદયાળ પરમ પવિત્ર છે. તમારા બંનેના પ્રતાપથીજ આજ મ્હને મ્હારો ખોવાયલો ખજાનો મળ્યો છે! રાણીની મુખાકૃતિમાં અને અનુપની મુખાકૃતિમાં કંઈ ફેર નથી. અનુપની અલ્પ વયમાં મેં તેને તજી હતી; પરંતુ આજ જો રાણી હિંગનકુમારી દેખા દે તો હૃદયભાવથી તેની પાસે ક્ષમા માગી મ્હારા તપતા પ્રાણને શીતળ કરૂં. ભલે, જે થયું તે ખરૂં. આજથી તમો બંને જણે કોઈ રીતે હેરાન થવું નહિ. તમને બંનેને યથાયોગ્ય જાગીર આપવામાં આવશે.”

ધર્મઃ “મહારાજ! અમે બંને વૃદ્ધ થયા છીએ. સંસારની તમામ વાસનાઓ ટળી ગઇ છે. હવે જેટલા દિવસ જીવીશું તેટલા દિવસ મહારાજની ચરણ સેવા કરી વખત ગાળીશું. મ્હારી એક પ્રાર્થના છે કે અનુપકુમારીને યોગ્ય પતિના હસ્તમાં અર્પણ કરો.”

રણજીતઃ "ધર્મસિંહ ! તમે એને યોગ્ય હોય એવો કોઈ પતિ જાણો છો ? તેવો કોઈ તમારી ધ્યાનમાં છે ?"

ધર્મઃ "મ્હારા સાંભળવામાં આવ્યું છે કે વીરવર રણધીરસિંહ છે."

શિવઃ "મહારાજ ! એ સામાન્ય માણસ નથી. તે મહા પરાક્રમી ઉદાર હ્રદયના છે. એમના પ્રતાપથી મ્હારી અનુપના પ્રાણ બચ્યા હતા."

રણજીતઃ "તે મ્હારા સાંભળવામાં આવ્યું છે. પેલો પાપિષ્ટ સુંદરસિંહ એને ગહન વનમાં પકડી લઇ ગયો હતો, તેનું ફળ તેને ગઇ કાલેજ મળી ચુક્યું છે. ધર્મસિંહ ! એ વીરવર રણધીરસિંહ કોટાગિરિનો રાજકુમાર છે. તે જેવો પરાક્રમી છે, તેવોજ સરલ અને સભ્ય છે. બંનેના મનમાં પ્રેમના ફણગા ફુટયા છે એમ મ્હારા સમજવામાં આવ્યું છે. મ્હારો વિચાર પણ તેનાજ કરમાં અનુપને અર્પણ કરી સુખી થવાનો છે."

ધર્મઃ "મહારાજ ! વીરવર રણધીરના હસ્તમાં અર્પણ કરવાથી આપણી અનુપમ અનુપ સુખી થશે."

શિવઃ "મહારાજ ! એ વીરવરે જે દિવસે અનુપનો ઉદ્ધાર કર્યો તે દિવસથી મ્હેં મનમાં વિચાર કર્યો હતો, કે એજ વીરના હસ્તમાં અનુપને અર્પણ કરવી. હું ગરીબ ખેડુત અને એ એક રાજકુમાર, એ મ્હારી આશા પૂર્ણ કરશે કે નહિ એવી શંકા હોવાથી મ્હારાથી એમને કંઇ કહી શકાયું નથી."

આ પ્રમાણે વાતચિત થતાં આનંદમાં ને આનંદમાં રણજીતસિંહ મ્હોઢેથી બોલી ઉઠયાઃ "રણધીર !"

રણધીર તરતજ ત્યાં આવી પહોંચ્યો અને મહારાજાને સલામ કરી બોલ્યોઃ "આજ્ઞા મહારાજ."

રણજીતઃ "વીરવર રણધીર ! મ્હારી અનુપને પ્રભાતે શુભ મુહૂર્તે તમારા કરમાં અર્પણ કરીશ. તમે બંને જણ પરમાનંદમાં સુખેથી દિવસ કહાડજો. ધર્મસિંહ ! અનુપને વસ્ત્રાલંકારથી સજ્જ કરી આવતી કાલ માટે તૈયાર રાખજે. આપણે મુસલમાનોના મહેલમાં તેનું લગ્ન કરવું નથી, પણ વિચિત્ર નિવાસના પાષાણ ભૂવરમાં મહામાયા ભદ્રકાલી સમક્ષ લગ્ન કરીશું."

## પ્રકરણ ૨૯ મું.

### પાણી ગ્રહણમાં વિઘ્ન.

આજે શિખ છાવણીમાં આનંદનો દિવસ જણાય છે. સરણાઈ, તુરાઈ અને નગારાંના નાદ થઈ રહ્યા છે. સેવકજનો છાવણીને વિવિધ પ્રકારથી શણગારવા મંડી પડયા છે. હથિયાર છોડી નિવૃત થયેલા સૈનિકો શહેરના હવા-ખોરનાર વિલાસી જનોની પેઠે કપડે-લત્તે બનીઠની આમ તેમ ફરવા લાગ્યા છે. આજનો દિવસ એક પ્રસિદ્ધ તહેવાર તરીકે પાળવા શિખરાજ રણજીતસિંહની આજ્ઞા હતી. તેથી સર્વે વિજયી સૈનિકો પરમાનંદમાં ડોલતા સમારંભમાં ભાગ લઈ આનંદ માણવા ઉત્સુક થઇ રહ્યા છે. વળી આજે સમસ્ત દેશનાં પશુ પક્ષિઓ પોતપોતાના અભિમતે આત્મરૂચિથી કલ્લોલમાં હતાં, કારણ કે આજે સૈન્યના તડાકા ભડાકા બંધ થયેલા હોવાથી તેઓ બિચારાં સ્થિર ભાવે પરમોલ્લાસમાં હતાં. સર્વ કોઈ યથામતિ નિવૃત્તિ પરાયણ હોવા છતાં શિખરાજના તંબુમાં મ્હોટી ધામધુમ ચાલી રહી હતી. તે ધામધુમ માત્ર અનુપકુમારીના લગ્નનો દિવસ હોવાથી તેને સુંદર વસ્ત્રાલંકારથી શણગારી શ્રીભદ્રકાલી માતા સમક્ષ દર્શને લઈ જવાની હતી.

સરલા અનુપકુમારીનો દેખાવ આજે જુદીજ જાતનો-મનોહર-બન્યો હતો. નવિન મેઘમાળા જેવા માથાના કાળા કેશને જરીની નાડા છડીથી બાંધી તેમાં હિરક જડિત શૈલફુલ ખોસ્યું હતું. સુંદર સેંથામાં કરેલી સિંદુરની રેખા, વાદલીઓની વચમાં થતી વિદ્યુતને લજાવતી હતી. સુગોળ કપોળ ભાગ પરનું સિંદુરબિન્દુ પ્રદોષના સૂર્ય જેવું શોભતું હતું. કર્ણ સુધી લંબાયમાન

થયેલાં બંને નયન કમળ કાજલથી શોભતાં હતાં, તે જોઈ નવી ખીલતી નલિનીના દળમાંથી ઉડતા ભ્રમરોનાં જોડકાં નીચે નિહાળી ઉડતાં હતાં. આ તકનો લાભ લઇ રતિપતિ મદને ભ્રુ ધનુષ્ય સાથે પાપણોમાં સ્થળ લઇ કટાક્ષ શર યોજી રાખ્યું હતું. સુનિર્માણ સુંદર નાસિકાએ પ્હેરેલી મોતીની નથની, લાલચોળ અધરોષ્ઠ વડે ઢંકાયલી, દાડમના દાણા જેવી દંત પંક્તિની હરિફાઈ કરતી હતી. બંને કર્ણ પર નીલમ હિરક–જડિત કર્ણફુલ પ્હેર્યાં હતાં. કઠિન ગોળ ઉન્નત કુચ પર પ્હેરેલી સુચારૂ કામણગારી કાંચલી પર કંઠમાં પ્હેરેલી હિરક–જડિત હેમમાળા ઝુલતી હતી. સુગોળ સુકોમળ કમળ નાળ જેવા બંને બાહુ પર જડાઉ બાજુ–એરખી પ્હેરી હાથમાં પંચ રત્ન જડિત સુવર્ણ કંકણ ધારણ કર્યાં હતાં. સુગઠિત સુંદર સુગોળ પ્રશસ્ત નિતંબ પર ફેર દઇ બુટ્ટાદાર બનારસી સાડી ઓઢી હતી. સુકોમળ બંને ચરણમાં ઝાંઝર પ્હેર્યાં હતાં. રક્ત કમળ જેવા અધરોષ્ઠને તામ્બુલ રંગથી વિશેષ લાલ બનાવી દીધા હતા. વાંચક ! અલંકારથી અલંકૃતા પૂર્ણયૌવના અનુપકુમારી આજે અતિશય મનોમોહિની બની છે ! તેનું યથાર્થ વર્ણન કરવા આ ક્ષુદ્ર લેખિનીમાં શક્તિ નથી. રૂપે, ગુણે અને અલંકારે શોભતી અનુપમ અનુપકુમારીને નિર્મિત મુહૂર્તે ઠાઠમાઠથી વિચિત્રનિવાસમાં લઇ જવામાં આવી.

સરદાર રણધીરસિંહ પણ યથાયોગ્ય વસ્ત્રાલંકારથી સજ્જ થઈ પોતાના મિત્ર દેવિસિંહ વગેરે મિત્રો સાથે વિચિત્ર નિવાસના પાષાણ ભૂવર-માં આવ્યો. મહારાજ શિખરાજે તેને ભારે આવકાર દીધો અને પોતાની સન્મુખ બેસાડી બોલ્યાઃ—

" મ્હારા સરદારો અને બંધુઓ !

આજે મહાન આનંદનો દિવસ છે. આપણે મહા કષ્ટે કાસ્મીર દેશ જીત્યો એ ગુરૂ ગોવિંદ અને મા ભદ્રકાલી જ્વાળામુખીની ખાસ કૃપાનું ફળ છે. એ કૃપા જાળવી રાખવા અને હવે પછી તેમાં વધારે કૃપા મેળવવાને તમે ગર્વિષ્ઠ હજો; પણ મેળવેલા વિજયથી ગર્વિષ્ઠ થશો માં. વળી ઘણા વર્ષથી ગુમાવેલી રાણી હિંગનકુમારીથી પ્રાપ્ત થયેલી મ્હારી રત્નરૂપ પુત્રી અનુપકુમારીનું લગ્ન કરવા તેના પાલક પિતા શિવદયાળ અને રાજ્યના



ખરા વિશ્વાસુ ધર્મસિંહે સૂચના કરી છે, અને તેના પતિ માટે આપણા દેશની પાડોશમાં વસ્તા કોટાગિરિના રાજકુમાર રણધીરસિંહની યોગ્યતા તેઓએ મ્હારા ધ્યાન પર લાવવાથી હું એ વીરને અનુપ અર્પણ કરવાની રજા લઉ છું. કુમાર રણધીર ! મ્હારી વ્હાલી પુત્રી અનુપને આજે તમારા કરમાં સોંપું છું. તમે બંને જણ પરમાનંદથી સુખશાન્તિમાં રહો એવી મ્હારી ગુરૂ પ્રત્યે પ્રાર્થના છે." એટલું બોલી રણજીતસિંહે તેના હાથમાં અનુપકુમારીનો કમળ સદશ કોમળ કર મૂક્યો. અને કહ્યુંઃ "મા ભવાની ! આ જોડાનું કલ્યાણ કરજે."

પાણી ગ્રહણ પ્રસંગ પૂરો થતાંજ દોડતી આવતી પ્રેતપ્રભા પ્રવેશ કરી બોલીઃ " રણજીતસિંહ ! ત્હને કોણ કહે છે કે તું નરસિંહ છે ? તું પ્રેત-સિંહ છે ! ત્હારૂં હૃદય કાળા પથ્થર કરતાં પણ કઠણ અને આ કાળી પ્રતિ-માના કરતાં પણ વિશેષ કાળું છે. મ્હેં ત્હને ન્યાયી રાજા માની, મ્હારા પિતાનો મિત્ર જાણી, ભીષ્માચાર્યના કારાગારથી નાસી છુટી ત્હારા ચરણનો આશ્રય લીધો હતો, અને ત્હેં મ્હને અશેષ આશા આપી હતી, કેટલીક વાતો કહી હતી, છતાં છેવટે મ્હારા હૃદયનું ધન–પ્રાણજીવન રણધીરને આ રાક્ષસીના કરમાં અર્પણ કર્યો ? ધિક્કાર ! ત્હને હજાર વખત ધિક્કાર ! રણધીર ! પ્રાણે-શ્વર ? તમે હમણા આ રાક્ષસીના પ્રાણેશ્વર છતાં મ્હારા પણ પ્રાણેશ્વરજ છો. પ્રાણેશ્વર ! તમે મ્હને પ્રેતપ્રભા જાણતા હતા, પણ હું પ્રેતપ્રભા નથી. સાંભળો, મ્હારી ગુપ્ત વાત. સાંભળો મ્હારા જીવનનો વિચિત્ર ઇતિહાસ. મ્હારા પિતાનું નામ બલેન્દ્રસિંહ છે, અને તે ખરેખર શૂરવીર મહાવીર હતા. તમે સરદાર મલહરસિંહના દળમાં દાખલ થઈ કાશ્મીર જીતવા મદદ કરવાના છો એમ આ નરપ્રેત રણજીતના જાણવામાં આવવાથી મ્હને એ પાપાત્માએ પ્રેતપ્રભાનો પોશાક સજાવી તમારૂ મન હરવા મોકલી હતી. હું જગદીશ્વરના સમ ખાઇને કહું છું કેઃ " જ્યારથી તમારાં દર્શન થયાં ત્યારથી મેં તમને મ્હારા હૃદયરાજ માન્યા હતા. હું તેજ વખતથી તમારી સોબતે આવત, પણ આ રણજીતના પ્રલોભનથી મ્હારા મનનો વેગ મ્હેં સમાવ્યો. હું જાણતી નહોતી કે, એ શા માટે તમને ગહન વનમાં પ્રેત સાથે યુદ્ધ કરવા મોકલે છે ! રણધીર ! તે પ્રેત કોઇ અન્ય નહોતું, પણ આ નરપ્રેત

રણજીતસિંહ હતો. તેજ પ્રેત આજે તમને આ રાક્ષસીના કરમાં અર્પણ કરે છે. તમે જાણો છો કે હું પ્રેતપ્રભા છું, અને મ્હારે એક બ્હેન નામે સુરપ્રભા છે. પરંતુ તેમ નથી. જુઓ, હવે હું કોણ છું ? " એમ બોલી તેણે માથેથી લાલ કેશ ઉતારી નાખ્યા, અને બોલીઃ " હું એજ સુરપ્રભા. મ્હેં આ રૂપથી તમારા મનની પરિક્ષા કરી હતી, અને તેજ રૂપે પણ મ્હેં તમને મ્હારા જાણ્યા હતા. પાપાત્મા ભીષ્માચાર્યના સેવકો મ્હને ઓળખી શકે નહિ એટલા માટે રણજીતે મ્હારૂં નામ પ્રેતપ્રભા પાડી કેશ પહેરાવ્યા હતા. રણધીર ! હવે તમે જાણ્યું કે હું કોણ છું ? હું પ્રેતપ્રભા નહિ, પણ સુરપ્રભા છું. પ્રાણેશ્વર ! તમે મ્હને પ્રેમભાવથી આશાના શિખર પર ચઢાવી અતલ જળમાં ફેંકી ! હશે, તમે સુખી રહો. હું એજ ઇચ્છું છું. તેમાંજ મ્હારૂં શ્રેય છે, પરંતુ તમારૂં હૃદય પાષાણ કરતાં વધુ કઠણ હશે એમ હું જાણતી નહતી. આ મ્હારી છેલ્લી વાત મનમાં રાખજો. ભૂલશો નહિ. અરે ચંડાલિની ! અનુપકુમારી ! ત્હેં મ્હારા હૃદય ધનને હરી લીધું ! ઠીક, પરંતુ ત્હને પણ આગળ જતાં ખબર પડશે. મ્હારો શ્રાપ આ જન્મમાં નહિ પણ આવતા ભવમાં તું ભોગવીશ. આ માતાની મૂર્તિ જુવે છે એના કરતાં પણ ત્હારૂં હૃદય દૃઢ પાષાણથી ઘડેલું છે. આ ભવાની ભદ્રકાલીકે ત્રિભૂવનમાં હમેશાં સાક્ષી પુરશે કે તું રાક્ષસી છે ! તું રાક્ષસી—" એમ બોલતાં બોલતાં તેણે પોતાને હાથે પોતાની છાતીમાં છુરી મારી પ્રાણ ત્યાગ કર્યો.

પ્રેતપ્રભાનું શબ ભદ્રકાલી આગળ સર્વની સમક્ષ પડયું કે તમામ ભયભીત થઈ ગયા ! એટલામાં દોડતી આવતી સુરસુંદરી બોલીઃ " રણધીર ! આ શું ? સુધાકરની સોડમાં આ ચંડાલિની કેમ ? રણધીર ! તમે મ્હારા નહિ ? શું તમે કારાગારમાં વચન નહોતું આપ્યું કે આ પ્રાણ ત્હારો છે. હવે ત્હમે કોના થયા છો ? આ ચંડાલિની રાક્ષસીના ? રણધીર ! ત્હમે આવા નિષ્ઠુર ? તમે મરવા પડેલી માધવી–લતાને આશા–જળ પાઈ જીવતી રાખી છે તેનોજ આખરે જીવ લ્યો છો ? ત્હમે મ્હારા થઇ ચૂક્યા છો. હજી પણ મ્હારા છો. ત્હમે જ્યાં સુધી છો ત્યાં સુધી મ્હારા છો. આ દેહનો ત્યાગ કરી નવો દેહ ધારણ કરશો તોપણ તમે મ્હારા છે; પણ તમે



મ્હારો ત્યાગ કર્યો ? હા, નિષ્ઠુર ! હા નિર્દય ! તમને વધારે શું કહું ? હવે સાંભળો કે હું કોણ છું ? એક પ્રેમને ખાતર તમારે માટે છાતીમાં છુરી મારી દેહત્યાગ કર્યો તે મ્હારી સહોદરા સુરપ્રભા. સુરપ્રભા અને હું અનાથ સુરસુંદરી છીએ. સુરપ્રભા ભાગ્યવશાત્ ભીષ્માચાર્યના કારાગારમાંથી ન્હાસી છુટી અને હું તમારા પ્રેમની ભીખારણ બની રહી. તમારી આશાએ કારાગારમાં પડી રહી. રણધીર ! હવે મ્હારે જીવવાનું કંઈ પ્રયોજન નથી. છેલ્લી વાત મનમાં રાખો. અનુપકુમારી ! ત્હેં મ્હારા હૃદય–વનના પારિજાતક પુષ્પનું હરણ કર્યું ? હા ! ત્હારો દેહ પાષાણ જેવો છે. બ્હેન સુરપ્રભા ! તું જે ઉદ્દેશથી જે માર્ગે ગઈ છે તેજ માર્ગે હું પણ આવું છું. બ્હેન ! મનમાં રાખજે, ભૂલીશ નહિ. " એમ બોલી તેણે પણ પોતાની છાતીમાં તીક્ષ્ણ છરી મારી દેહ ત્યાગ કર્યો !

" આ–હા–હા–હા. મ્હારા સરદારો ! ગજબ થયો ! બંને કન્યાઓએ ભોગ આપ્યો. આપણી સમક્ષ પ્રેમની ખાતર તેમણે દેહત્યાગ કર્યો. મહાવીર સરદાર બલેન્દ્રસિંહની સુલલિત કન્યાઓએ દેહત્યાગ કર્યો ! અરે ! જે કન્યાઓએ આપણને ખરા અંતઃકરણથી કાશ્મીર દેશ જીતવામાં મદદ કરી હતી; આપણે માટે દુષ્ટ ભીષ્માચાર્યનો ભીષ્મદંડ વેઠી કારાગારમાં દિવસ કહાડતી હતી, તેમનો આપણી સમક્ષ નાશ ! અને મ્હારી નિરાપરાધી સદય અનુપ તેનું કારણભૂત ! મ્હેં સ્વાર્થીએ જેનું લાલન પાલન કર્યું તેનું સત્યાનાશ વાળ્યું ! મ્હેં તેમનું ભલું કરવા ઇચ્છેલું પરંતુ મ્હારા સ્વાર્થને ખાતર મ્હેં ખરી વાત છુપાવી મ્હારો સ્વાર્થ સાધ્યો. વીર રણધીરે એમને વચન આપ્યાં છે એ વાતથી મ્હને તદ્દન અજ્ઞાત રાખ્યો. વીર રણધીર ! તમારો આવો વિચાર હતો તો મ્હને જણાવવું હતું. હશે ! " ફિક્કે ઉતરેલે ચ્હેરે મહારાજ રણજીતસિંહ બોલ્યા.

આ ત્રાસજનક બનાવથી રણધીરનું ચિત્ત વ્યગ્ર થતાં કમળ જેવી લાલ આંખોમાંથી કમળ પત્ર પરથી ખરતાં ઝાકળબિન્દુ જેવાં આંસુ ટપકતાં નિશ્વાસ નાંખી બોલ્યોઃ " પ્રેતપ્રભા ! તુંજ સુરપ્રભા. તેં પેલા સરોવર કાંઠે પિપલાના વૃક્ષ તળે મળેલા પ્રેત સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા મ્હને મોકલ્યો હતો. " એમ કહી રડવા લાગ્યો.

રણજીત બહુજ ખેદયુક્ત સ્હેરે નમ્ર ભાવથી બોલ્યોઃ "રણધીર! હવે બસ કર. જે થનાર હતું તે થયું. હવે પશ્ચાતાપ કરે કંઇ વળવાનું નથી. દેવીસિંહ! તમારા મિત્રને શાંત કરો. જમાદાર, હું શિખામણ દઉં છું ખરો પણ આ ત્રાસદાયક દેખાવ મ્હારી આંખે દીઠો જતો નથી. આ અસહ્ય વેદના મ્હારા શરીરને ખોરી ખોરીને બાળે છે! હરિસિંહ, ઓ ભાઇ લેહનાસિંહ, દિવાનચંદ, ત્હમે સર્વે આવો અને આ બંને કુમારીકાઓએ મ્હારી પુત્રી અનુપને દોષ દઇ માતા ભદ્રકાલીને સ્વહસ્તે પોતાનો ભોગ આપ્યો છે તે નિરાપરાધી કન્યાઓના શબને માતા મહાકાલી સન્મુખ મૂકો અને તેમની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરો કે એ બંનેને જીવતદાન દે, સ્હાય થાય અને આપણે—"

લેહનાઃ "મહારાજ! આપ સબુરી રાખો. ગુરૂકૃપાથી કલ્યાણી કલ્યાણ કરશે."

જળજળીઆં આવેલી આંખે રણધીરસિંહ બોલ્યોઃ "શિખરાજ! પેલા પાખંડી ભીષ્માચાર્યે મ્હને લાલચ આપી આ વિચિત્ર વિટમ્બણામાં નાખ્યો અને હું મૂર્ખ તેની કપટજાળમાં ફસાયો. જો તેણે બતાવેલી લાલચમાં ન પડયો હોત તો મ્હારી આ દશા થાત નહિ, તેમજ આ આશાબંધ કુમારીકાઓના દ્વેષ અને તિરસ્કારને પાત્ર થવું પડત નહિ. હશે. હે જગત્ કલ્યાણિ પાર્વતિ! મ્હારો અપરાધ ક્ષમા કરો. આ અબળા કન્યાઓનો કંઇ વાંક નથી. તમામ દોષ મ્હારો છે. મા મ્હારો દોષ જાણી મ્હને ક્ષમા કરો. હું આપનું એક અજ્ઞાન બાળક છું. મા શિવા! બાળક જાણી ક્ષમા કરો. મ્હારે માથે આવેલું કલંક ટાળો. હવે મ્હને ધીરજ રહેતી નથી." એમ કાલાવાલા કરતો કરતો છેક ભદ્રકાલી નિકટ જઇ હાથ જોડી સ્તવન કરવા લાગ્યોઃ "હે દક્ષજા! મ્હેં મ્હારી આટલી વય જો બ્રહ્મચારી અવસ્થામાં કહાડી હોય, જો હું નીતિએ ચાલ્યો હોઉં, જો કંઇ છળકપટ કર્યું ન હોય, જો મ્હેં મ્હારો ધર્મ બરોબર બજાવ્યો હોય, જો અનાથ અનાથાને મ્હેં મદદ કરી હોય, જો પ્રજાનો આશિર્વાદ લીધો હોય તો મા! આ વખત મ્હારી વ્હારે ચઢજો. મા! આ દેવભૂમિમાં યશ લાભવા આવ્યો હતો તેના બદલામાં



અપયશ વ્હોરવો પડે છે. મા અંબિકે! ત્હેં મહા સમર્થ દેવતાઓને, દેવતાઓના રાજા ઇંદ્રને ઘણી વખત મદદ કરી છે. મા, હે મા! મ્હને ત્હારો આધાર અને ભારે ભરોંસો છે. ત્હારી બંને દાસીઓનાં શબ ત્હારા ચરણ આગળ પડયાં છે. તેમને સજીવન કરો! તેમને ઉઠાડો, ઉઠાડો. નહિ ઉઠાડો તો તેમની પાછળ હું પણ ત્હમને ભોગ આપીશ મા." એમ બોલી કમ્મરે લટકતી તલવાર મ્યાન બહાર કરી માથા પાછળ ધરી.

આ દેખાવથી સર્વે ગાભરા બની સ્તબ્ધ થઇ ગયા. તરતજ આખા ભૂવરમાં તેજોમય પ્રકાશ થતાં અદૃશ્ય વાણી થઈ કેઃ "પુત્ર, શાન્ત થા, શાન્ત થા. મ્હારા ચરણ આગળ ટાંકીમાં જે ચરણામૃત ભરાયલું છે તે લઇ કન્યાઓના ઘા પર ચોપડ અને તેના મુખમાં રેડ."

આ વખત ઇષ્ટ કૃપાથી ફક્ત રણધીર જાગૃત હોવાથી તેણેજ એ વાણી સાંભળી. તેથી બંને કન્યાઓના ઘા પર તથા તેમના મુખમાં ચરણામૃત રેડતાં તરતજ તેઓ આળસ મરડી ઉઠી બેઠી થઇ.

આંખો ચોળતી કપડાં સંભાળતી સુરસુંદરી બોલીઃ "બ્હેન! આપણને સુખ નિદ્રામાંથી કોણે જાગૃત કર્યા? મ્હને લાગેલો છુરીનો ઘા કોણે રૂઝવ્યો? કોણે જીવતદાન દીધું?" તેણે માતા સ્હામું હાથ જોડી કહ્યુંઃ "હે સતી ચામુંડે! વળી અમને શા માટે ત્હેં દુખીઆં કર્યા? હજી અમારા દુઃખનો અંત શું નથી આવ્યો? મા! ત્હને ત્હારી પુત્રીઓ પર દયા નથી આવતી?"

શિખરાજ સરદારોસહ સાવધ થતાં આ અપૂર્વ દેખાવ જોઈ હર્ષ ઘેલા બની ગયા, અને વારંવાર મહામાયાને નમન કરી સ્તુતિ કરવા લાગ્યા.

રણધીરઃ "હે બાળાઓ! જો તમારી ઇચ્છા હોય તો હું તમારૂં પાણી ગ્રહણ કરવા તૈયાર છું."

રણજીતઃ "બહુ ઉત્તમ વાત. મ્હારી બાપુડીઓ! સરદાર રણધીરની ઇચ્છાને અનુગત થાઓ."

બંને બાળાઓ બોલી ઉઠીઃ "મહારાજ! આ અસાર સંસારનો સ્વાદ બરોબર ચાખ્યો. અમારો વિચાર આ વ્યાધિ, ઉપાધિ અને આધિથી ભરેલા ભવ સાગરમાં પુનઃ પડવાનો નથી. અમારા મનમાં શ્રી ઇચ્છા

શક્તિએ પ્રેરણા કરી છે, તેથી અમે આ ભવ–જાળમાં પડવા ઇચ્છા રાખતાં નથી. બ્હેન અનુપ ! તું અખંડ સૌભાગ્યવતી રહેજે, અને અમારો અપરાધ ક્ષમા કરજે.”

અનુપઃ “ મ્હારી વ્હાલી બ્હેનો ! આપના આશીર્વાદથી મ્હારૂં મંગળ હજો, પણ હું કર જોડી નમન કરી કહું છું કે ‘ તમે બંને જણ સહપત્નિઓ થાઓ,’ અને હું તમારા ચરણની શિષ્યા થઇ રહીશ. ”

સુરઃ “સતી અનુપ ! હવે આ મહાન દુઃખરૂપ સંસારમાં ગોથાં ખાવાનો અમારો વિચાર નથી. માટે બ્હેન, તું શાન્ત થા અને સંસાર યાત્રા સુખેથી કર. અમે હવે હિમાળુ બાવાની ત્રિતાપ ટાળક ગુફામાં આશ્રમ કરી; મહાત્માઓના ચરણમાં નમન કરી ભવતારણ બોધ પામી આત્મસ્વરૂપમાં લીન થઇશું, અને ભગવદ્ સ્વરૂપ પ્રાપ્ત કરીશું. મનુષ્ય જન્મ પામીને વારંવાર જન્મ મરણ મળ્યાં કરે એવી સંસારિક માયા જાળમાં હવે અત્યારે ગુંથાવું નથી. હવે અમે ભગવાનનું ભજન કરી તેના સ્વરૂપમાં મળી જવાય અને પુનઃ જન્મ મરણ ના થાય એવીજ ઉપાસના કરીશું. બ્હેન ! હવે તો શાન્તિ, શાન્તિ. હર, હર, મા ઉમે ! ” એમ બોલી ભદ્રકાલીને પ્રણામ કરી બન્ને સત્વર હિમાચળ તરફ ચાલી ગઇ.

આ બનાવ પછી કંઇક હર્ષમાં અને કંઇક વિષાદમાં શિખરાજ, અનુપકુમારી અને સર્વ મંડળ છાવણી તરફ રવાના થયું.

## પ્રકરણ ૩૦ મું.

### ઉપસંહાર.

હિમવાનના ધવળ શિખરોમાંથી ફુંકાતી પવનની લ્હેરીઓ, સુગંધિત પુષ્પ પરાગ યુક્ત થઈ, વિતસ્તાના જળ પર પડી છાવણીવાળા તંબુમાં પ્રવેશ કરી, શિખરાજના મગજને શાન્તિ આપી આરપાર નિકળી જતી હતી. નિરાપદ થયેલાં પંખીઓ સફેદા, શેતુર અને



દ્રાક્ષાદિની લતાઓમાં યથોચિત શિખરાજના યશોગાન ગાઈ રહ્યાં હોય તેમ કલરવ કરી રહ્યાં હતાં. આ વખતે, ઘણા કાળથી રાજ્ય પ્રાપ્તિની જીજ્ઞાસાથી કમ્મર કસી મક્કમપણે વિજય મેળવવા મથન કરનાર મહારાજ રણજીતસિંહ કાશ્મીર–દેવભૂમિ પર વિજય પતાકા ઉડાવી, ભારતવર્ષમાં યશ મેળવી પરમોલ્લાસમાં પલંગ પર પાસાભેર સુઈ હુક્કો ગડગડાવતા અને જમાદાર ખુશાલસિંહ સાથે વાતો કરતા હતા. આ પ્રસંગનો લાભ લઈ ખુશાલસિંહ બોલ્યોઃ “ કૃપાનાથ ! હવે સ્વદેશે જવું ઇષ્ટ છે.”

રણજીતઃ “ મ્હારો પણ એવોજ વિચાર છે. આ દેશની વ્યવસ્થા કરી થોડા વખતમાં સ્વદેશ જઇશું. હવે કંઈ હરકત નથી. જે તોફાની બળવાખોર સરદારો હતા તેઓ માર્યા ગયા છે, અને બાકીના શરણે આવ્યા છે. એટલે ફરી હુલ્લડ થવાનો સંભવ નથી, પછી તો ગુરૂ ગોવિંદ જાણે. ખુશાલસિંહ ! આપણે હજી અહિં ઘણાં મહત્વનાં કાર્ય કરવાનાં છે. તે વિદાય થતા પહેલાં થઇ જવાં જોઇએ.”

ખુશાલઃ “ બરોબર છે પૃથ્વીનાથ ! ”

રણજીતઃ “ સાંભળ, કાશ્મીરનો સુબો કોને નિમવો એ બહુ જરૂરનું કાર્ય છે. વળી કૃપક શિવદયાળ, ધર્મસિંહ અને અર્જુનસિંહ એમને માટે શું વ્યવસ્થા કરવી ? શરણે આવેલા પૃથ્વીસિંહ, દુર્જયસિંહ અને સરદાર મલહરસિંહના અનુયાયીઓ માટે શું બંદોબસ્ત કરવો ? વળી પરાસ્ત સુબા મહમદ આઝીમખાંન, દિવાન જવાળાપ્રસાદ, વજીર મુજફ્ફરખાં અને જબરખાં ઇત્યાદિ મ્હોટા દરજ્જાના નોકરો માટે પુખ્ત વિચાર કરવાનો છે.”

ખુશાલઃ “ જી મહારાજ ! એ સર્વે બહુજ મહત્વનાં કાર્ય છે. તેનો વિચાર કરવાનું આપ કૃપાનાથના ધ્યાનમાં આવતું હોય તો હરિસિંહ, લેહનાસિંહ, ભાઇ મોતીરાય, ખોદાયાર, છતરસિંહ, ધોકળસિંહ અને દિવાન એમને પણ સમક્ષ રાખવા જોઇએ. ”

“ હા, સત્ય છે. વળી એમ કરવામાં આપણને કંઇ હરકત નથી. જો કદાપિ તેમનો અભિપ્રાય આપણાથી ભિન્ન હશે તો તેમની સમજાવટ કરી અનુકૂળતા જાળવી યોગ્ય વ્યવસ્થા કરી લઇશું, માટે આવતી કાલે અગીઆર વાગતાં દરબારમાં ઉપર જણાવેલા સરદારો સાથે કુમાર ખડકસિંહ,

કૃષક શિવદયાળ, ભૃત્ય ધર્મસિંહ, અર્જુનસિંહ અને પરાસ્ત મહંમદ આજીમખાંના દિવાન જવાલાપ્રસાદ, વજીર મુજફરખાં વગેરે જેને માટે વિચાર કરવાનો છે તે સર્વે હાજર થાય."

હાથ જોડી ખુશાલસિંહ બોલ્યો: " બહુ ઉમદા વાત મહારાજ. ફરમાન મુજબ આજ રોજ તેમને ખબર આપી દઇશ."

બીજે દિવસે સર્વ દરબારીઓ તથા ઇતર જનો દરબારમાં હાજર થયા એટલે શિખરાજની સ્વારી પધારી. તેમને યથાયોગ્ય માન આપી સર્વે નમનપૂર્વક પોતપોતાને સ્થળે બેઠા.

આ અવસરે જમાદાર ખુશાલસિંહ આગળ આવી બોલ્યો: " મહા પ્રતાપી પંજાબપતિ મહારાજાધિરાજની આજ્ઞાથી કાશ્મીર-રાજ્યની વ્યવસ્થા કેવી રીતે કરવી તે બાબતની રાજઆજ્ઞા જાહેર કરૂં છું કે: આપણે આ અમર ભૂમિ પર જીત મેળવી જે કંઇ યશ પ્રાપ્ત કર્યો છે, તે ખરેખર ગુરૂ ગોવિંદની કૃપાનું ફળ છે. તેમ છતાં આ લાભ મેળવવામાં તમે જે પુરૂષાર્થ કર્યો છે અને જાતે કષ્ટ વેઠી પ્રાણની દરકાર રાખ્યા વગર સત્ય નિષ્ઠાથી સ્હાયભૂત થયા છો તે માટે આ પંજાબના સિંહ મહારાજાધિરાજ રણજીતસિંહ આપ સર્વને ધન્યવાદ આપે છે. અને ભવિષ્યમાં તમે સર્વે એવાજ દ્રઢ રાજભક્ત રહી પ્રસંગોપાત કીર્ત્તિ મેળવો એવી તેઓ તમને આશીષ દે છે."

" મોકમચંદનો પુત્ર મોતીચંદ, એ એક પ્રમાણિક, આબરૂદાર ઉત્સાહી, સાહસિક, પરાક્રમી, રાજ્યકાર્ય નિપુણ ખાનદાન કુટુમ્બનો પુરૂષ છે. તે વખતો વખત સંકટ વેઠી રાજ સેવા બજાવે છે. કુમાર ખડકસિંહ સાથે રણાંગણમાં ઉતરી તેણે યશ પ્રાપ્ત કર્યો છે. એમના સિવાય બીજા નર રત્ન પુરૂષો ખાલસા દળમાં ઘણા છે, પણ તેઓ પોતાનું વતન છોડી આ અલૌકિક પણ એકાંતિક પ્રદેશમાં રહેવા કબુલ નહિ થાય, માટે ખુદ શિખરાજ ફરમાવે છે કે તેમને આ રાજ્યના સુબા તરીકે નિમવામાં આવે છે. તેમણે રાજ્યનો હિસાબ અને હેવાલ વખતો વખત મહારાજને જઈ જાહેર કરવો."

આ આજ્ઞા સાંભળી સર્વે એકે અવાજે બોલી ઉઠયા કે: " તે કાર્યદક્ષ અને વિચક્ષણ પુરૂષ છે, માટે યોગ્ય શાસન પદ્ધતિથી તે પ્રજાનું સંરક્ષણ કરશે. "



ખુશાલસિંહે પુનઃ કહ્યું: " કૃષક શિવદયાળ, હાલ જ્યાં વસે છે ત્યાં તેને એક મકાન બાંધી આપવું. અને તેને તાબે જે જમીન છે તે સિવાય વિરાંગ નગરના તાબાના પ્રદેશમાંથી તેની જમીનને લગતો ચોથો ભાગ યાવત્ચંદ્ર દિવાકરૌ વંશ પરંપરા, વગર ખંડણીએ બક્ષિસ આપી તેને રાજ્યનો એક વિશ્વાસુ સરદાર બનાવવામાં આવ્યો છે. વળી રાજઆજ્ઞા થાય છે કે, ધર્મસિંહને વંશ પરંપરા પાળવો."

" વિરાંગ નગરનો જે ભાગ સરદાર શિવદયાળને બક્ષિસ આપવામાં આવ્યો છે તે સિવાયનો તમામ પ્રદેશ અને મૃત સરદાર મલહરસિંહનો વિચિત્ર દુર્ગ રાજ્યની સાથે જોડી દેવામાં આવે છે. મહારાજાધિરાજ કૃપાવંત થઇને મૃત સરદારની કુલ કામિનીઓને વસવા એક મકાન અને તેમના નિર્વાહ માટે સારી રકમ આપવા સુબાસાહેબને હુકમ કરશે."

" ગુણુર નગરના સરદાર અર્જુનસિંહે રાજ્યને સારી મદદ કરી છે, તેજ પ્રમાણે તે વિશ્વાસુ રહી રાજ્યને મદદ કરતો રહેશે ત્યાં સુધી તેના નગર પર લેવામાં આવતી ખંડણી માફ કરવામાં આવે છે."

" પૃથ્વીસિંહ, એ મૃત સરદાર મલહરસિંહનો અનુયાયી હતો ખરો પરંતુ આખરે શિખરાજને શરણે આવ્યો છે. શરણાંગતને પાળવો એ ધર્મ છે એમ જાણી મૃતસરદાર બલેન્દ્રસિંહ જે સુરૂની જાગીર ભોગવતો હતો, તે જાગીર પાછલા વહિવટ પ્રમાણે બીજો હુકમ થતા સુધી તેને હવાલે કરવી, અને બલેન્દ્રસિંહની બે કન્યાઓ જે તિર્થાટન કરવા નિકળી છે, તે આવે તો તેમનું તેણે પોતાની સહોદરા ભગિનિઓ જાણી લાલન પાલન કરવું."

" દુર્જયસિંહ, જેણે આપણી વિરૂદ્ધ પગલાં ભરવામાં ન્યૂનતા રાખી નથી, તેમજ દયા દર્શાવવા જેવો નથી, છતાં તેના પર શિખરાજને દયા આવે છે તેથી કૃપાવંત ફરમાવે છે કે તેણે બીજો હુકમ થતાં સુધી દુપ્પટ ખંડણી ભરી પર્ણપુરની જાગીર ભોગવવી."

" જે અન્ય સરદારોએ અયોગ્ય વર્તન બતાવ્યું નથી, કિંવા ગુપ્ત રીતે પણ શત્રુને સ્હાયભૂત થયા નથી એમ જણાયું છે, અને જેઓ શરણે આવ્યા છે, તેમને મૂળ શિરસ્તા પ્રમાણે તેમની જાગીર મળવાનો હુકમ થશે."

"ઇતિર લોકોએ બળવાખોર મલહરસિંહના પક્ષમાં રહી વિરૂદ્ધતા દર્શાવી છે, તેવા બદમાશ મનુષ્યોને હદ પાર કરવાની આવશ્યકતા છે છતાં શિખરાજ ફરમાવે છે કે તેઓ જેટલો વખત નિમકહલાલીથી વર્ત્તશે તેટલો વખત તેમને આ દેશના આશ્રય નીચે રહેવા દેવામાં આવશે."

"પરાસ્ત હાકેમના દિવાન જ્વાળાપ્રસાદ, વજીર મુજફ્ફરખાં અને સેનાપતિ જબરખાંને આ દેશની હદ બહાર પરવાનગી વગર જવા આવવાની મના કરવામાં આવે છે, અને હાલના સુબા મોતીરામને આજ્ઞા કરવામાં આવે છે કે તેઓને દર માસે યોગ્ય રકમ આપવી. જો તેઓ રાજદ્રોહી માલમ પડે તો તેમને રાજ કેદી તરીકે રાખી તેમની મિલ્કત જપ્ત કરવી."

"ઉપર દર્શાવ્યા પ્રમાણે કાશ્મીરપતિ મહારાજાધિરાજની આજ્ઞા છે; છતાં કોઈને કંઈ વાત જાહેર કરવી હોય તો તે વિદિત કરવું."

સર્વ સરદારોએ વિદિત કર્યું કેઃ "મહારાજાધિરાજ કાશ્મીરાધિશ્વરે યોગ્ય રાજ્ય વ્યવસ્થા કરી છે. તેથી અમને સંતોષજ છે."

અંતે તાબાના સરદારોએ વારા ફરતી તખ્તને માન આપી મહારાજનું દીર્ઘાયુષ ઇચ્છ્યું. ખુશાલીના પોકાર વડે નમન કરી આકાશ ગાજી રહ્યું. ત્યાર પછી સભા બરખાસ્ત થતાં વિજયનાં વાજીત્ર વાગ્યાં. સર્વત્ર આનંદ પથરાઇ રહ્યો.

સમાપ્ત

## ન્હાની વાર્તાઓ.

# १–डाक्टरनी अज्ञानता !

૧

ડાક્ટર માધવપ્રસાદ શુકલ એમ. બી. ની પરિક્ષામાં પાસ થઇને, પહેલેજ દિવસ જ્યારે ગામમાં આવ્યો તે દિવસે ભરૂચનાં ઘણાં માણસોનાં ટોળાં તેને મળવા ગયાં હતાં. ભરૂચના વયોવૃદ્ધ માણકેશ્વર શાસ્ત્રીએ ત્હેના માથા ઉપર હાથ ફેરવી આશિર્વાદ આપ્યો કેઃ "ચીરંજીવી થાઓ બચ્ચા ! ત્હારે લીધે માત્ર ત્હારા બાપ દાદાનુંજ નહિ પણ આખા ભરૂચ શેહેરનું મુખ ઉજ્જવળ થયું છે."

માધવપ્રસાદ ઘરમાં જઇને માતાને નીચો વળી પગે લાગ્યો. ઉભો થતાંજ માતાએ તેના માથા ઉપર હાથ મુકી આશિર્વાદ આપ્યો કેઃ "ગરીબ દુઃખી લોકોનાં દુઃખ ટાળજે બેટા ! જેને આ સંસારમાં ભગવાન સિવાય કોઇનો આધાર નથી તેમની સેવા કરવાથી ભગવાનનીજ સેવા કરી કહેવાય છે. લોકો જ્યારે ત્હને રત્ન કહેશે ત્યારેજ ત્હને ગર્ભમાં ધારણ કર્યાનું હું સાર્થક માનીશ.

માધવપ્રસાદે બે હાથ જોડી માથું નમાવી કહ્યુંઃ "માતા ! ત્હમારો આશિર્વાદ શું કદી પણ નિષ્ફળ થાય છે? હું જીવતોડ મેહેનત કરીને ગરીબ દુઃખી લોકોની સેવા કરીશ."

૨

માતાનો આશિર્વાદ માથે ચ્હડાવીને માધવપ્રસાદે ડાક્ટરી કામ કરવાની પ્રતિજ્ઞા કરી. માધવપ્રસાદની ઇચ્છા હતી કેઃ "તેણે કોઈ એક મ્હોટાં

શેહેરમાં જઇને સ્વતંત્ર રીતે ધંધો શરૂ કરવો. પરંતુ તેના પિતા વેણીપ્રસાદે કહ્યું કે: " નોકરી કરવી પડશે. "

વેણીપ્રસાદ જુના જમાનાના અને સબજડજ હતા. લાંબા વખત સુધી સબજડજની નોકરી કર્યાં પછી ગયાં પંદર વર્ષ થયાં તેઓ ઘેર બેઠાં બેઠાં શાંત રીતે પેન્શન ખાયા કરે છે. સરકારી નોકરી ઉપર તેમને અસીમ વિશ્વાસ અને પ્રેમ હતો. તેમણે કહ્યું: "માધવ! શું ઘરડા માણસની શિખામણ માનશે કે ? ગમે તેમ પણ નોકરી કરવાથી મહિનો થતાં પૉસ ભરાય એટલો પગાર હાથમાં આવશે. ચાકરીમાંજ દુધ પુરીની મઝા છે બચ્ચા ! સ્વતંત્ર દવાખાનું ઉઘાડતાં કેટલી મેહેનત છે તેની કંઈ ખબર છે ? ઘરાકો આવતાં આવતાં કેટલોએ વખત નિકળી જાય અને જો કોઇ ઘરાક ના આવ્યું તો દુકાન બંધ પણ કરવી પડે ! નોકરી કરવાથી હજારો માણસોના સંબંધમાં અવાશે, હજારો ઓળખાણ થશે. કેટલા નવા નવા રોગોની ચિકિત્સા કરવાનો લાગ મળશે. મોટા મોટા અંગ્રેજ ડાકટરોની દોસ્તી થશે. હજારો પ્રકારની દવાઓ જાણવામાં આવશે. ત્હારે સ્વતંત્ર દુકાન ખોલવી નહિ. સરકારી નોકરી લઇને "આસિસ્ટન્ટ સર્જન" થઇ જા ! કેટલા બધા નવા દેશો જોવાના મળશે. કેવી સારી સરકાર છે ! એ ઠેકાણે ગુણની કદર નથી એવું કહેનાર હડહડતો જુઠો છે ! એ તો રામરાજ છે ! ત્યાં વાઘ બકરી એક કિનારે પાણી પીએ છે સમજ્યો ! મ્હેં આઠસો રૂપિયાની સબ જડજની નોકરી કર્યાં પછી હમણાં મ્હોટું પેન્શન મળે છે એ શું ઓછું સુખ છે ! ગુણ બતાવશે તો તું પણ કાલે ડાકટર ભાલચંદ્રની પેઠે સી. આઈ. ઇ. થશે. સિવિલ મેડિકલ ઑફિસરના ઓદ્ધા પર પ્રમોશન મળશે. એ શું થોડું માન છે! એ કાંઈ થોડી આબરૂ છે! બહારની પ્રેકટીસ ત્હારી કોણ બંધ કરશે ? જીભ મીઠી હશે તો આખું જગત્ ત્હારી દવા કરશે. ત્હારી દવામાં ગુણ હશે તો બધા રોગી ત્હારી પાછળ પાછળ ફરશે. પૈસાનું તો પુછવુંજ શું ? રોજ પૈસાનો ઢગલો થશે ઢગલો, સમજ્યો બેટા ! આજકાલ કેટલાક છોકરાઓને એક પ્રકારનો નવો રોગ થયો છે ! ઘરનાં વડીલોના આજ્ઞા માનવી નહિ. તેમના સ્હામું બોલવું અને " સ્પિરિટ " બતાવવો !



નોકરીને ગુલામગીરી માનવી અને સ્વતંત્ર ધંધો કરવાની હઠ લઇ બેસવું ! દિકરા ! આ એક જાતનો નવો રંગ છે ! એમ કંઇ ધંધો થતો નથી. એમ કંઇ " સ્વદેશી " થઇ જવાતું નથી. એમ કંઇ દેશનું કલ્યાણ થઇ જવાતું નથી. અમે તો જુના જમાનાના લોક છીએ. બે હાથે પાઘડી ઝાલીને ચાલનાર છીએ. અમારા કહ્યા પ્રમાણે વર્તશે તો સુખી થશે. "

પિતાની આજ્ઞા માથે ચ્હડાવી માધવપ્રસાદે સરકારી નોકરી લીધી. પ્રથમજ તેને મુંબઇની મેડિકલ કૅાલેજમાં મોકલ્યો. ત્યાં તેણે શિક્ષકના કામની શરૂઆત કરી.

૩

બે વર્ષ પછી માધવપ્રસાદને જંબુસર તાલુકાની સરકારી હૉસ્પિટલમાં મોકલ્યો. ત્યાં તે પોતાની પત્ની વિદ્યાલક્ષ્મીને સાથે લઈ ગયો. બહારગામમાં આજ ત્હેની પ્રથમ નોકરી હતી.

હૉસ્પિટાલના રોગીઓની દવા કરવામાં અને સેવા કરવામાં તેનો આખો દિવસ પરમ આનંદમાં જતો હતો. થોડા દિવસમાંજ રોગી લોકો સમજવા લાગ્યા કે પહેલાં આવો ડાકટર કોઇ દિવસ આવ્યો નથી. તેની મીઠી મીઠી વાતોથી, તેની દયાળુ વર્તણુકથી અને તેની સારી દવા–માવજતથી, ઇસ્પિટાલમાં દરરોજ રોગીઓની સંખ્યા વધવા લાગી. જેઓ એવું સમજતા હતા કે ધર્માદા દવાથી રોગ મટતો નથી અને સરકારી દવાખાનામાં ફક્ત પાણીની બાટલીઓજ ભરી આપે છે તેઓની એવી સમજણ થોડા દિવસમાંજ મટી ગઈ! રોગી લોકો માધવપ્રસાદને ફક્ત ડાકટરજ નહિ પણ પોતાના સુખ દુઃખના બંધુ, દુઃખીના દુઃખે દુઃખી જાણવા લાગ્યા. તેના મીઠા શબ્દોથી અને આશ્વાસનના શબ્દોથીજ તેમનું અર્ધું દુઃખ ઓછું થઇ જતું ! માધવપ્રસાદ રોગીઓના સુખદુઃખની વાત ધ્યાન દઇને સાંભળતો, અનેક દરદીઓને પૈસાની મદદ કરતો. ગરીબ દરદીને ઘેર જોવા જતી વખતે પોતાની ફી તો શું પણ ગાડી ભાડું સુદ્ધાં પોતાના ગજવામાંથી આપતો, એટલુંજ નહિ પણ વખતો વખત તેઓને બે પાંચ રૂપિયા ખાવા માટે પણ આપી દેતો! દવા પણ એવી બુદ્ધિ પહોંચાડીને આપતો કે જેથી

દરદીઓને ઝટ આરામ થઇ જતો. પ્રત્યેક દરદી ઉપર તે બેહદ દયા રાખતો. માધવપ્રસાદની આવી ટેવને લીધે દરિદ્ર રોગીઓનું હૃદય શ્રદ્ધા ભક્તિથી ભીંજાઇ જતું. ગરીબ કંગાલ ખેડુતો અને મજુરો આ ઉપકારનો બદલો કેવી રીતે વાળી આપવો તેનો નિશ્ચય કરી શકતા નહિ !

ગામના સારા સારા માણસોની બેઠકોમાં ડાક્ટરની ચર્ચા ચાલવા લાગી. ન્હાનાં ગામોમાં એવા કેટલાક અખાડા હોય છે જ્યાં રાતે કે દિવસે નવરા પડતાં પાંચ પચીશ માણસો બેસી વાતોના તડાકા મારે છે! જમીનદાર કરૂણાશંકરને ઘેર ઘણાં વર્ષથી એવો એક અખાડો હતો. કેમ ના હોય ? મ્હોટા લોકનાં છોકરાંને ઘેર એવી બેઠક ના થાય તો પછી થાય પણ ક્યાં ? માધવપ્રસાદના પિતા વેણીપ્રસાદે જંબુસરમાં બે વર્ષ મુન્સફી કરી હતી. કરૂણાશંકરે કહ્યું: " અહા ! તેમનો કેવો દયાળુ માયાળુ સ્વભાવ ! તેમની પાસે ન્હાના મ્હોટા સૌ સમાન હતા. મ્હોડામાંથી કેટલા બધા મીઠા શબ્દો બોલતા ! જ્યારે જોઇએ ત્યારે હસતાજ ! આનંદી ! તેમણે કોઈ દિવસ, કોઇની ઉપર અમલદારનો મિજાજ બતાવ્યો નથી ! આજકાલના અમલદારો મનમાં એવું ધારે છે કે: પ્રજાની સાથે છુટથી ભેળાવાથી તેમનાં માન મરતબો ઓછાં થાય છે ! કોઇ સારો ગૃહસ્થ મળવા જતાં એવુંજ ધારી લે છે કે: તે કોઇ મુકરદમાની વાત કહેવા આવ્યા હશે. કોઇની સિફારસ કરવા આવ્યા હશે પણ વેણીપ્રસાદે તેવો વિચાર કદી કર્યો નહોતો. જે કોઇ તેમને મળવા આવતું તેમને હસીને બોલાવતા, માન આપતા અને પાન સોપારી આપવામાં પાછા હઠતા નહિ. અહા ! કેવા માયાળુ ! કેવા ભલા સ્વભાવના ! "

કરૂણાશંકરના ઘરમાં દિવાનખાનું ભરાઈ ગયું હતું. સૌ વાળુ કરીને આવ્યા હતા, એટલે હવે માત્ર ઉંઘવા સિવાય તેમને બીજું કાંઇ કામ નહોતું. રાતના આઠથી અગીઆર વાગ્યાનો વખત કાઢવો પણ ક્યાં ? જૂદા જૂદા સ્વભાવના, જૂદી જૂદી જાતિના સભાસદો આવી ગપાંટા મારતા હતા. આજે માધવપ્રસાદનીજ વાત નિકળી હતી.

કરૂણાશંકરના બોલ્યા પછી તરતજ કિરપાશંકર હાથમાં ચુનો તંબાકુ



ચોળતા અને તેને ટપલીઓ મારતા બોલ્યા: "ભાઇ ! અસલ ખાનદાની માણસો એવાંજ માયાળુ હોય છે. તેમના કુળમાં એવાંજ માયાળુ રત્નો પાકે છે."

એક જણ પાછળથી બોલી ઉઠ્યો: "તમે ગમે તેમ કહો પણ છોકરો વૈદક ધંધાની આબરૂ ધૂળ કરવા બેઠો છે ! દરદીઓને પૈસાની લાલચ આપી વશ કરે છે. સદ્ભાગ્ય છે કે મુન્સફ પિતાને પેન્શન મળે છે ! આટલું બધું કરવું એ કાંઈ સારૂં કહેવાય ? અમે જો એ પ્રમાણે કરીએ તો અ-મારોએ ધંધો સારો ચાલે ! ધંધો વધારવો એમાં શું મોટી વાત છે? પણ ભાઇ ! જેની દવાઓ રામબાણ છે તેને એવી લાંચ આપવાની શી દરકાર છે ? ગમે તેમ પણ હજુ છોકરો યુવાન છે ને ! "

ઉપલા શબ્દો બોલનાર દેશી વૈદ ડાક્ટર ચીમનલાલ હતા. હમણાં તેમનો ધંધો ઓછો થઇ ગયો છે. દવાખાનામાં બેઠા બેઠા ઘણો વખત માંખો મારવી પડે છે ! તેથીજ તેઓ આ અખાડામાં આવી ઘરાકો મેળવવાની તજવીજ કરે છે અને મફતની ચલમો ફુંક્યા કરે છે !

એક ત્રીજા માણસે ડાક્ટરના હાથમાંથી ચલમ લઇ દમ માર્યો, અને ધુમાડાના ગોટે ગોટ કહાડતાં કહ્યું: "એક દહાડો સાંભળ્યું હતું કે ચોર લોકો કુતરાને કટકો રોટલો ખાવાનો નાંખી તેમને ભસતાં અટકાવે છે ! તેમનું મોઢું બંધ કરે છે, પણ પૈસા આપીને દરદીઓનું મોઢું બંધ કરવાની વાત તો આજે પહેલીજ સાંભળી ભાઇ ! "

જમીનદાર કરૂણાશંકરે કહ્યું: "તમે લોકો ફક્ત તેના અવગુણજ જુવો છો. એવો કેમ વિચાર કરતા નથી કે ગરીબ દુઃખી દરદીઓનાં દુઃખ જોઈ તેમને બે પૈસાની મદદ કરવી એ તો મહા પુણ્યનું કામ છે. એવું સદ્ભાગ્ય કોનું હોય ? "

ચોથો સભાસદ બોલી ઉઠ્યો: " હા ! હા ! ભાઇ મ્હારા જાણે ભોળા મહાદેવજ ! લોકોના અવગુણ ઘણા ખરા તમારી નજરે ચડતાજ નથી. ભલા માણસો બધાને ભલાજ જુવે છે."

કરૂણાશંકરે ગંભીર મુખમુદ્રા કરી પાનની બીડી ખાધી તથા એક ચપટી તંબાકુ ચુનો હોઠ અને દાંતની વચમાં મુક્યો. તેના મનમાં એવા

વિચારો થવા લાગ્યા કે: "આ નશ્વર સંસારમાં આવો આનંદ બીજે ક્યાં છે ? સાથે શું લઇ જવું છે ? જે એ ઘડી આનંદમાં ગઇ તે ખરી ! અનેક માણસો ભરાય છે. વાતોના ગપાટા ચાલે છે. આનંદ થાય છે. એ ચાર પૈસાનાં પાન તંબાકુ સિવાય વિશેષ ખર્ચ પણ શું છે ? તેને બદલે આનંદ કેટલો બધો !"

૪

જંબુસરમાં પાંચ સાત હજાર માણસની વસ્તી છે. તેમાંએ ત્રણ મંડળી છે. તેમાં એક મંડળી ધર્મ ઉપર, બીજી મંડળી ડાક્ટર ઉપર અને ત્રીજી મંડળી સ્કૂલો ઉપર ચર્ચા ચલાવે છે. બ્રાહ્મણોમાં ધર્મ ઉપરજ તકરારો થાય છે. કોઇની જ્ઞાતિમાં કંઇ રિવાજ છે ને કોઇની જ્ઞાતિમાં કંઇ ! તેમાંજ તડ પડી ગયાં છે. એક તડવાળો બીજા તડવાળાનું પાણી પીતો નથી. કોઈ પરદેશ-ગમન કરી આવ્યો છે. કોઈએ પુનર્લગ્ન કર્યું છે. કોઈ પરદેશથી કન્યા લાવ્યો છે. રોજ રોજ કંઈ ને કંઇ ઝગડો ચાલતોજ હોય ! કોઇ દહાડો જંપીને બેસવાનો વારો નથી. રોજ રોજ રાતે મંડળી ભેળી થતાં એજ ચર્ચા ! બાપ એક તડમાં, દિકરો બીજા તડમાં ! સાળો એક તડમાં, બનેવી બીજા તડમાં ! એક બીજાના તડમાં જમવા જતાં ધર્મ ભ્રષ્ટ થવાય છે પરંતુ રાતને વખતે દારૂના બાટલા ઉડાવવામાં અને બ્રાહ્મણ ધર્મને અયોગ્ય એવું માંસ ખાવામાં તૈયાર ! કેટલાક બ્રાહ્મણોને તો રાતે દારૂ પીધા વિના ખાવાનું હજમ થતું નથી ! ગામમાં કેટલાક દેશી વૈદો છે. તેમાં પણ એક બીજાને વિરોધ ! તેમાં પણ તડ પડયાં છે ! એક તડવાળા પોતાનો પગ પેસારો વધારવા માટે બીજા તડવાળાઓને ગાળો દે છે ! તેમની નિંદા કરે છે. બીજા તડવાળા ખાનગી રીતે ગાળો દઈને ઉઘાડી રીતે તેમના ઉપર બદનક્ષીની ફરિઆદ કરવાની ધમકી આપે છે, તેથી પહેલા તડવાળા કીડીનાં દર શોધે છે ! આ પ્રમાણે પક્ષાપક્ષી થવાથી જંબુસર સારી પેઠે જાગૃત થઇ ઉઠયું છે ! દરરોજ જ્યાં ત્યાં નવા જૂની, સાચી જુઠી, સુધારા વધારાવાળી વાતો સાંભળવાનો આનંદ મળે છે. કેટલાક મધ્યસ્થ માણસો એક પક્ષની વાત સાંભળી, થોડીક ડીગ્રી વધારો સુધારો કરી, તેજ વાત બીજા પક્ષવાળાને કહે છે ! એટલે પછી જોઇ લ્યો મઝા !



ડાક્ટર માધવપ્રસાદ કોઈ પણ પક્ષમાં ભેળાયો નહોતો. તે બધાંની જોડે મળતો હળતો અને બોલતો હતો. કોઈની નિંદા કે સ્તુતિ કરવાની તેને ટેવ નહોતી. તેને મનથી બધાજ સારા હતા. પક્ષવાળાઓ તેને પોતપોતાના પક્ષમાં લેવાને આકાશ પાતાળ એક કરી રહ્યા હતા, પણ તેમાં નિષ્ફળ થયા ! તે વખતે એક માણસે કહ્યું કે: "એનો કંઇ પ્રિન્સિપલજ નથી ! ઢંગધડા વગરની વર્તણુક તે કાંઈ માણસાઈ છે ?"

બીજા પક્ષવાળા એક જણે કહ્યું: "છોકરો નકામો છે ! કાંઇ અક્કલ નથી ! આવો અક્કલ વગરનો માણસ તો અમે કોઈ જોયો નહિ !"

ત્રીજા પક્ષવાળા એક માણસે અભિપ્રાય આપ્યો કે: "ગમે તેમ પણ હજુએ બાળક છે. બુદ્ધિ પાકતાં હજુ ઘણી વાર છે ! પાંચ માણસમાં બેસી વાતમાં ટાપસી પુરવી એ કાંઈ લાડુબાડુ ખાવાનું કામ છે ?"

જંબુસરમાં ઑફિસરોની એક "મંડળી" છે. આજના જમાનામાં તેનું નામ બદલાઇ ગયું છે. હવે "મંડળી" ને બદલે "ક્લબ" કહેવામાં આવે છે. એક જમાનો એવો હતો કે તે વખતે એવી મંડળીઓમાં કાંઇ પૈસા આપવા પડતા નહોતા અને ભારે ખર્ચ પણ થતો નહોતો ! આજે તો મહિને રૂપિયો, બે રૂપિયાનો ચાંદલો કરવો પડે છે. સોડા, લેમન, બીસ્કુટ, આઇસ્ક્રીમ, પોર્ટવાઇન, વ્હીસ્કી વિગેરેનો સ્વાદ ચાખવાનું મળે છે ! ચોપટ કે સેતરંજની બાજી રમવાનું ચાલ્યું ગયું છે તેને બદલે પાનાં, બીલીયર્ડ, બીઝીક ચાલી રહ્યાં હોય છે ! હોય ! એ ઘડી આનંદનો વખત છે ! તેમાં મન ગમતી મોજ કરે તેમાં શું જતું રહ્યું ? ઘણીએ ક્લબોમાં એવુંજ જોવામાં આવે છે ! તેમના આનંદના વખતમાં ગમે તે કરે ! તેના ઉપર ટીકા કરવાનો કોઇને હક નથી !

ઑફિસરોની ક્લબમાં ઘણા મેમ્બર નથી. તેથી ત્હેને ક્ષુદ્ર કહેવામાં આવે છે. શેહેરના કોઈ રહેવાસીને આ ક્લબમાં દાખલ કરતા નથી. ડાક્ટર માધવપ્રસાદ "ગેઝેટેડ ઑફિસર" હતા તેથી તેમને પોતાની ક્લબમાં મેમ્બર બનાવવામાં ઑફિસિયલ "એરિસ્ટોક્રેસી" સ્વલ્પ થવાની શંકા નહોતી ! તેથી ડાક્ટરને કહ્યું કે: "આવો ! તમે અમારી ક્લબમાં આવો.

આપણે અમલદારી રીતિ પ્રમાણે હસીશું ! અમલદારી રીતિ પ્રમાણે ઉધરસ ખાઈશું ! આપણી અમલદારી વાતોમાં જે હુંકારો નહિ ભણે તેમને વેગળેથી નમસ્કાર કરીશું ! હે મીઠું બોલનાર, થાકેલા મુસાફર ! તું અમારી મંડળીમાં ભળવાને અયોગ્ય નથી. તું સર્વ વાતે લાયકજ છે. આવ. ”

ડાક્ટર માધવપ્રસાદ મીઠું બોલનાર હતો. પરંતુ વધારે પ્રમાણમાં સ્પષ્ટ બોલનાર હોવાથી તે ઑફિસરોની મંડળીમાં દાખલ થઇ શક્યો નહિ! થોડાક દિવસ તે ક્લબમાં ગયો પણ ત્યાં સ્વાર્થ સિવાય પરમાર્થનાં કોઈ કામોની વાતજ સાંભળી નહિ અને એક પટાવાળા કાસમ મીયાં સિવાય બીજા કોઇ પ્રજા જનને નજરે જોયો નહિ. ફક્ત ચાર પાંચ અમલદારો ભેગા થતા અને ગંભીર ચ્હેરે, ઠંડે પેટે, વાતોના ગપાટા મારતા ! આધ્યાત્મિક કે પારમાર્થિક વાતો કે કામો ત્યાં તેણે કોઈ દિવસ સાંભળ્યાં નહિ. તેથી તે મનમાંજ કહેતો કેઃ “ આ તો સુમડાઓનું ટોળું છે, સુમડાઓનું!”

ડાક્ટરને જેવા સાધુ પુરૂષોની સંગતિ જોઇતી હતી તેવી મળી નહિ તેથી તેણે રંડા “ક્લબ”ને છેડો ફાડી આપ્યો અને પોતાના રોગીઓનાં દુઃખ દુર કરવામાંજ મન પરોવ્યું !

૫

એક દિવસ બપોરે, ગળામાં ફાંસો ખાધેલી એક સ્ત્રીને ગાડીમાંથી ઉતારી ઇસ્પીટાલમાં લાવવામાં આવી. તેના ગળામાં હજુ દોરી વિંટેલી જણાતી હતી.

એક યુવાન ભીલડીને પોતાના પતિ સાથે તકરાર થઇ. તેથી તેણે ગુસ્સે ભરાઈ ગળામાં ફાંસો ઘાલ્યો હતો. સદ્‌ભાગ્યે મરણ પામી નહિ. ઘરમાં હિંચકાને કડે દોરડું લટકાવી સ્વર્ગે ચઢી જવાની તેની ઇચ્છા હતી ! એટલામાં તેના ધણીએ પાછળથી આવી દોરડું કાપી નાંખ્યું, અને તેને ઉતારી લીધી. ત્યાર પછી તેના અચૈતન્ય શરીરને એક ગાડામાં નાંખી, તે પાન ખાતો ખાતો ગાડાની સાથે સાથે ચાલવા લાગ્યો. ગાડુ ઇસ્પિટાલમાં આવી પહોંચ્યું. તે યુવતીની સાસુ ગાડાની પાછળ પાછળ રડતી આવતી હતી. તે કહેતી હતી કેઃ “મ્હારા ક્યાં ભોગ લાગ્યા કે આવી અભાગણીને મ્હારે ઘેર લાવી ? ઓ બાપરે ! એના માબાપને કોગળિયું થાય ! ગાંઠ નિકળે ! ઓ બાપરે ! ”



યુવતીની સ્થિતિ શોચનીય હતી. ડાક્ટર માધવપ્રસાદ ભૂખ, તરસ, અને ઉંઘ છોડીને તેની દવા કરવા લાગ્યો. કેટલાક દિવસ દવા કરવાથી અને તેની માવજત કરવાથી તે સારી થઈ ઘેર ગઇ. તેના ધણીને પોલીસ કૉર્ટમાં દોરવામાં આવ્યો. યુવતી બચે એવી આશા નહોતી, પણ ડાક્ટરે બચાવી છે એવું જ્યારે સાંભળ્યું ત્યારે આખા ગામના લોકો ડાક્ટરનાં વખાણ કરવા લાગ્યા. ન્હાના ગામમાં વાત ફેલાતાં વાર શી ?

ડાક્ટરની એવી પ્રશંસા સાંભળતાં, ગુસ્સે ભરાયલા અદેખા, દેશીવૈદ ચીમનલાલે પોતાની વૈદોની મંડળીમાં કહ્યું કેઃ “ડાક્ટરો તો બધુંજ કરી શકે છે ! એમાં શું મોટો વાઘ માર્યો? છોકરીનો આવરદા હતો તેથીજ તે બચી ગઇ. અમે પણ એવા બસો પાંચ સો ફાંસો ખાધેલાને બચાવી શકીએ છીએ. ઓહો ! ”

એક બીજા દેશી વૈદ હરિશંકર ગાંજાનો દમ ખેંચતાં બોલ્યા કેઃ “મ્હારા દાદાએ ઘણાંએ માણસોને સ્મશાનમાં ગયલાં પાછાં વાળ્યાં છે ! કેમ બોલતા નથી ધીરજરામ કાકા ! તમને યાદ છે કે પેલા વાણિયાની વાત ! એ તો બુદ્ધિ જોઇએ. પૈસા ખર્ચ કરનાર આજે ક્યાં છે ?”

વળી એક ત્રીજા વૈદરાજ ઝીણાભાઈ ગાંજો ઘોતા ઘોતા બોલ્યા કેઃ “અમારા મામા રઘનાથ વૈદની વાત તમે સાંભળી છે ? તેમણે એક શેઠીઆને ચિતા ઉપર બળવા માંડેલો ત્યાંથી બચાવ્યો છે ! તેમની પાસે એવી એવી રામબાણ માત્રાઓ હતી કે જમરાજને ઘેર ગયલા જીવને પાછો બોલાવતા !”

એક પછી એક પેટના બળેલા દેશી ઉંટવૈદો ઠંડા પહોરની તોપો છોડવા લાગ્યા હતા. બધાએ ડાક્ટર માધવપ્રસાદ ઉપર ગુસ્સે ભરાયા હતા. જોતજોતામાં આખું ઘર ગાંજાની ચલમને પ્રતાપે ધુમાડાના ગોટેગોટથી ભરાઈ ગયું !

૬

વળી એક બીજે દિવસે બપોરે માધવપ્રસાદ પોતાના ઓરડામાં બેઠો બેઠો પિતાને પત્ર લખતો હતો. પોતાના અનુભવમાં આવતા ગરીબ દુઃખી દરદીઓનાં દરદ મટાડવાને તે કેવો પરમાર્થ કરી રહ્યો છે તેનું વર્ણન લખ-

વામાં તે એક ચિત્તે ગુંથાયો હતો, એટલામાં એક મ્હોટી ઉમ્મરની વિધવા ભરવાડેણ, મેલાં ફાટલાં લુગડાં પહેરી ઉતરેલે મ્હેરે કમ્પાઉન્ડમાં આવી.

એક નોકરડી ઓટલા ઉપર બેઠી બેઠી લાકડાં ફાડતી હતી. તેણે કહ્યું: "કોણ છે રે ડોસી! બહાર ઉભાં રહેતાં શું થાય છે? હમણાં શું ભીખ માંગવાનો વખત છે? હમણાં શું ત્હારે માટે ખાવાનું તૈયાર કરી રાખ્યું છે?"

નોકરડીના ગુસ્સા ભરેલા અવાજથી માધવપ્રસાદનું મન ખેંચાયું. તેણે બારીનો પડદો ખસેડી બહાર નજર કરી તો ઓટલા આગળ એક ગરિબ વિધવાને ઉભેલી જોઈ. તે બોલ્યો: "છીતલી? શું તું બધાંનેજ ભીખારી સમજે છે? તેનું મોઢું જોઇ શકતી નથી? નક્કી તેના કોઇ સગાને કાંઇ દરદ થયું છે. તેને મ્હારી પાસે આવવા દે."

છીતલી મનમાંજ બબડવા લાગી: "જાણે ધરમ રાજાનોજ અવતાર તો! આટલી બધી દયા કરે કેમ પાલવે? એવાં તો હજારો ભીખારીઓ આવશે." જાણે છીતલીના બાપનોજ લાડવો લૂંટાઈ જતો હોય તેમ ડાક્ટરને અને તેની વહુને વહાલી થવા બોલી; પણ ડાક્ટરના ધાકને લીધે તેને ઓરડામાં જવા માટે આંગળી વડે ઈશારત કરી.

વિધવા ભરવાડણ શરમાતી, લજાતી ડાક્ટરના સ્હામું આવી ઉભી. તેણે બે હાથ જોડી માથું નમાવ્યું.

ડાક્ટરે પુછ્યું: "તમારે શું જોઇએ છે ડોસી મા?"

ભરવાડણે નમ્રતાથી, ધ્રુજતા અવાજે કહ્યું: "બાપા! મ્હારી છોકરી બહુ માંદી છે. ઘણા દિવસથી તેને તાવ આવે છે. વૈદોની દવા કરી કરીને થાકી ગઇ પણ કાંઈ વળ્યું નહિ. તેથીજ હવે તમારી પાસે આવી છું બાપા! તમે એક વાર તેને જોઇ જાઓ તો પરમેશ્વર તમારૂં કલ્યાણ કરશે બાપા!"

ડાક્ટરે કહ્યું: "કેટલે વેગળે છે માજી?"

ડોસીએ જવાબ દીધો: "અહિંથી મ્હારૂં ગામ ચાર ગાઉ વેગળે છે બાપા!"



ડાક્ટરે કહ્યું: "ઓહો! તમે ઘણે વેગળેથી આવ્યાં છો. તમે મ્હને તેડી જવા માંગો છો? રૂપિયા આપી શકશો? મ્હારી ફી આઠ રૂપિયા છે. ઘોડાગાડીવાળો જે લે તે ખરૂં!"

ડોસીએ થરથરતે શરીરે કહ્યું: "બાપા! ગરીબ ઉપર દયા કરીને કાંઇ ઓછું નહિ લો બાપા? મ્હેં સાંભળ્યું છે કે તમે ઘણા દયાળુ માણસ છો. તેથી તમારે બારણે આવી છું બાપા! આટલા બધા રૂપિયા હું ક્યાંથી લાવું?"

ડાક્ટરે કહ્યું: "બધા ઉપર દયા કરતાં કેમ ચાલે માજી! વારૂ, તમે છ રૂપિયા મ્હને આપજો, અને ગાડી ભાડું તમારે માથે."

એક ઘોડાગાડીવાળાને બોલાવ્યો. ડોસીને ગામ જવાની વાત સાંભળી તે બોલ્યો: "સાહેબ, ત્યાં જવાનો કાંઇ રસ્તો છે? ખેતરોમાં થઇને જવું પડશે. ખાડા ખાબોચીયાં અને ટેકરા ઓળંગવા પડશે. જવા આવવાના પાંચ રૂપિયાથી ઓછું લઇશ નહિ સાહેબ!"

ડાક્ટરે બે મીઠા શબ્દો કહીને ચાર રૂપિયામાં તેને રાજી કર્યો. ગાડીવાળાએ ગાડી જોડી તૈયાર કરી.

ડાક્ટરે મનમાં વિચાર કર્યો કે: "દશ રૂપિયા આપવાને જે રાજી છે તેના ઘરમાં જરૂર પૈસા હોવા જોઈએ. ઘણા માણસો ઉપરથી કંગાલ સ્થિતિ બતાવી ઘરમાં પૈસા દાટી રાખે છે, પરંતુ વિધવા ભરવાડણે કેવી રીતે જીવને સાટે દશ રૂપિયા ભેગા કર્યા છે તે તેજ જાણતી હતી કે બીજો અન્તર્યામી જાણતો હતો!

૭

વૈશાખ મહિનો હતો. અતિશય તાપ પડતો હતો. છ મહિનામાં એક ટીપું વર્ષાદ પડયો નહોતો. નદી, તળાવ, સરોવર સુકાઇ ગયાં હતાં. ગામડાના રહેવાસીઓ પીવાના પાણીની તંગીને લીધે હાહાકાર કરી રહ્યા હતા. ગામને સીમાડે આવેલાં વિશાળ ખેતરો, જે એક વખત લીલાંછંમ અનાજ વડે ભરપૂર જણાતાં હતાં, જે સઘળાં ખેતરો, ગાઉના ગાઉ સુધી લીલી ઘાસ વડે ઢંકાઇ રહી જોનારનાં નેત્રો અને મનને મોહ પમાડતાં હતાં તે

સઘળાં ખેતરોમાં હમણાં કાંઇ જણાતું નથી. તેમાં સુકાયલું ઘાસ પણ સખત તાપને લીધે કડક થઇ ગયું છે. તપેલા વાયુના ઝપાટા વડે, ઉજ્જડ ખેતરોમાંથી ધૂળના ગોટે ગોટ ઉંચે ઉડી ચારે દિશાને ઢાંકી દેતા હતા! લીલાં ખેતરો અત્યારે ભયંકર સ્મશાનક્ષેત્ર જેવાં ઉજ્જડ જણાતાં હતાં!

આખો દિવસ સખ્ત ગરમ કિરણોની વૃષ્ટિ કર્યા પછી સૂર્ય દેવતા હમણાં પશ્ચિમ દિશામાં ગયા છે. અસ્ત પામતા સૂર્યનાં પીળાં કિરણો વડે ઝાડોની છાયા ધીમે ધીમે લાંબી થતી જાય છે. એ સમયે ડાક્ટર માધવપ્રસાદ, ઘરડા ઘોડાની ગાડીમાં બેસી ખેતરોને રસ્તે થઈને ભરવાડણના ગામને પાદરે આવી પહોંચ્યા. ભરવાડણ ડોસી ગાડીની પાછળના પાવડા ઉપર હાલતી ડોલતી બેઠી હતી.

સંધ્યા વખતે ડાક્ટર માધવપ્રસાદ ગામમાં આવી પહોંચ્યો. ગામની ચારે દિશામાં ખેતરો હતાં. રાયણ, આંબા, બાવળ અને બોરડીનાં ઝાડોએ ગામને ઘેરી લીધું હતું. રસ્તો ખાડા ટેકરાવાળો હોવાથી ડાકટર માધવપ્રસાદનાં હાડકાં પાંસળાં ખોખરાં થયાં હતાં! ખેતરમાંથી ગામમાં પેસવાનો રસ્તો ઘણોજ સાંકડો હતો. તે રસ્તેથી ઘોડાગાડી જઇ શકે એમ નહિ હોવાથી ગામની બહાર એક મ્હોટા આંબલીના ઝાડ તળે ગાડી છોડી. આંબલીના ઝાડથી થોડેક વેગળે એક લાંબી સાંકડી નેહેર હતી. નેહેરોનાં પાણી લગભગ સુકાઇ ગયાં હતાં. તેમાં વધારે પાણીને બદલે પથરા કાદવ વધારે હતાં. જે કાંઈ થોડું ડહોળું પાણી જણાતું હતું તેને ગામના લોકો ન્હાવામાં અને પીવામાં વાપરતા હતા. ગામના બધાજ લોકો લગભગ દરિદ્ર હતા. એક બે માણસો સિવાય કોઇને ઘેર કુવો નહોતો. પરંતુ નેહેરનાં પાણી જોતાં મનમાં અતિશય દિલગીરી થતી. સાંજને વખતે પાંચ સાત ભેંસો, કાદવવાળા પાણીમાં પડીને ગરમ શરીર ઠંડુ કરી રહી છે. ગામડાની ગરીબ સ્ત્રીઓ, શરીર ઉપર મેલાં કપડાં પહેરીને, કેડ ઉપર ડહોળા પાણીના ઘડા ભરી ઘેર જઈ રહી છે. આંબલી, આંબાના ઝાડને નવાં પાંદડાં ફુટેલાં હોવાથી તેની ડાળીઓમાં ભરાઈ રહેલાં પક્ષીઓના કિલબિલાટ વડે ચારે દિશા પ્રતિધ્વનિત થઇ રહી છે અને ગામના દેવળમાં થતા ઝાંઝ, ઘંટાના નાદ, વાયુના તરંગ



સાથે આવીને સંધ્યા સમયની આરતિ થવાનું ભાન કરાવે છે. એ તેજ વખત હતો કે જે સમયે ખેડુત લોકો, આખો દિવસ સખ્ત મહેનત મજુરી કર્યા પછી, સંસારના કોલાહલ અને જીવન સંગ્રામની કઠોરતા ભૂલી જઇને નિદ્રાદેવીના ચરણમાં ધીમે ધીમે ઢળી પડે છે! અત્યારે માનવ હૃદય શાંતિના રાજ્યમાં પ્રવેશ કરી રહ્યાં છે.

ભરવાડણ રસ્તો બતાવતી આગળ આગળ ચાલવા લાગી. ડાકટર તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ગામના એક ખેડુત છોકરાને ઘોડા ગાડી સોંપી કૉચમૅન પણ ડાકટરની પાછળ પાછળ ગયો.

ગામમાં જવાના સાંકડા રસ્તાની બે બાજુએ મ્હોટાં મ્હોટાં થોરના ઝાડ ઉગેલાં છે. ત્હેની વચમાં વચમાં બોરડી, મેંદી અને બાવળનાં કાંટાવાળાં ઝાડ લાંબી ડાળીઓ ફેલાવી જનારને ગભરાવી મુકે છે! કોઇક કોઇક ઠેકાણે એક બે લીમડાનાં ઝાડ જણાય છે. પવન દેવતા મેંદીના ઝાડમાંથી સુગંધ લઈ, લીમડાની સુગંધ સાથે મિક્શ્ચર કરી આવનાર જનારના મગજને તૃપ્ત કરે છે. આકાશમાં નવમીનો અર્ધ ચંદ્ર, ઝાંખાં કિરણોનો પ્રકાશ પાડી વન લીલામાં ઇન્દ્રજાળ ફેલાવી રહ્યો છે. ખેતરોમાંથી ચરીને પાછી આવતી ગાયોનાં ટોળાંના બરાડા, ખેડુત છોકરાઓના તાન લય વગરનાં સંગીત, જરા વારમાં લડાઇ ટંટો કરનાર ગોવાળણોનું તુચ્છ કારણો મળતાં ભયંકર રીતે લડી પડવું, પવનના ઝપાટાથી ઝાડનાં પાંદડાંઓનું ખરખર હાલવું, અને રસ્તામાં આવેલાં ઝાડોમાંથી તમરાંઓનું સૂં સૂં સૂં નાદ કરવું, આ સઘળું એકઠું થતાં જે શબ્દ થતો હતો તે ડાકટરને કાને અતિ મધુર સંભળાતો હતો.

ગોવાળીયાના ગામને એક છેડે ભરવાડણનું ઘર હતું. તેના ઘરમાં એક માત્ર ન્હાની ઝુંપડી હતી. ઝુંપડીની એક બાજુમાં તેણે ન્હાનો પડદો નાંખી રસોડું બનાવ્યું હતું. ઘરની આસપાસ વાંસની ભીંતો હતી અને ત્હેને છાણ માટી વડે લીપી લીધી હતી. છાપરા ઉપર તાડપત્રો નાંખી વરસાદ તાપમાંથી રક્ષણ મેળવ્યું હતું. ભીંતના મૂળમાં કાદવ થાપી લેવામાં આવ્યો હતો. ભીંતો બહારથી તેમજ અંદરના ભાગમાંથી એવી સ્વચ્છતાથી લીપી લેવામાં આવી હતી કે તેના મ્હો આગળ છો સીમીટ પાણી ભરે! ઘરમાં પણ છાણ

માટીથી લીપી લેવામાં આવ્યું હતું. માટી ચીકણી હોવાથી જમીન ઉપર જાણે કોઇ જાતની લાદી પાથરેલી હોય ત્હેવું સ્વચ્છ જણાતું હતું ! જમીન ઉપર જો કંકુ પડયું હોય તો તે સ્હેલાઇથી લઇ લેવાય તેમ હતું. બહારના ભાગમાં એક બાજુએ એક મ્હોટો ઓટલો હતો, ત્હેના ઉપર આકાશ સિવાય કોઇનું આચ્છાદન નહોતું. બીજી બાજુએ કોહોડ હતી. તેમાં ઢોરોને બાંધવામાં આવતાં પણ આજે ત્યાં ઢોર નથી. ફક્ત છાણ મુત્ર પડેલું જણાય છે અને કેટલાક મચ્છરોનાં ટોળાં આમ તેમ ઉડે છે ! આ કોહોડમાં ઘણા દિવસથી એક ગાય હતી પણ છોકરી માંદી પડવાથી દવાના ખર્ચ માટે ભરવાડણે આજે સ્હવારે ત્હેને પાણીને મૂલે વેચી દીધી છે ! એ ગાય ત્હેના મરણ પામેલા પતિનું એકજ સ્મરણ ચિહ્ન જેવી હતી. ગાયને વેચતી વખતે જાણે ભરવાડણના શરીરનાં એકે એક હાડકાં ખસી ગયાં હતાં ! પણ શું કરે ? ગરિબાઇ અને પૈસાની જરૂર !

ઘેર આવતાંજ ભરવાડણે બિચારીએ આંખમાં આંસુ છલકાવી સુની પડેલી કોહોડ સ્હામું જોઇ ઉંડો નિશ્વાસ નાંખ્યો હતો ! ત્યાર પછી ઘરમાંથી એક જુની કાથાની વણેલી સાદડી બહાર કાઢી ઓટલા ઉપર બિછાવી અને ડાકટરને કહ્યું: "આ ઠેકાણે બેસો બાપા ! તમારે બેસવા જેવી જગ્યા શું મ્હારા જેવી ભિખારિણીને ઘેર તે હોય બાપા !"

ડાકટરે કહ્યું: "રહેવા દો ડોસી મા ! હમણાં બેસવાની દરકાર નથી. પ્રથમ તમારી છોકરી ક્યાં છે તે જોવા દો."

ભરવાડણે ઉતાવળે પગલે ઘરમાં જઈ કાદવના કોડીયામાં દીવો સળગાવ્યો. એક લાકડાની જુની પુરાણી દીવી ઉપર દીવો મુકી ડાકટરને ઘરમાં તેડી ગઇ.

ઝુંપડીમાં જઇને ડાકટરે ચારે તરફ નજર ફેરવી. તેમને દશ રૂપિયા ખર્ચ કરીને જે તેડી લાવી છે તેની સાંસારિક સ્થિતિ અતિ શોચનિય છે ! ડાકટરે જોયું કે ઝુંપડી જેમ ન્હાની છે તેમ ત્હેમાંનો સરસામાન પણ જુજજ છે ! ઝાંખા દીવાના તેજમાં ડાકટરે જોયું કે એક દિશામાં એક વાંસનો બનાવેલો જૂનો ટોપલો પડયો છે. ત્હેમાં કેટલાંક વાસણો પડયાં છે. બે થાળી, એક લોટો, એક પવાલું, એક કાદવનો ઘડો, બે કાદવનાં ઢાંકણાં, એક કાદવની કલેઢી, એક લાકડાનો તબેતો, એક લાકડાની કડછી, બે ભાંગેલાં પવાલાં, બે પથ્થરના વાટકા, એક ન્હાની સીસીમાં તેલ, એકમાં દિવેલ, એક હાંડલાંમાં છાશ, એક લુગડાંની ટોપલીમાં થોડુંક અનાજ ! બસ, આ ડોસીનો સરસામાન ! આટલોજ ડોસીનો સંસાર ભાર ! આટલીજ ડોસીની માયા ! આટલીજ ડોસીની ઉપાધિ ! ભીંતની લગોલગ એક જુની ફાટેલી ગોદડી ઉપર એક છોકરી સુતેલી છે ! તેનાં હાડકાં ચામડાં દૈવે રહેવા દીધાં છે ! માંસ લોહી ચુસાઇ ગયું છે ! આંખો પીળી પડી ગઈ છે અને તે પણ ઉંડી ચાલી ગઇ છે ! માથાના વાળ જનાવરના માળા જેવા ગુંચવાઇ ગયલા, સુકા છુટા પડયા છે. શરીર ઉપર એક મેલી ફાટેલી ચાદર ઓઢી છે. એજ ભરવાડણની વિધવા છોકરી છે. તેની દવાને માટે ડોસીએ પોતાનું સર્વસ્વ ખર્ચી નાંખીને ડાક્ટર તેડી લાવી છે ! કેવો પુત્રી પ્રેમ ?

ડાકટરને જોતાંજ યુવાન છોકરીએ માથાનો છેડો આગળ ખેંચી બેસવાનો યત્ન કર્યો પણ શરીરમાં બળ ક્યાં છે ? અન્ન ખવાતું નહોતું. પાણી પીતાંજ ઉલટી થતી હતી. શરીર ફક્ત હાડકાંનો માળો હતું ! તેના શરીરની દુર્બળતા જોઈ રાક્ષસનું મન પણ પીગળી જાય તેમ હતું ! ડાક્ટરે કહ્યું: "સુઇ રહે બ્હેન ! ત્હારે ઉઠવાની જરૂર નથી."

ભરવાડણે કહ્યું: "તમને ક્યાં બેસવાનું કહું બાપા ? આજ મ્હારૂં ઘર ! મ્હારા ઘરમાં પાટલો કે ખુરસી પણ નથી ! શું કરૂં બાપા ! જરા થોભો તો અનાજવાળાને ત્યાંથી ભાંગેલી ખુરસી લઇ આવું ? ત્યાં સુધી આ સાદડી ઉપર બેસો બાપા !"

એમ કહીને તેણે એક ફાટેલી સાદડીનો કટકો આપ્યો. ડાક્ટરે કહ્યું: "ડોસી મા ! ખુરસીની કાંઇ જરૂર નથી. એનાથીજ ચાલશે."

ડાક્ટર તેના ઉપરજ બેઠો. વૃદ્ધ ભરવાડણ બોલીઃ "બાપા ! દુઃખની શી વાત કહું ! મ્હારી આ છોકરીનું નામ જશોદા છે. જશોદા સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ છે. મ્હારી દિકરીમાં કેટલા બધા ગુણ છે ? દરદને લીધે ત્હેના મ્હોઢા ઉપર કાળાશ આવી ગઈ છે. આઠ વરસની ઉમ્મરમાંજ જોડેના

ગામના મોહન ભગતના છોકરા લખીઆ જોડે એનું લગ્ન કર્યું હતું. તમે મોહન ભગતનું નામ તો કદાચ સાંભળ્યું હશે! બધા શાહુકારો અને ત્હેમના ગુમાસ્તાઓ પણ મ્હારા વેવાઇને ઓળખે છે! અહા! તે જાણે સાક્ષાત્ નરસી મ્હેતાનો અવતાર હતો! ઘરમાં પણ સોનાનો સંસાર હતો! આઠ પાંચકડાં ગાયો, છ પાંચકડાં ભેંસો, અને બે પાંચકડાં બદળ હતા! થોડીક જમીન હતી. રોજ ત્રણ મણ દુધ થતું! ત્રણ તો હળ ફરતા હતા! ખેતર ખેડતા હતા! અહા બાપા! જમાઈની શી વાત કહું? જેવો બાપ તેવોજ દિકરો હતો! મ્હારા જેવી અભાગિણીના નશીબમાં એવું સુખ ક્યાંથી લખ્યું હોય! લગ્ન થયા પછી બીજે વરસે વેવાઈ જાત્રા પખાત્રા કરવા ચાલ્યા ગયા. હજુ ત્હેના કાંઈ સમાચાર નથી. બીજે વરસે વહાલા મુઇ મરકી આવી અને ગામમાં બીજું કોઈ મળ્યું નહિ ત્યારે મ્હારા જમાઇનેજ ખેંચી ગઈ! બાપા! મ્હારી સોનાના મુલની દિકરી! મ્હારે ઘેર પણ એવુંજ સુખ હતું! પણ દૈવે તે બધું છીનવી લીધું! છોકરીના કાકાજી અને ત્હેના છોકરાઓ બધું લૂંટી ગયા! અમને રસ્તાનાં ભીખારી બનાવ્યાં! મ્હારી દિકરીએ કોઇ દહાડો દુઃખ જોયું નહોતું. વિધવા થઇ ત્યારથી ત્હેનું મ્હોડું કોઇએ જોયું નથી. ત્હેના મ્હોં ઉપર કોઇ દહાડો હસવું જોયું નથી. મ્હારા ધણી છોકરીને જોઇને મનમાં ને મનમાંજ ઝુરતા થતા હતા. કોઇ કોઇ વખતે એકલા બેઠા બેઠા આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસાવતા! ત્હેમને જમાઇનો શોક ભારે લાગ્યો હતો. એક દિવસ તે પણ ચાલ્યા ગયા! હવે વેવાઇને ઘેર કોઈ છોકરીને બોલાવતું નથી! મ્હારે શું કરવું! મ્હેં તો ત્હેને દશ મહિના પેટમાં રાખી છે! મ્હારાથી કાંઇ એને ફેંકી દેવાય બાપા? આઠ વરસ થયાં સુખે દુઃખે જેમ તેમ કરીને અમે અમારૂં પેટ ભરીએ છીએ. તે પણ દૈવને ગમ્યું નહિ ને છોકરીને રોગ મુક્યો! આઠ વરસ થયાં કોઈ દહાડો પેટ ભરીને ભાત ખાધો નથી બાપા! રોગમાં ને રોગમાં મ્હારી છોકરી ધૂળમાં મળી ગઈ છે! ડાક્ટર બાપા! મ્હારે બીજું કોઈ નથી! તમારે પગે પડું છું. મ્હારી જશીને મટાડી દો બાપા!"

ભરવાડણ રડતી રડતી ડાક્ટરના પગ પકડવા ગઈ. માધવપ્રસાદ દિલગીર અંતઃકરણે ભરવાડણની દુઃખી વાર્તા સાંભળતો હતો. ભરવાડણનું દુઃખ સાંભળી ત્હેનું કોમળ હૃદય ભરાઈ ગયું! ઉતાવળે પગ ખસેડી લેતાં બોલ્યોઃ "માજી! તમે એટલાં બધાં ગભરાશો નહિ, મ્હારાથી જેટલો બનશે તેટલો યત્ન કરીને તમારી જસોદાને સારી કરીશ."



ડાક્ટરે છોકરીના સ્હામું જોઈ કહ્યું: "બ્હેન! જોઉં ત્હારી જીભ!"

છોકરીએ જીભ બહાર કાઢી. ડાક્ટરે આંખો જોઈ. હાથની નાડી જોઈ. રોગની પરિક્ષા કરી તેમાં જણાયું કેઃ અસાધ્ય હોવા છતાં છેલ્લી પાયરીએ ચ્હડયો નથી. પાચનશક્તિ નબળી પડી ગઈ છે. વાયુના કોપને લીધે ઉલટી થયા કરે છે. હૃદય નબળું પડી ગયું છે. બરોળની ગાંઠ મ્હોટી થઈ ગઈ છે. કાળજે સોજો ચ્હડયો છે. શ્વાસોશ્વાસ લેવાનાં આંતરડાં ફુલી ગયાં છે. લોહી ઉડી ગયું છે. શરીર ઉપર ફક્ત ચામડી રહી છે. ઘણુંખરૂં તો ભૂખે અધમુઈ થઈ ગઈ છે. તેં સાથે પરહેજી ન મળે! દવા કરતાં પરહેજીની બહુ જરૂર છે. હજુ સુધી ગામના ઉંટવૈદોની બે ચાર ગોળીઓ અને બે ચાર પડીકાં ચૂર્ણ સિવાય તેના પેટમાં બીજી કોઇ દવા ગઈ નથી. અનુભવ ઉપરથી ડાક્ટરે જાણ્યું હતું કેઃ ગૃહસ્થ લોકો મ્હોટા મ્હોટા ડાક્ટરની દવાઓ વાપરે છે છતાં હમેશાં જોઇએ તેવું ફળ આવતું નથી પરંતુ ગામડીઆઓને રોગ થતાં નજીવી દવાથી જાદુઈ પરિણામ આવે છે. સરકારી ધર્માદા દવાખાનામાં ગામડીઆઓને ફક્ત કડવું "પાણી" આપતાંજ રોગ મટી જાય છે, પરંતુ મ્હોટાં મ્હોટાં દવાખાનાંઓમાંથી, ભારે ફી આપવા છતાં પણ શ્રીમંતોના રોગ મટતા નથી. પલળેલી જમીનમાં પાણી પડવાથી તે જમીન સત્વર પાણી સોષી જતી નથી પણ સુકાયલી જમીનમાં પાણી પડતાંજ તે તરત સોષી લે છે. ડાક્ટર નિરાશ થયો નહિ. ભરવાડણને કહ્યું: "માજી! આજે તો તમારી છોકરીને દવા આપવાનો કોઇ ઉપાય નથી. કાલે તમે દવાખાનામાં આવજો. હું તમને દવા આપીશ. બે ચાર દિવસ દવા ખવડાવવાથી રોગ જતો રહેશે. જરા પણ ચિંતા કરશો ના માજી. છોકરીને સારૂ થશે, તેમ છતાં પણ એને માટે જરા તજવીજ કરવી પડશે. દવાથી રોગ ચાલ્યો જાય છે પણ પરેજી પાળવાથી અને અમારા કહેવા પ્રમાણે કરવાથી ઘણું ઉતાવળે સારૂં થાય છે.

હજાર દવા અને એક હવા. આજરાત્રે એને થોડુંક ગરમ દુધ આપજો. છોકરી ધણી નબળી થઇ ગઇ છે.”

ભરવાડણ એક શબ્દ પણ બોલી નહિ. નીચું જોઈને મેલાં લુગડાં વડે આંખો લુછવા લાગી.

જશોદાએ ક્ષણ સ્વરે કહ્યું: “દુધ ક્યાંથી મળશે મા ?”

ભરવાડણે કહ્યું: “એક વખત ખાવાને માટે એક મુઠ્ઠી ચોખા મળતા નથી તેને દુધ ક્યાંથી મળે બાપા ? ધરમાં એક પિત્તળની થાળી છે તે વેચીને દુધ લાવવાની ગોઠવણ કરીશ. હું કાં તો આજે અપવાસ કરીશ. અરેરે ! કાળીને જો ના વેચી હોત તો—!”

ડાકટરને ભરવાડણની દરિદ્રતાનો પૂરેપૂરો અનુભવ થયો. તેણે પુછ્યું: “કાળી શું તમારી ગાયનું નામ હતું માજી ?”

ભરવાડણે કહ્યું: “હા બાપા ! એ ગાય મ્હારી આંધળાની આંખ જેવી હતી. કાળી રોજ બશેર દુધ આપતી હતી, તે વેચીને અમે અમારૂં જ્યાં ત્યાંથી ગુજરાન ચલાવતાં હતાં. આપને તેડી લાવવા માટે આજે સવારે ત્હેને દાણાવાળા હરગોવિંદને ત્યાં દશ રૂપિયામાં વેચી દીધી. હવે અમારૂં પેટ ભરવાનું સાધન નથી બાપા !”

ભરવાડણની આ વાત સાંભળીને ડાકટરની આંખમાં આંસું આવી ગયાં ! તેનું નરમ અને દયાળુ હૃદય પીગળી ગયું. આંખમાંથી દડ્દડ્ આંસુ પડવા લાગ્યાં. થોડી વાર સ્તબ્ધ થઇ રહ્યો. પછી કહ્યું: “ચાલો માજી ! હરગોવિંદનું ઘર મ્હને બતાવશો ?”

ભરવાડણ બોલી: “હા બાપા ! કેમ નહિ બતાવી શકું ? પેલા ફળિયામાંજ ત્હેનું ધર છે. પૈસાદાર છે. ત્રણ તો ધરાં છે. સાત આઠ ગાય ભેંસ છે. રોજ મણ દોઢ મણ દુધ થાય છે. ગરજને મારે કાળીને વેચવી પડી. બજારમાં ત્રીશ રૂપિયા મળત પણ હું બાઇ માણસ ! બજારમાં ક્યાં વેચવા જાઉં ? તેથીજ દશ રૂપિયામાં વેચી દીધી !”

ડાકટર ભરવાડણની સાથે હરગોવિંદને ઘેર ગયા. આ વખતે ચંદ્રની શીતળ ચાંદની વડે ચારે દિશા હસી રહી હતી. બાવળના જંગલમાં ભરાયલાં શિયાળનાં ટોળાં, રાતનો વખત બતાવી રહ્યાં હતાં. ગામનાં કુતરાં લોકોના ઓટલા ઉપરથી અને રસ્તા ઉપર ઉભાં ઉભાં ભસીને પોતાનું વીરત્વ બતાવી રહ્યાં હતાં ! ગામમાં એક ન્હાનું મંદિર હતું. તેમાં તબલાના મધુર સ્વર સાથે હરિકિર્તન થઇ રહ્યું હતું. પ્રકૃતિ સ્થિર હતી ! રાત ધણી મધુર જણાતી હતી. ડાકટરે મનમાં કહ્યું: “હાય ! પૃથ્વીમાં ગરીબોને જો આટલું દુઃખ ના હોત તો કેવું સારૂં થાત ?”



માધવપ્રસાદે મીઠા શબ્દો કહીને હરગોવિંદનું મન પીગળાવી નાંખ્યું. ગરીબો ઉપર દયા રાખવાથી અને ત્હેમને મદદ કરવાથી ઇશ્વર આપણા ઉપર પ્રસન્ન થાય છે એ પણ ત્હેને સમજાવ્યું. ગરિબો તરફ શ્રીમંતોનું કર્તવ્ય “દાન” કરવાનુંજ છે એ વાત પણ તેણે વાણિયાના હૃદયમાં ઉતારી. દયા એજ ધર્મનું મૂળ છે અને અતિથિ સત્કાર કરવો એજ આપણો આર્યોનો પરમ ધર્મ છે એ પણ ત્હેને કહ્યું. ઉપદેશથી હરગોવિંદ પીગળી ગયો. ગરીબ ભરવાડણ ઉપર ત્હેને દયા આવી. ત્હેણે વગર પૈસે ગાય પાછી આપી એટલુંજ નહિ પણ ત્હેને એક શેર દુધ આપ્યું, અને જ્યારે જરૂર પડે ત્યારે મળવાનું આશ્વાસન આપ્યું.

ડાકટરને વિદાય થતી વખતે ભરવાડણે આઠ રૂપિયા આપ્યા. ડાકટરે તે રૂપિયા લઈ ધરમાં જઇ જશોદાના હાથમાં આપી કહ્યું: “બ્હેન, આ જગતમાં ત્હારે કોઈ ભાઈ નથી. તું એમજ સમજજે કે હુંજ ત્હારો ધર્મનો ભાઇ છું. ત્હને આરામ થશે અને ત્હમે તમારૂં ગુજરાન ચલાવશો એટલે બસ છે. લે આ રૂપિયા. ત્હારી મરજીમાં આવે તેમ કરજે.”

ભરવાડણે કહ્યું: “ઓ ધરમરાજા બાપા ! આ શું કરો છો ? રૂપિયા પાછા લો બાપા ! ગાડી કાંઈ તમારા ધરની છે ! તેને પૈસા કોણ આપશે ?”

ડાકટરે કહ્યું: “ભગવાન ! ત્હેના વગર કોણ આપનાર છે. માણસ તો એક હાથે આપે છે, અને તે ભગવાન હજાર હાથે આપે છે. તે આપે છે ત્યારે માણસથી ઉંચકી શકાતું નથી. પૈસા કોઇની સાથે આવતા નથી. ત્હમને હવે એક પાઇ પણ ખર્ચ કરવો પડશે નહિ. હુંજ વચમાં વચમાં આવી જઇશ. જશોદાની ખબર લઈ જઈશ. તમને મદદ કરીશ. ત્હમારૂં કલ્યાણ થાઓ !”

માધવપ્રસાદના શબ્દો સાંભળી ભરવાડણ ત્હેના પગમાં પડી. ત્હેની આંખમાં પ્રેમનાં આંસુ ભરાઇ આવ્યાં. તે આંસુવડે ડાક્ટરના પગ ભીંજાવા લાગ્યા. તે બોલીઃ "બાપા ધરમરાજા ! ત્હમે ઘણા દયાળુ છો. ત્હમારી માતાએ ગર્ભમાં રાખ્યા ત્હેનું સાર્થક થયું છે. ત્હમે રતન છો બાપા રતન ! ભગવાન ત્હમને ઘણું જીવાડે !"

૧૦

માધવપ્રસાદની આ દયાળુપણાની વાર્તા બે દિવસમાં સઘળે પ્રસરી ગઇ. ગરિબ અને શ્રીમંત સઘળાં ભરવાડણને ઘેર જઇ ડાક્ટરની દયાળુપણાની વાતો પૂછવા લાગ્યાં. એક માણસથી અનેક માણસોને મ્હોડે તેમજ એક ગામથી અનેક ગામોમાં ડાક્ટરની સ્તુતિ થવા લાગી. હજારો માણસો ત્હેને ધન્યવાદ આપવા લાગ્યાં. જે ગાડીવાળો ડાક્ટરની સાથે ગયો હતો ત્હેણે પોતાના ગાંજાખાનામાં બેઠેલા ભાઇબંધોને એ વાત કરી. ધીમે ધીમે એ વાત કરૂણાશંકરના બેઠકખાનામાં પહોંચી. ત્યાં જે કાંઈ વાતો પહોંચતી ત્હેમાં કેટલાક ટકા વધીને તેમજ અલંકાર સાથે વાતો થતી. વાતચિત કરવાનો નવો વિષય મળ્યો તેથી બધાએ આનંદમાં આવી ગયા. બે ચલમ તંબાકુના ધુમાડા વધારે નિકળવા લાગ્યા !

દેશી ડાક્ટર ચીમનલાલે આ વાત સાંભળી એટલે એમના પેટમાં તેલ રેડાયું ! હજારો માણસો જેની સ્તુતિ કરે તે તેનાથી કેમ દેખી ખમાય ? જ્યારથી માધવપ્રસાદ ગામમાં આવ્યો છે ત્યારથી ત્હેની રોજી ચાલતી નથી. લોકો તેમને "વૈદરાજ ! વૈદરાજ " કહેતા નથી ! બધાજ માધવની પાસે જાય છે. ચીમને હાથમાં લાંબી ચલમ લીધી હતી. કસીને દમ માર્યો અને ધુમાડાના ગોટે ગોટ કહાડતાં કહ્યુંઃ "ભાઈ, છોકરો એ પ્રમાણેજ લોકોને લાંચ આપીને પોતાની કીર્તિ ફેલાવે છે. ગજવામાંથી ગાડી ભાડાનો ખરચ કરવો અને રોગીને પાંચ દશ રૂપિયા આપી દેવા એ શું સારા ડાક્ટરોનું કામ છે ? તદ્દન બેવકુફ ! તદ્દન બેવકુફ ! તદ્દન બેવકુફ ના હોય તો આવું કામ કોઇ કરે ! ખરેખર અજ્ઞાન ! ઘણોજ અજ્ઞાન ! અમારા જેવા પાંચ વૈદોનો રોજગાર બંધ કરી દીધો ! અમારા પેટ ઉપર પગ મૂક્યો ! કેવી અજ્ઞાનતા ? કેટલી



અજ્ઞાનતા ? એ પાપ અહિંથી ક્યારે ટળશે કોણ જાણે ? ઓ ભાઇલાલ કાકા ! એના વિરૂદ્ધમાં એકાદ " ગુજરાતી " માં ચર્ચાપત્ર મોકલો ! તે સિવાય એ પાપ અહિંથી જશે નહિ ! "

ભાઇલાલકાકા જરા બે અક્ષર ભણેલા હતા. તેમને ખબરપત્રો અને ચર્ચાપત્રો લખવાનો મહાવરો હતો. કોઈ કોઈ વખત વર્તમાનપત્રોમાં " બકરાના આંચળમાંથી નીકળતું દૂધ ! " " એક સ્ત્રીને બે માથાના છોકરાનો જન્મ ! " " એક ગાયને પેટે સાપનો જન્મ ! " " ચાર પગની મરઘી ! " " એક ન્હાના બાળકને દાઢી મૂછ ! " વગેરે અત્યન્ત રસાળ અને નવીન સમાચારો લખી મોકલતા હતા, તેથી થોડા વખતમાંજ તેમનું નામ જંબુસર જીલ્લામાં પ્રખ્યાત થઈ પડયું હતું. તેમ છતાં કોઈ અમલદારના કામોની નિંદા કરવાથી તેઓ દોઢ ગાઉ વેગળે રહેતા ! અમલદારોની સ્તુતિ કરવાથી જેમ તેઓ વેગળે રહેતા તેમ નિંદા કરવાથી પણ નવ ગજના નમસ્કાર કરતા ! તેઓ ગામડાના અમલદારોના સ્વભાવથી સારી પેઠે વાકેફ હતા !

કરૂણાશંકરના અખાડામાં એક ભૂરાભાઇ નામનો ગંજેરી હતો. તેણે ગાંજાનો દમ મારતાં કહ્યુંઃ "વૈદરાજ ! તમને બીજી કાંઈ ખબર છે કે ? તે ભરવાડણની છોકરીનું રૂપ બહુ સારૂં છે. જો મ્હને નાડી જોતાં આવડતી હોત તો વગર પૈસે તેનાં લુગડાં લત્તાં પણ પુરાં પાડત ! "

આબકારીના ઇન્સ્પેક્ટર કાસમખાંને વગર પૈસે નીશો કરવાની ટેવ પડી હતી ! દુકાનો તપાસવા જતાં પેટની શરદી કાઢવાની દવાનો જરા ઉપયોગ કરતા હતા ! તેથી તેઓની આંખો અત્યારે જરાક લાલ જણાતી હતી. આ અખાડામાં તે નામદાર પણ કોઇ કોઈ વખત પધારી બધાને શોભા આપતા હતા ! તેમણે આનંદ ઉત્સાહમાં આવી જઇ તબલા ઉપર થાપ મારતાં અને ગળામાંથી મધુર સુર કહાડતાં કહ્યુંઃ—

કૈસે બાલ બિખરે હૈં કી સુરત કયોં બની ગમકી !
સૂરત કયોં બની ગમકી, સુરત કયોં બની ગમકી !
કૈસે–બા–લ–બિ–ખરે હૈં કી સૂ—

જાણે આ વખતેજ તેઓ ભરવાડણની છોકરીની સુંદર સુરત જોઇને તેના દરદની ખબર પુછવા લાગ્યા ! **डा. रा. म्हेता.**

# २–दुःखी खेडुत.

१

સંસાર, એ દુઃખની સાથે લડાઇ કરવાનું રણક્ષેત્ર છે એમ જાણીને હરિભાઇ સંસારમાં રહેવા છતાં એકાંત જીવન ગાળવાનું પસંદ કરતો હતો. ફળિયાના કોઇ માણુસો સાથે તે વધારે ભેળાતો નહિ અને ગામમાં કે ફળિયામાં કોઈ પ્રકારના ઝગડા, ટંટા કે કોર્ટોના મુકદમ્માઓમાં પણ ભાગ લેતો નહિ. આખો દિવસ ખેતરમાં ગાળ્યા પછી સંધ્યા સમયે ઘેર આવતો અને પોતાના ઘરને ઓટલે બેસીને એકલો બેઠો બેઠો હુકો ગડગડાવતો હતો. પાંચ જણને ભેગા કરીને વાતોના તડાકા કે ગામના લોકોની નિન્દા કરતો નહિ તેમજ લડાઇ ટંટા જાગતાં દોડતો જઇને કોઇની ભાંજગડમાં પડતો નથી. તે જાણતો હતો કે: “ માણુસ જેમ વધારે માણુસોમાં ભેળાય છે અને ભાંજગડોમાં પડે છે. તેમ તેમ તેનું જીવન વધારે દુઃખમય બને છે.” તેથીજ તે હમેશાં શાંત રીતે, એકાંત જીંદગી ગાળતો. કોઇ દિવસ દીવામાં પુરવાનું દીવેલ નહિ મળે તો પણ અંધારામાં ઓટલે બેસી આનંદપૂર્વક નિશ્ચિંતપણે બે ઘડી ઇશ્વરના નામની માળા ફેરવતો. હરિભાઇને તેમાંજ આનંદ લાગતો.

તેના ઘર સંસારમાં ત્હેની એક સ્ત્રી રાધા અને ત્રણ છોકરાં હતાં. જમીન પાછળ ભારે મેહેનત કર્યા પછી, જમીનનું મેહેસુલ અને સાહુકારનું રાક્ષસી વ્યાજ આપતાં, એક વર્ષના ખોરાક જેટલું અનાજ બચતું તો તે પોતાની મેહેનતનું સાર્થક સમજતો તેમજ સંતોષપૂર્વક દિવસો ગુજારતો.

ખરી રીતે જોતાં દર વર્ષે જમીનનો પાક ઓછો ઉતરતો અને અધુરામાં પુરૂં તીડોનાં ટોળાં ઘણું અનાજ ખાઈ જતાં, કેટલાક જંતુઓ પાક



બગાડી નાંખતા અને કોઈ કોઇ વખત તો ભયંકર દુકાળ પડી દેશમાં હાહાકાર થઈ રહેતો. તેમ છતાં બુઢ્ઢા હરિભાઈ કાકાએ આટલાં બધાં વર્ષ પોતાના એક ન્હાનકડા કુટુંબને લઈને સુખે દુઃખે વિતાડયાં છે એજ ત્હેના મનમાં પરમ સંતોષકારક અને વિસ્મયકારક બનાવ જણાતો હતો!

ખેતી ઉપર ગમે તેવો ભયંકર પ્રસંગ આવતો, જમીનદાર ગમે તેટલો ત્રાસ કરતો, સાહુકારો વ્યાજની રેંટમાળમાં ખેડુતોનાં ગળાં દબાવી ગુંગળાવી દેતા છતાં હરિભાઇ ગભરાતો નહિ. તે જાણતોજ હતો કે સંસારમાં ઇશ્વિરે જન્મ આપ્યો છે તે એવાં એવાં દુઃખ સાથે લડાઈ કરવાનેજ! તે જાણતો હતો કે સંસાર એ દુઃખનુંજ કેદખાનું છે! તેને ખાત્રી હતી કે ઇશ્વિર મનુષ્યને જન્મોજન્મ સુખ દુઃખ આપ્યાંજ કરવાનો! તેને ખાત્રી હતી કે એક એક પછી એક જન્મોનાં સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ ભોગવવાનું આવશેજ! તે જાણતો હતો કે સારાં કર્મ કરવાથી અને ઇશ્વિરની ભક્તિ કરવાથીજ સુખ મળે છે. તે જાણતો હતો કે પૂર્વ જન્મે ઇશ્વિરનો કાંઈ અપરાધ થયો હશે તેથીજ આ અવતાર ખેડુતનો આવ્યો છે! તે જાણતો હતો કે આ જન્મમાં મ્હારે સારાં કામોજ કરવાં જોઇએ, તોજ બીજે જન્મે સારો જન્મ અને સારૂં સુખ મળશે. તે જાણતો હતો કે મહેનત કરનારને ઇશ્વિર બદલો આપ્યા વગર રહેતો નથી. તેથીજ તે કોઇ જોડે ભેળાતો નહોતો. સ્કવાર સાંજ ઇશ્વરનું નામ દઇને ખેતરમાં કામે જવા નિકળતો અને કામ પુરૂં થતાં ઘરમાં આવતો. નદીને કિનારે તેની કેટલાક વિઘાં જમીન હતી. તેમાં થોડા ભાગમાં વેગણુ, થોડા ભાગમાં બટાટા, થોડામાં મરચાં, ધાણા, લસણ વગેરે લીલો મસાલો અને બાકીના ભાગમાં અનાજ વાવતો. વરસાદ આવતાંજ તેમાં અનાજ વગેરે વાવતો.

એ વખતે હરિભાઈને રાત દિવસનું ભાન રહેતું નહિ. તે ઇશ્વિરનું નામ દેતો દેતો હળ ખેડતો, ઇશ્વિરનું નામ દેતો દેતો અનાજ વગેરેનાં બી વાવતો, અને તેજ વખતથી ખેતરમાંજ ખાવાનું અને સુવાનું રાખતો. તડકો અને કાદવવાળું લાંબું ચોમાસું તેની છાતી ઉપર થઇને પસાર થતું! હરિભાઇ પણ એ વખતે એક પ્રકારનો આનંદજ માનતો. ચોમાસાના સખ્ત

તડકા વખતે ખેતરમાં બાંધેલા માળામાં બેસી ઇશ્વરનું નામ દેતો અને સખ્ત વર્ષાદ અને પવનના તોફાન વખતે ઇશ્વરનાં ભજનીઆં ગાતો !

આજે સ્હવારમાંજ વરસાદ પડયો હતો. વર્ષ દહાડા પછી છોકરા જેમ પિતાને ઘેર આવે તેમ ગામની પાસે આવેલી નદીનાં જળ છલ્છલ્, કલ્કલ્ હાસ્ય કરતાં ઝાડના મૂળમાં અને કિનારાની જમીનની ભીંતો ઉપર છાલકો મારવા લાગ્યાં. વરસાદ સારો પડયો છે. સ્હવારમાંજ હરિભાઈએ, પોતાના હૃષ્ટપુષ્ટ બળદોને હળમાં જોડયા. ભગવાનનાં ભજન ગાતો ગાતો ખેતરમાં હળ ખેડવા લાગ્યો. એક હાથ પાણીમાં પ્રવેશ કરીને હળ ખડખડ અવાજ કરતો ચાલવા લાગ્યો. આજે હરિભાઇના આનંદની સીમા નહોતી ! "આટલું બધું પાણી પડવાથી તેનું અને તેના ગામવાસીઓનું અનાજ પાકશે. આખું ગામ સુખી થશે. ખેડુતો મેહેસુલ ભરશે, શાહુકારોનાં વ્યાજ ભરશે અને તેમ છતાં પણ ઘણું અનાજ બચશે." હળ ખેડતાં ખેડતાં હરિભાઇ આવા વિચારો કરવા લાગ્યો. વળી થોડીવારે અચાનક તેના મ્હોડામાંથી ભગવાન-નાં ભજન ગવાતાં. જંગલનો ચોર પવન, હરિભાઈનાં ભજનને વેગળે સુધી ઘસડી જતો. ત્યારે આસપાસના ખેતરોવાળા જાણતા કે હરિભાઇએ હળ જોડયો છે. તેમના મન-પ્રાણમાં નવો ઉત્સાહ જન્મ પામતો. ભજનના અવાજ કાનમાં અથડાતાં એક પ્રકારનો મધુર આનંદ ભોગવતા. તે આનંદની સાથેજ બધા ખેડુતો ઇશ્વરનાં ભજન ગાવા લાગતા. પરંતુ હરિભાઇના ગાયનમાં જેવી મીઠાશ જણાતી તેવી બીજા ખેડુતોના ગાયનમાં નહતી.

એજ વખતે એકાએક શાહુકારનો ગુમાસ્તો કાળાભાઇ આવી પહોંચ્યો અને ખેતરમાં બાંધેલા માળા નીચે ઉભો. ગુમાસ્તાને જોઇને હરિભાઇના મનપ્રાણમાં કમ્પારી છુટી. તેણે વિચાર કર્યો કે, આ કાળદૂત આ વખતે ક્યાંથી ? વળી વિચાર કર્યો કે, આ વરસની દિવાળી હોળી ઉપર તો તેને પાનસોપારી આપ્યાં છે !* શાકભાજી પણ વખતસર તેને પહોંચાડયાં છે,

* પાન સોપારી એટલે કંઇક દક્ષિણા ! જમીનદારના ગુમાસ્તાઓ બિચારા ગરિબ ખેડુતો પાસેથી પણ ઈનામ લેવા ચૂકતા નથી ! જો દિવાળી, હોળી ઉપર ઇનામ ના મળે તો જમીનદાર શેઠને આડું અવળું ભંભેરી તેમને ખરાબ કરવા



છતાં આ કાળમૂર્તિ ક્યાંથી ? હરિભાઇના મનમાં અનેક વિચારોની ઉથલ-પાથલ થઇ ગઈ. તેણે બળદોનાં જોતરાં છોડી નાંખ્યાં. હળ પડતું મુક્યું અને ઝપાટાબંધ કાળાભાઇની પાસે જઇને સલામ કરી. કાળાભાઇના મ્હો ઉપર હાસ્ય જણાતું નથી પણ ગંભીરતા જણાય છે. તેણે કહ્યું: "હરિભાઇ ! તમને શેઠે બોલાવ્યા છે." હરિભાઇએ બે હાથ જોડી નમ્રતાપૂર્વક પુછયું: "ભાઈ, મ્હેં શેઠનો શો અપરાધ કર્યો છે ?" કાળાભાઇની પાછળજ લાંબી દાઢીવાળો ભૈયાજી રામભરોંસ હાથમાં લાંબી લાઠી લઇને ઉભો હતો. તેણે કહ્યું: "નાંહી, નાંહી હરિભાઇ, તોર પાસ ગનૌત લૈને આયે નાંહિ. તોહેકે એક મુકદમ્મામેં સાચ્છી દેન હોગા."

ભૈયાજીના હાથમાં તમાકુ ચુનો હતો. હથેળીમાં મસળીને તેની ચપટી હોઠ નીચે મુકતાંજ બોલ્યો. હરિભાઈ "સાક્ષી" નું નામ સાંભળતાંજ સજ્જડ થઈ ગયો. તેના કાળા ગાલ ઉપર એક જાતની ચિન્તાનાં ચિહ્નો જણાવા લાગ્યાં. તેનો ચ્હેરો ફિક્કો થઇ ગયો. ભૈયાજી રામભરોંસે બગલ-માંથી લાઠી હાથમાં પકડી લાંબી મૂછો ઉંચી કરતાં કરતાંજ કહ્યું: "કાહો હરિભાઇ ! સુનત નાંહી કા ? તોકો સાચ્છી દેન હોગા સાચ્છી ! સમઝા ! સમઝા કા ?"

બે આંખો ફાડીને ભૈયાએ હરિભાઇના સ્હામું જોયું અને જરાક ગુસ્સો કર્યો. એ જોઇ બિચારા હરિભાઇનો જીવ થરથરી ગયો. જીંદગીમાં જેણે કોર્ટ જોઈ નથી, સાક્ષી આપી નથી, કોઇના લડાઇ ટંટામાં ઉભો રહેતો નથી, કોઇના દરદસ્તાવેજમાં સાખ કરતો નથી. અને જે માણસ કોઇની ભાંજગડ કરતો નથી તેને વળી સાક્ષી કેવી ? હરિભાઈ શૂન્ય મૂઢ થઇને ઉભોજ રહ્યો હતો. ભૈયાજીએ હવે ભાંગેલી તુટેલી ગુજરાતીમાંજ કહ્યું:

"દેખ હરિભાઈ, અપના શેઠકે પાસ કોઇ સાચ્છી હોનેકો આવતા નહિ. એક મુકદમ્મા છે મુકદમ્મા ! સમઝાને હરિભાઇ ! તો કે સાચ્છી આપવા

ચુકતા નથી, અને ખેડૂતોને અનેક બહાને સતાવે છે ! તેઓની આવી રાક્ષસી લીલાવડે અનેક ખેડુતોનાં સત્યાનાશ વળી ગયાં છે ! ગુજરાતના જમીનદારો તપાસ કરશે તો તેમને આ વાત સ્પષ્ટ જણાઇ આવશે ! **લેખક.**

પડશે. જમીનદાર શેઠ બહોત ખુસી થાસે. તુમ આયગા તો પછી બધા આવસે, સમઝાને હરિભાઈ ? ”

હરિભાઇ બિચારો શું સમજે ? એક તો સાક્ષી આપવાની, અને તે પણ વળી જમીનદારના તરફથી ! તેમાં વળી કૉર્ટમાં ! ત્યાં વળી જડજ, માજીસ્ટ્રેટ, અને વકીલ મુખ્ત્યારોના ઉપરા છાપરી સવાલ પુછવાની વાત યાદ કરતાં કરતાં હરિભાઈ બિચારો ગભરાઈ ગયો ! તેનું મ્હો સકાઈ ગયું. તેણે ધીમે રહીને પુછ્યું: “ ભાઈ, હું શું જાણું છું ? મ્હારે કેવી સાક્ષી આપવી પડશે ? ”

કાળાભાઈએ આંખો ચડાવીને કહ્યું: “શેની સાક્ષી તે શું જાણતો નથી ?” ગળામાંથી તરડાતે અવાજે બોલ્યો: “ત્હને ખબર નથી કે, કાલે સાંજે ગામમાં શું બનાવ બન્યો છે તે ? આ પેલા ભદ્રેશ્વર ગામના ગોવિંદદાસ બેટાએ કંઇક વેપાર કરીને થોડા ઘણા પૈસા મેળવ્યા છે, અને હવે જાણે છે કે જાણે હુંજ કંઇક શાહુકાર બન્યો છું ! આપણા જમીનદાર શેઠની સાથે તકરાર કરવા માંગે છે ! કરવા દે બચ્ચાને ! જોઈએ છીએ કે ત્હેની પાસે કેટલાક પૈસા છે તે ! અમે અમારા ખેડુતોને મારીએ, પકડીએ, તેને ઘર-માંથી બહાર કાઢી મુકીએ, તેનું સર્વસ્વ ઝુંટવી લઇએ તેમાં તેના બાપનું શું જાય છે તે ! ત્હને ખબર નથી કે તેણે કેટલાક માણસોને મોકલી અમારી સત્તા ઉપર તરાપ મારવાનું કર્યું છે તે ? આટલી બધી ત્હેની હિમ્મત ! જોઈએ છીએ કે તેની કેટલી હિમ્મત છે તે !”

ગુમાસ્તાના શબ્દો પુરા થતાંજ ભૈયાજીએ હવામાં લાકડી ઘુમાવી કહ્યું: “કાહો, સુસુરકી હિમ્મત ? એક લાઠી મારીં હોં લાઠી ! તાકી આંખે નિકાલ દઈ હોં ! તાકા જાન લઈ હોં ! કા હમકો નાહિં પિછાનત સુસુર ! ”

ભૈયાજીની લાકડી ઉંચી થતાંજ બિચારા હરિભાઇના પ્રાણ ઉડી ગયા. તે જમીન ઉપરજ પડી ગયો. એક તો ભૈયાજીનું ગળુ ભેંસાસૂર જેવું ! વળી આંખો સાતમે આસમાને ચડી ગયલી અને વળી પાછી દાંત પીસીને લાકડી ફેરવવી ! હરિભાઇએ જીંદગીમાં આવો ગુસ્સો કોઈ દિવસ જોયો નહોતો ! તેથીજ તે મૂર્છા ખાઇ પડયો. ભૈયાજીનો અવાજ સાંભળી આસપાસનાં ખેતરો-



માંથી બીજા બે ચાર ખેડુતો પણ તમાસો જોવા ત્યાં આવી પહોંચ્યા. હરિભાઇને હવે યાદ આવ્યું કે દયાળુ ગોવિંદદાસ શાહુકારે, હાથીભાઈ નામના ખેડુતને દુરાચારી અને ભયંકર ત્રાસ આપનાર પોતાના જમીનદાર શેઠના પંજામાંથી બચાવવાનો યત્ન કર્યો છે. તેથીજ તેનો ગુમાસ્તો, આજે ખેતરે ખેતરે ભટકીને જુઠ્ઠા સાક્ષીઓ ભેગા કરવા લાગ્યો છે ! અને સાક્ષી-ઓને ભય પમાડવા, ભૈયા રામભરોસને સાથે રાખ્યો છે !

હરિભાઈએ કહ્યું: “ક્ષમા કરો મહેતાજી સાહેબ ! અપરાધ ક્ષમા કરજો. મ્હારાથી અધર્મનું કામ થશે નહિ. એવી જુઠ્ઠી સાક્ષી પૂરશો નહિ. મ્હેં કોઇ દહાડો કૉર્ટ જોઇ નથી. સાક્ષી આપવા ગયો નથી. બાપ રે ! જડજ, મેજીસ્ટ્રેટ અને વકીલોના ઉલટપાલટ સવાલ પુછવાથી હું તો ગભરાઈ જાઉં. મ્હારે તો મ્હારાં છોકરાં બચ્ચાં લઇને ઘર સંસાર ચલાવવો છે. ”

આ શબ્દો સાંભળતાંજ મેહેતાજીનો મિજાજ આકાશ પાતાળ થઈ ગયો. તેણે ગુસ્સામાંજ કહ્યું: “ શું બચ્ચાં છોકરાં ? આપણા જમીનદાર કરતાં ત્હારાં છોકરાં બચ્ચાં વધારે છે ? આટલી બધી મગરૂરી ? ઠીક, ત્હારી મરજી ! છોકરાં બચ્ચાં સાથે અને ગોવિંદદાસની સાથેજ રહેજે ! છેવટે જોઈ લેવાશે !” એટલું કહીને ગુમાસ્તો કાળાભાઇ ચાલવા લાગ્યો. ભૈયાજીનો મિજાજ તો ક્યારનોએ ગયો હતો. તેણે ફરીથી એકવાર લાકડી હવામાં ઘુમાવી અને ત્હેનો ધમ્ ધમ્ અવાજ સાંભળતાંજ આસપાસ ઉભેલા સઘળા ખેડુતો વેગળે દોડી ગયા. ભૈયાજીએ કહ્યું: “ઠીક હય બચ્ચા ! તો કો દેખ લેગા ! એહી લાઠીસેં તોર ટુકડા ટુકડા કર ડાલે નહિં તો હમરો નામ રામભરોસ પાંડે નહિ ! સુસુર તોર બાપ કે સાથ એસી ચલાખી ? ઠીક-હય-”

“ઠીક-હય-ઠીક-હય-” કહેતો, ડોળા લાલ લાલ કરતો અને પાછું વળીને જોતો જોતો રામભરોસ ભૈયો કાળાભાઈ સાથે ચાલ્યો ગયો.

ભયાના શબ્દો વડે સઘળાં ખેતરો ગાજી ઉઠયાં અને જાણે બોલવા લાગ્યાં: “ઠીક-હય-બચ્ચા-તો કો દેખ લેગા ! ” ખેતરનાં ઝાડોમાંથી પ્રતિધ્વનિ આવવા લાગ્યો: “ઠીક-હય-બચ્ચા-તોકો દેખ લગા-!” પવનના સપાટા આવતાં સંભળાવા લાગ્યું: “ઠીક-હય-બચ્ચા-તોકો દેખ લેગા-!”

હરિભાઇનું શરીર થરથર કમ્પવા લાગ્યું. જે ખેડુતો ન્હાસી ગયા હતા તે પાછા આવ્યા. સૌ એકઠા મળી વિચાર કરવા લાગ્યા. તેઓએ હરિભાઇને સલાહ આપતાં નિશ્ચય કર્યું કેઃ “ ચિન્તા નહિ. જેને જેટલું કરવું હોય તેટલું ખુશીથી કરે. આપણે ગોવિંદદાસ શેઠના વિરૂદ્ધ ખોટી સાક્ષી પુરવી નથી. એમ કરવાથી ભાગ્યમાં જે લખ્યું હોય તે થાય. ”

ધોરીભાઇ ઉભા ઉભા હરિભાઈ ઉપર દયા લાવતા હતા. તેમણે કહ્યું: તેમાં શું થવાનું છે ? આપણે અધર્મને માર્ગે તો જતા નથી ! મહાભારતમાં કહ્યું છે કેઃ “ધર્મ પ્રમાણે વર્તવું. ધર્મ ત્હમારી સહાયતા કરશે.”

બિચારા અજ્ઞાન ખેડુતો ! સારા પર્વને દિવસે સ્હવાર સાંજ મહાભારત અને રામાયણ વાંચતા અને કોઇ જગ્યાએ કાંઇ અઘરૂં વાક્ય .આવતું તો ગામમાં બે અક્ષર ભણેલા કોઈ બ્રાહ્મણ પાસે સમજી આવતા અથવા તો ગામના મહા પંડિત નિશાળના મેહેતાજી સાહેબ પાસે જઇને પૂછી આવતા. ન્હાનાં ગામડાઓમાં મહા વિદ્વાનની શોધ કરવા જઈએ તો કાંતો કોઇ એકાદ બ્રાહ્મણ કે પછી છેવટે નિશાળનો મેહેતાજી તો હોયજ ! મહાભારત અને પુરાણો ઉપર ગામડાના લોકોને સારો વિશ્વાસ હોય છે.

ધોરીભાઇની વાત સાંભળીને હરિભાઈએ કહ્યું: “ભાઈ, તું તો ધર્મની વાત કહે છે. પણ મ્હને તો બીક લાગે છે. શનિની નજર પડતાંમાં ધર્મ તો ક્યાંય વેગળો ન્હાસી જાય છે. ધર્મ પણ એ ઠેકાણે હારી જાય છે. વત્સ-રાજાની વાત જાણે છે કની ? ”

“ પણ પરિણામે સારૂજ થશે. આ જગત્માં નહિ થાય તો ઇશ્વરને ઘેર પણ સારૂજ થશે. આ જગત્માં ઇન્સાફ નહિ થાય તો ઇશ્વરને ઘેર તો ન્યાયજ છે. પાપ કરનારાઓને ઇશ્વરની ગેબી લાકડી શિક્ષા આપશે. પાપ કરનારા ઘણાએ પ્રકારનાં દુઃખ પામે છે તે શું છે ? એજ ઇશ્વરનો ગુપ્ત દણ્ડ ! એજ ઇશ્વરની ગેબી લાકડીનો માર ! હરિ ! જરા પણ ગભરાવું નહિ. ઇશ્વર સૌ સારૂંજ કરશે. ”

ધોરીભાઇએ સમજાવ્યું. તે દિવસે હળ ફેરવવાનું કામ બંધ કર્યું. જમીનમાં ભરાયલું પાણી જમીનમાંજ રહી ગયું, સ્હવારમાંજ પોતપોતાના હળ



છોડી નાંખી સઘળા ભેગા થઈ ગોવિંદદાસ શેઠને ઘેર ગયા. ત્યાં બનેલા બનાવ સંબંધી ચર્ચા ચાલવા લાગી. તેમની આશા એજ હતી કે તેઓ બધા કદાચ જમીનદાર શેઠના ગુસ્સામાંથી બચવા પામે.

૨

શેઠ ગોવિંદદાસે હરિભાઈ, ધોરીભાઈ વગેરે સર્વેની વાત સાંભળી લીધી. તેમણે ઉત્તર દીધો કેઃ “ તમારી વાત સાચી મનાય એવી હોય તો સાક્ષી આપજો. જે સત્ય વાત છે, જે જોયું છે અને જે સાંભળ્યું છે તે સાચે સાચુંજ કહેજો. ”

હરિભાઇએ કહ્યું: “મ્હેં તો સાંભળ્યું છે સાહેબ કે તમે પોતે ઘરડા હાથીભાઇને બચાવવા ગયા હતા. તમે તો ઘણુંજ સારૂં કર્યું છે. ”

ધોરીભાઈએ માથું હલાવીને કહ્યું: “મ્હેં તો મ્હારી નજરે જોયું છે કેઃ મેહેતાજી કાળાભાઇ હાથીભાઈને નોટીસ આપી હાથ પકડી બહાર કાઢતો હતો ! આપ સાહેબે મેહેતાજીને અટકાવ્યો, બસ એટલુંજ. ”

મકનદાસ નામના એક ખેડુતે વચમાંજ કહ્યું કેઃ “એટલા ઉપરથી તો સાધારણ બોલા ચાલી થઈ અને ભૈયા જોડે સહેજ ઠોંસા ઠોંસી પણ થઈ.”

હાથીભાઇએ રડતાં રડતાં કહ્યું: “સાહેબ, હું તો જમીનદારના મેહેતાજી સાથે જરા પણ તકરાર કરત નહિ પણ શું કરવું ? ઘરમાં છોકરાં માંદાં છે. તાવમાં ફફડી મરે છે. તેની દવાદારૂ કરૂં કે ખેતરમાં જાઉં કહો ! એટલા-માં તો મેહેતાજી સાહેબને ગુસ્સો ચડયો. મ્હારૂં કાંડુ પકડી બ્હાર કહાડવા ધસ્યો. શું કરૂં બાપુ ? ”

ગોવિંદદાસ શેઠે કહ્યું: “હાથીભાઇ, જરા પણ ગભરાશો નહિ. નિશ્ચિંત રહેજો. તમારે ખાતર હું મ્હારી ત્રિજોરીનો છેલ્લો પૈસો સુદ્ધાં ખરચી નાંખીશ. જાઓ આનંદ કરો. ”

શેઠના મ્હોડામાંથી આ શબ્દો સાંભળતાંજ સઘળા ખેડુતોના હૃદયમાં આનંદ વ્યાપી ગયો. “ ધન્ય બાપુ, ધન્ય બાપુ ” કહેતા કહેતા ઘેર ગયા.

ગોવિંદદાસ શેઠ વ્યાજનો ધંધો કરતા હતા પણ મહા દયાળુ હતા. તેઓ પોતાનાં નાણાં ઓછે વ્યાજે ખેડુતોને ધીરતા. તેઓનાં ખાતાં ચોખ્ખાં

રાખતા. તેમાં જરા પણ ભૂલ થતી નહિ. પૈસા વસુલ કરવામાં પણ ઘણા દયાળુ હતા. નોકર ચાકરોને લાંચ લેવાની કે ખેડુતોને ત્રાસ આપવાની સખ્ત મનાઈ કરી હતી. ધર્મ અને નીતિ, એજ તેઓના જીવનના મૂળ મંત્રો હતા. ગામનાં ગરિબ ગુરબાંઓને અન્ન વસ્ત્ર અને રોકડા પૈસાનાં પણ દાન કરતા. ગામમાં એક ધર્મશાળા, એક પાણીની પરબ, એક સદાવ્રત અને એક ન્હાનું દવાખાનું કાઢ્યું હતું. થોડાજ દિવસમાં ગોવિંદદાસ શેઠનો યશ ચારે તરફ ગવાઇ રહ્યો હતો. સૌ પોતપોતાના જુના શાહુકારોનાં રાક્ષસી વ્યાજ ખાનારા ખાતાં બંધ કરી, ગોવિંદદાસ શેઠ પાસેજ પૈસા લેતા અને જુના સાહુકારોના ત્રાસમાંથી છૂટતા હતા.

ગોવિંદદાસ શેઠે પોતાની આસપાસ બેઠેલા માણસોને કહ્યું કેઃ "આપણા દેશના સાહુકારો ખેડુતો સાથે આવી દુરાચારી વર્તણુક ચલાવે છે તેથીજ નંદન વન જેવાં પ્રફુલ્લિત થતાં ખેતરો સ્મશાન જેવાં થઇ ગયાં છે! ગામડાંઓમાં જેટલી ગરિબાઇ થઇ છે અને જેટલી ખોટ આવે છે તે સર્વ આવા લોભી, પ્રપંચી અને લાંચીઆ ગુમાસ્તા અને શાહુકારો વડેજ થાય છે. પોતાનો સ્વાર્થ સાધવાને ખાતર તેઓ બિચારા અભણ ખેડુતોને નિચોવી નાંખે છે! રાક્ષસી વ્યાજ લે છે અને ઉપરથી તેમના ઉપર આવો ત્રાસ! દયા તો હોયજ ક્યાંથી? ચોમાસામાં બે રૂપિયા આપી એક મણ કપાસ લખાવી લે છે. વેપારીઓ એટલાજ કપાસના ચાર પાંચ રૂપિયા આપી શકે છે. આ પ્રમાણે લખાવી લેવા ઉપરાંત વળી રાક્ષસી વ્યાજ તો ચાલુ હોયજ અને જ્યારે પાક તૈયાર થાય ત્યારે બિચારો ખેડુત જાણે ચોર હોય તેમ તેનાથી પાકને હાથ પણ લગાડાય નહિ. સાહુકારનાં માણસો આવીને પોતાની મરજીમાં આવે તેમ પાક જોખી લે અને ખેતરમાંથી બહારોબહાર બજારમાં વેચવાને કે સાહુકારને ઘેર લઇ જાય! એ ઉપરાંત ખેડુતના માલનો ભાવ પણ તેઓ પોતાને અનુકૂળ પડે તેવો ઓછોજ માંડી વાળે! ખેડુતોને માથે મહેસુલ ભરવાની ફરજ લટકેલી હોય તે તો જૂદીજ! ઘરમાં બચ્ચાં છોકરાંઓનું પુરૂં કરવાનું હોય, સારે માઠે પ્રસંગ ખર્ચો કરવાના હોય, તે વખતે પણ તે બિચારાઓને પૈસાની જરૂર પડે અને સાહુકારો તેમને મરજીમાં



આવે તેમ આડા ને ઉભા ચીરી નાંખે છે! ભાઇઓ! આવી સ્થિતિમાં ખેડુતોનું બેલી કોણ? તેઓની સારી સ્થિતિ થાય ક્યાંથી? એ લોકો માટે તો દયાળુ ધનવાનોએ થોડે વ્યાજે બેંકો કાઢી તેમને દરેક સગવડ કરી આપવી જોઇએ. તેમજ સાહુકારોએ તથા ગુમાસ્તાઓએ તેમના તરફ ઉદાર રીતે વર્તવું જોઇએ. તેમના મહા મહેનતના પૈસામાંથી લાંચ રૂશ્વત મેળવવાનું બંધ કરવું જોઇએ."

આટલું કહેતાં કહેતાં ગોવિંદદાસ શેઠનું હૈયું ભરાઇ આવ્યું. તે ગળગળા થઈ ગયા. પાસે બેઠેલાં માણસો બોલી ઉઠયાં: "સત્ય છે શેઠ! આપ તદ્દન સત્ય કહો છો પરંતુ એ ત્રાસમાંથી બચવાને ખેડુતોને કોઈ બીજો રસ્તો નથી. હમણાં ખેડુતોની બેંકો થવા લાગી છે અને કેટલાક ખેડુતો તેનો લાભ પણ લે છે છતાં ખેડુતોની જરૂર વખતે નાણાં પુરાં પડે અને તે વસુલ કરવાની સારી ગોઠવણ થાય તોજ ઘણું સારૂં. આપે આપની સકમાઇનો સદુપયોગ કરવા માંડયો છે. રાધાકૃષ્ણ આપનું કલ્યાણ કરશે."

ગોવિંદદાસ શેઠે જન્મથીજ દુઃખ વેઠયું હતું. તેણે ગરિબાઇ સાથે ઘણું યુદ્ધ કર્યું છે. દારૂણ દરિદ્રતાના ખોળામાં પણ તે પડી ચુક્યો છે. તેણે ધનવાનોનાં મ્હેણાં અને ટપલાં ખાધાં છે છતાં પણ નીતિ અને ધર્મ તજ્યાં નથી. તેણે પોતાના હૃદયમાંથી દયાને કદી પણ વેગળી કરી નથી. તેણે ઇશ્વિર ઉપર અખંડ આસ્થા રાખી હતી અને કઠણ નોકરીઓ કરવા છતાં ઇશ્વિરનું ભજન છોડયું નથી. કરકસર કરતાં અને જગતરૂપી કર્મક્ષેત્ર ઉપર પ્રારબ્ધ અજમાવતાં તેણે ધીમે ધીમે આજે સારા પૈસા મેળવ્યા છે તેથીજ તેણે સંકલ્પ કર્યો છે કેઃ ગરિબ માણસોને ઉત્તેજન આપવા જેવોજ ધંધો કરવો. તેમાં પ્રમાણિકપણું અને ધર્મ ભૂલવો નહિ. ગરિબોને અત્યાચારી માણસોના પંજામાંથી છોડાવવાં. તેણે જોયું હતું કે જીંદગીમાં જે આશા હૃદયમાં ભરાઈ હતી તેને તૃપ્ત કરવાને આ લાગ સારો હતો તેથીજ તેણે ગરિબ હાથીભાઇને તેના દુરાચારી શાહુકારના ત્રાસમાંથી બચાવવાનાં પરોપકારી કામમાં હાથ નાંખ્યો હતો.

ગોવિંદદાસે પોતાના છોકરાઓને બોલાવીને કહ્યું કેઃ "તમે જે કમાઓ

તેનો ઉપભોગ કરજો. મ્હેં મ્હારી જીંદગીમાં જે કાંઇ મેળવ્યું છે તે જેમની પાસેથી મેળવ્યું છે તેમનાજ ઉપયોગમાં હું વાપરીશ."

એક, બે, ત્રણ દિવસો નિકળી ગયા. ગોવિંદદાસ શેઠના વિરૂદ્ધ ફરીઆદ નોંધાઇ, કેસ ચાલુ થયો. સાક્ષી પુરાવા નક્કી થયા. બન્ને બાજુના વકીલો અને મુખ્ત્યારો એવા લડવા લાગ્યા કે તેમનાં ભાષણો સાંભળવાને ગામના લોકોને સારો રસ પડતો.

બધાના કરતાં આપણા ભક્ત ખેડુત હરિભાઇની સાક્ષી લેવાને દિવસે કચેરીમાં પુષ્કળ ભીડ થઇ. લોકો જાણતા હતા કે: "તે કોઇ દિવસ જુઠું બોલતો નથી. જોઇએ તો ખરા કે આજે શું કહે છે! જમીનદારના પક્ષના લોકોએ ત્હેની સાક્ષી અપાવી છે. હવે આજે તે પોતાના જમીનદાર શાહુકારના તરફથી સાક્ષી પૂરે છે કે ધર્મ તરફથી સાક્ષી પૂરે છે! તેજ જોવાને લોકો આતુર થઈ રહ્યા હતા. જમીનદાર ગોપાળદાસ શેઠે મ્હોટા શેહેરમાંથી રોજની ત્રણસો રૂપિયા ફી આપવાની કરીને મ્હોટા બૅરિસ્ટરને બોલાવ્યો હતો. તેણે હરિભાઇને ઉલટપાલટ કરીને અનેક સવાલો પુછ્યા. તેની ક્રૉસ એકઝામિનેશન કરવામાં કાંઈ બાકી રાખ્યું નહિ પરંતુ તે અભણ પણ ધર્મનિષ્ઠ ખેડુત હરિભાઇએ જરા પણ અસત્ય કહ્યું નહિ, જરા પણ ખોટી સાક્ષી પુરી નહિ. તે જે એક સત્ય વાક્ય કહેતો તે કદી પણ ફેરવતો નહિ. તેણે કહ્યું કે: "ગુમાસ્તા કાળાભાઇએ હાથીભાઇને જોર જબરદસ્તીથી ઘરમાંથી હાંકી કાઢવા માંડયો હતો એવું મેં સાંભળ્યું છે. ગુમાસ્તાના એ કૃત્યથી હાથીભાઇએ ફક્ત તેને વાર્યો હતો. તેનાં બચ્ચાં છોકરાં તાવથી પિડાતાં હતાં. એવી વખતે તેને ખેતરમાં મોકલવો અને ના જાય તો ઘરમાંથી કહાડી મુકવો એ નિર્દયતાનુંજ કામ ગણાય. વગેરે."

ભક્ત હરિભાઇની સાક્ષી પુરી થઈ કૉર્ટમાં સાંભળવા આવનારાઓએ "ધન્ય હરિભગત! ધન્ય હરિભગત" કહીને ત્હેને વધાવી લીધો. તેના જમીનદાર ગોપાળદાસ, ગુમાસ્તા કાળાભાઈ અને ભૈયાજી રામભરોસ પાંડેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. પણ શું કરે? ત્યાં કૉર્ટ હતી. અંગ્રેજ સરકારના રામરાજ્યમાં તે લોકો શું કરી શકે? શેઠ તરફના સાક્ષીઓ જુઠા પડી



ગયા. મેજીસ્ટ્રેટ સાહેબે હરિભાઇની જુબાનીનેજ સાચી માની. ગોપાળદાસનો કેસ કાઢી નાંખ્યો! હાથીભાઇને છોડી મૂકયો; અને ગુમાસ્તા કાળીદાસને જુઠી ફરીઆદ કરવા માટે ત્રણ મહિના તથા ભૈયાજી રામભરોસ પાંડેને જુઠી સાક્ષી ઉભી કરવા બે મહિના સખ્ત કેદખાનાની શિક્ષા કરી! તે ઉપરાંત ગુમાસ્તાને પાંચસો રૂપિયા તથા ભૈયાજીને એકસો રૂપિયા રોકડાનો દંડ કરવામાં આવ્યો તે વટાવમાં!

શેઠ ગોપાળદાસે બેરિસ્ટર સાહેબને કહ્યું કે: "સાહેબ, આ શું થયું? પહેલાં આપ શું કહેતા હતા? બધા પૈસા પાણીમાંજ કે?"

બેરિસ્ટર સાહેબ નવાજ શીખી આવેલા અને ઇંગ્લંડમાં અથડાઇ કુટાઇ હિંદુસ્થાનમાં પધારેલા હતા! ત્યાંથી આવ્યા પછી મોજશોખમાંજ વખત ગાળતા અને ગોપાળદાસ શેઠ જેવો કોઈ હૈયાનો ફુટેલો હાથ ચ્હડી જતો તો તડાકો મારી લેતા! ઘરના શ્રીમંત હતા એટલે રોટલા પાણીએ સુખી હતા!

બેરિસ્ટરે ગંભીર મ્હોઢું રાખી કહ્યું: "તમે હાઇકૉર્ટમાં અપીલ નોંધાવો. હવે થોડા ખર્ચમાંજ ત્યાં કામ થશે. ગભરાવાની જરૂર નથી." એટલું કહીને પોતાના કામે ચાલ્યો ગયો. આ મહાત્મા બેરિસ્ટર સાહેબ, શેહેરની એક લવાદ કૉર્ટના પ્રમુખ પણ હતા.

શેઠ ગોપાળદાસે હાઇકૉર્ટ જવાનો વિચાર કર્યો કે નહિ તે જણાયું નથી. પણ મનમાં એટલો તો નિશ્ચય કર્યો કે: "કૉર્ટનો તમામ ખર્ચ ગામના પોતાના ખેડુતો પાસેથીજ વસુલ કરવો. ગુમાસ્તો કાળાભાઈ જેલમાં જતાં જતાં બોલ્યો કે: "શેઠ, ચિન્તા કરશો નહિ. હું છુટયા પછી આપની પાઇએ પાઇ, બ્યાજ સાથે વસુલ કરી આપીશ." પાંડે રામભરોસના હાથમાં દોરડું બાંધવામાં આવ્યું હતું. તેણે પણ હોઠ પીસીને લાલ લાલ આંખો કરીને ઉંચે સ્વરે કહ્યું કે: "ઠીક—હય—બચ્ચા! તોકો પીછેસે દેખાયગા."

એટલામાં એક જુવાન છોકરાએ ભૈયાજીને કહ્યું: "હમણાં તો તું જેલમાં જા! પછી બતાવશે ત્યારે વળી બીજી વાર ત્હને પણ જોઇ લેવાશે."

### ૩

શેઠ ગોપાળદાસને ભૂખ અને ઉંઘ શત્રુ થઇ પડયાં હતાં. બદલાની આગ એવીજ હોય છે. માણુસના શરીરમાં એક વખત દ્વેષનો અગ્નિ ઉત્પન્ન થયો કે તે પછી અનેક માણુસોને બાળી ભસ્મ કરે છે. તેમ છતાં પણુ તે દ્વેષી માણુસને પણુ સાથેજ બાળે છે !

ગોપાળદાસે પોતાના પૈસા વસુલ કરવાને જે વિચાર કર્યો હતો તેનો અમલ કરવા માંડયો. આ વખતે જાણે સ્વયં ક્રોધમૂર્તિ મહાદેવ પોતાના દક્ષદાનવો સાથે આવી ગામડામાં જન્મ્યા અને ગરિબ, નિર્દોષ ખેડુતો ઉપર જુલમ વર્તાવવા માંડયો.

આજે હાથીભાઈ ઉપર નોટીસ મોકલવામાં આવી છે. તેમાં લખ્યું છે કેઃ ત્હારી મરજીમાં આવે તો મ્હારી જમીન છોડી દેવી નહિ તો દર વિંઘે રૂ. ૧૮૦ ) સલામી આપવી પડશે. ધોરીભાઈ, સાધુદાસ, હાથીભાઇ વગેરે સઘળા કકળતા અને શ્રાપ દેતા દેતા ગોવિંદદાસ શેઠને આશ્રયે ગયા. સૌ કરતાં વધારે ત્રાસ થયો હરિભાઈ ઉપર ! તેના મ્હોડાના એકજ શબ્દ ઉપર તો બધો કેસ નિકળી ગયો. શેઠની તરફેણુમાં એકજ શબ્દ બોલતાં તેનું શું જતું હતું ? શા માટે તેણે શેઠની શરમ રાખી નહિ ! તેના ઉપર સખ્ત ત્રાસ વર્તવા માંડયો. એક દિવસ તેણે પોતાની જમીનમાં જઇને જોયું કે પાકેલા અનાજમાં કોઈએ આગ મુકી છે ! અનાજનાં સુકાયલાં ઝાડ ભડભડાટ બળે છે ! બટાટાની જમીનમાંથી બટાટા ઉખેડી નાંખવામાં આવ્યા છે અને તેના ઉપર નાઇટ્રીક ઍસિડનું ઝેરી પાણી છાંટવામાં આવ્યું છે ! હરિભાઇએ એ બધું જોયું, તે સજ્જડ બની ગયો. આ પાપી કૃત્ય કોણે કર્યું છે તે પણુ સારી પેઠે સમજી ગયો. બિચારાનો હાથમાં આવેલો કોળિયો ગયો ! ! પ્રભુ ! પ્રભુ ! સ્વાર્થને ખાતર પામીઓ કેવાં અઘોર પાપ કરે છે ! આવાં પાપ કર્યાથી કેટલાં ગરીબોનાં સર્વનાશ થતાં હશે ?

ભક્ત હરિભાઇનું હૃદય ઉકળી ગયું. તે બિચારો બીજું શું કરી શકે ? ચુપ ચુપ ઘેર આવી રડવા લાગ્યો. દુર્બળ માણસો બીજું શું કરી શકે ? રડવા સિવાય ત્હેમનું બીજું શું જોર ? આજે ત્હેનું સર્વનાશ થઇ ગયું છે ! આખું વર્ષ તેને ખાવા માટે અનાજ પણુ ખેતરમાં બચ્યું નહિ. પાપીઓને



ગરીબની એટલી પણુ દયા આવી નહિ કે તે હવે શું ખાશે ! તેના રૂદન વડે આખું ઘર કમ્પી ઉઠયું. તેની સ્ત્રી રાધા રડતી રડતી ગોવિંદદાસ શેઠને ઘેર ગઈ, અને ત્યાં શેઠના પગ આગળ આલોટી પડી. તે બોલીઃ “બાપુ ! તમે કોઇ રસ્તો કરશો કે નહિ ? નહિ તો અમે ગામ છોડી ચાલ્યાં જઈએ. આ શું સાધારણુ દુઃખ છે !”

ગોવિંદદાસ શેઠે દુઃખી રાધાને આશ્વાસન આપતાં કહ્યુંઃ “શાન્ત થા મા ! મ્હેં બધુંજ સાંભળ્યું છે. શું કરવું તે તુંજ કહે ? નિરાધારના આધાર ભગવાનનું સ્મરણુ કર. તમારી ખોરાકીને માટે ચિન્તા કરશો નહિ. આખા વર્ષનું અનાજ હુંજ તમને આપીશ.”

રાધામણિ ઘેર આવી અને જુલમ કરનારના નામથી ખુબ ગાળો દઇને આખું ગામડું ગજાવી મુકયું !

ગોવિંદદાસ શેઠે બીજો ઉપાય નહિ જોતાં વર્તમાનપત્રોમાં ખબરો લખી મોકલી. ગોવિંદદાસની દયાથી જેમ તેમ કરતાં તે વર્ષ તો વીતી ગયું. ગામની પ્રજાને ખાવા પહેરવાનું કાંઈ દુઃખ પડયું નહિ. ગોવિંદદાસે સર્વને અન્ન અને વસ્ત્ર પુરાં પાડયાં. જમીનદાર ગોપાળદાસ અને કેદમાંથી છુટેલા કાળાભાઇએ અનેક પ્રપંચજાળ બીછાવી પણુ ગોવિંદદાસની સાવચેતીથી કોઇને કાંઈ દુઃખ થયું નહિ તેથી તેઓ નવી પ્રપંચ જાળ ગુંથવામાં રોકાયા. તેઓએ નક્કી કર્યું કે ગમે તે ઉપાય વડે આખું ગામ નષ્ટ કરવું જોઇએ. કારણુ કે ગામના લોકો વિરૂદ્ધ પડયા છે. તેઓ હવે નમતા આવીને આપણા પગમાં માથું નમાવશે નહિ. ગુમાસ્તાને સલામ પણુ કરશે નહિ અને ભૈયા રામભરોસની લાલ આંખો જોઇને બ્હીશે પણુ નહિ ! એક ઉદ્ધત શાહુકારના છાંયામાં ભરાઇને તેઓ ઉદ્ધત થઈ ગયા છે !

મહેતાજી કાળાભાઇએ શેઠને કહ્યુંઃ “આ વખતે જે વજ્ર તૈયાર કરૂં છું તેમાંથી બચવાની કોની મકદૂર છે તે જોઇશું. ઘરમાં અગ્નિ ભડકશે, ખેતરોનાં અનાજ લૂંટી લેવાશે ! પછી જશે કયાં ? જોઇએ છીએ કે તે કયાં જાય છે ?”

શેઠ ગોપાળદાસના દિવાનખાનામાં બેસીને સઘળા દરરોજ રાત્રે આ પ્રપંચ જાળ ગુંથતા હતા. એક મનુષ્ય, મનુષ્યનું સર્વનાશ કરવાને જેટલી

જેટલી યુક્તિઓ કરી શકે તેટલી સર્વે પ્રકારની યુક્તિઓ આ ચંડાળચોકડીએ કરવામાં બાકી રાખ્યું નહિ.

એક દિવસ વર્ષા ઋતુનાં ઘનઘોર વાદળાં ચ્હડી આવ્યાં. સર્વત્ર અંધકાર ફેલાઈ ગયો. ચંદ્ર કે સૂર્યનો પ્રકાશ જગત્માંથી વિદાય થઇ ગયો. વચમાં વચમાં વિજળીનો પ્રકાશ ચમકવા લાગ્યો.

ભક્ત હરિભાઇ, આજે અંધારામાં ઘરમાં બેઠો બેઠો વિચાર કરતો હતો કે: "ભગવાન કદાચ આ પ્રમાણેજ આપણા ભાગ્યમાં પણ એકાદ મહા પ્રલય કરી મુકશે. નહિ તો વિજળીના કડકડાટની પાછળ એક હાહાકાર, એક રડવાનો કરૂણ અવાજ શા માટે સંભળાય છે? કેટલી વખત, કેટલાં વાવાઝોડાં થયાં છે, કેટલીએ વખત વાદળનો ગડગડાટ સાંભળ્યો છે અને કેટલીએ વખત વિજળીના ભયંકર કડાકા સાંભળ્યા છે પરંતુ આજે ઝાડનું એક પાંદડું હાલતાં છાતી ફાટી જાય છે! જાણે એકાદ મહા પ્રલય થવાની અગમચેતી છે. સમસ્ત જગતમાં હાહાકાર થઇ રહ્યો છે!"

સ્હવાર થતાંજ જણાયું કે નદીમાં મ્હોટી રેલ આવી છે. પરંતુ પહેલાંની પેઠે નદીનાં જળ આનંદમાં નાચતાં, કુદતાં, ખલ્ ખલ્ હાસ્ય કરતાં જણાવાને બદલે તેમાં રડવાનો કરૂણ અવાજ સંભળાય છે!

હરિભાઇએ બહાર આવી જોયું તો જણાયું કે: નદીને કિનારે કેટલાક લોકો ઉભા ઉભા હાહાકાર કરી રહ્યા છે. તે વખતે તેણે પાસે જઇને જે દેખાવ જોયો તેથી તેની આંખો પલક મારી શકી નહિ! તે સંજ્જડ થઇ ગયો! તેણે જોયું કે પરોપકારી, ધર્મનિષ્ઠ, ગરિબના બેલી શેઠ ગોપાળદાસનું મૃડદું ત્યાં પડયું છે. તેની આસપાસ હાથીભાઈ, ઘોરીભાઈ, સાધુદાસ વગેરે રડતા ઉભા છે. આંખમાંથી નિકળતાં આંસુવડે તેમની છાતી પલળી જાય છે.

હરિભાઇ સ્તબ્ધ થઈને ઉભો રહ્યો. તેની નજર સ્હામે એક કાળો પડદો આવ્યો અને તે વડે જગતનો સર્વ પ્રકાશ અંધારાના રૂપમાં ફેરવાઇ ગયો. તેમજ જમરાજના ભયંકર રાજ્યમાં થતા ભયંકર દેખાવો જણાવા લાગ્યા. ઘણો વખત સુધી કોઇના મ્હોડામાંથી એક શબ્દ પણ નિકળ્યો નહિ. માત્ર તેમની આંખમાંથી નિકળતાં ગરમ આંસુ વડે, તેમના અકળાચલા પ્રાણની વેદના ભગવાનના ચરણ આગળ નિવેદન થવા લાગી.



તે દિવસે ગામમાં કોઇના ચ્હુલા સળગ્યા નહિ. બધી પ્રજાને એટલો શોક, અને એટલું દુઃખ થયું કે બાળબચ્ચાંને માટે પણ રસોઇ કરી નહિ; કારણકે આજે ગામમાંથી એક પરોપકારી, દયાળુ અને ધર્મનિષ્ઠ શાહુકાર પરલોકમાં ચાલ્યો ગયો હતો. દુઃખના ગરમ નિઃશ્વાસથી બધાંનાં હ્રદય રૂંધાઈ ગયાં હતાં. તે ઉપરાંત વળી ભવિષ્યમાં આવી પડનારાં ભયંકર દુઃખોની વિકાળ છાંયાએ, સર્વેને નિર્માલ્ય બનાવી દીધા હતા!

સાંજનો વખત થતાંજ ગામના રહેવાસીઓએ દિવાબત્તી ઓલવી નાંખી અને સર્વે પોતપોતાના ઘરમાં ભરાઈ ગયા હતા.

પક્ષીઓ પણ સંધ્યા સમય પહેલાં ભયંકર શબ્દ કાઢતાં અને અમંગલની સુચના કરતાં કરતાં પોતપોતાના માળામાં ચાલ્યાં ગયાં. નદીને કિનારે, અસાહ્ય ગામડું, બકરાંનાં દુર્બળ બચ્ચાંની પેઠે ઉતરેલે ચ્હેરે, ભવિષ્યમાં આવી પડનાર વિપત્તિની અમંગલ છાંયા હ્રદય ઉપર લઇને ઉભું રહ્યું હતું!

ધીમે ધીમે અંધકાર વધવા લાગ્યો. હરિભાઇ પોતાના જુના ઘરના ઓટલા ઉપર બેઠો બેઠો, શેઠ ગોવિંદદાસના મરણ માટે અફસોસ કરતો હતો. અને વચમાં વચમાં, ભવિષ્યમાં આવી પડનાર વિપત્તિ માટે ચમકી ઉઠતો હતો!

આજે તે જે જે વસ્તુ ઉપર નજર નાંખે છે ત્યાં તેને સર્વનાશની છાંયા જણાય છે. એકાએક તેના બારણાં આગળ કોઈનાં પગલાં સંભળાયાં. તેણે સાહસપૂર્વક જરા આગળ વધીને જોયું તો જણાયું કે કેટલાક જમદૂતના જેવા ભયંકર આકૃતિવાળાં માણસો ઓટલાની એક બાજુએ ઉભાં છે. સૌથી આગળ ગોપાળદાસ શેઠનો ગુમાસ્તો કાળાભાઇ જણાયો! ખરેખર! તેની ફોઈએ સાચું ભવિષ્ય બાંધેલું હોવું જોઈએ. કાળી રાત્રિએ કાળાં કામ કરનાર માણસોનાં નામ કાળાભાઇજ હોવાં જોઇએ. કોઇક વખત માણસનાં નામ—અકસ્માત રીતે—ખરાં પડી જાય છે. તેમનાં નામ પ્રમાણેજ ગુણો જણાઇ આવે છે. કાળાભાઇનું નામ અને કામ જોતાં સાચી વાત તરત જણાઇ આવે છે!

આવા અંધકારમાં કાળાભાઇએ કાળું મ્હોડું બહાર કાઢી કહ્યું: "કેમ, હરિભાઈ? હવે આજે કોણ ત્હારૂં રક્ષણ કરશે? છે કોઈ ત્હારો બાપ જીવતો?" કાળાભાઇના ગળાનો અવાજ જાણે સાક્ષાત્ પિશાચનોજ ભયંકર અવાજ જોઈ લેવો! બન્ને આંખોમાંથી બદલો લેવાની અગ્નિના ચક્ષુ-

ગારા ઉડતા હોય તેવું જણાતું હતું. ત્યાર પછી તેણે વિજળીના કડકડાટ જેવા અવાજે કહ્યું: "ઠીક, ઠીક, આજેજ આ ઘર છોડી ચાલ્યો જા. શેઠનો હુકમ છે કે અહિં બજાર બનાવવું છે."

હરિભાઇને વધારે વખત મળ્યો નહિ! કાળાભાઇના મ્હોડાની નોટીસમાં એક દિવસનો પણ વખત આપવામાં આવ્યો નહોતો. તરતજ ત્હેણે મ્હોટે અવાજે પોતાના છોકરાને બુમ પાડી: "માધવ, ઓ માધવ!"

માધવની માતા રાધામણિ શાન્ત રીતે છોકરાંને પાસામાં સુવાડી નિદ્રા લેતી હતી. તે બિચારીને થોડીજ ખબર હતી કે અચાનક જમદૂતની સ્વારી આવી પહોંચશે? ભરઉંઘમાંથી જાણે મૃત્યુએ તેડું મોકલ્યું હોય તેમ તે બ્હેબાકળી ઉઠી, અને બહાર આવી. હરિભાઇએ ગદ્ ગદ્ કણ્ઠે કહ્યું કે: "જા, ઘરનો સામાન બાંધ, શાહુકારનો હુકમ થયો છે કે આપણે હમણાંજ ઘર ખાલી કરી આપવું!"

રાધા બોલી: "એ શું? અંધારી રાત્રે ક્યાં જઇશું?"

હરિભાઇએ તેના કાન પાસે જઈ ઉદાસ સ્વરે કહ્યું: "ક્યાં જઇશું તે નક્કી નથી પણ હમણાં ને હમણાં જવુંજ પડશે."

રાધામણીએ સારી પેઠે આંખો ચોળી જોતાં જણાયું કે ત્હેના સ્હામે ગુમાસ્તો કાળાભાઇ કાળ મૂર્તિ જેવો ઉભો છે! અહા! કેવો ભયંકર ચ્હેરો! એ ચ્હેરો જોતાંજ બ્હીકથી બિચારી રાધામણિનો અન્તરાત્મા સુકાઇ ગયો. તે એકલો આવ્યો નહતો. તેની પાછળ હથિઆરવાળા સિપાઈઓ પણ ઉભા હતા. ઇસારત થતાંજ સર્વનાશ થઈ જાય એમ છે. રાધામણિ ચતુર હતી. તરતજ તેણે ઘરમાં જઇ બાળકોને બહાર કાઢ્યાં, અને પોતાના પતિનો હાથ ઝાલી કહ્યું: "ચાલો, ન્હાસી જઇએ, ચાલો. હું મરવા તૈયાર છું પણ તમને જમના મ્હોડામાં નાંખી શકીશ નહિ!"

તેજ વખતે, ગાઢ અંધારી રાતે, પતિ પત્નિનો હાથ ઝાલી ચાલી નિકળ્યાં. પોતાના બાપ દાદાનું ઘર, હમેશને માટે છોડી દીધું. રાધા મનમાંજ વિચારવા લાગી કે: "ઘણા દિવસ ઉપર, એક સાંજે અંધારી વખતે, આ પ્રમાણેજ હું મ્હારા સ્વામીનો હાથ ઝાલીને નવી વહુ તરીકે આ ઘરમાં આવી હતી. અને આજે? જવા દો એ વાત—" એટલું કહેતાં કહેતાં તે સતી, સાધ્વી, પરમપવિત્ર, ગરીબ ખેડુત અબળાનાં નેત્રોમાંથી આંસુની ધારાઓ પડવા લાગી.

## શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ—૧૨ | પંક્તિ—૧૩ | અશુદ્ધ—બુધ, શુક્ર | શુદ્ધ—૦ |
|---|---|---|---|
| ૧૯ | ૧૧ | જ્યાઃ | જમાઃ |
| ૨૮ | ૧૫ | જાગ્રત | જાગૃત |
| ૪૫ | ૨૩ | અમ્રત | અમૃત |
| ૫૦ | ૧ | ન્હે | વ્હે |
| ૫૬ | ૧૩ | गुरुविष्णु गुरुर्देव | गुरुर्विष्णुर्गुरुर्देवो |
| ,, | ,, | महेश्वरा | महेश्वरः |
| ૫૭ | ૩ | निरायासं | निराभासं |
| ૬૬ | ૨૦ | સંધ્યાબંધ | સંખ્યાબંધ |
| ૯૬ | ૧૪ | નકસ | નકસી |
| ૧૦૪ | ૬ | ઉન્હાને | ઉન્હુને |
| ૧૧૭ | ૩ | नर्मदे। | नमदे |
| ૧૧૭ | ૧૫ | स्तव | तव |
| ૧૩૩ | ૨૭ | ર્મભ્રષ્ટ | ધર્મભ્રષ્ટ |
| ૧૪૧ | ૨૨ | સંભાય | સંભળાય |
| ૧૬૩ | ૧ | મુસલમાન | સુલેમાન |
| ૧૭૦ | ૨૭ | तस्मैन्नकाराय | तस्मै नकाराय |
| ૧૭૧ | ૨ | नकाराय | मकाराय |
| ,, | ૪ | नकाराय | शिकाराय |
| ,, | ૫ | मुनींद्रवर्याचित | मुनींद्रदेवार्चित |
| ,, | ૬ | नकाराय | वकाराय |
| ,, | ૮ | नकाराय | यकाराय |
| ,, | ૯ | विदं | मिदं |
| ૧૮૯ | ૧૪ | નિન્દ્રાને | નિદ્રાએ |
| ૧૯૪ | ૭ | ધતુને | તેને |
| ૨૦૪ | ૨૬ | ભ્ર | ભ્રુ |
| ૨૦૬ | ૧૦ | ભ્ર | ભ્રુ |
| ૨૧૫ | ૧ | પાણ | પ્રાણ |
| ૨૪૮ | ૧૫ | વિધવા વાસનાં | વિધ્વા વાસનાં |
| ૨૫૦ | ૯ | ધુવાડા | ધુધવાડા |
| ૨૬૧ | ૧૧ | આવે છે? | આવી |

## અનુક્રમણિકા.


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકરણ—૧ | વિષય—દેશવટો. | પૃષ્ઠ—૧ |
| ૨ | પશ્ચાતાપ. | ૧૨ |
| ૩ | વાટ. | ૨૭ |
| ૪ | કોલ્હુ પર્વત. | ૪૬ |
| ૫ | પર્ણકુટી. | ૫૭ |
| ૬ | રંગમાં ભંગ. | ૭૪ |
| ૭ | મંત્રણા અને દરબાર | ૮૪ |
| ૮ | શાલીમારમાં સહેલ. | ૯૫ |
| ૯ | સ્વારી. | ૧૦૬ |
| ૧૦ | રાજ્યાકાંક્ષા. | ૧૧૫ |
| ૧૧ | પર્ણકુટી. | ૧૨૪ |
| ૧૨ | મદદે આવ્યો. | ૧૩૬ |
| ૧૩ | વિજય પતાકા. | ૧૪૯ |
| ૧૪ | દેવિસિંહનું ભ્રમણ. | ૧૫૯ |
| ૧૫ | આદિનાથનું દેવળ. | ૧૬૯ |
| ૧૬ | શિખરાજની છાવણી. | ૧૭૭ |
| ૧૭ | સુરપ્રભાનું હરણ. | ૧૮૮ |
| ૧૮ | વિતસ્તાનો ઘાટ. | ૧૯૭ |
| ૧૯ | ભીષ્માચાર્યનો ગુપ્ત વાસ. | ૨૦૩ |
| ૨૦ | ગુપ્ત સભા. | ૨૧૫ |
| ૨૧ | બાગમાં સુરપ્રભા. | ૨૨૭ |
| ૨૨ | વિચિત્ર નિવાસ. | ૨૩૬ |
| ૨૩ | ગહન વન. | ૨૪૭ |
| ૨૪ | કારાગારમાં કાવત્રું. | ૨૫૪ |
| ૨૫ | લક્ષ્મીખાળ પરનો ગુપ્ત વાસ. | ૨૬૩ |
| ૨૬ | વિચિત્ર દુર્ગ પર હલ્લો. | ૨૭૦ |
| ૨૭ | છાવણી નજીકની કુંજ. | ૨૮૦ |
| ૨૮ | ભદ્રકાળીનો ભોગ. | ૨૯૩ |
| ૨૯ | પાણી ગ્રહણમાં વિઘ્ન. | ૩૦૫ |
| ૩૦ | ઉપસંહાર. | ૩૧૨ |
| ન્હાની વાર્તાઓ. | | ૩૧૭–૩૩૮ |



# પ્રથમ વર્ષનાં પુસ્તકો. ૧૫૬૬ પૃષ્ટ !

"વાર્તામાળા" નાં પ્રથમ વર્ષનાં પાંચ પુસ્તકોની **થોડી થોડી કૉપીઓ સિલિકમાં છે.** આ પુસ્તકોનું લવાજમ વધાર્યું છે.

☞ ગ્રાહક તરીકે લેનારનેજ પાંચે પુસ્તકો સામટાં મળશે. **છુટક મળશે** નહિ.

*** **લવાજમ** કાચા પૂંઠાનું **રૂ. ૩—૦—૦** તથા પાકા પૂંઠાનું **રૂ. ૪—૦—૦** પોષ્ટેજ સાથે, વી. પી. ખર્ચ ૦—૧—૦ વધુ. **આફ્રિકા માટે** કાચા પૂંઠાના **રૂ. ૩–૧૦—૦** તથા પાકા પૂંઠાના **૫—૦—૦** પોષ્ટેજ સાથે રજીષ્ટર્ડ ખર્ચ ૦—૨—૦ વધુ.

**પ્રથમ વર્ષનાં** પાંચ પુસ્તકો નીચે પ્રમાણે:—

૧. **પ્રમાદધનની પ્રભુતા** અથવા **સરસ્વતીચંદ્રનો ઉપસંહાર**—આ અતિ ઉત્તમ નવલકથામાં "સરસ્વતીચંદ્ર" માં અધુરાં રહેલાં પાત્રોનાં દર્શન થાય છે. એમાં કુસુમનો પ્રેમ, સ્વદેશભક્તિ, કુમુદની પતિભક્તિ વગેરે સર્વ પ્રકરણો હૃદયગ્રાહી છે. **પૃષ્ટ ૪૦૦.**

૨. **રાજપૂત કથાકુંજ**—એમાં રાજપૂતોની વીરતા, દેશભક્તિ, સાહસ, અદ્‌ભૂત પ્રેમ વગેરે દર્શાવનાર ન્હાની મનોવેધક દશ વાર્તાઓ છે. **પૃષ્ટ ૩૦૦.**

૩. **ચક્રવર્તિ બાપ્પારાવ**—એમાં મેવાડની ગાદીના મૂળ સ્થાપક મહાવીર બાપ્પારાવળનું આશ્ચર્યકારક, વીરત્વદર્શન, અદ્‌ભૂત જીવન છે. એ રાજપૂત વીરે ઠેઠ તુર્કસ્તાન, ઇરાન સુધી રાજ્ય સ્થાપ્યું હતું. બહુ ઉત્તમ છે. **પૃષ્ટ ૨૭૫.**

૪. **બાદશાહી કથાકુંજ**—એમાં મોગલ બાદશાહ અકબર, શાહજહાં, અને ઔરંગઝેબના સમયની પાંચ અતિ ઉત્તમ નવલકથાઓ છે. પ્રેમ અને કરૂણાનો સાગર ઉછળી જાય છે. વાંચતાં વાંચતાં તલ્લીન થઇ જવાય છે. **પૃષ્ટ ૨૭૫.**

૫. **મહારાણા પ્રતાપસિંહ**—મેવાડના અવટંકી, સ્વદેશ પ્રેમી સન્યાસી રાણા પ્રતાપને કોણ નથી ઓળખતું ? તેના વીરત્વની જીવન રેખા વાંચતાં નેત્રમાંથી આંસુ નિકળી પડે છે ! એમાં યુવક યુવતિની નિર્મળ પ્રેમ વાર્તા પણ છે. વાંચતાં અતિ આનંદ થશે. **પૃષ્ટ ૨૭૫. તરત લખો:-**

**ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા—મુંબઈ નં. ૧૩**

# સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં

૧. મુંબાઇ-મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કાં. બુકસેલર્સ કાલબાદેવી રોડ-પ્રિન્સેસ સ્ટ્રીટ. ( છુટક પુસ્તકો પણ મળી શકશે. )
૨. „ રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઈ. લોવર પરેલ.
૩. સુરત-શા. રંગીલદાસ કાશીદાસ જનરલ મરચંટ-બરાનપુરી ભાગોળ.
૪. ભરૂચ-રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ. વિમા કંપનીના એજન્ટ.
૫. વડોદરા-મોહનલાલ મનસુખરામ બુકસેલર. ( છુટક પણ મળશે. )
૬. નડીઆદ-રા. રા. મણીલાલ લલ્લુભાઇ દેસાઈ.
૭. „ રા. રા. મગનલાલ દામોદર પંડ્યા. લખાવાડને નાકે.
૮. નાંદોદ-રા. રા. મોતીલાલ ધોળીદાસ બુકસેલર. જનરલ મર્ચંટ.
૯. ભાવનગર-રા. અબ્દુલહુસેન આદમજી બુકસેલર. (છુટક પણ મળશે.)
૧૦. કરાંચી-રા. રા. છગનલાલ ત્રિભુવન દવે. ઠે. બંદર રોડ. લેટ-પિપલ્સ બેંક બિલ્ડિંગ.
૧૧. અમદાવાદ-ડી. રૉય અને કુંપની. ગુજરાતના એજન્ટ. ઠે. ખાડીયા. પોલીસ ચૉકી પાસે.
„ રા. રા. જેકીશન પરમાનંદ. તારકસ. ત્રણદરવાજા.
„ રા. રા. હરિપ્રસાદ મોહનલાલ. ખાડીઆ. ગોટીની શેરી.
„ રા. રા. પુંજાલાલ લલ્લુભાઇ. ભદ્રસાહેબ. માણેક ચૉક. બહુચરાજી માતા.
„ મેસર્સ જે. એન. વકીલ અને કાં. રીચીરોડ.
„ વકીલ એન્ડ કુંપની. રીચીરોડ.
„ રા. રા. નંદલાલ ચુનિલાલ બોડીવાળા. સારંગપુર.
„ રા. રા. રણછોડલાલ મોતીલાલ બુકસેલર. રીચીરોડ ( છુટક પુસ્તકો પણ મળશે. )
„ રા. રા. મફતલાલ રામનારાયણની કું. રંગના વેપારીઓ.
„ અંબાલાલ શંકરલાલ દવે. ઢીંકવાગેટ પાસે સરૈયા પોળ.
૧૨. બારડોલી-રા. રા. નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ. વ્યાસ ફળીઉં.
૧૩. ડભાઇ-રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.

---

## સસ્તી વાર્તામાળાના ગ્રાહકોને ખાસ સસ્તો લાભ.

**૧. પંજાબની રાણી-** આ ઐતિહાસિક નવલ કથા લૉર્ડ ડેલહૌસીના વખતની છે. એક વખત આખા હિંદુસ્થાનને ધ્રુજાવનાર, પંજાબના શીખ રાજા રણજીતસિંહના ર[illegible]ાં કેવી રીતે ફાટફુટ થઈ, તથા બાળ રાજા ધુલિપસિંહની માતાના સમયમાં ઇસ્ટ ઇન્ડીઆ કમ્પનીએ પંજાબમાં કેવી રીતે પગ પેસારો કર્યો, તથા તે રાજ કેવી રીતે નષ્ટ થયું તે વગેરે વાંચતાં વખતે શૂર, વખતે દયા, વખતે પ્રેમ, અને વખતે આંસુની ધારાઓ ચાલી જાય છે. અવશ્ય વાંચો. પાકું પૂઠું, સોનેરી નામ, ચિકણા કાગળ, ( કિં. ૧-૮-૦ ) હાલ અડધી **કીંમત ૧૨ આના.** પોષ્ટેજ ૦-૧-૬.

**૨. પતિવ્રતા બેગમ-** ( લુત્ફુન્નિસા ) મુસલમાની ભાષામાં ઘણાં નૉવેલ પ્રગટ થયાં છે, પણ આ ઐતિહાસિક નવલકથા તે સર્વ પુસ્તકમાં ઉત્તમ છે એમ કહેવાની અમે હિમ્મત કરીએ છીએ, અને તે દરેકે દરેક હિંદુ તથા મુસલમાન ભાઇઓએ વાંચવીજ જોઇએ. એમાં બંગાળાના છેલ્લા મહાન નવાબ સિરાજુદ્દૌલાની માનીતી બેગમનું રસથી ભરેલું વર્ણન સરળ ભાષામાં લખ્યું છે. પ્રેમની પ્રત્યક્ષ સાક્ષી આ પુસ્તક પૂરે છે. પ્રેમનો આબેહુબ અને અદ્‌ભૂત ચિતાર વાંચવો હોય તો આ પુસ્તક વાંચો. ચિકણા કાગળ, સોનેરી નામો, પાકું પૂઠું, કિંમત ( રૂ. ૧-૮-૦ ) હાલ **૦-૧૨-૦** પોષ્ટેજ ૦-૧-૬.

**૩. દેવી અન્નપૂર્ણા-** અથવા સાત્વિક જીવનનો મહામંત્ર-આ સામાજિક નવલકથા દરેક સ્ત્રી પુરૂષે કિંવા યુવાન નર નારીએ જરૂર વાંચવી જોઇએ. ગુજરાતી ભાષામાં ઘણાં નૉવેલો બહાર પડયાં છે પણ આ નવલકથા વાંચનારના હૃદયને જીંદગીના સાર્થક તરફ લઈ જાય છે, અને જીવન મુક્ત બનાવી દે છે. સંસારના ધર્મોમાં રહીનેજ માણસ અપૂર્વ સુખ મેળવે અને પરલોકમાં મોક્ષ ધામ મેળવે તોજ તેનું જીવન સાર્થક થયેલું ગણાય છે. આ નવલકથામાં તેજ શિક્ષા ભરી છે. જુવાન માણસો જો આ નવલકથા વાંચીને સંસારમાં પ્રવેશ કરશે તો તેઓ પોતાના સંસારને સોનાનો બનાવી મૂકશે. વિલાયતમાં આવી નવલકથાનાં પુસ્તકોની લાખો કોપીઓ વેચાઇ જાય છે. પૃષ્ઠ લગભગ ૨૭૫, ચીકણા કાગળ, પાકું સુંદર પુંઠું, સોનેરી નામો સાથે **કીંમત** ( રૂ. ૧-૪-૦ ) હાલ **૦-૧૨-૦** પોષ્ટેજ ૦-૧-૬.

**૪. ૧૯૧૦ ના ખાસ અંક**—સચિત્ર ભારતજીવન માસિક પત્રનો આ ખાસ અંકમાં ૧૫૦ પૃષ્ઠ છે. ઐતિહાસિક લેખો અને ઐતિહાસિક નવલકથાઓ ઉપરાંત આકર્ષક ૫૬ છબીઓ છે. સંગ્રહ કરવા લાયક દળદાર છે. **કિંમત માત્ર ૦-૬-૦** પોસ્ટેજ ૦-૨-૦.

**૫. ૧૯૧૧ નો ખાસ અંક**—સચિત્ર ભારતજીવનનો આ ખાસ અંક પણ ૧૫૦ પૃષ્ઠનો ઉત્તમોત્તમ લેખોથી ભરપૂર દળદાર છે. આકર્ષક ૭૨ છબીઓ છે. લાયબ્રેરીમાં રાખવો જોઇએ. **કિંમત માત્ર ૦-૬-૦** પોસ્ટેજ ૦-૨-૦.

સર્વ પત્રવ્યવહાર, મનીઑર્ડર વગેરે નીચલે સરનામે મોકલવા જોઇએ.

* આ પુસ્તકો અમારા એજન્ટો પાસેથી પણ મળી શકશે.

**ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.**

મેનેજર-ભારતજીવન અને સસ્તી વાર્તામાળા. મુંબઇ નં.-૧૩

---

## બહાર પડેલાં નવાં પુસ્તકો.

**જયા અને જયન્ત.**—રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિ એમ. એ. કૃત ત્રણ અંકી સંપૂર્ણ નવુંજ નાટક. કિં. રૂ. સવા.

**રાઈનો પર્વત.**—"પ્રભુથી સહુ કંઈ થાય છે. અમથી થાય ન કાંઇ; રાઇનો પર્વત કરે, પર્વતની વળિ રાઈ." આ દોહરો આ નાટકના આદર્શ-સૂત્રરૂપે-છે. ઑન. રા. બા. રમણભાઈ મહીપતરામ કૃત સાત અંકી **સંપૂર્ણ નવું** નાટક. પાકું સોનેરી પુંઠું. કિં. રૂ. એક

**ગુજર** [illegible] ૦૦૦ **કિંમત ૬-૦-** આપવા ઉપરાંત [illegible] **નર્મકોષમાંના** [illegible] ની વ્યુત્પત્તિ અને આધાર માટે પ્રાચીન કાવ્યો તેમજ આધુનિક પ્રખ્યાત લેખકોનાં લખાણોમાંથી અવતરણ પણ આપવામાં આવ્યાં છે. કદ રૉયલ ૮ પેજી સ્માલપૈકા ઝીણા ટાઈપમાં પૃષ્ઠ ૧૦૦૦ ઉપર. પુંઠું પાકું સોનેરી નામવાળું.

**જીવનલાલ અમરશી મહેતા. ૩૦ પીરમશાહ રોડ, અમદાવાદ.**

SHML
G24730
G. 24730.
NOT TO BE ISSUED
7 PK
1926
. A6.
G. 24730